નવું વર્ષ .... ... ... ... ૭
કોન્ફરન્સને સૂચના ... ... ... ૯
स्त्री केळवणी ... ... ... ... १६
प्रवाडकी स्थिति... ... ... ... १८
मुनि विहारफल ... ... ... ... १९
मी० हीरालालजी सुराणाका प्रवास २०
ધાર્મિક હીસાબ તપાસણી ખાતું
૨૨, ૯૨, ૧૧૯, ૧૪૮, ૧૭૮, ૨૧૪,
૨૪૩, ૩૪૩, ૩૭૭
सीतावचंदजी नहारनुं जन्म चरित्र... २६
કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામ
કાજ ... ... ૨૮, ૧૧૫, ૧૪૨
પાટણ કોન્ફરન્સ વખતે મળેલી
મદદ ... ... ... ... ... ૩૦
પાંચમી કોન્ફરન્સ ... ... ... ૩૩
જૈન સમાચાર...૮૯, ૧૦૭, ૧૩૯, ૧૭૧,
૧૮૨, ૧૮૮, ૨૦૩, ૨૪૭, ૨૮૬ ૩૩૭,
અમદાવાદ ઓફીસનો હિસાબ... ૯૧
અમદાવાદ બીજી મહિલા પરિષદ ૯૭
નિરાશ્રિત જૈનો અને શ્વેતાંબર મદદ
ફંડ .... ૧૦૦, ૧૩૩, ૧૫૭, ૧૯૩
મુંબઈમાં વસતા ગરીબ જૈનોની
થતી હાડમારી ... ૧૦૪, ૧૬૫
કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ
૧૧૨, ૧૫૬, ૧૭૪, ૨૩૩, ૩૩૯, ૩૭૩
જીવદયા ... ... ... ... ૧૧૩
પુસ્તકોની પહોંચ...૧૧૮, ૨૪૭, ૨૮૨,
૩૭૦
અમદાવાદ કોન્ફરન્સમાં થયેલ ફંડ
૧૨૫, ૧૫૨, ૧૮૪, ૨૧૬, ૨૪૮
જૈનોનાં જાહેર ખાતાં અને તેમની
હાલની સ્થિતિ... ૧૨૯, ૨૦૦, ૩૦૨
અમદાવાદ હિતવર્ધક ગૃહનો
રીપોર્ટ ... ... ... ૧૫૧, ૧૮૨
મનુષ્યદેહ શાને માટે છે? ... ૧૬૧
૨૨૬, ૩૩૨
આપણું પવિત્ર તીર્થ શ્રી સમેત
શિખરજી ... ... ૧૬૯, ૩૦૮
મરહુમ શેઠ જેસીંગભાઈ હઠીસંગ
તથા શેઠ ચાંદમલજી પટવા ... ૧૮૩
The Jain Graduates' Association .. ... ... ... ... ૧૮૯
મુંબઈ યુનીવર્સિટી અને જૈન
સાહિત્ય ... ... ... ... ૧૯૭
મરહુમ શેઠ પ્રેમચંદ રાયચંદ ૨૦૫, ૨૩૦
આપણી અધોગતિ; તેમાં ફેરફાર ક-
રવા માટે શું કરવું ... ૨૦૮, ૨૯૧
Higher Technical Education ૨૨૧
શ્રદ્ધા ... ... ... ... ... ૨૨૩
मुनि विहार तथा कोन्फरन्ससे लाभ २३७
जोधपुर राज्य तर्फसे मळेला परवाना २३८
Jainism vs. Gujarati Text Books ૨૫૩
શ્રી સિદ્ધ ક્ષેત્રમાં આવેલી આપણી
ધર્મશાળાઓ .... .... .... ૨૫૯
જૈનોદય અને કોન્ફરન્સ.... .... ૨૬૨
હવે તો ચેતો... .... .... .... ૨૬૫

कोन्फरन्सनुं बंधारण ... ... ... २७१
જૈનોએ આપ બળથી આગળ વધવાની જરૂર ... ... ... ... ૨૭૯
જૈનોનાં પર્યુષણ પર્વ .... .... ૨૮૩
ધર્મનિષ્ઠ આર્યબંધુઓને વિજ્ઞપ્તિ ૨૮૪
નવી ગુજરાતી વાંચનમાળા .... ૨૮૮
ક્ષમાપના ... .... .... .... ૨૮૮
Education of our youths ... ૨૮૯
परदेशी खांडमां रहेली भ्रष्टता ... २९५
સરકારના કારોબારની નવી યોજનાઓ; જૈનોની ફરજ ... .... ૩૧૪
જીર્ણ મંદિરોદ્ધારની ટીપો... .... ૩૨૫
સ્વદેશી હિલચાલ ... .... .... ૩૨૮
પ્રાંતિક કોન્ફરન્સો .... ....૩૪૨, ૩૬૬
જૈનપત્ર અને અમે .... .... .... [illegible]
કેળવણી .... .... .... .... ૩[illegible]
જૈન સાહિત્યનો ગુજરાતી સાહિત્યમાં ફાળો.... .... .... .... ૩૫[illegible]
૨૩ મી નેશનલ કોન્ગ્રેસ .... .... ૩૬૫
શ્રીમાન જૈનોને વિનંતી .... .... ૩૭૧
મેટ્રીક થયેલા જૈન યુવાનો માટે.... ૩૭૨
हड्डीकी चुडी पहीरनेका बंध करनेके लिये विनंती ... ... .... ... ३[illegible]
શેઠ ગોકળભાઈ મૂળચંદનો દેહોત્સર્ગ ૩[illegible]
મુંબઈ યુનીવર્સીટીના રજીસ્ટ્રાર તરફથી આવેલા પત્રનું ભાષાંતર.... [illegible]

Registered No. B. 525.

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

पुस्तक ३. जान्युआरी.

# हेरल्ड.

नम्बर १. सन १९०७.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबइ.

विषयानुक्रमणिका.


| विषय | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| The present state of our charitable & religious institutions ... ... ... | १ | मुनि विहारफल. ... ... ... | १९ |
| નવું વર્ષ. ... ... ... ... | ૭ | मी. हीरालालजी सुराणाका प्रवास | २० |
| કોન્ફરન્સને [illegible] ... ... ... | ૯ | ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ... | ૨૨ |
| स्त्री केळवणी. ... ... ... | १६ | सीताबचंदजी नहारनुं जन्मचरित्र | २६ |
| मवाडकी स्थिति ... ... ... | १८ | કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ | ૨૮ |
| | | પાટણ કોન્ફરન્સ વખતે મળેલી મદદ. | ૩૦ |
| | | બીજા વર્ષના વિષયોની અનુક્રમણિકા. | |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

' जैनोदय ' प्रेस—मुंबई.

## जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने फीलसुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छे:—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरे हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलात आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने कराववामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास कराववामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु ते ी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ सिवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमांना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

चंपा गली मुम्बइ. } आसीस्टंट सेक्रेटरी.
ता. २५–५–१९०६. } श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---

## ઠઢ્ઢાછાપનું પવિત્ર કેશર.

### સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.

ખાસ પ્રતીનીધી મોકલી મંગાવેલ ખાત્રીનું શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી કેશર પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક દબાઓમાં કે જે પર કોન્ફરન્સના ઉત્પાદક મી० ઢઢ્ઢાની છબીનો " ટ્રેડ માર્ક " છે તે નીચેના સ્થળોએથી મળશે.

મુંબઇ–જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ચંપાગલી, માંગરોળ જૈન સભા પાયધુની, જથ્થાબંધ વેચનાર એકલા માલેક.

કછી દશાઓસવાળ જૈન મહાજન આશ્રીત.
સ્વદેશી કંપની.

જૈન મંદીર સામે
માંડવી, મુંબઇ.

1073



**Rai Setab Chand Nahar Bahadur of Azimganj (Bengal).**
**PRESIDENT**
*Fifth Jain Swetamber Conference Ahmedabad 1907.*

# ॥ ॐनमः सिद्धेभ्यः ॥

रत्नानामिव रोहणाक्षितिधरः खंतारकाणामिव,
स्वर्गःकल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,
पाथोधिः पयसा मिवेंदुमहसां स्थानं गुणानामसा,
वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥२१॥

અર્થ:—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસ-સ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.


# The Jain (Swetamber) Conference Herald.

**Vol. III.]** JANUARY 1907. **[No. I.**


## THE PRESENT STATE OF OUR CHARITABLE AND RELIGIOUS INSTITUTIONS.

Notwithstanding the unwillingness of old-fashioned Jains to depart from the antiquated practice of endowing charitable and religious institutions, and the over-zeal of new fashioned but half-informed Jains, it is a good sign of the times that ideas and theories, which at one time appeared absurd and fantastic, are slowly but surely being translated into action. The natural instinct of our people being commercial it is easy to understand that once they are convinced by facts and figures that by acting in a particular way they will confer more benefits on their fellow co-religionists than by following other ways, they will surely follow the first course rather than the other even that other be old and more to their taste.

Every body wishes that the institutions which he brings into being should last for ever and perpetuate the donor's name. But, unfortunately, few take care to search out the object and find out the way in which to lay out their money to bring about the desired end. Many build new temples at an enormous cast, many build Upashrayas, schools and other institutions but few, very few

take care to endow them with a permanent fund for their up-keep, repairs and other necessary expenses. A man in his religious zeal and fervour is able enough to spend a lac or two of rupees on a temple but will not set apart 25000 for its repairs. The other will pay 50000 for opening a new school but will not endow it with some amount for its permanent up-keep. Others will open dispensaries and such other institutions at their costs which are likely to be closed either when the condition of the benefactor changes or when he is no more and his successor in title does not think it proper to run the institution or is unfit and weak or even in the life-time of the benefactor himself when his whim changes in another direction. The result can best be guessed. The institution will be no more and with it the name and excellent wish of the benefactor.

By the above remarks I wish to point out that one great blemish which attaches to our present institutions is want of permanency in them.

That the practice of permanently endowing charitable institutions is not new will be apparent to those who have visited Abu temples. From one of the inscriptions therein it appears that many villages were given away and set apart for the ordinary expenses and even for expenses of anniversary of the presiding deity.

But even if the practice be not old, the advantages attendant upon a permanent institution are varied and various. First, it perpetuates the name of the donor. Secondly, it becomes the living example to imitate for ages and to persons to come. Thirdly, the number that will profit by its existence will be far in excess of that from a temporary one. Fourthly, the religious merit (i. e. પુણ્ય) will be more because the thread will continue as long as the institution is in existence.

What I wish to urge is that let the institution be founded on a small scale on a permanent stony basis rather than on a great but a temporary sandy foundation. The institution should be so started that it can be maintained only from the income or interest of property or sum endowed.

Secondly, what impairs the usefulness of our present charities is that they are not based on co-operative basis. A millionaire founds a charity. He thinks that because he has founded it, it is his only and of nobody else's right to manage it. He views other person's interference with dislike. He also keeps the endowment property in his own possession or power, renders accounts of the trust to nobody; in fact he manages the property as if it were his own.

Again where the endowment is by public money or subscription, the managers-very often self—appointed—treat the trust property as their own and act as if they are the owners of property and are accountable to none

but to themselves. As long as they manage it, none cares to remove them even if found incapable or known to misappropriate the trust money. There is no rule to change the managers at stated periods. There is nobody to offend the all-powerful managers. There is no safety-valve provided in management of the money or property. There is dearth of moral courage to drag these persons to courts and bring them to justice for their mismanagement.

The dis-advantages of such a system are apparent on the face of it and we have many sad experiences of mis-appropriation, misuse, loss and what not, of such solemn trusts. Daily we hear complaints from one village or the other, with respect to one trust or another, in fact in connection with all sorts of pubiic and private charitable funds e. i. temple funds, Upashraya funds, feasting funds, poor funds and many others too numerous to mention.

The complaints are that managers do not show Vahivat Books, that the Mehta does not keep proper accounts, that a certain person does not give up trust money to the Panch and all sorts of things.

In face of such constant recurring breaches of public and private trusts of charitable and religious property and money, to defend the practice on ancient usage and custom, shows, to say the least, want of knowledge of what goes on in the world around. I will call such usage a folly pure and simple. What it is, if not folly to allow sacred charitable money to be swallowed, mis-appropriated, to be directed from its proper and legitimate use to improper and silly objects ? And what to call those persons, who though able and fit enough to preserve and properly manage these trusts, allow such swindling before their own eyes ? Our venerable Acharyas were very strict against such swindlers, and those who allowed this swindling notwithstanding their ability to check it as will appear from their works viz. द्रव्य सप्तति &c.

The fact is that our present system of management of public and private charities should be changed so as to bring it in conformity with our old practice as taught to us by our venerable great religious teachers and also with the present day practice as found in other advanced countries.

2 That this is not impossible nor improbable nor a frenzy of a distorted visionary will be apparent to those who have studied the working of our revered firm of Shet Anandji Kalyanji. How well it works after a constitution is given to it and its management placed in capable hands?

What I desire to suggest is that a representative constitution should be given to all charities, either small or large, that managers should be appointed by representation and at specified stated intervals. Hereditary claims should be strictly disallowed even in cases where the persons are fit, for principle's sake.

3. The notable example of mis-use of charities is the selfish management or rather mismanagement of Palitana Dharamshalas and bubble societies that rise and fall. To work out a constitution such as I have above referred to should be the paramount duty of the Jain Conference.

The evil that conduces to the misuse of trust funds and property is exclusiveness of individual institutions and want of one central governing and guiding body such as was provided for in our old Shastras and practice in the person of a Shripujya or an Acharya in religious matters and of a Nagarseth or Sangapati in secular matters or of a Sanga as a whole in all matters either secular or religious; or as is found in modern times in all good Governments or even in all well managed societies throughout the world.

However much you may blame a Shripujya you can not but admire the constitution which has created him. But for such a constitution bringing good government in your society and every thing that belongs to it the number of good works and deeds, that you see, notwithstanding so many vicissitudes in Mahomedan and Maratha times, might have been lost to us for ever and anon.

There ought to be one central governing body of capable and well—to—do men for all India to manage and take under its power or possession all public and private charitable property and funds; these members to be elected to act far a certain fixed period.

It is true that the present managers will be reluctant to part with their power. But by managing the affairs with tact and circumspection and taking slowly the heads of different castes into confidence the time will not be far off when we shall be fortunate enough to see our long cherished desire fulfilled.

The benefits of such management by a central body backed by 13 lacs of Jains, who are reputed to be proverbially rich, are too manifest to require any mention. It will be a force in itself strong enough to carry any reforms within and to attract attention of governing class too. In the absence of existence of such an organized force, and in the presence of internal disunion and mis-management so many rights and privileges of Jains—rights and privileges obtainted after so much loss, trouble and tact of ancients and given by solemn documents by representatives of existing Governments, Mahomedan, Peishva and British, are trampled under foot by private and public agencies and power, that it is of paramount importance that such a force should be collected together and made use of. It is not still too late to rise. To give you one example of our present incompetence I will refer you to the finding of so many images in all parts of India. To what trouble the Jains are put to recover the images of their gods admittedly belonging to them is a notorious fact. If such a strong and powerful institution such as the Jain Association of India or Shet Anandji Kalyanji Firm of all India instead of that of Ahmedabad or of Gujerat were in existence, what amount of money and trouble would have been saved ? This one instance would be sufficient to arouse you to the necessity of some such central organization to which all Jains can look for help and support in time of need and to support which it should be a solemn duty of all Jains in tin[illegible] affluence.

The fourth defect is want of that love and self-sacrifice which conduce to good management. There is much envy, ignorance and self-conceit which retard progress. If one man founds an institution, the other instead of helping the institution with more money and sympathy, starts another and in the end both institutions suffer and sometimes are closed. Everybody likes to build new temples even though there is no dearth of them, in cities like Ahmedabad Patan, &c: everybody forms a new club even though one such is existing near his very home, every body wants to open a new school even though there are many in his town or city. But none is self-restrained enough to spend the same money on those institutions already existing so as to make them more permanent and self-supporting. So what is wanted is unity and respect and love for charity for charity's sake and not for satisfying one's conceit and love of show.

The fifth thing to which I beg to draw your attention is that with the change of times and associations, the modes and objects of charities should also be changed. A thing which suited people of first century may not suit those of 10th century, that which suited people of tenth century may not suit those of twentieth century. Even that which suits us to day may not suit us 25 years hence. Hence we must change with the times. Those charities which suited our fore-fathers do not suit us now. The way in which we spend our money does not suit us. What is necessary is that we should change the objects, grooves and modes in which we spend our money.

Formerly much of the commerce of India was in our hands: now we are nowhere. So money should be spent upon educating our children in commerce and helping our young in following that pursuit. There was no science in middle ages and so we had no necessity to spend our money after it. Now its knowledge is in-dispensable in capturing commerce, so we should spend much after it. Formerly we were very rich, now we are poor, and so we should curtail our expenditure on pageant and festivities. Formerly there were no-or very few famines in the land and consequently no necessity of founding orphanages, now famine is of daily occurence and orphanages are a dire necessity for the simple reason that preachers of other religions, may not induce our co-religionists to turn Christians or Mahomedans. Formerly we supported Bhojaks, now we don't do it and so schools for teaching the art of singing should be established for the elevation of soul and concentration and meditation. Formerly there were native physicians who administered medicines to patients for very little. Now diseases are increasing, Doctors' fees have increased, medicines are dear and so it is absolutely necessary to open free dispensaries under competent hands. Formerly education was free, now it is so dear and so it is necessary that free schools should be opened. And there are so many directions in which our money and energy

are wasted and so many objects there are for which our money and energy are urgently and absolutely needed that for the welfare of the community it is high time the methods and ways and objects of charities are changed. When the community took much interest in many subjects, it was immaterial whether a good or an incompetent man managed an institution. But at a time when most of us are solely engaged with our own wordly dash and none caring for anything beyond his own household, it is most material that an educational institution like that founded at Mehsana should be headed and managed by a good educationist rather than a person who knows not A B C of education, however religious he is.

Times being hard and very few avenues open for our people to earn their livelihood, it is necessary to start life scholarships to enable scholars to study religion, make researches in ancient lore and literature to get information of once holy but lost and inbedded places and specially to enlighten other people with the truth of our religion and to correct wrong notions about our ancient and sacred religion,

How much wealth used to be spent upon these objects in ancient times is known to those who know Maharaja Asoka, Shrenik, Kumarpal and Acharyas Sidhsensuri, Haribhadra, Hemchandra, and others. Without some such material help from the Jains, Sadhus also can do very little as we see from the efforts of Maharaja Dharmvijaya. Where would Hemchandracharya have been, had it not been for the help of king Kumarpal?

We can go to cite many objects and ways in which money ought to be spent where it is not spent at present and others in which it ought not to be spent where it is spent. But the above will suffice for the present.

In conclusion I will cite one glaring example of our apathy to the welfare of our community and this article ends. In the last Conference it was resolved by Graduates that every one will contribute at least, one paper to the Conference Herald, How many have done it? When educated people who often find fault with the elders for not doing anything, to do nothing for long 12 months after a solemn promise, and specially when they have to spend not a single pie for it, it is bad on their part to expect people, whom they call uneducated, to do something. These latter people do much according to their own light and leading. If they are mistaken in modes and objects to which they extend their helping hand, it is the fault of the educated and younger generation that they do not lead these elders to the right path by interviews, writings, public and private and any other means in their power.

In conclusion I invite my friends to pursue this subject in detail by a series of papers from different stand points.

A WELL WISHER.
(Graduate.)

Ahmedabad.

# નવું વર્ષ.

કોન્ફરન્સ ભરાવા માંડયાને ચાર વર્ષ થયાં છે. કોન્ફરન્સ સંબંધી ખબરો, તથા જૈન કોમને લાગુ પડતી શ્રેયમાટેની ધાર્મિક, વ્યવહારિક તથા ઔદ્યોગિક બાબતો ફેલાવવા તથા ચર્ચવા હેરલ્ડનો જન્મ થયો હતો. હેરલ્ડને બે વર્ષ પૂર્ણ થયાં છે, અને તે નાના બાળકે ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પ્રથમ વર્ષના છેલ્લા અંકમાં અમે લખ્યું હતું કે "અમારાથી બની શકતું વાચન પુરૂં પાડી વાંચકવર્ગની સેવા બજાવીશું." તે પ્રમાણે પૂરા થયેલા બીજા વર્ષમાં અમે શકિત મુજબ વાચન પૂરૂં પાડયું છે, તે સિંહાવલોકન કરવાથી જણાશે.

"જૈન" પત્રની સૂચના અનુસાર પાંચ મહિનાથી કોન્ફરન્સનાં જુદાં જુદાં ખાતાંઓનો હિસાબ હેરલ્ડમાં આપવામાં આવે છે. હેરલ્ડનું તેટલા વખતમાં લવાજમ રૂ. ૧૨૫૧) આવ્યું છે. જે ગ્રાહકો પાસે હજી લવાજમ લેણું છે, તેમને નમ્ર વિનંતિ કે હેરલ્ડ કોન્ફરન્સનું વાજીત્ર છે. તેમાં જો ખોટ જશે તો ધાર્મિક ખાતાને ખોટ જશે તે રીતે ધાર્મિક ખાતાને અને જ્ઞાનને ખોટ જતાં પાપ ભાગી થવું પડશે. માટે દરેક ગૃહસ્થ પોતાનું ચડેલું લવાજમ મોકલી આપવા કૃપા કરશો.

આ વખત મેટરમાં ઇંગ્રેજી વિષય એક છે, તેના લેખક બાહોશ માણસ છે. હિંદી વિષયો ૨૦ છે. અને બાકીના ગુજરાતી વિષયો છે બાળબોધ ટાઈપમાં ઉપલા હિંદી વિષયો ઉપરાંત કોન્ફરન્સ ઓફીસના પુસ્તકોદ્ધાર ખાતાંના કલાર્ક રવજી દેવરાજે લખેલ ૩ વિષયો તથા કચ્છના દેરાસરનો શિલાલેખ છે.

"જૈન" પત્રે કોન્ફરન્સ સંબંધીજ હકીકત બહાર પાડવાને અમને સુંચના કરી હતી. અને તે પ્રમાણે નિયમસર પાંચ માસથી હેરલ્ડમાં હિસાબ આપવામાં આવે છે.

ડીરેકટરી ખાતું જે કામ કરે છે, તે બીજા પુસ્તકમાં આવેલ ગામોના પાંચ વખતના લીસ્ટ જોવાથી ખાત્રી થશે.

લેખક પગારદાર હોવાથી, તે અધિપતિ તરીકેનું ઉપપદ લેવાનું પસંદ કરતો નથી અને તેથી બીજા પત્રોમાં જે મુખ્ય વિષયો અથવા અધિપતિની નોંધ આવે છે, તેને બદલે આ વર્ષમાં વર્તમાન ચર્ચા, સ્પુટ નોંધ, જૈન સમાચાર તથા નવીન સમાચારમાં વિવેચન રૂપે તેણે લખ્યું છે.

પ્રથમ વર્ષના એપ્રિલના અંકમાં The Problem of the day નામનો વિષય લખનાર શા કલ્યાણજી પદમશી બી. એ, જેઓ રાધનપુર હાઈસ્કુલમાં, રાધનપુરના નવાબ પાસે, તથા છેવટે ઉમરેઠ હાઈસ્કુલમાં હેડ માસ્તર હતા તેઓ થોડા વખત પર દેહ મુકત થતાં, ગ્રેજ્યુએટ વર્ગમાંથી એક શાંત, સરલ અને સીધું રત્ન ગુમ થયું છે. ઉપરાંત કોન્ફરન્સ સાથે સંબંધ ધરાવનારા, તેના હિતમાં હિત સમજનાર જે રત્નો ગયાં છે. તેને માટે દિલગીરી દર્શાવવાની ફરજ હેરલ્ડે યોગ્ય રીતે બજાવી છે.

કન્યા વિક્રય, જૈન ધર્મના શિક્ષણનો ક્રમ, આપણી ઉન્નતિ કેમ થાય, જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ, સટ્ટો, સ્ત્રી કેળવણી, દીક્ષા, મદ્યપાન, વેશ્યાગમન, લગ્ન, આપણી રાજ્યદ્વારી સ્થિતિ, તીર્થયાત્રા, તથા મનુષ્યદેહ શાને માટે છે, એ દરેક વિષયો ફરીથી વાંચતા કંઈ નવું આપે તેવા છે.

"ધાર્મિક સંસ્થાઓ સંબંધી સૂચના" લખનાર મી. લખુભાઇ ભાઇચંદ વડોદરા પોસ્ટ માસ્તર છે. અને તેમની જેવા કેળવાયેલા માણસો હેરલ્ડ વાંચવા, અને તેને સૂચના કરવા જે કૃપા કરે છે, તેને માટે હેરલ્ડ આભારી છે. ભવિષ્યમાં કોમહિતના, રાજ્યનિષ્ઠાને બાધ ન આવે તેવા વિષયોપર લખવા તેમને, અને તેમની જેવા અનુભવી અધિકારી વર્ગને નમ્ર વિનંતિ છે. ગ્રેજ્યુએટ ભાઈઓએ આ વર્ષમાં તદ્દન ઓછી મદદ કરી છે. એમ જણાવતાં દિલગીરી થાયછે, પરંતુ આશાછે કે તે વર્ગ પોતાની વ્યાવહારિક ઉપાધિઓમાંથી મુકત થયા પછી, કોમના હિતના સવાલો માટે કંઈ લખશે. અમારી તે આશા સફળ કરવા ગ્રેજ્યુએટોને વિનંતિ છે.

લેખકોમાં મી. ઢઢા, ચુનીલાલ નાથુલાલ, મહાસુખરામ લક્ષ્મીચંદ, સીરચમલ બાપના, મહેતા અમૃતસિંહ, શોભાગમલ હરકાવટ, મી. અમરચંદ પરમાર, લહેરૂચંદ ચુનીલાલ, રાયચંદ કસળચંદ, રવજી દેવરાજ, ધીંસીલાલ ગોલેચ્છા, શોભાગચંદ મોહનલાલ, પૂરણચંદ નાહર તથા માણેકલાલ વાડીલાલ, મુખ્ય છે. એ સર્વ લેખકોનો અમે આભાર માનીએ છીએ. પગારદાર લેખક શાહ નરોત્તમ ભગવાનદાસ છે. તેણે યથાશકિત કામ કર્યું છે. અને તેમ કરતાં કોઈની લાગણી દુઃખવી હોય તો ક્ષમા ચાહે છે.

"જૈનોનાં જાહેરખાતાં"ના ચાલુ વિષયમાં માથાવેરો શબ્દ વાપરવામાં આવ્યો છે, તે ભૂલ થઈ છે, કારણકે પાલીતાણાની બાબતમાં સત્તા સમાન લેખાતા રા- મોહનભાઈ મગનભાઈએ અમને જણાવ્યા પ્રમાણે તે માથાવેરો છેજ નહિ. માત્ર આપણા રક્ષણ માટે રખોપુંજ છે.

કેળવણી તથા ધાર્મિક કેળવણી એ બન્ને માટે આ બીજા પુસ્તકોમાં આવેલા લેખો શાંત ચિત્તે વિચારવા જેવા છે. તે વિના પોતાના ફરજંદોનું અને કોમનું શ્રેય નથી.

લેખોની ઉદાર સહાય આપનાર ઉપલા લેખકોમાં મી. પૂરણચંદ નહાર બાબુસાહેબ રાયબહાદુર સીતાબચંદજીના પુત્ર છે. મી. ઢઢા કોન્ફરન્સના ઉત્પાદક છે. મી. સીરચમલ બાપના શાસ્ત્રીય તથા કાયદાની ડીગ્રી ધરાવનારા ઉત્સાહી ગ્રહસ્થ છે. એમની જેવા શ્રીમાન અને વિદ્વાન લેખકો કૃપા કરશે, એમ આશા છે.

આ નવા વર્ષમાં પણ બની શકતું વાચન પૂરૂં પાડવા પરમાત્મા સામર્થ્ય આપો, એજ તે મહાશકિતને પ્રાર્થના છે.

# કોન્ફરન્સને સૂચના.

જૈન કોન્ફરન્સ આજે ૪-૫ વર્ષથી દર વર્ષે વર્ષમાં એક વખત અગાઉથી નીમેલી જગોએ મળે છે. તે કામ શરૂ કરનાર નામદાર ગુલાબચંદજી ઢઢા જેપુરના એક લાયક ડીગ્રી મેળવેલા ગૃહસ્થ છે. તેમણે શ્રી ફલોધીમાં સં. ૧૯૫૮ માં કોન્ફરન્સ પહેલ વહેલી મેળવી ત્યાં ધાર્યા પ્રમાણે ફતેહ થઇ. બાદ બીજી કોન્ફરન્સ મુંબાઈમાં, ત્રીજી વડોદરામાં અને ચોથી પાટણમાં એમ અનુક્રમે દરવર્ષે થતી ગઈ અને તે બધી સારી રીતે નીર્વિઘ્નપણે ફતેહ પામી છે. આ વર્ષ આવતા ફાગણ માસની શરૂઆતમાં અત્રે મળવાની છે અને મને લાગે છે કે બધે ઠેકાણેની કોન્ફરન્સ કરતાં અમદાવાદમાં ઘણો મોટો મેળાવડો થશે. જે કોન્ફરન્સો ભરાઈ ફતેહ પામી છે તેમાં આપણામાં જે હાનીકારક રીવાજો છે તે બંધ પાડવા, તીર્થો અને દેરાસરોનો વહિવટ ચોખો રખાવવો, જીરણ દેરાસરો અને પુસ્તક ભંડારોનો ઉધ્ધાર કરવો, જીવ દયા સારી રીતે પાળવી, વગેરે બાબતોસર તથા જૈન વિધિ પ્રમાણે લગ્ન ન થતાં મિથ્યાત્વીની રીત પ્રમાણે આપણા લગ્નો થાય છે તે જૈન વિધિ પ્રમાણે લગ્ન કરવાને અને છેવટ વિદ્વતામાં આપણી વેહેપારી કોમ ઘણી પાછળ છે, બીજી નાની કોમો કરતાં આપણી પંદર લાખ માણસની જૈન કોમ છતાં ફક્ત ચાર પાંચ ગ્રહસ્થ અમલદારીપર ચડયા છે, ને ડીગ્રી મેળવેલા પણ ઘણાજ થોડા છે, તેથી તે વિષે વખતે વખતે ને વારેવારે ઘણું બોલાયું છે ને બોલાય છે ને તેથી બહાર ગામો ખાતે રીતી નીતિમાં કેટલાક સુધારા થયા છે ને થાય છે, પણ અમદાવાદમાં કોઇ જાણવા જોગ સુધારા થયા નથી.

હવે મ્હારે કેહેવાની મતલબ એવી છે કે અમદાવાદમાં શેઠ જેશંગભાઈના પ્રયત્નથીજ કોન્ફરન્સ મલશે અને સર્વ રીતે ફતેહ થશે. તે વિષે શેઠ જેશંગભાઈનો ઉપકાર માનવો જોઇએ. પણ કોન્ફરન્સ મંડળમાં જે વાતો ચરચાય છે ને ચરચાઇ છે તે વાતો ઉપર ફરી ફરીને બોલવા કરતાં આ નીચે લખેલી વાતો વિષે ચરચા થઇને તેનો પ્રથમ નિર્ણય થવાની મને ખરેખર જરૂર લાગે છે. રોવા કુટવા તથા નાત વરા કરવા તથા ન્હાની ઉમરનાનાં લગ્ન નહીં કરવા, કન્યા વિક્રય, વગેરે હાનીકારક રીવાજો બાબત ઘણાં ભાષણો થયાં છે ને તેથી કેટલેક ઠેકાણે સુધારા થતા જાય છે ને હાનીકારક જે વાતો કેહેવામાં આવી છે તે રેહેતા રેહેતાં બંધ થશે ને નહી કરેતો છેવટ થાકીને બંધ કરશે. માટે હવે અમદાવાદ મળતી કોન્ફરન્સમાં તે વીશે લંબાણથી બોલવા બોલાવવાની જરૂર નથી. પણ હવે તો નીચેની બાબતો વીસ્તારથી ચરચવાની તથા તેના બંદોબસ્ત થવાની જરૂર છે.

૧. ગુજરાતમાં જે તીર્થો છે તેમાં પાલીતાણા, ભોયણી, સંખેશ્વરજી, માતર અને શ્રી તારંગાજી એ તીર્થોના વહિવટ ઠીક ચાલે છે, તેનો વહીવટ કરનારા શુદ્ધ મનના ને સારા સુજ્ઞ જનો છે, પણ જુનાગઢના તીર્થની ભારે બેદાદી છે તે જૈન પેપર વાંચીને ભારે દીલગીર થવા જેવું છે તે વાતનો પ્રથમ બંદોબસ્ત થવો જોઈએ. તેના જુના નોકરો જે ખાઇબદેલા છે તે અને સ્વાર્થી ગામવાળા તેમાં બીજાનો પગ પેસારો થવા દેતા નથી માટે એવો ઠરાવ કરવાની હાલને હાલ જરૂર છે કે જૈનનાં બધાં સાર્વજનીક તીર્થો ગામ તથા શેહેરોનાં બધા દેહેરાસરો, અપાશરા, ધર્મશાળાઓ, અને જીવ દયાના ખાતાં ઉપર શેઠ આણંદજી કલ્યાણજીની અમદાવાદની પેઢીના પ્રતિનિધીઓનું ઉપરીપણું છે, માટે જે કોઇ ઠેકાણેના તીર્થ, ગામ કે શહેરના દેરાસર વગેરે ઉપરના જે શુભ ખાતાઓના વહિવટ બરોબર ચાલતા નહી હોય તો શેઠ આણંદજી કલ્યાણજી, તેમની નજરમાં આવશે તો તેની પાસેથી તે વહીવટ તપાસી લેશે, અગર બીજા કોઈ લાયક ગ્રહસ્થોને સોંપાવશે અગર તેમને જેમ ઠીક લાગશે તેમ કરવાને તે પેઢીના વહિવટદાર પ્રતિનિધીઓ મુખત્યાર છે, એવો ઠરાવ થવો જોઈએ. મારવાડમાં આબુ, રાણકપુર, વરકાણાજી તથા કેશરીયાજી વગેરે કેટલાક તીર્થોના વહિવટ બરોબર નથી, ને પૈસા વાણીયાઓ ઘરમાં જમે માંડીને તથા અનામત લઇને બેઠા છે. દેહેરાસરોની અશાતના સામું કોઈ જોતુંજ નથી.

૨. તીર્થો સંબંધી બીજું એકે આપણી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તે બધી જૈન કોમના ભરૂસાવાળું ખાતું છે તેની દેખરેખ રાખનારાઓ ધર્મ બુદ્ધિવાળા લક્ષાધિપતિઓ છે, તેના વીષે કોઇ રીતે વસવસો લેવા જેવું નથી. માટે જૈનના બધા ધર્માદા વગેરે શુભ ખાતાની તીજોરીઓ તે પેઢીમાં રહે ને તે તીર્થો ખાતાનો એક નોકર—એ તીર્થોને વાસ્તે એક નોકર એવી રીતે રાખીને તે તીર્થોનો ઘણોખરો વહીવટ આણંદજી કલ્યાણજીની પેઢી મારફત થાય તો તે કામ સારી ચોખી રીતે ચાલે એટલે બધા તીર્થોના હીસાબ કીતાબ વગેરે ચોખા રહે. વળી તેની સાથે એ બધા તીર્થોએ વર્ષના ૮ મહીનામાં એક બાહોશ ને હીસાબી માણસ ઇન્સ્પેકટર તરીકે ફરતો રહે તો ધર્માદા તીર્થો વગેરે ઘણી સારી સ્થિતિમાં આવે. દેવદ્રવ્ય બગડતો અટકે અજ્ઞાન લોકો કબજે કરી દુખી થાય છે તે દુઃખી થતા અટકે વળી બંદોબસ્ત વગરના તીર્થમાં જાત્રાળુઓ પૈસા આપતા નથી તે પણ ખુશી થઇને આપે. આ કામો ભેળવી લેવાને શેઠ આણંદજી કલ્યાણજીના હાલના વહિવટદાર પ્રતિનિધિઓ જોઇએ તેવી ખુશી નહી બતાવે તેનું કારણ તેઓના માથા ઉપર ઘણા ઘર કામના બોજા હોય, માટે આ બીજા તીર્થોની દેખરેખ રાખવાને તેમના હાથ નીચે સુખી, પુરસદવાળા અને ધર્મના રાગી સદગ્રહસ્થો ચુંટી કાઢી તેમની એક સબકમીટી ઠરાવવી જોઇએ તો કામ ઘણું સારું ચાલશે.

૩. કેટલાક ગામો અને શેહેરોમાં દેરાસરો છે તેમાં કેટલેક ઠેકાણે ૧૦૦–૨૦૦ રૂપીઆના ખરચ સારૂ લાંબી મુદતથી પ્રભુજી પરોણા દાખલ બેશી રહ્યા છે તથા કોઈ ઠેકાણે પ્રતીક્ષા કરી ગાદીએ બેસારવાના ફક્ત ખરચ સારૂ પરોણા દાખલ છે– અને તેની ઓરડીઓમાં બેસારેલા છે તે ઉપર ધુળ ગરે છે માટે તેવા ઠેકાણાઓનો તપાસ કરાવી હરેક રીતે ખરચનો જોગ કરી તેવા ગામો અને શેહેરોમાં પ્રભુ ગાદીએ બેસારવા જોઈએ ત્યારબાદ જીર્ણ દેરાસરો સુધરાવવાનો વિચાર રાખવો જોઇએ,

૪ **સાધુ સાધ્વી વિષે**—આપણે સંવેગી સાધુઓને માનીએ છીએ અને તેઓ પોતાના તથા પરના આત્માનું કલ્યાણ કરવાને ઘર છોડી ભારે મુસીબત વેઠી સાધુઓ થયા છે. તેમાં કેટલાક દીક્ષા લેઇ એકલા ફરતા ફરી લોકોને ધુતી ખાય છે તેઓની આ ઠેકાણે વાત નથી પણ જે સાધુઓ જૈન ધર્મમાં પ્રખ્યાતિ ધરાવે છે તેમાંના કેટલાક મત પકડી તે મત છોડતા નથી ને પોતાનો કકો ખરો કરાવવા માગે છે. ગચ્છ ભેદની વાત તો કરતાજ નથી. પણ સંવેગી સાધુઓની ક્રિયામાં કાળદોષને લીધે ભેદ પડી ગયા છે—તે એ કે કેટલાક મુહપતિ વ્યાખ્યાન વખતે બાંધનાર અને કેટલાક નહીં બાંધનાર—કેટલાક પડીકમણામાં ત્રણ થોય ને ચાર થોય કેહેવાની તકરારવાળા–કેટલાક ચોથની સંવચ્છરી ને કેટલાક પાંચમની સંવચ્છરી કરનાર, આવી તકરારોથી શ્રાવક મોટા ન્હાનાને પ્રણામ કરે છે પણ સાધુઓ સામસામા મળે તો એક બીજાને વંદન પણ કરતા નથી ને આડું જોઈ ચાલ્યા જાય છે તો વાતચીતની શી આશા. આ વાંધા પદ્મવિજયને છેવટ રૂપવિજય મહારાજની હયાતી સુધી નહોતા તો હાલના બધા તેમના વંશનાજ છે તો તે પોતાના વડીલોના કૃત્યથી વિરૂદ્ધ કેમ ચાલે છે, માટે સાધુઓમાં કનફરન્સે વિવેક-બુદ્ધિથી સંપ કરાવવો જોઈએ.

૫ વળી અગાડી મોટા વિદ્વાન મહાત્માઓ થઈ ગયા તેમણે સાધુએ કેમ વર્તવું તેના નિયમ બાંધેલા છે તેમાં એક નિયમ એવો છે કે સાધુએ પરદેશ જવા વિહાર કરવો ત્યારે ઓછામાં ઓછા બે સાધુ સિવાય તથા ગુરૂણીજીએ ત્રણ ગુરૂણીજી સાથે સિવાય વિહાર કરવો નહિ. છતાં તે નિયમને સુખે સમાધે શ્રાવકના રોટલા વગર મેહેનતે મળે તેથી પાળવાની કોઇને જરૂર રહી નથી. દીક્ષા લીધી ને થોડી મુદત થઇ ગુરૂના તાબામાં પડીકમણું શીખ્યા એટલે સાધુ ને સાધ્વી મનમાં આવ્યું તે વખતે વિહાર કરે છે. તેને કોઇ પુછતું નથી. તેથી સાધુ સાધ્વીની કેટલીક હલકાશ દેખાય તેનું સાધુ સાધ્વીને તેમજ શ્રાવકોને ભાનજ નથી કે આથી આપણા ધર્મની ખોટી વાત કરશે વળી દીક્ષા કેવા માણસને આપવી તેના નિયમ છે તે ધોવાઇ ગયા છે માટે હાલ દેશકાળ અનુસારે સંઘે વિચાર કરી નિયમ બાં-

વા જોઈએ, વળી શકિતવાળા સાધુઓ એક જગોએ લાગટ બે વર્ષ પડી રહે છે તેમ ન થતાં ચોમાસુ ઉતરતાં તેમણે વિહાર કરવો જોઈએ, ને તે વિહાર દર વર્ષે જુદાજુદા ગામોએ કરવો જોઈએ. તેમાં વિદ્વાનો અને ધર્મ સારી રીતે સમજાવી શકે તેવા સાધુઓએ લાંબા દેશાવરોમાં જેમકે આત્મારામજી અને ચેલા તથા ગાંધી-વિજયજી મહારાજ પોતે દેશાવરોમાં વિહાર કરે છે તેમ વિહાર કરવા—કેમકે એવા કેટલાક ગામ હશે કે જ્યાં સાધુનાં પગલાં પણ થયાં નહીં હોય તે બીચારા જૈન ધર્મ શું જાણે—કાઠીયાવાડમાં ઢુંઢીયાના સાધુઓ બહુ ફરે છે તેમજ મારવાડમાં; તેથી ઘણાખરા ઢુંઢીયા થઈ ગયા છે તથા મિથ્યાત્વી થઇ ગયા છે.

૬ જૈનોના છોકરા નાનપણથી પેહેલો ધંધો બીડીયો પીવા શીખે છે એટલુંજ નહીં પણ કેટલાક જાતજાતની કેફો કરવા તથા ખરાબ ચીજો ખાવા શીખે છે, તો કંદમુળનું તો હું શું કહુ? ઉઘાડે છોગે સોડાવાટરની બાટલીઓ છેક મુસલમાન જેવી હલકી જાતે બનાવેલી ભરેલી હાથમાં પકડી મોઢે માંડી પીએ છે, તથા કેટલાક રેલની મુસાફરીમાં જનારા સ્ટેશનપર ચાહા વેચવા આવે તે જે પ્યાલાએ નીચી વર્ણે ચાહા પીધેલો હોય તેજ પ્યાલો પોતાની પાસેની પાણીની ડોલમાં ધોઈને તેમાં ચાહા નાંખી શ્રાવકોને બ્રાહ્મણોને પાય છે, વગેરે આપણી કોમને ન છાજતી બાબતો બંને જાય છે તેનું અત્યારથી રોકાણ નહીં થાય તો આગળ ઉપર ધરમ રેહેવો બહુ મુશ્કેલ છે. મને આશ્ચર્ય લાગે છે કે જૈનમાં ઘણા શ્રીમંતો ધર્મીઓ છે તેમાં ચાર તો અમદાવાદમાં મોટા સ્થંભ છે અને તેમને ધર્મ ઉપર અતિશય પ્રીત છે. તેમનું હ્રદય બાહારથી ને અંદરથી મને જુદું ભાસતું નથી તો તેઓ આ બાબતમાં કેમ વિચાર કરતા નથી. તેઓ હાલ ધર્માદા કામ કરે છે તેથી તરેહતરેહના બંદોબસ્ત બંને કમીટીઓ કરી જૈનના ધર્માદા કામોપર દેખરેખ રાખે તો હાલ કરતાં કાંઈ વધારે વખત રોકવો પડે નહીં. ને કોઇ વખતે રોકવો પડે તો તે સફળ થાય. એ વાત વીવેકી અને પુન્યશાળી શેઠીયાઓની નજરમાં આવવી જોઈએ.

૭. કેટલાક જૈનો વિષયના લોભે નીચ જાતની કન્યાઓ સાથે રહે છે ને પરણે છે પણ ખરા. સ્વાર્થથી પોતે ઉંચ વરણનો છતાં વટલે છે ને બીજાને પણ વટલાવે છે . અને એવું કેટલેક ઠેકાણે બનેલું સાંભળીએ છીએ. જો કાંઈ સખ્ત બંદોબસ્ત સંઘ તથા નાતો તરફનો નહી થાયતો દિન દિન તેનો વધારો થશે.

૮. વિલાયત અનાર્ય દેશોમાં નહી જવાની જૈનોમાં છીટ છે, કારણકે ત્યાંહા જાય તે ઘણુંકરી વટલાયજ એવો ઘણાને વેહેમ (શંકા) છે, પણ તે છીટ રહી નથી ને જૈન લોકો વીલાયત તો શું પણ બીજા કેટલાક અનાર્ય દેશોમાં મુસાફરી કરી આવે છે તથા કરવા જાય છે [illegible] બચવાય કે ગમે તેમ થાય પણ

લોકો પૈસા મેળવવાની પેરવીમાં વધારે ફરે છે તેમાં કેટલીક નાતોના આગેવાનો તેવાને નાત બહાર મુકે છે, ને કેટલીક નાતોવાળા તેની ન ગણકારતાં તેની સાથેનો વ્યવહાર જેમ હતો તેમજ ચલાવે છે. અમદાવાદવાલા બારીસ્ટર જુગલદાસ વીલાયત જઈ આવ્યા તે બાબત તે સંઘ બહાર હતા, પણ એક વખતે સંઘ મેલવી તેમની પાસેથી રૂ. ૫૦૦) લેઈને તેમને પાવન કર્યા. ને આયંદે વીલાયત જાય તે સંઘને કે નાતને પુછીને જાય એવો તે વખતે ઠરાવ થએલો છે. છતાં હમણાં અત્રેની ઓસવાળની નાતનો મોહન બાલજી વીલાયત જઈ આવ્યો તેણે સંઘને કે નાતને પુછયું ન્હોતું છતાં તેને ઓશવાલની નાતે જુગલદાસની માફક સંઘે પાવન કર્યા વગર નાતમાં જમાડયો તે કારણથી અમદાવાદમાં નોકારશી થતી હાલ બંધ થઈ છે. એટલે કે એક માણસે પોતાની પાછળ અમદાવાદના જૈનોની નોકારશી જમાડવાનો ઠરાવ કરેલો તેની પાછળવાળાને નોકારશી જમાડવાની રજા નહી મળે એવી ખબર મલવાથી તેણે નોકારશી જમાડવી પડતર મુકીને પોતાની નાત જમાડી છે. ધર્મ અને પરમાર્થનાં કામમાં પણ એક બીજાની શરમથી આવા ઝઘડાઓ સંઘમાં ઉભા થઈને સંઘના કામો બગડે છે તેને વાસ્તે પણ કોન્ફરન્સ (જૈન મંડળ) માં કોઈ યોગ્ય નિયમ થવો ઘટે છે.

૯. કોન્ફરન્સમાં જે ઠરાવથી અમુક નાતવાલાને કે લોકોને અપ્રીતિ ઉપજે તથા નાખુશી ઉત્પન થાય તેવા ઠરાવ ચરચવા નહી એવું કોન્ફરન્સમાં પ્રથમથીજ જાહેર થએલું છે એ ભારે ખુશીની વાત છે, પણ તે શીવાય કોન્ફરન્સમાં જે જે ઠરાવ ઘણા મતથી તથા ઘણા દેશના સમુદાયની વિદ્યમાન પસાર થાય અને તે વીરૂધ કોઈ પણ પોતાનો મત જણાવે નહી તો કોન્ફરન્સમાં થએલા સર્વ ઠરાવ સર્વ કોઈએ માન્ય કરવા ઘટે છે

૧૦. કોન્ફરન્સ આજે પાંચ વર્ષથી મળે છે તેમાં દેશ દેશના લોકોને તેડાવવાને કંકોત્રીઓ લખવામાં આવે છે તેથી ઘણા જૈનો હાજર થાય છે. તેમને રેલવેનું ખરચ થાય છે, મોટો માંડવો બાંધવો પડે છે, ઉતારાની સોઈ કરવી પડે છે, ખાવા પીવાને રસોઈખાનાની સોઈ રાખવી પડે છે, વગેરે ઘણો ખરચ થાય છે. માટે આ યંદેથી એમ થાય કે કોન્ફરન્સમાં કેટલુંક ખરચ થાય છે તેમાંનું કેટલુંક જાથુકને વાસ્તે કરી રાખેતો તે વારેવારેનું ખરચ બચે. નહીતો જે રૂ. ૨) ભરે તે કોન્ફરન્સમાં દાખલ થાય તો તેમાં કેટલાક અભણ, ધર્મ ઉપર શ્રધ્ધા નહીં તેવા મરદો, છોકરાં અને સ્ત્રીઓને એકઠી કરી કોન્ફરન્સનો રહસ્ય ગડબડ થવાથી બરોબર ઉપરની પકતીના લોકોના જાણવામાં આવવા ન દેવો એ ઠીક નથી.

૧૧. જે જે દેશમાં કોન્ફરન્સ થાય ત્યાંના લોકોને ઉપર પ્રમાણે બધી સોઇ રાખવી પડે તેને સારૂ નાણાં ઉઘરાવવા પડે છે ને તેમાંથી નાણાં વધે તો તે ગામવાળા પોતાની મરજી પ્રમાણે અમુક [illegible] રાખે છે. તે પણ ઠીક નથી માટે તેવા દરેક

ઠેકાણેના વધેલા રૂપીઆ કોન્ફરન્સના ચોપડામાં જમે થઈ એક સારી સીકયુરીટી વાળી જગોએ રેહેતો સારૂ. કારણકે અમુક જગોએ કોન્ફરન્સ ભરવાની જરૂર છે. પણ ત્યાંના રહીશો જોઈતો ખરચ કરી શકે તેમ નથી એમ હોય તો આ વધારામાંથી તે ગામવાલાને મદદ આપવા થાય.

૧૨ કેટલાક શહેરો અને ગામડાઓમાં તથા મોટા શહેરોની પોળોના ધર્માદા ખાતાઓમાં એટલે જેમકે દેહેરાં, અપાશરા, ધર્મશાળાઓ, પાઠશાળાઓ, સ્વામીવચ્છળ અને જીવદયા ખાતાઓના રૂપીયા તથા માલમીલકતની બાબતોમાં તકરારો પડતાં બે પક્ષ પડીને તે કજીઆ સરકારી કચેરીએ જાય છે ને હાથમાંના ધર્માદા રૂપીયા વિચાર કર્યા વગર વાણીયા મમતે ચડીને બગાડે છે. જેમકે અમદાવાદમાં હુજીરાના માજનના જૈનો ધર્માદા રૂપીયાથી લડી મરે છે વગેરે. માટે એવી તકરારો સરકારી કચેરીઓએ ના જતાં દેશેદેશ અને ગામે ગામ સારા પ્રમાણિક, ડાહ્યા સુખી અને ફુરસદવાળા માણસોની "જૈનોના શુભ ખાતાઓની સુધારા કમીટી" ઓ સ્થાપીને તેવા કોઇ ઝઘડાનો ન્યાય થવાને કમીટીવાળા આગળ લેઈ જાય એમ થવું જોઇએ, અને નાના ગામોમાં ઘણા એકમત થઇને એવા સારાકામોનો બગાડો કરતા હોય તો તેનો ન્યાય થવા અમદાવાદની કમીટીમાં આવવો જોઈએ. જૈનોજૈનોમાં ઘરખટલાના ન્યાય પણ આવી કમીટીથી થાય તો વીવાહુથી રળીયામણું પણ હાલની રીતભાત પ્રમાણે પ્રથમ ધર્માદા કામોનોજ બંદોબસ્ત થાય તો બહુ સારૂ.

૧૩ જૈન વિધિ પ્રમાણે લગ્ન કરવાનું અસલથીજ છે અને તેનો વિધિ આચાર દીનકર ગ્રંથમાં તથા મહામુનિ આત્મારામજીએ રચેલા તત્વનિર્ણયપ્રાસાદ ગ્રંથના બીજા ભાગમાં છે. પણ તેમાં જે વિધિ લખી છે તે તે વખતના દેશકાળને અનુસરીને લખેલ છે એટલે તે વિધિ અધરી છે. આ વિધિ આજ સુધી અંધારામાં હતી. ને જૈન લોકો લગ્ન વખતે બધી વિધિ આજ સુધી મિથ્યાત્વી બ્રાહ્મણો બતાવે તે પ્રમાણે કરે છે. તે વાત કનફરન્સ પ્રસીધીમાં લાવેલ છે તેથી હવે કેટલાક ગામો અને શહેરોમાં "માંગરોળ જૈન જ્ઞાનોદય સભા" તરફથી હાલના જમાનાને અનુસરતી જૈન લગ્ન વિધિની ચોપડી બનાવેલી છે તે પ્રમાણે લગ્નો થયા છે, ને થાય છે. પણ આચારદીનકર ગ્રંથના લખાણ પ્રમાણે જૈન વિધિ પ્રમાણેનું લગ્ન બની શકે તેમ નથી એમ અમદાવાદની વીસાશ્રીમાળી નાતના શેઠ એમ સમજે છે કે આપણા જોશીયો જે કરાવે છે તેજ ઠીક છે એમ વીચાર લાવીને બીજો કોઇ જૈન વિધિ પ્રમાણે લગ્ન કરાવવાને ઉભો થાય છે. તેને પણ કરવાથી રોકે છે. પરંતુ "માંગરોળ જૈન જ્ઞાનોતેજક સભા" એ જે લગ્ન વિધિની ચોપડી છપાવી છે તેના અનુસારે જેટલું બની શકે

તેવી વિધિથી પોતાના વાહાલા બેટા બેટીઓનો લગ્ન કરાવવાં એજ લાભ અને કલ્યાણકારી છે.

આપણા જૈનોની આવી ધર્મી અને મ્હોટી ભાગ્યશાળી, પુન્યશાળી ને આબાદ કોમ છતાં તેનું એક પણ શુભ ખાતાનું જાથુક ચાલુ રહે એવું ફંડ નથી એ અફસોસી છે. મુંબાઇમાં પારશીઓ ભાટીયા તેમજ બીજી જાતોમાં એવા કેટલાક ફંડો છે કે જેથી ગરીબ ગરબા તથા કેટલાક સારા ખાતાઓનો સારી રીતે નીભાવ થાય છે. માટે તે વિષે મારા પ્રિય જૈનોએ જરૂર વિચાર કરવો ઘટે છે. મુંબાઈમાં ચાર શુભ કામોને વાસ્તે જે રકમ ઉપજી હતી તે તો મારા સાંભળવા પ્રમાણે પુરી થવા આવી છે. પછી આજ સુધી જે કામોને મદદ અપાય છે તે બંધ પડવાનો વખત આવતો જાય છે. માટે રાવબહાદુર બદ્રીદાસજીએ દર વર્ષે દર જૈનના ઘર દીઠ ઓછામાં ઓછા ચાર આના લેવાનો પલાન કાઢયો છે તે હું તો ધારૂંછું કે ઠીક છે. તો તેથી દર વર્ષ બે ત્રણ લાખની ઉપજ જારી રહેવાની તથા બીજી પણ જેમકે જૈનોના અંતકાળ વખતે જે ધર્માદા કરે તેમાંથી અમુક આની આ ફંડમાં આપે તથા તેથી છોકરા છોકરીના લગ્ન અવસરે, નોકારશી તથા નાત વરા કરે તે આંકડામાં અમુક રકમ આપે એવા નિયમ થાયતો બહુ સારૂ. ને પછી ગામેગામના એવી રીતના પૈસા દર વર્ષ અમુક એક જગોએ એકઠા કરવા એવો બંદોબસ્ત કરવામાં આવે તો આ ફંડનો દીન દીન વધારો થતો જશે. જેમકે બાબુ પનાલાલજીએ પોતાની પાછળ આઠ લાખનો ધર્મ કર્યો તેમજ તેમના દીકરા ચુનીલાલજીની પાછલ મોટી રકમ ધર્માદા કરી તે વખતે આ ઠરાવ હયાત હોતતો ફંડમાં તેમની મોટી રકમો ઠરાવ પ્રમાણે આવત. હવેથી ચેતાયતો સારૂં. આવું ફંડ ઉભું થયું હશે ને તે સારા બંદોબસ્તથી ચાલશે તો દર વર્ષ તેમાં રકમ બંધ પૈસા આવે જશે. માટે આવું એક ફંડ ઉભુ કરવાની ખરેખર આવશ્યક્તા છે.

ઉપરની સર્વે વાતો ખરેખર કોન્ફરન્સે ધ્યાનમાં લેવાની છે અને તેજ વાતોપર વિવેચન અને ઠરાવ કરવાની જરૂર છે. આ બીનાઓ જૈન કોન્ફરન્સનો મુળ પાયો છે એમ હું સમજું છું.　તા ૧૨–૧–૦૭.

કેટલાક નાદાન જૈનો આપણા ધર્મ ગુરૂ અને તીર્થંકરોની છબીઓ છપાવી તે વેચવાનો ધંધો લઇ બેઠા છે. જૈન તો કદાપી લેતો સાચવી રાખે. પણ તે છબીઓ સર્વ કોઈ પર દર્શની વેચાતી લેછે. તે કાંઇ ગુરૂ કે દેવ છે એમ માનતા નથી. તેથી રખડતી મુકે ને છેવટ છોકરાં છઇયાં ફાડી નાંખે ને તે કચરાની ટોપલી કે ગટરને શરણ થાય માટે આ ચંદે કોઇ જૈન આવી છબી છપાવે, વેચે તેને એકદમ સંઘ બહાર મુકવો. ને પરદર્શની તેવું કામ કરાવે તો તેનાપર કાયદાસર ઇલાજ લેવો જોઇએ.

વળી કેટલાક પર દર્શની આપણા ધર્મની મોટી આશાતનાઓ કરે છે તે ઘણાં શ્રીમંતો અને ગ્રહસ્થોના જાણવામાં આવ્યા છતાં તે મુંગે મોઢે જોયા કરે છે. જેમાં

પીલવઈમાં ગાયકવાડ દીવાને જુલમ કરાવી આપણી મુરતીયો ખંડીત કરી. પણ કોઇ બોલ્યું નહી. શું માણસો તેમના સામે લડવા તઈયાર થયા હતા તેમના ઘર ઉડાડી પાડે પણ અપાશરો ને દેરાસર ને તે મધેની મુતીયોતો તેમના સામે થઈ ન્હોતી.

કેટલાક પરધર્મીઓ આપણા ધર્મનો લેશ જાણતા નથી ને લગાર એલ. એલ. બી. થયા એટલે પુસ્તકો રચે છે ને તેમાં પોતે ઘણા વિદ્વાન છે એવી હુશીયારી બતાવી જૈન ધર્મને મલીન કરવાને ખોટા ખોટા મન કલ્પીત દાખલા આપે છેને આપણા ધર્મને ખોટું લાછન લગાડે છે. જેમ ચાવડા ચરીત્ર-બનાવનાર મહીપતરામ રૂપરામ તથા હમણાં એક મગજ ફરેલા જૈન વીષે ચોપડીમાં છપાવેલું તેની શુધ તો આગ્રાવાલાએ લાઈબલ માંડી ઠેકાણે આણી છે. એટલે તેનો રૂ. ૫૦૦) દંડ કરાવ્યો છે માટે આયંદે તેવું કરે તેને વાસ્તે જરૂર પગલા ભરવાનો ઠરાવ થવો ઘટે છે.

કોન્ફરન્સના કારભારી જુદી રીતની શ્રધાના હોય તો તે રદ કરવા જોઈએ. આણંદજી કલ્યાણજીનો બધા તીર્થો તથા દેશદેશના તથા ગામના દેરાસરો તથા ધર્મના સ્થાનો, ફંડો, મીલકતો પર છે એ ઠરાવ પાસ કોન્ફરન્સમાં કરાવવાની જરૂર છે કારણકે કા. પો. એજંટ. કરનલ કીટીંજ સાહેબે એક વાંધો લીધો કે આણંદજી કલ્યાણજીની વતી સહી કરનાર કોણ ને તેમને કોણે અખત્યાર આપ્યો છે તે વાતથી એકદમ દેશ દેશ કાગલો લખી અમદાવાદમાં સંઘ મેલવવો પડયો ને વકીલો બોલાવી સંઘનો પાવર લીધો તેમ બીજા કોઈ તીરથ વીષે આણંદજી કલ્યાણજી પુછી શકે તેવો કોન્ફરન્સમાં પાવર મલવો જોઇએ.

અમદાવાદ. લલુભાઇ સુરચંદ.

---

## स्त्री केळवणी.

नाथद्वारा. ता. २ दिसेम्बर सन १९०६

महाशय !

हमारी कोममे बहोत कम रिवाज स्त्रियोको शिक्षा देनेकाहै इसही वजेहसे उनमे कम अकल होतीहै ओर खानेदारी के काम व हुनर अच्छी तरफसे नहीं सीख सक्ती ओर हरतरहकी बीमारी व संतानकी खराबीभी इसही सबबसे होतीहै यहही खासकर तमाम खराबीयोकी जड है लेकीन बहोतसे साहब बालीकाओको शिक्षा दिलानेमे ऐसा खयाल करते है के पढाने लिखानेसे उनका आचरण खराब होजाताहै ओर फिर वो किसी लायक घराने के नहीं रहती इसलीये बालीकाओको शिक्षादेना नहीं चाहिये, यह खयाल उनका गलत है इल्मके पढनेसे किसीका चालचलन खराब नहो होता, अगर इस्तरह इल्म इनसान के

बिगाडने वाली चीज होती तो कयो अपनी अजीज ओलादको कोइ लिखाता पढाता ओर उसके हासल करनेके लीये अपनी दोलतका एक वहोत बडा हिस्सा सर्फ करते. हां. अलबते यहबात जरूर है के पढी लिखी ओरतोमेसे जिनका चालचलन खराब होताहै उसकी वजेह यह पाइ जातीहै के उनको आलादरजेकी तालीम नही दीजाती ओर मामूली तालीम पाने के बाद अखलाककी बिगाडने वाली कितावें उनके हाथमे पडजातीहै वबुरी सोहबते उनपर अपना पुरा असर करजातीहै जिससे उनके चालचलनमे फरक आजाताहै ओर उसवकतमे इनका लिखा पढाणेना वेशक किसीकदर उनकी आजादी ओर आवारगीको भी मदद देजाताहै जिसके वास्ते यह वहोत जरूरी अमरहै के ओरतोको अमुमन आला दरजेकी तालीम दीजावे. आलादरजेकी तालीमसे यह मुरादहै के ओरतोको धर्म्म सम्बन्धी कितावे पढाइ जावे, ओर खानेदारीके कामो के मुत्तालीक शिक्षाभी दीजावे अखलाकके बिगाडनेवाली कितावे पास तक न आने दीजावे, जवतालीम उम्दा हांसल करलेगी तो फिर आप अखलाकके बीगाडने वाली कितावोसे नफरत करने लगेगी ओर जिस ओरतका चालचलन उनकी नजरमे ठीक नहीं आवेगा उनको अपना चालचलन दुरस्त करनेकी नसीहत करेगी---

आप साहब खयाल फरमावे के ओरतोको उम्दा तालीम होनेपर उनकी ओलादपर कितना भारी असर पडेगा यानि वो खुद अपनी ओलादको उम्दा तरीकेसे परवरिश कर सकेगी ओर वहोत जल्द हरतरहकी नसीहत कर लायक बनालेगी—ओरतोको आलादरजेकी तालीमसे यहभी मालुम होजावेगा के " पतिव्रताधर्म्म " कयाहै ओर उसको किस तरह निवाहना चाहिये. इसलीये ओरतोको ऐसी तालीम दीजावे के जिससे वो खानेदारी के मुत्तालिक उम्दा नतीजा पैदा करसके ओर धर्म सम्बन्धी कामोमे रूचि बढावे उम्मेद कीजातीहै के आप साहब इसबाबमे जरुर तवज्जे करके इन्तजाम ओरते व लडकीयोकी नेक तालीमका फरमावेगे जिससे उनका दील खानेदारीके कामकाज व पतिव्रत धर्म्ममे लगे " पतिव्रतधर्म " कया चीज है इस विशयपर फिर कभी लिखाजावेगा फकत

इतिशुभम.　　　महेता अमृतसिंह

नाथद्वारा

मेवाड.

# मेवाडकी स्थिति.

वदनावरमें एक मन्दर पार्श्वनाथ स्वामीका हे. यह पार्श्वनाथजीकी प्रतिमाजी १५४५ की है. विगरफणकी वडी चमत्कारी है. सं. १९५५ की सालमें वडा भारी चमत्कार हुवा के यह प्रतिमाजीकी नासका खंडत होनेसे एक तर्फ अपुजा करके कोई वक्त विगदिये थे वो संवत् १९५६ की सालमें भादरवा सुदि ८ रातको आधी रातके समय मंदर बंध था सो एकदम खुलगया ओर बाजेगाजे ओर नृत्यगान होते हुवे वो प्रतिमाजी आकर मुल नायक दुसरे प्रतिमाजी सो दोनो तर्फ हट गए ओर ये बीचमे विराजमान होगए ओर नासीकाभी ठीक होगई. ये चमत्कार वहाके लोगोंके बोहत अछा तरहसे देखा. अवभी उस मंदरमे चमत्कार अछा है उसी मंदरमे एक दिगम्बर प्रतिमा खडे कायसग पुरानी शामरंगकी हाथ ३५ आसरेकी ऊंची रखी हुई है जरासी नासिका खंडत है इस गाममे पहलेके पुराने मंदरोंके पथ्थर मकानोमे सडकमे घरोंमे ओटलोंमे कबरोंमे ओर अन्यान्य सर्व स्थलमे लगे हुवे है कोरणीदार कितनेक मुरतीसमेतभी है. ओर जमीनमे खोदनेसे वोही पथ्थर निकलता है मंदरके अंदरकी इंद्राणीके पथ्थर और गिजकके इन्दर पद्मावती वगेराके निकले है इस सहरसे बाहर एक पुरानी जैन मंदर है जिसमे अबूजीके मंदर जैसी कोरण हुई है वडाभारी मंदर है अभी उस मंदरमे विश्नवोने महादेव बेठा रखा है उसमे एक पद्मावतीजी मुरती भगवान सहित हाथ २॥ ऊंची श्याम पाशानकी रखी हुई है ऊसपर वे खडे है जिसकी नकल मे लाया हुं सो इस चिठीके साथ आपके देखनेको भेजा है. लोग यह जगेको तुरंगा नगरी होना बताते है. इस गाममे श्रावकके घर २०० आशरे है मे ता० २७ को वहा पोंहचा लोगोसे बातचीत की और उनके ध्यानमे डिरेक्टरी करनाज चाया ऊसरोज वहांपर एके ओश्वालके नुक्ता था जिसमे तमाम पर्गनेके लोग जीमनेको आयेथे जो उनकोभी समझाया पण उस पर्गनेका कोईभी कोनफ्रेन्सको नही जान्ता है इस बजेसे कितनेक अछे २ लोगोकी प्रेरणाथी सभा की गई ता० २८ को सुभे १० वजे ओर श्रावकके करतव्योपर तथा कुलाचारपर सुधारनेपर तथा मूर्तिपूजापर तथा अच्छी स्थिति केसे आवे. त्था कन्याविक्रय बाल लग्नादिपर त्था कोनफ्रेन्स क्या है इस विषयपर ठीक २॥ घंटेतक भाषण दिया ओर लोगोका दिल रंज किया जिसपर कन्याविक्रयादिका ठेराव करना निश्चय कियागया लोगोने पूजादर्शनोका नियम किया ओर सर्व चोखरेवाले ने कोनफ्रेन्समे प्रतिगाम दो दो चार चार आदमीको आनेके वास्ते मुझसे कहे के हम जरुर आवेगे इस माफिक बातचीत होकर करीब १ वजे सभा विसरजन हुई फिर वहांपर *वकील नाथाजी मादिया करके है, वो मुझे मिले ओर डिरेक्टरी संबंधी* बातचित हुई ओर

मेरी निगाहमे आदमि अछा ओर खैतिला नजरमे आया तो इस परगनेकी डिरेक्टरीके वास्ते ऊनोको समझा बुझाकर बडनगर ईन्दोर धार रूतीजा चारो ईलकेके गामोकी डिरेक्टरी ईनके सुपर्द करी ईनोने ईस कुल काममे रु. २०) का फायदा अपनी तर्फसे चाहि तो अपने घरमे रु. १५०) का फायदा होते दसबीस रुपये लगे तो ठीक समझकर मंजूरि ओर रु. १०) रोकडेभी दिये वहाके पंचोको सामलातसे अपनेको ईन ६० गामोका डिरेक्टरीमे ३ महीने लगते जिसमे रु. १००) तो तनखाके किराया वगेरा खर्च ५०) रुपे जुमला रु. १५०) निश्चय लगते सो फायदा होगया ओर हमे ३ महीनेमे करणाते ओर वो १ महीनेमे तइयार करके भेजदेगा.

**लक्ष्मीचंदजी घीया.**

---

## मुनि विहारफल.

मुनि महाराज श्री मोहनलालजी के शिष्य राजमुनिजी, रत्नमुनिजी, लब्धिमुनिजी, नयानगर ( व्यावर ) से विहार करके मारवाड देशमे नीवाज नामी ग्राममे आये वहांपर श्री पार्श्वनाथ स्वामी की प्रतिमाजी ५० वर्ष से दुकानोमे रखे हये थे अपुज रहेते थे सो उपदेश देकर श्री मंदिरजी मे पधराइ और पुजा शुरु कराइ वहांसे विहार करके जेतारण गये वहांपो तपगच्छके उपाश्रयमे २ प्रतिमाजीयो ओर २ दादाजीके देरासरमे बिराजमान करा पूजाका प्रबंध करादिया वहांसे बोजाडे होकर भावी गये वहांपर ढुंढक लोग देरासर मे उतरते थे जिसबारेमे महाजन लोगोको कहण करी तो ढुंढको के श्रावकोने देरासरमे किसीको नहीं उतरने बाबत कबुल किया वहांसे नागोर गये ओर नागोर के पास रोहणी गाम है वहांके लोगोको उपदेश दिया सो श्री सिद्धाचलजीको जात्रा कोइ जणोने जात्राकी ओर सं. १९६३ मे चतुर्मासा कुचेरामे किया वहांपर कालुराम आसकरण नहार अच्छा सद्गृहस्थहै और बडे छोटे २५ लोग लुगाइयोका समुदाय था जो सब ढुंढक मत मे थे सो ढुंढक मत छोडकर जैन धर्म स्वीकार किया पजुसणजी मे प्रभावना करी पुजा देरासरजी मे करवाइ और कार्तिक वदि ६ का स्वामिवत्सल करा कुचेरासे विहार करके खजवाण आये वहांभी जेठमलजी चोरडियाको ढुंढक मत छोडकर जैन धर्म स्वीकार कराया ओर ८ नव जणीको मुहपति तोडाकर श्रावीका करी—

मारवाड प्रगने सोजत स्टेशन चंडावलसे एक माइल गांव मुरडावमे भगवत पार्श्वनाथ स्वामीका मंदिर हे जहां गइ साल मंदिरका जीर्णोद्धार होकर प्रतिष्ठा हुइ उसी मिती मग-

सर सुदी १२–१३ को वर्ष गांठका मेला हुवा जिस्मे करीब ४००० जात्री इकठे हुये मंदिरमे उपज यानी आमदनी रुपया ९०० के करीब हुइ सुप्रसिद्ध मुनि मोहनलालजी महाराज के शिष्य श्री कांतिमुनिजी महाराज व राजमुनिजी महाराज ४ ठाणे इस उत्सव पर वहां पधारे ओर धर्मोपदेश हुवा इन मुनिराजो के विचरनेसे मारवाड के कइ ग्रामोमें बहुत लाभ पहुंचा सोजत प्रगने के गांव वासना, जिस्मे मंदिर बनाहुवा है वहां के श्रावकोकी जबानी जबसे मुरडावे मेळेके उत्सव पर गया तब मालुम हुवाकि सिर्फ प्रतिमाजी विराजमान करनेमे करीब १००) रुपयेका खर्च है सो मेरी रायमे इस्मे कोन्फरन्स मदद देवे तो श्री प्रतिमाजी महाराज विराजमान होकर आसातना मिटे क्योंकि वहांके श्रावक अब रुपया लगानेमे असमर्थहै—

गांव धाकडी प्रगने सोजत के ओसवाल भाइयो से मुरडाव मिला वहांपर भी मंदिर बना हुवाहै प्रतिष्ठा कइ कारणोसे नहीं हुइ इसके वास्ते उनको ताकीद की गइ तो उन्होने आषाड महीने पहले प्रतिष्ठा करदेनेका भंडारी चनण चंदजी के रुबरु इकरार किया.

## मी. हीरालालजी सुराणाका प्रवास.

गांव चंडावळ प्रगने सोजतके पंचोसेभी श्रीमान मुनि महाराजकी सहायतासे मंदिरकी प्रतिष्ठाका मोहरत दिखलाकर प्रतिष्ठा करवा देनेका इकरार कराया गया.

इन्सपेक्टर हीरालालजीका मये मातहत अहलकारों के डायरेक्टरीका कामवास्ते जालोर इलाके मारवाडमें जाना हुवा यहांपर उन्होंने डायरेक्टरी करने पश्चात् तारीख ३ डिसम्बर सन हालको श्रावक समुदायको इकठे कर सभा की जिस्मे विद्योन्नति, ऐक्यता, व बाल वृद्ध लग्न निषेध वगैरह विषय पर भाषण दिया सभामे हाकिम साहब जालोर सहित अनुमान ७०० मनुष्य उपस्थित हुवे थे, जिन्में कई अन्य धर्मावलम्बी महाशयगण भी थे, हाकिम साहब जालोर अन्य धर्म होनेपरभी ऐसे उत्तम कामोकी लागणी करते है बाद भाषणकी कार्यवाही होने के उक्त इन्सपेक्टर महाशयने जालोरके श्री संघको कानफ्रेन्सकी तरफसे सभा मुकर्रिर करनेकी प्रार्थना की जिस्को जालोरके श्री संघने कृपा करके स्वीकारी ओर ( श्री जैन श्वेताम्बर सुधर्मोपदेशदायी सभा जालोर ) इस नामसे स्थापित की इस कार्यमें महता कुशळराजजी जोधपुर निवासीने जो धर्मके उद्योगी है पुरी २ कोशीशकी सभाके कार्य कर्त्ता नीचे लखे माफिक महाशय चुने गये, श्रीयुत रामदेव अचलदासजी हाकिम साहब जालोर पेट्रन श्रीयुत कांकरियां रिखबदासजी सभापति, सोलंकी पृथिराजजी उपस

भापति, महता सलेराजजी मंत्री महता हरकचंदजी उपमंत्री सराफ बैजनाथजी कोशाध्यक्ष सा. वनराजमलजी लायब्रेरियन इस्के कयगवा सभासद इस माफिक कोठारी जसवंतराजजी शेठ अगरचंदजी मोदी दीपसीजी बोरा पेमचंदजी महता गोमूरामजी चोधरी धनराजजी हमीरमलजी महता हीरानंदजी सोनमलजी चुनीलाल घोडा दासफावाला महता जसवंतराजजी लूनिया छोटमलजी गांधी टीकमदासजी हेमराजजी महता समरथराजजी उम्मेदमलजी महता हिम्मतलालजी शा चोथमलजी भंडारी जीवंतराजजी सुराणा हेमचंदजी बेजनीमलजी मुहणोत गणेशराजजी ता, विरधीचंदजी अचळदासजी.

यहांपर नींबोरा दरवाजा बाहिर श्री रिषभदेवजी महाराजका मंदिर है जिस्मे पहले राजके सवार सिपाई वगरे उतरकर पूरी आसातना करतेथे जिस्के बाबत गुंफा पुनमचंदजी व पश्चात जालोरने महको खास राज जोधपुरमे दरखास्त की उसपर इस्तिहार बाबत मंदिरमें कोईभी नही उतरनेके ता. २१ दिसम्बर सन १९०६ इस्वीको कचहरी जालोरसे जारी हुवा के जिस्मे अब कोई नही उतरते है.

इस जालोर मे जो इस वक्त तोपखानेके नामसे स्थान पहचाना जाता है. वह महावीरजीका मंदिर है १३२१ की साल मगसर सुदी १ भट्टारकजी गुरु प्रतिष्ठा कराने वाले थे. यह स्थान बहुतही सुन्दर ओर कोरनी नामी है. लाखो रुपये लगे हैं इसमे राजने विरान पडनेके कारण सिपाईयोंको रखछोडे हैं इस्के नीचे हमारी जैनियोंकी विरासन पानी जिनबिम्ब आदि होनेका अनुभव है.

सोलंकी पृथिराजजी उपसभापति.

महेता सलेरामजी.

# ધાર્મીક હીસાબ તપાસણી ખાતું.

## શ્રી બદરખા મધ્યે આવેલા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજજીના દેરાસરજી તથા શ્રી કુતરા ખાતા તથા શ્રી પરબડી ખાતાઓનો રીપોર્ટ.

શ્રી બદરખા મધ્યે આવેલા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજજીના દેરાસરજી તથા શ્રી કુતરા ખાતા તથા શ્રી પરબડી ખાતાઓના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા. ભીખાભાઇ ધરમચંદ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ અમે તપાસ્યો છે તે જોતાં વહીવટ કર્તાએ અસલની રૂઢી મુજબના મુ રાખી વહીવટ નીખાલસ દીલથી ચલાવેલો જોવામાં આવે છે.

અહીં મુનિમહારાજોનું આગમન તેમજ જૈન ગ્રહસ્થો સુજ્ઞને સારી સ્થિતિના હોવા છતાં દેરાસરજીને લગતો પૂજનના સામાનનો ખર્ચ (થોડા લાગાના લીધે બાકીનો) ભંડારની ઉપજમાંથી કરવામાં આવે છે. આ ખાતાના વહીવટ કર્તા શા. ભીખાભાઇ ધરમચંદ વહીવટની તેમજ દરેક ખાતાઓની પૂરેપૂરી દેખરેખ રાખે છે ને દિન પ્રતિદિન સુધારો વધારો કરવા પ્રયત્ન કરે છે પણ જૈન ગ્રહસ્થોનો એક સંપ નહિ હોવાથી કાંઇ પણ બની આવતું નથી તે ઉપરથી તા. ૨-૧૨-૦૬ ની રાત્રે સંઘ સમસ્ત એકત્ર કરી કુસંપથી થતા ગેરફાયદા તથા હિંસામય ચીજો નહિ વાપરવા બાબત ભાષણ કરવામાં આવતાં એક જૈન ગૃહસ્થ શા. ફુલચંદ ભીખાભાઇએ પરદેશી ખાંડ નહિ વાપરવા નકી કરવામાં આવેલ છે ને કેસર સુખડ તથા પૂજનને લગતા સામાનનો જે વાર્ષિક ખર્ચ થાય છે તેના પ્રમાણમાં લાગાનો ઠરાવ કરી સંઘના આગેવાનોની સહીઓ લેવામાં આવેલ છે.

## શ્રી ગામ કાસંદરા મધ્યે આવેલા શ્રી સુમતિનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ.

શ્રી કાસંદરા મધ્યે આવેલા શ્રી સુમતિનાથજી મહારાજજીના દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા સા. ડાયાભાઈ મુળચંદ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આશોવદી ૦)) સુધીનો અમોએ હીસાબ તપાસ્યો છે તે જોતાં વહીવટ કર્ત્તાએ નામુ અસલની રૂઢીએ રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે અને દિન પ્રતિદિન દેરાસરજી તથા વહીવટનો સુધારો કરતા જાય છે તે માટે વહીવટ કર્તાને પુરો ધન્યવાદ ઘટે છે.

## શ્રી કાસંદરા મધ્યે આવેલા શ્રી પરબડી તથા શ્રી સદાવ્રત ખાતાનો રીપોર્ટ.

શ્રી કાસંદરા મધ્યે આવેલા સદર ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા. તારાચંદ દામોદર હસ્તકનો શ્રી પરબડી ખાતાનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના

આશોવદી ૦)) તથા સદાવ્રત ખાતું સં. ૧૯૬૨ માં ચાલુ કરવામાં આવેલ તેનું સં. ૧૯૬૨ ના આશોવદી ૦)) સુધીનો હીસાબ અમે તપાસ્યો છે તે જોતાં વહીવટનું નામું અસલની રૂઢી મુજબ ઠામ ખાતાવહી ચોપડામાં રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે અને દિન પ્રતિદિન ખાતાનો સુધારો કરતા જાય છે માટે ધન્વાદ ઘટે છે.

## ગામ પીસાવાડા તાબે ધોળકા જીલા અમદાવાદ મધે આવેલા શ્રી સુવિધિનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ.

સદર ગામ મધે આવેલા શ્રી સુવિધિનાથજી મહારાજજીના દેરાસરજીના હાલના વહીવટ કર્તા શા. ચુનીલાલ મુળચંદ તથા ભાવસાર કકલદાસ રામજી હસ્તકનો અમોએ હીસાબ તપાસ્યો છે તે જોતાં વહીવટનું નામું પ્રથમના વહીવટ કર્તા પાસેથી ચોપડા નહિ મલવાથી હીસાબ કલ્પિત ઉભો કરી લોકો પાસે સં. ૧૯૬૨ માં બાકી કઢાવેલ છે તે તથા સં. ૧૯૬૨ નો હીસાબ જોવામાં આવેલ છે નામું અસલની રૂઢી મુજબ રાખી વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવે છે.

પુજનના ખરચ માટે જમીનની ઉપજ આવે છે એટલે અડચણ જેવું નથી.

આ દેરાસરજી નંબર ૧ ના વહીવટ કર્તાના વડવા શા. લખમીચંદ તથા હીરાચંદ કરશને સં. ૧૮૯૩ માં બાંધી સં. ૧૮૯૭ માં પ્રતિષ્ઠા કરી પોતાની દેખરેખ થી શ્રી સંઘની વતી શા. મગનલાલ બાપાલાલ તથા કંકુચંદ રાયચંદને વહીવટ સોપેલ ને ખર્ચ ત્રણ ગૃહસ્થો ભાગે પડતું આપતા સં. ૧૯૧૬ માં ત્રણે વહીવટ કર્તા નજદીકના ગામમાં રહેવા જતાં ઉપજ ખર્ચનો વાર્ષિક હીસાબ શા. કકલદાસ ઊમેદભાઈને રાખવાને સુપ્રત કરવામાં આવેલ ને સાલ આખરે હીસાબ લઇ પોતે જુદા ચોપડા રાખી વહીવટનું નામુ રાખતા દિન પ્રતિદિન બંને વસ્તા જૈન ગૃહસ્થોમાં કુટુંબ પરીવાર કમી થતો જોઈ સં. ૧૯૩૬ ની સાલમાં રૂ ૪૯૯ માં નંબર એકના વડવા શા. લખમીચંદે બારખલી અઘાટ દસ્તાવેજથી જમીન ખરીદી દેરાસરજીના પુજનનો ખર્ચ નીભાવવામાં આપી તેનો વહીવટ પ્રથમના વહીવટ કર્તાને સોપેલ તે સં. ૧૯૫૬ ની સાલ સુધી ચલાવેલ પણ પડતા દુકાળે તેઓ સાહેબ અમદાવાદ રહેવાના હોઇ નંબર ૧ ના વહીવટ કર્તાને કાંઈપણ વહીવટમાં માહીતગાર કર્યાવિના એક ચોપડો તથા એક દસ્તાવેજનું પોટકુ બારણામાં મુકી ચાલ્યા ગયા નંબર એકના વહીવટ કર્તાએ ઘણી વખત સુચવ્યા છતાં કાંઇ પણ જવાબ આપતા નથી તેમ ચોપડાની અંદર કાંઈ હીસાબ નથી ને જુજ છે તે ઘણોજ ગોટા પડતો છે અદ્યાપિ સુધી જમીનની કાંઈ પણ જોઈએ તેવી ઉપજ આવતી નથી.

નંબર એકના વહીવટ કર્તા હાલથી થોડી મુદત થયા પોતાનો ચાલતો ઢુંઢીઆનો ધર્મ છોડી આપણી સાથે જોડાવાથી નંબર એકની ગેરહાજરીમાં પરેપુરી

દેખરેખ રાખે છે. નંબર એકના વહીવટ કર્તા પોતાના વડવાનું નામ સદાકાળ કાયમ રાખવા પોતાને મળતો હક તથા વેપાર કરવા જોઇતી મદદ આપી ગામમાં એક જૈન ગૃહસ્થ રાખવા પ્રયત્ન કરે છે ને વહીવટની તેમજ દેરાસરજી માટે જે લાગણી ધરાવતા જોવામાં આવે છે તે માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

## ગામ સરખેજ મધે આવેલા શ્રી વાસુપૂજ્ય સ્વામી મહારાજના દહેરાસરજીનો રીપોર્ટ.

ગામ સરખેજ મધે આવેલા સદર દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા. મગનલાલ ગુલાબચંદ, તથા શા. રતનચંદ રાઘવજી તથા શા. મુળચંદ દેવચંદ હસ્તકનો સંવત ૧૯૫૯ થી સં. ૧૯૬૨ સુધીનો હીસાબ અમે તપાસ્યો છે તે જોતાં વહીવટ કર્તાઓએ નામુ અસલની રૂઢી મુજબ રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે. આ ગામમાં મુનિમહારાજોનું આવાગમન વધારે છે, પણ ઉપાશ્રય પડી ગયેલ તેમજ સાધારણના મકાનો જીર્ણ હોવાથી સાધુ સાધ્વીજીને ઉતરવાની પુરી અડચણ પડે છે, તેમજ જૈન ગૃહસ્થોની જુજ વસ્તી હોવાથી હાલ જે લાગો છે તેથી વીશેષ થઇ શકે તેમ નથી, ને શ્રી દહેરાસરજીના ખર્ચમાં ટોટો આવે છે તે ઉપર શ્રીમંત જૈન ગૃહસ્થોનું ધ્યાન ખેંચીએ છીએ.

આ ખાતાના વહીવટ કર્તા શા. રતનચંદ રાઘવજીના ચિરંજીવી ભાઈ મણીલાલ દહેરાસરજી તથા ખાતાની પુરેપુરી દેખરેખ રાખે છે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ ખાતાનો વહીવટમાં શા. રતનચંદ રાઘવજી તથા તેમના ચીરંજીવી સીવાય બીજા બે વહીવટ કર્તા ગૃહસ્થો વહીવટ ઉપર બરાબર ધ્યાન આપતા નથી તે બહુ દીલગીર થવા જેવું છે.

## ગામ બીડજના શ્રી વાસુપૂજ્ય સ્વામી મહારાજજીના દેરાસરનો રીપોર્ટ—

સદરહુ દેરાસરજીના સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ ઉમેદચંદ, પુલચંદ તથા શેઠ કેવળદાસ સુંદરજીના હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ તપાસ્યો તે જોતાં અત્રેના વહીવટ કરતા દેરાસરજીની કોઇ રીતે આશાતના ન થાય તેવી રીતે પુરેપુરી કાળજી રાખે છે તે જોઈ ઘણો આનંદ થાય છે દેરાસર ગામના પ્રમાણમાં ઘણું સરસ અને સુશોભિત છે.

આ દેરાસરમાં સં. ૧૯૬૨ ની શાલમાં તીજોરીમાંથી એક અમુક રકમ ઉપડી ગઇ છે તેની પુરેપુરી તપાસ થવાની ઘણીજ અગત્ય છે.

## ખોડાંઢોર કુતરાં પરબડી ખાતાનો રીપોર્ટ.—

સદરહુ ખાતાંના શ્રી સંઘ તરફથી વહીવટ કરતા શેઠ ઉમેદરામ કુલચંદ તથા શેઠ મોતીરામ પુલચંદના હસ્તકનો સં. ૧૯૫૯ થી ૧૯૬૨ ની સાલ સુધીનો હીસાબ તપાસ્યો તે જોતાં ખાતામાં કોઇ લાંબી મુડી જોવામાં આવતી નથી. તોપણ

ગામના પ્રમાણમાં રૂ. ૨૩૧) ની રકમ એકઠી થએલી તે રકમ દેરાસરની તીજોરીમાં મુકવામાં આવતી હતી. તે રકમ કોઇ અધર ઉપાડી લઇ ગયું છે તે આ ખાતાના અંગે કાંઇ પણ સીલીક નથી.

## ગામ માતર શ્રી (સાચા દેવ) સુમતિનાથ મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ

અમોએ સદર ખાતાનો હીસાબ સં. ૧૯૬૨ નો તપાસવાની શરૂઆત કરી પણ તે સીવાય બીજી બીજી સાલના ચોપડાઓ તથા મીલકત વહીવટ કર્તા શેઠ લલુભાઈ સુરચંદ શ્રી અમદાવાદ હોવાથી જોવાને મલી નહી શકવાથી વહીવટ કર્તા હાજર હોય ત્યારે બીજી વખત ઉપર જોવાનું રાખ્યું છે.

આ દેરાસરજીના વહીવટ કર્તા શ્રી અમદાવાદ રહેતા હોવાથી અત્રે દેરાસરજીમાં તથા તેના વહીવટમાં કેટલીક અવ્યવસ્થા રહે છે જેથી આવતા જાત્રાળુઓને પુરતી સગવડ નહી હોવાની જાત્રાળુઓ ફરીયાદ કરે છે. વહીવટ કર્તા ગ્રહસ્થ પોતાના તનમન અને ધનથી વહીવટ ચલાવે છે તે માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે અને આશા રાખીએ છીએ કે ઉપર જણાવેલી બાબત ઉપર પુરેપુરૂં ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે ખેડા તાબાના ગામ મહીજ મધે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરજીનો રિપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ ત્રીભોવનદાસ મોતીચંદ તથા શેઠ બાલાભાઈ પુરશોતમદાસના હસ્તકનો હીસાબ સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આશોવદી ૦)) સુધીનો અમોએ તપાસ્યો છે. તે જોતાં અત્રેના દેરાસરજીનું નામું અસલની રૂઢી પ્રમાણે રાખવામાં આવ્યું છે. પરંતુ બરોબર નામાની વ્યવસ્થા રાખવામાં આવી નથી.

દેરાસરના રૂપીઆ પ્રથમ સંઘમાં વ્યાજે ધીરવામાં આવેલા તેમાંના કેટલાએક આસામીઓ નરમ પડવાથી રૂપીઆ આપી શકયા નથી. માટે તેવી રીતે નાણાં ધીરવાનો રીવાજ બંધ પાડી જંગમ તથા સ્થાવર મીલકત ઉપર આપી વ્યાજ ઉપજાવવું જોઇએ.

આ ગામમાં જૈનોનાં ઘર ૧૫–૨૦ હોવા છતાં ઉપાશ્રયની જોગવાઇ બીલકુલ નથી તો તે થવી જોઈએ.

## ગામ મહીજ મધેના શ્રી ખોડાં ઢોર પરબડી તથા કુતરાંના રોટલા ખાતાનો રિપોર્ટ.

સદરહુ ગામના (ખોડાંઢોર, પરબડી કુતરાં) ખાતાનો હીસાબ વહીવટ કરતા શેઠ. મફતભાઈ દોલાભાઇ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસોવદી ૦)) સુધીનો તપાસ્યો છે તે જોતાં આખાતાના નામાની વ્યવસ્થા બરોબર રાખવામાં આવી નથી તેમ ઢોરની પણ બરોબર માવજત રાખવામાં આવતી નથી તેમાં સુધારો થવાની ખાસ જરૂર છે.

## જીલ્લે ખેડા તાબાના ગામ લાહાલી મધે શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કરતા શા. મગનલાલ મલુકચંદ તથા શા. મગનલાલ ધરમચંદના હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૨ના આશોવદી

૦)) સુધીનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં ગામમાં જૈનોનાં ઘર ફક્ત બેજ છે. છતાં અમારે નામુ તપાસવા બદલ ચાર દીવશ ખોટી થવું પડયું કારણ કે આઠ દશ વરસનું નામું દેરાસરજીના ચોપડામાં બીલકુલ લખવામાં આવ્યું નહોતું. આવી રીતે નામાની ઘણી અવ્યવસ્થા રહે છે.

અત્રે ( ખોડાંઢોર, કુતરાં પરબડી ) ખાતાનો હીસાબ છે. પરંતુ દેરાસરજીના હીસાબની માફક તૈયાર નહીં હોવાથી અમો અત્રે તપાસી શકયા નથી તો અમોએ તેમને તૈયાર કરવાની સુચના આપી છે.

## જીલ્લે ખેડા તાબાના ગામ કનીજ મધેના શ્રી સુવિધિનાથ મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ હીરાચંદ મલુકચંદ તરફથી શેઠ પ્રેમચંદ મનસુખભાઈ શેઠ કુબેર ભુખણદાસ અને શેઠ અમુલખ વીરચંદ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં હાલ આ ગામમાં જૈનોનાં ઘર ફક્ત પાંચજ છે. તેમ છતાં દેરાસરજીની દેખરેખ સારી રાખવામાં આવે છે. દેરાસરજી નાજુક અને ઘણું સુંદર છે. આ દેરાસરજીના બંધાવનારને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. કારણકે તેમને ગામના પ્રમાણમાં પુરતો વિચાર કરી જોઇએ તેવું દેરાસર બંધાવેલ છે તેમ વિસ્તાર પણ તેટલોજ રાખ્યો છે.

**શા. ચુનીલાલ નાનચંદ.**
ઓડીટર, જૈન કોન્ફરન્સ.

## पांचवीं श्री जैन श्वेताम्बर कोन्फरन्सके प्रमुख अजीमगंज निवासी राय बहादुर बाबू शिताबचंदजी नहार.

जैन शास्त्रोंमें ऐसा लेख मोजुद है कि तीर्थंकर भगवान "तीर्थ" को नमस्कार करते हैं. वहही उस चतुर्विधरुपी संघके तीर्थको स्थापन करने वाले होते हैं. इस संघके मुख्य दो भाग हैं:—साधु सम्प्रदाय और श्रावक वर्ग–साधु मंडलोंको छोडकर इस श्रावक मंडलके माननेते प्रमुखके पदाधिकारी होनेकी बडी भारी इजत पूर्ण पुन्यवानकोंही मिलती है. लाखों श्रावक श्राविकाओंका नायक होना शुभ कर्मोंके उदयसेही हो सकता है. जैसे अभवि जीव श्री सिद्धक्षेत्रकी यात्रा नहीं कर सकता है वैसेही कमनसीब मनुष्य इस महासभाका सभापति नहीं हो सकता है, प्रथम कोनफरन्स जो श्री फलोधी तीर्थपर हुईथी उसके प्रमुख जोधपुर निवासी महता बखतावरमलजीके वास्ते "जैन विजय" ने यद्यपी यह आक्षेप किया है कि उनके कुटुम्बके बडे छोटे हणूमान वगरह मिथ्यात्वि देवोंके दरशण करते हैं—हम नहीं कह सकते हैं कि यह आक्षेप कहांतक ठीक है—तो भी जिस किसीने उक्त महताजीसे मुलाकात की है वह कह सकता है कि उनको कुलाम्नाय जैनधर्मकी हो या न हो उनको बचपनमें जैनधर्मकी शिक्षा मिली हो या न मिली हो, इस समय उनके खयालात और जैन समाजकी उन्नतिके लिये सची लागणी सराहने लायक है. "श्री फलोधी तीर्थोन्नत्ति सभा" के पैटरन तरीके श्री फलोधी तीर्थपर उनका पूरा विश्वास है और जो आठ दस हजार रुपयोंका चंदा होकर फलोधीमें यात्रियोंके वास्ते नये मकान बने हैं उनमे मूल कारण

हमारी सभाके प्रथम प्रसीडेंट हे, दूसरी बम्बईकी कोनफरेन्सके सभापति कलकत्ता निवासी राय बद्रीदासजी मुकीम बहादुरका—कि जिनकी जैनधर्मकी लागणी और इस समाजकी सामाजिक और धार्मिक उन्नतिके तरफ अथाग कोशिश और महनत सबको अच्छी तरह मालूम हे—इस जगह हकीकत लिखना सूर्यके प्रकाशको दीपकके प्रकाशके मुवाफिक दिखलाना हे. तीसरी कोनफरन्सके प्रमुख मुर्शिदाबाद निवासी राय बाबू बुद्धिसिहजी दुधेडीया बहादुर धर्मधुरन्धर हे. और कई जगह यात्रियोके आरामके वास्ते उनकी तरफसे धर्मशालायें वगरह बनवाइ गइ हे पाटनकी चोथी महा सभाके प्रमुख बम्बइ निवासी शेठ वीरचंदजी दीपचंदजी सी. आइ. इ. जे. पी. की दयालुता और धर्मज्ञता सबको मालुम हे.इन्होने और इनकी सोभाग्यवति पत्नीने तन मन धनसे कोशिश करके श्री यशोविजय जैन पाठशाळा, बनारसको तरक्कीदीहै और धर्म कृत्यमें लाखो रुपये खर्च कियेहे इनचारों प्रेसिडेंटोके धर्म कृत्यो पर नजर डालनेसे यहही मालुम होताहे कि इनकी पूर्ण पुन्याइके कारण कुल जैन संघने इनको अपना नायक बनाकर इनको अथाग इज्जत और आबरु बक्षीहै.

अमदाबादकी कोन्फरन्सके लिये प्रमुख के चुननेमें वहांकी स्वागत कमिटीको बडी भारी दिक्कत पडी. कलकत्ता निवासी बाबू माधोलालजीने, कि जिनको पहिलेपसंद कियाथा, किसी मुकदमेके सबबसे, प्रमुख पद धारण करनेकी दरखुवास्तको नामंजुर किया स्वागत कमिटीमें इस इनकारकी वजहसे खलबलाट मचा और चारों तरफ उनकी दृष्टि दोडने लगी आखिर कार उन्होंने अजीमगंज निवासी राय बाबु शितावचंदजी नहार बहादुरसे प्रार्थना की तो उक्त बाबु साहबने अपने पाक और साफ दिलसे केवल संघ भक्तिकी गरजसे उस दरखुवास्तको स्विकार किया. यद्यपी हमारे प्रमुख साहब के बाबत हमारे सहचारीयोने मुख्तलिक ख्यालात प्रगट कियेहे—क्योंकि लेखक के खयालात के मुवाफिक लेख होताहे—तोभी हमचाहतेहैकि हमारे पाठक गण उस तरफ उक्त बाबु साहबसे वाकिफ होजावे कि जिनकी वजहसे हमने उनको अपना नायक बनाना पसंद कियाहे हम भली भांति कहसकतेहे कि गत दुसरी तीसरी महा सभाओंके प्रसिडेंट बंगालके तरफके होनेसे उनकी नजीर लेकर हमने मिस्टर नहारको अपना प्रमुख नही कियाहे; उनको वृद्धावस्थाके कारण उनको प्रमुख नही कियाहे जैसे दुसरी, तीसरी महा सभाके प्रमुख रायबहादुर थे उन्हीकी नजीरपर रायबहादुर नहारको रायबहादुर होनेके कारण प्रमुख नही कियाहे; पिता रायबहादुर होते हुवे उनके जेष्ट पुत्रके रायबहादुरीकी इज्जत पाने की वजहसे हमने उनको प्रमुख नही कियाहे; जियादा सनतान होनेकी वजहसे हमने उनको प्रमुख नही कियाहे उनको जेष्ठ पुत्रको उन्होने युरोपियनोसे तालीम दिलवाइ इस कारण उनको यह मान नही दियाहे उनके दुसरे और चोथे पुत्रके ग्रेज्युएट होनेके कारण उनको यह इज्जत नही दी गइहै; उनके या उनके पुत्रके आनरेरी माजिस्ट्रेट होनेकी वजहसे हमने अपनी समाजका इनसाफ उनके हाथमें नही दियाहे; उनके जेष्ट पुत्रके म्युनीसीपेलटीके चेयरमेन होनेकी वजहसे हमने अपनी समाजकी सफाइका काम उनके हस्तगत नही कियाहे; छोटे बडे लाटोकी स्वागत वगरहमें प्रवीण होनेके कारणसे हमने अपनी कोमकी स्वागतका लाटोकी स्वागतका अधिकारी उनको नही कियाहे उनके जगत शेठसे कइ पीढीयोसे सम्बन्धचले आनेकी वजहसे हमने जगत जैनसमाजका सम्बन्ध उनसे नही कियाहे; उनके नया मन्दिर बनवानेकी वजहसे हमने अपने जैन समाजके मंदिरको उनके सिपुर्द नही कियाहे; उनके बडे भारी जमादार, सरदार, रइस होनेकी वजहसे हमने अपने महासभाकी जमीनको साफ करके ठीक तोर पर काश्त करानेके लिये उनकी निगरानीमें नही दियाहे; हमने उनके प्रमारवंशी क्षत्रि होनेके वजहसे हमारी समाजका मुहाफिज उनको मुकर्रर नही कियाहे; हमने उनके बुजुर्ग प्रेमरावजीके चक्रवर्तिका पद धारण करने या गढ खवाजमें राज्य करनेकी वजहसे इनको अपनी समाजका

राजा नही बनायाहै; हमने उनके नहार, शेर या भगेरा होने के कारण हमारे समाज के छेली, बकरी, लरडीको उनके अरपण नही कियाहै; उनके आइना महलमें रहनेसे हमने उनको अपनी समाजका आइना, शीशीया काच नही बनायाहै; उक्त बाबु साहबके गायन कलामें प्रविण होनेकी वजहसे हमने अपनी समाजके सितारका नार या खुंटी उनके हाथमें नही दीहै; उक्त बाबु साहबके कइ धर्म पुस्तके और स्तवनावलियोंके बनानेकी वजहसे हमने उनके हाथमें अपने समाजकी स्तवना नही दीहै; हमने अपनी समाजकी अथाग दोलत उनके सिपुर्द इस खयालसे नही कीहै कि उन्होंने अपने घरसे करीब ३५०००) रुपये सडकोंके बनानेमें, कुंवे, तालावों के खुदवाने और बनवानेमें, ख्याल तमाशो में, बडे बडे आदमीयोंकी स्वागतमें या पे डेंस पेश करनेमें खर्च करदीहै; हमने अपने संघरुपी तीर्थकी यात्रा करनेको उनको इस गरज नही न्योताहै कि उन्होंने कइ वार तीर्थ यात्रा कीहै.

हमने मुर्शिदावाद अजीमगंज निवासी राय बहादुर बाबु शिताबचंदजी नहारको अपनी अहमदावादकी पांचवी कोनफरेन्सका प्रमुख इस वजहसे बनाया हैकि वह दिलके साफ ओर सादा मिजाज है, धर्ममें द्रढ हैं, वैभवके होते हुवे घमंड और मगरुर उनके पले नहिं बंधाहै संघकी भक्तिमें चुस्त और कमर बांधे हुवेहै, अपनी गोद लेनेवाली माताके फरमानदार ओर सुशील पुत्रहै; जिनके हृदयमें दयाद्रढ होकर बैठी हुइहै जिनोनें दया लाकर अपने काश्तकारोंको कहतके वक्त हासल माफ कियाहै, जिन्होंने कहतके वक्त भूखसे मरते हुवे मनुष्योंका यथा शक्ति मदद देकर मर्णांत कष्टसे बचाकर अपने अशुभ कर्मोको खपायाहै; जिन्होंने हमदर्दीके साथ बीमार आदमीयोंके लिये औषदालय खोलाहै; जिन्होंने आमरिआयाके कामके लिये अेक हाल अर्पण कियाहै; जिन्होंने विद्यादान को अपना मुख्य काम समझाहै; उक्त बाबु साहबने उपर लिखे हुवे कामोंमें करीब सवा लाख रुपयोंके खर्च करके अपने जीवणको सफल कियाहै हमने अपनी महासभाका काम अबकी दफे अैसे सज्जन श्रावकके हाथमें दियाहै कि जो मानकी अभिलाषा न रखते हुवे अपने खरे अन्तः करणसे जैन समाजकी उन्नति चाहनेवालाहै और हमको उम्मीद पडतीहै कि अगर अमदावाद निवासी जैनी सेठ साहुकार जैन समाजकी उन्नतिके वास्ते किसी अपूर्व काम करनेपर कमर बांधेंगे तो हमारे प्रमुखभी किसी तरफ न्यून नहीं उतरेंगे हमचाहतेहैं कि उक्त नगरकी महीमांके मुवाफिकही कोइ कार्य आयंदा सभामें अैसा हेकि जिसको हमारी समाज हमेशा याद रखे.

अन्तमें हम आशा करतेहै कि हमारे प्रमुख गत प्रथम तीन सभाओ के प्रमुखो की जैसे सिर्फ इस महासभामेंही शामिल होकर आयंदा हरगिज गैरहाजिर नही रहेंगे बलिक आयंदा सभाओमेंभी पधार कर सभाको सुशोभित करेंगे.

## કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ.

| નિરાશ્રત ખાતું. | | પુસ્તકોદ્ધાર ખાતું:--- | |
|---|---|---|---|
| રૂ. ૨૦૦-૦-૦ | પાલીતાણા બાળાશ્રિમને ચૈત્રથી માગશરસુધી માસ ૮ ના. | ૧-૧-૦ | એક રેલ્વે પારસલ પાલીતાણે કર્યું તેના. |
| ૩-૧૨-૦ | અમદાવાદના ૧ જૈનને ત્યાંની ટીકેટ અપાવી. | ૭૫-૦-૦ | મી. રવજી દેવરાજને પગારના |
| ૩-૦-૦ | લીમડી તાબે ચોકના ૧ જૈનને ટીકેટ અપાવી. | ૧૨૦-૦-૦ | તુકારામ હનુમંતરાવને પગાર માસ ૩ નો. |
| ૭-૬-૦ | ગુજરાનવાળાના ૧ જૈનને વીશી. | ૧૦-૧૦-૯ | તુકારામને અમદાવાદ ભંડારની ટીપ માટે મોકલ્યા |

૮-૪-૦ બાર જૈનને ભોજન ખર્ચ.
૫૦-૦-૦ મેવાડ નિરાશ્રિત જૈનો માટે મોકલ્યા.
૮-૨-૦ નિંગાળાના ૩ વિદ્યાર્થિને સ્કોલરશિપ.
૮-૨-૦ નિંગાળાના ૧ જૈનને.
૨૦૦-૦-૦ વડોદરા બાળાશ્રમને મોકલ્યા.
૧૩૫-૦-૦ લાગબાગ જૈન બોર્ડીંગના ઓનરરી સેક્રેટરીને ચાલુ હિસાબ પેટે.

૬૨૩-૧૦-૦

કેળવણી ખાતું:—
૬૦-૦-૦ જૈન શ્રેયસ્કર મંડળને મેસાણે ૨ માસના મોકલ્યા.
૫-૦-૦ ઇંગ્રેજી ત્રીજા ધોરણના એક વિદ્યાર્થિને સ્કોલરશીપ.
૫-૦-૦ ગુજરાતી પાંચમી ચોપડીની એક સ્ત્રીને સ્કોલરશીપ.

૭૦-૦-૦

કોન્ફરન્સ હેરલ્ડ ખાતું:— લવાજમનારૂ.
૨૧૮-૧૧-૦ આવ્યા છે.
૨૯-૯-૩ ટપાલ ખર્ચ.
૧૧૭-૮-૦ પત્ર વ્યવહાર ખર્ચ.
૨૪-૦ પરચુરણ.
પત્રવ્યવહાર કારકુનને પગાર.
ત્યારે ખર્ચ.

૨૦૬-૧૧-૯

મંદિરોદ્ધાર ખાતું:—
૧૦૦-૦-૦ મેવાડના જીર્ણોદ્ધાર માટે શા લલુભાઇ જેચંદને.
૩૫-૦-૦ ધ્રાંગધ્રાં તાબે સીતાપુરના દેરાસરની ટીપમાં.

૧૩૫-૦-૦

કોન્ફરન્સ નિભાવ ફંડ:—
૭૫-૦-૦ સેક્રેટરીના પગારના.
૩-૧૧-૦ પટાવાળાને દિન ૧૦ ના પગારના.

૭૮-૧૧-૦

ડીરેકટરી ખાતું:—
૫-૭-૬ પોસ્ટ ખર્ચ.
૩-૬-૦ પાર્સલ ખર્ચ.
૩૦૩-૦-૦ અજમેર ઓફીસ ખાતે ખર્ચ
૧૫-૩-૦ થરાદ તાલુકાની ડીરેકટરી માટે ખર્ચના.
૨૦-૪-૦ લાહોર ઓફીસ ખાતે ખર્ચ.
૮૨-૧૩-૦ જણ પાંચને પગારના.

૪૩૦-૧-૬

ડીરેકટરી ખાતા તરફથી થયેલું કામકાજ:—
કાઠીઆવાડ, ગુજરાત, કચ્છ, મલબાર, આફ્રીકા વિગેરેમાં જૈન લાઇબ્રેરીઓ, [illegible]ળા, સભાઓ વિગેરેનું લીસ્ટ બનાવી અમદાવાદ મોકલ્યું. તથા જે જે ગામોમાં [illegible]રન્સના ઠરાવોનો અમલ થયો છે, તેનું લીસ્ટ કરી મોકલ્યું.
આજ સુધીમાં કોન્ફરન્સ ઓફીસ ડીરેકટરી તૈયાર થઇને આવી ગયેલાં ૩૬૫૦ [illegible]ની એક ફેરીસ્ત બનાવી.

આગમોદ્ધારક ... ગ્રંથ ભંડાર (stamp)

## પાટણ કોન્ફરન્સ વખતે ઉધાર ચીઠીઓથી જુદા જુદા ખાતાઓમાં મદદ કરનાર ગૃહસ્થોનું લીસ્ટ.

| નામ | ગામ | રૂપીઆ |
|---|---|---|
| શેઠ. મગનલાલ, છગનલાલ કંટ્રાકટર્સ | અમદાવાદ | ૨૦૦ |
| શેઠ. મોહનલાલ, મગનલાલ | મુંબાઇ | ૧૧ |
| શેઠ. પ્રાણજીવનદાસ કપુરચંદ. | રાંદેર | ૨૫ |
| બાઇ ચંચળ તે મહેતા મોતીલાલ. ખુશાલની દીકરી | ખેરાળુ | ૫૦ |
| મહેતા રૂપચંદ વેલજીભાઇ | ,, | ૩૧ |
| શેઠ માણેકલાલ ડાહ્યાભાઇ | રાંદેર | ૧૦ |
| શેઠ નથુભાઇ સાંકળચંદ | રાંતેજ | ૫ |
| ગાંધી કેશવલાલ પુરશોતમદાસ. | કડી | ૫ |
| બાઇ મણી તે શેઠ અમરચંદ નરસીની દીકરી | ખેરલાવ | ૫ |
| બાઇ મોતી તે શેઠ અમરચંદ નરસીંની પત્ની. | ,, | ૫ |
| શેઠ મુલચંદ જેઠીદાસ. | કટોસણ | ૧૫ |
| શેઠ ફતેચંદ વખતચંદ. | પુના | ૫૦ |
| શ્રી માંડળના ગચ્છના સંઘ તરફથી ઓધાભાઇ લક્ષ્મીચંદ. | માંડલ | ૧૫ |
| શ્રી વસોના સંઘ તરફથી. | વસો | ૩૦ |
| શેઠ મગનલાલ નરોતમદાસ. | પાટણ | ૧૦ |
| શેઠ નાથાલાલ મોતીચંદ. | અમદાવાદ | ૧૦ |
| શેઠ ચુનીલાલ ન્યાલચંદ. | પાટણ | ૨૫ |
| શ્રી પ્રતાપગઢના સંઘ તરફથી. | પ્રતાપગઢ | ૧૦૧ |
| શેઠ રાયચંદ મનરૂપજી. | નીતોડા | ૨૫ |
| બાઇ માનકોર શાહ ભુદરાજી લખાજીની. વિધવા. | ,, | ૨૫ |
| ×શેઠ લાડકચંદ વીરચંદ કામદાર. | કટોસણ | ૧૫ |
| શ્રી કાનમના સં[illegible] | કાનમ | ૨૫ |
| શેઠ દીપચંદ જેચંદ. | નાપાડ | ૨૦ |

| નામ | ગામ | રૂપીઆ |
|---|---|---|
| અમદાવાદની શાહપુર કુવાવાળી પોળના એક જૈન તરફથી હા. શા. પીતાંબર મગનલાલ. | અમદાવાદ | ૧૧ |
| મી. લાલનના એક મિત્ર તરફથી | | ૫૧ |
| શેઠ હકમચંદ લલ્લુભાઇ. | માંકણજ | ૨૦ |
| શેઠ ડાહ્યાભાઇ લલ્લુભાઇ. | વઢવાણ કામ્પ | ૧૦ |
| શેઠ તુલશીદાસ ઓઘડચરદાસ. | વઢવાણ કામ્પ | ૧૫ |
| શેઠ જીવણદાસ ધરમશી. | ,, | ૨ |
| શેઠ મોહનલાલ ગોવીંદજીની માતુશ્રી બાઇ સાકર તરફથી | ,, | ૫ |
| દોશી ડુંગરશી ભુરાભાઇ. | ,, | ૨ |
| શેઠ ઠાકરશીભાઇ લાલચંદ. | વઢવાણકાંપ | ૩ |
| ×લવણભાઇ કાશી રણછોડ | પાટણ | ૩ |
| શેઠ વાડીલાલ વરતાચંદ. | પાટણ | ૧૧ |
| શેઠ માનચંદ મોતીચંદ. | કુકવાવ | ૧ |
| શેઠ નાગરદાસ હરચંદ. | કુકવાવ | ૧ |
| +દોશી મગનલાલ જેરાજ. | સુદાગામ | ૨૫ |
| શેઠ કાશીદાસ સોમચંદ. | ગંભીરા | ૨૦ |
| શેઠ રાયચંદ, આશારામ. | ,, | ૪ |
| શેઠ આશારામ ફુલચંદ | ,, | ૫ |
| શેઠ ગોવરધનદાસ, અમુલખદાસ. | કલોલ | ૪ |
| શેઠ હીરાચંદ, ઘેલાભાઇ | પાટણ | ૧૦ |
| શેઠ મણીલાલ મગનલાલ. | ,, | ૭ |
| ×શેઠ મગનલાલ હાથીભાઇ. | વડનગર | ૨૫ |
| ×શેઠ રતનચંદ માનચંદ. | પાટણ | ૨૫ |
| શેઠ નાગરદાસ રામચંદ | ,, | ૫ |
| કોરડીઆ પ્રતાપચંદ દીપચંદ | રાધનપુર | ૩ |
| શેઠ હરીલાલ મુળચંદ. | અમદાવાદ | ૧ |

| | | |
|---|---|---|
| શેઠ પ્રાણજીવનદાસ પુરશોતમદાસ. | રાઇગામ | ૫૧ |
| શેઠ જેઠાભાઇ આશારામ. | માંકણુજ | ૫ |
| શેઠ મનસુખભાઇ ફુલચંદ. | ડાંગરવા | ૫ |
| ×શેઠ નાથાલાલ રૂપચંદ. | માંકણુજ | ૧૨ |
| શેઠ ભીખાભાઇ નાગરચંદ. | પાટણ | ૨૫ |
| ગુજરાત કોલેજ સ્ટુડંટ તરફથી | અમદાવાદ | ૧ |
| બાઇ મોતી | ,, | ૫૧ |
| શેઠ પુરશોતમ ઝવેરચંદ. | ,, | ૨૫ |
| શેઠ ડાહ્યાભાઇ દોલતચંદ. | ખેડા | ૫ |
| શેઠ જેઠાભાઇ કાળીદાસ. | અમદાવાદ | ૫ |
| મણીઆર મુળચંદ છગનલાલ | કડી | ૨ |
| શ્રી થરા ગામના ડેલીગેટો તરફથી | થરા | ૫ |
| શેઠ અમરચંદ નરસીદાસ. | ખેરલા | ૧૦ |
| શ્રી ઢુંડાવના સંઘ તરફથી | ઢુંડાવ | ૫૧ |
| શેઠ મલુકચંદ અનોપચંદ | મહુધા | ૨૦ |
| ડાક્ટર બાલાભાઇ મગનલાલ | વડોદરા | ૫૧ |
| શેઠ ઝવેરચંદ ઇંદ્રજીભાઇ. | માંગરોળ | ૪૦૦ |
| ×શેઠ નેમચંદ ભીમજીના શુભ ખાતામાંથી | | ૭૫ |
| શેઠ હીમતલાલ વ્રજલાલ. | દસાપુરા | ૮ |
| શેઠ મગનલાલ જેચંદભાઇ. | ,, | ૪ |
| મોદી ભાઇચંદ નાથાભાઇ. | ,, | ૪ |
| શેઠ મગનલાલ ડભોઇવાળા. | ,, | ૨ |
| શેઠ શીવલાલ જેચંદ. | ,, | ૩ |
| ઝવેરી નગીનદાસ લલ્લુભાઇ. | પાલણપુર | ૧૦૧ |
| શ્રી ગામ વીજાપુરના ડેલીગેટો તરફથી | વીજાપુર | ૨૭ |
| દેસાઇ લક્ષ્મીચંદ, ભવાનદાસ. | બોટાદ | ૫ |
| શેઠ ચુનીલાલ ન્યાલચંદ. | પાટણ | ૧૧ |
| ×શેઠ લલ્લુભાઇ મગનચંદ. | પાટણ | ૧૫ |
| શેઠ નેમચંદ મલુકચંદ. | ઉછદ | ૫ |
| શ્રી કીરતીચંદજી પાઠશાળા તરફથી | જાલોર | ૧૫ |

| | | |
|---|---|---|
| ×શેઠ મણીલાલ સુરજમલદાસ | પાલણપુર. | ૨ |
| ×શ્રી જ્ઞાનોદય સભા તરફથી | અમદાવાદ | ૧૦ |
| શેઠ મગનલાલ હાથીભાઇ. | મહેસાણા | ૧૦ |
| શેઠ હેમચંદ દેવચંદભાઇ. | પાટણ | ૨૫ |
| ×શેઠ ધનજીભાઇ મોરારજી | માંગરોળ | ૧૧ |
| શ્રી વસો ગામના વોલંટીઅરો તરફથી શેઠ મોહનલાલ નરોતમદાસ | વસો | ૮ |
| ×શેઠ દેવચંદ બહેચરદાસ. | પાટણ | ૫ |
| શેઠ રવચંદ, મુળચંદ. | કટોસણ | ૧૭ |
| ઝવેરી વીરચંદ ધરમચંદ | વીરમગામ | ૧૦૧ |
| કોઠારી રવજીભાઇ નાગરદાસ | રીઆના | ૬ |
| તલાટી સંપ્રીત શાંતિદાસ. | સમી | ૩ |
| શેઠ કસ્તુરચંદ કસળચંદ. | જામનગર | ૧૧ |
| શેઠ ખેતશીભાઇ શીરાજ. | ,, | ૫ |
| મહેતા ભાઇચંદ મુળચંદ. | ,, | ૨ |
| શેઠ હીરાચંદ સવજીભાઇ. | ,, | ૨ |
| શેઠ કેશવજી લાલચંદ. | વઢવાણ શેહેર | ૫ |
| દોશી સવચંદ જેઠાભાઇ. | ,, | ૫ |
| શેઠ ગોવનજી મકનજી. | ,, | ૫ |
| શેઠ પીતાંબરદાસ વ્રજલાલ. | ,, | ૫ |
| શેઠ હંસરાજ સુરચંદ. | ,, | ૫ |
| દોશી અભજી કલ્યાણજીભાઇ. | ,, | ૧ |
| શેઠ ડોસાભાઇ વજુભાઇ. | ,, | ૧ |
| શેઠ જેરાજ સંઘજીભાઇ. | ,, | ૧ |
| શેઠ મંગળજી જસરાજ. | ,, | ૨ |
| શેઠ પ્રેમચંદ કસ્તુરચંદ. | ,, | ૧ |
| દોશી કમળશી મેઘજીભાઇ. | ,, | ૧ |
| શેઠ કલાભાઇ વેલજીભાઇ. | ,, | ૨ |
| પારેખ ટોકરશીભાઇ આણંદજી. | ,, | ૧ |
| દોશી વખતચંદ ફુલચંદ. | ,, | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| મહેતા કેવળદાસ ફગનાથદાસ. | કુકવાવ | ૫ | બાઇ પરસન પાનાચંદ. | ,, | ૧ |
| મહેતા બાપુભાઇ કેવળદાસ. | ,, | ૩ | ×શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાનાં. | | |
| શેઠ લાડકચંદ મયાચંદ. | ,, | ૩ | ઘરના બઇરાં તરફથી | ,, | ૮ |
| શેઠ ચીકાભાઇ નાનચંદ. | ,, | ૩ | શેઠ અમરતલાલ વાડીલાલ. | અમદાવાદ | ૪ |
| શેઠ ગણપતભાઇ છગનલાલ. | ,, | ૧ | ઝવેરી મનસુખલાલ દોલતચંદ | પાટણ | ૩ |
| શેઠ મયાચંદ જેઠીદાસ. | અભાસણ | ૨ | ઝવેરી ચુનીલાલ દલછાચંદ | ,, | ૨ |
| શેઠ માણેકચંદ મુળચંદ. | ,, | ૧ | ×ઝવેરી મીઠાચંદ લાધાચંદ | ,, | ૨ |
| ×શેઠ મણીલાલ પાનાચંદ. | પાટણ | ૧ | શેઠ ઉજમલાલ શીવચંદ. | અમદાવાદ | ૪ |
| શેઠ મગનલાલ હરીલાલ વકીલ. | પાટણ | ૩ | ×જયપુરવાળા બાઇ ઠે. ઝવેરી મનસુખ- | | |
| શેઠ સુરજમલ ખુબચંદ. | પાટણ (ખેતરવશી પાડો) | ૧ | લાલ દોલતચંદ | જયપુર | ૫ |
| શેઠ દલછારામ દોલતચંદ. | ,, | ૧ | વકીલ વાડીલાલ વીરચંદ | પાટણ | ૨ |
| ×શેઠ લલુભાઇ નથુભાઇ. | ,, | ૨ | +શેઠ બાલાભાઇ ચુનીલાલ. | અમદાવાદ | ૨ |
| શેઠ ખુબચંદ ઝુમખરામ. | ,, | ૧ | ×મી વી. એસ. દોશી. | અમદાવાદ | ૧ |
| બાઇ રૂક્ષ્મણી. | ,, | ૦॥ | શ્રી ખેડા ગામના વોલંટીઅરો તરફથી | ખેડા | ૧૦ |
| | (સોનીવાડામાં) | | શ્રી ચાણસ્માના સંઘ તરફથી | ચાણસ્મા | ૧૬ |
| બાઇ મેના. | ,, | ૧ | ગાંધી સાંકળચંદ વેલજીભાઇ | કડી | ૨ |
| ...નચંદ મીઠાભાઇ. | ,, | ૧ | વૈદ કાળીદાસ ચતુરભાઇ | વીરમગામ | ૨ |
| ...દેન શેઠ છોટાલાલ કીલાચંદની પત્નિ | ,, | ૩ | શેઠ નારણદાસ જેઠાભાઇ. | અહીમા | |
| ...ગુલાબચંદજી ઢઢ્ઢાની માતુશ્રી તરફથી | જયપુર. | ૨૫ | શેઠ સીવદાસ કાનદાસ | ,, | |
| ...ગુલાબચંદજી ઢઢ્ઢાની બહેન સોનબાઇ તર્ફથી | જયપુર. | ૫ | શેઠ હીરાચંદ મુળચંદભાઇ | ,, | ૭ |
| શેઠ રતનલાલ મગનલાલ. | પાટણ | ૨ | શેઠ લલ્લુભાઇ રણછોડદાસ. | ,, | |
| બાઇ મણી પાનાચંદ | ,, | ૧ | | | |

× આ નિશાનીવાળા ગૃહસ્થો પાસેથી નાણાં વસુલ થયેલ નહિ હોવાથી, મોકલી આપવા વિનંતિ છે.

लाला मोतीराम फगुमल अथवा महाराजमल रामचंद अमृतसर वाले लिखते हैः—काशमीरकी केशरका भाव पहिले पंजाबी पकशेर २८ ) रुपये भरका रु ५३॥) था जिसभावसे एक तोला केशरका ०॥= लगताथा अब उसका भाव रु. ७०) होगया जिसके हिसाबसे ०॥। तोला पडताहै. बाजारका भाव मापपर रहताहै कभी कम कभी जियादा हमकुछ मे नफा नही लेते है धर्मका काम जानकर मंगाने वालोको बाजार भाव भेजदेते हे. इसके वास्ते अकसर हमको ओलंभा मिलताहै हमको ऐसे काममें ओलंभा खाना पसंद न[illegible] जो साहव केशर मगावेगा उसको बाजार भावका कम जियादा तेवे हम जिमेवार नही हैं.

# બીજા વર્ષના વિષયોની અનુક્રમણિકા.


બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કુલ અને દવાખાનું .... .... .... .... ૧
શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગનો ત્રિવાર્ષિક રીપોર્ટ .... .... .... ૪
ચોથી કોન્ફરન્સમાં ચરચવાના વિષયો. ૬
શ્રી બનારસ યશોવિજયજી પાઠશાળા ૧૦
**पाटणमें चोथी कोन्फरन्स.** ... १४, ८१
**श्री संघको प्रार्थना.** ... ... ... २१
પૂજ્ય મહાત્મા દાદાભાઈ નવરોજી. ૧૨
નામદાર દેશી રાજાઓ અને જીવહિંસા. .... .... .... .... ૨૩
બંગાળામાં સર્વથી નિંદ્ય ધંધો. ૨૪
ગ્રંથાવલોકન ૨૬, ૮૦, ૨૦૩, ૨૩૪, નવેંબરનું ટાઇટલપેજ.
વર્તમાન ચર્ચા. .... ૨૬, ૨૧૪, ૨૬૫,
નવીન સમાચાર સંગ્રહ ૨૯, ૬૪, ૯૧, ૧૨૮, ૧૪૩, ૨૨૪, ૩૭૨,
My India ... ... ... ... 33
કન્યા વિક્રય .... .... ૩૫, ૬૮
**सामाजीक उन्नतिकी सफलता और वृद्धिकी रीतीयां.** ... ... ... ४२
**क्या श्वेताम्बर और दिगम्बर जैन समाजमें संप हो सकता है?** ... ४३
વિલાયતી ભ્રષ્ટ ખાંડ. .... .... ૪૬
કોન્ફરન્સના ઉપદેશકનો પ્રવાસ. ૪૮, ૧૧૩, ટાઇટલપેજ ૩ એપ્રિલ, ૧૩૪, ૧૩૯, ૧૪૨, ૧૮૫, ૧૯૭
શેઠ વીરચંદભાઈનું જન્મ ચરિત્ર. ૫૧
**मिस्टर ढढाका प्रयास.** ... ... ६६
The Indian Nateonal Congress 65
શેઠ માણેકચંદ હીરાચંદનાં ભાષણનો ટુંકસાર. .... .... .... .... ૭૬
જૈન ધર્મના શિક્ષણનો ક્રમ .... ૭૮
પહેલી જૈન મહિલા પરિષદની સ્થાપના. .... .... .... .... ૮૬
કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ. ૮૭, ૧૦૩, ૩૪૩, ૩૬૬
આપણી ઉન્નતી કેમ થાય .... .... ૯૭
કોન્ફરન્સ. .... .... .... .... ૧૦૨
જૈન સિદ્ધાંતોના લીસ્ટનું અવલોકન ૧૦૪
**मुनिराज श्री हंसविजयजीका कच्छ देशमें प्रवास** ... ... ... ... ११२
**ढुंढीयाके कथनसे मूर्तिपूजा सिद्ध होती है.** ... ... ... ... ११५
**श्री जैनागम पाठशाला, जयपुर ११९, १७६**
**हर्षके समाचार** ... ... ... ... १२०
**स्वदेशी शक्कर.** ... ... ... ... १२६
ખેદકારક મૃત્યુ ૧૨૭, ૨૫૩, ૩૫૬
Jaina Grasuates' Association 129
દેલવાડા પ્રતિષ્ઠા મહોત્સવ. .... ૧૩૩
જૈનોનાં જાહેરખાતાં અને તેમની હાલની સ્થિતિ ૧૩૮, ૧૬૭, ૨૧૧, ૨૮૯, ૩૨૧
શ્વેતાંબર જૈનોએ રચેલાં પ્રકરણોનું લિસ્ટ .... .... .... .... ૧૪૬
**जैन श्वेतांबर कोन्फरन्सकी स्तुति** ... १६१
રાય શેઠ ચાંદમલજી ઔર જૈનોદય. ૧૬૬
સદેહ. .... .... .... .... ૧૬૮
સ્ત્રી કેળવણી. .... .... .... ૧૭૧
**जैन भाइओकी सेवामें अभ्यर्थना** ... १७४
**अवायल उमरकी शादीकी खराबीयां.** १७८
હું શું જાઉં છું .... .... .... ૧૮૦
ડીરેક્ટરી થઈ આવેલાં ગામોનું લીસ્ટ. ૧૯૦, ૨૨૧, ૨૩૨, ૨૭૬ ૩૧૭
**अशुद्ध कुंकुं केशर.** ... ... ... १९३
દીક્ષા .... .... .... .... .... ૧૯૫
અમદાવાદ શ્રાવિકા ઉદ્યોગશાળા ૨૦૧
ચરિત્ર તથા કથાઓના ગ્રંથ .... ૨૦૫
શાસ્ત્રીય રીતે સિદ્ધ થતા ધર્મના સિદ્ધાંતો .... .... .... ૨૦૯, ૨૩૮
ધાર્મિક હિસાબ તપાસણી ખાતાનું કામ ૨૧૮, ૨૮૩, ૩૦૫, ૩૩૭, ૩૬૮
કચ્છ મોટી ખાખરના દેરાસરનો શિલા લેખ. .... .... .... ૨૨૫
મધપાન .... .... .... .... ૨૩૦
**बृहत् टिपनिकामां नोंधायला तर्कशास्त्रनो ग्रंथो.** ... ... ... ... २३१
જૈન સીરીઝ સંબંધી સૂચના .... ૨૩૯
કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું

કામકાજ ૨૪૧, ૨૮૧ ૩૦૩, ૩૩૪, ૩૬૨
વેશ્યાગમન .... .... .... .... ૨૪૪
લગ્ન .... .... .... .... .... ૨૪૬
**मारवाड प्रांतिक कोन्फरन्सकी संक्षिप्त रीपोर्ट** ... ... ... ... ... ૨૫૭
જૈનોમાં જાગૃતિ .... .... .... ૨૬૪
ધાર્મિક સંસ્થાઓ સંબંધી સૂચના ૨૬૮
કોન્ફરન્સનું બંધારણ મજબુત કેમ થાય ? .... .... .... ૨૬૯
જૈન સમાચાર ૨૭૦, ૨૯૬, ૩૫૦, ૩૭૩
સ્વદેશી ઉદ્યોગ હુન્નર તથા કેળવણી ૨૭૫
અમદાવાદ ઓફીસમાં થયેલું કામકાજ .... .... ૨૮૦, ૩૪૧, ૩૬૫
દશરા હિંસા બંધ કરવા રાજાઓને અરજી .... .... .... .... ૨૮૬
**कन्या विक्रय संबंधमें प्रतिज्ञा.** ૨૮૭
પર્યુષણ અને જામનગર રાજ્ય. ૨૮૮
મહુવા અને પાલી તાણા. .... ૨૯૪
હુન્નર ઉદ્યોગ. .... .... .... ૨૯૯
મળેલાં પત્રો. .... .... ૩૦૦, ૩૪૯
**बृहत टिपनिकामां नोंधायला साहित्यना ग्रंथो** ... ... ... ... ... ३११
**मारवाडमें मांदिरोंकी स्थिति.**
આપણી રાજ્યદ્વારી સ્થિતિ. ૩૨..
તીર્થયાત્રા. .... .... .... ૩૨૭
મનુષ્યદેહ શાને માટે છે? .... ૩૩૦
મી૦ લાભશંકર લક્ષ્મીદાસનો પ્રવાસ ૩૩૩
લોર્ડ કીચનરને મી. લાભશંકરની અરજ. .... .... .... .... ૩૩૩
વડોદરા જૈનબ બાળાશ્રમ. .... ૩૪૬
મુંબઈના ગરીબ જૈનોની હાડમારી. ૩૪૭
માળવા દેશમાં જીર્ણોદ્ધારની અગત્ય ૩૪૮
શ્રી રાણકપુરજીમાં થવા જોઇતા. જીર્ણોદ્ધારનો રીપોર્ટ. .... .... ૩૫૩
રજપુતાના બ્રાંચ ઓફીસ .... ૩૬૬
ચાર આનાની યોજનાથી વસુલ આવેલા નાણાં. .... .... .... ૩૬૭
મુંબઈના ગવર્નરનું ગિરનારજીપર જવું. .... .... .... .... ૩૭૧
અમદાવાદ કોન્ફરન્સ. .... .... ૩૭૪
પાંચમી કોન્ફરન્સમાં ચર્ચવાના વિષયો. .... .... .... .... ૩૭૭
પાટણ કોન્ફરન્સની બેઠક વખતે આવેલ નાણાની પહોંચ. .... ૩૮૧


# જાહેર ખબર

## લાલનકૃત જૈન પુસ્તકમાલા.

| | |
|---|---|
| જૈન માર્ગ પ્રવેશિકા નંબર ૧ લો | ૦-૨-૦ |
| જૈન માર્ગ પ્રારંભ પોથી ભાગ ૧ લો | ૦-૧-૦ |
| જૈન માર્ગ પ્રારંભ પોથી ભાગ ૨ જો | ૦-૧-૬ |

મળવાનું ઠેકાણું—મુંબઇ–શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઓફીસ

## નવા થતા કોન્ફરન્સ હેરલ્ડના ગ્રાહકોને ઉત્તમ તક.

**તાકીદે મંગાવો, થોડી નકલો બાકી.**

સન ૧૯૦૫ તથા ૧૯૦૬ ની સાલના બાર અંકો સાથે અધી કીંમતે ટપાલ ખર્ચના ચાર આના વધારે લઇ બન્ને સાલના અંકો મોકલી આપવામાં આવશે. જુમલે રૂા. ૧-૪-૦ અંકે રૂપીઆ સવા મોકલેથી બે સાલના અંકો મોકલવામાં આવશે. પત્ર આવેથી વીપી. થી મોકલવામાં આવશે.

वीर सम्वत् २४३३.　　ॐ　　विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

पुस्तक ३　　फेब्रुआरी, मार्च.

# हेरल्ड.

नम्बर २. ३　　सन १९०७.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबइ.

विषयानुक्रमणिका.



| विषय | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| पांचमी कोन्फरन्स | ૩૩ | धार्मिक हिसाबतपासणी खातुं | ૬૨ |
| जैन समाचार | ૪૯ | | |
| अमदावाद आफीसनो हिसाब | ૬૧ | | |



वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रू. १

जैनोदय प्रेस—

## जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने फीलसुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छे:--

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरे हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलात आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने कराववामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास कराववामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ सिवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमांना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

चंपा गली मुम्बइ.<br>
ता. २५–५–१९०६.

आसीस्टंट सेक्रेटरी.<br>
श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---

## હઢાછાપનું પવિત્ર કેશર.

### સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ખાત્રીનું **શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી કેશર** પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કોન્ફરન્સના ઉત્પાદક મી૦ ઢઢ્ઢાની છબીનો " ટ્રેડ માર્ક " છે તે નીચેના સ્થળોએથી મળશે.

**મુંબઇ–જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ** ગીરગામ બેકરોડ, માંગરોળ જૈન સભા **પાયધુની, જથ્થાબંધ વેચનાર એકલા માલેક,**

**કછી દશાઓસવાળ જૈન મહાજન આશ્રિત.**<br>
**સ્વદેશી કંપની.**

**જૈન મંદીર સામે**<br>
**માંડવી, મુંબઇ.**

॥ ॐनमः सिद्धेभ्यः

रत्नानामिव रोहणक्षितिधरः खंतारकाणामिव,
स्वर्गःकल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,
पाथोधिः पयसा मिवेंदुमहसां स्थानं गुणानाममा-
वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥२१॥

**અર્થ**:—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.


# The Jain (Swetamber) Conference Herald.

Vol. III.] FEBRUARY 1907. [No. 2.


## પાંચમી જૈન કોન્ફરન્સ, અમદાવાદ.

આ કોન્ફરન્સને પાટણ મુકામે શેઠ જેશંગભાઇ હઠીશંગે અમદાવાદનું આમંત્રણ જેવા ઉત્સાહથી કર્યું હતું તે કરતાં અતિ ઘણા શુભ પરિણામ સહિત ત્રણે દિવસની બેઠકો તા. ૧૬, ૧૭, ૧૮, ફેબ્રુઆરી ૧૯૦૭ સંવત ૧૯૬૩ ના ફાગણ શુદ ૪, ૫, ૬ના રોજ ખતમ થઈ છે. ચારે કોન્ફરન્સમાં કોન્ફરસની હયાતિ અને નિભાવ માટે જે ધાસ્તી રખાયા કરતી હતી તે લગભગ થોડાં વર્ષો માટે તો નિર્મૂળ થઇ છે. પ્રમુખ સાહેબ રાય સીતાબચંદજી બહાદુર કેવા બાહોશ, કેળવાયેલ ગૃહસ્થ છે તથા ગમે તેવા કટોકટીના પ્રસંગમાં રસ્તો કાઢવામાં કેવા હુશિયાર છે તે બીજા દિવસની વિષય નિર્ણય કમીટી વખતે હાજર રહેલા ભાઇઓએ ધ્યાન પૂર્વક જોયું હશે. તેજ કમીટીમાં એક બીજા ગૃહસ્થે પોતાનો નિશ્ચય દૃઢ છતાં, નિશ્ચય સબળ ટેકાવાળો છતાં, પ્રમુખના અભિપ્રાય તથા દરજ્જાને માન આપીને પોતાના મતને નમાવી દીધો હતો તે માટે તેને ખરેખર ધન્યવાદ ઘટેછે. આંગળીના વેઢાપર ગણાય તેવી જૂજ સંખ્યાએ, ઉભા થઇને કાંઇ બોલવુંજ એવા નિશ્ચયથી તથા યોગ્યાયોગ્યની દરકાર વિના સભાના નિયમનું એક સાથે બોલીને ઉલ્લંઘન કરીને, જે ગુંચવણો નાખી હતી, તે માટે આ સ્થળે અમે નમ્ર રીતે દિલગીરી દર્શાવીએ છીએ. ભવિષ્યમાં એક પાછી

એક, યોગ્ય રીતે, તથા વિનય પૂર્વક ઉભા થશે એમ આશા રાખીએ છીએ. અમદાવાદ કોન્ફરન્સ માટે પહેલાં મતભેદ તથા વિરૂદ્ધતાની જે વાતો તથા નિશાનીઓ જણાતી હતી તે સર્વ કોન્ફરન્સ પહેલાં ગમે તેમ હોય, પરંતુ કોન્ફરન્સ દરમ્યાન તો એટલી ઉત્તમ રીતે કામ બજાવાયું છે કે ખરા અંતરના આનંદ તથા ધન્યવાદ સિવાય બીજું કાંઈ કહી શકાતું નથી. શેઠીઆ વર્ગે પોતાથી બનતી દરેક રીતની તન, મન, ધનની મદદ આપી છે. કેળવાયેલ વર્ગે પણ બની શકતી દરેક રીતની મદદ આપી છે. પ્રમુખ સાહેબ પધાર્યા ત્યારનો આનંદ પણ ઘણોજ હતો. સમૂહબળ શું ચીજ છે તે હજી આપણને બરોબર સમજાતું નથી, એજ દિલગીરી છે. સ્પષ્ટ રીતે જણાવાયું છે કે આ કોન્ફરન્સ મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનોનીજ છે. પ્રતિમાનિષેધક તથા તેના નિંદક માટે આ કોન્ફરન્સ નથી. અમદાવાદે શ્રીનું ખરેખરૂં સાર્થક આ વખતે બતાવ્યું છે. અંગત મતભેદનો ઉપયોગ સાર્વજનિક કામોમાં કદી ન કરવો, એ સૂત્ર અમદાવાદે બહુ સારૂં જાળવ્યું છે. અમદાવાદમાં, કોન્ફરન્સવિરોધી કોઇ હોય એમ અમને લાગ્યું નથી. જે માણસો માટે કહેવાતું હતું તેઓએ તો અમદાવાદની નાક જાળવી કોન્ફરન્સનો વિજયશ્રી રંગ કર્યોછે. પ્રભુ સર્વને આત્મભોગની, તથા કોમના શ્રેય માટે ઇચ્છાની મતિ આપો, એજ અધિષ્ઠાયકને પ્રાર્થના છે.

આસિસ્ટંટ જનરલ સેક્રેટરી તરીકે મી૦ ઢઢા સાથે શેઠ કુંવરજી આણદંજી, શેઠ વીરચંદ દીપચંદ સાથે મોતીચંદ ગિરધર કાપડીઆ, શેઠ લાલભાઇ સાથે શેઠ ચીમનભાઈ નગીનદાસ તથા રાય કુમારસિંહજી સાથે પૂરણચંદ નહારને નીમવામાં આવ્યા છે.

ઘણા ગામોથી કોન્ફરન્સને ફતેહ ઇચ્છનારા તારના સંદેશા આવ્યા હતા. તેઓમાં એક પારીસથી માજી આસિસ્ટંટ જનરલ સેક્રેટરી મી૦ જીવણચંદ ધર્મચંદ તથા તેમના સેક્રેટરી મી૦ અનુપચંદ તરફથી હતો.

મુનિરાજ શ્રી કાંતિવિજયજી વિગેરે ૧૬ સાધુ, તેઓને માટે સ્ટેજની સામે ખાસ ઉભા કરેલા સ્થળપર બીરાજ્યા હતા.

---

## પ્રથમ દિવસનું મંગળાચરણ.

---

(૧)

શાર્દૂલવિક્રિડિત છંદ.

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ પ્રણમો માંગલ્ય કાર્યે સદા,
તીર્થંકર અરિહંત સિદ્ધ સુખદા સૂરીશવાચક પદા;
સાધુ પંચમ પંચ એ પ્રભુવરા ધ્યાવો નમો ક્ષેમદા,
પંચમ આર્હત કોન્ફરન્સ વિજયે આપો સદા સંપદા. ૧.

( ૨ )

**માનમાયાના કરનારારે–એ રાગ.**

શુભ ધર્મના પન્થ સુધારીરે, કરો સત્ય સુધારા વિચારી, ॥ એ ટેક. ॥
સંઘ ચતુર્વિધ ઉન્નતિ અર્થે, જ્ઞાનના ગ્રન્થ વધારી;
જીર્ણ પુસ્તક ઉદ્ધાર કરાવી, સજ્જે કેળવણી શિખ સારીરે. કરો૦ ૧
બોર્ડિંગસ્કૂલો સ્થાપીને ઠેરઠેર, માનવભવ લ્યો લ્હાવો;
નક્કી ઉદય ભાઇ તેથી થનારો, ખરી રીતિને દિલમાં ઠસાવોરે. કરો૦ ૨
જૈનશાળાઓ પઢાવો બાળાઓ, બાળક બાહોશ કરવા;
બાળલગ્નને દેશવટો દ્યો, જૈનાભ્યુદયમાં સંચરવારે. કરો૦ ૩
કન્યાવિક્રય ને વૃદ્ધવિવાહથી, દેખીતી થાય ખુવારી;
કુબુદ્ધિ ત્યાગી સદ્ગુણરાગી, પડી ટેવ તે ત્યાગો નઠારીરે. કરો૦ ૪
પુણ્યક્ષેત્ર શુભ સપ્ત સુધારો, ધર્મીનો કરો વધારો;
સાધર્મી ભાઇને સાહાય્ય આપો ખુબ, ઝટ ઉદય તેથી થનારોરે. કરો૦ ૫
લાખો રૂપૈયા કેળવણી અર્થે, ખરચો સજ્જન નરનારી;
તન મન ધનને અર્પણ કરીને, ધરો ધર્મ સેવા સુખકારીરે. કરો૦ ૬
મહાવીર શાસન વિજય રંગમાં, કરો ન કિંચિત ખામી;
ધર્મિ વિવેકિ સજ્જન બન્ધુઓ, કરો ઉદ્યમ અવસર પામીરે. કરો૦ ૭
જૈન શ્વેતામ્બર કોન્ફરન્સથી, શીઘ્ર ઉન્નતિ હિ માની;
બુદ્ધિસાગર શ્રી વીરના ભક્તો, કરો કદીય ન પાછી પાનીરે. કરો૦ ૮

( ૩ )

**રાગ આશાવરી.**

શ્વેતામ્બર કોન્ફરન્સ બીરાજી, કીર્તિ દશોદિશ ગાજી. શ્વેતામ્બર૦ એ ટેક.
ધરણેન્દ્ર પદ્માવતી સેવિત, પાર્શ્વનાથ જયકારી;
વિઘ્ન વિદારણ મંગલ કારણ, સહાય કરો સુખકારી. શ્વેતામ્બર૦ ૧
અત્યાનંદ મહોદય કારણ, રચના બેશ બનાઇ;
મંગલ વાજીંત્રો વાગીને, દેતાં વિજય વધાઇ. શ્વેતામ્બર૦ ૨
ધન્ય દીવસ ને ધન્ય ઘડી આ, બંધુ સધર્મી મળીયા;
સત્ય સુધારા કરવા માટે, મનના મનોરથ ફળીયા શ્વેતામ્બર૦ ૩
બે કરજોડી સ્મરણ કરી જિન, પ્રથમ મંગલ ઉચ્ચરીએ;
ધર્મ ટેક ને એક સમ્પથી, વિજયપતાકા વરીએ. શ્વેતામ્બર૦ ૪
વિનય વિવેકી સજ્જન શૂરા, કહેણી રહેણી કરજો;
બુદ્ધિસાગર જૈન શ્વેતામ્બર, શ્રાવક મંગલ વરજો. શ્વેતામ્બર૦ ૫

## શ્રી પાંચમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની સ્વાગત કમીટીના ચેરમેન.
# નગરશેઠ. ચીમનભાઇ લાલભાઇનું ભાષણ.

---

### मंगलाचरणम्.

अर्हन्तः शिवमंगलं विदधतां सिद्धश्च सिद्धिंगताः ।
आचार्या जिनधर्मकर्मनिरता सूत्राब्धिपारंगताः ॥
तुर्या वाचकसंज्ञका मुनिवरा पंचव्रताराधकाः ।
संतुष्टा व्रतिनो भवन्तु धरणौ संघस्य शान्तिप्रदाः ॥ १ ॥

**પ્રિય જૈન બાંધવો ! સુશીલ બહેનો ! અને સંભાવિત ગૃહસ્થો !**

આજના માંગળિક પ્રસંગે આપને સર્વેને અત્ર એકઠા થયેલા જોઇ મને અતિ હર્ષ ઉપજે છે. અત્રેની સ્વાગતકમીટીએ મારા કરતાં વધારે લાયકાત ધરાવનારા પુરુષો આ શહેરમાં હોવા છતાં મને સ્વાગતકમીટીના પ્રમુખનું માનપ્રદ પદ સોંપ્યું છે, તે સારૂ તે કમીટીના સર્વ સભાસદોનો તેમજ સકળ સંઘનો આભાર માનું છું. અમારી આમંત્રણપત્રિકાને માન આપી હિંદુસ્થાનમાંથી જૂદા જૂદા પ્રતિનિધિઓ જે જૈનકોમના શ્રેય અર્થે વિચાર કરવા અત્રે એકઠા થયા છે, તે સર્વેને હૃદયથી અને સન્માન પૂર્વક, સ્વાગત (Reception) કમીટીના પ્રમુખ તરીકે આવકાર આપવાની ઉત્તમ ફરજ બજાવતાં મારા હૃદયમાં જે આનંદની ઉર્મિઓ ઉછળે છે, તે દર્શાવવાને પુરતા શબ્દો નથી. સકળસંઘના ચુનંદા વીરપુત્રોને આવકાર આપવાનો આવો ઉત્તમ પ્રસંગ જે મને પ્રાપ્ત થયો છે, તેથી હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું, અને મારી આખી જીંદગીમાં જ્યારે જ્યારે હું આ પ્રસંગનું સ્મરણ કરીશ, ત્યારે મારૂં હૃદય આનંદથી ઉભરાઇ જશે, કારણ કે જે ચતુર્વિધ સંઘને તીર્થંકર ભગવાન્ પણ "નમો તિથ્થસ્સ" કહી નમસ્કાર કરે છે, તે સંઘની યથાશક્તિ ભક્તિ કરવા કરતાં કયો બીજો ધર્મ ( ફરજ ) ઉત્તમ હોઇ શકે ?

બંધુઓ ! ગઈ વખત ગુજરાતની પ્રાચીન રાજધાની પાટણ શહેરમાં આ કોન્ફરન્સ બીરાજવાને ભાગ્યશાળી થઇ હતી, અને આ વખતે તેજ ગુજરાતની નવીન ( અર્વાચીન ) રાજધાની અમદાવાદ–રાજનગરમાં તે આમંત્રિત થઇ છે, તેપણ એક સારી આશાની નીશાની છે. આ કોન્ફરન્સ એ પ્રાચીન અને નવીન બન્નેના સંગમરૂપ છે. જુનામાં જે આવકારદાયક હોય તે રાખી, નવામાં જે ઇષ્ટ હોય તેનું ગ્રહણ કરી, આગળ વધવામાંજ આપણી ઉન્નતિ સમાયેલી છે. તે સૂત્ર કોન્ફરન્સના નેતાઓ અને આગેવાનો પણ સ્વીકારે છે.

આ રાજનગર અહમદશાહે ૧૪૦૨ ની સાલમાં વસાવ્યું તે સમયથી, જૈનપુરી રૂપે મશહુર છે. અમદાવાદ જૈનોનું ધામ, વિદ્યાનું કેન્દ્રસ્થાન અને વ્યાપાર ઉદ્યોગનું અદ્વિતીય ( મુંબાઈથી ઉતરતું ) સ્થળ છે. તેમાં સો ઉપર ચૈત્યો તીર્થંકર ભગવાનની અનેક ભવ્ય મૂર્તિઓથી સુશોભિત હોઈ આ રાજનગરને દીપાવે છે. સંખ્યાબંધ ઉપાશ્રયો જ્યાં પવિત્ર મુનિરાજો પોતાના નિર્મળ ઉપદેશથી શ્રાવકોને તથા શ્રાવિકાઓને શુદ્ધ માર્ગે દોરવા પ્રયત્ન કરી રહ્યા છે, તે પણ જુદે જુદે સ્થળે આવેલા છે. હિંદુસ્થાનના સકળસંઘના મોટા મોટા ખાતાઓનો વહીવટ કરનારી શ્રી આનંદજી કલ્યાણજીની પેઢીનું મુખ્ય સ્થળ પણ આ નગરમાંજ છે.

વળી ભિન્ન ભિન્ન સાધનોવડે કાર્ય કરતી, પણ જૈનધર્મના જ્ઞાનના ફેલાવારૂપ એકજ ઉચ્ચ ઉદ્દેશથી સ્થપાયેલી જૂદી જૂદી સંસ્થાઓ, સભાઓ, મંડળો, શ્રાવિકાશાળાઓ, કન્યાશાળાઓ, જૈનબોર્ડિંગો અને જૈનસ્કુલો પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાને યથાશકિત કાર્ય કરી રહી છે. હાલમાંજ આ પ્રમાણે પ્રવૃત્તિ થાય છે એમ નથી, અનેક જૈનાચાર્યોએ પોતાના પવિત્ર ચરણસ્પર્શથી આ રાજનગરને પવિત્ર કર્યું છે, અને તેઓનાં પૂજ્ય નામ તથા કાર્યનો કાંઈક ખ્યાલ આ પ્રસંગે યોગ્યજ જણાશે.

અકબર બાદશાહને પ્રતિબોધ આપી જૈન ધર્મના દયામય તત્ત્વ તરફ રૂચિ કરાવનાર, હિર પ્રશ્નના કર્તા, જેમની મૂર્તિ દોશીવાડાની પોળમાં આવેલા અષ્ટાપદના દેરાસરમાં બીરાજમાન છે તે હિરવિજયજી સુરિ; સેન પ્રશ્નના કર્તા શ્રી વિજયસેનસુરિ; કલ્પ કિરણાવલિના રચનાર શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય; લોકપ્રકાશ, હૈમલઘુપ્રક્રિયા વગેરે સુશાસ્ત્રોના કર્તા શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય; વળી અનેક સચ્છાસ્ત્રના રચનાર ન્યાયવિશારદ મહામહોપાધ્યાય, જેમના નામથી કાશીમાં શ્રી યશોવિજયજી જૈનપાઠશાળા સ્થાપવામાં આવી છે તે શ્રી યશોવિજયજી; તથા શ્રી વિજયસિંહસુરિ મહારાજની આજ્ઞાથી ક્રિયાનો ઉદ્ધાર કરનાર સંવેગી માર્ગમાં અગ્રગણ્ય શ્રી સત્યવિજય પન્યાસ, વળી જ્ઞાનવિમળ સુરિ, પદ્મદ્રહ પદવી ધારક શ્રી પદ્મવિજયજી અને રૂપવિજયજી તથા વીરવિજયજી વગેરે અનેક જૈન આચાર્યોએ એક અથવા બીજા સમયે આ સ્થળને પોતાના ચરણકમલના સ્પર્શથી, તેમજ અત્રેના લોકોને પોતાની ઉપદેશ ભરી વાણીથી પવિત્ર કર્યાં હતા.

આવા સ્થળમાં આપ સર્વેએ, બંગાલ, પંજાબ, મારવાડ, માલવા, કચ્છ, કાઠિઆવાડ, ગુજરાત આદિ વિવિધ સ્થળેથી અતિ શ્રમ વેઠી, અનેક અડચણો સહન કરી, પધારવાને તસ્દી લઈ આ રાજનગરને માન આપ્યું છે, તે માટે અત્રેના સકળ સંઘ તરફથી આપને આવકાર આપતાં ઇચ્છા રાખું છું કે જે વિષયમાં આપણી કોમનું ભવિષ્ય અને ઉન્નતિ સમાયેલાં છે, તે વિષયોને ઉત્સાહ અને વિચાર પૂર્વક ચર્ચવામાં ભાગ લેશો, અને આ કોન્ફરન્સ જે જે સ્તુત્ય ઠરાવો પસાર કરે, તેને દ્રઢતાથી અને આત્મભોગે પણ અમલમાં મૂકવા બનતો [illegible]

બંધુઓ! આ રાજનગરમાં જુદા જુદા ગચ્છો, સંપ્રદાયો, નાતો, તથા મંડળો આવેલાં છે; તેથી કેટલીક બાબતોમાં મતભેદ હોવાનો સંભવ છે; તોપણ ૧૫૫૮માં ઈંગ્લાંડ ઉપર અજીતસેના સહિત ચઢાઈ કરનાર સ્પેઈનના લોકોને હરાવવાને રોમન-કેથોલીક અને પ્રોટેસ્ટન્ટ નામના બે વિરોધી ધાર્મિક પંથો એકત્ર થયા હતા, તે માફક ભિન્ન ભિન્ન વિચારવાળા કોમના આગેવાનો કુરીવાજો રુપી શત્રુની સેનાનો સંહાર કરવાને, ધર્મનો ઉદ્યોત કરવાને, અને આ કોન્ફરસનો વિજયવાવટો ફરકાવવાને, એકમેક થયા છે, તે બનાવની આ પ્રસંગે નોંધ લેતાં મને અતિ આનંદ થાયછે આ પ્રસંગ અમદાવાદના જૈનોના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે કોતરાશે.

## આ કોન્ફરન્સની આવશ્યકતા.

સુજ્ઞ સદ્ગૃહસ્થો! આ કોન્ફરન્સ રૂપી બાલકને ચાર વર્ષ થયાં છે, અને આજે પાંચમું બેસશે, તોપણ આવા બાલકને જન્મ આપી જૈન સૃષ્ટિમાં હયાતિ લાવવામાં તેના સંસ્થાપકોનો શો ઉદ્દેશ હશે, એવી શંકાઓ કેટલાકના મનમાં જાગૃત થાય છે. તે શંકાઓના નિરાકરણાર્થે આવી સંસ્થાઓના અસ્તિત્વની સફલતા સિદ્ધ કરવા કાંઈ પણ કહેવામાં આવે તો તે પ્રસંગોપાતજ ગણાશે.

ન્યાયી અને ઉદાર બ્રોટીશ સરકારે જે અસંખ્ય લાભ આપણને આપ્યાછે, તેમાં કેળવણી એ સૌથી મોટામાં મોટો અને ન ભુલાય તેવો છે. તે કેળવણીએ સારૂં નરસું પારખવાની વિવેકશક્તિને જાગૃત કરી છે. વૃદ્ધિ પામેલી વિવેકશક્તિદ્વારા વિચાર કરતાં આપણા આગેવાનોએ જણાયું કે આપણી સાંસારિક, ધાર્મિક અને વ્યાવહારિક સ્થિતિ, પ્રાચીનસમયની તે સ્થીતિ સાથે સરખાવતાં, ઘણી અધોગતિ પામેલી છે; અને આપણી પ્રાચીન ભવ્યતા અને જાહોજલાલી પ્રાપ્ત કરવાને, આપણું ધાર્મિક જીવન શુદ્ધ અને નિર્દોષ બનાવવાને, આપણા સંસારવ્યવહારમાં પેઠેલા અનેક હાનિકારક અને અનિષ્ટ રિવાજો જે દ્વારા આપણી સામાજીક સ્થિતિ ઘણી દુઃખકારક થયેલી છે, તેને દૂર કરવાને હાલની સ્થિતિમાં સુધારો કરવો આવશ્યક છે. પણ આ સુધારો એક મનુષ્યથી થઈ શકે નહિ, તે વાસ્તે ઘણા મનુષ્યોના એકત્ર પ્રયાસની જરૂર છે. આ કાર્યમાં શ્રીમાન્, ધીમાન્ અને વિદ્વાન્ ત્રણે પ્રકારના મનુષ્યોએ પોતાની લક્ષ્મી, બુદ્ધિ અને વિદ્યાનો સદુપયોગ કરી, જેથી આપણી ઉન્નતિ થાય, અને અવનતિનાં કારણો વિનાશ પામે, તેવા કાર્ય માટે જોડાવું જોઇએ. અને આ કોન્ફરન્સ તે તે કારણને માટે મળેલા હિંદુસ્થાનના જુદા જુદા ભાગોના જૈનસમુદાયે ચુંટી કાઢી મોકલેલા બુદ્ધિશાલી, વિદ્વાન અને સમૃદ્ધિવાન પ્રતિનિધીઓનું મંડલ છે. ઘણા તાંતણાઓ એકઠા થવાથી થયેલું દોરડું મદોન્મત્ત હસ્તિને બાંધી શકેછે, તો પછી લક્ષ્મી, બુદ્ધિ અને વિદ્યાવાળા મનુષ્યો ગમે તેવું વિકટ કાર્ય થોડા સમયમાં સાધી શકે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી અને આ કોન્ફરન્સ તે જૈન કોમના જુદા જુદા તાંતણાઓનો સમુદાય છે. સર્વ સદ્ગૃહસ્થોએ આ સિદ્ધાન્ત માન્ય કરેલો છે કે Union is strength સંપ એકયતા

તેજ બલ છે. સંસ્કૃત કવિ પણ જણાવે છે કે ' अल्पानामपि संहतिः वस्तूनां कार्यसाधिका ' નાની વસ્તુઓનો સમૂહ પણ ઇચ્છિત કાર્ય સાધી શકે છે. ડાંગરનાં છોતરાં કાઢી લેવામાં આવે તો ચોખા પછી ઊગી શકતા નથી, માટે ઐકયતાની જરૂર છે. અને આવી કોન્ફરન્સોના લીધે વિદ્વાન્ તેમજ અભણ, શ્રીમાન્ તેમજ રંક એક બીજાના સંબંધમાં આવે છે, અને પરસ્પર પ્રેમ તથા ભ્રાતૃભાવ જાગ્રત થાયછે. એકેક શક્તિ અન્ય શક્તિની સહાયતા વિના વ્યવસ્થિત કાર્ય કરી શકે નહી. દ્રવ્યવાન દ્રવ્ય ખર્ચશે, પણ જ્ઞાનને અભાવે અનુપયોગી બાબતમાં ખર્ચશે, અથવા એકને એક વિષયમાં પુષ્કળ ખર્ચશે, અને બીજા વધારે જરૂરીયાતવાળા ખાતા તરફ લક્ષ પણ નહી આપે. વિદ્વાનો મોટાં મોટાં ભાષણો કરશે, પણ ધનવાન લોકો સાંભળશે નહીં તો તેમનું ભાષણ અરણ્યમાં રૂદન કરવા તુલ્ય થશે અને બુદ્ધિશાલીની એકલી બુદ્ધી, વિદ્યા તથા દ્રવ્યના અભાવે, નકામાં ટાયલાં અથવા પંચાયત કરવામાંજ સમાઇ જશે. જો સર્વ પ્રકારનાં બલ એકત્ર થાય તોજ સત્ય લાભ મેળવી શકાય અને તે મેળવવાને સર્વ પ્રકારના બલની એકત્ર સંકલના માટેજ કોન્ફરન્સનો પ્રયાસ છે.

જેઓએ જગતનો ઇતિહાસ વાંચ્યો છે. અને અમુક સમયની રાજકિય, ધાર્મિક અથવા સામાજીક સ્થિતિ તે અગાઉના જમાનાના ગ્રન્થકારો અને વિચારવંત પુરૂષોના ઉપદેશ ઉપર આધાર રાખતી અનુભવી છે, તેઓ તો નિશ્ચિત રીતે માને છે કે, કોઈપણ કાર્ય જગતમાં ઉદ્ભવ પામે, તે પહેલાં તત્સંબંધી વિચારો ફેલાવવાની જરૂર છે. જે માર્ગે પ્રયાણ કરવાથી આપણી ઉન્નતિ થશે, એમ લાગતું હોય, તે માર્ગના વિચારો આપણી કોમમાં ફેલાવવા જોઇએ. જ્યારે વિચારો ફેલાય છે, ચર્ચાય છે અને લોકો તેની સત્યતા સ્વીકારેછે, ત્યારે ધીમે ધીમે જનમંડલના વ્યહારમાં મુકાયછે અને પછી તે રીવાજ રૂપ બનેછે. આ નિયમથી જોતાં આપણને જણાય છે કે હાલ કોન્ફરન્સનો વિચારકાળ છે. અને કયે ધોરણે કામ લેવાથી આપણી ઉન્નતિ અલ્પ સમયમાં થઇ શકે તે સંબંધી વિચારો કોન્ફરન્સના પ્લેટફોર્મ ઉપરથી આપણી કોમનું હિત હૈડે ધરનાર વિદ્વાનો જણાવે છે, તે વિચારો શ્રોતાવર્ગમાં ફેલાય છે. અને પત્રો તથા રીપોર્ટો દ્વારા આખી જૈન કોમ તે વિચારોથી માહિત થાય છે. અને સૂક્ષ્મ રીતે અવલોકન કરનારને તે વિચારોની અસર તેમના વ્યવહારમાં પણ થતી જણાય છે. આવા વિચારકાળમાં કોન્ફરન્સ પાસેથી વધારે કાર્યની આશા ન રાખી શકાય, તે સ્વાભાવિક છે. તોપણ કોન્ફરન્સે પોતાની ટુંક હયાતિમાં જે કાર્યો કર્યાં છે, તે ભણી નજર કરતાં આપણે હર્ષવન્ત થઈએ છીએ, અને તે કાર્યોની નોંધ આપણને વધુ પ્રયાસને વાસ્તે ઉત્તેજીત કરે છે.

## કોન્ફરન્સે કરેલા કાર્યોની ટુંક નોંધ.

કોન્ફરન્સને લીધે જૈન કોમમાં જાગૃતિ થઇ છે તેના અનેક પુરાવા છે. કોન્ફરન્સને હયાતીમાં આવ્યા પછી મારવાડ અને મેવાડની તીર્થભૂમિમાં આવેલાં કેટલાંક જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કરવામાં આવ્યો છે. કેળવણીની બાબતમાં કેટલાક નિરાશ્રિત પણ લાયકાત ધરાવનાર વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ ચાલુ રાખવાને યોગ્ય મદદ કોન્ફરન્સફંડ તરફથી આપવામાં આવેલી છે. પાટણ અને જેસલમેરના પ્રાચીન જૈન ભંડારોની ટીપ પણ થઈ છે અને છેલ્લી ટીપ આ કોન્ફરન્સ તરફથી પ્રસિદ્ધ થતા હેરલ્ડ પત્રમાં છપાઇ પણ ગઇ છે. ગુજરાતમાં પેથાપુર અને

દક્ષિણમાં આમલનેર ખાતે બે પ્રાન્તિક સભાઓ ભરવામાં આવી છે. જુદા જુદા દેશોમાં પાઠશાળાઓ અને કન્યાશાળાઓ સ્થાપવામાં આવી છે. મુંબાઈમાં થોડા સમય ઉપર પન્નાલાલ જૈન હાઇસ્કુલ ખુલ્લી મુકવાની ક્રિયા નામદાર ગવર્નર લોર્ડ લેમીંગ્ટન તરફથી કરવામાં આવી છે. પેથાપુરમાં મળેલી કોન્ફરન્સવખતે એકઠાં થયેલાં નાણાંથી આજ સ્થળમાં ગુજરાત જૈન બોર્ડીંગની સ્થાપના થઇ છે. વળી થોડાજ વખતપર નાગોરીસરાહમાં લલ્લુભાઈ રાયચંદના પ્રયાસથી એક બોર્ડીંગ ખુલ્લી મૂકવામાં આવી છે. મુંબઇમાં લાલબાગ ખાતે એક બોર્ડીંગ સ્થપાઇ છે. અને ભાવનગરમાં પણ જૈન બોર્ડીંગ હયાતીમાં આવી છે. વળી જુદા જુદા સ્થળોમાં હાનીકારક રીવાજોનો નાશ કરવાને ઠરાવો પસાર થતા આપણા સાંભળવામાં આવ્યા છે. આ સર્વ ઉપર જણાવેલા લાભ કરતાં પણ જે મોટી અગત્યતા ધરાવનારો એક લાભ કોન્ફરન્સના પ્રયાસને લીધે થયેલો છે, તે એ છે કે, ભિન્ન ભિન્ન દેશમાં વસતા અને ભિન્ન ભિન્ન ભાષાઓ બોલતાં જૈન બાન્ધવો તરફ આપણે દિલસોજી ભ્રાતૃભાવ રાખતા થયા છીએ અને તેના પરીણામેજ ગયા દુકાળ વખતે ડભાસંગ તથા કાઠિઆવાડના નિરાશ્રિત જૈન ભાઇઓને નાણાં સંબંધી મદદ મોકલવા ઉદાર હાથ અનેક તરફથી લંબાવવામાં આવ્યો હતો. કોન્ફરન્સને લીધે ડાયરેક્ટરીના કામનો પણ પ્રારંભ થયો છે, જેથી અન્ય દેશોમાં વસ્તા જૈનોની સર્વ પ્રકારની સ્થિતિનો આપણને ખ્યાલ આવે છે અને એક બીજા તરફ આપણે પ્રેમથી આકર્ષાઈએ છીએ અને સર્વે એક વીર પ્રભુના અનુયાયીઓ છીએ, એવી દ્રઢ લાગણી જાગૃત થાય છે. આ સર્વે કામો સીધી યા આડકતરી રીતે આ કોન્ફરન્સને આભારી છે અને તેથી ઉત્પન્ન થયેલા ધર્માભિમાન અને જૈન કોમના અભિમાનનું પરિણામ છે એમ સર્વ કોઈ કબુલ કરશે.

સુજ્ઞ સદ્‌ગૃહસ્થો! આ ઉપરથી આપ જોઈ શકશો કે કોન્ફરન્સે પોતાની ટુંક હયાતીમાં આપણા સારૂ ઘણું કર્યું છે, હજુ જે કાર્ય કરવાનું છે, તે તેથી પણ વધારે છે. માટે વધારે પ્રયાસની અને વધારે આત્મભોગ આપનારા નરોની જરૂર છે. દરેક પ્રયાસનું ફળ તત્કાળ મેળવવાની આશા રાખવામાં આપણે ભૂલ કરીએ છીએ. કેટલાંક કામો બહુ ધીમી ગતિથી થઈ શકે તેવાં હોય છે, અને તેનું પરિણામ પણ લાંબે કાળે જણાય છે. જુના વિચારો ફેરવવા એ કાર્ય ઘણુંજ કઠિન છે, અને ઘણીજ સહનશીળતા રાખી મુશ્કેલીઓ વચ્ચે પસાર થઈ તે કામ કરવાનું છે, તો પણ કોન્ફરન્સે જે કાર્ય કર્યું છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

## કેળવણી.

બંધુઓ! એક પ્રશ્ન કે જેના ઉપર આખા જૈન કોમનું ભવિષ્ય ઝઝુમતું જણાય છે, અને જેના સાંગોપાંગ નિરાકરણથી આપણું ભવિષ્ય ઝળકતું થાય એ નિશ્ચિત છે, તે કેળવણીના ગંભીર અને મહાન્ પ્રશ્ન ઉપર અત્રે એકત્ર થયેલા સર્વ મનુષ્યોનું ધ્યાન ખેંચવા માગું છું. કેળવણીની બાબતમાં જૈન કોમ અન્ય કોમોને મુકાબલે હજુ પછાત છે, આપણા જૈન બાળકોએ કેળવણીના અસંખ્ય લાભો પુરેપુરા ચાખ્યા નથી; તે પહેલાં એક ભયંકર વિચાર આપણામાં દાખલ થતો દેખી મને ખેદ

થાય છે. "ભણવાથી શું લાભ છે? ભણેલાઓ ઘણા અથડાય છે, અને ભણવાથી તેઓ નિર્બળ અને ધર્મભ્રષ્ટ થાય છે, માટે થોડું ઘણું જ્ઞાન આપી તેઓને વ્યાપાર ધંધે લગાડવા કે જેથી કરી કમાઇને સુખી થાય." આવા અથવા આવા પ્રકારના વિચારો જે કોમોમાં ફેલાય તે કોમ પોતાની ઉન્નતિ શી રીતે કરી શકે! માટે તે વિચારોમાં કેટલી સત્યતા છે, અને કેટલે અંશે તેઓ ખરી સ્થિતિના અજ્ઞાનથી ઉદ્ભવ પામ્યા છે, તે પર શુદ્ધ ચિત્તથી વિચાર કરવો તે કોમના દરેક હિતચિન્તકનું આવશ્યક કાર્ય છે.

વિવેકી સદ્‌ગૃહસ્થો! આપણામાં જે થોડા ઘણા વિદ્વાનો છે તેમના તરફ દ્રષ્ટિ ફેંકતાં એટલું તો કબુલ કરવું પડે કે તેમાંના ઘણા ખરાનાં શરીર જોઇએ તેવાં બળિષ્ટ હોતાં નથી, અને કેટલાક નિર્બળ અને શક્તિહીન માલુમ પડેછે. પણ શું આ કેળવણીનું પરિણામ છે? શું તેમની નિર્બળતા તેમના વિદ્યાભ્યાસને લીધે જન્મ પામી? આ વિષયમાં સૂક્ષ્મ અવલોકન કરતાં જણાય છે કે નિર્બળતાનું કારણ વિદ્યાભ્યાસ નથી, વિદ્યાભ્યાસીઓ કેવળ તેમના અભ્યાસમાં મગ્ન રહે છે, કેવળ પોતાના મનનેજ ખીલવે છે, પણ શરીર જેને કસરત, શુદ્ધ હવા અને આરામની જરૂર છે, તે પર પુરતું લક્ષ આપતા નથી અને તેની સાથે બાળપણમાં લગ્ન થયેલાં હોવાથી પતિ તરીકેની ફરજો બજાવવાની હોય છે; અને તેમાં વળી સંતતિ હોય તો પિતા તરીકેની ફરજો પણ સાથે સાથે અદા કરવાની હોય છે. આ વગેરે અનેક બાબતો નિર્બળતાના કારણરૂપ છે. કેળવણીને માથે દોષ મૂકવો એ નિરર્થક છે. પ્રાચીનકાળમાં વિદ્યાભ્યાસના સમયમાં વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય વ્રત પાળતા હતા અને તેથી કરી સારી રીતે વિદ્યાભ્યાસ કરી શકતા અને શરીરે પણ મજબુત રહેતા. માટે આપણા વિદ્યાર્થીઓ શરીરે મજબુત બળિષ્ટ અને નિરોગી થાય તે સારૂ શારીરિક કેળવણી ઉપર લક્ષ આપવાની, બ્રહ્મચર્યના ફાયદા સમજાવવાની, અને તે સાથે બાળલગ્ન અટકાવવાની આવશ્યકતા છે એ આ ઉપરથી સિદ્ધ થાય છે. કેળવણીના જે અંગમાં ન્યુનતા છે તે પુરી પાડવાની છે, પણ કેળવણીને નિન્દવાથી કાંઇપણ ઇચ્છિત લાભ મળવાનો નથી.

બીજો આક્ષેપ એ મૂકવામાં આવે છે કે ભણેલાઓ ધર્મભ્રષ્ટ થાય છે. આ આક્ષેપમાં બહુ સત્યતા હોય એમ લાગતું નથી. આપણા સન્મુખ જે વિદ્વાનોનું મંડળ બેઠેલું છે, તેમની તરફ દૃષ્ટિ કરતાં પ્રાતઃકાળના સૂર્યના પ્રકાશ આગળ ધુમસની માફક તે આક્ષેપ અદ્રશ્ય થાય છે; ખરી વાત છે કે કેટલાક ભણેલાના મનમાં ધર્મના કોઇ કોઇ તત્ત્વોની બાબત શંકા થાય છે, પણ તેમાં પણ કેળવણી દોષને પાત્ર નથી. કેળવણી મનુષ્યની વિવેકશક્તિ જાગૃત કરે છે. તેને સત્ય અને અસત્ય વચ્ચે ભેદભાવ કરતાં શીખવે છે; અને તેની જાગૃત થયેલી વિવેકશક્તિને

લીધે જે બાબત યથાર્થ સમજણુ ન પડે તે બાબતમાં શંકા થાય તો તે સ્વાભાવિક છે. તો તેવી બાબતમાં મુનિરાજોનું અને જૈન વિદ્વાનોનું પરમ કર્તવ્ય તેવી શંકાઓનું સમાધાન કરી તેમની આસ્થા દ્રઢ કરવાનું છે. જ્યારે શંકાઓ દૂર થાય, અને તેનું યોગ્ય સમાધાન મળે, ત્યારે ધર્મ ઉપર જે આસ્થા વિદ્વાનોની થાય તે કેવળ જૈન ધર્મમાં જન્મ્યા છીએ માટે તે સૌથી ઉત્તમ છે તેવું માનનારા ભાવિક વર્ગ કરતાં પણ વધારે દ્રઢ થાય. અને તેટલા સારૂ સ્કુલોમાં અને કોલેજોમાં અપાતા વ્યાવહારિક શિક્ષણ સાથે ધાર્મિકબોધ આપવાની જરૂર છે. જેમ શરીરને કેળવવાને કસરતની જરૂર છે, મનને કેળવવાને જુદા જુદા વિષયોની જરૂર છે, તેમ આત્મોન્નતિને સારૂ ધાર્મિક અને નૈતિક બોધની જરૂર છે; જ્યારે વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાય છે, ત્યારે તેની અચળ શ્રદ્ધા થાયછે અને કાર્ય પણ તેવા પ્રકારનાં થાય છે; માટે તત્વોનું સ્વરૂપ સમજવાને પણ કેળવાયેલું મન વધારે ઉપયોગી છે, માટે કેળવણી ઉપર આક્ષેપ નહિ કરતાં તે સાંગોપાંગ અપાય તેવી ગોઠવણ કરવાની જરૂર છે અને તે માટે યુનિવર્સીટીમાં જૈનસાહિત્ય દાખલ થાય તે ઠરાવ ઉપર પુખ્ત વિચારની આવશ્યકતા છે.

વળી એક આક્ષેપ એ મૂકવામાં આવે છે કે ભણેલાઓ કાંઇ કમાતા નથી તેના કરતાં વગર ભણેલાઓ વધારે કમાય છે તો પછી ભણવાની માથાકુટ કરવાથી શો લાભ છે?

બંધુઓ! આવું કથન કરનારાને અમે પૂછીશું કે શું બધા વગર ભણેલા, ભણેલા કરતાં વધારે કમાય છે? તેના જવાબમાં તો તેઓને કબુલ કરવું પડશે કે તેમ તો નથી. પણ કેટલાક સામાન્ય ભણેલાઓ પણ બુદ્ધિશાળી વ્યાપારદ્વારા વધારે ધન પેદા કરતા હશે. ભણેલાઓ ઘણાખરા નોકરીએ વળગે છે, અને તેથી પોતાના ભાગ્યને બાંધી લેછે, પણ જો તેઓ કેળવાએલી બુદ્ધિને વ્યાપારમાં પરોવે તો સામાન્ય મનુષ્યો વ્યાપારમાંથી જે ધન પ્રાપ્ત કરી શકે તેના કરતાં વધારે પ્રાપ્ત કરી શકે, એ નિઃસંશય છે. કેવળ વ્યાપાર ધંધા તરફ તેમનું લક્ષ ગયેલું નથી; માટે આ બાબતમાં પણ કેળવણી ઉપર દોષ નહીં નાંખતાં વિદ્વાનોનું લક્ષ વ્યાપાર ધંધા તરફ દોરવવાની જરૂર છે; કારણ કે નોકરીઓ બહુ થોડી અને ઉમેદવારો ઘણા, એટલે નોકરીમાં પગાર થોડો મળે એ સહજ સમજાય તેમ છે.

પણ જે લોકો વિદ્યાને—કેળવણીને—જ્ઞાનને આ પ્રમાણે ધન પ્રાપ્ત કરવાની શક્તિના ધોરણથી માપે છે, તેઓ જ્ઞાનના જે અગણ્ય લાભ છે તેને સમજતા નથી, એમ કહેવામાં જરા પણ વાંધો નથી. ધન એ સુખ મેળવવાનું એક સાધન છે, પણ ધનની પ્રાપ્તિમાંજ જીવતરનું સાર્થક નથી; તો પછી આપણે જ્ઞાનને લીધે નિ-

ધન પ્રણ જ્ઞાની સર્વ મહાત્માઓને પૂજ્ય ગણીએ છીએ, તેવા જ્ઞાનને ધનના ધોરણથી માપવું એ ખરેખર આપણી અજ્ઞાનતાજ સુચવે છે. જ્ઞાનીઓને જ્ઞાનમાં નવું તત્વ શોધી કાઢવામાં, કુદરતનું છુપું રહસ્ય દૃષ્ટિએ પડતાં જે આનંદ, સંતોષ અને ઉચ્ચ ભાવના થાય છે તેની સાથે કેવળ ધનથી ઉપજતું સુખ સરખાવી શકાય તેમ નથી.

આ ઉપરથી આપ સર્વ સુજ્ઞ બંધુઓ સમજી શકશો કે કેળવણી ઉપર જે આક્ષેપો મૂકવામાં આવ્યા છે તે નાપાયાદાર અને ગેરસમજને લીધે ઉત્પન્ન થયેલા છે. વળી કેળવણીના ફેલાવાથી આપણી કોમને જે લાભ ભવિષ્યમાં થશે તે તરફ લક્ષ દોરવવાની ખાસ જરૂર છે.

જો આપણા બાળકોને અને બાળકીઓને સાંગોપાંગ શારીરિક-માનસિક-નૈતિક અને ધાર્મિક કેળવણી મળે, અને જો તેમનાં મન પુરેપુરી રીતે કેળવાય, તો પછી આપણે જે સુધારો કરવા માગીએ છીએ, જે કન્યાવિક્રય, બાળલગ્ન આદિ કુરીવાજોને જડમૂળથી ઉખડી નાખવા મથીએ છીએ, તે કાર્ય ઘણુંજ સુગમ થઈ જાય, લોકો પોતાની મેળે ખોટા રીવાજોને સમજે અને તેમાં યોગ્ય સુધારો કરી શકે. માટે હે બંધુઓ! કેળવણીની વિરૂદ્ધ જે પવન આપણી કોમમાં ફેલાયો છે તેને દૂર કરી બાળકોની તેમજ બાળાઓની વિદ્યાવૃદ્ધિ અર્થે જે જે પ્રયત્નો થશે તે સર્વ પ્રસંશાને પાત્ર છે અને તેમાં જે જે મનુષ્યો ભાગ લેશે તે આપણી કોમના ખરા હિતચિન્તકો છે.

## મહિલાપરિષદ્.

સજ્જનો! પાટણમાં પહેલી મહિલાપરિષદ્ ભરવામાં આવી હતી; સ્ત્રીઓ આપસ આપસમાં મળી સ્ત્રીજાતિની ઉન્નતિના માર્ગપર વિચાર ચલાવે અને આ પ્રમાણે રથનાં બન્ને ચક્રો એક સાથેજ પ્રયત્ન કરે તો મોટું ભગિરથ કાર્ય પણ સહજમાં સિદ્ધ થાય, કારણ કે સ્ત્રીઓના વિચાર કેળવાયા એટલે સુધારાનો માર્ગ સરળ થયો એ નિશ્ચિત છે. માટે સહકુટુંબ આવેલા ડેલીગેટોની સ્ત્રીઓ તેમજ આ સ્થળની મહિલાઓનો સ્થાનિક મેલાવડો ભરવાનું અત્રેની સ્વાગતકમીટીએ ઉચિત ધાર્યું છે. પણ આવા ઉચ્ચ અને કોમની ઉન્નતિના આવશ્યક કાર્યને સારૂ આપણો સ્ત્રી વર્ગ બરોબર યોગ્ય થાય, તે વાસ્તે સ્ત્રી કેલવણી ઉપર પુરતું લક્ષ આપવાની જરૂર છે, અને સારી કન્યાશાળાઓ સ્થાપવામાં જેમ મદદ કરવામાં આવશે તેમ સ્ત્રીઓ સુશિક્ષિત થશે અને આપણને આપણી ઉન્નતિના મહાન્ કાર્યમાં સહાયભૂત થશે.

છેવટમાં આપ સર્વેનું એક અતિ અગત્યની બાબતપર ધ્યાન ખેંચવાની રજા લેઉંછું. હિંદી પ્રજાકીય કોંગ્રેસ છેલ્લા બાવીશ વર્ષથી હિંદુસ્થાનના જુદા જુદા ભાગોમાં ભરાય છે, અને આપણી કોન્ફરન્સ છેલ્લા પાંચ વર્ષથી હયાતીમાં આવી છે,

કોન્ગ્રેસને સરકાર પાસેથી હકોની દાદ માગવાની છે, ગુજરતા જુલમો અટકાવવાને પ્રાર્થના કરવાની છે; પણ આપણે તેવા પ્રકારનું કાર્ય કરવાનું નથી. આપણે તો આપણી કોમની ઉન્નતિ જાતેજ કરવાની છે. તો પછી દરેક મનુષ્ય પોતાની ફરજ બજાવે, પોતાની મેળે સુધરવા પ્રયત્ન કરે, અને આ કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવોને અમલમાં મૂકવા પ્રયાસ કરે, તો થોડા સમયમાં આપણી ઉન્નતિ થઈ શકે, આપણા ભાગ્યોદયનો સૂર્ય મધ્યાકાશમાં તેજસ્વી કીરણોથી પ્રકાશિત થાય; માટે અત્રે ભરાયેલા જુદા જુદા ગામના પ્રતિનિધિઓ તેમજ વીઝીટરો પ્રત્યે મારી એજ નમ્ર વિનંતિ છે કે દરેક મનુષ્યે પોતાને સુધારવાને પ્રયત્ન કરવો અને જુદી જુદી વ્યક્તિઓ સુધરી એટલે તે સમાજ અથવા તે કોમ સુધરી એ નિર્વિવાદ છે. વિવિધ સ્થળના પ્રતિનિધિઓ તેમજ વીઝીટરો જેમણે કોમના શ્રેયાર્થે અત્રે પધારવા તસ્દી લીધી છે, તે સર્વેને ફરીને આવકાર આપી, અમારી આપ સર્વની ભક્તિમાં જે કાંઈ ન્યુનતા હોય તેની ક્ષમા ચાહી, અમારા ભાવ તરફ નજર કરવાની વિનંતિ કરી, આ કોન્ફરન્સનું કામ વ્યવસ્થાપૂર્વક નિયમસર ચાલે તે માટે કોઈ લાયક પ્રમુખ ચુંટવાની ભલામણ કરી બેશી જવાની રજા લઉં છું.

---

# प्रमुख साहेबका भाषण.

---

प्रिय साधर्म्मी बंधुओ प्रतिनिधियो, अनुग्राहको तथा बहनो;—

पंचपरमेष्टि श्री अर्हद् भगवानकी वंदनाके पश्चात् निवेदन है कि इस जैन जातीय महामण्डलका प्रमुख पद जो आप महाशयोंने मुझे सम्प्रदान किया है, इसलिये मैं आप साहबोंका अन्तःकरणसे कृतज्ञता पूर्व्वक धन्यवाद करताहूं। अबके कन्फारंसके सभापति चुन्ने मैं आप लोगोंको कुछ कष्ट उठाना पडाथा, इसलिये मैं विशेष दुःखित हूं। जिन महानुभावको आपने सभापति बन्ने के लिये आह्वान किया था, इसमें संदेह नहीं कि आप योग्य पुरुष हैं; परन्तुजब किसी कारणसे उन्होंने इनकार किया तो आपने अनुग्रह कर मुझे याद किया। यद्यपि विचार दृष्टिसे देखा जाय तो मैं इस पदके योग्य नहीं हुं। क्यों कि यह पद उस मनुष्यको समर्पित करना चाहियेथा, जो विद्या, बुद्धि, बिभव, देशहितैषिता, बहुदर्शितादि गुणोंसे बिभूषित हो। यदि इन सब गुणोंका एक पुरुषमें समावेश होना असंभव है तथापि जहां तक संभव हो अधिक गुण युक्त पुरुषकोही यह पद शोभा देता है। मैं अपनी हालत पर निगाह कर इस पदका योग्य अधिकारी नही समझता तथापि श्रीसंघकी आज्ञा और जातीय आह्वानसे मुंह मोडना उचित न समजकर यह आज्ञा शिरोधार्य्य कर आज आप लोगोंके सामने खडा हुवा।

मु: बंबइकी कन्फरंसमें पूर्व्व निवासी हमारे मित्र राय बद्रिदासजी बहादुरने सभापतिका पद लिया था। फेर मुंबडोदाके तिसरी महासभामें हमारे परम मित्र स्वग्रामवासी राय बुधसिंहजी बहादुरको प्रमुख पदका सम्मान दिया गया। आज मुझेभी आप लोगोंने वही सुअवसर दिया है। आज मुझे ऐसे नगरमें आनेका मौका मिला है कि समग्र भारतवर्षमें ऐसे जैन बंधुओंका एकत्र समावेश और दुसरी जगह नही देख पडता। इस शहरको एक जैनियोंकी पूरी कहनी चाहिये कि जहां सैकडों, हजारो सद्गृहस्थ, साधर्म्मि भाइयोंके दर्शनका और देव गुरु धर्म्मका लाभ सदा विद्यमान है। इस कारणसे मुझे औरभी आनंद होता है।

पूर्व्वक महाशयोंने जिन विषयोंको कहा है उसी विषयका पिष्टपेषण कर आपका कालक्षेपकरना यद्यपि अनुचित है तथापि दो एक विषय ऐसे हैं कि उनको जबतक पूर्णरुपसे व्यवहार में न लावे तब तक उन विषयोंमें कहना निरर्थक न होगा। क्यों कि जब कोइ रोग विशेष रुपसे शरिरमें अपना अधिकार जमा लेता है तो यावतकाल पर्य्यन्त उस रोगकी निवृत्ति नहीं होती तब तक वैद्य परिक्षित औषधिका प्रयोग करताही चला जाता है। आशा है कि आज जो कुछ मैं कहूंगा आपसज्जन केवळ गुणग्राहकतासे कृपा पूर्व्वक सुनेंगे।

धर्म्म शिक्षा।

इह असार संसारमें धार्म्मिक, व्यावहारीक, शारीरिक और नैतिक उन्नतियोंमें धर्म्मकी उन्नतिही श्रेष्ठ और मुख्य वस्तु है सिवाय इसके हम एक पगभी आगे नहीं बढासकते। संसारमें चाहे जिधर नजर क्यों न डालो धर्म्मकी रोशनीही देख पडती है। जो मूर्ख धर्म्मको छोडकर अंधेरेमें विचरता है वह पग पग पर ठोकर खाताहै हमारा धर्म्म राज मर्रेह के कामके साथ मिला हुआ होना चाहिये। जो काम हम धर्म्मके अनुसार न करेंगे उसीमें धोका खायेंगे। इसीकी अवनतिसे ही हमारी यह दुर्दशा हो रही है। इसीके सुधारके लिये आप सब भ्रातृगण तथा बहनें यहां पर उपस्थित हुई है। यदि हमारे धर्म्मकी सर्व्वदेशव्यापकता, परमार्थिक तथा लौकिक कार्य्यसाधनोपयोगिनी विद्याकी पराकाष्टाका ध्यान किया जाय और उसके साथ वर्त्तमान कालकी तूलना की जाय तो किसीसे अश्रुपात किये विना नाहि रहा जाता। अब किंचिन्मात्र इस जैन धर्म्मकी ओर दृष्टि किजिये तो आपको निश्चय हो जायगा कि जैन धर्म्मके जो सिद्धान्त है उनकी मुख्य प्रवृति परमार्थिक ही है। संसारिक कार्य्य को जैन धर्म्मके आचार्य्य तथा उसके रहस्य वेत्ताओंने गौण माना है। देखिये। तत्वार्थ सुत्रजीमे प्रथमही किस वस्तुका बर्णन है: "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः"। इसका तात्पर्य यह है कि सम्यक् ज्ञान सम्यग्दर्शन तथा सम्यक चारित्र ही मोक्ष मार्ग है, अर्थात् तिनेके मेलसे मोक्ष होता है। इन सबकी पूर्ण रुपसे व्याख्या करनेसे समय अधिक लगेगा, यहा दर्शानेका यह ही हेतु है कि मोक्षकोही प्रधान रख कर उसका स्वरुप समजनेके अर्थ अन्य सर्व्व पदार्थों की व्याख्या की गई है। इसमेंसे एक की व्याख्या करनेसे एक एक ग्रन्थ होसक्ता है, और आचार्य्यों ने किया भी है। परन्तु यहां पर मेरा अभिप्राय केवल आपलोगोंका चित्त इस

ओर आकर्षण करनेका है कि हमारे आचार्योंने पारलौकिक विचार कहां तक किया है। आज कल एसे देश है जहांके अधिवासी चाहें सभ्य हो या न हो परन्तु अपनेको सभ्य बताते है। यदि युरोपके अनुसार सभ्यताका विचार किया जाय तो मालुम होता है कि जड पदार्थोंका ज्ञान जिस देशमें जितना फैला है अर्थात् जड विज्ञानकी सहायतासे जिस देशमें जितनी शिल्प कलाकी उन्नति हुई है, वह देश उतनाही सभ्य समजा जाता है इसी ख्यालके अनुसार सभ्यताकी एक तसवीर हमारे हाथ आई थी। उस तसवीरके पहले पत्रपर असभ्यताकी तसवीर खिंची थी। एक नगा मनुष्य हाथमें लाठी लिये हिरणका पीछा कर रहा है। जिधर नजर डालो केवल मैदानही देख पडता है, न तो मकान और न कोई दुसरे मनुष्यका निशान है। दुसरेमें सिरसे पांवतक कपडा लपेटे हुये मनुष्य ओरजोपडी की तसवीर खिंची थी। उनसे मालुम होता था कि इन मनुष्योंने एक साथ रहनेका उपकार समजा है। दो चारोंके हाथोंमें कुलहाडी, तलवार तथा वरछा है। खेती बारीके मामुली समान इधर उधर पडे हुये है। तिसरी तसवीरमें पक्के मकान और हथियारबंद वीरोंके चित्र देखनेमें आये परन्तु सवारीके सामान हाथी, घोडा, पालकी तथा रथके सिवाय और कुछ न थे। इस तसवीरमें पक्के मकानोंकी कतार तो थी, पर छोटी छोटी गलियां थीं। चोथी तसवीरमें रेल, बिजलीकी रोशनी, बडे बडे पक्के मकान तथा चौडी सडक और भांति भांति के हथयारबंद मनुष्योका चित्र था। उस चारो चित्रके खींचनेवालेने जडविज्ञानके अनुसार सभ्यताकी तसवीर खिंची थी; परन्तु उसे मालुम नहीं कि सिवाय धर्म्म के चाहे जितनी उन्नति क्यों न करो, अंतमें मनुष्यभव सफलकर मोक्षरुप उतकृष्ट पदका अधिकारी नही हो सकता। आजकाल स्कुल कालेजमें विशेष करके केवल जड विज्ञानकी ही शिक्षा होती है; परन्तु इस शिक्षासे आत्माकी असली उन्नति नहीं होती यद्यपि यही होता तो अमेरीका, जो जड विज्ञानमें इस समय सर्व उच्चस्थान अधिकार करता है, वहांके अधिवासी छुट्टीके दिन अमेरिकाके आदिम अधिवासी रेड इंडियनको बंदुक लेकर शिकार करने न जाया करते। गत चीन युद्धमें जर्मन जेनेरलने वहां जानेवाले सिपाहीयोंको सम्बोधन कर कहा था कि चीनमें पहुंचकर मर्द औरत या बच्चे जिसे सामने पाना उसीको अपने बंदुकका निशाना बनाना। अब सोचिये यह कैसी सभ्यता है। धर्महीकी कमी बेशीसे मनुष्य असभ्य तथा सभ्य हो सकता है धर्मकी शिक्षा ही इस दुनियामें प्रधान शिक्षा है। परन्तु प्रायः वर्त्तमान समयमें हम इस शिक्षासे एक प्रकार परान्मुख हुवे है। अब इस अभावको दुर करणार्थ योग्य उद्यम करना उचित है। यद्यपि कहीं कहीं पाठशालायें स्थापित हुइहै,—कि जो हालत मोजुदामें हमारी जात्योन्नतिके लिये नही की बराबर कही जा सकती है, तथापि 'अकरणात् मंद करणं वरं' इस न्यायके अनुसार कुछ ही हो रहा है। इसमेंही संतुष्ठ होना उचित नही है परन्तु धर्म की सम्पुर्ण शिक्षा मिलनेका प्रबन्ध करना कुल जैन समाजका प्रथम कर्त्तव्य है।

धार्मिक शिक्षाके साथही संसारिक शिक्षा।

धार्म्मिक शिक्षाके प्रबंधके साथही साथ यह विचार भी अवश्य रखना योग्य है कि अब यह समय नहीं है कि जिसमें केवल धार्मिक शिक्षाही काफी समजी जावे और

उसमें लोगोंकी अधिक प्रवृत्ति हो । क्यों कि समय ऐसा आगया है कि प्रायः मनुष्योंका विचार प्रथम जीविकाकी ओर जाता है पश्चात् परलोक सुधारनेका काम समजाता है । अतएव प्रत्यक स्थानमें ऐसी शिक्षाका प्रबंध होना उचित है कि वहां पर व्यवहारिक विद्याके साथही साथ धार्मिक शिक्षा दी जाय । देखिये हमारी जातिमें तो अन्य जाति तथा अन्य सम्प्रदायकी अपेक्षा अंग्रेजी विद्याकी कम उन्नति हुई है सो प्रायः आप सज्जनोंसे अविदित नही है । यद्यपि इस पञ्चम कालमें प्रधान विषय सांसारिक व्यवहार और संसारकी उन्नतिही लोग समज रहे है हमारे जैन भातृगणोंका चित्त उधरभी उचित रीति से आकर्षित नही है । हमारी दशा तो यह हो रही है कि " इतो भ्रष्ट स्ततो भ्रष्टः " क्यों कि यदि अपने श्वेतांबर जैन जातिके उपर द्रष्टिपात करें तो बि.ए. म.ए. उंगलियों पर गिनने लायक मिलेंगे । किसी कीसी प्रांतमें तो यह दिखाई पडता है कि अभि अमुक मनुष्य इस जातिमें बीए एम अथवा प्लीडर हुवा हैं । ए.य इससेह मारी शोचनीय दशा नहीं कहनी चाहिये? हां, गुजरात तथा बंबई प्रांतके हमारे जैन बंधुओंन कुछ कुच्छ जाग्रत होकर डाकटर, वकील, बरिष्टर आदिके पदवीसे अपनेको भूषित किया हैं । परन्तु उनकीभी दशा अभितक सन्तोषदायक नहीं है, किन्तु युक्त प्रांत, विहार, बंगाल आदिके जैन भ्रातृगण तो अद्यावधि कुंभकर्णकी निद्राहीमें निमग्न हैं । इसी निद्रासे जाग्रत करानेके लिये आप सब महाशय यहां पर उपस्थित हुये हैं । जिस समय अज्ञानरूपि निद्रासे हमारे भाई जाग्रत हो जायगे, उसी समय जितने व्यवहार हानिकारक हैं वे आपसे आप नष्ट हो जांयगे । क्यों कि अज्ञान निद्रासे जाग्रत होना तब ही कहा जा सक्ता है जब मनुष्य ज्ञान दशाको प्राप्त करें । ज्ञानादि ऐसा साधन है कि उससे मनुष्य, मनुष्य शब्दसे कहला सक्ता है, नहीं वह पशुतुल्य है । इस ज्ञानको हमारे आचार्योंने पांच विभागमें विभक्त किया है, जैसे मति, श्रुत, अवधि, मनः पर्याय तथा केवल । इसकी व्याख्याका अवसर नहीं है क्यों कि इस समय हम सब जातिय सुधारके लिये यहां पर एकत्रित हुये हैं । यहां पर दिक प्रदर्शन का यह तात्पर्य है कि हमको सांसारिक सुधारोंके साथही अपना मुख्य लक्ष ज्ञानकी प्राप्ति की तरफ अवश्य देना चाहिये, और ऐसी प्राप्ति तबही हो सक्ती है जब हमारे शास्त्रकी पुर्णरूपसे पठन पाठणकी व्यवस्था स्थापितकी जाय । इसका विचार अवश्य इस समय कर्त्तव्य है । जिस कारणसे जैन जातिका गौरव है वह केवल परमार्थिक तथा लौकिक ज्ञान साधनके अनेक प्रकारके धर्म ग्रन्थ ही हैं । जिसको पढना पढाना तो दुर, हम नाम तक विस्मृत होते जाते हैं । इस लिये हम सबका यह मुख्य कर्त्तव्य है कि उनकी पूर्णरूपसे रक्षा करें । हमारे धर्म्म ग्रंथ तथा अन्य विषयोंके बहुतसे ग्रंथ प्राकृत संस्कृतमें हैं । उनको पूर्णरूपसे प्रगट करनेमें हम सबको तन, मन तथा धनसे कटिबद्ध हो जाना चाहिये । इनकी रक्षाकी यही विधि है कि जहांतक हमको ग्रन्थ उपलब्धहों उनको एकत्रित करके विद्वानसे शोधन कराकर प्रकाश करें । और कठिण संस्कृत तथा प्राकृतके ग्रंथो का विद्वानोंसे अनुवाद कराकर छपवावें । जहांतक हो उनकी स्वल्प मूल्य रखकर सबको खरीदनेका अवसर दें । जैन मतकी वृद्धी न होनेका यह एक मुख्य कारण है कि हमारे सिद्धांतके ग्रंथही लोगोंके हस्तगत नहीं है । देखिये युरोप तथा अमेरीकाकी प्रजा प्रायः समस्त इसाई है । वहांपर इसाई मत फैलानेकी उपरी

इछिसे आवश्यकता नहीं प्रतीत होती, तथापि ऐसा कोई दिवस नहीं जाता होगा जिस दिन दोचार हजार बाईबल तथा उनकी स्थान स्थान पर व्याख्याके विज्ञापन न बट जाते हो दुरदर्शी ईंगलेन्ड आदि देशोंकी अंगरेज प्रजा तथा राजकीय वर्गके लोग इस बातकी भलि भांति अपने अंतःकरणमें जानते हैं कि हमारा जातियत्व हमारे धर्मकेही मूल पर निर्भर है। जब इसका मूल अश्रद्धादि द्वारा शिथिल हो जायगा तब खीष्ट मतावलम्बियोंको एकतारूपी एक सूत्रमें गुथे हुये रहकर जो जो आनंद अनुभव कर रहे हैं, वह स्वप्नमेंभी हमको नहीं प्राप्त हो सकेगा। अतएव निज जन्मभूमि तथा भारत आदि देशोंमें बहुत अर्थ व्यय कर सर्वत्र बडे बडे उपदेशक नियत किये हैं; और प्राय संसार भरकी सब भाषाओंमें बाईबेलका अनुवाद होकर विना मूल्य या अति स्वल्प मूल्यपर वितरित होते हैं। क्या हमारे श्वेतांबर भ्रातृगणभी ऐसा करनेका साहस करेंगे? यह हमने किसी इसाई मित्रके मुखसे सुना है कि बाईबेलका अनुवाद अबतक २७५ भाषायोंमें हो चुका है और प्रति वर्ष दो चार भाषामें होताही जाता है। यह हमने माना कि हमारे समिप उतना व्यवसाय करनेकी सामर्थ नहीं है, तथापि यदि उद्यम करें तो बहुत कुछ करसकते हैं।

जैन धर्मकी क्रमवार वांचन माला।

इसके साथही साथ बालकोंके धार्मिक शिक्षार्थ जैन धर्मकी क्रमवार वाचनमाला तैयार करनाभी अवश्यक है, और इस विषय पर उद्यमभी हो रहा है। ऐसा तैयार होनेसे हरएक स्कुलमें तथा पाठशाला बोर्डिंग वगैरामें बालकोंके केलवणीके अर्थ बहुत उपयोगी होवेगा इसमें संदेह नहीं है।

अब मैं उन वाचन मालायोंके विषयोंका कुछ कुछ उल्लेख करता हूं। आजकल हिन्दी, उर्दु, फारसी आदिमें जितने वांचनमाला प्रचलित हैं उनमें हाथी, घोडा, गाय, बकरी आदिका बयान रहता है। किसी २ में अंगरेज महानुभवोंका जीवन चरित्र भी रहती है। परन्तु इस देशके बहुतसे महापुरुषोंका नाम तक कोई नहीं जानता। अंगरेजी ढंग पर जो वाचन माला लिखे जाते हैं उनके पढानेसे नतीजा यह होता है कि हमारे बालक बचपनसेही अंगरेजोंका अनुकरण करना सिखते हैं जब बडे होकर दुनयवी काम काजमें प्रवर्त्त होते है तब न तो वे अपने धर्मको भली भांति जानते हैं और न अपने महापुरुषोंसे सरोकार रखते हैं।

हमारे वाचन मालायोंमें उत्कृष्ट श्रावक श्राविकायोंकी जीवनचरित्र धर्मकी छोटी छोटी नसीहतें, तथा ऐसी कथायें जिसमें विनय आदि गुणोंका उल्लेख हो समावेश होना चाहिये।

सेंट्रल जैन कॉलेजको आवश्यकता।

जैन युवकोंके व्यवहारिक उच्च केलवणीके साथ धार्मिक उच्च शिक्षाके लाभार्थ एक सेंट्रल जैन कालेज होनेकी आवश्यकता पर कुछ रोजसे चर्चा चली रही है। अवश्य इसका उद्यम बहुत प्रशंसनीय है: लेकीन ऐसे उच्च शिक्षाका यथायोग्य प्रबंध करनेमें बहुत अर्थकी आवश्यकता है, कि जिसका एकत्रित होना हमारे जैन भाईयोंकी उदारतामें कुछ असंभव मालूम नहि होता: ऐसे कालेजकी उन्नतिके वास्ते प्राथमिक फर्जीयातके केलवणी तथा सेकेंडरि केलवणीका सम्पूर्ण रीतिसे प्रबंध करके समाजकी उन्नति करना जैन समुदायका प्रथम काम है.

## बोर्डिंग खोलनेकी आवश्यकता।

ऊंची केलवणी और प्राथमिक शिक्षा उभयोंको उन्नति, पूर्णता तथा उत्तमताके लिये बड़े बड़े नगरोंमें बोर्ड अर्थात् जैन छात्रालय अवश्य स्थापन होना चाहिये। क्यों कि इसके बिना बहुतही हानि है बल्कि एक प्रकारसे इसके सिवाय हमारी शिक्षा रुक रही है। सिवाय सेठ साहुकारोंके अन्यान्य स्थितिके लोगोंको उच्च शिक्षा पानेमें इसी लिये रुकावट होती है, कि जिस स्थानमें एम., बिए, तथा वकालत, डाक्टरी आदिक शिक्षा दी जाती है वहांका व्यय नहीं उठा सकते; और जो व्यय उठानेके समर्थ हैं, वे भी उत्तम प्रबन्ध न होनेसे अपने बालकोंको वहां पर नहीं भेज सक्ते। इस कारण उन बोर्ड आदिमें उद्यमकी आवश्यकता प्रतित होती है। यह जैन बोर्डिंग इस प्रकारका होना चाहिये कि जिसमें जैन मतके बालक सुख पूर्व्वक रह सकें और सबके भोजन शयनादिका उत्तम प्रबंध हो। एक ऐसे निरिक्षक [ इन्स्पेक्टर ] के अधिकारमें सब छात्र रहें जो सच्चरित्र और विद्वान हों जिससेकि रात्रिमे जब सब बालक एकत्र हों उनको एक या आधे घंटा धार्म्मिक और नैतिक शिक्षा देसकें। इस बोर्डिंगसे अनेक लाभ है। सब बालक इसमें रहकर निज २ अभिष्ट कालेजोंमें पढते हुये इसमें बिना किसी प्रकारके वा अल्प व्ययके रह सकेंगे। परस्परकी सहायतासे विद्योन्नतिमें सुगमता होगी। उत्तम सच्चरित्र मनुष्यके निरीक्षणमें रहनेसे चाल चलन नष्ट होनेका भय नहीं रहेगा। जो व्ययके अभावसे पढना त्याग देते है, वे पढ सकेंगे। सबको एकसा शुद्ध भोजन मिल सकेगा; इत्यादि अनेक लाभ हैं। यह बोर्डिंग शहरके उत्तम भागमें तथा जहांसे सब कालेजोंमें जानेमें सुगमता हो ऐसे स्थानमें होना चाहिये। दीन और योग्य छात्रोंके वृत्तिका भी उत्तम प्रबंध होना अत्यावश्यक है।

## शिल्प शिक्षाकी आवश्यकता।

एक समय भारतवर्षकी उन्नति शिल्प कलासे हुईथी. ढाकेका मलमल, मकरानेके पत्थरका कारुकार्य्य और .मुर्शिदाबादके हथिदांतका शिल्प आजतक विदेशीयोंको अचम्भित करते हैं। मलमलका आदर युरोपकी रमणियां आजतक करती हैं। पत्थरका कारुकार्य्य अगरजो इस देशसे बहुत कुछ जाता रहा है, तथापि जो निशानियां वर्तमान हैं, केवल उसको देखकर अंगरेज भारतवासियोंको सम्मान करते है; और भारतवासीयोंमेंसे गौरव हमारा ही है कि आजतक श्री आबुजिके मंदिरका कारुकार्य्य न केवल हमारी शिल्पकला बलकि सभ्यताका परिचय देता है। आबुही का मन्दिर सूक्ष्म कारुकार्य्यमें पृथिविके कुल मंदिरोंसे बढ कर है।

आजकल हमारी ऐसी दुर्दशा हुई है कि हम पुरानी शिल्पकलायोंको भूलकर नौकरीको तलाशमें भटकते फिरते हैं। ऐसी शिल्पकला जिनको हम काममें ला सक्ते हैं क्यों उनका उद्योग न करें? एक समय हमहीनें न केवल शिल्पकला बलकि सौदागरी की उन्नति कर कुल पृथिविके अधिवासीयोंको स्तम्भित किया था। भारतवर्षसे भेजे हुए द्रव्य कुल पृथिवीमें आदरसे ग्रहण किये जाते थे। उस समय जैनीयोंनेही वाणिज्यकी

उन्नति की थी । [illegible] शिल्पशास्त्रको छोडकर हमारी कैसी अवनति हुई [illegible] और आ-[illegible] उसे [illegible] उन्नति [illegible] उच्च शिखरपर [illegible] है । [illegible] अपनेको [illegible] है, वे भी [illegible] माने । अभी थोडे दिनकी बात है कि [illegible] यह [illegible] फिक कोई [illegible] शिक्षा [illegible] भेजा जाय ।

हमारे [illegible] यह [illegible] शिल्प [illegible] बालकोंको सिखाना चाहिये । [illegible] सिखाना उचित है । [illegible] उद्देश किया गया है । [illegible] साथ एक [illegible] चाहिये । [illegible] एक मेको [illegible] हानि नहीं [illegible] उन्नति करेगी, [illegible] हजरत [illegible] चाहिये ।

[illegible]

[illegible] की शिक्षा [illegible] की अवनति है । [illegible] वंचित रहते हैं । [illegible] होनेसे [illegible] है । वे उस [illegible] क्या [illegible] शिक्षित होनेसे [illegible] हैं परन्तु [illegible] सकती हैं, और उनके [illegible] हम [illegible] और परंतु घरमें [illegible] जाती है । क्योंकि गृहस्थी [illegible] कार्य तथा बालक बालिकाओंका [illegible] स्त्रीयोंके हाथ [illegible] हैं । कोई महाशय स्त्री शिक्षामें दोष प्रदर्शित करते हैं । यद्यपि यहां इस विषय का समर्थ करनेका समय नहीं है तथापि इतनाही कह देना काफि होगा कि विद्या या ज्ञानका सम्पत्ति कदापि हानिकारक नहीं हो सकती; यदि यह है, तो पुरुषों के लिये भी हानि-कारक क्यों नहीं? हां, यह तो आवश्यक है कि पठन व्यवस्था या पाठशालाओंकी उत्तमोत्तम शुद्धस्थिति करनेका पूर्ण उद्योग होना चाहिये । विद्याही सब दोषोंको दूर कर सकती है । जैसा कि किसी कविने कहा हैः—

" जाड्यंधियो हरति सिंचति वाचि सत्यं, मानोन्नतिं दिशति पापमपाकरोति ।
लक्ष्मीं तनोति वितनोति च दिक्षुकीर्तिं, किं किं न साधयति कल्पलतेव विद्या ॥

इत्यादि विद्याके अनेक गुण हैं । तब स्त्री जाति उससे क्यों बञ्चित रक्खी जाय और इतिहास कथाओंको अवलोकन करने अनेक श्राविकायोंके पंडिता होनेका प्रमाण मिलता है । इंग्लंड आदि देशोंका सुधार अधिकांशमें स्त्री शिक्षा ही से हुआ है सो किसी बुद्धिमान पुरुषको अविदित नहीं है ।

[illegible] के बारेमें कई उल्लेख हो चुके हैं, उनको फिर उल्लेख कर मैं आप [illegible] बहुत समय नहीं लेना चाहता केवल यहांके आदर्श पाठशालेका उल्लेख करता हूं। इस [illegible] पाठशालेकी बुनियाद एक [illegible] जाती है। इसमें आरंभसे धर्मकी [illegible] दी जाती है। पुस्तकों के पठन के सिवाय [illegible] तथा [illegible] आदि [illegible] जाता है। इसके सिवाय [illegible] से किस [illegible] कर सकते हैं इत्यादिकोंका शिक्षा दी जाती है। हमारे ख्याल [illegible] के लिये पाठशालायें खोल [illegible]

[illegible] जय।

[illegible] उसी [illegible] कुसंप इ- [illegible] सुखका [illegible] यदि इसे [illegible] योग्य [illegible] प्रवेश [illegible] पराक्र- [illegible] पैर जब [illegible] नहीं [illegible] निर्मू- [illegible] प्रत्य- [illegible] कीर्तिसे प्रतिष्ठाको [illegible], दूसरेकी उ- न्नति नहीं [illegible] कारणोंसे उत्पन्न होता है। [illegible] हमारा जैन धर्म क्ष- मा [illegible] गुण [illegible] है, परंतु [illegible] परस्परमें संपका क्षय हो- कर [illegible] वृद्धि होती जाती है। इस के कथनसे मेरा यह तात्पर्य नहीं है कि सर्वथा सब पुरुष ऐसे हैं अथवा किसी व्यक्ति विशेषसे कोई अभिप्राय

हो, किन्तु यही आशय है कि अनेकता का संसर्ग हमारे जातिमें अवश्य है। देखिये! जब यह धर्म श्री तीर्थंकरों के द्वारा पूर्णरूपसे विस्तृत था उस समय केवल एक जैन शब्दसे ही अपनि जाति भूषितथी और उसी एकता का प्रचार कर जो कुच्छ लाभ इस जातिने उठाया उसका ज्यादा वर्णन करनेकी आवश्यकता नहीं है। भाईयो! हम अपनी उन्नति करनेमें कटिबद्ध हुये हैं। इस समय हमें एक दुसरे की सहायता लेनी पडेगी। सिवाय कुल भाईयों के मिलित सहायता से जातीय उन्नति होना कठिन है। जो काम एकसे नहीं होता, दश मिलकर उसे आसानी से कर डालते हैं। उस दिनें एक विलायती मासिक पत्र हमारे हाथ लगाथा। इस पत्र चीनके बक्सर युद्धके समय प्रकाशित हुया था। इसमें सम समायिक दो सुन्दर तसवीरे थीं। प्रथम तसवीरमें एक राक्षसके दो हाथ

तथा दो पैर थे, परंतु इसके बहुतसे सिर थे। एक सिर पर जर्मनी, एक पर फ्रेंच एक पर इटालि, एक पर रुस और एक पर इङ्गलण्ड लिखा हुआ था। इससे यह प्रकट होता था कि राक्षस महादेश है और उस राक्षस का हरएक सिर युरोप की शक्तियों का स्थान अधिकार किये हुये है। हरएक मस्तक एक दूसरों को निगलनेके लिये मुह बाये हुये थे। इस तसवीरके निचे लिखा हुआ था "युरोपकी शक्तियां। इस तसवीर से यह मालुम होता है कि युरोपकी शक्तियां एक दूसरेकी शत्रु है: जब उनमें किसी को अवसर मिलेगा तो वह दुसरेको अथवा सबको निगल जायगी। जबानी मित्रता चाहे कितनी क्यों न हो, एक दूसरी शक्तियोंके सम्राटों में नातारिस्ता क्यों नहीं तथापि जब मौका मिलेगा तब कोई शक्ति दुसरेको न छोडेगी, निगल जायगी। अब दुसरी तसवीरका हाल सुनिये। इसमें राक्षसके हाथ पैर बहुत थे पर मस्तक एक था; और इस तसवीरके निचे लिखा हुआ था कि " विदेशमें शक्तियां अर्थात जब युरोप छोड कर इह शक्तियां दुसरे पर चढाइ करती है तब एक हो जाती है। जब एक होकर यह किसी पर चढाई करती है तो उसका तमाम हो जाता है। इसी तरहसे भाइयों हममें चाहे कितनाही झगडा क्यों नहीं परन्तु जातीय उन्नति करनेके समय हमें जरुर एक हो जाना चाहिये. एसा नहीं किया जायगा तो हमारे समाजकी शक्ति न्युन हो जायगी। इस लिये हम सबको परस्परमें स्नेह भावकी वृद्धिकर कुसंपरुप राक्षसको दुर हठाके ऐक्यभाव धारन करना चाहिये।

## जीर्ण मन्दिरोद्धार और प्राचीन शिला लेख।

राजप्रतिनिधि होकर लोर्ड करझन जब प्रथम इस देशमें आये थे उस वखत राजधानी कलकत्तेमें उनका स्वागत हमारी जाति के तरफ से किया गया था और उसके उत्तरमें ऊनोने यह कहा था कि जैन लोग ही वाणिज्य तथा दानमें भारतवर्षमें प्रधान है। हम अपने पुराने मन्दिरो से यह साबित कर दिखाया है कि भारतवर्ष एक समय उन्नतिके शिखर पर आरुढ था। परन्तु हाय। आज अपनी गिरी दशाको याद करते आंखों से आंसु टपकने लगते हैं॥ अभी तक हमारे मन्दिरो का बुरा हाल है॥ जरा उस और नजर डालिये देखियेगा कि यहां का कारुकार्य खचित पत्थरजाता रहा है, वहां का मुलम्मा हमेशा के लिये अतीतके गर्भ में लीन होगया है॥ अंगरेज हजारों कोसोंसे इस देशमें आनकर पुरानी स्मृतियोंकी रक्षा करनेका बहुतही व्यग्र करते हैं॥ और हमलोग अपनी पवित्र मूर्त्तियोंकी स्थानकी ओर नजर तक भी न डालते॥ हाय! हमारी जाति के वह महानुभाव कहां है कि जिनकी कीर्त्तियां देखकर स्वदेशवासियोंकी कौन कहे, पाश्चात्य जातियोंको आंखेभी चौंधिया जाती है॥ अब बताइये भाइयो जिन पवित्र मूर्त्ति तथा मन्दिरों के लिये हमारी प्रसिद्धि है तथा धर्मके अनुसार जिसको मरम्मत करना हमारा फर्ज है,-यहां तक के नवीन मन्दिर प्रतिष्ठासे जीर्णोद्धारमें अष्टगुण फल ज्यादे होता है, हम ऊसके लिये क्या कर रहे हैं? भाइयो जितना शीघ्र हो सके मन्दिरोंकी मरम्मत करवाईकर पुरानी कीर्त्तियो की रक्षा कर अपनी उन्नत गौरवको गारत होनेसे बचाइये और साथही साथ धर्मकी पूंजीको बढाइये॥

अब हम लोगोंको प्राचीन शिला लेखों के शोध संग्रह और रक्षण पर विशेष ध्यान देना चाहिये। सनातन जैन धर्मकी प्राचीनता और गौरव सिद्ध करनेमें यह प्रयत्न प्रमाण कहां तक सहायक है सो सबको मालुम है। इसके सिवाय अनेक लुप्त ऐतिहासिक वृत्तांत इससे प्रकट हो सकते हैं॥

## श्री संघ बेंक॥

किसी जातिकी उन्नति करनेमें सर्वाङ्ग उन्नति की आवश्यकता होती है॥ इस समय हम लोग कुल विषयोंके सुधार तथा उन्नतिकी चेष्टा कर रहे है॥ हमने अपने जातिको सिरसे कटि तक मोरस्सा लिवास पहना रक्खा है, परन्तु अभि तक उसे पैरके बल खडे होनेको अवसर नहीं दिया॥ अर्थ परही जातीय उन्नतिका दारमदार है॥ हमारे चंदेका रुपया इधर उधर फैला हुया है और तीर्थोका भण्डार धर्मादे की रकम ( ट्रष्ट फण्ड ) आदि कीसी खास जगहमें नहीं है। इन अर्थोंसे न तो पुरी आमदनी होती है और न इसका बन्दोबस्त सब जगह अच्छि तरह होता है। यदि ऐसे अर्थोंको जमा कर एक बेंक खोला जाय तो उसी अर्थसे एसी आमदनी हो सकती है कि जिससे पाठशाला, जीर्णोद्धार निराश्रिताश्रय वगैरह अच्छे काममें लगे सकता है। ऐसे बेंकके मुनाफेकी आमदनीसे सबसे प्रथम जिस मंदिर या जिस धर्म्म खातेसे वह रुपया एकठा होकर बेंक स्थापित किया गया है उनका एक नियत हिसाबसे व्याज दिया जाय। इसके पीच्छे जो कुछ मुनाफेकी रकम बचे उसके नियत मासिक हिस्से होकर कुछ हिस्से अछे कामोंमे लगाये जाय और एक हिस्सा बेंकके पुंजीमें डाली जाय। मैं समझता हुं कि अगर इस तरह से अच्छे बंदोबस्तके साथ बेङ्कका काम शुरु किया जाय तो अनेक प्रकार की उन्नतिकी आशा है। युरोप अमेरिका आदिके निवासीतो इस बातको भलि भांति समझ गये है, कि धार्म्मिक फंडका द्रव्य कमिटीके हाथ में रखने से बहुत अच्छी तरह धर्म्मका कार्य्य चल सकता है। इसी लिये वे लोग एक पैसेसे लेकर करोड रुपये तक दान देंगे तो धार्मिक कमीटीको ही देंगे। उचित है कि हम लोगभी उस आदर्शपर योग्य ध्यान देकर अपनी उन्नतिमें कदम बढावें।

## जीवदया।

जीवदया हमारे धर्मका पहला कर्त्तव्य और इस जीवनका प्रथम व्रत है। हमें चाहिये कि हम उसकी ओर पुरा पुरा ध्यान दें। वह देखिये जानवर कसाइयोंके पंजेमें पड कर आह आहि चिल्ला रहे है। उधर देखिये, हत्यारे शिकारी गरीब परंदोको पकडनेके लिये फन्दा लगा रहे हैं भाइयो! यह अवसर त्यागना नहीं चाहिये। जानवरोंके बचानेमें कटि बद्ध होके गउवों तथा अन्यान्य जीवोंकी रक्षा करनेके लिये कलकत्ता बम्बइ आदिमें स्थापित पिञ्जरापोलके ढंगपर हर एक नगर और ग्रामके पञ्चायती मन्दिर वा दादा वाडिके साथ पिञ्जरापोल खोलनेका प्रबंध करना चाहिये। ऐसा हर तरहका उपाय होना चाहिये जिसमें जीवोंकी रक्षा हो, इसी विषयमें हम अधिक कुछ कहना नहीं चाहते। कारण हमारे पूर्वजोंने इस बारेमें बहुत कुछ कहा है, और इस बारेमें हर साल ठरावभी होते आये हैं। केवल जीवोंको मौतके हाथसे बचानेके

थे । खुद गवर्नमेंटने पशुयोंके लिये अलग ( वेटर्नरी ) डाक्टर नियत कर रखे हैं, परन्तु यदि उनके प्रबन्धके साथ साथ हमारी सहायता उनको मिली तो हर शहर तथा गांवमें ऐसे डाक्टरखाने प्रतिष्ठित हो जांयगे । जिस तरहसे हमारे शरीरमें बिमारी रहने पर हमको तकलीफ होती है वैसेही जानवरोंमेंभी बिमारियोंका असर रहनेसे उनको कष्ट होता है इसलिये हमें पशुयोंके डाक्टर नियत करनेका शीघ्र प्रबन्ध करना चाहिये ।

## निराश्रिताश्रय ।

हमारी जातिके जो भाई अपने बालबच्चोंके लिये कुछ छोडो नही जा सकते जिनके बच्चे चिथडे पहने दरबदर फिरते हैं ; क्या उनके लिये आपके दिलमें जराभी रहम नही आती ? जब आपका बेटा बेटी आपसे अच्छा पोशाक मांगता है तब क्या आपका ख्याल उन यतीमोंकी ओर नही जाता । जो महाशयोंको दुसरेकी तकलिफ देख कर हृदयमें चोट नही पहुंचती, वे अपने बालबच्चोंकी भी उन्नति नही कर सकते । हमारे ख्यालमें हर एक नगरमें पंचायतीके मन्दिर वा दादावाडिके सम्हालनेके लिये स्थानीय सद्गृहस्थोंकी अलग कमीटी होनी चाहिये । इस कमीटीको उचित है की पंचायतीकी तर्फसे एक निराश्रिताश्रय बनाय और उसीमें जातीय यतीमोंको रखनेका प्रबन्ध करें । यह ख्याल न करना चाहिये कि यतीमोंको खाना कपडा देने ही पर हमारा फर्ज अदा हो गया । उनकी शिक्षाकीभी व्यवस्था करनी चाहिये । किताबी शिक्षा पानेके बाद शिल्प कला आदि सिकनेकाभी अवश्य प्रबन्ध होना चाहिये, कारण हमारी जातीमें व्यापारसेही उन्नति को; इसलिये यह मार्ग कभी न छोडना चाहिये

इसके हाथ एक और फन्ड एसा खोलना चाहियेकि जिससे गरीब विधवायोंको सहायता मिला करे । पूर्व्वोक्त कमिटीको ऐसा विधवायोंकी एक फहरिस्त बनानी चाहिये, जिन विधवायोंको खाने कपडेका पूरा कष्ट हो । फंडकी आमदनीके अनुसार इन विधवायोंको माहवरी कुछ कुछ वृत्ति दी जाय जिससे उनका थोडा बहुत अभाव दुर हो सके । हमारी जातिमें ऐसी हजारो विधवा है जिनको दो वखता खाना मिलना कठिन है, परन्तु असराफ घरा नेकी होकर वे दुसरेके पास हाथ पसार नही सकती । क्या हमें उनके लिये यतीम खानेके ऐसा कई फंड न खोलना चाहिये ?

## हानिकारक रिवाज.

शायद् ही दुनियाके परदे पर ऐसी कोई जाति है जिसमें हानिकारक रिवाज न हो यूरोपके अधिवासी जो अपनेको सभ्य समाजका आदर्श समजतेहैं उनमेभी हजारों हानिकारक रिवाजे है । यहां पर मैं उन रिवाजोंका उल्लेख करना नहीं चाहता; परन्तु यह बात निश्चय है कि जब जो हमारे राजा बनते हैं हम उनके कइ रिवाजोंका, चाहे वे बुरे हों या भले अनुकरण कर लेते हैं । अंग्रेजोके साथ राजा प्रजाका प्रबन्ध होनेसे भारतवासियोंके कई रिवाज तथा चाल चलन धीरे धीरे बहुत कुछ बदलता जाताहै । मैं यह कहना नहीं चाहताकि जितना पाश्चात्य रिवाजोंके अनुकरण हुये हैं वे सब हानिकारक हैं केवल तात्पर्य यहहै कि राजाके जातिके सहित पाला पडनेसे अधिन जातिके रिवाजोमें कुछ न कुछ फरक पडही जाताहै । एसी बहुत रिवाजें हममें प्रचलित

परन्तु ऐसा रिवाज जो केवल एकही गांव तथा शहरमें प्रचलित नहीहै, बल्कि बहुत स्थानोंमें रायज है उनमेंसे दो चारोंका उल्लेख करना चाहता हुं ।

## मृत्यु पर छाति पिटना ।

मुसलमानोंकी अमलदारीमें हमने उनके रिवाजोंका अनुकरण कियाथा । उनके कई रिवाज अभी तक हममें प्रचलित है । उनमेंसे विशेष हानिकारक रिवाज किसीसे मृत्यु पर छाती पीटनेका है । न मालूम इस बनावटी दुःख प्रकाश करनेसे क्या लाभ । क्या जो हमारी जातिके नही है और हमारी जातिके मनुष्यभी इस तमाशेको देख कर मनही मनमें नही हंसते ? अपशोस है कि हम जिस्को जीते जी इज्जत किया करते थे मरने पर हम इस्तरहसे उनकी मट्टी पलीद करतेहैं । हाय हमारी कैसी गिरी दशा उपस्थित हुई है । जब तक हम ऐसी रिवाजको न रोकेंगे तब तक हमारी उन्नती होना मुस्किलहै ।

## विवाहमें आतशबाजी और गणिकाका नाच.

धर्मका नाश करनेवाला एक रिवाज हमारे यहां बहुत ही बुरा है । जीवदया हमारे धर्मका मुख्य साधन है परन्तु हमारी जातिमें ऐसी रिवाज प्रचलित है जो उस धर्मको नाश करता है । केवल क्षुद्र जीवोंके बचानेके लिये हमारे यहां रात्रि भोजन निषेध है । परन्तु अनुकरण की इच्छा हममें बलवती होने पर ही यह रिवाज प्रचलित हुया है । विवाहके समय अक्सर आतशबाजीकी व्यवस्था की जाती है अपने महापुरुषोंमें इतनी दयाथी कि वे औरोंकी जान बचाने तथा उपकार करनेमें कष्ट सहने पर भी तैयार थे । और हम उनकी जगह दुसरोंकी देखा देखी धर्मविरुद्ध कार्य करनेमें नहीं हिचकिचाते । यदि यह रिवाज शीघ्र हमारी जातिके जाता न रहा तो हम जैन कहलानेके योग्य ही नहीं हैं । हमने सूना है कि जोधपुरके भाइयोंने यह निश्चय कर लिया है कि वे अब विवाहमें आतश बाजिका प्रबंध न करेंगे । अब हमेंभी चाहिये कि उनोंका अनुकरण कर इस धर्मविरुद्ध रिवाजको बन्ध करें । इसही तरह पर विवाहके समय गणिकाका नाच कराकर श्रावकके उत्तम पैसेको बरबाद किया जाता है । भांडोंकी कुसंगमें शामिल होना पडता है । जो पैसा उत्तम काममें लगना चाहिये, वह उस अधमाधम गणिकाके काममें आता है । इसके सिवाय-ऐसे उत्तम और माङ्गलिक विवाहके समय रण्डीका शामिल होनाही बुरा है । ऐसे समयपर तो सौभाग्यवती स्त्रीयोंका काम है न यह कि रण्डीका शामिल किया जावे ? विवाहका मतलब ही यह है कि वरवधू जैनधर्मानुसार देशविरचित आचार पाल कर सुशिल रहें फिर वर या बधूके सामने खडा करके उसके हाव भाव कटाक्ष दिखला कर प्रथमसेही उनके दिलोंकी वृत्तिको खराब क्यों किया जावे ?

## विवाहादिमें फजुल खर्च ।

आज हम लोगोंके चरित्रमें यह ख्याल कूट कूट भर दिया गया है कि लोगोंके सामने हम अपनी अवस्थासे बढ कर बात बनाये । मौका आजाने पर हम अपनी बनावटी अमीरीको साबित करनेके लिये अवस्थासे अधिक खर्च कर डालते है । इसी

कारण विवाहादिके समय हम अपनी अमीरी जाहर करनेके लिये करज लेकरभी खर्च करते है । नतीजा यह होता है कि दो चार दिनकी चांदनी बीत जातीहै और फिर अन्धियारी सामने आकर खडी होती है तब बचा कुचाभी हम अपनी इज्जत बचानेमें खर्च कर टुकडे मांगने के लायक हो जाते हैं । अब सोचिये कया हम ऐसे रिवाजके पाबंद होकर ऐसी दुर्दशामें गिरें? ऐसी रिवाजोंको तो सर्व्वथा परित्याग करनाही योग्य है।

बाललग्न ।

बचपनमें बिवाह देनेका रिवाजभी बहुत खराब है । आल ओलादकी तो कौन कहै, खुद पिता माता अर्थात् जिनकी बचपनमें शादी होतीहै, इस दुनियासे शीघ्र अवसर लेकर दुसरेको पधारते हैं । इसके सिवाय बचपनमें जिनकी शादी होतीहै, वे दुनियवी कामोंमेंभी उन्नति नहीं कर सकते । सब मा बापोंकी अवस्था तो ऐसी नहीं होती कि बेटेके बालबच्चे होनेपर वे उनकी परवरिश कर सकते हों इस कारण उनके बेटेको विद्याभ्यास वगैरह छोडकर कम उम्रमें पराई तावेदारीके लिये फिरना पडताहै । अब सोचिये इस हालतपर उनकी कैसे उन्नति हो सकतीहै । हमको चाहिये कि जितना शीघ्र हो शके इस रिवाजको बन्द करें । नहीं तो दरिद्रता शीघ्रही दरवाजे पर आ खडी होगी और जिनके पूर्व सुकृतसे इस भवमें किसी प्रकारका अभाव नहीहै ऐसे पिता माताको अपने बालबच्चोंके विवाहके तर्फ ज्यादा ध्यान न देकर उन-लोगोंके भविष्यत् जीवनकी उन्नतिको ओर लक्ष्य रखना चाहिये । उपयुक्त समयपर विबाह देनाही युक्तहै । अन्यथा उनके बालबच्चे कदापि सांसारिक उन्नति नहीं कर सकते । मैं अपने जातिका बडा संसार समझताहुं । कारण आज मैं जिधर निगाह फिरताहु उसी ओर केवल साधर्म्मी भाइ बहन देख पडतेहैं । मैं यह समझताहु कि जो सांसारिक उन्नति कर सकताहै वहही जातीय जीवनको उन्नत करनेमें समर्थ हो सक्ताहै मैंने बालबच्चोंमें रह कर सांसारिक हाल देखा है । कारण बालबच्चोंको उन्नतिके साथ साथ अपनी जातीय जीवनकी उन्नति होतीहै । जो लोग घरद्वारको ताक पर रख जातीय उन्नतिकी सत्ता अलग उपलब्धि करतेहैं उनको चोकन्ना करनेके लिये मैं एक पुरानी कहानीकी अवतारणा करता हूं । एक समय रातको एक ज्योतिषी शितारोंको देखता हुवा सडक परसे जा रहा था, दैव संयोगसे उसी सडकके किनारे एक अन्धा कुवा था । ज्योतिषी अस्मानकी ओर ताकता जा रहा था, इस लिये वह कुवा उसके नजरोंमें न आया । वह उस कुवेमें जा गिरा कुवेमें गिरकर वह अपनी जान बचानेके लिये चिल्लाने लगा । पासही एक किसानका मकान था । उस ज्योतिषीको आवाज सुनकर वह कुवेके किनारे आया, एव उसने कुवेमें रस्सी डालकर ज्योतिषीको निकाला । किसानने उससे पुछा कि " क्या आपको कम दिखता है!' उस ज्योतिषीने कहा कि " नहीं मेरी आंखे बरकरार है, परन्तुमें सितारोंको देखता हुया जा रहा था, इस कारणसे कुवेको न देख सका । किसानने कहा कि " जमिनपर कहां कौन चिज है यह तो आपको मालम ही नही आप सितारों को गरदिश देखकर क्या किजीये गा । भाईयो! यदि स्वजाति की उन्नति करना चाहते हो तो पहले अपने घर द्वारको समहालो । सिवाय बाल बच्चों की उन्नति किये कभी स्वजाति को उन्नति कर सकोगे । यदि हममे से हर एक अपने बाल-बच्चों की उन्नति में कटि बद्ध हो तो हमारी ओलाद आपसे आप उन्नति के उस उच्च शिखर पर आरोहण करेगी जहां हजारों चेष्टा से पहोंचना हमारे लिये कठिन है ।

## कन्या विक्रय

हमारे यहां का एक और रिवाज बहुत ही खराब है। मैंने बङ्गालेमें रहकर देखा है कि बंगाली पुत्र विक्री करते हैं। जब किसी के पुत्रके विवाहका समय होता है तो वह लडकि वालेसें हजार मांगता है। यदि लडकीवाला देनेपर राजी हूया तो अपने पुत्रकी शादी उस लडकीसे करते हैं नही तो अन्यत्र कन्याकी तलाश करते हैं। यह लोग इस बुरे रिवाजको रोकनेका चेष्टा कर रहे हैं क्या हमें भी इस समय कन्या वेचनेका रिवाज बंध न करना चाहिये ? कन्या क्या माल असबाबोंमे है कि जो अधिक मुल्य देगा उसीको बेचडालोगे ? फर्ज करो किसी मनुष्यकी कन्याको खरिद कर शादि की। जब वह कन्या युवति होगी तो वह क्या उसके पिताको यह कहकर गालि न देगी कि जिससे मैंने इस दुनियाको देखा उसीने मेरी जिन्दगी बरबाद की मुझे उमर भरके लिये विधवा बनाया। क्या जवान विधवा लडकिको देखकर ऐसा कोई पाषाण हृदय पिता है कि जिसके आंखोसे आंसु नही टपकता ? क्या उसके जिन्दगी के उत्तरदाता हम न होगे।

## वृद्ध विवाह।

वृद्धावस्थामें विवाह भी अति ही हानिकारक है, क्योंकि इस दशामें केवल विषयलालसासे विवाह कीया जाता है। इस दशामें जो कुछ कुल कलंक आदिका दोष तथा अन्य प्रकारकी हानि होती है, वे किसी प्रकारसे छिपी नहीं हैं। इस वृद्ध विवाहका मूल कारण वा प्रबल सहायक कन्याविक्रय है। यदि यह कन्या विक्रय बंध कर दीया जाय तो अधिकांशमें यह वृद्धविवाह स्वयं बंध हो जायगा।

## एक स्त्रीकी विद्यमानतामें दूसरा विवाह।

कोई कोई पुरुष एक स्त्रीकी विद्यमानतामें पुनः विवाह करते हैं। अपने समाज में ऐसी हानिकारक प्रथा कदापि रहना उचित नहीं है। मनुष्यों के संस्कारोंमे विवाहही प्रधान संस्कार है। इस विषयपर अधिक कहनेकी आवश्यकता नही। जिसको धर्म्म साक्षिपूर्व्वक हाथ पकडकर अपने सुख दुःखका साथी बनाया, ऐसी अबलामें अनुचित दोषों के कारण या केवल इंद्रिय सेवनार्थ उसको छोडकर दुसरा विवाह करना, धर्मसे पतित होना ओर इस लोक परलोक के सुखसे बंचित रहना है। ऐसी रीति जहां तक होसके शीघ्र अपनी जाति और समाजसे दूर किया जाय उतनाही भला है।

## जैन लॉ।

अपने व्यवहारिक उन्नति के बचने योग्य विषयमें " जैन ला " अर्थात् जैन मत के अनुसार व्यवहार शास्त्रमें क्या कथन है वा आजकल किस रीतिसे वह वर्त्ता जा-

ता है या स्थान स्थान के प्रथायोंमें क्या क्या भेद और सरकारी कायदेमें कोन कोन विषय प्रमाणिक सिद्ध हूया है इत्यादि विषयोंपर जरुर विचारना चाहिये । ओर इसके अभावसे अपनी जाति और समाजमें क्या क्या दुर्दशाहो रही है सो किसीसे अविदित नही है । हिन्दु मुसलमान वगेरह जातिके पृथक् पृथक् ग्रन्थ बहुत दिनोसे विद्यमान हैं या नवीन भी प्रकाशित होते हैं और सरकारी न्यायालयमें प्रसिद्ध है परन्तु बडे शोककी बात है कि आज तक हमारा एकभी ग्रन्थ पूर्णरुपसे या अंगरेजी भाषान्तर सहित प्रकाश नही हुया कि जिसको विचारपतिके सम्मुख दाखिल किया जा सके । अब अवसर आ गया है, अपने विद्वानोंको उपरोक्त योग्य विषयपर पूर्ण ध्यान देकर यह अभाव दूर करना चाहिये । मैं आशा करता हूं कि अन्यान्य ठहराव के साथ आप इसे भी स्थान दें, और एक सबकामिटी नियत कर इसका पूरा पूरा चर्चा करें ।

युनिवर्सिटीमें जैन साहित्य ।

और उपयोगी विषयोंमे युनिवर्सिटियोंकी पाठ्य पुस्तकोंमे जैन मत के दर्शन तथा काव्य साहित्य आदि ग्रन्थोको नियत कराना । गत कनफरेंसके १६ में ठरावमें अपने जैन श्वेताम्बर आम्नाय के ग्रन्थोंको संस्कृत साहित्य के भितर दाखिल करने के विषयमें योग्य प्रयत्न करनेको आवश्यकता बताई गईथी, लेकीन इस पर कोई विशेष उद्यम नही हुया । भारतवर्षमें कलकत्ता, इलाहाबाद, पंजाब, बम्बई, ओर मद्रास, कुल ५ विश्वविद्यालय है । प्रथम तो वहां पर वर्त्तमान में जो २ संस्कृत ग्रन्थकी पढाई होती है उसी दरजे की अपने आचार्यों और विद्वानोंके बनाये हुए ग्रन्थोंका प्रकाश होना चाहिये । पश्चात् कनफरेंस के तर्फ से उद्यम करनेसे शीघ्र ही मनोरथ सिद्ध होसकेगा अन्यथा केवल ठराव करनेसे कुछ लाभ नही । हमारे यहां ग्रन्थोंकी न्युनता नही है किन्तु भेद इतनाही है कि अन्यमत के ग्रन्थ मुद्रित होनेसे प्रकट हो गये है, ओर हमारे ग्रन्थ मुद्रित न होनेसे अभी छिपे हुये है। संस्कृत तथा प्राकृत भंडार को जैसे अन्य मतके ग्रंथ अलंकृत करतेंहै उसी भांति जैन मतके ग्रंथभी संस्कृत तथा प्राकृत भंडार को पुर्णरुप सें भुषित करते है, पर प्राकृत भंडार की मूर्त्ति तो जैन ग्रन्थ ही से होती है । ओर संस्कृत में हमारे मतके काव्य, रघुवंश माघ आदि काव्यो से कुछ कम नही हैं । यद्यपि दौर्भाग्य से हमारे मत के अनेक ग्रंथ लुप्त हो गये है ओर होते जाते है, तथापि हमारे गौरव को संरक्षार्थ अब भी बहुत ग्रंथ है । केवल आवश्यक्ता इस बात की है कि पुर्ण उद्योग तथा उत्साहके साथ उनको प्रकट करवाना चाहिये । सरकारी युनिवरसीटियो में हमारे ग्रंथों के नियत होने से बहुत ही लाभ है । निज मत की उ-

नति धर्मप्रचार धर्मका गौरव पुस्तकों की सुलभता इतीयादि अनेक लाभके साथ इस शान्तिमय राज्य में जैन जाति की पताका उच्च शिखर पर फरावेगी।

जैन पर्व में छुट्टी.

दूसरी कनफरेंस के २२ में ठरावमें सर्वश्रेष्ठ श्रीपर्युषन पर्वपर भाद्र शुक्ल ४ के दिवस अंगरेज सरकार तथा देशी राज्यमें छुट्टी नही होती इस विषयमें उन लोगोसें अवकाशकी प्रार्थना के वास्ते योग्य ध्यान दिया जाय, ऐसा कहा गयाथा। मेरी समझमें भाद्र शुक्ल ४ और शुक्ल ५ यह दोनु दिवसके वास्ते प्रार्थना करनी उचित है क्योंकि अपने सिद्धान्तके अनुसार पंचमीही चौरासी गच्छका पवित्र दिवस है और दिगम्बर जैन मतका भी उसी तिथीसे दस लाक्षणिक व्रतका आरंभ होता है तथा अनामतमे भी ऋषि पंचमी के नामसे प्रसिद्ध है। इस हेतुसे पंचमीके लिये भी प्रार्थना उचित है।

सर्व धर्म संरक्षिका अपनी उदार गवर्णमेंट प्रायः कुल भारतवासी के धर्म और उतसवके दिनों मे आफिस तथा अदालत कार्यालय आदिकी छुट्टी देती है और हिन्दुओ के वैष्णव और शैव मतके दोनो संप्रदायके पर्वके दिनोमें बंदि होती है। परन्तु हमारे उत्सवकें दिनोमें कोई आफिस अदालत बंद नही रहते, इस लिये मुकदमा तथा अन्यान्य काम आपडने पर हमे बहुत कष्ट उठाना पडता है इस कारण गवर्णमेंट तथा देशी राज्यसे प्रार्थनाकी जायकी हमारे मुख्य २ उत्सव में अदालत कार्यालय आदि बंद रखें तो आशा है कि हमारी प्रार्थना अवश्य मंजूर होवेगी।

बंगाल गवर्णमेंट ने बोर्ड के मेन्युयल पृष्ठ ९३ में आज्ञा दी है कि " राजकीय कर विभागके उच्चाधिकारी कार्यकर्त्ताओं को योग्य है कि जिस तारिख को जैनियो के वार्षिक पर्व कात्तिक पुर्णिमा होने की संभावना हो उस दिन जैन आफिसरों को अपने कार्य में अनुपस्थित होने की आज्ञा दें। और यह भी उचित है कि जिनमें जैन मुद्दई मुद्दले तथा गवाहों का संबंध हो एसे मुकद्दमों की उस उत्सव के दिन में कोइ तारिख न नियत करें "। इससे यह मालुम होता है कि अद्यावधि अपने मुख्य २ पर्वों में अवकाश पानेका उचित रीति से आवेदन नही किया गया। कात्तिक पुर्णिमा अवश्य पर्व तिथि है लेकीन पर्युषणादि महान् पर्वो में छुट्टि के लिये प्रथम उद्यम होना चाहिये और सब प्रान्तों की गवरमेंटो से इसी तरफ सब जैन भाइयों को एक होकर प्रार्थना करनी योग्य है।

धन्यवाद

प्रिय बन्धुयो! इस समय नाना नगरोसें जातिहितके लिये अनेक क्लेश तथा हानि सहकर, इस महा सभामें आपलोगोको एकत्रित देखकर मुझे अत्यन्त हर्ष होता है। तथा

भविष्यतकालमें जैन जातिकी उन्नतिकी आशा होती है। हमारी न्यायशील गवर्णमेंटकी छायामें जो हमको अनेक लाभ प्राप्त हुये हैं, उनमेंसे एक यह है कि राजा तथा बादशाहोंकी अमलदारीमें हम इस तरहसे सभा समितीयां कर धर्मकी उन्नतिमें चेष्टा नही कर सक्तेथे; परन्तु अब हम चाहे जिस तरहसे धर्म तथा जातिका उन्नति में कोशिस करें, कोई रोकनेवाला नहीहै। ब्रिटिश गवर्णमेंटने १८५७ सालमें इस बातकी मुनादी कर दी थी की वह प्रजाके धर्म तथा व्यवहारमें हाथ न डालेगी। आज तक भारत गवर्णमेंट उसके अनुसार कार्य कर रहीहै। इस लिये प्रजामात्र कृतज्ञ है एवं सबसे अधिक जैन जाति रहेगी। देखिये इसी गवर्णमेंटके अनुग्रहसे हम अपनी इच्छाके अनुसार अभिलषित देसमें मंदिर तथा धर्मशालादि बनवाकर श्री भगवानकी प्रतिमाजीकी प्रतिष्ठा तथा दर्शनादिका आनन्द उठा सक्तेहै। ऐसे गवर्णमेंटको कोटिशः धनवाद करना हमारा कर्त्तव्यहै और हमें चाहियेकि परमात्मासे इस राज्यकी वृद्धि तथा चिरस्थायी होनेकी प्रार्थना करते रहे। और हमारे महामान्य सम्राट सप्तम एडवर्डकी विजय घोषणा, करके उनके महामान्य राजप्रतिनिधि लोर्ड मिन्टो को धन्यवादके पश्चात; जो सज्जन इस जातीय और धार्मिक कार्य के लिये तरह २ कठिनतें उठाते हुयेभी इसमें सब प्रकारसे तत्पर होके सदा इसके उन्नतिके उपायोंमें लगेहै, तथा अहमदाबादके श्रीसंघको और खास करके हमारे परम मित्र शेठ जयसिंगभाई हठीसिंग, कि जिन लोगों के ऐसे उत्साह, परिश्रम और अर्थव्ययसे आज हमको यहां एक त्रित होनेका अवसर मिलाहै, उन सब को अन्तःकरणसे धन्यवाद करताहुं और विशेष धन्यवाद के पात्र कनफरेंसके जनरल सेक्रेटरी श्रीमान् गुलाबचंदजी ढढ्ढा एम, ए, है, जिनहोंने तन मन तथा धनसे अपने जाति तथा धर्मकी उन्नतिमें चित लगायाहै। जो कुछ जाति धर्मकी सेवामें इनहोंनेकी है, वह कहना बाहुल्य है; और में उनका कइ रुपये कृतज्ञ होकर आभार मानता हुं।

अभि तक तो में केवल आनन्द और उन्नतिकी चर्चा ही करता आया हूं; परन्तु अब मुझे बडे दुःख के साथ कहना पडता है कि करीब छ महिने हुये, व्यापारियो के राजा, उदारताकी तसवीर, जैनीयों के शिरताज शेठ प्रेमचन्द रायचन्दजीका स्वर्गवास हुया। आपने ज्ञानकी उन्नतिमें तन, मन, धन से जो उत्साह दिखाया था, उस्के लिये न केवल जैन, बलकी कुल भारतवासी आपके सदा कृतज्ञ रहेंगे। अपका अनुकरण करना हम सबको उचितहै।

अब में भगवानसे यह प्रार्थना करताहुं कि जेसे आज तक उत्साह तथा उद्यम के साथ जातीय उन्नतिका कार्य करते आयेहै, वैसेही आप लोगोंकी तथा ऐसे सज्जन जो यहां उपस्थित नही हो शके हैं उनकी धार्म्मिक तथा जातीय उन्नतिके कार्योंमें सदा

## બીજા દિવસનું મંગળાચરણ.

### હરિગીત છંદ.

શ્રી શાંતિનાથ દયાનિધિ શ્રી સંઘમાં શાંતિ કરો,
આધિ ઉપાધિ વ્યાધિ વારી દ્યો સમાધિ સુધા ઝરો;
તુજ અનુચરો સૌ જૈનિબંધુ એકતાથી નિસ્તરે,
કર પ્રેરણા તેવી સદા વિભુવિજય વસુધા વિસ્તરે. ૧

### રાગ કાફી (હોરી)

જુઓ જૈનિબંધુ વિચારી (૨) ટેક.
બહુ તંતુથી થાય દોરડું, તેમ બહુની મતિ સારી;
તાળી પડે નહીં એક હાથથી, રથ ન ફરે એક આરી;
સંપ કરીએ સુખકારી. જુઓ૦ ૧

કુંભકરણની ઉંઘથી જાગો, દેશકાળને વિચારી;
સંસારિક ધાર્મિક ને નૈતિક, સર્વ સ્થિતિ લ્યો સુધારી;
કુધારા કુચાલ નિવારી. જુઓ૦ ૨

સમય વિચારીને સંચરીએ, પકડ્યું પુંછ નિવારી;
સુભટ પાંચસે મૂર્ખ મળીને, સ્વાર્થ ન લીધો સ્વીકારી;
કરો અગ્રેસર ધારી. જુઓ૦ ૩

જો ધાર્મિક નૈતિક કેળવણી, દ્યો માતાને સારી;
તો ઉન્નતિ નિજ દેશ કોમની, દિન પ્રતિદિન વધનારી;
પ્રજા વીર ભાવી થનારી. જુઓ૦ ૪

કન્યાશાળા જૈનબાળાની, રાજનગરમાં સારી,
પ્રથમ સર્વથી સ્થાપી ભાવે, સ્થાપો બધે સુખકારી;
સ્વધાર્મિક વિદ્યા વધારી. જુઓ૦ ૫

જ્ઞાનોદ્ધાર કરો ભલી ભાતે, જીર્ણચૈત્ય ઉદ્ધારી,
સાંકળચંદ સ્વધર્મ બંધુની, સાહ્ય કરો નરનારી;
સુજસ ધ્વજ જગ વિસ્તારી. જુઓ૦ ૬

### લાવણી.

મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી—એ રાગ.

સૌ જૈનિબંધુઓ કરો એકતા આજે, સંસારિક ધાર્મિક સર્વ સુધારા કાજે;
વીરપુત્રો શાસન ઉન્નતિ કામે લાગો, લઘુ નંદન વીરના જૈનિબંધુઓ જાગો.
નિજ જાતિ ઉધરવા રચો પ્રબંધો સારા, તજી હાનિકારક ચાલ કરો સુધારા.

ધાર્મિક નૈતિક સંસારીક ચલવો સાગો, લઘુ નંદન વીરના જૈનિ બંધુઓ જાગો. ૨
છે દાઝ જાતિની કીડી કાગને ઉંડી, થઈ મનુષ જાતિની દાઝ ન રાખો રૂડી;
ઉધરો નિજ બંધુ કરી પ્રયત્ન અથાગો, લઘુ નંદન વીરના જૈનિબંધુઓ જાગો. ૩
કરી જ્ઞાનોદ્ધાર સુપુસ્તકશાળા સ્થાપો, નીતિ બોધ સહિત કેળવણી પ્રજાને આપો;
કરી સંપ સ્વધર્મિ વિજય સર્વથા માગો, લઘુ નંદન વીરના જૈનિબંધુઓ જાગો. ૪
ધરી દેહ સ્વજાત સ્વદેશ દાઝ નહીં ધારી, નિજ ધર્મ ટેક વિણ જનની ભારે મારી;
જય વીણા સાંકળચંદ સ્વધર્મની વાગો, લઘુ નંદન વીરના જૈનિબંધુઓ જાગો. ૫

## રાગ ભેરવી—તાલ ઠુમરી.

રામ કહો રહેમાન કહો કોઉ કહાન કહો મહાદેવરે—એ રાગ.

રાજનગરમાં જૈન શ્વેતાંબર- કોન્ફરન્સ ભરી આજરે;
રાયબહાદુર સીતાપચંદજી, પ્રમુખ વિરાજ્યા તાજરે. રાજ૦ ૧
દેશ દેશથી જૈન બંધુઓ, પ્રતિનિધિ થઈને આવેરે;
સંસારિક ધાર્મિક ને નૈતિક, સર્વ સુધારા થાવેરે. રાજ૦ ૨
ગુજરાતી કચ્છી પંજાબી, મહારાષ્ટ્રી મેવાડીરે;
પુરબી પંડિત દક્ષ સોરઠી, માલવી ને મારવાડીરે. રાજ૦ ૩
રાય ઝવેરી દોશી ગાંધી, શ્રેષ્ઠી ને શાહુકારરે;
દેશ દેશના જૈન બંધુના ભવ્ય ભલા દેદારરે. રાજ૦ ૪
કોન્ફરન્સ મંડપની રચના, ગહન બની મનોહારરે;
અમર વિમાન ગયાં આકાશે, દેખી આ દરબારરે. રાજ૦ ૫
વક્તા મુખથી સ્વાંતિ બિંદુ, શ્રોતા લે શુચિ પેરરે;
શિષ્ટ છીપ મુક્તાફળ પાકે, દુષ્ટ સાપ મુખ ઝેરરે. રાજ૦ ૬
ધાર્મિક વ્યવહારિક ને નૈતિક, રચશે સર્વ પ્રબંધરે;
સાંકળચંદ સ્વધર્મ બંધુના, વધશે સંપ સંબંધરે. રાજ૦ ૭

## શ્રી જૈન કન્યાશાળાની બાળાઓને ગાવાનું ગીત.

### સર્વે સખીઓને શીખ દેઉંરે—એ રાગ.

શ્રી નીતિ શિક્ષણ દો સદારે, અમે બાળા ઉચરીએ;
ધાર્મિક વ્યવહારીક સુદારે, જૈની બંધુ ઉદ્ધરીએ.
જૈન શ્વેતાંબર સંઘનેરે, અમે વંદન કરીએ;

બ્રાહ્મી સુંદરી સીતા સતીરે લોલ, પૂર્વે ભણેલી સૌ હતીરે લોલ,
કેળવણી નીતિ લેઇ મળીરે લોલ, કીર્તિ કરી જેણે ઉજળીરે લોલ.

અભણ મૂર્ખ માતાની સંતતિ, મૂર્ખ નિરૂદ્યમીરે લોલ,
સદ્ગુણી માતની દીકરી સદ્ગુણી, વહુ સાસુ સમીરે લોલ.

સાખી.

કદી નીચ કોઈ નીવડે, નહીં કેળવણી દોષ,
નીચ સંગતનો દોષએ, તજી કરીએ નીતિ પોષ.
જૈન કન્યાશાળા ભલીરે લોલ, શ્રાવિકા શાલા નિર્મળીરે લોલ,
ધાર્મિક નૈતિક જ્ઞાનનીરે લોલ, સ્થાપો સુવિજય નિશાનનીરે લોલ.
દેશની ઉન્નતી જાતિની ચડતી, સ્ત્રીશિક્ષણ વિષેરે લોલ,
ધીર વીર બળ બુદ્ધિ નિધાન; પ્રજા પ્રાક્રમી થશેરે લોલ.
સ્ત્રીનીતિશિક્ષણ ભાવે, સાંકળચંદ સુણાવે,
શ્રીસંઘને ભક્તિ ભાવે, મોતીડે બાળા વધાવે.
સ્ત્રીનીતિશિક્ષણ દો અમે બાળા ઉચરીએ.

---

ફાગણ સુદી ૫ રવીવાર તા. ૧૭ ફેબ્રુઆરી.

## ઠરાવ ૧ લો.

( પ્રમુખ તરફથી )

જે મહાન્ બ્રીટીશ સામ્રાજ્યની શીતળ છાયા નીચે આ ભારતવર્ષમાં વસતા ભિન્ન ભિન્ન ધર્મિ ભાઈઓ પોતપોતાનો ધર્મ સાધી શકે છે અને જે સામ્રાજ્યની સર્વ ધર્મિઓ પ્રત્યે સમાન દૃષ્ટિને લીધે આપણે પણ આપણો ધર્મ સ્વતંત્રપણે પાળી શકીએ છીએ, તે સુખરૂપ સામ્રાજ્યના શહેનશાહ નામદાર સાતમા એડવર્ડ અને શહેનશાહ બાનુ અલેકઝાંડરાનું રાજ્ય આપણા ઉપર ચિરંકાલ અખંડિત રહો અને તેઓ બંને દીર્ઘાયુષી થાઓ અને સદા વિજયવંત વર્તો, એવું આ કોન્ફરન્સ અંતઃકરણ પૂર્વક ઇચ્છે છે.

આ ઠરાવ મી. ગુલાબચંદજી ઢઢાએ વાંચી સંભળાવ્યો હતો. અને તમામ ગૃહસ્થોએ ઉભા રહીને પસાર કર્યો હતો. તે સાથે આવી મતલબનો તાર નામદાર વાઈસરાય મારફત મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું.

## ઠરાવ ૨ જો.

( પ્રમુખ તરફથી, )

આપણી કોમના વેપારી શહેનશાહ અને દેશપ્રદેશ વિખ્યાત મરહુમ શેઠ પ્રેમચંદ રાયચંદ , જે પોતાના તેમજ અન્ય સર્વ કોમોના સાર્વજનિક હિતાર્થે, તેમાં વિશેષે કરીને કેળવણીના ઉત્તેજનાર્થે પોતે કરેલી સખાવતોને માટે પ્રસિદ્ધ થઈ ગયેલા છે. વળી જે પોતાની વેપાર સંબંધી અસાધારણ હોશીયારી અને કુશલતાને લીધે સામાન્ય સ્થિતિમાંથી કરોડપતિ થવા પામ્યા હતા, તથા જેઓ સંપૂ

ત્તિ તેમજ વિપત્તિ સમયે સદા સમાન સાહાઇથી અને સ્વધર્મ પરાયણ વૃત્તિથી વર્તતા હતા, વળી જેઓ આ કોન્ફરન્સના એક સ્તંભરૂપ હતા તે દાનવીરરત્નના પાકી વયે પંચત્વ પામવાથી આપણી કોમને ગયેલી નહિ પૂરાય એવી ખોટની નોંધ આ કોન્ફરન્સ દીલગીરી સાથે લે છે.

આ ઠરાવ શ્રી મુંબઇના સંઘપતિ શેઠ રતનચંદ ખીમચંદે વાંચી સંભળાવ્યો હતો અને તે સઘળા પ્રતિનિધિઓએ માન સહિત સ્વીકાર્યો હતો,

ઉપલા ઠરાવો મંજુર થયા પછી એવલાવાલા જાણીતા વક્તા શેઠ દામોદર બાપુશાએ કેળવણી સંબંધી નીચેનો ઠરાવ રજુ કર્યો હતો.

## ઠરાવ ૩ જો.

આપણી જૈન કોમમાં વ્યવહારીક કેળવણીની સાથે નૈતિક, ધાર્મિક અને શારીરિક કેળવણીની વૃદ્ધિ કરવા માટે નીચે પ્રમાણે યોજના કરવાની આ કોનફરન્સ આવશ્યક્તા ધારે છે.

૧ દરેક બાળક તથા બાળકીને ફરજીઆત પ્રાથમિક કેળવણી આપવાની ગોઠવણ.

૨ ઉંચી કેળવણીનો લાભ સર્વ સામાન્ય જૈન બંધુઓ પણ લઇ શકે તે અર્થે મોટાં શહેરોમાં જૈન બોર્ડીંગો ઉઘાડવાની ગોઠવણ.

૩ યોગ્યતા ધરાવનાર સામાન્ય સ્થિતિના લાયક વિદ્યાર્થીઓને ઉંચી કેળવણી સુલભ થાય તે માટે સ્કોલરશીપ આપવાની ગોઠવણ.

૪ જૈન પુસ્તકાલયો તથા વગર લવાજમની ફ્રીરીડીંગરૂમો ઉઘાડવાની ગોઠવણ.

૬ ઉંચા પ્રકારની ઔદ્યોગિક કેળવણીનો બને તેટલો પ્રસાર કરવા માટે તથા તેવી કેળવણી લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓને યોગ્ય સગવડ કરી આપવાની યોજના.

૬ શ્રાવિકાશાળાઓ અને જૈન કન્યાશાળાઓ સ્થાપવાની અને શ્રાવિકાશાળાઓમાં સ્ત્રીઓને યોગ્ય ઔદ્યોગિક તથા ધાર્મિક તથા નૈતિક કેળવણી આપવાની યોજનાઓ.

૭ જૈન બાળકોને નાનપણથીજ ધાર્મિક કેળવણીનો લાભ મળે તે માટે જૈન ધર્મની ક્રમવાર વાંચનમાળા તૈયાર કરાવવાની, અને તે વાંચનમાળા દરેક સ્કુલોમાં, જૈન બોર્ડીંગમાં અને હાલ ચાલતી જૈનશાળાઓમાં ચલાવવાની અને તે પ્રમાણે ગોઠવણ કરવાની જરૂર, તથા હાલ ચાલતી જૈનશાળામાં કેળવણી અપાય છે તેની દેખરેખ રાખવા માટે ઇન્સ્પેકશન ખાતું સ્થાપવાની જરૂર.

૮ જૈન બાળકોની શારિરીક સંપત્તિ યોગ્ય રીતે ખીલવવા માટે હાલ ચાલતી તથા હવે પછી સ્થપાતી જૈન શાળાઓમાં તથા જૈન બોર્ડીંગોમાં શારીરિક કેળવણીની ગોઠવણ.

દરખાસ્ત મૂકનાર રા. દામોદર બાપુશા એવલાકર.

ટેકો આપનાર રા. ત્રીભોવનદાસ ઓધવજી. બી. એ. એલ. એલ. બી.

" " વકીલ ડાહ્યાભાઈ હકમચંદ.
" " રા. મોહનલાલ હેમચંદ.
" " રા. કુંવરજી આણંદજી.
" " રા. નારણજી અમરશી.
" " રા. મનસુખરામ અનોપચંદ.
" " પ્રોફેસર નથુરામ મંછાચંદ.
" " રા. દેવચંદ દામજી કુંડલાકર.
" " રા. નગિનદાસ અનોપચંદ.
" " રતનલાલજી તાતેડ ભોપાળ.

## ઠરાવ ૪ થો.

( જૈન સાહિત્ય યુનિવર્સિટીમાં દાખલ કરવા બાબત. )

જૈન સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યના અને દર્શનના ગ્રંથો આપણી યુનિવર્સિટીમાં દાખલ કરવામાં આવે તે માટે યોગ્ય પ્રયત્ન કરવાની આ કોન્ફરન્સ આવશ્યક્તા વિચારે છે.

રા. રા. મગનલાલ ચુનીલાલ વૈદ્ય.

રા. રા. પુરણચંદજી નહાર બી. એ. બી. એલ.

## ઠરાવ ૫ મો

( પ્રાચીન શિલાલેખોનો શોધ, રક્ષણ અને સંગ્રહ કરવા બાબત. )

આપણા પ્રાચીન શિલાલેખો જે આપણા જૈનધર્મની પ્રાચીનતાનાં પુરાવા રૂપે છે તથા જે ઉપરથી આપણી પૂર્વની જાહોજલાલીની સ્થિતિ ઉપર વિશેષ પ્રકાશ પડી શકે છે, અને ઐતિહાસિક સ્થિતિ જણાય છે તેવા લેખોનો જ્યાં મળી શકે ત્યાંથી શોધ કરવો, તથા તેમનો સંગ્રહ કરી તેમનું રક્ષણ કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ વિચારે છે.

દરખાસ્ત મૂકનાર. ચુનીલાલ છગનલાલ.

ટેકો આપનાર રા. મગનલાલ ચુનીલાલ વૈદ્ય.

## ઠરાવ ૬ ઠો.

( ધાર્મિક ખાતાંઓના હિસાબ પ્રગટ કરવા બાબત. )

ધાર્મિક ખાતાઓના હીસાબો તૈયાર રાખવાથી અને તે દરવર્ષે પ્રગટ કરવાથી તેના વહીવટ સંબંધી ગેરસમજુત થવાનો સંભવ દુર થાય છે અને વિશ્વાસ બેસે છે તેથી આવક પણ વૃદ્ધિ પામે છે, માટે દરેક ધાર્મિક ખાતાના હિસાબ તૈયાર કરવાની ને કોઈ જૈનબંધુ જોવા માગે તેને બતાવવાની, અને તેને છપાવીને પ્રગટ કરવાની આવશ્યક્તા આ કોન્ફરન્સ ધારે છે.

ગયે વર્ષે આ બાબતમાં થએલા ઠરાવ બાદ જે જે સ્થળોના ધાર્મિક ખાતાઓના હિસાબ પ્રગટ કરવામાં આવેલા છે, તેની નોંધ કોન્ફરન્સના માસિકમાં લેવાયલી છે, તેથી તે બાબત આ કોન્ફરન્સ સંતોષ પ્રદર્શિત કરે છે, અને જે જે સ્થળોના ધાર્મિક ખાતાઓના હિસાબ હજુ પ્રગટ થવા ન પામ્યા હોય તેમના આગેવાનો અને ઉપરીઓને તેમ કરવાની ખાસ વિનંતી કરે છે.

દરખાસ્ત મૂકનાર રા. અનોપચંદ મલુકચંદ.
ટેકો આપનાર રા. ચુનીલાલ નાનચંદ.
અનુમોદન આપનાર ડોકટર. નગીનદાસ દોલતરામ.

## ઠરાવ ૭ મો.

( જીર્ણ પુસ્તકોદ્ધાર. પ્રમુખ તરફથી. )

આપણા સર્વોત્કૃષ્ટ શ્રી જૈન શાસનનો આધાર આપણા મહાન પૂર્વાચાર્યોએ અથાગ શ્રમ લઇ રચેલા અનેક પ્રાચીન ગ્રન્થોપર છે. આ ગ્રંથોમાં ધાર્મિક સિદ્ધાન્તો તેમજ જુદા જુદા શાસ્ત્રીય વિષયોનો સમાવેશ કરેલો છે. હાલ તે કેટલી સંખ્યામાં અને કયે કયે સ્થળોએ છે તેની પણ આપણને પૂરી માહીતિ નથી અને જો કે જુના ભંડારો ઉઘડાવી તેમની ટીપ તૈયાર કરાવવા [ આપણી કોન્ફરન્સના ] સેક્રેટરીઓ પ્રયત્ન કર્યા જાય છે અને કેટલીક ટીપો તૈયાર થઈ છે, તોપણ ઘણાખરા જ્ઞાનભંડારોની સ્થિતિ ખેદ ઉપજાવે એવી છે. અને જીર્ણપ્રાય થઇ નાશ પામતાં પુસ્તકોમાં સમાયેલા જ્ઞાનનો લય થયોછે, અને થતો જાય છે. તે માટે હસ્ત લિખિત ગ્રંથો જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાંની વીગતવાર ટીપ કરાવવાની, તથા ન મળી શકે તેવા પ્રાચીન ગ્રંથોની નકલો કરાવવાની, તેમજ જે પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવામાં બાધ ન આવતો હોય તે પ્રસિદ્ધ કરાવવાની, તેમજ હાલના વિદ્યમાન જૈન ગ્રંથો મળી શકે તેટલા બધા એક મોટા પુસ્તકાલયમાં એકત્ર કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ વિચારે છે. અને પ્રત્યેક નાના મોટા ભંડારો જે સદગૃહસ્થોના કબજામાં હોય તેઓએ તે ભંડારો ઉઘડાવી, કોન્ફરન્સના પણ્ડિતોને બતાવી, તેની તપાસ કરાવી, તેની ટીપ તૈયાર કરાવવા તરફ તેમનું ધ્યાન ખેંચે છે. તે સાથે જે જે

ધાર્મિક પુસ્તકો મૂળ, ભાષાંતર, અથવા નવી કૃતિના કોઈપણ સંસ્થા તરફથી અથવા ખાનગી ગૃહસ્થ તરફથી છપાવવામાં આવે તે સર્વે કોઈપણ વિદ્વાન મુનિરાજને બતાવીને તેમના પ્રમાણપત્ર સહિત છપાવવાની આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે. અને તેવા પ્રમાણપત્રો શિવાયના છપાવેલા પુસ્તકો વિશ્વાસપાત્ર ગણવા નહી અને તેને જૈન બંધુઓએ ઉત્તેજન આપવું નહી એવો આ કોન્ફરન્સ આગ્રહ કરે છે અને એવા પ્રમાણપત્ર શિવાયનું કોઇપણ પુસ્તક ધાર્મિક કેળવણી આપવા માટે કોઈ પણ જૈનશાળા અથવા જૈનકન્યાશાળાની અંદર ચલાવવું નહી એમ આ કોન્ફરન્સ સૂચવે છે.

### ઠરાવ ૮ મો.

( જીર્ણ ચૈત્યોદ્ધાર, પ્રમુખ તરફથી. )

સંસાર દાવાનલથી તપ્ત થએલા જીવોને શાંતિ આપનાર વિશ્વોપકારી શ્રીતીર્થંકર મહારાજાઓની ચરણરજથી પવિત્ર થએલા તીર્થો તથા આપણા પૂર્વ પુરૂષોએ અગણિત દ્રવ્ય ખરચીને બંધાવેલા મહાન્ દેવાલયો જીર્ણ થઇ ગયાં હોય, તેનો ઉદ્ધાર કરવા માટે તથા ત્યાં થતી આશાતનાઓ દૂર કરવા માટે વિશેષ પ્રકારે શ્રમ લેવાની જરૂર આ કોન્ફરન્સ સ્વીકારે છે.

## દિવસ બીજો.

### વક્તાઓએ કરેલા ભાષણોનો સાર.

મી૦ દામોદર બાપુશા યેવલાવાળાએ જણાવ્યું હતું કે આ ઠરાવ કોન્ફરન્સનું કેંદ્રબિંદુ છે. વિદ્યાનેજ કલ્પલતાની ઉપમા ઘટે છે. અસલના વખતમાં જૈન બંધુઓને ફરજીઆત કેળવણી મળતી હતી. હાલ જો પ્રાથમિક કેળવણીજ આપવામાં આવે તો રૂ ૫) થી વધુ પગાર નહિ એવા મહેતાજીની જગ્યા તેને મળી શકે છે. વાણિજ્યનું કામ વિદ્યાનેજ અવલંબીને છે. પૂર્વ કાળમાં જૈન બ્રાહ્મણો ઘણા હતા. જેવા પ્રકારની કેળવણી જોઇએ તેવી નહિ મળવાથીજ વૈશ્યવર્ગની દુર્દશા થઈ છે, દેશકાળ પ્રમાણે તમારી કેળવણી નહિ હોવાથીજ હાલ ખરાબ સ્થિતિ થઇ છે, ઉચ્ચ પ્રકારની કેળવણી, જેથી મન વિકસિત થાય છે, તે લેવાની ખાસ આવશ્યકતા છે. બીજી કોમો જેવી કે પારસી, મુસલમાન વિગેરેમાં દેશની સેવા કરનારા વીરનરો ઘણા છે. પણ આપણામાં તો આપણી કોમની સેવા બજાવનાર પણ ઠઠા જેવા બીજા કોઇ દેખાતા નથી. ઉંચી કેળવણી લેવાનો હેતુ માત્ર સરકારી નોકરીજ નથી. યુરોપીયનોનાં બીજાં બાહ્ય અનુકરણો સાથે તેમનું સાહસ, ધૈર્ય, વગેરે ગુણોનું અનુકરણ થવું જોઇએ. સ્વદેશાભિમાન, શૌર્ય વિગેરે ગુણોવાળી કેળવણીજ ઉચ્ચ કેળવણી કહેવાય. કેળવણી લઇને તૈયાર થયા પછી ફ્રીરીડીંગ રૂમો, ગ્રંથો, સાહિત્ય વિગેરે

રે તૈયાર કરવાની ફરજ ધ્યાનમાં રહેવી જોઇએ. મનુસ્મૃતિમાં કહ્યું છે કે સ્ત્રીઓને પ્રત્યેક પ્રકારનું શિલ્પનું જ્ઞાન આપવામાં આવતું હતું. કલ્પસૂત્રની ટીકામાં આવે છે કે બ્રાહ્મી તથા સુંદરીને ઋષભદેવ ભગવાને જમણા તથા ડાબા હાથથી લેખન કળા તથા અંકવિદ્યા શીખવી હતી અભણનો જોઇએ તેટલો ઉપયોગ થતો નથી. સ્ત્રીને કેળવવામાં આવે તોજ ચતુર્વિધ સંઘ થાય. નહિતર ભણેલ સાધુ, સાધ્વી તથા શ્રાવક હોય, પણ શ્રાવિકા અભણ હોય તો ચતુર્વિધ સંઘ ન થતાં ત્રિવિધ થાય. કાળિદાસ કવિ તથા બીજા કવિઓ પણ સ્ત્રીઓમાં જે ગુણો આરોપે છે, તે ગુણો સ્ત્રીમાં વિદ્યા વિના આવી શકે નહિ. કેળવાયેલી સ્ત્રી અનાદર કરશે, એ આક્ષેપ અસત્ય છે. કેળવાયેલ જનાવર પણ અનાદર કરતું નથી, તો કેળવાયેલી સ્ત્રી એમ કરશે, એ કયા સૂત્ર ઉપર એ સમજાતું નથી. અભણનું માન રખાતું નથી, ભણેલાનુંજ રખાય છે. માટે સ્ત્રીનું માન રાખતાં વધારે શીખવું હોય, આર્ય પુત્રોનો વિકાસ કરવો હોય તો સ્ત્રીને ભણાવવીજ જોઇએ. માન વિના લક્ષ્મી રહી શકતીજ નથી. તીર્થંકરને પણ જે પૃચ્છા કરે ( પ્રશ્નો પુછે ) તે સ્ત્રી કેળવાયા વિનાની કેવી રીતે હોઇ શકે ? અર્ધાંગમાં લકવો થયો હોય તો શરીર શું કામ કરી શકશે ? માટે તેવીજ રીતે અભણ સ્ત્રીવાળો જનસમાજ અર્ધાંગ લકવા વાળા જેવો છે. સરસ્વતી પણ સ્ત્રી છે. માટે સ્ત્રી એ વિદ્યા માટે પ્રથમ યોગ્ય છે. માબાપ કહેવાય છે, તેમાં પણ મા પહેલીજ બોલાય છે. આ ચોવીશીનું પ્રથમ મોક્ષદ્વાર મરૂદેવી માતાએજ ઉઘાડેલું છે.

ધર્મની કેળવણી નાનપણથીજ મળવી જોઇએ. અંગ્રેજી કેળવણી લેવા પહેલાંજ જો થોડું ધાર્મિક શિક્ષણ અપાય તોજ નાસ્તિક અવસ્થા અટકી શકશે. વસ્તુપાળ, તેજપાળ. બહાડ વગેરે મંત્રીઓ થઇ ગયા ,તેઓએ શારીરિક સંપત્તિ બહુજ બતાવી છે. તો આપણા પૂર્વજો એવી સંપતિવાળા છતાં આપણે આજ આવા નિર્માલ્ય થઇ ગયા છીએ એ કેવી શોચનીય સ્થિતિ છે ! ચાએ અમારૂં શરીર બગાડી નાખ્યું છે. શરીર શકિત સુધારવી હોય તો વીશ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળો.

આપણે ક્ષત્રિયતેજ કાયમ રાખવાનું છે, નહિતર અધોગતિએ જવાશે. અમારા દક્ષિણમાં તીલક, ગોલે, ખાપર્ડે, ગોખલે, પ્રાંજપે વિગેરે રૂ. ૫૦૦) નો પગાર લેવાને બદલે રૂ. ૪૦–૫૦ નો પગાર લઇ આત્મસંયમ બતાવે છે, તેવીજ રીતે જ્યારે આ ભાગમાં થશે, ત્યારેજ ઉચ્ચ કેળવણી મેળવ્યાનું સાર્થક થશે. પરદેશગમન વિના દેશના ધનનું રક્ષણ તથા વર્ધન થવું મુશ્કેલ છે. ઇત્યાદિ કહ્યા બાદ છેવટે કહ્યું કે–હું ભોળો છું, મુગ્ધ છું, વર્ણપદ્ધતિ, વ્યાકરણ તથા ગુજરાતી ભાષાના અજ્ઞાનને લીધે મારા બોલવામાં કાંઇ દોષ થયા હોય તો તે પણ દેશભાઇઓના કલ્યાણના હેતુથી બોલ્યોછું માટે ક્ષમા કરશો.

મી. ત્રિભુવનદાસ ઓધવજી બી. એ. એલ એલ. બી. એ જણાવ્યું કે ઉષર લાગતી જમીનને પણ અમેરિકા વિગેરે દેશના લોકો ખેડીને તેમાં ઉત્તમ પાક ઉપજાવે છે. તે જમીનને કેળવવાનુંજ ફળ છે. જ્ઞાન એવું આપવું જોઇએ કે તેથી

દર્શન તથા ચારિત્ર આવવું જોઇએ. હાલના જ્ઞાનથી દર્શન તથા ચારિત્ર આવતું નથી. અસત્ય બોલવાથી આત્માને હાનિ થાય એવું ધર્મશિક્ષણ ન મળે ત્યાં સૂધી ચારિત્રમાં ઉંચે આવવું મુશ્કેલ થઇ પડેછે. તમારા વર્તન ઉપરથી તમારાં બાળકો અદૃશ્ય રીતેજ શીખેછે. દરેક જૈન પોતાના બાળકોને ધાર્મિક જ્ઞાનમાં સામેલ રાખશે તોજ ધાર્મિક જ્ઞાન સારી રીતે અપાઈ શકાશે. પગારદાર શિક્ષકો કરતાં માબાપો અને વડિલ અગ્રેસરો વિશેષ લાભ કરી શકશે. સ્કૂલોમાં ભીંતોપર આસપાસનાં મોટા માણસોના ફોટો તથા મધુબિંદુ વિગેરેનાં ચિત્રો ટાંગવા જોઇએ.

Mere show of words is beauty without sublimity. Mind without heart, intelligence without conduct, cleverness without goodness are powers in their way but they may be powers only for mischief.

મી. ડાહ્યાભાઇ હુકમચંદે જણાવ્યું કે દરેક પ્રજાની ઉન્નતિ માટે કેળવણી એ અગત્યની ચીજ છે. એક પ્રજા બીજી પ્રજાપર સરસાઈ ભોગવેછે, તે કેળવણીને લીધેજ છે. ઔદ્યોગિક અને વ્યાપારી કેળવણીની ખાસ જરૂર છે. કલકતાની ઔદ્યોગિક કોન્ફરન્સમાં નામદાર ગાયકવાડનું ભાષણ ખાસ મનન કરવા જેવું છે. તમામ લોકોમાં સામાન્ય કેળવણી આપવી જોઇએ. વ્યાપારી કેળવણી હાલના જમાનામાં કોઇ પણ રીતે ઓછી ઉપયોગી નથી. ઔદ્યોગિક કેળવણી માટે સ્કોલરશિપો આપવી જોઇએ. અહિંના બોર્ડિંગમાં ૫૬ વિદ્યાર્થીઓ છે, તેમાં ૫૦ ને મફત કેળવણી આપવામાં આવેછે.

મી. મોહનલાલ હેમચંદે જણાવ્યું કે હું બોર્ડિંગ માટેજ ખાસ કહેવા માગુંછું ઘર કરતાં બોર્ડિંગોમાં અભ્યાસ વિશેષ સારો થાયછે. બોર્ડિંગમાં ધાર્મિક શિક્ષણ મળવું જોઇએ. લાલબાગ બોર્ડિંગમાં ૧૧ વિદ્યાર્થીઓ મફત ખોરાક, તથા મફત પુસ્તકોનો લાભ લઇ શકેછે. અમદાવાદમાં પ્રાથમિક શિક્ષણ લેનારને પણ બોર્ડિંગમાં રાખવામાં આવેછે.

મી. કુંવરજી આણંદજીએ જણાવ્યું કે આપણું સાધ્ય બિંદુ ધાર્મિક કેળવણી જ છે. ડીગ્રી મેળવો, સરકારી તથા દરબારી માન મેળવો, પણ જ્યાં સૂધી પશુ જીવનને બદલે માનુષિક જીવનજ ગાળો નહિ ત્યાં સૂધી બધું વૃથાજ છે. ધાર્મિક કેળવણી હાલ ખરેખરી થોડીજ મળેછે. વ્યવહારિક કેળવણી માટે હજારો રૂપિઆ ખર્ચેછે પણ જ્યાં સૂધી ધાર્મિક કેળવણી માટે યોગ્યશ્રમ ન લ્યો ત્યાં સૂધી તેને માટે વિશેષ લાભ જેવું નથી. દયા, સત્ય, પ્રમાણિકપણું, બ્રહ્મચર્ય વિગેરેની ઓછાશ ધાર્મિક કેળવણીનો અભાવજ સૂચવે છે. સિદ્ધાંતકારે જે દયા, બ્રહ્મચર્ય અચૌર્ય, સત્ય વિગેરે દર્શાવ્યું છે તે એટલું બધું સૂક્ષ્મ છે કે કોઇ પણ ધર્મ તેમાં આપણી સાથે સરખામણી કરી શકે તેમ નથી. સંતોષમાં પણ તેમજ છે.

શા. નારણજી અમરશીએ જણાવ્યું કે કચ્છ વિગેરેમાં પ્રાથમિક કેળવણી માટે આપણા ભાઇઓને પૂરતાં સાધન નથી. આ સાધનો માટે આપણા શ્રીમાન ભાઇ-

ઓની તરફજ નજર રાખીને બેસી રહેવું યોગ્ય નથી, દરેક ગરીબ માણસે પણ બની શકતો પ્રયાસ કરવો જોઈએ. મી. હેરીસન નામે એક ઈંગ્રેજ ૩૫ બાળકોને પોતાને ઘેર કેળવણી આપતો હતો. ભોપાળના બેગમે પણ ફરજીઆત કેળવણી માટે ધારો કર્યો, અને પોતાના કુંવરને એક સાધારણ નિશાળમાં ભણવા મોકલ્યો.

શા મનસુખરામ અનોપચંદે જણાવ્યું કે જૈનોમાં સ્રીનું ભણવાનું પ્રમાણ હજારે ૧૭ છે, સુધરેલી ભણેલી સ્રી સિવાય સારૂં ગૃહ નભી શકે નહિ. મોટપણે ભણનાર કોઈનથી. તમારા શેઠીઆમાંથી કોઇએ જૈન બોર્ડિંગો જોઇ છે? ગ્રેજ્યુએટો જ્યાં સૂધી કાંઇ નહિ કરે, ત્યાં સૂધી શ્રીમાનો શું કરશે? શરાફીને બદલે વીશીના ધંધા થાય છે. જો હાલ કરતાં કેળવણી સારી નહિ અપાય તો હજી પણ સ્થિતિ ખરાબ થશે, અને આપણા વંશજો હજી પણ વધુ ખરાબ થશે. સંસાર સુધારો નહિ થાય ત્યાં સુધી ધાર્મિક કેળવણી નકામી છે ઈર્ષા એ આપણું ખરાબમાં ખરાબ લક્ષણ છે. અમારામાં ઘણા મનસુખભાઇ, લાલભાઈ, ચીમનભાઈ તથા હેમાભાઇ થાઓ, એવી પરમાત્માને પ્રાર્થના છે. આપણામા ઘણા ફંડો છે, પણ વ્યવસ્થા નથી.

મી૦ દેવચંદ દામજીએ જણાવ્યું કે શ્રાવિકાશાળાઓ અને જૈન શાળાઓમાં થતો ખર્ચ નિયમસર અને વ્યવસ્થિત થાય નહિ ત્યાં સુધી નકામું છે. વિદ્વાન મુનિ મહારાજા તથા ગૃહસ્થોની કમીટી ન નીમાય ત્યાં સુધી જે સીરીઝ માટે કોન્ફરન્સે જાહેરખબર આપી છે, તે નકામી જેવી છે.

શા. નગીનદાસ અનોપચંદે જણાવ્યું કે જુવાન માણસોના વાળ ૨૫ વર્ષની ઉમરે પણ ધોળા થઈ જાય છે. એવી સ્થિતિને બદલે શરીરની સ્થિતિ સારી થાય એવી કેળવણી મળવી જોઇએ. માનસિક બોજો પણ અસહ્ય છે.

રતનલાલજી તાતેડ ભોપાળવાળાએ જણાવ્યું કે સાધુઓએ જે કર્યું છે, તે જ્ઞાનની બાબતમાં ગૃહસ્થોએ કર્યું નથી. મુનિવર્ગમાં જ્ઞાનની ઓછાશ થવાને લીધે અમારી પડતી થઇ છે.

## વાંચનના ફેલાવા માટે યોજના.

ભગુભાઈ ફતેહચંદ કારભારીએ જણાવ્યું કે વાંચનના શોખ વિના જ્ઞાનનો ફેલાવો જોઇએ તેટલો થઇ શકતો નથી. શહેરમાં લાઈબ્રેરીઓ છે, પણ ગામડામાં હોતી નથી. ત્રણ વર્ષ સૂધી રૂ ૧૦ ની કીમતના ન્યુસપેપરો હું પાંચ રૂપિયા આપનાર ગામડાને મોકલી દઈશ. ૧૦૦ ગામને એવો લાભ આપવા હું સમર્થ થઇશ. માસિક તથા સાપ્તાહિકોમાંથી લાભ આપવા હું સમર્થ થઈશ. આચાર પ્રદીપ પણ ૬ આના પોસ્ટેજના મળેથી મોકલવામાં આવશે. આ ગામડાઓમાં ૧૦ થી ૧૦૦

એક છોકરાએ કેળવણી વિષે લખેલો નિબંધ વાંચ્યો હતો.

## ઠરાવ ચોથો.

મગનલાલ ચુનીલાલ વૈદ્યે જણાવ્યું કે આપણા સિદ્ધાંતો પ્રાકૃત ભાષામાં છે, કારણ કે બાળક, સ્ત્રી, મૂર્ખ, અને મંદમતિ માટે ઉચ્ચારની મુશ્કેલી દૂર કરવા માટે પ્રાકૃત ભાષા ઉદભવેલી છે. ભાંડારકરના પ્રથમ ભાગ કરતાં લઘુ હૈમ પ્રક્રિયા સહેલી છે. ધનાશાળિભદ્રચરિત્ર પણ સહેલું અને યુનીવર્સીટીમાં ચલાવી શકાય તેવું છે. દ્વાશ્રય કાવ્ય પણ ચલાવી શકાય તેવું છે. મૂળરાજથી સિદ્ધરાજ સુધીનો ઐતિહાસિક વૃત્તાંત તેમજ વ્યાકરણના નિયમો નીકળે એવું તે કાવ્ય છે. કથાકોષ જીનેશ્વર સૂરિકૃત હિતોપદેશની ગરજ સારે તેવો છે. શીળવતીનો રાસ M. A. માં મંજૂર રાખવામાં આવેલો છે તો બીજા વધુ પ્રયત્ન પછી વિશેષ પુસ્તકો પણ સ્વીકારાશે ખરા.

મી. પુરણચંદ નહારે જણાવ્યું કે કાળિદાસ અને માઘના કરેલા કાવ્યો જેવા પુસ્તકો આપણામાં ઘણા છે. માત્ર તેને જાહેરમાં લાવવા માટે પરિશ્રમનીજ જરૂરછે.

## ઠરાવ પાંચમો.

મી. ચુનીલાલ છગનલાલે જણાવ્યું કે અસલ ઈતિહાસ લખવાની રૂઢી નહોતી, અને તે ખોટ શિલાલેખો પૂરી પાડે છે. શિલાલેખો સિદ્ધ કરી શકયા છે કે જૈનધર્મ બુદ્ધ ધર્મની શાખા નથી પણ તેની આગળનો અને પ્રાચીન ધર્મ છે. શિલાલેખની શોધ બુદ્ધિ નથી, તેની બહુજ ખામી છે. મેકસમ્યુલર ભાષા ઉકેલી શકયો હતો. એકલું અનુમોદન આપવાથીજ આપણી ફરજ બજતી નથી, પણ તે કામ આપણે કરીએ, તોજ ફરજ બજી ગણાય. આપણામાં જીંદગી સુધી અભ્યાસી કોઈ નથી, જેને મોટા થવું હોય, ડાહ્યા અને નમ્ર થવું હોય તો સતત અભ્યાસ જોઈએ. અભ્યાસની ખામીને લીધેજ શિલાલેખનો ઢગ નકામો છે,

વૈદ્ય મગનલાલ ચુનીલાલે અનુમોદન આપ્યું કે દરેક બાબતમાં પ્રયત્નનીજ જરૂર છે. પ્રવર્તક કાંતિવિજયજીએ મી૦ દેવદત્ત ભાંડારકર પાસેથી લેખ ઉકેલવા માટેની ભાષા શીખી એક લેખ બહાર પાડયો છે. ૧૩૫૦ ની સાલના એક લેખમાં દરેક જૈને દેરાસરમાં ૧૪ દ્રમ આપવા માટેનું રાજાનું ફરમાન છે. ૧૩૭૯ માં ઉધ્ધાર કરેલા એક બીજા લેખની પણ નકલ લેવામાં આવી છે. ઠાકોરો અને કોળી પાસે કરાર કરાવી લીધો હતો કે તેઓ દેરાસરની સંભાળ રાખશે. બીજા એક લેખમાં વસ્તુપાળે કરેલાં સર્વ ધર્મના કામોનું વર્ણન છે. આબુજીના દેરાણી જેઠાણીના ગોખલા વીષે જે દંત કથા ચાલે છે તે ખોટી છે, કારણકે તે બંને કોરણીદાર ગોખલા બે સપત્નીનાજ બંધાવેલા હતા. અવિચળગઢની ચૌદે પ્રતિમા જુદે જુદે વખતે ભરાવેલી છે, કારણકે તારીખો જુદી જુદી લખેલી છે. વળી તે પીતળ-

નીજ છે, પણ સોનાનો કાંઈક અંશ હોવાથી તથા બહુજ પોલીશ કરેલ હોવાથી સોના જેવો ચળકાટ આપે છે.

### ઠરાવ છઠ્ઠો.

શેઠ અનોપચંદ મલુકચંદે જણાવ્યું કે ધાર્મિક કામમાં દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, અને જ્ઞાન દ્રવ્ય મુખ્ય છે. સાધારણ દ્રવ્યમાં પાંજરાપોળનો પણ સમાવેશ થાય છે. ઉપકારી પુરૂષની ભક્તિ કરવાથી જેટલો લાભ છે, તેટલોજ લાભ તેમની સંબંધના ખાતાઓની જાળવણીથી થાય છે. એવાં ખાતાં સાચવવાનો વખત મળે તે પણ ભાગ્યોદય છે. તાંબુ જેમ વિધિયુક્ત ખાવાથી પુષ્ટ બનાવે, તેવીજ રીતે દેવદ્રવ્ય પણ વિધિયુક્ત વપરાય તો પુષ્ટ થવાય. શ્રાવકે દેરાના પૈસા વ્યાજે રાખવા ન જોઈએ. ધાર્મિક વહીવટપર માલિકી સંઘની છે, તે બાપદાદાની માલિકી જેવા ગણવા નહિ જોઈએ. હીસાબ સભ્યતાથી. જોવા જોઈએ. હિસાબ તપાસનારને દરેક રીતની મદદ કરવી જોઈએ. સાધારણ ખાતાનું દ્રવ્ય પણ પોતાના ભોગમાં ન લેવું. જ્ઞાનદ્રવ્ય પણ સાચવવું જોઈએ. જે ભાવે જે કામમાં પૈસા કહેવાયા હોય, તેજ કામમાં વાપરવા.

શા. ચુનીલાલ નાનચંદે જણાવ્યું કે કેટલાકોએ હિસાબ મને પહેલીજ તકે બતાવ્યા છે, કેટલાકે હિસાબ આનાકાની પછી બતાવ્યા છે, કેટલાકે ચોખી ના કહેવા હીમત ધરી નથી, પણ ઢીલ કરી છે. આ ખાતું નિભાવવા માટે મદદની જરૂર છે. શ્રીમાનોએ ઑનરરી ઑડીટર તરીકે કામ બજાવવા નીકળવું જોઈએ. કેટલાક વહીવટ કરનારાઓ નકામો વખત બહુ લે છે. અમારા તરફથી કોઈને અડચણ કરવામાં આવતી નથી. ધાર્મિક વહીવટ કરનારાઓએ અમને બને તેમ જલદી મદદ કરવા વિનંતી છે. આશરે ૧૧૫ ખાતાંઓના હિસાબ અમે તપાસ્યા છે. ૧૦૦-૧૫૦ પત્રો ખાતાં તપાસવા માટે અમારા તરફ આવેલા છે. વ્યાખ્યાન વખતે સાધુ મુનિરાજે ઉપદેશ દે તો વહીવટ કરનારા જલદી બતાવી દે.

ડો. નગીનદાસ દોલતરામે હિંદીમાં જણાવ્યું કે કેળવણીનો પેટા ફાયદો ધન કમાવાનો છે. ૩ ચોપડા મુખ્ય છે, રોકડ, ખાતાવહિ અને નોંધ. વાત, પીત અને કફમાં ફેરફાર થાય એની સાથે તેને સરખાવી શકાય. દરેક મંદીર પર દરેક જૈનનો હક હિસાબ તપાસવાનો છે. પંચની દેખરેખની ખામી હિસાબની ગફલતીનું કારણ છે. દરેક માણસ બીજા બધાને દોરવા ચાહે છે, પણ પોતે બીજાથી દોરાવા ચાહતો નથી. ઈર્ષાના પરિણામ તરીકે તડ પાડવા એ પણ હિસાબની ગેરવ્યવસ્થાનું કારણ છે. મંદિરના પૈસાનું વ્યાજ પણ ઓછું આપવામાં આવે છે. દર વર્ષે નિયમસર નામું રખાતું નથી. હિસાબ તપાસ્યાનું સર્ટીફીકેટ દેખાડવા પછીજ ટીપમાં નાણાં ભરાવા જોઈએ. શ્રીમાનોને ન્યાત કાંઈ સજા કરી શકતી નથી. પારકે પૈસે નામદારી કરનારા બહુ શખ્સ હોય છે. તેઓ ખરેખર કાંઈ લાભ કરી શકતા નથી. ગ્રેજ્યુએટોની ડાયરીમાં સ્વદેશહિત, તથા સ્વધર્મના લાભમાં કાંઈ વખત વપરાયો દેખાતો નથી.

# તૃતિય દિવસનું મંગળાચરણ.

### વસંતતિલકા છંદ.

શ્રી વીર શાસનપતિ સુપસાય કારી,
શ્રી સંઘમાં કર સદા સુખ શાંતિ સારી;
આ જૈન મંડળ વિશે ભર સંપ ભારી,
સંસારિ ધાર્મિક બધી કૃતિઓ સુધારી.

**રાગ સોરઠ—વિમળા નવ કરશો ઉચાટ કે—એ રાગ.**

આજે જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઈચ્છા ફળીરે, ટેક.

ધાર્મિક નૈતિક રચ્યા પ્રબંધો, ધર્મ બંધુના વધ્યા સંબંધો;
કરી એકતા જૈની બંધુએ હળી મળીરે. આજે૦ ૧

જીર્ણ ચૈત્ય ઉદ્ધારો થાશે, પુણ્ય ક્ષેત્ર સાતે સચવાશે;
જ્ઞાનોદ્ધાર થશે અજ્ઞાન તિમિર ટળીરે. આજે૦ ૨

હાનિ કારક રિવાજ ટળશે, જ્ઞાન દાન સંતતિને મળશે;
ધાર્મિક નૈતિક સ્ત્રી શિક્ષણ મળશે વળીરે. આજે૦ ૩

સાહ્ય સિઝાતા ભાઈની થાશે, ઉદ્યમ ધંધામાં જોડાશે;
કર્યું ફંડ સાધરમી દુઃખ દળવા હળીરે. આજે૦ ૪

જીનશાસનની ઉન્નતિ થાશે, વિજય વાવટો જગ રોપાશે;
ધરશે કીર્તિ છત્ર સુ ખટદર્શન મળીરે. આજે૦ ૫

નગરશેઠ જગમાં પ્રખ્યાતા; સદ્ગુણી ચીમનભાઈ વિખ્યાતા;
સ્વાગત મંડળ પ્રમુખ થયા મતિ નિર્મળીરે. આજે૦ ૬

શેઠજી જેસંગભાઈ મન ભાવી, આમંત્રણ કોન્ફરન્સ વધાવી;
કરી કીર્તિ નિજ પૂર્વજ સમ જેણે ઉજળીરે. આજે૦ ૭

ઈત્યાદિક ભાઈઓએ ભારી, તન મન ધનથી સેવા સારી;
કોન્ફરન્સ દીપાવી રાજનગર ભલીરે. આજે૦ ૮

જૈનીબંધુ કોન્ફરન્સ વધાવો, સાંકળચંદ સ્વધર્મ દીપાવો;
સહજ કલાનિધિ સંઘ ભક્તિ સફળી ફળીરે. આજે૦ ૯

રાગ ધનાશ્રી.

ભારત જૈન સમાજ, મળીયો ભારત જૈન સમાજ;
રાજનગરમાં જૈન શ્વેતાંબર. મહા મંડળ મળ્યું આજ. મળીયો.
રાયબહાદુર સીતાબચંદજી, નાહર સદ્‌ગુણ તાજ. મળીયો.
પ્રમુખપદે બિરાજી સઉને, આભારી કીધ આજ. મળીયો.
મીડલ સ્કુલ ઔષધશાળા કરી, રાખ્યું નામ સદાજ. મળીયો.
દુકાળમાં અન્ન વસ્ત્ર દાનથી, રાખી ગરીબની લાજ. મળીયો.
નેક ટેક ધરી ધર્મ બંધુની, કરજો સારી સાજ. મળીયો.
ઢઢ્ઢા ધૈર્ય ધરીને બાંધી, પાણી પહેલાં પાજ. મળીયો.
સંપ બીજ રોપ્યું ફળ વધીમાં, સફળ ફળ્યું તરૂરાજ. મળીયો.
ધીર વીર મતિવાન મહાજન, દક્ષ વિવેકી મળ્યાજ. મળીયો.
સ્વપર વિચારોથી દૂર કીધા, હાનિકારક રિવાજ. મળીયો.
સંસારિક ધાર્મિક ને નૈતિક, સફળ થયાં સૌ કાજ. મળીયો.
વીર બાળા વીર પુરૂષ પધારી, રાખ્યો રંગ સમાજ. મળીયો.
ધર્મ પ્રભાવે વૈભવ પામ્યા, જાહોજલાલી સદાજ. મળીયો.
સાહ્ય સ્વધર્મિની કરી કરજો, શાસન ઉન્નતિ આજ. મળીયો.
ધર્મ ટેક ધરી સંપ ઐકય કરી, સ્વ પર સુધાર્યાં કાજ. મળીયો.
જાતિ તણું કલ્યાણ કરે જે, એવા નર વિરલાજ. મળીયો.
આશિર્વાદ વદે સાંકળચંદ, સુધરો જૈન સમાજ. મળીયો.

---

# તૃતીય દિવસ.

---

## ફાગણ શુદી ૬ સોમવાર તા૦ ૧૮ ફેબ્રુઆરી.

### ઠરાવ ૯ મો.

[ હાનિકારક રિવાજો. ]

નીચે જણાવેલા હાનિકારક રિવાજો આપણી કોમમાં કેટલેક ઠેકાણે ચાલે છે, તે હરેક પ્રકારે દૂર કરવાની ખાસ જરૂરીઆત છે.

૧) બાળલગ્ન.
૨) વૃદ્ધવિવાહ.
૩) કન્યાવિક્રય.
૪) એક સ્ત્રીની હયાતિ દરમ્યાન વધારે સ્ત્રીઓ કરવી તે.
૫) મૃત્યુ પાછળ જમણવાર.
૬) મૃત્યુ પાછળ અયોગ્ય શોક ક્રિયા
૭) અયોગ્ય ફરજ્યાત ખર્ચો.
૮) પરધર્મીઓના પર્વાદિનો તથા રીત રિવાજોનો પ્રચાર.

આ બાબતમાં ગયાં વર્ષોમાં કોન્ફરન્સ તરફથી થએલાં વિવેચન અને ઠરાવોને અનુસરીને કેટલાંક ગામો અને શહેરોના આગેવાનોએ ઉક્ત રીવાજોમાંના કેટલાકોને પોતપોતાના સ્થળોમાં બંધ કરેલા છે તેની નોંધ આ કોન્ફરન્સ સંતોષ સાથે લે છે. અને અન્ય સર્વ સ્થળોના આગેવાનોને વિનંતિ કરે છે કે તેઓ પણ પોતપોતાના સ્થળોમાં સદરહુ રીવાજો બંધ કરવા બનતું કરશે.

દરખાસ્ત મૂકનાર રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા

ટેકો આપનાર શોભાગમલજી ઢઢ્ઢા

ટેકો આપનાર પ્રોફેસર નથુભાઈ મંછાચંદ.

અનુમોદન આપનાર રા. અમરચંદ પી. પરમાર

,, રા. રા. બાલચંદ હીરાચંદ.

,, રા. રા. છોટાલાલ કાળીદાસ વકીલ.

,, રા. રા. વલભદાસ ત્રિભુવનદાસ.

,, રા. રા. શિવજી દેવસી.

## ઠરાવ ૧૦ મો.

( જૈન લગ્નવિધિનો પ્રસાર કરવા બાબત )

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં લગ્નવિધિ યથાર્થ રીતે દર્શાવેલી હોવા છતાં અન્ય ધર્મિઓના પ્રસંગને લીધે આપણી કોમમાં લગ્નવિધિ અન્યદર્શનીઓના અનુકરણ રૂપે કરવામાં આવે છે એ શોચનીય છે, માટે તે દોષ દુર કરવા સારૂ આપણા શાસ્ત્ર પ્રમાણે દર્શાવેલી લગ્નવિધિનો પ્રસાર કરવો જોઈએ, તથા અન્ય સંસ્કારો પણ જે નષ્ટપ્રાય થઇ ગયા હોય તેને સુધારી જૈન શાસ્ત્રાનુસારે શુદ્ધ કરવા જોઇએ એવી આ કોન્ફરન્સ ખાસ આવશ્યકતા ધારે છે.

દરખાસ્ત મૂકનાર રા. દામોદર બાપુશા એવલાકર.

ટેકો આપનાર રા. કુંવરજી આણંદજી.

## ઠરાવ ૧૧ મો.

(નિરાશ્રિત જૈનોને આશ્રય બાબત)

મરણાંતે પણ યાચના નહી કરનાર શ્રાવક શ્રાવિકાઓ તેમનાં બાળબચ્ચાં સાથે કોઇ સ્થળે સીઝાય નહિ અને દીન હીન હાલતમાં ધર્માન્તર થતાં અટકે તે માટે,

૧ નિરાશ્રિત જૈનોને ધંધે લગાડવાની,

૧ માબાપ વિનાનાં અનાથ બાળકોને તથા અનાથ જૈન વિધવાઓને આશ્રય આપવાની તથા બાળાશ્રમ સ્થાપવાની,

૩ જન્મપર્યન્તના અસાધ્ય રોગોથી પિડાતા નિરાશ્રિત સ્વધર્મિ બંધુઓને માટે આશ્રયસ્થાન સ્થાપવાની,

આ કોન્ફરન્સ ખાસ આવશ્યકતા સ્વીકારે છે, અને સર્વ જૈનબંધુઓને તથા શ્રીમાન્ શેઠીઆઓને આ બાબત ઉપર ખાસ લક્ષ આપવાની વિનંતી કરે છે.

દરખાસ્ત મુકનાર રા. સા. હીરાચંદ મોતીચંદ.

ટેકો આપનાર રાય બહાદુર શેઠ સોભાગ્યમલજી ઢઢ્ઢા.

## ઠરાવ ૧૨ મો.

જીવદયા. ( પ્રમુખ તરફથી. )

**અહિંસા પરમો ધર્મઃ**—એ સિદ્ધાંત સર્વ ધર્મોને સામાન્ય છતાં ઉત્કૃષ્ટ રીતે તે જૈન ધર્મનો સિદ્ધાંત છે માટે,

૧ જીવોની થતી હિંસા તથા જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા બનતા પ્રયત્ન કરવા.

૨ પાંજરાપોળો જેવાં ખાતાં જ્યાં ચાલતાં હોય ત્યાં તે યોગ્ય વહીવટ અને ચોખવટથી ચલાવવાં તથા જે સ્થળોએ તે ન હોય ને તેની જરૂરીયાત હોય ત્યાં તેવાં ખાતાં નવાં સ્થાપન કરવાં.

૩ પ્રાણીઓના અવયવોની બનતી ચીજો માટે તેમના ઉપર ઘણું ઘાતકીપણું ગુજરે છે તેથી તે બનાવટની ચીજો ઉપયોગમાં ન લેવી.

૪ તથા બીજે અનેક રસ્તે જીવદયા જેવા ઉતમ કાર્યને ઉત્તેજન આપવું.

આ સંબંધમાં વાંસદા, ગાંફ, સાયલા, જાંબુઆ, ધસાયતા, પાહડીઆ વગેરેના મહારાજાઓ તથા બીજા જે જે મહારાજાઓ તથા ઠાકોરો વગેરેએ જીવદયાના સંબંધમાં જે જે ઠરાવો કર્યા છે તેઓનો આ કોન્ફરન્સ સંતોષ સહિત આભાર પ્રદર્શિત કરે છે.

## ઠરાવ ૧૩ મો.

[ કોન્ફરન્સના બંધારણ બાબત. પ્રમુખ તરફથી ]

કોન્ફરન્સનું બંધારણ મજબુત થવા નીચે પ્રમાણે ઠરાવ પસાર કરવાની અને તેને અમલમાં મુકવાની આવશ્યકતા આ કોનફરન્સ વિચારે છે.

૧ ચારે જનરલ સેક્રેટરીઓએ પોતાના હાથ નીચે જરૂર પડતા આસીસ્ટન્ટ પ્રાંતિક અને સ્થાનિક સેક્રેટરીઓ નીમી તેમની મારફત કોન્ફરન્સમાં થયેલા ઠરાવોનો અમલ કરાવવા પ્રયાસ કરવો.

૨ કોન્ફરન્સની કાયમની સ્થિતિ દ્રઢ કરવા દરેક જૈન પાસે દરસાલ કોઈ અમુક રકમ ઉઘરાવી ચાલુ ઉપજ થાય તેવી યોજના કરવી.

૩ દરવર્ષે જેમ બને તેમ ઓછા ખર્ચે કોન્ફરન્સ ભરાઈ શકે તેમ સગવડ કરવી.

૪ કોન્ફરન્સ તરફથી નીકળતા માસિકમાં કોન્ફરન્સ સંબંધી કાર્યની ખબરો ઉપરાંત, ધાર્મિક અને નૈતિક વિષયો યોગ્ય પ્રમાણમાં દાખલ કરી બને તેટલું વિશેષ ઉપયોગી કરવું.

૬ દરવર્ષે મળનારી આપણી આ કોન્ફરન્સના હેતુ બર લાવવાને માટે અને તેમાં થયેલા ઠરાવોનો અમલ જૂદે જૂદે સ્થળોએ થતો જાય તે વગેરે માટે દરેક પ્રાંતમાં અનુકૂળતા અનુસાર પ્રાન્તિક કોન્ફરન્સો ભરવી.

## ઠરાવ ૧૪ મો.

જૈન છબીઓ બાબત. (પ્રમુખ તરફથી)

આ દેશમાં તથા પરદેશમાં હાલમાં આપણા પવિત્ર તીર્થંકર ભગવાનની છબીઓ, ફોટોગ્રાફો વગેરે છપાયેલા અને પાડેલા બજારમાં વેચવામાં આવે છે, તેથી ઘણીજ આશાતના થાય છે, માટે તે સામે આ કોન્ફરન્સ પોતાની સખત નાપસંદગી જાહેર કરે છે અને ઇચ્છે છે કે આવી છબીઓને ખરીદ કરીને અથવા બીજી કોઇ રીતે કોઈએ ઉત્તેજન આપવું નહિ. તેમજ આવી છબીઓ કોઇ પણ દેરામાંથી પાડવા દેવી નહિ અને કોઇ જૈને પાડવી નહિ.

આ ઠરાવનો હેતુ અમલમાં આણવા માટે મી૦ અમરચંદ પરમાર તથા ત્રિભુવનદાસ ઓધવજી શાહને નીમવામાં આવ્યા હતા.

## ઠરાવ ૧૫ મો.

( જૈન મૂર્તિઓના સંબંધમાં ટ્રેઝરટ્રોવ એકટમાં સુધારો કરાવવા બાબત )

(પ્રમુખ તરફથી.)

હિંદુસ્તાનના જુદા જુદા ભાગોની અંદર ઘણી જૈન પ્રતિમાજી મળી આવે છે અને તે જૈન ધર્મની છે તે ઓળખાવવા માટે તે ઉપર લેખો તથા બીજા ચિન્હો હોય છે, તે છતાં જૈનોને તે પ્રતિમાજી મેળવવા ઘણી મુશીબત પડે છે, તથા ભારે ખરચ કરવો પડે છે, માટે આવા પ્રત્યેક સ્થળેથી મળી આવે તેવી પ્રતિમાજીઓ બાબત નામદાર હિંદી સરકારને અરજ કરી ટ્રેઝરટ્રોવ એકટમાં ( જમીનમાંની પ્રતિમાજી બાબતના ધારામાં ) જરૂરીઆત સુધારો વધારો કરાવવાની અગત્યતા આ કોન્ફરન્સ સ્વીકારે છે. અને તે બાબતમાં નામદાર હીંદી સરકારને મેમોરીઅલ કરવાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સૂચના કરે છે.

## ત્રીજો દીવસ.

મી૦ ઢઢાએ કૉન્ફરન્સનો ૧૯૬૨ નો હિસાબ રજુ કર્યો.

મી૦ ભગુ ફતેહચંદે જણાવ્યું કે ઑડીટ થયા વિના હિસાબ પાસ થઈ શકે નહિ.

મી૦ લલુ કરમચંદ દલાલે સૂચના કરી કે આ હિસાબ પસાર કરવો, પરંતુ હવે પછી ઑડીટ કરાવ્યા વિના પસાર કરવો નહિ.

મી૦ કુંવરજી આણંદજીએ સૂચના કરી કે અત્યાર સૂધી જનરલ સેક્રેટરીઓજ ઑડીટર ગણાય, અને તેમની સહીથીજ હિસાબ બહાર પડેલો હોવાથી તે ઑડીટ થયેલોજ ગણાય. હવે પછી નવા બંધારણથી નકી કરવામાં આવશે કે ૨ ઑડીટરોએ હિસાબ તપાસ્યા પછી બહાર પાડવો કે કેમ. દરમ્યાન આ હિસાબ નિયમ પ્રમાણેનો હોવાથી, આપ સર્વ પસાર કરશો એમ આશા છે.

તાળીઓના અવાજ વચ્ચે હિસાબ પસાર થયો.

## ઠરાવ નવમો.

મી૦ ઢઢ્ઢાએ જણાવ્યું કે જેવી રીતે સડકપરથી ગાડી, બગી વિગેરે સરલતાથી ચાલી શકે છે તેવીજ રીતે કાંટા વિનાના સંસારી રીવાજોથી સરલતાથી જીવન ગાળી શકાશે. રીત રીવાજ એ આપણો ચાલવાનો રસ્તો છે. રીત રીવાજો દૂર કરવામાં સ્ત્રીઓ મદદ કરે તો બહુજ જલદીથી સંસાર સુધરી જાય. રીત રીવાજોની ગાડી ચલાવનાર અમે છીએ. ગાર્ડ સ્ત્રીઓ છે, જન્મ મરણ ટર્મીનસીઝ છે. આપણા બાપદાદાએ જે રીવાજો ધારણ કર્યા તેઓ બેવકૂફ નહિ હતા. પરંતુ વખત બદલાતો જાય છે, તો વખતની સાથે આપણે વર્તન કરવું જોઇએ. શાસ્ત્રનું ફરમાન છે કે દેશ કાળને અનુસરીને ચાલવું. આપણે દેશકાળને જોઇને તે પ્રમાણે ન વર્તીએ તો શાસ્ત્રનું ઉલ્લંઘન કર્યું ગણાશે. એક બિલાડીને લગ્ન વખતે ટોપલી નીચે દાબી દેવામાં આવી હતી, તે વિઘ્ન દૂર કરવા માટે હતું, પણ તેની આસપાસના માણસો તથા વંશજોને બિલાડી દાબી દેવાનું કારણ ન સૂજતાં, લગ્ન વખતે બિલાડી દાબી દેવાનું તેઓએ ધોરણ દાખલ કર્યું. આ રીવાજ ચાલુ રાખવો શું વ્યાજબી ગણાશે? સંઘ મળતો હતો તે પણ એક જાતની કૉન્ફરન્સ હતી. લગ્ન માતપિતાની ખુશીના થાય તે બાળલગ્ન, વરવધુની ખુશીનાં તે યુવાન લગ્ન તથા પાડોશીઓની ખુશીના લગ્ન તે વૃદ્ધ લગ્ન. લગ્ન વિષયવાસના તૃપ્ત કરવા માટેજ નથી. લગ્ન આ લોક અને પરલોક સુધારવા માટે શાસ્ત્રાનુસારછે. બાળ લગ્નથી વીર્ય પુષ્ટ રહી શકતું નથી, ધર્મમાં ચુસ્ત રહેવાતું નથી, તથા દેશ સેવા માટે શુરવીર થઇ શકાતું નથી. લગ્ન ૨૫ વર્ષની ઉમરે થવા જોઇએ. શાસ્ત્રમાં બાળલગ્ન વિષે બીલકુલ પરવાનગી નથી. યોગ્ય વયે લગ્ન કરવાનીજ પરવાનગી છે. મુસલમાનોથી બચવા માટેજ બાળલગ્ન જારી કર્યા. હાલ ઈંગ્રેજોનું રાજ હોવાથી તે બાળલગ્નની વિધિને હવે તદન નાબુદ કરવી જોઇએ.

હાલ કંઇ એવી હદ જોઇએ કે જેથી પુરૂષ એક સ્ત્રી જીવતી છતાં બીજી સ્ત્રી કરે પણ તે અમુક ઉમર સુધીજ.

કન્યાવિક્રયથી મળેલા પૈસા બીજા પૈસાને પણ ઘસડી જાય છે.

શાસ્ત્રકારે કહ્યું છે કે સ્ત્રીએ બીજો પતિ કરવો નહિ. તેમજ એક સ્ત્રી પર બીજી સ્ત્રી કરવી એ પણ બહુ બૂરો રીવાજ છે. બન્ને જીવતી સ્ત્રીને રૌદ્રધ્યાન થાય છે. તે બન્ને સ્ત્રી તથા પતિ ત્રણેને અતિશય મુશ્કેલી પડે છે.

જમણવાર ખુશી બતાવનારો પ્રસંગ છે. તો મરણ ખુશીનો પ્રસંગ નહિ હોવાથી તે પાછળ મિષ્ટાન જમાડવા જોઇએ નહિ. વૈષ્ણવની સોબતથીજ આપણામાં એ રીવાજ દાખલ થયો છે.

રડવાકુટવાનો રીવાજ અપઠિત સ્ત્રીઓથી દાખલ થયો છે. ચાર ધ્યાનમાં ધર્મ ધ્યાન અથવા શુકલ ધ્યાનનેજ આપણે પસંદ કરીશું. શોક ક્રિયા વખતે ધર્મ ધ્યાનમાં બીલકુલ વિઘ્ન નાખવાની જરૂર નથી. ધર્મ ધ્યાનમાં પ્રવર્તવું એજ આપણું કામ છે.

હોળી રજપુતાનામાં શુદ્રનું પર્વજ ગણાય છે. છતાં પણ દેખાદેખી અમે પણ એ પર્વ ગ્રહણ કર્યું છે. પણ શાસ્ત્ર પરથી જણાય છે કે એ પર્વ આપણી સાથે બીલકુલ સંબંધ ધરાવતું નથી.

શીતળા માતાને સંતુષ્ટ કરવા માટે ટાઢું ખાવામાં આવે છે, માટે તે પણ નકામું છે. મોત જીંદગી કોઇના હાથમાં નથી, તો શીતળા સાતમ વિગેરે પર્વો તદન નકામા છે.

મી૦ શોભાગમલજી ઢઢાએ જણાવ્યું કે કમજોર માબાપનાં સંતાન કમજોર હોય છે. ધીમે ધીમે એટલી બધી શક્તિ કમ થશે કે નાબુદી થવાનો વખત આવશે.

પ્રોફેસર નથુ મંચ્છાચંદે જણાવ્યું કે કુરીવાજોએ આપણી જૈન કોમનું નહિ પણ આખા હિંદનું જડમૂળ કાઢી નાખ્યું છે. બાળલગ્ન કરનારા બાપો નાના નાના છોકરાઓને પરણાવી ભવ બગાડે છે. કમાવાની શક્તિ પહેલાં પરણાવી દેવાથી દુનિયામાં માણસ પાછો પડી જાય છે. શાક, આંથણા માટે દિવસ અને વર્ષની ફરીઆદ થાય છે, તો જીવનભરને માટે લગ્નની કેટલી સંભાળ રાખવી જોઈએ, તે વિચારો.

અમેરિકામાં એક ઈંગ્રેજે મને પૂછ્યું ત્યારે મેં કહયું કે મારા દેશમાં બબ્બે સ્ત્રીઓ પરણાય છે. આપણા દેશમાં સ્નેહ નથી.

મરનારની પાછળ શોકની લાગણી થાય એ કુદરતી છે, પણ એ લાગણીને હદ હોવી જોઈએ.

ચૌદ વર્ષની વિધવા રોતી જાય અને તેની પાસે માણસો મિષ્ટાન ઉડાવે, એ કેટલી અફસોસની વાત છે?

સ્ત્રીઓ જ્યારે બજારમાં ચોખ્ખા [illegible]એ છે, ત્યારે તેઓનો મલાજો બીલકુલ સચવાતો નથી પણ વાઘરણો [illegible] છે.

છોકરો માંદો પડે ત્યારે દાક્તરને બોલાવીએ નહિ પણ દાડો કરવા પાછળ ગમે તેમ ખર્ચ કરીએ એ કેટલી દિલગીરી ! તમે દેવી, તાબૂત, પીર, હનુમાન વિગેરેની માનતા કરો છો, પણ એ દૂર કરી ધર્મ પ્રમાણેજ વર્તો. જમાનો આગળ વધતો જાય છે, અને તમે પાછળ પડતા જાઓ છો.

સાધુ મુનિરાજોને વિનંતિ કરૂં છું કે કન્યા વિક્રય કરનારને ત્યાં બનતા સૂધી નહિ વહોરજો.

આપણામાં પૈસા છે, શક્તિ છે, પણ કોઈ કપતાન નથી. અરે શેઠીયાઓ, તમે ભોગ આપતાં શીખો. અલીગઢ કોલેજનો ખ્યાલ કરો. મુસલમાનો અજ્ઞાન હતા, પાછળ હતા, તેઓ આગળ આવ્યા છે.

મી૦ અમરચંદ પરમારે જણાવ્યું કે પડતીના ઘણા કારણોમાંનું એક હાનિકારક રીતરીવાજો છે. કેટલાક રીવાજો અજ્ઞાનથી, દેખાદેખીથી, અનાયાસે તથા રાજકર્ત્તી કોમના સહવાસથી આવેલા છે. પુત્રીઓ મોટી ઉમરે બહાર જઈ ન શકે, તે મુશ્કેલી દૂર કરવા માટેજ આપણે મુસલમાની અમલમાં બાળલગ્ન દાખલ કર્યા હતા. ઢીંગલા ઢીંગલીનો વિવાહ જેવો નકામો છે, તેવાજ બાળલગ્ન છે. "કાકાનો વાટકો કાગડા લઈ ગયા" એ કહેવત બતાવે છે કે બાળકન્યા પતિ, તથા કાકાનો ફેર સમજી શકતી નથી.

કન્યા વિક્રય કરનારા એક જણે કહ્યું કે પાંચસે રૂપિયા ખરચ કરીને એક સ્ત્રી લાવ્યો, તેમાંથી બે પુત્રીના રૂપિયા પંદરસો લીધા, રૂપિયા એક હજાર કમાયો, તથા મૂળ મૂડી ( મારી સ્ત્રી ) અનામત છે. આવી રીતે કન્યા વિક્રય કરનારને માટે કેટલી દિલગીરી !

યોગ્ય પુરૂષોએ તો બનતાં સુધી એકજ સ્ત્રી જીંદગીભર કરવી જોઈએ. એક જીવતાં વધુ સ્ત્રી કરનાર ઘરમાં મોટો કજીયો ઘાલે છે.

મૃત્યુ પાછળ ઘરેણાં તથા સારાં લૂગડાં પહેરી જવું એ કેટલી શરમભરેલી વાત છે ! છાતી કૂટીને લાલ કરી દે છે, એટલે સુધી કે કોઇ વખત શેક કરવો પડે છે. રોવું કૂટવું ધર્મથી વિરૂદ્ધ છે. એ રીવાજ પણ મુસલમાનોના અમલ દરમ્યાન તાબૂતમાં બોલાતા "યા હુસેન"નું અનુકરણજ છે. રજપુતાનામાં એ રીવાજ નથી.

ડાહી સ્ત્રીઓએ મિથ્યાત્વી પર્વો માટે પોતાના પતિને કોઈ રીતે સતાવવા જોઈએ નહિ. કેળવણી ફેલાશે ત્યારે હાનિકારક રીવાજો નાબુદ થશે.

શા બાલચંદ હીરાચંદે જણાવ્યું કે હાનિકારક રીત રીવાજો દૂર કરવામાં આપણે બીલકુલ ખર્ચ કરવો પડે તેમ નથી, પણ ઉલટું તેમાં લાભ થઇ શકે તેમ છે.

વકીલ છોટાલાલ કાળીદાસે જણાવ્યું કે મૂળને કાઢી નાખીશું તો પરિણામ ભોગવવાનું રહેશે નહિ. લોભને લીધેજ માબાપો જીવતું માંસ વેચે છે. જો બંધ કરવું હોય તો કન્યાવિક્રયનો રીવાજ સમૂળગો કાઢી નાખવો. બસેં રૂપિયા લે કે પાંચ હજાર લે તે સરખુંજ છે. કન્યા વિક્રય કરનાર તરફ તિરસ્કારથી જોવામાં આવે તો પોતાની મેળેજ તે માણસ શરમાશે. કન્યાના માબાપોપર બીલકુલ ફરજીઆત ખર્ચ ન હોય તો કન્યા વિક્રય કરવાનો સંભવ જરા ઓછો થાય. એક વૃદ્ધ પોતાની નવી પરણેલી સ્ત્રીને તેડીને સ્ટેશને ગયા. સ્ટેશન માસ્તર પારસી જાણતા હતા કે આ વૃદ્ધની સ્ત્રી છે, છતાં સ્ત્રીને તેણે કહ્યું કે દાદા સાથે ફરવા આવી છે! આવી શરમ પણ ઓછી નથી.

મી૦ વલ્લભદાસ ત્રિભુવનદાસે જણાવ્યું કે હાનિકારક રીવાજો દૂર કરવામાં મનની દૃઢતા જ જોઈએ છે. એવી દૃઢતા ન થાય ત્યાં સુધી એ રીવાજો દૂર થઈ શકે તેમ નથી આવા હાનિકારક રીવાજોથી સમકિતમાં બહુજ બાધ આવે છે. ૧૬ થી ૨૫ વર્ષ સુધીમાં વીર્ય પાકટ થાય છે. એ ઉમર દરમ્યાનના લગ્નની સંતતિજ શરીર સંપત્તિવાળી થાય છે. નિર્બળ સંતતિથી દેશની આબાદાનીને પણ હાનિ થાય છે. લગ્નમાં પુત્ર પુત્રીની સંમતિ પણ લેવી ઇષ્ટ છે,

મી૦ શિવજી દેવશીએ જણાવ્યું કે જ્યાં શ્રોતાઓ બોધ પામતા નથી, ત્યાં વક્તાઓનું જ જડપણું છે. હાનિ સમજાવવામાં આવે નહિ, ત્યાં સૂધી એ રીવાજો નષ્ટ થવા દુર્લભ છે. કચ્છના મારા પ્રવાસ દરમ્યાન મેં ઘણા સુધારા કરાવ્યા છે, જે હજી અમલમાં છે. દરેક વ્યક્તિએ પોતેજ સુધરવું જોઈએ. બીજા માટે સુધારાની આશા રાખી બેસી રહેવું એ શ્રેયસ્કર નથી. ઉપદેશક ફરવાની જરૂર છે.

## ઠરાવ ૧૦ મો.

મી૦ દામોદર બાપુશાએ જણાવ્યું કે માણસ જન્મથી શુદ્ર ગણાય છે, પણ જેમ જેમ તેને સંસ્કાર થાય છે, તેમ તેમ તે ઉચ્ચ થતો જાય છે. આચાર્ય વર્ધમાનસૂરિએ આચાર દીનકરમાં ૧૬ સંસ્કાર વર્ણવ્યા છે. છતાં આળસ તથા મંદ બુદ્ધિથી જ આપણે શાસ્ત્ર પ્રમાણે સંસ્કારો કરવામાં ઢીલા રહીએ છીએ. પરમ શ્રાવક, ગુરૂની આજ્ઞાવાળો, સંસ્કારી કરાવી શકે. હે બંધુઓ! જન્મથી જૈન હોવા છતાં, સંસ્કારમાં વૈષ્ણવપણું રાખો તો તમે અર્ધા જૈન અને અર્ધા વૈષ્ણવ થાઓ છો! આવું આચરણ કરતો એકે ધર્મ છે?

મી૦ કુંવરજી આણંદજીએ જણાવ્યું કે જ્યાં સુધી ગ્રંથોની હાજરી ન હોય, ત્યાં સુધી આચાર દીનકર ગ્રંથમાં જણાવેલી વિધિ પ્રમાણે લગ્નાદિ સંસ્કારો કરવા એ આપણી પ્રથમ ફરજ છે.

## ઠરાવ ૧૧ મો.

રા૦ સા૦ હીરાચંદ મોતીચંદે જણાવ્યું કે નિરાશ્રિત ચાર પ્રકારના હોય છે. તેમાં આગલી સારી સ્થીતિમાંથી પડેલા હોય તેમને ગુપ્ત દાન આપવું જોઇએ. બીજા એવા હોય છે કે જેને રૂ ૧ ની પેદાશ, પણ ખર્ચ રૂ ૧૦) નો, તેમને પણ ગુપ્તદાન દેવું જોઇએ. ત્રીજા ગરીબ હાથ ધરનારા હોય છે. તેમાં સશક્ત છતાં હાથ ધરનારા હોય તેને ધંધે લગાડવા જોઇએ, તથા સાધન કરી આપવું જોઈએ. ચોથા વૃદ્ધ, તેમને પણ પૂરતી રીતે આશ્રય આપવાની જરૂર છે. બાળાશ્રમ સ્થાપવાનું કારણ દુર્દશામાં પડેલા બાળકોને બીજા ધર્મમાં જતા અટકાવવા માટે છે. ભૂખ વખતે માણસ ગમે તેવું કામ કરી નાખે, ધર્મ વિરૂદ્ધ પણ થઈ જાય. મીલોમાં હલકી વર્ણના મજૂરોને કામે નહિ રાખતાં સ્વધર્મીબંધુઓને કામે લગાડવાથી પુણ્ય ઉપાર્જન થશે. ધંધાની એબ નથી. શરીરથી કોઇપણ રીતે ધંધો કરવો. ભીખ જેવી કોઈ અધમ ચીજ નથી. ફેરી કરવા માટે અમારા એક સુરતી મદદ કરતા તથા એક મહિનાનો વીશી ખર્ચ આપતા, કે જેથી ખાવાની એક મહિનાની મુશ્કેલી વિના માણસ ધંધો કરી શકે. પેટમાં ભૂખ લાગે ત્યારે બચ્ચાંને વેચે, તથા ગમે તે કરે. મૂળને સુધાર્યા વિના ફળ ખાઇ શકાશે નહિ. પાલીતાણામાં બાળાશ્રમ ખોલવાની અમારી ઈચ્છા થઈ. આમાંના બે છોકરાઓને પાદરી વટલાવતા હતા, તેમાંથી લાવ્યા છીએ. મોટા બાળાશ્રમને માટે રૂ ૧૦) લાખની મદદની જરૂર છે; હાલ તો વાર્ષિક મદદથી આ બાળાશ્રમ ચલાવીએ છીએ. તેમાં નીચે પ્રમાણે મદદ મળેલી છે.

| | | | | |
|---|---|---|---|---|
| રૂ. | ૫૦૦) | શેઠ વીરચંદ દીપચંદ | દર વર્ષે. | |
| રૂ. | ૨૫૦) | પ્રેમચંદ રાયચંદ. | ,, | |
| ,, | ૨૫૦) | ત્રીભોવનદાસ ભાણજી. | ,, | |
| ,, | ૨૫૦) | ગોકુળભાઇ દોલતરામ. | ,, | |
| ,, | ૨૫૦) | ગોકુળભાઈ મૂળચંદ. | ,, | |
| ,, | ૨૫૦) | દેવકરણ મૂળજી. | ,, | |
| ,, | ૨૫૦) | મોતીચંદ દેવચંદ. | ,, | |
| ,, | ૧૨૫) | કલ્યાણચંદ શોભાગચંદ. | ,, | |
| ,, | ૬૦૦) | મોતીના કાંટા તરફથી. | ,, | |
| ,, | ૬૦૦) | આણંદજી કલ્યાણજી. | ,, | |
| ,, | ૧૦૧) | નગીનદાસ કપુરચંદ | પાંચ વર્ષ સુધી. | |
| ,, | ૫૧) | જેચંદ કપુરચંદ. | ,, | પોરબંદર. |
| ,, | ૨૫) | મણિલાલ રીખવચંદ | ,, | પાલણપુર. |

**આ વખતે નીચે પ્રમાણે સખાવતો મંડપમાં જાહેર થઇ.**

શેઠ મનસુખભાઇ ભગુભાઈ તરફથીઃ—

રૂ ૫૦૦૦૦) ટ્રસ્ટી { મનસુખભાઇ ભગુભાઈ, જમનાભાઈ ભગુભાઇ, સેનાભાઈ ચુનીલાલ. } { ભગુભાઈ પ્રેમચંદ જૈન પાઠશાળાના ફંડ માટે,

રૂ ૫૦૦૦૦) પ્રધાનબાઈ કન્યાશાળા.

,, ૫૦૦૦૦) સમર્થ ,, જીર્ણ પુસ્તકોદ્ધાર.

,, ૧૫૦૦) ના વ્યાજમાંથી સેનાભાઇ ચુનીલાલ તરફથી પુસ્તકો કન્યાશાળાને

**બાબુ સીતાબચંદજી** નહાર તરફથી.

,, ૨૦૦૦૦) સરકારી નોટ **શ્રી જૈન શ્વેતાંબર** મદદ ફંડ.

ટ્રસ્ટી રાય બ. મણિલાલ નહાર.

,, ગુલાબચંદજી ઢઢા.

ચીમનભાઈ લાલભાઈ<br>મનસુખભાઈ ભગુભાઈ<br>લાલભાઈ દલપતભાઇ<br>ચીમનભાઇ નગીનદાસ — Working board

રૂ ૭૦૦૦ શેઠ પ્રેમાભાઈ હેમાભાઇ વખતચંદ.

,, ૨૦૦૦૦ ,, મનસુખભાઇ ભગુભાઈ.

,, ૫૦૦૦ ,, અંબાલાલ સારાભાઇ મગનભાઇ.

,, ૫૦૦૦ ,, દલપતભાઈ ભગુભાઇ.

,, ૫૦૦૦) શેઠ વીરચંદ દીપચંદ.

૬૨૦૦૦)

,, ૩૦૦૦૦) શેઠ લાલભાઇ દલપતભાઈ (કોઈ સારા ખાતામાં. લાલભાઈ, મણિભાઇ, જગાભાઇ કયા ખાતામાં વાપરવા તેનો નિર્ણય પાછળથી કરશે.)

કોન્ફરન્સ નિભાવ ફંડ.

રૂ ૧૦૦૦ રા૦ બ૦ સીતાબચંદજી.

,, ૧૦૦૦) મનસુખભાઇ ભગુભાઈ.

,, ૧૦૦૦) દલપતભાઇ ભગુભાઇ.

,, ૧૦૦૦) વીરચંદ દીપચંદ.

,, ૨૫૦) ,, ,, ના પત્ની. પાંચ ખાતામાં.

,, ૧૦૦૦) અંબાલાલ સારાભાઈ નિભાવ ફંડમાં.

,, ૫૦૦) હીરાચંદ કકલ વાળી કન્યાશાળાને વ્યાજમાંથી ઈનામ માટે રા. બ. સીતાબચંદજી તરફથી.

,, ૫૦૦) લલુભાઈના બોર્ડીંગને. ,,

વોલંટીયરોને ચાંદ. ,,

પરચુરણ રકમો ઘણી આવી છે, તે અહીં લખી શકયા નથી. કુલ રકમ લગભગ ત્રણ લાખ જેટલી થવા જાય છે.

## કૉન્ફરન્સને ભાવનગર આમંત્રણ.

શેઠ કુંવરજી આણંદજીએ જણાવ્યું કે શ્રી ભાવનગરના સંઘ તરફથી કૉન્ફરન્સને આમંત્રણ પાટણમાં કરવામાં આવ્યું હતું, અને દૈવકૃપાએ આજે અમે આપ સર્વ સાહેબોને આમંત્રણ કરીએ છીએ તો ભાવનગર શહેરમાં પધારીને ભાવનગરના શ્રી સંઘની યત્કિંચિત સેવા સ્વીકારશો. અમારાથી જે કાંઈ સેવા ભક્તિ બની શકે તે સેવા ભક્તિ કરવાનો પ્રસંગ આપવાને આપ પધારવા કૃપા કરશો. અમદાવાદ પાસે અમારૂં ભાવનગર યત્કિંચિત છે, તોપણ અમારાથી બની શકતી દરેક રીતની સેવા કરવાને અમે બનતું કરીશું. પરમ કૃપાળુ પરમાત્મા અમને અમારા તે કામમાં સહાય આપો, એવી અતિ નમ્ર સવિનય યાચના છે.

## ઠરાવ ૧૨ મો,

મી૦ લાભશંકર લક્ષ્મીદાસે જણાવ્યું કે હાથી જે માંસાહારી નથી અને મોટું પ્રાણી છે તેનાપર ગુજરતી નિર્દયતા માટે હકીકત જાહેર કરતાં મને દિલગીરી થાય છે. દર વર્ષે ૭૦૦૦૦ હાથીઓને મારી નાખવામાં આવે છે. મારી નાખવા પહેલાં બહુ માર માથાપર મારે છે, તથા ૨–૩ દિવસ ભૂખ્યો રાખવામાં આવે છે. મારી નાખવાનું કારણ તેના દંતુશળમાંથી ચૂડા બનાવવામાં આવે છે તે દંતુશળ મેળવવાનુંજ છે. મસ્ત હાથીને બીજા હાથીઓ પાસે મરાવવામાં આવે છે. એક હાથીના દાંતના રૂ. ૨૦૦૦) ઉપજે છે. મારી પુત્રીના લગ્ન વખતે મેં સાસરીયેથી લાવેલ હાથીદાંતનો ચૂડો લેવા પહેલાં ઉપલું કારણ જણાવ્યું ત્યારે તેઓએ એકદમ ના પાડી. હાથીદાંતના ચૂડાના રૂ. ૯) બેસે છે. લાકડાના ચૂડાનો રૂ. ૦।।। બેસે છે. સ્વાર્થ અને પરમાર્થની ખાતર આ કાર્ય કરવાથી મહાન પુણ્ય થશે. દરરોજ ૬૦૦૦૦ ગાયોનો વધ હિંદુસ્તાનમાં યુરોપીયનો માટે કરવામાં આવે છે. બીજા જનાવરોનો શુમાર નથી. દાક્તર અને પાદરી એ બન્ને માંસાહારને હિંદમાં ઉત્તેજન આપવામાં મુખ્ય છે, વસનજી ખીમજી તરફથી મળેલા ૫૦ પાઉંડ મેં ડાકટર ઓલ્ડફીલ્ડને મોકલ્યા અને તેમાં તેમની શિષ્યાએ પાઉંડ ૮૦૦ આપ્યા, ને એક વિષય વૈદક વિદ્યાર્થીઓ પાસે લખાવ્યો. પરિણામ ઇષ્ટજ આવવું જોઈએ. વાર્ષિક રૂ. ૨૦૦૦૦ ના વ્યાજમાંથી એક યોજના થઈ શકશે, કે જેમાંથી દર વર્ષે વૈદક વિદ્યાર્થીઓને જ્ઞાન આપી

શકાશે. નામદાર શહેનશાહ બાનુ એલેકઝાન્ડ્રા પીંછાં વાપરવા માટે તદન વિરૂદ્ધ છે, અને આપણે તેને માટે તારથી ઉપકાર માનવો જોઇએ. પીંછાં નહિ વાપરવા માટે લોર્ડ મી'ટોએ પણ ઉત્તેજક શબ્દો કહ્યા છે, તે માટે આપણે તેમનો પણ આભાર માનવો જોઇએ. ૧૮૯૦ માં એક કાયદામાં હિંદી સરકારે એક કલમ એવી દાખલ કરી છે કે ધાર્મિક ક્રિયા વખતે જીવહિંસા થાય તેને જીવરક્ષક કાયદો લાગુ પડતો નથી. કોઇમબટુરમાં માઈલના માઇલ સુધી જીવતાં બકરાઓને બાંધીને સુવાડીને તેનાપર હાથીનો રથ ચાલે છે, અને હજારો બકરાંઓ તરફડતાં મરી જાય છે. એ સંબંધમાં યોગ્ય ઉપાયો લેવા જોઇએ. ઈત્યાદી.

રા. સા. હીરાચંદ મોતીચંદે જણાવ્યું કે કાઠીયાવાડના લખા ભગતનો આ કોન્ફરન્સ જીવદયા માટે આભાર પ્રદર્શિત કરે છે.

શેઠ કુંવરજી આણંદજીએ મુનિમહારાજાઓનો, ચારે જનરલ સેક્રેટરીઓનો તથા કોન્ફરન્સના સર્વ કાર્ય કર્તાઓનો આભાર માનવાની દરખાસ્ત કરી જેને તાળીઓથી વધાવી લેવામાં આવી.

મી૦ ઢઢ્ઢાએ બાકીના છેલ્લા ત્રણ ઠરાવો પ્રમુખની તરફથી રજુ કર્યા હતા. ચારે જનરલ સેક્રેટરીઓ તેને તેજ તથા મી૦ ઢઢ્ઢાના આસિસ્ટંટ તરીકે શેઠ કુંવરજી આણંદજી, શેઠ વીરચંદ દીપચંદના આસિસ્ટંટ તરીકે કાપડીઆ મોતીચંદ ગિરધર બી. એ. એલ. એલ. બી., શેઠ લાલભાઈના સેક્રેટરી તરીકે શેઠ ચીમનભાઇ નગીનદાસ તથા રાય કુમારસિંહજીના સેક્રેટરી તરીકે પુરણચંદજી નહાર બી. એ. નેનીમવાની દરખાસ્ત કરી હતી, જે તાળીઓના અવાજો વચ્ચે પસાર થઈ હતી.

પ્રમુખ સાહેબે સર્વ આગેવાન ગૃહસ્થોનો આભાર માન્યો હતો.

શેઠ લાલભાઇ દલપતભાઇએ જણાવ્યું કે અમારાથી બનતું અમે કર્યું છે પણ જોઇએ તેવું થઇ શક્યું ન હોય તે માટે હું અમદાવાદના શ્રી સંઘ તરફથી ક્ષમા ચાહું છું. કોન્ફરન્સના લાભ માટે તો હવે સવાલ રહ્યોજ નથી. તેથી હવે દોઢ ચતુરોની દરકાર નહિ કરતાં તેમાં મંડયા રહેવું તેજ આપણું કર્તવ્ય છે.

મી૦ કુંવરજી આણંદજીએ વળતો આભાર અમદાવાદના સંઘનો સર્વ ડેલીગેટો તરફથી માન્યો હતો. તથા બીજા ભાઇઓ પણ આવી સેવા બજાવવાનો પ્રસંગ લઈ શકવા સમર્થ થાય એવી ઇચ્છા દર્શાવી હતી.

મી૦ ઢઢ્ઢાએ આખા હિંદુસ્તાનના શ્રી સંઘ તરફથી અમદાવાદના શ્રી સંઘનો આભાર માન્યો હતો તથા જણાવ્યું હતું કે અમદાવાદ કોન્ફરન્સની જેવી ફતેહ બીજી કોઈપણ કોન્ફરંસ મેળવી શકી નથી. શેઠ જેશીંગભાઇ હઠીશીંગ, શેઠ લાલભાઇ દલપતભાઈ, શેઠ ચીમનભાઇ નગીનદાસ વિગેરે ભાઈઓએ જે કામ

ર્યું છે તે માટે કયા શબ્દોમાં આભાર માનવો તે મારાથી કહી શકાતું નથી હું આમી રીસેપ્શન કમીટીને સકળ હિંદના સંઘ તરફથી ધન્યવાદ દઉં છું. વાલંટીયરો, બ્રધરો અમારા આખા સંઘના ભવિષ્યનો આધાર છે. તમે શ્રીમાન છતાં ડેલીગેટોની જે સેવા રાત્રિદિન બજાવી છે તે માટે તમને ન વર્ણવી શકાય તેવો, આત્મ ભોગ માટે, ધન્યવાદ ઘટે છે. તમારો પણ શ્રી સકળસંઘની તરફથી હું ઉપકાર માનું છું. સર્વ કમીટીઓનો સકળ સંઘ તરફથી હું આભાર માનું છું. બે દિવસની હાજરી દેવા માટે મુનિમહારાજાઓનો આભાર માનું છું. જે પત્રોએ રીપોર્ટરો મોકલ્યા છે તેમનો પણ આભાર માનું છું, પોલીસનો પણ આભાર માનું છું.

શેઠ ચીમનભાઇ નગીનદાસે બહુ નમ્ર શબ્દોમાં ભૂલચુક માટે ક્ષમા ચાહી હતી,

વોલંટીયરોના એસીસ્ટંટ સુપ્રીન્ટેન્ડંટ મી. ચીમનલાલ ગોકળદાસે અતિશય સ્નેહ ભરેલા, જુસાદાર શબ્દોમાં ભૂલચૂક માટે આવેલા સંઘની ક્ષમા ચાહી હતી અને જે બન્યું હતું તે અતિશય અલ્પજ હતું એમ સારા શબ્દોમાં જણાવ્યું હતું. ત્યારબાદ એક લઘુ વોલંટીયર પરમાણંદ કુંવરજીએ પણ સારા શબ્દોમાં સંઘનો આભાર માન્યો હતો.

શેઠ મનસુખભાઈ ભગુભાઇ તરફથી રા. રા. ચીમનલાલ લલુભાઈ સબ જજજે પ્રમુખ સાહેબનો આભાર માન્યો હતો.

## રાત્રે.

પ્રેસીડંટ પાંચ, પાંચ ચીફ સેક્રેટરી તથા શેઠ પ્રેમચંદ રાયચંદ વિગેરેના ઓઈલ પેઇન્ટીંગ કરાવવા મી. શોભાગમલજી ઢઢ્ઢાએ રૂ. ૫૦૦), જૈન શ્વેતાંબર મદદ ફંડમાં રૂ. ૨૫૦૦) તથા રૂ. ૧૦૦૦ કોનફરન્સ નિભાવ ફંડમાં, રૂા. ૫૦૦), અમદાવાદ જૈન બોર્ડિંગમાં તથા રૂા. ૫૦૦ પાલીતાણા બાળાશ્રમને કુલ રૂ. ૫૦૦૦) આપ્યા તથા અજમેર કોનફરન્સ લઇ જવા વિચાર જાહેર કર્યો.

ત્યારબાદ બીજી ઘણી પરચુરણ રકમો આવી હતી.

૧૭–૨–૦૭ ના રોજ સખાવતો જાહેર થઇ તેની યાદી.

રૂ. ૨૦૦૧) શેઠ ગોકુળભાઇ મૂળચંદ તરફથી પુત્રી ચંદનના સ્મરણાર્થે અમદાવાદ જૈન કન્યાશાળાને ઇનામ તરીકે ભેટ પ્રૉમીસરી નોટ ૩॥ ટકાની આપવામાં આવી.

રૂ ૩૦૧) તથા રૂ ૫૧) ની બક્ષિસ બે જુદા જુદા ગૃહસ્થો તરફથી તા૦ ૧૯ મીએ જાહેર થઇ હતી.

રૂ ૭૫૦૦૦) ની લોન એક મહિનામાં બોર્ડિંગ માટે શેઠ ગોકુલભાઈ મૂળચંદ સોંપશે.

રૂ ૩૫૧) સુરતના નગીનદાસ કપુરચંદે અમદાવાદ જૈન બોર્ડિંગને આપ્યા.
,, ૨૦૧) ,, રૂપચંદ લલુભાઇએ ,,
,, ૨૫) વેરાવળવાળા હરખચંદ ધારશીએ ,,
,, ૧૦૧) અમદાવાદના મોહનલાલ મગનલાલે ,,
,, ૫૧) દીલીવાળા પ્યારેલાલ દલીલસિંહે ,,
,, ૧૦૧) બાલાપુરવાળા હંસીલાલ પાનાચંદે ,,
,, ૨૫) પોરબંદરવાળા જેચંદ કપુરચંદે ,,
,, ૨૫) મુંબઇવાળા શેઠ રતનચંદ ખીમચંદે.
,, ૧૦) ગ્રેજ્યુએટ તરફથી અમદાવાદ બોર્ડિંગને.

અગુ, કેશર, ચંદન, મુંબઈ ઝવેરી મંડળ મફત મોકલશે એવું આ વખતે તે મંડળ તરફથી જાહેર કરવામાં આવ્યું હતું.

,, ૧૨૫) પાલીતાણા રવચંદ ઉજમશી બોર્ડિંગ અમદાવાદ.
,, ૧૨૫) પાલણપુર અમુલખ ખુબચંદ ,,
,, ૧૫૧) મુંબઈ રાયચંદ ખુશાલચંદ ,,
,, ૫૧) ,, નેમચંદ મેળાપચંદ ,,
,, ૫૧) ,, કલ્યાણચંદ સોભાગચંદ ,,
,, ૨૦) ધોળકા વેલચંદ ઉમેદચંદ વકીલ ,, ૧૦) તથા મુંબઈ બોર્ડિંગમાં રૂ ૧૦)
,, ૨૭) ખેડાના ડેલીગેટો સુકૃત ભંડાર ખાતે.
,, ૨૦૦) ઉદેપુર સંઘ ,,
,, ૧૮૦) ગુજરાનવાલા સંઘ.

## જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશનની સભા

કોનફરન્સના મંડપ પાસેના તંબુમાં મી૦ ગુલાબચંદજી ઢઢા એમ. એ. ના પ્રમુખપણા નીચે મળી હતી, જે વખતે પ્રમુખ ઉપરાંત મી૦ ચુનીલાલ લલુભાઈ વકીલ અમદાવાદના સબ જજ, મેશર્સ ત્રીભોવનદાસ ઓધવજી શાહ બી. એ. એલ. એલ. બી., મોહનલાલ ચુનીલાલદલાલ બી. એ, ન્યાલચંદ લખમીચંદ સોની બી. એ. એલ એલ. બી, મણીલાલ દોશી બી. એ, મોહનલાલ જી. શાહ બી. એ. એલ એલ. બી., હીરાલાલ મુલચંદ મેહેતા બી. એ., અમૃતલાલ મુલચંદ મેહેતા બી. એ, મોહનલાલ ઉમાભાઇ સુતરીયા બી. એ, પ્રભુદાસ ત્રીભોવનદાસ શાહ ડી:

એ જી., ચીમનલાલ એલ. દેશાઇ બી. એ. એલ એલ. બી., મોતીલાલ કશળચંદ શાહ જી. એમ. એન્ડ સી., વેલચંદ ઉમેદચંદ હાઇ કોર્ટ વકીલ, ચીમનલાલ ગોકલદાસ શાહ બી. એ., રતનચંદ સુલચંદ મેહેતા ડીસ્ટ્રીકટ વકીલ, ચીમનલાલ પુરૂશોતમદાસ બ્રોકર બી. એ. એલ એલ. બી., છોટાલાલ કાલીદાસ ગાંધી ડીસ્ટ્રીકટ વકીલ, બાબુ કુમારસીંગ નહાર બી. એ., બાબુ પુરણચંદ નહાર બી. એ. બી. એલ., ત્રીભોવનદાસ લેહેરચંદ શાહ એલ. એમ. એન્ડ એસ., અને મકનજી જુઠાભાઇ મેહેતા બી એ. એલ એલ. બી. વગેરે હાજર થયા હતા.

સભામાં કોનફરન્સને લગતા ઠરાવોના મુસદા ગ્રેજ્યુએટસ એસોસીએશન ઉપર અગાઉથી મોકલી આપવાના સંબંધમાં તેમજ જૈન શાળાઓની તપાસણીના સંબંધમાં કેટલાકો તરફથી સુચનાઓ થઇ હતી, જે પછી નીચલો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતોઃ—યુનીવર્સીટીમાં જૈન સાહિત્ય દાખલ કરવા માટે કોનફરન્સે જે ઠરાવ કર્યો છે તેને અમલમાં મુકવા નીચલા ગ્રહસ્થોની એક કમીટી નેમવામાં આવે છેઃ- મેશર્સ લખમસી હીરજી મૈસરી, મોતીચંદ ગીરધરલાલ કાપડીયા, ત્રીભોવનદાસ ઓધવજી શાહ, કેશવલાલ પ્રેમચંદ મોદી, ડી. પી. બરોડીયા, મણીલાલ દોશી, સુરચંદ પુરૂષોતમ બદામી, અને મકનજી જુઠાભાઈ મેહેતા.

એસોસીએશનના અમદાવાદ ખાતેના સેક્રેટરી તરીકે મી૦ મણીલાલ દોશી અને મુંબઇ ખાતેના સેક્રેટરી તરીકે મી૦ મકનજી જુઠાભાઇ મેહેતાની નેમણુંક કરવામાં આવી હતી, જે પછી પ્રમુખનો આભાર માની સભા બરખાસ્ત થઈ હતી.

આવતા વર્ષના પ્રમુખ તરીકે સબ જજ્જ મી૦ ચુનીલાલ લલુભાઈ વકીલને નીમવામાં આવ્યા હતા.

## અમદાવાદ મહિલા પરિષદ.

શરૂઆતમાં કન્યાએ ગીત ગાયું હતું. સ્ત્રીઓ સુમારે ૫૦૦૦ હાજર હતી. સાધ્વીજીઓની સંખ્યા પણ સારી હતી. પ્રીમેલ ટ્રેનિંગ કોલેજની કન્યાઓને લઇને પ્રીન્સીપાલ મીસ બ્રુક, પણ હાજર થયાં હતાં, ઉત્સાહ બહુજ હતો.

સૌ. બહેન અનસૂયા સારાભાઇએ દરખાસ્ત કરી અને તેને સીતા બહેન તે શેઠ નથુભાઇ સાંકળચંદની વિધવાએ ટેકો આપ્યો, તેથી શેઠ જેશંગભાઇ હઠીશંગના પત્ની શણગારે પ્રમુખસ્થાન લીધું.

બહેન અનસુયાએ નીચેનું ભાષણ વાંચ્યુંઃ—

અહં નમસ્યામિ સુમન્ત્રસારમ<br>
સમસ્ત દેવૈર્વિહિતાવતારમ્<br>
વિન્ધ્યાભિધાતાય ધૃતાધિકારમ્<br>
ધ્યાતૃપ્રદત્તોત્તમશર્મભારમ

## પ્રેસીડેન્ટ સાહેબ તથા સુશીલ બહેનો !

સ્ત્રી કેળવણી માટે ઘણાં વર્ષોથી બોલાય છે, મોટાં ભાષણો અપાય છે છતાં તેનાથી કાંઇ પણ જોઇએ તેટલો ફાયદો થયો નથી. સ્ત્રી કેળવણીની આવશ્યકતા કેટલી છે તે જાણવાની ખાસ જરૂર છે. કેળવણી લેવી તેનો અર્થ એવો નથી કે લખતાં વાંચતાં આવડયું એટલે બસ. હાલના વખતમાં છોકરીઓને નિશાળે મોકલે છે અને ચાર પાંચ ચોપડીઓ ભણી એટલે છોકરીઓ અને માબાપો એમ સમજે છે કે તેમનું ભણવાનું હવે પુરૂં થયું. જો કેળવણીનો અર્થ અક્ષરોને ઓળખવા તેટલોજ હોત તો તે બરાબર છે; પણ કેળવણીનો અર્થ હ્રુદય અને બુદ્ધિને કેળવવાનો છે; ઘણે ઠેકાણે બુદ્ધિ એકલીજ કેળવાય છે અને તેથી જે જ્ઞાનને શોભાવનાર ગુણો છે તે આવી શકતા નથી, માટે જો બુદ્ધિ નીતિને માર્ગે કેળવાય તોજ ફાયદો થાય.

નિશાળમાં છોકરીઓ જાય છે અને તેથી ઘણો ફાયદો થાય છે છતાં પણ ખરી કેળવણી ઘરમાંથીજ મળે છે. જે સંસ્કારો નાનપણમાં છોકરાંઓને મળે છે તેની અસર જીંદગીમાં છેવટ સુધી રહે છે. નિશાળની કેળવણીમાં સામાન્ય જ્ઞાન તેમજ કાંઇક નીતિનું જ્ઞાન મળે છે, પણ તે વખત એવો બચપણનો હોય છે કે તેવા જ્ઞાનને ટકાવી રાખવા માટે, અને તેનું ખરૂં રહસ્ય જાણવા માટે આગળ કેળવણીની જરૂર છે. આજ કાલ છોકરીઓ નિશાળ છોડયા પછી એક દિવસ પણ ચોપડીનું પાનું ઉઘાડતી નથી. બુદ્ધિ લોઢાની માફક વાપર્યા વગર કટાઇ જાય છે, અને તેથી ભણેલું કાંઈ પણ ઉપયોગનું ન થતાં ફક્ત નામનુંજ થાય છે; અને તેથી હમેશાં અભ્યાસ જારી રાખવા તેમજ વિશેષ જ્ઞાન મેળવવા માટે, એવી યોજના કરવાની જરૂર છે કે દરેક જીલ્લામાં સ્ત્રીઓને ભણાવવા માટે બપોરની શાળાઓ કાઢવી, કે જ્યાં વ્યવહારિક તથા ધાર્મિક કેળવણી મળે અને તેમાં જો બપોરના એકથી ત્રણ વાગ્યા સુધીનો વખત રાખવામાં આવે તો દરેક સ્રીઓ ઘરની કાંઈ પણ અગવડ ભોગવ્યા વિના ત્યાં આવી તેનો લાભ લઈ શકે આવી બપોરની નિશાળો અમદાવાદમાં બે છે. તેવાજ ધોરણની બીજી વધુ શાળાઓ દરેક જીલ્લામાં થાય તોજ તેનો ખરો લાભ લઇ શકાય.

કેળવણીથી માણુસ સારા નરસાનો વિચાર કરી શકે છે. કેળવણી માણુસને વિચાર કરતાં શીખવે છે; નમ્રતા, વિવેક, વીગેરે સર્વે સદગુણો કેળવણીથીજ આવે છે. કેળવણી એકલા ભણતરને કહેવાતી નથી. અધુરૂં જ્ઞાન ભય ભરેલું હોય છે. માટે જ્ઞાન પૂર્ણ આપવું અને તે પણ સંગીન આપવું જોઇએ.

નિશાળની કેળવણીની સાથે ધાર્મિક કેળવણીની ખાસ જરૂર છે. તેના વગર

માણસ પાપ પુન્યનો વિચાર કરી શકતા નથી. હૃદયને કોમળ અને દયાળુ બનાવનાર ધર્મજ છે.

સ્ત્રીઓને કેળવણી આપતાં પહેલાં, પુરૂષોને કેળવણી લેવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી તેઓ કેળવાયલા નથી ત્યાં સુધી તેઓ કેળવણીની ખરી કીંમત જાણી શકવાના નથી; અને તેથી તેમને આધારે પડેલાં તેમનાં બચ્ચાંઓને તેઓ કેળવણી પુરેપુરી આપી શકવાના નથી.

ઘણાકોનુ ધારવુ એવુ હોય છે કે સ્ત્રીઓ ભણશે એટલે તેઓ તેમની ફરજો અદા નહિ કરે. વળી ઘણાકોનું એવું પણ માનવું હોય છે કે સ્ત્રીઓની બુદ્ધિ પુરૂષો જેટલી હોતી નથી. પ્રથમની શંકા માટે હું એટલુંજ કહુ છું કે જો કેળવણી માણસોને ફરજો બજાવતાં રોકશે તો બીજી એવી કઈ ચીજ છે કે જે ફરજો ઓળખાવતાં અને અદા કરતાં શીખવશે? શું કેળવણીથી માણસો પોતાની ફરજો ભૂલી જશે? અને જો તેમ થાય તો પછી તેને કેળવણીજ ન કહેવાય. જ્યાં દયા નથી, સંપ નથી, નમ્રતા નથી, પ્રેમ નથી અને વિવેક નથી ત્યાં કેળવણી પણ નથીજ. અને તેને માટે નૈતિક, અને ધાર્મિક જ્ઞાનની જરૂર છે.

સુકાન વિનાનું વહાણ ગમે તે રસ્તે ચડી જાય છે, તે પ્રમાણે ધર્મ ને નીતિના સંયોગ રૂપી સુકાન વિનાનું બુદ્ધિરૂપી વહાણ, આ સંસાર સાગરમાં, ગમેતેવા અવળે માર્ગે ચઢી જાય છે. બીજી શંકાના સમાધાનમાં કહું છું કે સ્ત્રીઓમાં પુરૂષો જેટલી બુદ્ધિ નથી અને ભણવાના તેમજ તેવા બીજા કામોને માટે નાલાયક છે તેમ કહેવાય છે તે ખોટું છે. અલબત, શરીરનું બળ તેમના જેટલું આપણામાં નથી, પણ બુદ્ધિને માટે તેમ નથી; છતાં તેવું હાલ દેખાય છે તેને માટે પુરૂષોજ જવાબદાર છે. ઘણા કાળથી એવી રીત પાડી દીધી છે કે સ્ત્રીઓને કેળવણી આપવી નહીં અને તેથીજ સ્ત્રીઓમાં મોટો ભાગ વગર કેળવાયલો માલુમ પડે છે.

સ્ત્રીઓને પગાર વગરની દાસી થઇને રહેવું અથવા પુરૂષની નવરાસે તેનું રૂપાળું રમકડું કે ઘરેણું થઇ રહેવું તે તેમના જીવનનો ખરો હેતુ નથી. તેઓની જીંદગી જેમ બીજાને અર્થે છે તેમજ પોતાને અર્થે પણ છે અને સંસારમાં જે મોટા જવાબદારીના કામ તેમને માથે કરવાના આવી પડે છે તેમાં કેળવાયલાં મગજનો અને અનુકંપાવાળા હૃદયનો ખપ પડે છે. ચિત્રકામ, ગાયન, અને પોશાકની ટાપટીપમાં જે બધો વખત ખર્ચી નાખવામાં આવે છે તેથી સ્ત્રીની જીંદગીનો ઉચ્ચતમ ઉદ્દેશ સફળ થયો તેમ સમજવાનું નથી. સ્ત્રીના પોતાના કલ્યાણને માટે તેમના મન અને આચાર કેળવવા જોઇએ એટલુંજ નહીં પણ બીજાઓના સુખની વાત લક્ષમાં રાખીને તેઓને ઉચ્ચ કેળવણી આપવાની ખાસ

જરૂર છે. એક અંગ્રેજ લેખકે કહ્યું છે કે જો સ્ત્રીઓના મન અને નીતિ રૂડાં ન હોય તો પુરૂષના મન અને નીતિ સાબીત રહેનાર નથી. કોઇ પણ પ્રજાની નીતિ-દશાનો આધાર ઘર કેળવણી ઉપર રહે છે.

એની બીસેન્ટ, સીસ્ટર નિવેદિતા, મીસ મેરી કારપેન્ટર તેમજ આપણા દેશ-ની ઘણી સ્ત્રીઓએ મોટાં કામો કરેલાં છે. આ પચીસ વરસોથી સ્ત્રીઓને કાંઇક કેળવણી મળે છે અને આશા છે કે આવા પ્રયાસો હમેશાં જારી રહેશે તો આગળ જતાં ઘણો સુધારો થશે.

કેળવણી લેવાનો હેતુ સુખી થવાનો છે; તો દરેક માબાપોની ફરજ છે કે તેમ-ને આધારે પડેલાં તેમનાં બચ્ચાંઓને સુખી કરવાં. કેળવણીથીજ માણસ બરાબર સુખ અનુભવી શકે છે તેમજ દુઃખને પણ તે બરાબર આણી શકે છે. દરેક વ-સ્તુનો યથાર્થ નિર્ણય તેનાથીજ થાય છે તો કેળવણી આપવાને જે માબાપો પછાત રહે છે તે કેટલું અફસોસકારક છે! છતાં પણ એટલું ખાસ લક્ષમાં રાખવાનું છે કે એવી કેળવણી કદી ન આપવી કે ગુણને બદલે અવગુણ આવે. ઘણાં માબાપો એમ સમજે છે કે ભણાવવાથી છોકરીઓ ઉદ્ધત બની જશે અને તેથી ભણાવતા બીહે છે; પણ હમેશાં એટલું ધ્યાનમાં રાખવા જેવું છે કે નિશાળની કેળવણીના કરતાં ઘરની કેળવણીની અસર વધારે હોય છે; અને જે જે અવગુણ છોકરીઓ શીખે છે તે ભણવાથી નહીં પણ માબાપની બેદરકારીથીજ. છોકરાંઓનું ભવિષ્ય સુધારવું એ ઘણે ભાગે માબાપના હાથમાં છે. બીજા બધા કેળવણી આપનારા કર-તાં મા જે કેળવણી આપે છે તે ખરેખરી માનુષી કેળવણી હોય છે. બીજા બધા કેળવણીના સાધનો કરતાં તે કેળવણીનું ઉત્તમ સાધન છે; કારણ કે તે માતૃપ્રેમ અને કોમળતાથી શીખવે છે. પુરૂષ તે માનવ પ્રજાનું મગજ છે, અને સ્ત્રી તે તેનું હૃદય છે; પુરૂષ તે તોલનશક્તિ છે, અને સ્ત્રી તે લાગણીવાળું મન છે. પુરૂષ તેનું બળ છે, સ્ત્રી તેની શોભા, અલંકાર અને આશ્વાસન સ્થાન છે. સ્ત્રીવર્ગ લાગણી-ઓને કેળવે છે અને તેના વિકાસથી વિશેષ કરીને સદાચરણ દ્રઢીભૂત થાય છે.

ભણેલાં છીએ એટલું કહેવરાવવા માટે ભણવા કરતાં ન ભણવું એ સારૂં છે; કારણ કે જે કહેવરાવવા માટે ભણે તે પુરૂં ભણી શકતો નથી અને તેથી ફાયદાને બદલે નુકશાન થાય છે. કેળવણી લેવાનો અર્થ અમુક ચોપડીઓ વાંચી જવી જોઇએ તેવો નથી, પણ સારૂં તેટલું ગ્રહણ કરવાની બુદ્ધિથી જો વંચાય તોજ ફાયદો થાય. દરેક સ્ત્રીએ ચોવીસ કલાકમાંથી થોડો વખત પણ વાંચવા માટે રાખવો જોઇએ. અને તે પણ એવું વાંચન હોવું જોઇએ કે જેમાંથી આપણે કાંઇક સારૂં મેળવી શકીએ.

સુખી કે દુઃખી થવું તે તો કર્માધીન છે; તોપણ સારી કેળવણીથી સુખી થવાનો સંભવ વધારે રહે છે. જો કોઈ કારણસર મનુષ્ય દુઃખી થાય છે તો તેવે પ્રસંગે પણ, કેલવણી અને ધર્મથીજ માણસ, દુઃખ શાન્તિથી સહન કરી, સન્માર્ગે ચાલી શકે છે. દુઃખમાં પણ, ધર્મ અને કેળવણીથી મયણાસુંદરી, ચંદનબાળા, તારામતી, દમયંતી વીગેરે સ્ત્રીઓ ઘણાં દુઃખો પડયા છતાં સન્માર્ગે ચાલેલાં છે અને તેઓનાં વૃતાંત સર્વેને જાણીતાં છે.

બ્હેનો, અજ્ઞાનતા હમેશાં દુઃખદાયક છે. જ્ઞાનથીજ બધું સારી રીતે ઓળખી શકાય છે. સંસારને માટે તેમજ સાધુપણાને માટે જ્ઞાનની ખાસ જરૂર છે.

ઇશ્વરને હૃદયમાં રાખીને હમેશાં સારૂં કામ કરવા પ્રયત્ન કરવો અને જો દરેક બ્હેનો પોતાની છોકરીઓને કેળવણી આપવા પ્રયત્ન કરશે તો જરૂર તેનો લાભ લઈ શકશે અને તેથી ઉત્તરોત્તર પ્રજાનું કલ્યાણ થશે.

"કહે નેપોલીયન દેશને, કરવા આબાદાન,
સરસ રીત તો એજ છે, દ્યો માતાને જ્ઞાન."

વળી છોકરીઓને પુરેપુરી કેળવણી મળવામાં વિઘ્નકારક બાળલગ્ન છે. છોકરીઓને બાળવયમાં પરણાવવી ન જોઈએ તેમને સમજણી ઉમરે પરણાવવી; અને તેમાં પણ તેમની થોડી ઘણી સંમતીની જરૂર છે. નાનપણામાં પરણાવ્યાથી શારીરિક અને માનસિક નુકશાન થાય છે. બાળલગ્નથી બંધાયલાં જોડાં ઘણા ભાગે સુખી થતાં નથી અને બાળવિધવા થવાનો સંભવ વધાર રહે છે. આશ્ચર્ય તો એ છે કે પોતાની છોકરીઓને માબાપો બાળ વિધવા જોઈ શકે છે પણ તેઓ બાળવિધવા ન થાય તેવા બાળલગ્નને અટકાવવા કશી દરકાર રાખતાં નથી. તેમજ શારીરિક અને માનસિક કલ્યાણ બાળલગ્નથી અટકે છે તે તેઓ સમજતાં નથી પ્રથમ તો બાળલગ્ન થતાંજ અટકાવવાં કે, જેથી બાળ વિધવાઓ થતી જરૂર અટકાશે. એને કેળવણી ફેલાશે આ બાબત માટે કોન્ફરન્સ તરફથી એવી યોજના થવી જરૂરની છે કે, જે માબાપો છોકરાઓને ઉંચી કેળવણી આપે, અને મોટી ઉમરે પરણાવે, તેઓને દરેક રીતે ઉત્તેજન આપવું. કે જેથી તેઓની લાગણી કેળવણી આપવા તેમજ મોટી ઉમરે પરણાવવા જારી રહે. અને દરેક ન્યાતના આગેવાનોએ પણ પોતાની ન્યાતમાં બાળલગ્ન અટકાવવા, તેમજ કેળવણી ફેલાવવા ઘટતી યોજના કરવી જરૂરની છે. અપૂર્ણ.

## જૈન સમાચાર.

**મુળીયા**—મુની માણેકવિજયજી લખે છે કે અત્રે સંઘે જૈનશાળા સ્થાપન કરી છે. રૂ. ૯૪ ટીપમાં થયા છે. બારમાસના ખર્ચની તજવીજ કરી છે. ગામ જુનું છે. સાધુના સમાગમ વિના શ્રાવકો વિવેકમાં પાછળ છે. મિથ્યાત્વીના પ્રસંગથી તેમના કંઈક રીવાજ હતા તે ઉપદેશથી દૂર કરે છે. ચાર સાધ્વી વિહાર કરી આંહી આવેલ છે.

**ગ્વાલીયર**—શ્રી વીરવિજય જૈન શ્વેતાંબર લાઈબ્રેરીના ઓનરરી સેક્રેટરી લખે છે કે **इस लाइब्रेरी कातीक शुदी ६ कायम कीगइ सेठ नथमलजी गोलेछा सभापति मुकरर कीया गया. उने भाषण दीया.**

**વડોદરા જૈન બાળાશ્રમ**—વિદ્યાર્થીની સંખ્યા ૧૬ છે. કળાભુવનમાં જગ્યા નહિ હોવાથી કોઈને દાખલ કરતા નથી. ઉપરના વિદ્યાર્થીઓમાં:—

૩ કળાભવનમાં ઘડીઆળ શાળામાં છે.
૩ ,, વીવીંગ
૧ ઇંગ્રેજી પાંચમી ભણે છે.
૧ ,, ચોથી ,,
૧ ,, બીજી ,,
૭ ,, પહેલી ,,

———
૧૬

**સોનાનો ચાંદ**:—જણાવવાને અતિ હર્ષ થાય છે કે કાઠિયાવાડ જીલ્લામાં આવેલા જામનગર શહેરના સુપ્રસિધ્ધ અને જાણીતા વકીલ મી. ચતુર્ભુજ ગોવિંદજી કે જે આપણા શ્વેતાંબરી મૂર્ત્તિપૂજક શ્રાવકભાઈ છે તેઓએ સંવત ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળમાં મુંગા પ્રાણીયોની તથા નિરાધાર મનુષ્યની કરેલી સેવાથી તથા તે પછી આજ દીવસ સુધીમાં જામનગર પાંજરાપોળના સંબંધમાં કરેલા પ્રયાસથી ખુશી થઈ જામનગરના મહાજન તરફથી તારીખ ૧ જાનેવારી સને ૧૯૦૭ ના રોજ વકીલ મજકુરને જામનગરના મહેરબાન અને માનવંતા મુખ્ય દીવાનજી સાહેબના પ્રમુખપણા હેઠળ ટાઉનહોલમાં સરકારી અમલદારો તથા શહેરના સંભાવિત ગૃહસ્થોની જનરલ મીટીંગ મેળવી તેજ જનરલ મીટીંગના સમક્ષ પ્રમુખ જામનગરના મેહેરબાન અને માનવંતા મુખ્ય દીવાનજી સાહેબના હાથથી સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો છે જેને માટે આપણે સમગ્ર જૈન કોમને ખુશી થવા જેવું છે.

આપણી જૈન કોમનાં જામનગરનાં દરેક ખાતાં જેવાં કે દેરાસરો, જૈનશાળાઓ ઉપાસરા ફંડ અને બીજાં પણ પરોપકારનાં કામ આ ગ્રહસ્થને હાથે હજી પણ ચાલે છે.

આ દાખલો જોઈ સર્વ કોઈ આવા પરોપકારનાં કામ કરવામાં પાછી પાની કરી

ગ્રણ આપશે નહીં કેમકે આવાં કામ કરવાથી આ લોકમાં મોટું માન મેળવવાને ભાગ્યશાળી થવાય છે અને પરલોકને માટે આત્મકલ્યાણ થાય છે.

જામનગરમાં તા. ૫ તથા ૬ જાનેવારીના રોજ પોષધશાળાના મકાનમાં હંસરાજ શામજીના પ્રમુખપણા નીચે રાત્રિના ૭॥ બજ્યેથી દશ બજ્યા સુધી ભાવનગરના મુસલમીન ગ્રહસ્થ એચ. એમ. કાદરી જે આપણો જૈન ધર્મ પાળે છે તેને તમાકુ, બીડી, બાળલગ્ન, વૃદ્ધ વિવાહ, કન્યાવિક્રય, દેવપૂજા, કેળવણી, સ્ત્રીકેળવણી તથા પૈસાનો સદ ઉપયોગ કરવા, પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરંન્સ અમદાવાદ ભરાનાર છે તેમાં જામનગરના સંઘ તરફથી જેમ બને તેમ ઝાઝા ગ્રહસ્થોએ ડેલીગેટ તરીકે હાજરી આપવી, તથા કોન્ફરન્સના ઠરાવનો જામનગરમાં જેમ બને તેમ તરત અમલ કરવા વીશે અસરકારક રીતે ભાષણ આપ્યું હતું.

તે પછી અહીંના માસ્તર જગજીવન મુલજી બનીઆ. બી. એ. બી. એસ સી. તથા વકીલ મી. ચતુર્ભુજ ગોવિંદજી તથા વકીલ ચતુરદાસ ઘેલાભાઈ તથા માસ્તર ફુલચંદ ઝવેરચંદ ટુંક પણ અસર કારક ભાષણો ઉપલા વિષયો વીશે કર્યાં હતાં.

અને છેવટે પ્રમુખ હંસરાજ શામજીએ ઘટતા શબ્દોમાં ભાષણ કરી મી. કાદરી સાહેબે અથાગ મહેનત લઇ અહીંના શ્રાવકભાઈને ઉંચો બોધ આપ્યો છે તેને માટે ઉપકાર માની સભા બરખાસ્ત કરી હતી.

# અમદાવાદ ઓફીસનો હિસાબ.

---

## સંવત ૧૯૬૩ ના માગશર શુદી ૧ થી સંવત ૧૯૬૩ ના માગશર વદી ૦)) સુધીનો હિસાબ.

**વિદ્યાર્થીઓની સ્કોલરશીપ ખાતે.**

૩- ૦-૦ અમદાવાદ
૦-૧૧-૬ અમદાવાદ
૨- ૦-૦ અમદાવાદ
૧૨- ૦-૦ અમદાવાદ
૧૨- ૦-૦ અમદાવાદ
૪- ૦-૦ પેથાપુર
૨- ૦-૦ મીરોલી
૭- ૦-૦ ગોધાવી
૬- ૦-૦ ગોધાવી
૯-૧૧-૦ ખેડા
૧૦- ૮-૦ ખેડા
૩- ૦-૦ જુનાગઢ
૭- ૦-૦ રતલામ
૧- ૦-૦ કપડવંજ
૯-૧૦-૦ વડાલી.
૨- ૦-૦ રાધનપુર
૧૪- ૦-૦ વડોદરા
૫- ૦-૦ દરાપુરા
૩- ૦-૦ દરાપુરા
૯- ૮-૦ ખેડા.
૬- ૦-૦ બોરસદ

**નિરાશ્રિત ખાતે.**

૩૦-૦-૦ સીયાણી.
૧૦-૦-૦ અમદાવાદ

**પાઠશાળાઓ ખાતે.**

૨૦-૦-૦ અમદાવાદ શ્રાવિકા ઉદ્યોગશાળા
૩-૦-૦ વંડાની પાઠશાળા.
૩-૦-૦ ચીતલની ,,
૬-૦-૦ ચુડાની ,,
૫-૦-૦ ત્રાપજની ,,
૩-૦-૦ ગારીઆધર ,,
૩-૦-૦ પછેગામ ,,
૩-૦-૦ રામપુરા ,,
૨-૦-૦ જસપુરા. ,,
૩-૦-૦ વીછીઆ ,,
૮-૦-૦ બોટાદ ,,
૬-૦-૦ ધ્રાંગધ્રા ,,
૪-૦-૦ અમરેલી ,,
૩-૦-૦ તણુસા. ,,
૮-૦-૦ સાદડી ,,
૩-૦-૦ પ્રાંતીઆ ,,
૨૦-૦-૦ બોરસદ ,,
૬-૦-૦ જુનાગઢ ,,
૧૨-૦-૦ વળા માસ બેના ,,
૦-૦-૦ રાધનપુર માસ બેના,,
૪-૦-૦ ઝીંઝુવાડા ,,

## જીલ્લે અમદાવાદ તાબે ગામ બારેજાનાજ્ઞાન ભંડારનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કરતા શેઠ અચરતલાલ નગીનદાસ, શા૦ મગનલાલ પીતાંમ્બરદાસ, શા૦ ફકીરચંદ કેવલદાસ તથા શા૦ દેવચંદ દોલતચંદના હુસ્તકની મીલકત તપાસી છે તે જોતાં આ ખાતાની જુદી જુદી મીલકતનો વહીવટ ઉપરના ચારે ગૃહસ્થોને જુદો જુદો સોંપવામાં આવ્યો છે. તેમાં રોકડનો વહીવટ શા૦ અચરતલાલ નગીનદાસ કરે છે પણ તે વહીવટમાં દરસાલ આવક ખર્ચ હોવા છતાં નામુ બીલકુલ રાખવામાં આવ્યું નથી. માટે વહીવટ કર્તાઓએ નામું ચોકસ રાખવું જોઇએ.

આ ખાતાના અંગે એક પુસ્તક ભંડાર છે તેનો વહીવટ શા૦ મગનલાલ પીતામ્બર કરે છે. તે જોતાં આ ભંડારમાંથી જુની ટીપની ચોપડીઓ મારા હાથમાં જોવામાં આવી તે પ્રમાણે મેલવતાં કેટલાએક પુસ્તક મલતાં નથી પરંતુ હાલ જે છે તે પણ જીર્ણ થયેલ છે તેમ તેની વ્યવસ્થા પણ બરોબર જોવામાં આવતી નથી તથા ગામના લોકોને પુછ પરછ કરતાં પ્રથમ જ્ઞાન પાંચમે એ પુસ્તકો બહાર કાઢવામાં આવતાં તે વખતે દસબાર પેટી પુસ્તકની હતી તેવી ગામના લોકોની વાયકા સંભળાય છે હવેથી આ પુસ્તકભંડાર જ્ઞાન પંચમીને દીવસે બહાર કાઢવામાં આવતો નથી. તેને બદલે અમોને પુસ્તકની ત્રણ પેટી દેખાડવામાં આવી છે. ઉપર મુજબ જ્ઞાનભંડારની અવ્યવસ્થા જોઇ ઘણી દિલગીરી ઉપજે છે.

વળી વિશેષ દિલગીરી થવા જેવું એ છે જે,

આ ભંડારના સંબંધમાં અમો શ્રી સંઘનું ધ્યાન ખેંચીએ છીએ કે ઉપર લખેલા પુસ્તકો જીર્ણ થવા લાગ્યા છે તથા તેની કેટલીક અવ્યવસ્થા છે માટે તેને સુધરાવવા તથા વ્યવસ્થા વાળી જગાએ રાખવા પ્રયત્ન કરવો જોઇએ.

## શ્રી ગામ ભાત મધે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ.

શ્રી ભાત મધે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજજીના દેરાસરજીના સંઘ તરફથી વહીવટ કર્તા શા નાગરદાસ મગનલાલના હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આશો વદી ૨ સુધીનો અમોએ હીસાબ તપાસ્યો છે તે જોતાં વહીવટ કર્તાએ દેરાસરજીના અંગમાં શ્રી સ્વામી વચ્છલ તથા શ્રી પરબડી ખાતાનું નામું અસલની રૂઢી મુજબ રાખી વહીવટ નિખાલસ દીલથી ચોખી રીતે ચલાવેલો જોવામાં આવે છે.

દેરાસરજીમાં પુજનને લગતો દરેક ખરચ જૈન ગ્રહસ્થો પોત પોતાની પાસેથી ફાળા પ્રમાણે આપે છે, તે જૈન શૈલીને અનુસરતું અને ખુશી થવા જેવું છે.

દેરાસરજીનો એક ભાગ જીર્ણ થયેલ છે ને તે જીર્ણ ઉદ્ધાર કરવા દેરાસરજીમાં કાંઇ પણ પુંજી નહિ છતાં વહીવટ કર્તા તન અને મનથી બનતો પ્રયત્ન તથા

દેરાસરજી તથા વહીવટમાં જેમ જેમ ખામીયો જણાતી જાય છે તેમ બંદોબસ્ત કરતા જોવામાં આવે છે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

## . કોઠ નગર મધ્યે આવેલ શ્રી. પાંજરાપોળનો રીપોર્ટ.

શ્રી. કોઠ નગર મધ્યે આવેલા શ્રી પાંજરાપોળના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા. શા૦ વર્ધમાન જેઠાભાઈ તથા શા૦ પોપટભાઈ મુળચંદ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું ચોખી રીતે રાખવામાં આવેલ છે. તથા વહીવટ કર્તા બંને ગ્રહસ્થોને પોતાના કામનો પુરેપુરો બોજો છતાં પણ સારી રીતે દેખરેખ રાખે છે. ને વહીવટ કર્તા સાથે શા૦ ત્રીકમભાઇ રાયચંદ, પુરેપુરી દેખરેખ રાખીને દિનપ્રતિદિન વહીવટનો સુધારો કરતા જાય છે તો તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. આ ખાતાની અંદર ઉપજ કરતાં ખર્ચ સં. ૧૯૬૦ થી વધારે પડતું જોવામાં આવે છે તો તેનો બંદોબસ્ત વહીવટ કર્તા ગ્રહસ્થો તરફથી તાકીદે થવો જોઈએ.

## શ્રી ધોળકા તાબે ઉતેળીયા મધ્યે આવેલા ચંદ્ર પ્રભુજી મહારાજજીના દેરાસરજીનો તથા પાંજરાપોળનો રીપોર્ટ—

શ્રી ઉતેળીયા મધ્યે આવેલા શ્રી ચંદ્ર પ્રભુજી મહારાજજીના દેરાસરજીનો તથા શ્રી પાંજરાપોળના વહીવટ કર્તા શા૦ નાગરદાસ ખીમચંદ, શા૦ પીતાંબર રતનશી તથા શા૦ તલકસી ડાયાચંદ તથા શા૦ બેહેચરદાસ રામજીના હસ્તકનો હીસાબ, ગામના ગ્રહસ્થના ઘરના ચોપડા ઉપરથી સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ની સાલ સુધીનો તપાસ્યો તે જોતાં વહીવટ કર્તાએ વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે. ને દરેક વેપારીનો વાર્ષિક હિસાબ કરી ઉપર લખેલા વહિવટ કર્તા તે ખાતામાં પોતાની સહી કરે છે.

દેરાસરજી જીર્ણ થએલ છે તેનું જીર્ણ ઉદ્ધારનું કામ ચાલુ કરવામાં આવેલ છે.

વહીવટ કર્તા પુરેપુરી દેખરેખ રાખી દિનપ્રતિદિન દેરાસરજીનો તથા વહીવટનો સુધારો કરે જાય છે.

## શ્રી. કોઠ મધ્યે આવેલા નવા કરનો રીપોર્ટ.

શ્રી કોઠ મધ્યે આવેલા શ્રી નવા કરના વહીવટ કર્તા શા૦ વર્ધમાન જુઠાભાઈ તથા શા૦ ત્રીકમભાઇ રાયચંદના હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ સુધીનો હીસાબ. તપાસ્યો તે જોતાં વહીવટ કર્તાએ વહીવટનું નામું ચોખી રીતે રાખવામાં આવેલ છે ને વહીવટ કર્તા શા૦ ત્રીકમભાઇ રાયચંદ પુરેપુરી દેખરેખ રાખે છે ને દિનપ્રતિદિન વહીવટનો સુધારો કરતા જાય છે તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. આ ખાતાની અંદર સુધારો કરવાની જરૂર છે.

## . ગુંદી મધ્યે આવેલ વાસુપુજ્ય સ્વામી-મહારાજજીના દહેરાસરજીનો રીપોર્ટ.

સદર ગામમાં આવેલ શ્રી વાસુપુજ્ય સ્વામી મહારાજજીના દેરાસરજીના વહીવટ કર્તા શા. ચતુરભાઈ ગોકળ છે તેઓ ગામમાં એકજ હોવાથી, પુજનને લગતુ ખર્ચ તથા ગોઠીનો પગાર પોતે આપે છે. અને કોઇ વખત શ્રી સંઘ આવે અને કાંઈ ભેટ આપે તે શ્રી કોઠના દેરાસરજીના વહીવટ કર્તા શાહ. રઘુભાઈ સાંકળચંદ ઉપર મોકલી આપે છે. તેથી તેમને ધન્યવાદ ઘટે છે અને ઉપરના કારણથીજ હિસાબ રાખવામાં આવેલ નથી.

## જીલ્લે અમદાવાદ તાબે ગામ બારેજાની પાંજરાપોળનો રીપોર્ટ.

સદરહુ ખાતાના સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ. ફકીરચંદ કેવળદાસના હસ્તકનો હીસાબ સં૦ ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો તપાસ્યો છે તે જોતાં કેટલાએક વરસથી વહીવટના નામાની ખતવણી બીલકુલ થઇ નથી. પરંતુ રોકડમેળ સાબુત રાખવામાં આવ્યો છે. તો તે ઉપરથી નામુ તપાસતાં બરોબર છે. પણ ઉપજ કરતાં ખર્ચ વધારે છે.

પ્રથમ આ ખાતામાં આવક ઘણી હતી. પરંતુ વસ્તી ઘટી જવાથી આવક બરોબર આવતી નથી. તો આ બાબત પુરતુ ધ્યાન આપી તેના માટે યોગ્ય ઉપાય કરશો.

## જીલ્લે અમદાવાદ તાબાના ગામ બારેજા મધ્યે આવેલા શ્રી શાન્તિનાથ મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના સંઘ તરફથી વહીવટ કરતા શા. ગગલદાસ ફતેચંદના હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૧ સુધીનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં સદરહુ વહીવટ કર્તા વૃદ્ધ માણસ હોવા છતાં પોતે જાતે દેખરેખ રાખે છે. તેથી તેમને ધન્યવાદ ઘટે છે. પરંતુ નામા સંબંધી કાંઇ પણ વ્યવસ્થા કરી નથી તે ઘણું દીલગીર થવા જેવું છે. તો વહીવટ કર્તાએ હવેથી દેરાસર ખાતાનો હીસાબ ચોખો રાખવા અમારી વીનંતી છે.

પરંતુ દેરાસરમાં પખાલ વીગેરે કરતાં અંગલુહણાં વીગેરે થતાં નથી તો વહીવટ કર્તા ગૃહસ્થોએ તથા પુજન કરવાવાળાઓએ પુરતું ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

## શ્રી ગામ બાવળા તાલુકે ધોલકા જીલ્લે અમદાવાદ મધ્યે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજજીના દેરાસરજીનો તથા તેને લગતા ખાતા મધેના શ્રી સ્વામીવચ્છલ ખાતાનો રીપોર્ટ.

શ્રી બાવળા મધે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજજીના દેરાસરજી તથા પેટા ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા૦ કેશવજી બહેચરદાસ તથા શા૦ હઠીસંગ

આ ગામમાં જૈનોનાં પાંચ ઘર છે. તે માંહેનું એક ઘર વીરમગામ રહે છે, ત્રણ સાધારણ સ્થિતિનાં છે. અને બાકી એક ઘર સારી સ્થિતિમાં છે. તેથી કરી દેરાસરજીનું ખર્ચ પુરૂ થઈ શકતું નથી, પુજનને લગતો ખર્ચ સાધારણની રકમમાંથી કરવામાં આવે છે. હવે સાધારણની સીલીક નથી. તેમ ઉપજ પણ હાલ થતી નથી. માટે લાગતા વળગતાઓનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

દેરાસરજીની એક બાજુની પૌષધશાળા પડી ગએલી છે. અને બીજી બાજુએ જૈનનું એક ઘર પડી ગએલું છે તેથી બંને બાજુથી દેરાસરજીને આશાતના ઘણી લાગે છે. ચોક પાકુ તળીયુ નહીં હોવાથી ઝાડ ઉગે છે. તેમજ જૈન ગ્રહસ્થોનો એક સંપ નહીં હોવાથી કાંઈપણ બંદોબસ્ત થતો નથી, એક સંપ કરવાને માટે કેટલુંએક વિવેચન કરી સમજાવ્યા તેથી તેઓએ સંપની વૃદ્ધિ કરવા લાગણી બતાવી અને તે કાયમ રાખવા પ્રયત્ન કરેછે. તે જોઇ ઘણા ખુશી થયા છીએ. અને આશા છે કે તેઓ કાયમ રાખશે.

## જીલ્લે અમદાવાદ તાબાના ગામ કાવેઠા મધે આવેલા ઋષભદેવજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ

શ્રી કાવેઠા મધે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજજીના દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શા. સાંકળચંદ તારાચંદ હસ્તકનો સં. ૧૯૫૯ થી ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ અમે તપાસ્યો તે જોતાં વહીવટ કર્તા ગ્રહસ્થ નામુ અસલની રૂઢી મુજબ ઠામ ખાતા વહીવટમા રાખી વહીવટ સારી રીતે ચલાવેલ જોવામાં આવે છે ને દિન પ્રતિદિન દેરાસરજીનો સુધારો કરતા જાય છે.

આ ખાતાના વહીવટ કર્તા લાંબી મુદત ઉઘરાણી રાખવાથી ઉપજમાં વધારો થવા ધારે છે તે ઉપર યતી શ્રી મોહનલાલજીના પ્રમુખપણા આગળ એક જાહેર સભા ભરી દેવ દ્રવ્યથી થતી અશાતના તથા હિંસામય ચીજો નહી વાપરવા બાબત ભાષણ આપવામાં આવતાં દેવ દ્રવ્ય માટે ઘણા જણાએ તેજ વખતે પૈસા આપી દઈ હવે પછી તરત આપી દેવા લાગણી બતાવી માટે તેઓ સાહેબને ધન્યવાદ ઘટે છે.

દેરાસરજીમાં ગોઠીનો પગાર બતીનું ઘી પૂજનને લગતો સામાન વીગેરે ખર્ચ એકત્ર ગ્રહસ્થો પોતાની પાસેથી આપે છે તેથી હિસાબ રાખવામાં આવતો નથી તે ખુશી થવા જેવું છે.

તારાચંદ તથા શા. રવચંદ ધનજીભાઈ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં ૧૯૬૨ ના આશોવદ ૦)) સુધીનો હીસાબ અમે તપાસ્યો તે જોતાં વહીવટનું નામું અસલની રૂઢી મુજબ ઠામ ખાતાવહી રાખી વહીવટ નીખાલસ દીલથી કરતા જોવામાં આવે છે ને વહીવટનું નામુ તથા વહીવટ ચોખો રાખેલ છે આ ખાતાનો પુજાને લગતો ચાલુ ખરચ પુજન કરનાર ગ્રહસ્થો પોતાની પાસેથી આપે છે તે ઘણુંજ ખુશી થવા જેવું છે અને દિનપ્રતિદિન તેમાં વધારે સુધારો કરતા જાય છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ ખાતાના નંબર ૩ ના વહીવટ કર્તા શા. રવચંદ ધનજીભાઈ વેપારના વીશેષ દબાણ વાલા હોવા છતાં દરેક ધાર્મિક કાર્યમાં તન મન અને ધનથી જે મદદ કરે છે તે માટે તેમને પુરેપુરો ધનવાદ ઘટે છે.

## શ્રી ચલોડા ( તાબે ધોળકા જીલા અમદાવાદ ) મધે આવેલા શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મહારાજજીના દેરાસરજીતથા તેને લગતું સાધારણ ખાતું તથા શ્રીપાંજરાપોળ ખાતાનો રીપોર્ટ.

શ્રી ચલોડા મધે આવેલા શ્રી જીરાવળા પાર્શ્વનાથજી મહારાજજીના દેરાસરજી તેને લગતું શ્રી સાધારણ ખાતું તથા શ્રી પાંજરાપોલના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શા૦ હીરાચંદ તારાચંદના હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસોવદી ૦))સુધીનો હીસાબ અમે તપાસ્યો છે તે જોતાં વહીવટનું નામું અસલની જુની રૂઢી મુજબ રાખી વહીવટ ચોખો રાખેલો છે ને પુજનને લગતો દરેક સામાન તથા ગોઠીનો પગાર વીગેરે ખરચ જૈન ગ્રહસ્થોને પોતાના ખરચે કરે છે જેથી કોઈ અશાતનાનું કારણ થતું નથી તે ઘણું ખુશી થવા જેવું છે.

વહીવટ કર્ત્તા એકલા હોવાથી મદદે શા. છોટાલાલ ડાયાભાઈ રહી દરેક ખાતામાં જેમ જેમ ખામી દેખાતી જાય છે તેમ તેમ બંદોબસ્ત કરતા જાય છે.

## ગામ નાનોદરા મધે આવેલા શ્રી વાસુપુજ્ય સ્વામી મહારાજજીના દેરાસરનો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ. છગનલાલ ફુલચંદ, શેઠ મુળચંદ તલકસી અને શાહ ડાહ્યાભાઈ રાજપાળ હસ્તકનો સં. ૧૯૫૯ થી સંવત ૧૯૬૨ સુધીનો હીસાબ તપાસ્યો, તે જોતાં સદરહુ દેરાસરજીના ટ્રસ્ટીઓએ જુની રૂઢી પ્રમાણે વહીવટ કરેલો છે.

( નામાનો થોડો ભાગ દેરાસરજીના ચોપડામાં અને થોડો ભાગ પોતાના

## નવા થતા કોન્ફરન્સ હેરલ્ડના ગ્રાહકોને ઉત્તમ તક.

## તાકીદે મંગાવો. થોડી નકલો બાકી.

---

સને ૧૯૦૫ તથા ૧૯૦૬ ની સાલના બાર અંકો સાથે અર્ધી કીંમતે ટપાલ ખર્ચના ચાર આના વધારે લઈ બન્ને સાલના અંકો મોકલી આપવામાં આવશે. જુમલે રૂ. ૧-૪-૦ અંકે રૂ. સવા મોકલેથી એ સાલના અંકો મોકલવામાં આવશે. પત્ર આવેથી વી. પી. થી મોકલવામાં આવશે.

Registered No. B. 525.

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हेरल्ड.

पुस्तक ३. ऍप्रिल
नम्वर ४. सन १९०७.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| विषय | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| અમદાવાદ બીજી મહિલા પરિષદ | ૯૭ | જીવદયા ... ... ... | ૧૧૩ |
| નિરાશ્રિત જૈનો અને જૈન શ્વેતાંબર મદદ ફંડ ... ... ... | ૧૦૦ | કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ ... ... ... | ૧૧૫ |
| મુંબઈમાં વસતા ગરીબ જૈનોની હાડમારી ... ... ... | ૧૦૪ | પુસ્તકોની પહોંચ... ... ... | ૧૧૮ |
| જૈન સમાચાર ... ... ... | ૧૦૭ | ધાર્મિક હિસાબ તપાસણી ખાતું | ૧૧૯ |
| કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ | ૧૧૨ | અમદાવાદ કોન્ફરન્સમાં થયેલ ફંડ ... ... ... ... | ૧૨૫ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

धर्म विजय प्रिंटिंग प्रेस पायधुनी—मुंबई.

जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने फीलसुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छे:—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरे हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलात आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने कराववामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास कराववामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधानी नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ सिवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमांना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

गिरगाम मुम्बइ. }
ता. २५-५-१९०६. }

आसीस्टंट सेक्रेटरी.
श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---


## હાથીછાપનું પવિત્ર કેશર.

### સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ખાત્રીનું શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી કેશર પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કોન્ફરન્સના ઉત્પાદક મી० ઢઢ્ઢાની છબીનો "ટ્રેડ માર્ક" છે તે નીચેના સ્થળોએથી મળશે.

મુંબઈ જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ગિરગામ, માંગરોળ જૈન સભા પાયધુની.
જથ્થાબંધ વેચનાર એકલા માલેક,

જૈન મંદીર સામે }
માંડવી, મુંબઇ. }

કચ્છી દશાઓસવાળા જૈન મહાજન આશ્રિત
સ્વદેશી કંપની.

# ॥ ॐनमः सिद्धेभ्यः ॥

**रत्नानामिव रोहणक्षितिधरः खंतारकाणामिव,**
**स्वर्गःकल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,**
**पाथोधिः पयसा मिवेंदुमहसां स्थानं गुणानामसा,**
**वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥ २१ ॥**

**અર્થ**:— રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે. સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનુ નિવાવસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ, પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.


# SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

Vol. III,] ARPIL 1907. [No. 4.


## અમદાવાદ બીજી મહિલા પરિષદ.

**અનુસંધાન પૃષ્ટ ૮૮.**

બાળ વિધવાપણાનું દુઃખ અસહ્ય છે. તેમાં ઘણું કરીને વિધવાપણાના દુઃખને, નીતિ અને ધર્મની કેળવણીની ગેરહાજરીને લીધેજ તે સ્થિતિને તે દુઃખમય માનેછે. જે કર્મથી સુખ દુઃખ માને છે, ને દુઃખમાં પણ જ્ઞાનદ્વારા સંતોષ સ[illegible] દુઃખને સહન કરવાનું સામર્થ્ય ધરાવેછે તેવી નીતિવાળી કેળવણી પામેલી બાળ, વિધવાઓને [illegible]વાપણાના દુઃખનું લેશ પણ ભાન થતું નથી.

વિધવાપણું પૂર્વ કર્મના યોગેજ પ્રાપ્ત થાય છે; તો તેમાં દુઃખ ન માનતાં પ્રાપ્ત સ્થિતિને જ્ઞાનદ્વારા સહન કરવાની શક્તિ બાળ વિધવાઓમાં આવે તે માટે તેમને ખાસ વૈધવ્ય સ્થિતિને લગતું જ્ઞાન પ્રાપ્ત થાય તેવી શાળા કાઢવી જોઇએ. તથા વયોવૃદ્ધ વિધવાઓને માટે અને ખાસ કરીને નિરાધાર વિધવાઓને માટે તેમનું જીવન શાન્તિથી નિર્વિઘ્ન રીતે ગુજરે તે માટે કંઇ ઉદ્યોગ શાળાની કે ખાનગી ઘરગતુ ઉદ્યોગ તેમને મળે તેવી યોજના કરવી જરૂરની છે; વિધવાપણાન દુઃખ બે રીતે સહન કરવાનાં હોય છે.

પ્રથમ તો વિધવાપણુનું દુઃખ. બીજું. ઉદર નિર્વાહના સાધનનું દુઃખ

ઉપરનાં બે દુઃખો તેમને દુઃખરૂપ ન થાય, તે માટે તેમને નીતિ અને ધર્મ જ્ઞાનની કેળવણી આપવાની ખાસ જરૂર છે. ને તેને લીધે તેઓ પોતાના ધર્મને જાણતાં થશે, તેથી તે દુઃખ જે અભણ અને અજ્ઞાન સ્ત્રીયો માને છે, તેવું પોતાને છે, એમ કદી માનશે નહી, પરંતુ નીતિ અને ધર્મ જ્ઞાનની કેળવણીથી તેઓ પોતાના આત્માના અધિક કલ્યાણને સાધવા સમર્થ થશે,

ઉદર નિર્વાહના સાધન માટે જે દુઃખ વિધવાઓને પડે છે તે માટે ખાનગી સાહસથી વિધવાઓને, પોતાના મકાનમાં કંઇક ચોકસ ઉદ્યોગ મળે તેવી મોટા પાયા ઉપર કોન્ફરન્સ ત

રકથી યોજના થવી જરૂરની છે. તેવી ગોઠવણ થવાથી, મધ્યમ વર્ગની વિધવાઓ પોતાનું જીવન, ધર્મ પરાયણ ગુજારી શકશે. કેવળ નિરાધાર વિધવાઓને માટે વિધવાશ્રમો પ્રત્યેક જથાવાળા સ્થળે ઉઘાડવાની જરૂર છે. ને ત્યાં નીતિ અને ધર્મજ્ઞાનની કેળવણીની સાથે કોઇને ભારરૂપ ન થતાં પોતાનું જીવન સ્વતંત્રપણે ગુજારી શકે તેવા ઉદ્યોગમાં જોડવાની જરૂર છે. જો તેવા સ્વતંત્રપણાના ધંધા માટે કોઇ સારા દવાખાનામાં નર્સ તરીકેના અભ્યાસ કરાવાને માટે મદદ આપીને મોકલવામાં આવે તો તેઓ પોતાનું તેમજ પારકાનું ભલું કરી શકશે.

અત્રે મહિલા પરિષદમાં જે જે વિષયો ચર્ચાશે, તે સઘળાઓને યથાર્થ રીતે અમલમાં લાવવાને અર્થે, તથા તેવાજ બીજા શુભ વિચારો ચર્ચવા માટે અને આખી જૈન કોમનું એકત્રપણું જાળવવા વર્ષમાં એક બે વાર આવી મહિલા પરિષદો જુદે જુદે સ્થળે મેળવવાની જરૂર છે, કે જેથી આખી કોમની લાગણી એકત્ર થઈ સમગ્ર હિત સચવાઇ શકાશે.

ધારેલું કામ હમેશાં સતત પ્રયત્ન કર્યાથી પાર પડેછે. તેમજ આવા સારા કામમાં જો દરેક બ્હેનો મદદ કરી તેને સારા પાયા ઉપર લાવવા મહેનત કરશો તો તે જરૂર સિદ્ધ થશે. પરિષદમાં માત્ર ભેગા થઇને મળવાને અર્થેજ નહિ પણ તેનો મૂળ હેતુ સાચવવાને માટે પ્રયાસ જારી રાખવાની મારી વિનંતિ છે; કારણકે અત્યાર સુધી આપણી અજ્ઞાનતાને માટે પુરૂષોનેજ જવાબદાર ગણ્યા છે; પણ કાંઇક દરજ્જે આપણી ફરજો આપણા પ્રત્યેની તેમજ બીજા પ્રત્યેની શી છે તે જાણ્યા પછી જો તે ન બજાવીએ તો આપણે પણ જવાબદાર છીએ આવા પરિષદોમાં આપણે ભેગાં થઇ એક બીજાના વિચારો દર્શાવવાને તેમજ આપણું કર્તવ્ય આપણી પ્રત્યે તેમજ બીજા પ્રત્યે કેટલું છે તેનો કાંઇ ખ્યાલ કરવા ભાગ્યશાળી થયા છીએ તેને માટે પરિષદના ખંતી અને ઉત્સાહી પિતા ગુલાબચંદજી ઢઢ્ઢાનો અંતઃકરણ પૂર્વક આપણે બધાએ આભાર માનવો જોઇએ.

સારા કામમાં ઘણીવાર વિઘ્નો આવે છે તેમજ જો આમાં પણ કંઇ વિઘ્નરૂપ જણાય તો હિમતથી, ખંતથી અને સાચી લાગણીથી તેનું નિવારણ કરવા પ્રયત્ન કરવો જોઇએ. માટે આ ઉત્તમ કાર્યમાં જોડાવા હું સર્વે બ્હેનોને વિનંતિ કરી ભુલચુકની ક્ષમા ઇચ્છી બેસવા રજા લઉછું.

**તેમણે પહેલો ઠરાવ રજુ કર્યો.**

કે સ્ત્રી જાતિની સંપૂર્ણ ઉન્નતિ અર્થે આપણી બાળાઓને ધાર્મિક, નૈતિક, માનસિક અને શારીરિક કેળવણી ઉત્તમ પ્રકારની મળે, તથા મોટી વયની સ્ત્રીઓને યોગ્ય ઔદ્યોગિક તથા ધાર્મિક શિક્ષણ અપાય તેવી સંસ્થાઓ સ્થાપવાની આ મહિલા પરિષદ આવશ્યકતા સ્વીકારેછે.

**માસ્તર મનસુખરામ અનુપચંદના પુત્રી સમરથે બીજો ઠરાવ રજુકર્યો કે :—**

પતિ, વડિલો; બાળકો, સ્નેહીસંબંધીઓ, અને દાસજનો પ્રતિ પોતાની ફરજો સ્ત્રીઓ સમજતી થાય એવા પ્રકારનો ઉત્તમ બોધ અપાય તેવી ગોઠવણ કરવાની જરૂર આ પરિષદ સ્વીકારેછે.

**ઇડર કન્યાશાળાના હેડ મિસ્ટ્રેસ મહાકોરે ત્રીજો ઠરાવ રજુ કર્યો અને**

**બ્હેન અનસૂયાએ ટેકો આપ્યો કે :—**

બાળલગ્ન, રડવુંકૂટવું વિગેરે હાનિકારક રીવાજોથી આપણી સાંસારિક સ્થિતિ ઘણી શોચનીય થઈ છે તે રીવાજોની અયોગ્યતા દર્શાવી તેમને જડમૂળથી દૂર કરવાને આ પરિષદ આગ્રહ કરેછે.

આ વિષયપર પ્રોફેસર નથુ મંન્છારામદે અસરકારક ભાષણ આપ્યું હતું.

શેઠ મણિભાઈ પ્રેમાભાઈના પુત્રી તથા શેઠ મણિભાઇ જેશંગભાઇના પત્નીએ ભાષણ આપ્યું હતું.

મી. દદાના માતુશ્રી નરમ હોવાથી મી. દદાએ લખેલું ભાષણ વાંચી સંભળાવ્યું હતું.

શેઠ લાલભાઈ દલપતભાઇના પુત્રી તથા શેઠ પુરૂષોત્તમ મગનભાઇના પત્ની ડાહીબેને જણાવ્યું કે હાનિકારક રીવાજનો પ્રતિબંધ કરવો અને સ્વધર્મનો સંપૂર્ણ સ્વીકાર કરી પોતાનાં ફરજંદોને વીરરત્ન જેવા બનાવવા પ્રયત્ન કરવો.

શેઠ મણિભાઇ દલપતભાઇના પુત્રી સુભદ્રાએ જણાવ્યું કે કેળવણી એ મનુષ્ય જાતિને પોતાની જીંદગી સુખેથી નિભાવી શકવાનું સાધન છે. આપણા મનની તેમજ શરીરની શકિતઓને ખીલવી સારે રસ્તે દોરવવી તેનું નામ કેળવણી છે. બાળકને પ્રથમ કેળવણી માબાપ તરફથી મળેછે. નિશાળે તો જયારે ૬-૭ વર્ષનું થાય ત્યારે ભણવા જાય, પરંતુ તે પહેલાં તો માબાપની વર્તણુકનું અનુકરણ કરતાં શીખે છે. કારણકે નાનપણમાં તેમનાં કુમળાં મનપર જે અસર થાય છે તે હમેશાં ટકી રહેછે. હવે જો માબાપ સારાં કેળવાયલાં હોયતો છોકરાં પણ તેમનાં જેવાંજ થાયછે. તેમાં પણ માતાનો સહવાસ બાળકને વધારે હોવાથી તેના ગુણોની અસર વધારે થાયછે. જે ઘરમાં સ્ત્રી પોતાના છોકરાની વહુને તથા મા પોતાના પતિને પજવતી હશે તેની દીકરી પણ મોટી ઉમરે તેવુંજ કરતાં શીખશે પરંતુ જો માએ નાનપણમાં સારી કેળવણી લીધેલી હોયતો તે કદી પણ એવું કરે નહિ અને તેમની સંતતિ પણ તેવીજ થાય. તેટલા સારૂ છોડીઓને ભણાવવાની ખાસ જરૂર છે. નતિની વાતો તેમના વાચવામાં આવે તો તેની છાપ તેમના કુમળા મન ઉપર સારી રીતે ઠસેછે, અને તેથી તે પ્રમાણે કરતાં તે શીખેછે. શું ભણેલી સ્ત્રીઓ બધી સદ્ગુણીજ હોયછે અને અભણ સ્ત્રીઓ દુર્ગુણીજ હોયછે? ના, તેમ નથી. ભણેલી સ્ત્રીને જો નઠારી સોબત થાય તો તે દુર્ગુણી પણ થાયછે, પરંતુ તેમાં કાંઇ કેળવણીનો દોષ નથી. હાલ શાળાઓમાં છોડીઓને શીવણ, ભરત, ગુંથણ વિગેરે વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ આપવામાં આવેછે તેથી જો પોતાના પતિની સાધારણ સ્થિતિ હોય તો ભણેલી સ્ત્રી ભરત, શીવણ અને ગુંથણ વિગેરે હુન્નરથી પોતાના પતિને મદદ કર્તા થઇ પડેછે. વળી તે પોતાની સ્થિતિ ઉપરાંત ઘરેણાં વિગેરેનો ખરચ કરાવવાની હઠ લેતી નથી, અને તેથી પોતાની જીંદગી સુખે ગાળેછે. ભણેલી સ્ત્રી પોતાનાં માબાપ, સાસરીયાં તથા બીજાં સગાં વહાલાંસાથે સારી રીતે વર્તી તેમને સંતોષ પમાડેછે અને તેથી સૌને પ્રિય થઇ પડેછે. વળી તે પોતાનાં બાળકોને સારીરીતે કેળવેછે. વળી શાળાઓમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવેછે તેથી તે પોતાની નવરાશનો વખત નિંદામાં કે નકામો ન ગાળતાં ધર્મનાં પુસ્તકો વાંચવામાં કે સમાયક આદિ ધર્મ કરણી કરવામાં ગાળેછે. તેથી તે પોતાના આત્માનો પણ સુધારો કરી શકેછે. એટલું પણ કહી શકાય કે છેવટે તેથી તે મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે. માટે દરેક સ્ત્રીએ પોતાની દીકરીને વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણી લેવા માટે નિશાળે મોકલવી જોઇએ.

ત્યારબાદ સ્ત્રી કેળવણી વિગેરેના સહાયને માટે ફંડ કરવાનું ઠરતાં તેમાં રૂ. ૭૦૦૦ આશરે ભરાયા હતા.

છેવટે પ્રમુખનો તથા હાજર રહેલી સ્ત્રીઓનો આભાર મનાયા બાદ પરિષદ વિસર્જન થઇ હતી.

# નિરાશ્રિત જૈનો અને જૈન શ્વેતાંબર મદદ ફંડ

## ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ. એલ. બી. )

સમગ્ર જૈન કોમની ઉન્નતિની આધાર ભૂત શ્રી જૈન (શ્વેતામ્બર) કોનફરન્સની પાંચમી બેઠક જૈન પુરી તરીકે પ્રખ્યાતિ પામેલ, ગુજરાતના પાટ નગર અમદાવાદ શહેરમાં આ વર્ષ કરવામાં આવી હતી. આ કોનફરન્સમાં સર્વાનુમતે પસાર થયેલા અગત્યના ઠરાવે, તેના ઉપર બાહોશ વકતાઓએ કરેલ અમુલ્ય વિવેચન, અને તેના તત્કાલિક શુભ પરિણામ રૂપ સખી દિલના ધનવાન જૈનો તરફથી અઢીથી ત્રણ લાખ રૂપૈયાની જાહેર કરવામાં આવેલી મહાન્ સખાવત્ – એજ તેની અપૂર્વ – અસાધારણ ફતેહ થઇ છે તે સાબીત કરી આપવાને પૂરતાં છે. કોનફરન્સ આવ્યાં પ્હેલાં કોનફરન્સના વિઘ્ન સંતોષી – વિરોધીઓ તરફથી અનેક રીતે ભય તથા ચિંતા ઉભા કરવામાં આવ્યા હતાં તેમની જરા પણ દરકાર નહિ કરતાં, સ્વકોમના હિત ખાતર ઉત્સાહી કાર્ય કરનારાઓ પોતાની ફરજો બજાવવામાં અડગ રહ્યા હતા અને પરમાત્માની પરમ કૃપાથી દોઢ ચતુર પુરૂષોના દરેક પ્રયત્નો નિષ્ફળ ગયા હતા તેથી કરીને પ્હેલાની કોઇપણ કોનફરન્સના કરતાં અમદાવાદની કોનફરન્સ દરેક રીતે ચઢીયાતી નીવડેલછે તેના શબ્દોના ધ્વનિ પ્રત્યેક પ્રતિનિધિના મુખમાંથી નીકળતાં આજસુધી આપણે સાંભળીએ છીએ. મહાન્ વીજયી કોનફરન્સની પાંચમી બેઠક વખતે નિરાશ્રિત જૈનોને આશ્રયની બાબતમાં નીચે પ્રમાણેનો ૧૧ મો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

### ઠરાવ નં ૧૧ મો

### ( નિરાશ્રિત જૈનોને આશ્રય બાબત. )

મરણાંતે પણ યાચના નહિ કરનાર શ્રાવક શ્રાવિકાઓ તેમના બાલ બચ્ચાં સાથે કોઈ રીબાય નહિ અને દીન દીન હાલતમાં ધર્માન્તર થતાં અટકે તે માટે.

( ૧ ) નિરાશ્રિત જૈનોને ધંધે લગાડવાની.

( ૨ ) માબાપ વિનાના અનાથ બાળકોને તથા અનાથ જૈન વિધવાઓને આશ્રય આપવાની તથા બાલાશ્રમ સ્થાપવાની.

( ૩ ) જન્મ પર્યંતના અસાધ્ય રોગોથી પીડાતા નિરાશ્રિત સ્વધર્મી બંધુઓને માટે આશ્રય સ્થાન સ્થાપવાની.

આ કોનફરન્સ ખાસ આવશ્યકતા સ્વીકારેછે અને સર્વ જૈન બંધુઓને તથા શ્રીમાન્ શેઠીઆઓને આ બાબત ઉપર ખાસ લક્ષ આપવાની વીનંતી કરેછે.

આ ઠરાવને સંગીન પ્રકારે અમલમાં મેલવાને જેટલું થઇ શક્યું છે તેટલું બીજા કોઇપણ સંબંધમાં બની શક્યું નથી. તે ઉપરથીજ તેની મહાન્ અગત્યતા સ્હેજે સમજાયછે. શ્રી જૈન શ્વેતામ્બર મદદ ફંડ નામનું રૂ. ૭૫૦૦૦ નું ફંડ ભેગું થયુંછે અને તેનો વહીવટ ચારથી પાંચ

ટ્રસ્ટીઓના હસ્તક સોંપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ફંડની વ્યવસ્થા ઉપર આપણી ઉન્નતિ કેટલીક આધાર રાખેછે એમ સમજીને કેટલી એક સૂચના રૂપે આ વિષય જૈન પ્રજા સન્મુખ રજુ કરવાનું બની શક્યુંછે. આ ફંડ આથી પણ વધારે મોટું થાય અને પ્રતિ વર્ષે તેમાં વધારો થતો જાય તેવા હેતુથી સમસ્ત જૈનોની આધુનિક આર્થિક સ્થિતિ – તે સુધારવાના ઉપાયો વગેરે અનેક પેટા વિષયો ઉપર લંબાણથી મારા વિચારોનો સમાવેશ આ લેખમાં કરવામાં આવશે,

આપણા ઉપર મેલવામાં આવતો આક્ષેપ અને તેનું નિરાકરણ—'અહિંસા પરમો ધર્મ' એ સિદ્ધાંતને અક્ષરશઃ માન આપનારા અને તદંતર્ગત ભાવ પ્રમાણે વર્તનારા આપણે છીએ તથા 'જીવ દયા પ્રતિપાળ' એવા ઉપનામથી આપણે ઓળખાઇએ છીએ. લાખો બલ્કે કરોડો રૂપૈયા ખર્ચી ઠેકાણે ઠેકાણે પાંજરાપોળો સ્થાપી અવાચક – મુંગા પ્રાણીઓનું દુખ નિવારણ કરવાનું માન કેટલીક રીતે આપણને ઘટેછે. દરેક શહેરની પાંજરાપોળનો વહીવટ પણ મોટે ભાગે જૈન ભાઇઓને હસ્તક ચાલતો દૃષ્ટિગત થાયછે. 'દયા ધર્મકા મૂલ હે' એ સૂત્ર અનુસાર આપણે દયા મય જૈન ધર્મના રાગી છીએ. દયા એજ આપણી કોમનું – આપણા ધર્મનું જીવન ગણાયછે. દરેક જૈન બધુને આદરવા યોગ્ય – બારવ્રતનો મુખ્ય પાયો – પ્રથમ પદ પ્રાપ્ત કરેલ પ્રાણાતિપાત વિરમણ વ્રત ઉપર રચાયેલોછે. દૃષ્ટિથી અવલોકન કરનાર તરતજ જોઇ શકશે કે જૈન શાસ્ત્ર કારોએ ઉપદેશેલાં દરેક ધાર્મિક અનુષ્ઠાનો – ક્રિયાઓમાં પણ પ્રથમ વ્રતનું આલંબન લેવામાં આવેલું છે. આપણા સાધુ મુનિરાજો પણ પોતાના ઉપદેશ દ્વારા, વચનામૃતથી ભાવિક હૃદયમાં રહેલ દયાના વૃક્ષને સીંચેછે અને તેને પ્રફુલ્લિત કરવા ઉદ્યમવંત રહેછે – શાસ્ત્રોક્ત રીતીનું પરિશીલન કરનારા આપણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુથી માંડીને મનુષ્ય પર્યંત કોઈપણ પ્રાણીનું રક્ષણ કરવા ઉત્સાહિત રહીએ છીએ – સૂક્ષ્મ પ્રાણીનો નાશ થતો જોઇને પણ આપણને કંપારી છુટેછે.

પુષ્કળ દ્રવ્ય ખર્ચી આપણા પૂર્વજોએ ભવ્ય દેરાસરો, ઉપાશ્રયો તથા ધર્મશાળાઓ બંધાવેલછે. ઘણાજ ઠાઠમાઠથી વરઘોડા ચઢાવવામાં મ્હોટા મ્હોટા ન્યાત વરા કરવામાં તથા સંઘ જમાડવામાં તથા ઉજમણા કરવામાં આપણે કોઇ દીવસ પાછી પાની કરી ખર્ચ સામું જોયું નથી. તેથી જૈન શાસનની શોભા વધેછે. લોકો આપણી વાહ વાહ પોકારેછે. તેવા વિચાર – વમળમાં એટલે સુધી ખેંચાઇ જઇએ છીએ કે દીર્ઘ દૃષ્ટિએ જોતાં આથી આપણી ઉન્નતિ થાય છે કે નથી થતી તેનો ખ્યાલ પણ કેટલા એક આડંબર – પ્રિય જૈન ભાઇઓને યથાર્થ રીતે આવી શકતો નથી. આપણી ધાર્મિક ક્રિયાઓમાં બ્હારની ધામધુમ કાળાનુસાર એટલી બધી વધી ગઇછે કે આધ્યાત્મિક ઉન્નતિ જેવા મુળહેતુ તરફ મુદ્દલ લક્ષ અપાતું નથી – બાહ્ય દૃષ્ટિને ઉપરથી જે સારૂં સારૂં દેખાય છે તેમાં કેટલું વજુદછે તેનો વિચાર કરવાની ખાસ આવશ્યકતા છે. કારણકે અમુક સંખ્યા સારી સ્થિતિ વાળી દેખાય છે પણ બહોળે ભાગે હજુ આપણા ભાઇઓની સ્થિતિ દયા ઉપજાવે તેવી છે તેથી બીજા આડંબરના કાર્યો કરતાં આ પ્રકારની આપણી સ્થિતિ જોઇ સામાન્ય રીતે પ્રશ્ન ઉદ્ભવેછે કે આપણે આપણા નિરાશ્રિત સ્વધર્મિ બંધુઓને માટે શું પ્રયાસ કર્યોછે?

કદી પણ નહિ ભુલાય તેવા – આપણી ભવિષ્યની પ્રજા પણ જેને અરેરાટની લાગણી સાથે યાદ કરશે – તેવા છપનીયા દુકાળને લીધે લાખો મનુષ્યો (હજારો જૈનો) લાચાર બની ગયાછે અને વળી જૈન સમાજના દુખનો છેડો આટલેથીજ નહિ આવતાં રાક્ષસી સ્વરૂપ વાળી મરકી

હજારો મનુષ્યોને પોતાના સપાટામાં લીધે જાયછે. વિક્રાલ વિધાતાના ક્રૂરતા ભરેલા કાર્યથી સેંકડો કુટુંબો નિરાધાર સ્થિતિમાં આવી ગયાછે. સેંકડો નાના બાળકોને માબાપવિનાના અનાથ સ્થિતિમાં રખડતા જોઇએ છીએ. અનેક ભાગ્ય હીન સ્ત્રીઓ વિધવા થવાની સાથે ગુજરાનના સાધન વગરની થઇ ગઇછે. આ સબળાઓને માટે આપણે જ્યાં સુધી ઉદ્યોગ શાળાઓ, અનાથાશ્રમે, વિધવા ગૃહો વગેરે નમુનેદાર સંસ્થાઓ સ્થાપી તેઓના અસહ્ય દુખ નિવારણ કરવાને માટે યોગ્ય પ્રયાસ ન કરીયે ત્યાંસુધી અને આગળ વધેલી કોમો તરફથી મેલવામાં આવેતો આક્ષેપ કે આપણે નાના પ્રાણીઓને બચાવીએ છીએ અને મનુષ્ય જેવા મ્હોટા પ્રાણિઓની તદન ઉપેક્ષા કરીએ છીએ અન્ય શબ્દોમાં—જેટલું નાના પ્રાણીઓના રક્ષણ નિમિત્તે આપણે કરીએ છીએ તેટલુ મનુષ્ય વર્ગને માટે આપણે કરતા નથી—હાલના સંજોગો જોતાં તે આક્ષેપનો શું જવાબ (સંતોષ કારક) આપવો તે સમજી શકાતું નથી. આપણે 'જીવ દયા પ્રતિપાળ' કહેવાઇએ તો પછી શું આ આક્ષેપ—મુંગે મ્હોડે—બેદરકાર રહી સહન કર્યા જવો?

આ દુખ રૂપ સંસારમાં અનંતા ભવ રઝળી રઝળીને મહામુશ્કેલીએ જે પામર પ્રાણીઓ દશ દૃષ્ટાંતે દુર્લભ એવા આ મનુષ્ય ભવને પામીને જૈન કુળમાં જન્મ ધારણ કરવાને પણ ભાગ્યશાળી થાયછે તેઓ નિરાધાર સ્થિતિમાં પોતાના દિવસો નિર્ગમન કરે, આજીવિકાના સાધનના અભાવે દીન હીન બની પોતાનું અને પોતાના કુટુંબનું પોષણ કેવા રીતે કરવું તેનાજ વિચારમાં ને વિચારમાં કાળક્ષેપ કરે, રાત્ર દીવસ આર્તરૌદ્ર ધ્યાનમાં મગ્ન રહે અને તેથી કરીને આ મનુષ્ય દેહ, કે જે મુકિત મેળવવાનું મુખ્ય સાધન ગણાયછે જેને અસંખ્ય પ્રકારના વૈભવવાળા સમ્યક્ દૃષ્ટિ દેવો સ્વર્ગના સુખને તુચ્છગણી પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખેછે તેવા મનુષ્ય ભવને, ધાર્મિક ક્રિયાઓ—અનુષ્ઠાનોમાં—પ્રવર્ત્તવાને, તેવા પ્રકારના અનુકુલ સાધનોના અભાવે ધર્મ કાર્ય નહિ કરી શકતા હોવાથી નિરર્થક ગુમાવી બેસે તે શું આપણે આપણી નજર સન્મુખ ઉદાસીન વૃત્તિથી—ભાવિક હૃદયની શુભ લાગણીઓની ઉપેક્ષા કરીને—જોયાં કરવું એ ઉચિત કહી શકાય? જો ઉચિત નગણાય અને આપણે અનુચિત સમજીએ તો પછી ઉપર કહેલ આક્ષેપ—તદન પાયા વગરનો છે એમ બતાવી આપવાને તથા આપણે 'જીવ દયા પ્રતિપાળ' ના ઉપનામને ધારણ કરવાને યોગ્ય છીએ એમ સાબીત કરવાને શું પ્રયાસ કરવાની આવશ્યકતા નથી?

નિરાશ્રિત જૈનોના ભલાને માટે આજ સુધીમાં સીધી રીતે (Directly) કાંઇપણ—ગણત્રીમાં આવી શકે તેવો પ્રયાસ આપણાથી થઇ શકયો નથી. લાંબા વખતથી ચાલતા આવેલા રિવાજને અનુસરી પાંજરાપોળો—(જીવાત્ ખાના—વગેરે) વગેરે જુદે જુદે ઠેકાણે સ્થાપીને તથા લાખો રૂપૈયા ખર્ચી—તેનો નિભાવ કરીને—જૈન ઇતિહાસમાં જે મહા પુરૂષોના નામ તેઓની બ્હોળી ઉદારતાને લીધે સુવર્ણ અક્ષરથી કોતરાએલાછે અને તેઓની અમર કિર્તિને અંગે જેઓ આપણામાં કાયમને માટે હયાતી ભોગવેછે તેવા પુરૂષોને પગલે ચાલીને આપણે આડકતરી રીતે સમસ્ત હિંદુસ્થાનની પ્રજાનું જે અવર્ણનીય કલ્યાણ કરી શકયા છીએ તેને માટે મગરૂર થવાનું છે—હિંદુસ્થાનની વસ્તીનો મોટો ભાગ ખેતી ઉપર આધાર રાખેછે. આપણા દેશની મહાન્ દોલત ખેતીથી થતો પાકછે. રાજ્ય કરતી પરદેશી પ્રજા દર વર્ષે અનર્ગળ દોલત પોતાના દેશમાં—જુદે જુદે રૂપે—ઘસડી જાયછે છતાં પણ આપણે હજુ ટકી શકયાછીએ તે માત્ર આપણી રસાળ ભુમિમાંથી નીપજતા પાકને લીધેજ—આવિષય ઉપર વીશેષ લખવા જેવું જણાયછે પરંતુ વિષયાંતર થઇ

જવાના ભયને લીધે એટલુંજ લખવું પુરતુ છે કે જે ખેતીના ઉપર હીંદુસ્થાનની પ્રજા આધાર રાખેછે તે ખેતી—સારી ઉતરવાનો આધાર બળદ વગેરે જાનવરો ઉપરજછે અને તે પાંજરાપોળ જેવી સંસ્થાને આભારી છે.

પ્રાચીન સમયમાં—જૈનોની તરફથી અનાથા શ્રમ વગેરે ખાતાઓ સારી સંખ્યાંમાં સ્થપાયા હોય તેમ લાગતું નથી પણ પાંજરાપોળ વીગેરેમાં પુષ્કળ વ્યય કરવામાં આવેલો હોય તેમ જોઇએ છીએ તે ઉપરથી એટલુંજ અનુમાન થઈ શકેછેકે તે સમયમાં—જૈનોની જાહો જલાલીના સમયમાં—જૈન સમુદાયની સ્થિતિ ઘણીજ સારી હશે અને તેથી તેની જરૂરીયાત આપણા અગ્રેસરોને જણાઇ હશે નહિ પરંતુ હવે સમય બદલાયોછે. વખતના વહેવા સાથે આપણી આર્થિક સ્થિતિમાં દિન પ્રતિદિન અવનતિ થતી જાયછે અને સર્વ કોઇ કબુલ કરશે કે આપણા નિરાશ્રિત સ્વામી ભાઇઓની સ્થિતિનો સવાલ બહુજ વિચારવા જેવો થઇ પડયોછે. આજીવિકાના સાધનો—કમાણીના સાધનો—ઘણુ જુજ અપવાદ સીવાય દિન પ્રતિદિન નબળા પડતા જાયછે તેની સાથે ખર્ચ વધતા જાયછે, મ્હોટા મ્હોટા શહેરોમાં તો ખર્ચાલ જીંદગી એટલી બધી વધી પડીછે કે ગામડામાં રહેનારા લોકોને તેનો ખ્યાલ પણ આવી શકે નહિં. આવાં આવાં કારણોને લઇને આપણા નિરાધાર સ્વામીભાઇઓ જીવનને કલહ રૂપ માનેછે અને દુખી જીંદગીનો કયારે અંત આવશે તેટલી હદ સુધીના વિચારો પણ કવચિત કરતા જોવામાં આવેછે.

આ પ્રકારની સ્થિતિનુ નિરીક્ષણ આપણા ઉદાર દીલના માન્યવર અગ્રેસરોએ બારીક નજરથી કરી—શ્રી જૈન શ્વેતામ્બર મદદ ફંડ નામનું મ્હોટું ફંડ કરીને—આપણી આખી કોમને મ્હાન આભારના બોજા તળે મુકાછે એટલુંજ નહિ પણ ઉપર કહેલ આક્ષેપોમાંથી પણ બચાવીછે. આ ફંડ આટલું થઇને અટકી નપડે પરંતુ દિન પ્રતિદિન વધતું જાય અને તેનો તાજાદે સારો ઉપયોગ થાય તેને માટે ખાસ લક્ષ આપવાની જરૂરછે. આફંડ થયાને લગભગ બે મહીના થયાછે પરંતુ તેના ટ્રસ્ટીઓ તરફથી હજુ સુધી કાંઇપણ યોજના બહાર પડી નથી તોપણ આશા છેકે જૈન કોમના ભલાને માટે, મજકુર ફંડના વ્યવસાયી ટ્રસ્ટી સાહેબો પોતાનો અમુલ્ય વખત ફાજલ પાડી સત્વર યોજના ઘડશે. આ ફંડના સ્થાપકો—આપણી પાંચમી જૈન શ્વેતામ્બર કોનફરન્સના મેહેરબાન પ્રેસીડેન્ટ સાહેબ રાય બાહાદુર સેતાબ ચંદજી નહાર તથા સખાવતે બહાદુર શેઠ સાહેબ મનસુખભાઇ ભગુભાઇને અંતઃકરણથી ધન્યવાદ ઘટેછે અને તેઓની ઉદારતાનો ઝરો કાયમને માટે વહ્યા કરે તેવી ઇશ્વિર પ્રત્યે અમારી ખરી જીગરની પ્રાર્થનાછે.

આ ફંડના સંબંધમાં બે શબ્દો લખવા અસ્થાને ગણાશે નહિ. આજ સુધીની કોનફરન્સની બેઠકો વખતે જે જે નાણાની મોટી રકમો ભરવામાં આવતી હતી તે ઘણો ભાગ મુંબાઇ ખાતેની કોનફરન્સની બેઠક વખતે ઉઘાડવામાં આવેલા જુદા જુદા ખાતાઓ પૈકી-ગમે તે કોઈ ખાતામાં-ભરનારની ઇચ્છા મુજબ ભરાયલી જાહેર કરવામાં આવતી હતી પરંતુ આ કોનફરન્સ વખતે મારા નમ્ર મત પ્રમાણે તદન નવીન માર્ગ ગ્રહણ કરવામાં આવ્યોછે. આવી રીતના જુદા જુદા ખાતાઓ જુદા જુદા ગૃહસ્થોના હસ્તક નીચે શરૂ કરવામાં શું લાભ સમાયેલો હશે, ખસુસ કરીને આપણા માનવંતા શેઠ સાહેબોના મનમાં શું ગણત્રી હશે, તે કહી શકાતું નથી, પણ આટલું તો સમજાય છેકે આનું અનુકરણ કરી ભવિષ્યમાં આવી રીતે જુદા જુદા ખાતાઓ, ફંડ, કે

સંસ્થા સ્થાપવામાં આવે તો આપણી કોમની ઉન્નતિ, કરવા ધારેલ કાર્ય નિર્વિઘ્ને પાર પડે—સાધ્ય બિંદુ નજદીક પ્હોંચતાં ઢીલ થાય. જુદા જુદા ફંડો ની વ્યવસ્થા—જુદા જુદા વહીવટ કરનારાઓ મારફતે થાય તેના કરતાં એક અસાધારણ—અનેક વ્યક્તિનો સમુદાય રૂપ—શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી યાને શ્રી જૈન શ્વેતામ્બર કોનફરન્સ તરફથી એકત્ર કરેલા ફંડોની વ્યવસ્થા કરવામાં આવે તો ઘણોજ લાભ થવા સંભવછે.

સાધારણ રીતે દરેક કાર્યમાં આપણે 'આરંભ શુર' કહેવાઇએ છીએ અને તેના વ્યાજબી પણાને માટે શંકા કરવી તે પણ ખોટું છે કારણકે આપણે જુદા જુદા વહીવટ કરનારાઓ અને દેખરેખ રાખનારાઓ નીચે જૈન પંચાયત ફંડ, બનારસ પાઠશાળા, પાળીતાણા અનાથાશ્રમ, જેવી જુદી જુદી સંસ્થાઓ સ્થાપી, શરૂ આતમાં જેટલું ઉત્સાહથી કાર્ય કરીએ છીએ તેટલું આગળ ઉપર કરતા નથી અને તેને લીધે આપણે બનારસ પાઠશાળાને માટે ચોતરફથી બુમ ઉઠતી સાંભળીએ છીએ. આવી કેટલી એક ગેર વ્યવસ્થાનું કારણ આપણામાં તથા મુનિમહારાજાઓમાં ઘર કરી બેસેલ કુસંપ અને તેથી નીપજતી ઇર્ષ્યા છે એમ કહેવું તે જરાપણ સહરાગત ભરેલું નથી. અમુક વ્યક્તિ તરફથી થતા કાર્ય જોડે તે કાર્ય જાહેરના લાભને માટે હોય અને બીજી ગમેતે વ્યક્તિને તેમાં મદદ કરવાને અનુકુળતા હોય છતાં અન્ય કોઇ તેને સારા પાયા ઉપર લાવવાને તથા પોતાથી બનતી મદદ કરવાને પૂરતું લક્ષ નહિ આપે એટલુંજ નહિ, પરંતુ તેની ગેરવ્યવસ્થા થતી જોઇ એક રીતનો આનંદ મેળવવા તૈયાર થશે આ રીતની સ્થિતિને સત્વર દુર કરવાની જરૂરછે અમુક શહેર કે ગામના લાભને માટે જે સંસ્થા સ્થાપવામાં આવે તેને માટે આ પ્રશ્ન નથી પરંતુ સમગ્ર હીંદુસ્તાનના તમામ જૈનોના લાભને માટે જે સંસ્થા અથવા ખાતું નવું શરૂ કરવામાં આવે તેનો વહીવટ મારા નમ્ર મત પ્રમાણે તો ઉપર કહેલ રીતિ મુજબ થવો જોઇએ.

ઉક્ત ફંડ વીશેષ લાભદાયી શીરીતે થાય તથા તેનો સારામાં સારો ઉપયોગ કઇ રીતે થઇ શકે તેને માટે વર્તમાન પત્રોમાં અને માસિકોમાં ચર્ચા થવાની જરૂરછે.

મુંબાઇ અથવા અમદાવાદ જેવા મ્હોટા શહેરમાં વસતા આપણા ધનાઢ્ય ગૃહસ્થોને—કચ્છ યાને મારવાડ જેટલા દુરના પ્રદેશમાં વસતા આપણા જૈન ભાઇઓની સ્થિતિનો (તદન અજ્ઞાન દશામાં હોવાથી ખેતી જેવાં ધંધામા જોડાયેલા હોયછે તેવા જૈનોની સ્થિતિનો) ખ્યાલ આવવો તો દુર રહ્યો પરંતુ પોતાનાજ શહેરમાં કેવી કંગાલ સ્થિતિમાં પોતાના જૈન ભાઇઓ સ્વધર્મી બંધુઓ—કાળક્ષેપ કરેછે તથા અનેક કારણોને લીધે કેવી હાડમારી તેમને ભોગવવી પડેછે તેનો પણ ખ્યાલ આવતો નથી તેમજ તે સંબંધી વિચાર કરવાની તેઓ જરૂર ધારતા નથી તે શું શોચનીય કહી શકાય નહિ? કહી શકાય.

(અધુરૂં.)

## મુંબઇમાં વસતા ગરીબ જૈનોની હાડમારી.

### (અનુસંધાન ગત વર્ષ પૃષ્ટ ૩૪૮)

મુંબઇમાં આવ્યા પછી અજાણ્યા ઓળખાણ વગરના માણસોને પ્રથમ ઉતારો ક્યાં કરવો તથા નોકરી મેળવવાની શી તજવીજ કરવી, એવી બે જાતની ચિંતાઓથી અહીં આવતા અગાઉની જે હોંસ હોયછે તેના કરતાં વધારે દીલગીરી થઇ જાયછે અને કાંઈ ઉપાય નહીં

સુજતાં બીચારો માણસ પોતાનો નહીં જેવો સામાન પોતાનીજ સંગાથે રાખી જ્યાં ત્યાં ઓળખાણ શોધી કાઢવા અગર નોકરી મેળવવા ફરેછે. ખાવાને માટે મુંબઇમાં ઘણી વીશીઓ હોવાથી તેમાં સવડ કરેછે અને રાત્રે સુઇ રહેવા માટે, ધનિક સ્વધર્મી બંધુઓએ જોઇએ તેવા અને તેટલાં સ્થાન નહીં બનાવવાથી રસ્તા ઉપરની દુકાનોના ઓટલાઓ અગર દયાવંત દયાળુ સરકારની સડકની ફુટ પાયરીઓ તેઓને ઘણી આવકાર દાયક થઇ પડેછે.

સાધારણ ઓળખાણવાળા માણસો પોતાના ઓળખાણવાળા ગૃહસ્થને ત્યાં જાયછે અને ત્યાં પોતાનો ઉતારો લેછે પરંતુ મુંબઇની કહેવત જે "રોટલો મળે પણ ઓટલો ન મળે" એવી છે તે પ્રમાણે આવા માણસોના સંબંધમાં બને છે. કારણકે જે ગૃહસ્થને ત્યાં તેઓ ઉતરેછે તેઓએ ભાગ્યેજ એવા બે કરતાં વધુ ખંડવાળા મકાનો ભાડે રાખેલા હોયછે; સબબ મકાનોના ભાડાં બહુજ વધી પડયાંછે અને ઘણાં તો એકજ ખંડની નાની ઓરડી વાળા પણ હોયછે.

આ શેહેરમાં જેને પુરેપુરી વગ હોય તેને ઘણાં ભાગે તુરત નોકરી મળેછે અને બીચારા વગસગ વગરના માણસો નોકરીઓ માટે જ્યાં ત્યાં ધકા ખાય છે, અને વખતો વખત લાઇબ્રેરીઓમાં જઇને જે તે ન્યુસપેપરનાં કોલમો ને કોલમો જોતા મચ્યા રહેછે અને તેમાંથી કાંઇ પોતાના લાયકની નોકરી માલુમ પડતાં તે મેળવવા પ્રયત્ન કરેછે; તેમ કરતાં કરતાં જો કોઇ જગાએ તેમની સગવડ થઇ તો આગળ બતાવ્યા મુજબનું તેમનું સાધારણ જ્ઞાન હોવાથી તેમજ વગ નહીં પહોંચવાથી શરૂઆતથી લગ ભગ રૂ. ૮ થી રૂ. ૧૫ રૂપીઆ સુધીની હલકી નોકરીઓ મેળવી શકેછે. આવી જુજ પગારની નોકરીઓ મળે ત્યારે તેઓ બીચારા આજ કાલના ઘણાં ભારે ભાડાની ઓરડીઓ પોતાના માટે રાખી શકેજ નહિં. એ બનવા જોગ છે, ત્યારે તેઓ બીચારા જુજ ભાડામાં મળતી ખરાબ જગ્યાએ અગર જે શેઠની નોકરી કરતા હોય તેમની દુકાનના ઓટલા ઉપર સુઇ રહેવાની સવડ કરેછે. આવી જગ્યાએ સુઇ રહેનારા બીચારા ગરીબ માણસોને શીયાળામાં ઉનાળામાં અને ચોમાસાના નિરંતર વરસાદ વખતે કેટલું દુઃખ વેઠવું પડતું હશે તેનું ભાન મોટા મોટા બંગલાઓમાં સુખમાં રહેનારા શેઠીઆઓને શીરીતે થાય ?

ઉપર બતાવ્યા મુજબનાં બીચારા જુજ પગારનાં લોકો આપણામાં ઘણા વખતથી ચાલતા આવેલા દુષ્ટ રીવાજ મુજબ તેઓના વડવાના કુલીનપણાથી નાનપણમાં વરાવેલા અગર પરણાવેલા હોય તો તેઓ આ મુંબાઇ શહેરના મોંઘા ભાડાની ઓરડીઓ લેઇ પોતાનાં બૈરાં છોકરાંને કયારે અહીં બોલાવી શકવા શકતીવાન થાય તે પણ એક વિચારવા જેવું છે. હવે તે લોકોની ખાવા વીગેરેની સવડ સંબંધી કાંઇ લખવું જરૂરનું થઇ પડશે; મુંબાઇમાં બહાર ગામની વસ્તીનાં સારાં નસીબે જોઇએ તેટલી વીશીઓછે તેમાં આપણા લોકો આપણી જૈનનીજ વીશીમાં ઘણા ભાગે ખાવાની સવડ રાખે છે જેમાં રૂ ૫) થી રૂ ૭) સુધી આપવા પડે છે અને તેથી હાથે રાંધવાના કંટાળાથી ભુખ્યા રહેવાનું મટી જાય છે; પરંતુ આવી વીશીઓમાં અનાજ ઘણુંજ હલકું અને ખરાબ વાપરવામાં આવે છે. આટો સંચાનો ઘણા ભાગે વપરાય છે અને શાક પાકેલું તથા વાસી વાપરવામાં આવે છે. હવે તેની સગવડતા સંબંધે જરાક નજર ફેરવીએ તો આ વીશીઓ ઘણા ભાગે પહેલે બીજે માળે હોય છે એટલે તેમાં અજવાળા તરફની સગવડતા ઓછી હોય છે. વળી મકાન પણ ( વધારે ભાડું ભરવું પડે માટે ) તદન નાનું

અને અગવડતાવાળું લેવામાં આવે છે તેમજ રાંધવાની જગા પણ તેજ ઠેકાણે હોવાથી કાળું અને ગંદુ માલુમ પડે છે. આ વીશીમાં જમનારા માણસો વધારે હોય છે અને તે વીશીના માલીક પાસે પુરતા જથામાં થાળીઓ વગેરે વાસણ નહીં હોવાથી અને અમુક વખતના અરસામાં બધાં માણસોને જમાડવાની ફરજ પડવાથી બીચારા વીશીના નોકરો વાસણ તો ભાગ્યેજ ઉટકી પુરા પાડી શકે છે એટલે જેમ તેમ એકજ એંઠવાડના તપેલામાં (કે જે તે માટે ખાસ રાખવામાં આવેલું હોય છે તેમાં) વાસણ બોળીને તેને તેજ એક લુગડાનો જેવો તેવો ગંધાતો કકડો રાખેલો હોય છે (કે જેના તરફ જોવાથી તિરસ્કાર છુટે) તેનાથી સાફ કરીને પાછા બીજા જમનારાઓને આપે છે. આ સાફ કરવાનું કામ જો એકાદ સ્વચ્છ માણસના જોવામાં આવે તો એવું ગલીચ માલુમ પડે છે કે તેનું વર્ણન લખવું પણ યોગ્ય લાગતું નથી. માત્ર કહેવત મુજબ "ખીસ્સા ખાલીને હાડખુવારી" એટલે આ વીશીમાં જમતાં પૈસાના પૈસા આપવા પડે છે અને ખરાબ ખોરાકને લીધે શરીરની તંદુરસ્તીનો નાશ થાય છે. આ વખતે કહેવું જોઇએ છે કે કયાં કોટની હોટેલોની સફાઇ અને સગવડતા (માત્ર જે લોકોને ખપેછે તેને માટેજ) કયાં શેઠીઆઓનાં રસોડાંની સગવડો અને કયાં બીચારા આ ગરીબ માણસોની અગવડતાથી થતી દુર્દશા? આવો ખરાબ ખોરાક લીધાથી આપણા લોકોની તંદુરસ્તી બગડી મરણનું પ્રમાણ બીજી કોમો કરતાં વધારે આવવા સંભવ છે તે ન્યુસપેપરો વાંચવાથી માલુમ પડી આવશે.

હવે રૂ ૧૫ થી ૩૦ સુધીની નોકરીવાળા તરફ નજર કરીએ તો તેઓ બીચારા જેમ તેમ કરી ઘણા લાંબા વખતે આટલો પગાર મેળવવાને ભાગ્યશાળી થાય ત્યારે અહીંઆં પોતાના બૈરાછોકરાંને બોલાવી ઓરડી માંડવા વિચાર કરે; આટલા જુજ પગારમાં પોતાનું તથા પોતાના બૈરા છોકરાનું પુરૂં કરવાનું હોવાથી તેમજ દેશમાં રહેલા સગાંઓના નિભાવ માટે મોકલવાનું પણ આ રકમમાંથીજ હોવાને લીધે બિચારાને જે ઓરડી લેવી પડે તે સસ્તા ભાડાનીજ હોવી જોઇએ એ સ્વાભાવીક છે; ત્યારે હાલનાં કુદકેને ભુસકે વધતાં જતાં ભાડામાં કેવા પ્રકારની સગવડવાળી તથા કયા મજલાની ઓરડીઓ મેળવવાને તે ભાગ્યશાળી થાય તે ધનાઢયોએ વિચાર કરવા જેવું છે. મારી સમજ અને તપાસ પ્રમાણે તો ઘણા ભાગે પહેલા મજલાની અને કોઇ કોઇ જગાએ બીજા મજલાની ઓરડીઓ મેળવી શકે છે. અગર છેવટમાં છેવટ માળાના ઉપરનાં કાતરીઆં કે જેમાં ઉભા ફરવું પણ મુશ્કેલ હોય છે તેવા પ્રકારની મેળવી શકે છે અંધારાવાળી તેમજ એક ચોકડી સિવાયની બાકીની જગ્યામાં ભાગ્યેજ પાંચ માણસ બેસી શકે તેટલી જગ્યાવાળી મળે છે, કારણકે તેમને બિચારાને વધુમાં વધુ રૂ ૫) ભાડું આપવાની સવડ થઇ શકે તેમ હોય છે.

પહેલા મજલાની અને ઘણે ભાગે બીજા મજલાની ઓરડીઓમાં (જે માળાની નજીકમાં બીજા મોટા માળાઓ આવેલા હોય છે ત્યાં) હમેશાં દિવસે અને રાત્રે અંધારૂંજ હોય છે તેથી બિચારા રહેનારાઓને ધોળે દિવસે અને ખરાબપોરે દીવા કર્યા સિવાય રાંધી કે જમી શકાતું નથી, ત્યારે ચોમાસાના ધમધોર વરસતા વરસાદના વખતે જ્યારે ઘણાં સુક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે અને જીવડાં દીવા આગળ વધારે ઝંપલાવે છે ત્યારે ખાનારની શી દશા થતી હશે તે ધર્માભિમાની સજ્જનોએ ખાસ વિચારવા જેવું છે. આવા ઘણા દાખલાઓ જેઓ મોટા મોટા માળાઓમાં વધારે

જતા આવતા હશે તેમને સહેજ નજરે પડતા હશે તે વિષે તેમને પુછવાથી ખાત્રી થશે. મોટા માળાઓને મોટી મોટી ગટરો આવેલી હોયછે તેથી આખો દીવસ ગંધ પણ વધારે મારેછે અને શીયાળા ચોમાસામાંતો સારી હવા મેળવવાને ભાગ્યશાલી થતા નથી તો ઉનાળાના વૈશાખ જેઠના સખ્તમાં સખ્ત ગરમીના દીવસોમાં જ્યારે એક તરફથી માંકડ અને ચાંચણનું જોર એક દમ વધી જાયછે ત્યારે તેઓ બિચારા આખો દિવસ મહેનત મજુરી કરી બળ્યા ઝળ્યા આવે ત્યારે તેમની રાત્રે શી ગતિ થતી હશે તેની તો સમજ જેને તેવી સ્થિતિ ભોગવવી પડેછે તેમનેજ પુછવાથી કાંઇ ખાત્રી થશે. અનુભવ વગર તો તેઓની થતી દુર્દશાનું ભાન બરોબર થાય એ અસંભવિત છે. આવી રીતે આખો દિવસ અંધારામાં રહેવું, સ્વચ્છ હવાની તંગાસ અને ટુંક પગારમાં ખર્ચ પુરૂં કરવાનું હોવાથી જેવો જોઇએ તેવો સાધારણ ખોરાક નહીં મળવાથી તેમજ વીશીમાં આગળ બતાવ્યા પ્રમાણેની અગવડોએ બિચારા જમનારાઓની તંદુરસ્તીમાં વખતો વખત બિગાડો થાય તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી અને તેથી બીજી કોમો કરતાં આપણી કોમમાં પ્લેગ, કોલેરા અને બીજા દર્દોથી મરણનું પ્રમાણ ઘણા મોટા પ્રમાણમાં આવેછે.

ઉપર પ્રમાણેની આપણા ગરીબ સ્વધર્મી બંધુઓની હાડમારી ભરેલી સ્થિતિ અત્રે વસતા ઘણા જૈન ધનાઢ્યોની વસ્તી છતાં ભોગવવી પડે એના કરતાં બીજું વધુ શોચનીય શું છે? શું જૈન અગ્રેસરોની જાણમાં આ બાબત આવીજ નહિ હશે? શું તેઓ મોજ શોખમાં પોતાના બંગલાઓમાં રહેતા હોવાથી એમજ સમજતા હશે કે બધા લોકો તેમની માફક સુખમાંજ રહેતા હશે? શું શ્રીમાનો ધારેતો આવા દુઃખમાં રહેતા પોતાના જ્ઞાતિ બંધુઓને સુખમાં લાવી મુકવાનું અશકય છે? ના, ના, તેમ નહિ: મને તો માત્ર વિચાર કરવાનીજ ખામી લાગેછે કારણકે પોતાના ધંધામાં શ્વાસ ખાવા સરખી નવરાશ નહીં તો આવા વિચાર કરવાની વળી વધારે મહેનત કોણ લે? જૈન અગ્રેસરોએ વિચારવું જોઇએ કે બિચારા લોકો મુળે ગરીબ સ્થિતિમાં અહીં આવેલા હોય અને આખો દીવસ પોતાની ઉગતી વયમાંથીજ સખ્ત મહેનત મજુરીવાળી ટુંક પગારની નોકરી કરી પોતાના કુટુંબનું પરાણે પુરૂં કરતો હોય ત્યારે મોટા ભાડાની ઓરડીઓમાં રહેવાનું તેનાથી કેમ બની શકે?　　(અપુર્ણ)

D. T. G.

## (જૈન સમાચાર.)

**માનં પત્રનો મેળાવડો**—ભાવનગરના રહીશ મી૦ ઝવેરલાલ મગનલાલ મહેતા આ વર્ષની એલ. સી. ઇ. ની પરીક્ષામાં પસાર થવાથી ભાવનગરમાં તેઓ પહેલાજ જૈન એન્જીનીયર થયેલા હોવાથી, આત્મારામજી જૈન લાઇબ્રેરી, જેના તેઓ મેંબર છે, તેના તરફથી પ્રીન્સીપાલ મી૦ સંજાણાના પ્રમુખપણા નીચે લેહીપોશાળાના ઉપાશ્રયમાં એક ભવ્ય મેળાવડો કરવામાં આવ્યો હતો. મી૦ ગુલાબચંદ આણંદજી, દામોદર હરજીવન તથા વલ્લભદાસ ત્રિભુવનદાસે ઝવેરલાલને એન્જીનીયરની પરીક્ષા પાસ કરવા માટે શાબાશી આપી હતી. આજ પ્રસંગે આત્મારામજી મહારાજના રાગી સુશ્રાવક મરહુમ મી૦ મૂળચંદ નથુભાઇના સ્મારક માટે થયેલી રકમના વ્યાજમાંથી તથા તેમની પત્નીએ આપેલ રકમમાંથી ઇનામો જૈન વિદ્યાર્થીઓને વહેંચવામાં આવ્યાં હતાં.

### ધી જૈન યંગ મેન્સ એસોશીએશન ઓફ ઇન્ડિયાનો આઠમા વર્ષનો મેળાવડો.

આ મંડળનો સવિસ્તર રીપોર્ટ અમને મળ્યો છે. ટૂંક સાર નીચે પ્રમાણે છે:– બેઠક બે દિવસ

કલકતામાં થઇ હતી. પ્રમુખસ્થાને સહરાનપુર નિવાસી લાલા રૂપચંદજી હતા. સમય રાત્રિના આઠથી રાખ્યો હતો. ટેક્સ્ટ બુક કમીટી મારફત જે શ્વેતાંબર આમ્નાયના પુસ્તકો પ્રસિધ્ધ થાય તે માટે મી૦ ઢઢ્ઢા અથવા શિવજી દેવશીને પૂછી પછી છપાવવાં. દશ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

## નામદાર શાહેનશાહ પર મોકલેલ સંદેશાનો ઉત્તર.

No. 2284.

POLITICAL DEPARTMENT:
Bombay Castle, 25th March 1907.

From

H. O. QUIN, Esq.,

Acting Secretary to Government,

BOMBAY;

To

The President,

5 th Jain Swetamber Conference,

Ahmedabad.

Sir,

With reference to your telegram to the Government of India, conveying a message of loyalty to His Mejesty the King-Emperor, I am directed to request that you will convey to the members of the Jain Swetamber Conference the acknowledgements of Government for their message.

I have the honour to be,

Sir,

Your most obedient servant,

Sd/ H. O. QUIN

Acting Secretay to Government.

**सैलाना २५–३–०७**—कोठारी शेरसिंह लिखता हे के इसरका डेलिगेट, प्रति मंगलवारको जो सभा होती हे उसमें कोन्फरन्सके विषय चर्चते है.

**अजमेर**—हीरालालजी सुराणा लिखते हे के फलोधीमें संपकी जरुरत और हानिकारक रीवाजोंको रोकना यह विषयपर भाषण दीया. यहांपर श्री श्वेतांबर जैन मित्र मंडली कायम कराइ गइ.

**ઓનરરી ઉપદેશક મી૦ હીરાલાલ વર્ધમાનનો પ્રવાસ**—લીલાપુર જ્યાં જૈનના ૩ ઘર છે, ત્યાં કૉન્ફરન્સથી થતા ફાયદા વિષે સમજાવવામાં આવ્યું.

વણા ગામમાં હાનિકારક રીવાજ સંબંધી ભાષણ આપ્યું.

**सैलाना** ३–४–०७—जैन सभाका सेक्रेटरी हरिसिंहजी लिखता है के प्रचलित केशरकी अपवित्रतापर व्याख्यान दीया गया. कुछ महाशयोने यह केशर उपयोगमें लाना मुनासिब नहि समझकर पवित्र काशमीरी केशर काममें लानेका इकरार कीया.

**मंदसोर**—प्रांतिक सेक्रेटरी लक्ष्मीचंदजी घीया लिखते है के पांचमी कोन्फरन्समें जो भाषण हुवाथा उसकासार, और पास हुवे ठरावोपर एक भाषण मेने उधर दीया हे.

## ઉપદેશક ટોકરશી નેણશીનો પ્રવાસ.

**અજમેર** ૨–૪–૦૭—માલપુરામાં જાહેર સભા કરી. ઐક્ય, વિદ્યાવૃધ્ધિ, સ્વદેશી હિલચાલ તથા હાનિકારક રિવાજોપર ભાષણ કર્યું. મી ઢઢ્ઢાએ તથા બીજાઓએ વિવેચન કર્યું. ત્યાંથી આંહી આવતાં પચેવર ગામ, જ્યાં ૨૫ શ્વેતાંબર જૈનોનાં ઘર છે તથા ૫૦ દિગંબર જૈનોનાં ઘર છે, ત્યાં બન્ને આમ્નાયની સભા થઇ. કોન્ફરન્સનો ઉદેશ તથા ઠરાવોપર વ્યાખ્યાન આપ્યું. આવા ગામડામાં સાધુસાધ્વી કદી આવતા નથી. સ્થાનકવાસી સાધુ કદી કદી આવે છે. દેરે દર્શનાર્થે પણ કોઇ આવતું નથી. તે વિષે કહેતાં કેટલાકે દર્શનની બાધા લીધી છે. કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરવા માટે કહેતાં વિચારીને અમલ કરવા કબુલ કર્યું છે.

**બાલોતરા** ૬–૪–૦૭—અજમેરમાં સભા થઇ, પણ બહુ થોડા ભાઇઓ આવ્યા હતા. કંઇ ઠરાવો થયા નહિ ત્યાંથી બીઆવર આવ્યા. સભા થઈ. ભાઇઓ સારી સંખ્યામાં આવ્યા હતા. ત્યાં ૫૦૦ જૈન ઘર છે, પણ ઘણા ઢુંઢીઆ છે. વ્યાખ્યાનની અસર બહુ સારી થઇ. તાત્કાળિક ફળ કંઇ થયું નહિ, પરંતુ ખુશીથી કબુલાત આપી કે થોડા સમયમાં સૌ એકત્ર થઇ કોન્ફરન્સના ઠરાવો અમલમાં મૂકવા મજબૂત કોશેશ કરશું. આંહી ૩૦૦ ઘરમાં દેરાસરને માનનારા ૫૦ ઘર છે. બાકીના ઢુંઢીઆ થઇ ગયા છે, પણ દેરાના કર આપે છે. આ ગામોના લોક બીલકુલ અજ્ઞાન છે. આ તરફ સંખ્યાબંધ ગામોમાં વસ્તી સારી છતાં શિક્ષણ સાધનના અભાવે જૈનો તદ્દન પછાત છે. પાઠશાળા, કન્યાશાળા અને શ્રાવિકાશાળા ઉઘાડી શકાય, પણ યોગ્ય શિક્ષકના અભાવે પરિણામમાં શૂન્યજ રહે. સ્ત્રી શિક્ષક તો એક પણ નજ મળે. હિંદી ભાષા સાથે જૈનના સાધારણ મૂળતત્વો જાણનાર પુરૂષશિક્ષકો પણ નજ મળે ત્યાં પાઠશાળાઓ અને બીજા ખર્ચો તથા ઉપદેશ વિગેરે નિષ્ફળજ છે. મેસાણા અથવા બનારસ પાઠશાળા તરફથી શિક્ષકો પૂરા પાડવામાં ન આવે ત્યાં સુધી કંઈ ફળ આવે તેમ લાગતું નથી.

**બાલોતરા** ૭–૪–૦૭—સભામાં વ્યાખ્યાન થયું, પરંતુ કંઇ સંગીન ઠરાવો થયા નથી. લોકો બીલકુલ અજ્ઞ છે, તથા દેરાને માનનારા તથા ઢુંઢીઆ બધા ઠરાવોમાં સામેલ હોવાથી કોઇ પણ બાબત મુકરર કરતાં એક બીજાની સામે પડે છે. ૩૦૦ ઘર જૈનનાં છે, તેમાંથી ૧૦ છોકરા નિશાળે જાય છે. સાધુવિહાર તદનજ ન હોવાથી ભરચક જૈન વસ્તી છતાં ધાર્મિક શિથિલતા વધતી જાય છે.

## બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કૂલ મુંબઇ.

આ સ્કૂલના પહેલા વર્ષનો ટૂંક રીપોર્ટ હેન્ડબીલરૂપે અમારી પાસે રજુ થયો છે. તેપરથી જણાય છે કે એ સ્કૂલમાં ગુજરાતી પાંચ તથા ઇંગ્રેજી સાત મળી બાર વર્ગો છે. ગુજરાતી વિભાગમાં ૧૧૬ જૈન તથા ૬ અન્ય કોમના વિદ્યાર્થીઓ છે. ઇંગ્રેજી વિભાગમાં ૬૨ જૈન તથા ૩૫ અન્ય કોમના વિદ્યાર્થીઓ છે આપરથી જણાશે કે જૈન વિદ્યાર્થી માટે હજી વિશેષ સગવડ છે. જે શ્રીમાન જૈનો ફી આપવાની નહિ હોવાથી સ્કૂલને ધર્માદા ગણી પોતાનાં બાળકોને બીજી નિશાળે મોકલતા હોય, તેઓને આ નિશાળમાંજ પોતાનાં સંતાનોને મોકલવા ટ્રસ્ટીએ યોગ્ય અરજ કરી છે. ફીના પૈસા તેઓ બીજી રીતે ગરીબ જૈન વિદ્યાર્થીઓને મદદ તરીકે આપી શકશે. ઉત્તર વિભાગના શિક્ષણ પરીક્ષક મી૦ લોરી, મ્યુનિસિપલ સ્કૂલોના સુપરીન્ટેન્ડંટ મી૦ વેલીનકર, તથા મ્યુનીસીપલ વર્નાક્યુલર સુપરીન્ટેન્ડંટ સાક્ષર મી૦ અંજારીઆએ સ્કૂલને તપાસી બહુજ સારો મત આપ્યો છે. પરિણામ ૭૦ ટકા સારૂંજ ગણી શકાય. જે માબાપો ઈંગ્રેજી અભ્યાસ પોતાના ફરજંદોને સગવડથી કરાવી શકે, તેઓએ આ લાભ અવશ્ય લેવા જેવો છે, કારણકે હાલના જમાનામાં ઇંગ્રેજી કેળવણી બહુજ જરૂરની ચીજ છે.

**फडासलीजीके मेळा**—नाथुलल चुनीलाल लिखते है के ये तीर्थ श्री मालवादेशमें हे. जात्री १२००० थे. उपज रु.२९९० हुइ. जीर्णउद्धार करानेके लीये प्रमुख, दो सेक्रेटरी और १९ सभासदोकी कमीटी नीमी गइ.

## आत्मानंद जैन सभा.

पंजाब देश और मड जिला होशयारपुरमें श्री आत्मानंद जैन सभाका जलसा श्रीमानस्वामी आत्माराम महाराजजीकी यादगारमें हर मासकी अष्टमीको होताहै. और लालादुरगादास खंडेलवाल श्रीपालकी कथा करते है, और मास्टर मुन्शीराम आत्मानंद जैन पत्रिका और जैन गेझेट सुना देते हैं. और अपनी बरादरी के फेसलेभी सभामें होते हैं.

## श्री मन्दिरजीकी प्रतिष्ठा.

मियानी जिला होशयारपुर निवासी ला० रामचंद खेरातीरामने एक नवीन मंदिरकी रचना कराई है. जिसकी प्रतिष्ठा घृत्य उद्यापन रथ यात्रा आदि धर्म कार्य २३—२४ जनवरी ०७ या १२—१३ माघ सुदीका भाई नगीनचंद शंकरभाई सुरतवालेने कराई और उसी दिन श्री शांतिनाथजीकी मुरतीको अम्बाले वालि पालकीमे बिराजमान करके भजन गाते हुए सभा मंडपमे लेगये और रात्री समये बाबुहेमराज और लाला दुरगाप्रसादजी और मास्टर मुन्शीरामने जैन धर्मकी प्राचीनता, मुरती पुजन, और विद्या पर जोर शोरसे भाशन दीये और जै जैकारकिसाथ सभा समापत हुई. दुसरे दिन भगवानकी प्रतिमाको भजन गाते हुये श्री मंदिरजीमें लेगये. और ११६४ मंदिरजीके भंडारमें जमा हुये और श्रीसंग मियानीने खास कर लाला रामचंदजीने बाहरसे आये हुये भाईयोंका धन्यवाद करके विदाकिया.

**लाला देवीचंद खंडेवाल फगवाड़ा नवासी**— ने एक दोकान श्री मन्दरजीके नाम लगादी.

उरमार, जीला होशियारपुर मुन्शीराम जैन

**अजमेरसें हीरालाल सुराणा लिखते हैं** के मेडतासीटीमें जोधपुर श्री श्वेतांबर जैन मन्डलके मेम्बर लोढा पार्श्वमलजी साहब तथा पार्श्व हजारीमलजी साहबकी धर्म लागणी और प्रेरणासे विदेशी शकरका प्रचार बन्ध होने और मरनेके बाद नुक्ता न होनेका रीवाज न्याती प्रबन्ध पञ्चायतीसे लिखितम् द्वारा बिलकुल बन्ध होगया है.

जालोर के ग्राम सीयाणामें और बागरा नामी गाममे जैन सभाऐं स्थापन कराइ गइ

## जोधपुर डीरेक्टरीके लिये राजहुकम.

### ॥ श्री रामजी सहायछे ॥

पंचोलीजी श्री इंदरमलजी लिखावतं बाजेगांवांरा जागारदारा कामदारों हवालदारां भोमीयो चोधरीयों राजपुतों माहाजनो सांसणो लोकों दिसेतथा प्रचो महकमे आलीया खासरो ता० २२ अगस्त सन १९०७ लंबरी ५२१ इस मजमुनका सादर हुवाके रीपोर्ट सुरांणा हीरालाल जैन श्वेताम्बरी डायरेक्टरी इन्सपेक्टर राजपुतानाके बम्बईमें जैन डायरेक्टरी श्वेताम्बरी जैन कोन्फरन्सकी तर्फसें बनती है और मारवाडकी डायरेक्टरीके लीये फिदवी वो धनराज प्रगनेमें जावेगे सो इस काममें मदद देनेका हाकमाको हुकम फर्मावे पेश होकर लिखा जाताहै के इस बाबत मदद मांगेबो देवो चुनांचें इन्सपेक्टर हीरालालने बाजे गांवोके परवाने मददके लिये मिलनेकी दरख्वास्त की जिणसुंवाने जरीये परवाणारे हिंदायत कीजायेहै के जैन श्वेताम्बरी डायरेकटरी बणाणेमें मदद मांगे वोही देवो इसमें जुमेवारी अपनी समझो ता० १० मार्च सन १९०७ प्रथम चेत वद ११ समत १९६३ रा.

Sd/ INDARMALJI HAKIM OF JODHPUR.

**परीक्षक खीमचंद भूधर तथा भगवानजी मीठाभाईनो प्रवास.**

अमारूं आववुं दहेगाम बन्युं त्यां पाठशाळा तपासी. २४.४५ड साथे पाठशाळाना होलमां जाहेर सभा करवामां आवी हती. "केळवणी" संबंधी रहस्य बनावतां लोको उपर सारी असर थइ हती. कुल वर्ष पांच सुधीना रु. ८००) आठसो थया छे. ज्यां सामान्य रकम थवी कठण तेना बदलामां आवी स्थाइ टीप थइ छे. ते बीजाने दाखलो लेवा जेवुं छे. ते सिवाय देरासरजी संबंधी घणो सुधारो वधारो थयो छे. त्यांथी बे गाउ दूर "जाळीया" गाम छे त्यां पण मंडळ तरफथी पाठशाळा उघाडवामां आवी छे. त्यांथी धारीसाणा करीने गाम छे त्यां पण पाठशाळा खोलवामां आवी छे. आ गाममां श्रावकना घर १५ छे. देरासरजी भव्य छे, प्रतिमाजी १९ छे. सारवार बिलकुल नथी. कोन्फरन्स आ बीना लक्षमां लेवानी छे. संघ प्रति-

માજી બીજે સ્થળે લઇ જવા વિનંતી કરે છે. ત્યાંથી વડવાસા કરીને ગામ છે ત્યાં પણ દેરાસરજી સારૂં છે. જીર્ણ અવસ્થા ઘણીજ દેખાય છે. ગામમાં તે ખાતાના રૂ. ૨૫૦૦) પચીસો છે છતાં બિલકુલ લક્ષ આપતા નથી. માટે કોન્ફરન્સને લક્ષ આપવાની ખાસ આવશ્યકતા છે.

## કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ.

## ગામ વલાદ મુકામે બત્રીશીના પંચ તરફથી ગામ સાત મળી નીચેના ઠરાવો મંજુર કર્યા છે.

૧ લગ્ન પ્રસંગે દારૂખાનુ ફોડવું નહી.
૨ લગ્ન પ્રસંગે બંદુક વીગેરેના અવાજ કરવા નહી.
૩ લગ્ન પ્રસંગે ફટાણાં ગાણાં ગાવાં નહી.
૪ મરણ પાછળ ઉઘાડી છાતી મુકી કુટવુ નહી તથા કાણે જાય ત્યાં પણ ઉઘાડી છાતી મુકી કુટવુ નહી.
૫ વૃધ્ધ અવસ્થા વાળાના મરણનું પથરણુ માસ ૨ પુરા થયેથી ત્રીજા મહીને ઉપાડી નાંખવું.
૬ નાની ઉમરના મરણનું પથરણુ માસ ૪ પુરા થયેથી પાંચમા મહીને ઉપાડી નાંખવુ
૭ નાની ઉમર વાળાનું મરણ થાય છે ત્યારે જે કાણે આવેછે તેમને રોટલી ઘી રસવામાં આવે છે તેના ઉપર વાઢી ફેરવવી નહી ને વાઢી ફેરવે તો કાણે જનાર રોટલી ખાય નહી ને તેને અટકાવે.
૮ લગ્ન પ્રસંગે જે ગોરવ રમવામાં આવે છે તે હવેથી બંધ કર્યો છે. પંચની રીતભાત આપવી લેવી.
૯ પીછાં વાળો પોશાક હવેથી વાપરવો નહી તથા નવો ખરીદ કરવો નહી.
૧૦ સંચાનો શોજી તથા મેંદો વાપરવો નહી.
૧૧ જૈન લગ્ન પ્રમાણે વિધિ શીખવવા વાસ્તે પોત પોતાના ગામના શ્રીમાળીને ખબર આપીને માસ ૧૨ ની અંદર તૈયાર કરાવવી.

**એ રીતે ઠરાવ ૧૧ ગામ બત્રીશ ભેગા થઇ સર્વાનુમતે પસાર કર્યા છે તે અમારે પાળવા કબુલ મંજુર છે. ઉપરનો ઠરાવ જે કોઇ તોડશે તો તેને મહાલક્ષ્મીજીની દુવાઇ છે ને પંચનો ગુનેગાર થશે.**

---


## નવા થતા કોન્ફરન્સ હેરલ્ડના ગ્રાહકોને ઉત્તમ તક

તાકીદે મંગાવો, થોડી નકલો બાકી.

---

સન ૧૯૦૫ તથા ૧૯૦૬ ની સાલના બાર અંકો સાથે અર્ધી કીંમતે ટપાલ ખર્ચના ચાર આના વધારે લઇ બન્ને સાલના અંકો મોકલી આપવામાં આવશે. જુમલે રૂ. ૧-૪-૦ અંકે રૂપીઓ સવા મોકલેથી બે સાલના અંકો મોકલવામાં આવશે. પત્ર આવેથી વી. પી. થી મોકલવામાં આવશે.

# જીવ દયાનો ફરકવા લાગેલો ઝુંડો.

## શ્રીયુત લખા ભગતે કાઠીઆવાડમાં બોટાદ પાસે રોહીશાળામાં ભરેલાજીવદયાના મેળાનો સારાંશ.

**પ્રથમ પશુને બીજે તન, ત્રીજે સ્ત્રીને ચોથે ધન,**
**પાંચમે હોય ધાન્ય સંચય, લખે કાગળમાં શ્રી પંચ.**

૧ દેશની સાચી દોલત ખેતી છે. પરંતુ એ ખેતીનો મુખ્ય આધાર પશુઓ ઉપર હોવાથી હિંદની આબાદીમાં ( પશુઓની સંખ્યા ઘટવાથી ) ફટકો પડતો જાય છે.

૨ ગયા વરસે કાઠીઆવાડમાં બોટાદ પાસે રોહીશાળા ગામમાં કાઠીઆવાડ વગેરેના આશરે પંદર હજાર ભરવાડ રબારીઓ એકઠા થઇ એક મેળો દુધરેજના મહંત રઘુવીરદાસજીના પ્રમુખપણા નીચે ભરી ધર્મની આણ વિગેરે કઠણ પ્રતિજ્ઞાઓ લઇ પોતાના જાનવરોનો નાશ થાય એવી રીતે વેચવાં નહી તેમજ જન્મતાંજ ઘેટાં બકરાંના નર બચ્ચાંઓને ચરતાં થાય નહી ત્યાં સુધી છોડી દેવાં નહી એવા સખ્ત ઠરાવો સ્વેચ્છાથી કરી, તે ઠરાવોનું ઉલ્લંઘન કરનારાઓની સાથે હુકકો ને રામરામ કરવાની બંધી કરી, ભરવાડ કોમે બહાદુરી બતાવી, પરોક્ષ રીતે દેશની દોલત વધારવાનું જે શુભ પગલું ભર્યું હતું તેથી કરીને મુંબાઇની તમામ કોમના આગેવાનોએ એક દયાળુ જન સમાજની જાહેર સભા તરફથી પ્રેસીડેન્ટ, ઓનરેબલ એલ. જેન્કીન્સ નાઇટ, કે. સી. આઇ. ઇ. મુંબઇની હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સાહેબને હાથે સોનાનો ચાંદ ને માનપત્ર તથા પર્સની તા. ૧૨-૧૨-૧૯૦૬ ના રોજ ભેટ અપાવી હતી.

---

## ગાયકવાડી રાજ્યના ટીંટોડા-ગામમાંતાલુકે કલોલ સનાતન જીવ દયાનો ઝુંડો. ત્રીશ હજાર રબારીઓ વિગેરે એકઠા થયા હતા, અને તેમાં જે જીવ દયાના ઠરાવ કરાવવામાં આવ્યા તેનોસારાંશ નીચે મુજબ છે.

અમદાવાદથી ઝવેરી મોહનલાલ મગનભાઇ તથા મુંબઇથી મી. અમરચંદ પી. પરમાર વીગેરે ઘણા ગૃહસ્થો પોતાની શુભ લાગણીથી આવ્યા હતા. અને ત્યાં ભાષણો વીગેરે કર્યાં હતાં, તેની પૂર્ણ હકીકત મુંબઇ સમાચાર તા. ૨૮-૩-૦૭ શુક્રવારના તથા બીજા ઘણા છાપામાં છપાએલી છે. બાવાજી જીવણદાસજી લક્ષ્મણદાસજી ગામ ટીંટોડાના બીજપંથી મંદીરના મહંતે જણાવ્યું કે "ભાઇઓ જીવ દયાનું કામ કરવા બધા સામેલ છો કે કેમ ? ને તમારે સામેલ થવું તે તમારો ધર્મ છે ને અમારો ઉપદેશ છે." તે ઉપરથી તમામ આગેવાનોએ ઉભા થઇ ઠરાવ કરવા મહારાજને આગ્રહ કર્યો હતો તે ઉપરથી ત્યાં ઠરાવ થયો કે પોતાના જાનવરોનો નાશ થાય એવી રીતે વેચવાં નહી, ઘેટાં બકરાંના નર બચ્ચાંને જન્મતાં છોડી દેવાં નહી, પણ ચરતાં થાય ત્યારે મહાજનને સોંપવાં; ગાયના વાછરડાંને ૭ મહીનાના થાય નહી ત્યાંસુધી છોડવાં નહી. આ ઠરાવોનો ભંગ કરનારાઓની સાથે રામરામ તથા હુકકો બંધ કરવો. તથા રૂ. ૫૧) દંડ કરવા તથા ન્યાત બહાર મુકવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. ઠરાવનો ભંગ કરનારની ખાનગી બાતમી આપવા પોતાના દેવ ધર્મના સોગન આપવામાં આવ્યા હતા. તથા એ લોકના ખાસ હિતને વાસ્તે એક બીજો ઠરાવ એવો કરવામાં આવ્યો કે કન્યા વિક્રય

વધી ગયો છે તેથી નાતરાની કન્યાના. રૂ. ૨૧૨ થી વધુ લેનાર ન્યાતના ગુન્હેગાર થાય; સ્વારી જેવા કન્યા વિક્રયનો આવો ઠરાવ કરે ત્યારે બીજી ઉચ્ચ કોમોમાં તે કાર્ય ધમધોકાર ચાલે તે કેવું ખોટું તે બાબતનો વાંચકોએ વિચાર કરવો જોઇએ.

---

## તા. ૨૮–૩–૧૯૦૭ ના રોજ આદરેજ મોટી તથા આસપાસના ગામોમાં ઠાકરડા–મકવાણાઓએ દારૂ માંસ છોડી દેવાને કરેલા સ્તુત્ય ઠરાવો.

ગામ આદરેજ મોટી તાલુકે કલોલના રહેવાશી નીચે સહી કરનારાઓ ઠાકરડા મકવાણા આજરોજ એકઠા થઇને ગામ આદરેજના તેમજ ગામ સરઢવના અને ગામ કલોલના પંચ મહાજન તેમજ મુંબઇથી પધારેલા ઝવેરી મોહનલાલ મગનભઇ અને મી. અમરચંદ પી. પરમાર તથા ગામ પુંદરાસણના મહાજન તથા અમદાવાદના શા. મણીલાલ મૂળચંદની રૂબરૂ એકઠા થઇને એકમતે એકેજતે કોઇપણ માણસના દબાણ વગર માત્ર પોતાનો ફાયદો જોઇ નીચે મુજબ બંદોબસ્ત કરીએ છીએ તે અમે તથા અમારી નાતના સર્વ જણ તથા અમારી આલ ઓલાદ પોતાના ખરા ધર્મથી પાળતા રહેશે. તેનો ભંગ કરે તેને ઇષ્ટ દેવ પહોંચે અને પોતાના ધર્મથી ચૂકે તેને છપનાનું મહા પાપ લાગે;

( ૧ ) અમારે ત્યાં ભેંસને પાડો અવતરે તેને ધાવણ છોડવા પછી મહાજનને સોંપી દઇશું. કોઇ બીજાને વેચીશું નહીં.

( ૨ ) ભેંસ, પાડો અથવા બકરાં, ઘેટાંનો વધ ખોરાક માટે કરીશું નહીં અથવા કોઇ પણ વધ કરનારને વેચાતાં આપીશું નહીં.

( ૩ ) હુતાશની એટલે હોળીને દિવસે વગડામાં દાય લઇ જઇને જાનવરોને ગસોલ કામઠી વીગેરેથી મારતા હતા તે દાય કાઢવાનું અને હિંસા કરવાનું બંધ કરવામાં આવે છે.

( ૪ ) નીચે સહી કરનારાઓમાંથી ( **क** ) નિશાન નીચે એકઠા કરનારાઓએ કોઇપણ જાતનું માંસ ખાવાનું બંધ કર્યું છે અને ( **ख** ) નિશાન નીચે એકઠા કરનારાઓએ ભેંસ, પાડાઓનું માંસ ખાવાનું તુર્ત બંધ કર્યું છે.

( ૫ ) ( **क** ) નિશાની નીચે સહી કરનારાઓએ દારૂ પીવો સદંતર છોડી દીધો છે.

( ૬ ) મરણ પાછળ સોગ મેલાવવાના સમય વખતે દારૂ વાપરવાનો રીવાજ બંધ કર્યોછે.

( ૭ ) દેવીના આગળ નવરાત્રી અગર બીજા કોઇ પણ પ્રસંગે કોઇ પણ જાતના જાનવરોનું બળીદાન આપવા પશુ વધ કરવો નહીં તેને બદલે સુખડીજ દેવી આગળ ધરવી.

( ૮ ) જેમ બને તેમ દારૂનો ઉપયોગ કમી કરતા રહીશું.

આ કલમોમાંથી કોઇનો કોઇ માણસ ભંગ કરે તો તેને છ મહિના ન્યાત બહાર મુકવો અને એકવીશ રૂપીઆ દંડ લઇને ન્યાતમાં લેવો.

ઉપર લખેલી કલમો સિવાય ચોરી અથવા લૂંટ કરવાનો ધંધો અમે સર્વથા બંધ કર્યો છે.

આ શુભ ઠરાવોની યાદગીરીમાં ગામમાં એક ધર્મશાળા બંધાવવાની મદદ માટે રૂ. ૫૦૧) પાનસો એક મહાજન વિગેરે તરફથી આપવામાં આવશે અને તેનો ઘટતો લેખ આરસની તખ્તીમાં નાંખવામાં આવશે. ઉપર જણાવેલા ઠરાવોનો અમલ ચાલુ રહે ત્યાં સુધી તેનો ઉપયોગ સાર્વજનીક રહેશે અને ઠરાવો તોડી નાંખવામાં આવશે તો મહાજન તે ધર્મશાળા પોતાને કબજે લઇ પોતાની મરજી મુજબ ઉપયોગ કરશે બીજી રકમ લાગી હશે તે સહી કરનારાઓ માગી શકે નહીં.

ઉપર લખેલો દસ્તાવેજ અમે શુધ બુદ્ધિથી વગર નિશામાં લખ્યો છે તે અમને તથા અમારા વંશ વારસ વકીલોને કબુલ મંજુર છે **સહી** દા. અમરચંદ પી. પરમારના છે **સં**. ૧૯૬૩ ના પ્રથમ ચૈત્ર શુદ ૧૩ ને વાર બુધ તા. ૨૭ મી માર્ચ ૧૯૦૭.

હાલ ૧૩૧ સહીઓ **क, ख** વિભાગમાં થઇ ચુકી છે ને બીજી થાય છે તેથી નામ બહાર પાડવામાં આવ્યાં નથી.

આ કામમાં સર્વે ભાઇઓએ તન, મન ધનથી મદદ કરવી કે જેથી બીજા ઘણા ભાગોમાં આવા ઠરાવ થાય તો જીવોની રક્ષા થાય.

---

## કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ.

જગ્યાના સંકોચને લીધે ગયા અંકમાં હિસાબ આપી શકાયો નથી, તેથી આ માસમાં સાથે આપવામાં આવે છે.

**આસિસ્ટંટ સેક્રેટરી** મી. મોહનલાલ ચુનીલાલ દલાલ બી. એ. જેમણે આ ઓફીસમાં આશરે ત્રણ વર્ષ કામ કર્યું છે, તેમણે ઘણા વખતથી રાજીનામું આપી આ ખાતામાંથી મુક્ત થવા ઇચ્છા દર્શાવી હતી. તેમણે આપેલું રાજીનામું મંજૂર રખાતાં તેઓ તા. ૧ માર્ચથી ફારક થયા છે. "જૈન" પત્રે ખાનગી કારણોસર તેમના અમારી સાથેના સંબંધ વિષે બહુજ સખ્ત શબ્દો લખ્યા છે પરંતુ આ ઓફીસમાં તેમણે બહુજ શાંતિથી, સભ્યતાથી, અને નરમાશથી કામ લીધું છે, એમ અતિ સંતોષથી અમારે જણાવવું જોઇએ છે. જાહેર સંસ્થાઓનાં કામો બધાં પ્રસિધ્ધિમાં આવી શકે નહિ, તોપણ મી. મોહનલાલે બની શકતી રીતે પોતાની ફરજ બજાવી છે. આ ઓફીસના માણસોને તેમના જવાથી શાંત, મિલનસાર, અને નમ્ર ઉપરીની ખોટ જણાય છે.

**નવી નિમણોક**—આસિસ્ટંટ સેક્રેટરીની ખાલી પડેલી જગ્યાએ મી. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ. એલ. બી. ની, તેમની ઇચ્છાનુસાર, હાલ તુરત ત્રણ માસને માટે નિમણુક કરવામાં આવી છે.

**આસિસ્ટંટ જનરલ સેક્રેટરીનું રાજીનામું**—અમદાવાદ કોન્ફરન્સથી નિમાયેલા આસિસ્ટંટ જનરલ સેક્રેટરી મી. મોતીચંદ ગિરધર કાપડીઆ બી. એ. એલ એલ. બી. એ અભ્યાસના તથા બીજા કારણોને લીધે ચારે જનરલ સેક્રેટરીપર રાજીનામું મોકલાવ્યું છે.

**ઓફીસનું મકાન**—ચંપાગલીમાંના મકાનમાંથી હાલ શેઠ વીરચંદ દીપચંદના ગિરગામ બેકરોડપરના મકાનમાં ઓફીસ ફેરવવામાં આવીછે. શેઠ સાહેબે ઓફીસનું ભાડું નહિ લેવા ખુશી જણાવી છે.

**ડીરેક્ટરી ખાતું** :— જાન્યુઆરી ૧૯૦૭ માં ખર્ચ :—

| | | | |
|---|---|---|---|
| ૮૩—૧—૦ | પગાર ૫ જણને. | ૧૦૦—૦—૦ | પ્રતાપગઢ બ્રાંચ ઓફીસ. |
| ૩૦૩—૦—૦ | અજમેર બ્રાંચ ઓફીસ | ૩—૯—૬ | પોસ્ટ. |
| ૨—૩—૦ | પાર્સલ ખર્ચ. | ૨—૦—૦ | સ્ટેશનરી. |
| ૧—૮—૦ | પરચુરણ. | | |

૪૯૫—૫—૬

ફેબ્રુઆરી ૧૯૦૭ માં ખર્ચ :—

| | | | |
|---|---|---|---|
| ૮૩—૧—૦ | બે તપાસણી કારકુનને માસ ૩ નો પગાર તથા ખર્ચ. | ૨—૮—૦ | એક જણને દિવસ ૮ ના પગારના |
| | | ૪૯—૦—૦ | જણ ૩ ને પગારના. |
| ૫૧—૦—૦ | જણ ૧ ને માસ ૩ ના પગારના. | ૨૦૨—૦—૦ | અજમેર બ્રાંચ ઓફીસ. |
| ૦—૯—૦ | પોસ્ટ ખર્ચ. | ૭—૪—૪ | પરચુરણ ખર્ચ. |

૩૯૫—૬—૪

માર્ચ ૧૯૦૭ નો ખર્ચ :—

| | | | |
|---|---|---|---|
| ૩૨—૦—૦ | જણ ૨ ને પગારના. | ૧૦૦—૦—૦ | પ્રતાપગઢ બ્રાંચ ઓફીસ. |
| ૨૦૨—૦—૦ | અજમેર બ્રાંચ ઓફીસ | ૨—૧૦—૦ | પોસ્ટ ખર્ચ. |

૩૩૬—૧૦—૦

**કોન્ફરન્સ હેરલ્ડ ખાતું** :—

જ ઉ

| | | | |
|---|---|---|---|
| ૨૦—૦—૦ | લવાજમ જાન્યુઆરી ૧૯૦૭. | ૨૨—૧૩—૦ | પોસ્ટ ખર્ચ જાન્યુઆરી ૧૯૦૭ |
| ૨૦—૫—૦ | ,, ફેબ્રુઆરી ,, | ૨—૧૦—૯ | સ્ટેશનરી. ,, |
| ૨૨—૦—૦ | ,, માર્ચ ,, | ૦—૧૫—૦ | પત્રવ્યવહાર. ,, |
| | | ૧૫—૦—૯ | પરચુરણ. ,, |
| | ૬૨—૫—૦ | ૩૦—૦—૯ | લેખકને ૨ માસનો પગાર.,, |
| | | ૨૦—૦—૦ | પત્રવ્યવહાર કારકુનને પગાર.,, |
| | | ૨૬—૧૩—૩ | ટપાલ ખર્ચ ફેબ્રુઆરી ૧૯૦૭. |
| | | ૦—૧—૬ | પત્રવ્યવહાર ખર્ચ. ,, |
| | | ૪—૪—૬ | પરચુરણ. ,, |
| | | ૨૦—૦—૦ | પત્રવ્યવહાર કારકુનને પગાર. ,, |
| | | ૧૫—૦—૦ | લેખકને પગાર. ,, |
| | | ૫—૫—૬ | ટપાલખર્ચ માર્ચ ૧૯૦૭ ,, |
| | | ૦—૯—૩ | પત્રવ્યવહાર. ,, |
| | | ૩૭—૮—૩ | પરચુરણ. ,, |

૧૫– ૦–૦ લેખકને પગાર. ,,

૨૧૬– ૧–૯

**નિરાશ્રિત ખાતું :—** જાન્યુઆરી ૧૯૦૭.

૩૬-૦-૦ શોર્ટહેન્ડના ૧ હફતાના ૧ વિદ્યાર્થીને.
૧૨–૩–૦ બે વિદ્યાર્થી તથા ૧ સ્ત્રી વિદ્યાર્થીને સ્કોલરશિપ.
૫૦–૦–૦ લાલબાગ બોર્ડિંગને.
૧૦–૨–૦ એક H. A. ના વૈદક વિદ્યાર્થીને સ્કોલરશિપ.

૧૦૮–૫–૦

ફેબ્રુઆરી ૧૯૦૭ માં ખર્ચ.

૧૦૦–૦–૦ લાલબાગ બોર્ડિંગ.
૮–૦–૦ એક ગોરજીને પાલીતાણે જતાં.
૧૯–૧૩–૦ પ્રિવિયસના ૧ વીદ્યાર્થીને ૧૧ પુસ્તકો
૨૦૦–૦–૦ વડોદરા બાળાશ્રમને.
૧૩–૪–૦ પ્રીવીયસના ૧ વિદ્યાર્થીને ૬ પુસ્તકો.

૩૪૨–૧–૦

માર્ચ ૧૯૦૭ માં ખર્ચ.

૭–૦–૦ એક જણને વેપારની ફેરી માટે.
૮૧–૦–૦ ત્રણ વિદ્યાર્થીને શોર્ટહેન્ડ, ટાઇપ ટીંગના પહેલા હફતાના
૫–૨–૦ પ્રીવીયસના ૧ વિદ્યાર્થીને ૩ પુસ્તકો
૨૦૦–૦–૦ લાલબાગ બોર્ડિંગ.
૨૦–૦–૦ ઇજનેરી અભ્યાસ માટે સ્કોલરશિપ ૧ વિદ્યાર્થીને ૨ માસની.

૩૧૩–૨–૦

**કેળવણી ખાતું :—** જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ ૧૯૦૭.

૩–૦–૦ એક સ્ત્રી વિદ્યાર્થીને પાંચમા ધોરણમાં સ્કોલરશિપ.
૧૦–૦–૦ ઇજનેરની ત્રીજા વર્ગની પરીક્ષામાં બેસવા માટે ૧ વિદ્યાર્થીને ફીના.
૧–૨–૦ એક સ્ત્રી વિદ્યાર્થીને પુસ્તકો.
૧૪–૩–૦ ડીસ્ટ્રીકટ વકીલાતના ૧ અભ્યાસીને ૨ બુકોના.
૧૫–૦–૦ પાંચમી ઇંગ્રેજીના ૧ વિદ્યાર્થીને સ્કોલરશિપ માસ ૩ ની.
૧૫–૦–૦ છઠી ગુજરાતીમાં એક સ્ત્રીને સ્કોલરશિપ.
૩૦–૫–૦ મહેસાણા પાઠશાળાને મદદ માહ માસની.

૮૮–૧૦–૦

## કોન્ફરન્સ નિભાવ ફંડ.

૨૨૫–૦–૦ આસિસ્ટંટ સેક્રેટરીને ૩ માસના પગારના.
૧૨૦–૦–૦ કારકુનને ૩ માસના પગારના
૩૮–૨–૦ પટાવાળાને ૩ માસ ૧૪ દિનના ,,

૩૨—૦—૦ બે કલાર્કને પગારના.

---

૪૧૫—૨—૦

**પુસ્તકોદ્ધાર ખાતું.**

૧૫૦—૦—૦ તુકારામ હનુમંતરાવને ૭ માસના પગારના.
૧૨૦—૦—૦ સ્વછ દેવરાજને ૨ માસ ૪ દિવસના પગારના.

---

૨૭૦—૦—૦

**મંદિરોદ્ધાર ખાતું.**

૧—૧૫—૬ દેરાસરમાં સુખડ કેશર વિગેરે.
ઉપદેશકને પગારના રૂ ૧૦૦) આપવામાં આવ્યા છે.

---

# પુસ્તકોની પહોચ.

## નીચે જણાવેલ પુસ્તક અમને ભેટ તરીકે મળેલાં છે.

**શ્રી શ્રાવિકા ભૂષણ (પ્રથમ અલંકાર):—** આ પુસ્તક મુંબઇના શ્રીમાન્ કચ્છી ભાઇએ, તરફથી ખાસ મદદ પામેલા પાલીતાણામાં ટુંક મુદતથી સ્થપાયેલ, **શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ** તરફથી છપાવી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સ્વર્ગવાસી પતિનું પારલૌકિક શ્રેય કરવા સર્વદા તત્પર ચિત્તવાળા **(મરહુમ શેઠ શામજી ગંગાજીનાં)** વિધવા **બાઈ વેજબાઇની મદદથી** આ પુસ્તક હસ્તિમાં આવેલ છે. ટાઇપ, કાગળ તથા બાંધણી ઉત્તમ છે. સ્વર્ગસ્થ શેઠ શામજી ગંગાજીનો સુંદર ફોટોગ્રાફ પણ આપવામાં આવેલ છે. પુસ્તકના નામ ઉપરથી અનુમાન થઇ શકે છે કે બીજા પણ શ્રાવિકા ભૂષણના અલંકારો જૈન કોમની અમૂલ્ય સેવા બજાવવાના હેતુથી પ્રગટ કરનારાઓ બાહાર પાડવા ધારે છે

આ પુસ્તકના પ્રગટ થવાથી જૈન સાહિત્યમાં એક તદન નવી પધ્ધતિના પુસ્તકનો ઉમેરો થયોછે. અર્વાચીન સમયમાં યુવાન અભ્યાસીઓ ઐહિક સુખ તરફ વિશેષ ધ્યાન આપેછે, પરંતુ પારલૌકિક સુખ જે અદૃશ્ય અને અગમ્ય હોઇને અનંત છે તેને માટે ઇચ્છા રાખતા હોય તેમ દૃષ્ટિગત થતું નથી ઐહિક સુખની પ્રાપ્તિ નિમિતે તથા ક્ષણિક આનંદને માટે તેઓ ચિત્તાકર્ષક નવલ કથાઓ, નાટકો વગેરે વાંચવામાં મશગુલ રહે છે; અને પરિણામ એ આવેછે કે ધાર્મિક તત્વ નવલ કથામાં કવચિત્તજ દાખલ કરવામાં આવેલું હોવાથી તેઓ ધર્મથી વિમુખ થાય તે ઘણુંજ બનવા જોગ છે. ઉપર કહેલ સંયોગો ધ્યાનમાં લેતાં ધાર્મિક વિવેચન મિશ્રિત સંસારિક હકીકતોના વર્ણન વાળું આ પુસ્તક નવલકથા રૂપે ઘણુંજ આવકારને પાત્ર થઇ પડવું જોઇએ. ઉક્ત ગ્રન્થ ખાસ કરીને જૈન સ્ત્રી વર્ગને માટે એટલો બધો ઉપયોગી થવા સંભવ છે કે શ્રી વડોદરા મધેના શ્રી શ્રેય સાધક અધિકારી વર્ગ તરફથી બહાર પડેલ શ્રી ભામિની ભૂષણના અલંકારોની દરેક રીતે ગરજ સારે તેમછે એમ હીમતથી કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.

ગ્રન્થનો વિષય રસિક, બોધક તથા મનોહર છે. તથા નીતિ અને ઉચ્ચ શ્રાવિકાને યોગ્ય

સદ્‌ગુણના વર્ણનથી ભરપૂરછે. ગ્રન્થની પ્રસ્તાવના ધ્યાન પૂર્વક વાંચવા દરેક શ્રાવક શ્રાવિકાને અમો ભલામણ કરીએ છીએ. શ્રાવિકાઓને શિક્ષણ લેવા યોગ્ય આવા જૈન શૈલીવાળા ઉત્તમ પુસ્તકો દરેક જૈન કન્યાશાળામાં વંચાવવામાં આપેતો અણધાર્યો લાભ પ્રાપ્ત કરી શકાય. દૂર કરવા યોગ્ય હાનિકારક રીવાજોનું દિગ્દર્શન આ પુસ્તકમાં યથાર્થ રીતે આપવામાં આવેલું છે, તથા દ્રવ્ય (બાહ્ય) સૌંદર્યની ઇચ્છા રાખતી અને તેને માટે પોતાના પતિને કષ્ટ આપતી અશિક્ષિત સ્ત્રીઓ, આ પુસ્તક વાંચવાથી ખચીત ભાવસૌંદર્ય (વિનય, વિવેક વગેરે સદ્‌ગુણો) પ્રાપ્ત કરી પોતાનો જીવનસંસાર સુખમય બનાવવા ભાગ્યશાળી થશે. સ્ત્રી કેળવણીના કાર્યમાં આ પુસ્તક એક અપૂર્વ સાધન થઇ પડવા દરેક રીતનો સંભવ છે. વાંચનનો શોખ હાલમાં વધતો જાયછે અને તેના સાથે, ઓછા લાભદાયી કાર્યમાં પુષ્કળ પૈસા ખર્ચવાની ઇચ્છાને બદલે, સંગીન કાર્ય નિમિત્તે પૈસાનો વ્યય કરવાની ઇચ્છા પણ પ્રમાણમાં વધતી જાય તે એક ઉન્નતિનું ચિન્હ છે. સ્વર્ગસ્થ સ્વામીના સ્મરણ નિમિત્તે એક શ્રાવિકા પોતાની સ્વધર્મી સુશીલ બ્હેનોનું હિત હૈયે ધરી, દ્રવ્યનો વ્યય આવા ઉત્તમ પુસ્તકો પ્રગટ કરવામાં કરે તે દરેક રીતે પ્રશંસનીય છે; અને તેનું દ્રષ્ટાંત દરેક મનુષ્યને અનુકરણીય છે. આ કાર્ય માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટેછે. પુસ્તકની કીમત પ્રમાણમાં જુજછે.

**શ્રી સદ્ધર્મ પ્રચારક**—ઉકત માસિક જાવરાનીવાસી શેઠ ધનરાજ નાયટા તરફથી સને ૧૯૦૭ ના જાન્યુઆરી મહીનાથી પ્રગટ થાયછે, આથી જૈન કોમની ઉન્નતિના સાધનોમાં ઉમેરો થયો છે. આપણી કોમની અમુલ્ય સેવા બજાવવાની ધારણાથી નીકલતા માસીકોને જૈન ભાઇઓએ દરેક રીતે ઉત્તેજન આપવાની આવશ્યકતાછે. અને પોતાના પૈસાનો તથા વખતનો સદ ઉપયોગ થાય તેવા કાર્યમાં પ્રવર્તવું જરૂરનુ છે.

N. L. SONI.

---

## શ્રી ધાર્મિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું.

### જીલા કાઠીયાવાડ મધ્યે આવેલા શ્રી સુદામડા મધેના શ્રી ઋષભદેવજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા. ઊજમસી ડાકરસી તથા શા. છગનલાલ ખેતસી તથા શા. કાળા જીવા તથા શા. મગન જીવણ હસ્તકનો સં. ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી સં. ૧૯૬૩ ના માહ શુદી ૯ સુધીનો હીસાબ અમે તપાસ્યો તેજોતાં વહીવટનું નામું એઠે ખાતે જુની રૂઢી મુજબ રાખી વહીવટ સારી રીતે ચલાવી તથા ખાતાની પુરેપુરી દેખરેખ રાખી દિન પ્રતિદિન સુધારા ઉપર લાવવા પ્રયત્ન કરેછે. અશાતના ન થાય તેમાટે કાળજી રાખતા જોવામાં આવેછે.

પોશાલ તથા દેરાસરજીનું એકજ મકાન છે તે જીર્ણ થયેલ હોવાથી જીર્ણ ઉધ્ધાર કરવા કામ શરૂ કરવામાં આવેલ પણ સલાટે પોતાના સ્વાર્થ માટે ખરચવાની રકમ ઉપર ધ્યાન નહી આપતાં સદરહુ વહીવટ કર્તા ભોળા અને વિશ્વાસુ હોવાથી મોટા ખરચના બોજામાં ઉતારી મુકવાથી કામ બંધ કરવું પડયુંછે. મંદીરમાં પ્રતિમાજી ધાતુનાછે.

આ સ્થળે જૈન શ્વેતાંબરનો સમુદાય તથા દેરાસરજી હોવા છતાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું નથી તેથી સંઘ સમસ્તને ભેગો કરી ધાર્મિક શીક્ષણ આપવાથી થતા ફાયદા તથા કોન્ફ-

રન્સના હેતુઓ ઉપર ભાષણ આપવાથી જૈન પાઠશાળાના નિભાવ માટે જૈન ગ્રહસ્થો તરફથી વાર્ષિક રૂ. ૨૪) બે વરસ સુધી આપવા ઉત્સાહ જણાવેલ છે તથા શ્રી મહેસાણા શ્રેયસ્કર મંડળ તરફથી વાર્ષિક રૂ. ૨૪) ની મદદ પ્રથમ મેળવેલછે.

આ ખાતાને લગતો હીસાબ તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપતાં તરતજ બંદોબસ્ત કરવા તતપર થયાછે તે જોઇ બહુ આનંદ થાયછે

## જીલ્લા કાઠીયાવાડ તાલુકે ચુડા તાબાના ગામ શ્રીચોકડી મધ્યે આવેલા શ્રી વાસુપૂજ્યજી મહારાજના દેરાસરજીનો વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા. રામજી કાનજી તથા શા. ડામર નારણ તથા વોરા નાગરદાસ વલમ તથા કુવાડીયા જીવરાજ નીમજી હસ્તકનો સં. ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી સં. ૧૯૬૩ ના માહ શુદી ૧૫ સુધીનો હીસાબ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું એકંદર રીતે ખત વણીથી નાખેલ તથા કાઠીની સાથે અદ્યાપિ સુધી જૈનીઓની વસ્તી જુજ હોવાથી કુસંપ વધી જવાના ભયથી હીસાબની ચોખવટ નહી થયેલ પણ વહીવટની તેમજ ખાતાની પુરેપુરી દેખરેખ રાખી વહીવટ સારી રીતે પુરતી કાળજીથી કામ ચલાવતા જોવામાં આવેછે. તેમજ દેરાસરજી પણ ઘણું સુંદર બનાવેલ છે. દેરાસરજીમાં પુજન વીગેરે માટે દરેક સામાન વાપરવામાં આવેછે તે જુદે જુદો લખાયછે ખરો પણ દરેક ખાતામાં તુટો પડતો હોવાથી દરેક ખાતાપાસે દેરાસરજીનું લેણુ પડતુ જોવામા આવછે તે સદંતર જૈન શૈલીથી ઉલટું છે માટે તેમ થવું જોઇએ નહી. સદરહુ ખાતાને લગતા હીસાબની ચોખવટ નહી થવાને લીધે અમારૂં સાત દીવસ મુકામ રાખી દરેક જૈન ગ્રહસ્થોના સા૦ ૧૯૪૭ ની સાલથી ચોપડા તપાસી દરેક ખાતાની ચોખવટ કરી જૈન શૈલી મુજબ હીસાબ ચોપડામાં નાખવામાં આવેલ છે.

આ ખાતાનો હીસાબ તપાસી જે જે ખામી દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપવામાં આવેલ છે.

## જીલ્લા કાઠીયાવાડ તાબાના ગામ ચુડા મધ્યે આવેલ શ્રી જૈન પાઠશાળાનો રીપોર્ટ

સદરહુ ખાતાનો હીસાબ અમોએ સં. ૧૯૬૦ ના ભાદરવા વદી ૬ થી શાળા સ્થાપન થયેલ ત્યારથી તે સં. ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો તપાસ્યો તે જોતાં વહીવટનું નામું ચોખી રીતે રાખી વહીવટ સારી રીતે ચલાવતાં જોવામાં આવેછે ને ખાતાની પુરેપુરી દેખરેખ રાખી દિન પ્રતિદિન વિશેસ સુધારા ઉપર લાવવા વહીવટ કર્તા તેમજ કપાસી ઓઘડભાઇ ગુલાબચંદ બનતો પ્રયત્ન કરેછે પણ ગામ તરફથી તેમ બહાર ગામથી કાંઈ પણ વાર્ષિક આવક વધી શકતી નહી હોવાથી વિશેસ ખર્ચ કરી નવી કેળવણી દાખલ કરવા બની શકતું નથી. બાળાઓ તથા વિદ્યાર્થીઓનુ શિક્ષણ સારૂં જોવામાં આવેછે તે જોતાં આ શાળાની અંદર હાલ ચાલતું ધાર્મિક તથા નૈતિક શિક્ષણની સાથે ઔદ્યોગિક શિક્ષણ આપવામાં આવેતો આપેલું શિક્ષણ દીપાવે તેવા બાહોશ વિધ્યાર્થીઓ તથા કન્યાઓ જોવામાં આવેછે માટે વહીવટ કરતા ગ્રહસ્થોએ પ્રયાસ લઇ ગામની અંદરથી તેમજ બહાર ગામથી પોતાનો વગ ચલાવી શાળાનું ફંડ તથા આવકમાં વધારો કરી શાળાને આથી પણ વધારે સારા પાયા ઉપર લાવી મુકવી જોઇએ. આ ખાતું જોતાં ઘણીજ ખુશાલી ઉપજેછે ને વહીવટ કર્તાને ધન્યવાદ ઘટેછે. આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપેલ છે.

## શ્રી વઢવાણ શહેર મધે આવેલ શ્રી જૈન પાઠશાળાનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા. ગોવિંદજી મકનજી હસ્તનો સં. ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી તે સં. ૧૯૬૧ ના આશો વદી ૦)) સુધીનો અમોએ હીસાબ તપાસ્યો તે જોતાં આ ખાતું સં. કસ્તુર નથુભાઇ તથા શા. લાલચંદ ખેતસીભાઇ તથા શા. શવચંદ જેઠાભાઇ તથા વહીવટ કર્તાની કમીટીથી ને તેમની દેખરેખ તળે દોશી પુરૂશોતમ રવચંદ વહીવટ ચલાવેછે. વહીવટનું નામું ઘણુંજ ચોખી રીતે રાખવામાં આવેલ છે. વિશેશમાં વહીવટ કર્તાની પુરી કાળજીને લીધે જોકે ખરચ કરતાં ઉપજ થોડીછે તોપણ તેમાં કાર્ય ઘણું સારૂં થતું જોઇ ઘણીજ ખુશાલી ઉપજે છે તેથી વહીવટ કર્તાઓને પુરેપુરો ધન્યવાદ ઘટેછે.

દરેક જૈન શ્વેતાંબર જૈન બંધુઓને અમારી નમ્ર વીનંતી છે કે આવી શાળાઓને યથા શકિત મદદ આપવાથી અણહદ ફાયદા થઇ પુન્ય ઉપાર્જન કરે.

## તાલુકે વઢવાણ તાબાના ગામ રામપુરા મધે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજના દેરાસરજી તથા જૈન પાઠશાળાનો રીપોર્ટ.

સદરહુ ખાતાનો શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા. મનજી બેચર તથા શા. કસ્તુર શીવજીના હસ્તકનો શ્રી દેરાસરજીનો સં. ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી તે સં. ૧૯૬૩ ના કારતક સૂધી તથા જૈન પાઠશાળાની સ્થાપના સં. ૧૯૬૨ ના કારતક શુદ ૨ થી થઇ ત્યારથી તે સં. ૧૯૬૩ ના કારતક શુદી ૨ સુધીનો અમે હીસાબ તપાસ્યો. તે જોતાં દેરાશરજીના વહીવટનું નામું હામ ખાતાવહીએ જુની રૂઢી મુજબ તથા જૈન પાઠશાળાનું જૈન શૈલી મુજબ રાખી વહીવટ સારી રીતે ચલાવતા તેમજ ખાતાની પુરેપુરી દેખરેખ રાખતા જોવામાં આવેછે. દેરાસરજીમાં આવક ખર્ચનું એક ખાતું રાખવાથી પુજનને લગતો કેટલોએક ખરચ ભંડારમાંથી વહીવટ કર્તાની ગેરસમજને લીધે થતો જોઇ અમારૂં મુકામ થતાં તેમ થવાથી અશાતના થઇ પાપના ભોકતા થવું પડેછે તેમ સુચના આપવાથી તરતજ સંઘ સમસ્ત એકત્ર થઇ હવે પછી નહી વાપરવા ચોકસ કરેલ છે.

જૈન પાઠશાળામાં પણ અભ્યાસ સારો જોવામાં આવેછે. પણ કાંઇક અશુધના પણ દેખાય છે તે ઉપર વહીવટ કર્તા ગ્રહસ્થનું ધ્યાન ખેચ્યું છે તેથી આગળ ઉપર સુધરી જવા આશા રહેછે.

આ ખાતાને લગતો હીસાબ તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપેલ છે તો આશા છે કે યોગ્ય સુધારો કરશે.

## જીલા કાઠીયાવાડ તાલુકે વઢવાણ તાબાના ગામ ખળદાણા મધે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજના દેરાસરજી તથા ધર્માદા ખાતાના વહીવટનો લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના સંઘ તરફથી વહીવટ કર્તા શા. જીવરાજ ગગા તથા સં તલકસી રતનસી તથા ધર્માદા ખાતાના નંબર ૧–૨ તથા દોશી ઉજમસી નાગજીના હસ્તકનો સં. ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી સં. ૧૯૬૩ ના માહ શુદી ૬ સુધીનો અમે હીસાબ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું અસલની રૂઢી મુજબ હામ ખાતાવહીથી રાખી વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવેછે.

દેરાસરજીમાં ઉપજ કરતાં ખરચ વધરે પડતું તેમજ પુજનને લગતો સામાન દેવદ્રવ્યમાંથી વપરાતો જોવામાં આવેછે તે જૈન શૈલીથી ઉલટું છે પણ જૈન ગ્રહસ્થોની સાધારણ સ્થિ-

તેને લીધે ઉપજમાં કાંઇ પણ વધારો થઇ શકતો નથી. હાલમાં ખરચ ઘટાડવા દેરાસરજીના ગોઠીને રજા આપી જૈન ગ્રહસ્થો વારો બાંધી પોતાની જાતે પુજા કરેછે તોપણ ઉપજ કરતાં ખરચ વધતુ જોવામાં આવેછે. દેરાસરજીનો તેમજ કબુતરનો ચણ નાખવાનો ચોતરાનો કેટલોક ભાગ જીર્ણ થયેલ જોવામાં આવેછે ને તેનો જીર્ણ ઉધ્ધાર કરવા કેટલોએક ચુનો પણ લેવામાં આવેલ છે પણ બાકીનું ખરચ કરવા તે લોકો અશકત હોવાથી તેમ જૈન ગ્રહસ્થો પોતાની આજીવિકાના ટુંક સાધનો હોવાને લીધે બહાર ગામની મદદ મેળવવા જઇ શકતા નથી.

આ ખાતાને લગતો હીસાબ તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપેલછે માટે આશા છે કે તે ઉપર પુરેપુરૂ ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લા કાઠીયાવાડ તાલુકે ધ્રાંગધ્રા તાબાના ગામ દેવચરાડી મધે આવેલ શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શા. કાળીદાસ ગોવિંદજી તથા શા. લખા હરિચંદના હસ્તકનો સં. ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી સં. ૧૯૬૩ ના પોશ વદી ૦)) સુધીનો હીસાબ અમે તપાસ્યો તે જોતાં વહીવટનું નામું અસલની રૂઢી મુજબ રાખી વહીવટ સારી રીતે ચલાવેલ જોવામાં આવેછે, માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટેછે.

પ્રથમ આ ખાતાનો હીસાબ જૈન શૈલી મુજબ નહીં હતો પણ અમારૂં મુકામ થતાં વહીવટ કર્તા તેમજ સંઘ સમસ્ત ઘણા આનંદ પુર્વક એકત્ર મળી જૈન શૈલી મુજબ હીસાબ રાખેલછે.

આ મંદિરમાં મૂળનાયકજી શ્રી ચંદ્રપ્રભુજી છે, તે સં. ૧૯૦૨ ની સાલમાં ધ્રાંગધ્રા તાબાના ગામ ચીતાપુર મધે એક ગરાસીયાના વાડા મધેથી ખાતર ઉપાડતાં હાથ લાગેલ ને તે વાત વહીવટ કર્તા તથા સંઘ સમસ્તને ખબર પડતાંજ થોડીજ મુદતમાં જઇ અહીં લાવી એક ઓરડીમાં બીરાજમાન કરવામાં આવેલ ને તે ઘણી મુદત જેમના તેમ રહેલ પણ તે દરમીઆન સંઘ સમસ્તની ઉન્નતિ થવાથી તેમજ ચમત્કાર મળવાથી પુંજી નહી હોવા છતાંએ દેરાસરજી બાંધવા પ્રયત્ન કરતાં થોડીજ મુદતમાં પૈસા મળી આવી દેરાસરજી પરિપુર્ણ સં. ૧૯૫૬ની સાલમાં થયેલ ને મહારાજશ્રીને સં. ૧૯૬૦ ની સાલમાં પ્રતિષ્ઠા કરી ગાદીએ બેસારવામાં આવેલ. જે વખતથી મહારાજશ્રીનુ અહીં પધારવું થયું છે ત્યારથી તે અત્યાર સુધી અહીં વસ્તા જૈન ગ્રહસ્થોની સ્થિતિ સુધરી ગઇ છે તથા કેટલો એક ચમત્કાર જૈનીઓ તથા અન્યદર્શનીઓના જોવામાં આવેછે.

અહીં અમારૂં મુકામ થતાં હીસાબ તપાસતાં શેઠ કાળીદાસ ગોવીંદજીના રૂ. ૪૪૨) ૦ા દેરાસરજી તથા સાધારણ અંગે દેવા રહેલ પણ પોતે રૂ. ૪૧) ૦ા સાધારણમાં ભેટ આપી રૂ. ૪૦૧) બીન વ્યાજે સાં. ૧૯૫૫ ની સાલથી તે લેણા રહે ત્યાં સુધી રાખવા ઉમંગ જણાવેલ છે માટે તેમને ધન્યવાદ ઘટેછે.

આ ખાતામાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે.

## જીલ્લા કાઠીઆવાડ તાબાના ગામ શ્રી વણા મધે આવેલા શ્રી પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શા. ભાયચંદ ખુશાલચંદના હસ્તકનો

અમોએ સં. ૧૯૫૯ ના કારતક સુદ ૧ થી સં. ૧૯૬૩ ના પોસ વદી ०)) સુધીનો હીસાબ તપાસ્યો, તે જોતાં વહીવટનું નામું ચોખી રીતે રાખી વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવેછે. આ ગામમાં વસ્તા દરેક જૈન શ્વેતાંબર ગ્રહસ્થો ખાતાની પુરેપુરી દેખરેખ રાખેછે, ને દિન પ્રતિદિન સુધારા ઉપર લાવવા પ્રયત્ન કરેછે માટે તેમને ધન્યવાદ ઘટેછે.

દેરાસરજીનું ધાબુ તેમજ ગભારાના શિખરમાં ફાટો પડેલી જોવામાં આવેછે. તેનો તાકીદે જીર્ણ ઉધ્ધાર થવાની જરૂર છે. પણ આ સ્થળના જૈન ગ્રહસ્થો સાધારણ સ્થિતિના હોવાને લીધે કામ બની શકતું નથી તે બહુ દિલગીર થવા જેવું છે.

આ ખાતાનો હીસાબ તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપવામાં આવશે.

## જીલ્લા કાઠીઆવાડ તાલુકા ધ્રાંગધ્રા તાબાના ગામ સીતાપુર (ઉર્ફે શીયા) મધ્યે આવેલ શ્રી શીતલનાથજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીનો શ્રી સંઘ વહીવટ કર્તા શા. જેરાજ કમળસી તથા શા. પેપટ ગોવિંદજી હસ્તનો સં. ૧૯૫૯ ના કારતક સુદ ૧ થી સાં. ૧૯૬૩ ના પોસ વદી ०)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું અસલની રૂઢી મુજબ રાખી વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવેછે.

આ ગામમાં ફકત જૈન (શ્વેતાંબર) ના ત્રણ ઘર હોવા છતાં ખાતાની સ્થિતિ ઘણીજ સારી જોવામાં આવેછે. તેમ કાંઇપણ અશાતના થતી હોય તેમ લાગતું નથી. બંને વહીવટ કર્તા ગ્રહસ્થો ખાતામાં સુધારો કરતા જાયછે, માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટેછે.

આ ખાતાને લગતો હીસાબ તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપવામાં આવેલ છે.

## જીલ્લે ખેડા તાબે ગામ બોરસદ મધ્યેની શ્રીમન મહોપાધ્યાય શ્રીવીરવિજય જૈન જ્ઞાનાલયનો રીપોર્ટ.

સદરહુ જ્ઞાનાલયના શ્રીસંઘ તરફથી વહીવટ કરતા શા નગીનદાસ વેણીદાસના હસ્તકનો ભંડાર અમોએ તપાસ્યો છે. તે જોતાં આ ભંડારમાં ઘણે ભાગે હસ્ત લિખિત સંસ્કૃત પુસ્તકો છે. તથા જુજ ભાગે છાપેલાં છે. વહીવટ કરતા ગ્રહસ્થ શ્રધાવાન હોવાથી તેનો યોગ્ય બંદોબસ્તે રાખી કોઇને વાંચવા જોઇએ તો આપે છે, ને પાછું આવે સંભાળી લે છે. આવી રીતે પોતાનો કીમતી વખતનો ભોગ આપે છે તેથી તેમને ધન્ય છે.

આ ભંડાર ખાતામાં કાંઇ ઉપજ ખરચ લાંબુ જોવામાં આવતું નથી. બાર મહીને ફકત દશ પંદર રૂપીઆની ઉપજ, ખરચ. પણ તેનું નામું વહીવટ કર્તાએ રાખ્યું નથી. તે તથા ઉપજ વધારવા સંબંધીનું સુચના પત્ર ભરી આપવામાં આવ્યું છે, માટે આશા છે કે તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

## જીલ્લે ખેડા તાબે બોરસદ મધ્યે આવેલા શ્રી શાન્તિનાથજી મહારાજજીના દેરાસરજીના અંગત ખાતામાંના શ્રીદુકાનના વહીવટ ખાતાનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી હાલના વહીવટ કર્તા શા ભોગીલાલ ભાઇલાલ હસ્તકનો

સંવત ૧૯૫૭ ના માગશર વદી ૦)) સુધીનો હીસાબ તપાસ્યો તે જોતાં કાગળની કાચી બે ચોપડીઓ બાંધી હીસાબ ઉતારેલ જોવામાં આવે છે.

આ ખાતામાં સં ૧૯૫૭ની સાલ પેહલાં આપસ આપસના ટંટાના લીધે ભાડું વસુલ કરવામાં કોર્ટમાં કેસ ચલાવી મોટી રકમનો ખરચ કરેલો દેખાય છે તે રકમ ખર્ચ કરવા છતાં ભાડાની રકમ વસુલ થયેલ જણાતી નથી આવી રીતે વગર વિચારે કજીઆ લડી દેવદ્રવ્યનો નાશ કરવો તે રીતથી ઉલટું અને બહુજ દિલગીર થવા જેવું છે.

આ ખાતાનો વહીવટ શ્રી શાંતિનાથજી મહારાજજીના વહીવટ સાથેજ હોવો જોઇએ છતાં કુસંપને લીધેજ જુદો પડેલ જોવામાં આવેછે જેથી ખાતાને નુકશાન થવા સંભવ રહેછે માટે હાલના વહીવટ કર્તાને અમારી ભલામણ છે જે સદરહુ વહીવટ સાથે આ વહીવટ જોડી દેવો સારોછે.

આ ખાતાનો હીસાબ તપાસી વહીવટ જોડી દેવાનું સુચના પત્ર હાલના વહીવટ કર્તાને આપેલ છે.

## જીલ્લે ખેડા તાબે ગામ બોરસદ મધેના શ્રી શામળપાર્શ્વનાથ મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ જીવાભાઇ પરભુદાસ, શા. રવચંદ પીતામ્બરદાસ, બાલાભાઇ લખમીદાસ, શા. લલુભાઇ કાળીદાસ, અમરચંદ મોતીચંદ, પરી. સુનીલાલ બાપુભાઇ તથા શા. રાયચંદ રૂપચંદ વીગેરે ગ્રહસ્થોના હસ્તકનો સંવત ૧૯૫૯–૬૦–૬૧–૬૨ ની સાલનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં આ ખાતાનો બંદોબસ્ત વહીવટ કર્તા ગ્રહસ્થ તરફથી સારો થએલો જોવામાં આવેછે.

દેહેરાસરજીમાં વપરાતું કેસર, સુખડ શેઠ જીવાભાઇ પરભુદાસ તરફથી પુરું પાડવામાં આવે છે. તથા ગોઠીનો પગાર પણ સંઘમાંથી આપવામાં આવે છે, તે બહુ ખુશી થવા જેવું છે. શેઠ જીવાભાઇ પ્રભુદાસ પોતાનો અમુલ્ય વખત રોકી જે કામ કરેછે તેથી તેમને ધંન્યવાદ ઘટેછે.

આ વહીવટમાં કેટલો એક સુધારો કરવા જેવોછે, તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને ભરી આપવામાં આવ્યું છે, માટે આશા છે કે વહીવટ કર્તા ગૃહસ્થ તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

# અમદાવાદ ખાતે ભરાયેલી શ્રી
# વખતે જુદા જુદા ગૃહસ્થો તર
# કરવામાં આવી

| નામ. | ગામ. | કોન્ફરન્સની મદદ રૂ. | જીર્ણ પુસ્તકોદ્ધાર. | જીર્ણ મંદીરોદ્ધાર. | નીરાશ્રીત ખાતું. | કેળવણી. |
|---|---|---|---|---|---|---|
| ભુધરજી જવેરચંદજી હા. ઉંકારલાલજી સુરાણા | રતલામ | | ૬૦ | ૬૦ | ૬૧ | ૬૦ |
| પ્રાંતિજના ડેલીગેટો તરફથી હા. શેઠ બલાખીદાસ હીરાચંદ. | પ્રાંતીજ. | | ૧૩ | ૧૩ | ૧૨ | |
| શા. ત્રીકમદાસ મંગળદાસ હા. ગીરધર હેમચંદ | ગોધા | ૧ | ૧. | ૧ | ૧ | ૧ |
| શા. ગુલાબચંદ હરખચંદ | તેલ્હારા | | ૧૧ | ૧૦ | ૧૦ | ૧૦ |
| શા. ધર્મચંદ કેવળચંદ. | મીઆગામ | | ૫ | | ૫ | |
| શા. ચુનીલાલ ખીમચંદ. | સુરત | ૯ | | | | |
| શા. હંસરાજ ચત્રભુજ. | વાંકાનેર | ૭ | | | | |
| શેઠ ભુરાભાઇ વેણીચંદ. | મહોરલ | ૧ | | | | |
| શેઠ ત્રીકમલાલ દલશુખરામ. | ડભોડા | ૨ | | | | |
| બાઇ રખમણી—શેઠ ભાઇચંદ દીપચંદની દીકરી. | આંતરોલી | ૧ | | | | |
| જામનગરવાળા. ( નામ નથી લખેલું ) | જામનગર | ૦ | | | | ૨ |
| નનામા. | | ૧ | | | ૧ | |
| શેઠ. ભીમાજી અગરાજી. | વીસનગર | ૦ | | | | |
| ઉદેપુરના શ્રી સંઘ તરફથી. | ઉદેપુર | | | | | |
| રા. બ. શોભાગમલજી ઢઢ્ઢા. | અજમેર | ૧૫૦૦ | | | | |
| શા. જેઠાભાઇ પાનાચંદ. | માંડલ | ૨ | | | | |
| શા. ડામર ભાઇચંદ. | સદર | ૫ | | | | |
| શા. છોટાલાલ વખતચંદ. | અમદાવાદ | | | | | |
| શા. ન્યાલચંદ હરજીવન. | ચુણેલ | ૫ | | | | ૧૧ |
| શેઠ લાલજી ઉજમસી. | અમદાવાદ | | | | ૨ | |
| શા. ગગલભાઇ જવેરદાસ. | અમદાવાદ | | | | ૨૫ | |
| મોતીના કાંટા તરફથી. | મુંબઇ | | | | | |
| શા. ચુનીલાલ પ્રેમચંદ. | થળતેજ | | | | | |
| શા. છગનલાલ ફુલચંદ. | ખોરજ | | | | | |
| શા. કસ્તુરભાઇ કસલચંદ. | જામનગર | | | | | |
| શેર દલાલ મણીલાલ મોહનલાલ. | અમદાવાદ | | | | | ૫ |
| શેઠ માણેકલાલ વસ્તાચંદ. | અમદાવાદ | | | | | |
| શા. વાડીલાલ મુલચંદ. | નરોડા | | | | | |
| શા. ચુનીલાલ સાંકલચંદ. | વીરમગામ | | | | | |
| શા. કેશવલાલ જમનાદાસ. | અમદાવાદ | | | | | |
| શેઠ ડાયાભાઇ સાંકલચંદ. | અમદાવાદ | ૫ | | | | |
| શા. મગનલાલ મુળચંદ. | સાંથળ | | | | | |

# પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પથી જુદા જુદા ખાતામાં મદદ તે નીચે પ્રમાણે.

| કેળવણી. | સુકૃત ભંડાર (ચાર આનાની યોજના.) | પાલીતાણા બાળાશ્રમ. | અમદાવાદ શેઠ લલુભાઇ રાયજી બોર્ડીંગ | અમદાવાદ કન્યાશાળા | જૈન શ્વે. મદદ ફંડ. | સાત ક્ષેત્ર ખાતું. | કુલ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫૦ | | | | | | | ૬૦૧ | |
| ૧૩ | | | | | | | ૫૨ | |
| ૧ | | | | | | | ૬ | |
| ૧૦ | | | | | | | ૫૧ | |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૯ | |
| | | | | | | | ૭ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૨ | |
| | | | ૩ | | | | ૩ | |
| | ૨૦૦ | | | | | | ૨૦૦ | |
| | | ૫૦૦ | ૫૦૦ | | ૨૫૦૦ | | ૫૦૦૦ | રૂ. ૧૫૦૦)માંથી રૂ. ૫૦૦) એ ઓઇલ પેંટીંગ છબીઓ માટે. |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૫ | |
| | | | ૫ | ૫ | | | ૧૦ | |
| | | | ૫ | | | | ૨૧ | |
| | | | ૧ | ૨ | | | ૫ | |
| | | | ૨૫ | | | | ૫૦ | |
| | | | ૨૦૦ | | | | ૨૦૦ | |
| | | | ૫ | | | | ૫ | |
| | | | ૨ | | | | ૨ | |
| | | | ૨૫ | | | | ૨૫ | |
| | | | ૫ | | | | ૧૦ | |
| | | | ૫ | | | | ૫ | પાંચ વર્ષ સુધી. |
| | | | ૧૦ | | | | ૧૦ | |
| | | | ૨ | | | | ૨ | |
| | | | ૫ | | | | ૫ | મારી હયાતી સુધી આપવા ઇચ્છા |
| | | | ૫ | | | | ૧૦ | રાખું છું. |
| | | | ૫ | | | | ૫ | |

| નામ | ગામ. | કોન્ફરન્સ નીભાવ ફંડ. | જી॰ પુસ્તકોદ્ધાર. | જીર્ણમંદીરોદ્ધાર. | નીરાશ્રીત ખાતું. | જીવદયા |
|---|---|---|---|---|---|---|
| શા. ચુનીલાલ નરશીદાસ. | અમદાવાદ | | ૨ | ૨ | ૨ | ૨ |
| મહેતા લલુભાઇ માણેકચંદ. | | | ૩ | ૩ | ૩ | ૩ |
| શા. નગીનદાસ ધરમચંદ. | અમદાવાદ | | | | | |
| એક જૈન શ્રાવક તરફથી હા. બલાખીદાસ જગજીવનદાસ. | અમદાવાદ | | | | | |
| પરી ફુલચંદ ઉમેદરામ હા. ભાઇચંદ ફુલચંદ તરફથી. | | | ૧ | ૧ | ૧ | ૧ |
| ઝવેરી મહેરચંદજી. | જેપુર | | | | | |
| શેઠ તળશીભાઇ ડાયાભાઇ. | રાજકોટ | | | | | |
| શેઠ હીરાચંદ પરસોતમ. | રાજકોટ | | | | | |
| શેઠ મુલચંદ દેવશી ભાઇ. | રાજકોટ | | | | | |
| શા. માનચંદ પીતામ્બરદાસ. | | | | | | |
| શા મગનલાલ મોતીચંદ. | અમદાવાદ | | | | | |
| શેઠ મનરૂપ ગુલાબચંદજી. | જાવાલ. | ૪ | | | | |
| આદરજના ડેલીગેટોના હા. દલસુખ રામચંદ | આદરજ | | | | ૧ | |
| શા. અમથાભાઇ મોતીચંદ. } | બહીયેલ | | | | | ૫ |
| શા. દોલાભાઇ મોતીચંદ. } | સદર | | | | | |
| કડાકા મીલના દલાલ શા. પીતામ્બરદાસ મગનલાલ તરફથી. | અમદાવાદ | | | | | |
| શા. કુબેરદાસ ભાઇચંદ. | ખેડા | | | | ૨૫ | |
| દોસી કસ્તુરચંદ વાલજી. | લીંબડી | | | | | |
| શેઠ જેસંગભાઇ પ્રેમાભાઇ કેવળભાઇ. | કપડવંજ | | | | | |
| શા. વરજીવનદાસ ધરમચંદ. | અમદાવાદ | | | | | |
| શેઠ હઠીસંગ ડાહ્યાભાઇ. | કોઠ | | | | | ૫ |
| શા. જેસંગભાઇ છોટાલાલ. | અમદાવાદ | | | | | |
| શા. કરમચંદ ગોકળદાસ. | સદર | | | | | |
| શા. કાલીદાસ રણછોડ વીગેરે સંઘ તરફથી. | એનપર | | | | | |
| શેઠ છગનલાલ માણેકચંદ. | અમદાવાદ | | | | | |
| વડાલીના સંઘ સમસ્ત હા. દોશી મોહનલાલ હરખચંદ. | વડાલી | | | | ૫ | |
| શેઠ ઇચ્છારામ ભાઇચંદ. | દીવોદર | | | | | |
| શેઠ હેમજી મયાચંદ. | સદર | | | | | |
| એક જૈન શ્રાવક. | | | | | ૧ | |
| શ્રી વાંકાનેરના. હા. શા. ચત્રભુજ. | વાંકાનેર | ૭ | | | | |
| શેઠ ગુલાબચંદજી ગાદીયા. | નવાનગર | | ०।= | ०।= | ०।= | ०।= |
| શેઠ નથમલજી સુરાણા. | સદર | | ૪ | ૪ | ૪ | ૪ |
| શેઠ તીલરાજજી મુતા. | સદર | | ०।= | ०।= | ०।= | ०।= |
| શેઠ પુંસરાજજી. | સદર | | ०।= | ०।= | ०।= | ०।= |
| શેઠ ધનપતચંદજી. | સદર | | ०॥।– | ०॥।– | ०॥।– | ०॥।– |
| પરી હઠીસંગ મોતીચંદ. | અમદાવાદ | | | | | |

| કેળવણી. | સુરત ભંડાર (ચાર આનાની યોજના) | પાલીતાણા બાળાશ્રમ. | અમદાવાદ શ્રી શેઠ ભગુભાઈ [illegible] બોર્ડીંગ | અમદાવાદ કન્યાશાળા. | જૈન શ્વે. મદદ | ફંડ | સાત ક્ષેત્ર ખાતું. | કુલ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૫ | | | | | ૧૫ | |
| ૩ | | | ૧૦ | | | | | ૨૫ | |
| | | ૫ | | | | | | ૫ | |
| | | ૧૧ | ૧૦ | | | | | ૨૧ | |
| ૧ | | | ૫ | | | | | ૧૦ | |
| | | | ૨૫ | | | | | ૨૫ | |
| | | ૧૦ | | | | | | ૧૦ | |
| | | ૧૦ | | | | | | ૧૦ | |
| | | ૫ | | | | | | ૫ | |
| | | | ૨૧ | | | | | ૨૧ | |
| | | | ૫ | | | | | ૫ | |
| | | | ૪ | | | | | ૮ | |
| | | ૨ | ૨ | | | | | ૫ | |
| | | | ૫ | | | | | ૧૦ | |
| | | ૧૧ | ૧૦ | | | | | ૨૧ | |
| | | | | | | | | ૨૫ | |
| | | | ૨ | | | | | ૨ | |
| | | | ૫ | | | | | ૫ | |
| | | | ૫ | | | | | ૧૦ | |
| | | ૨૫ | ૨૫ | | | | | ૫૦ | તેમાં પાલીતાણા બાળાશ્રમમાં પાંચ |
| | | ૫ | ૫ | | | | | ૧૦ | વર્ષ સુધી દર વર્ષે રૂ. ૨૫) પ્ર |
| | | | ૨૫ | | | | | ૨૫ | માણે આપવા કહ્યા છે. |
| | | | ૩૭ | | | | | ૩૭ | |
| | | | ૨૫ | | | | | ૨૫ | |
| ૧૦ | | | ૫ | | | | | ૨૦ | |
| | | | ૧ | | | | | ૧ | |
| | | | ૧ | | | | | ૧ | |
| | | | | | | | | ૧ | |
| | | | | | | | | ૭ | |
| ૦॥ | | | | | | | | ૨ | |
| ૫ | | | | | | | | ૨૧ | |
| ૦॥ | | | | | | | | ૨ | |
| ૦॥ | | | | | | | | ૨ | |
| ૦।।। | | | | | | | | ૪ | [ જ્ઞાન વર્ધક શાળામ |
| | | | | ૧૦૧ | | | | ૧૦૧ | શેઠ. ભગુભાઈ પ્રેમચંદની |

Registered No. B. 525.

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हेरल्ड.

पुस्तक ३.
नम्बर ५.

मे
सन १९०७.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.

| વિષય | પૃષ્ઠ. | વિષય | પૃષ્ઠ. |
|---|---|---|---|
| જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ ... | ૧૨૯ | ધાર્મિક હિસાબ તપાસણી ખાતું | ૧૪૪ |
| નિરાશ્રિત જૈનો ; જૈન શ્વેતાંબર મદદ ફંડ ... ... ... | ૧૩૩ | અમદાવાદ હિતવર્ધક ગૃહનો રીપોર્ટ... ... ... ... | ૧૫૧ |
| જૈન સમાચાર ... ... ... | ૧૩૮ | અમદાવાદ કોન્ફરન્સમાં થયેલ ફંડ ... ... ... ... | ૧૫૨ |
| કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ ... ... ... | ૧૪૨ | કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ ... ... ... ... | ૧૫૬ |

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १.

धर्म विजय प्रिंटिंग प्रेस पायधुनी—मुंबई.

## जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने फीलसुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छेः—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरे हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलात आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने कराववामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास कराववामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ सिवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमांना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

गिरगाम मुम्बइ.<br>
ता. २५-५-१९०६.

आसीस्टंट सेक्रेटरी.<br>
श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---


## ઢઢ્ઢાછાપનું પવિત્ર કેશર.

### સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ખાત્રીનું **શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી** કેશર પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કોન્ફરન્સના ઉત્પાદક મી૦ ઢઢ્ઢાની છબીનો "ઢઢ્ઢા માર્ક" છે તે નીચેના સ્થળોએથી મળશે.

મુંબઈ-જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ગિરગામ, માંગરોળ જૈન સભા પાયધુની,<br>
જથ્થાબંધ વેચનાર એકલા માલેક,

જૈન મંદીર સામે<br>
માંડવી, મુંબઈ.

કચ્છી દશાઓસવાળા જૈન મહાજન આશ્રિત<br>
સ્વદેશી કંપની.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

रत्नानामिव रोहणक्षितिधरः खंतारकाणामिव,
स्वर्गःकल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,
पाथोधिः पयसामिवेंदुमहसां स्थान गुणानाममा,
त्रिसालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥ २१ ॥

**અર્થ:**—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.


SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

Vol. III.] MAY 1907. [No. 5.


# જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ.

અનુસંધાન ગતવર્ષ પૃષ્ટ ૩૨૫

( શાહ નરોત્તમ ભગવાનદાસ )

**જ્ઞાન ખાતું**—મનુષ્યનું મનુષ્યત્વ જ્ઞાનમાંજ છે. જ્ઞાનરહિત મનુષ્ય પશુની સપાટીએ પહોંચે છે. જ્ઞાનનો મહિમા અતિશય છે. કોઇ પણ કામ થવા પહેલાં તે કેમ કરવું તેનું જ્ઞાન જોઇએ છે. જ્ઞાન બે પ્રકારનાં છે, સાંસારિક ઉન્નતિનું તથા આત્મિક ઉન્નતિનું. નવી નવી ચીજો ઉત્પન્ન કરી, તેનો શોધ તથા ખપ વધારી પૈસા કેમ પેદા કરવા, પૈસા સૌથી સારી રીતે કેમ વાપરવા, તનદુરસ્તી કેમ જાળવવી, વ્યવહાર કેમ સાચવવો, સંસારનો સ્નેહ કેમ બાંધવો તથા નિભાવવો, સંસારમાં કેમ મોટાઇ મેળવવી તથા જાળવવી, બીજી પ્રજાઓ કરતાં આપણે કેમ વધારે ટકી રહેવું તથા ચડીઆતા થવું, વિગેરે બાબતો સાંસારિક [illegible]

આવી શકે છે. આત્મિક જ્ઞાનમાં, આત્મા શું છે, ક્યાંથી આવ્યો, ક્યાં જવાનો છે? કેવી રીતે જાય છે, તેના સ્વરૂપનું પ્રકટીકરણ કેમ થાય છે, તેની ઉચ્ચ દશા માટે કયા કયા સારા રસ્તા છે, વિગેરે સમાય છે. બન્ને જ્ઞાન આવશ્યક છે. આત્મિક જ્ઞાન ખરેખરૂં દર્શાવનાર શ્રીમાન્ તીર્થંકરોજ છે. તેમણે જોયું કે જગતમાં ખરેખરૂં દુઃખ જન્મ મરણનુંજ છે. તે દુઃખ ટાળવા માટે આત્મિક જ્ઞાનનીજ જરૂર છે. સાંસારિક જ્ઞાનની તો સંસારી જીવો જરૂર સમજશે, અને તેથી પોતાની મેળે, કોઇના શીખવ્યા અથવા કહ્યા વિના પણ તેઓ તે મેળવવાને પ્રયાસ કરશે, પરંતુ તેનાથી ઉચ્ચ આત્મિક જ્ઞાન મેળવવું મુશ્કેલ હોવાથી તેને માટે પ્રયાસ કરનારા જીવો થોડા નીકળશે. માટે જે પૂરૂં પડે તેમ છે, તેમાં ઉમેરો કરવાની જરૂર નથી, પરંતુ જેની બહુજ જરૂર છે, અને જે મુશ્કેલીથી પૂરૂં પડી શકે તેમ છે તે આપવાની પહેલી ફરજ છે. આથીજ તીર્થંકર મહારાજે આત્મિક જ્ઞાન આપવાની જરૂર જોઇ છે. ગણધરો, આચાર્યો, ઉપાધ્યાયો તથા સાધુજીઓએ આત્મિક જ્ઞાન વાણી તથા પુસ્તકદ્વારા જાળવી રાખવાને સમય પ્રમાણે બનતું કર્યું છે, હાલનો જમાનો હિંદુસ્તાન માટે સાંસારિક જ્ઞાન મેળવી, તે અમલમાં મૂકવા સાથે, આત્મિક જ્ઞાન તરફ સંપૂર્ણ માન દૃષ્ટિ તથા મેળવવાની ઇચ્છાની જરૂરનો છે. મતલબ કે આત્મિક જ્ઞાન એક બાજુએ રાખી મૂકવાનું નથી, પણ મેળવવાનુંજ છે, અને તે સાથે આત્માને જેમ બને તેમ ઓછી હાનિ થાય, તેવી રીતે શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે સાંસારિક જ્ઞાન અવિરલ ઉત્સાહથી મંડયા રહીને અમલમાં મૂકવાનું છે. એ બન્નેમાંથી એકે ભૂલવાનું નથી. જે ભૂલી જવાશે, તેનું નુકશાન થવાનુંજ. અસલનો સંતોષનો અને થોડા ખર્ચનો જમાનો જતો જાય છે, ભભકો, લાલચ તથા આત્મ બેદરકારીનો જમાનો ચાલે છે. વધતા ખર્ચને પહોંચી વળવાને અસલના સાધારણ ગુજરાતી ભાષાના પ્રાથમિક જ્ઞાન કરતાં રાજકર્તી ઇંગ્રેજી ભાષાનું તથા અસલના સાધારણ ધંધાઓ કરતાં નવા નવા રસાયણિક ધંધાઓ તથા ઉદ્યોગ હુન્નરના જ્ઞાનની બહુજ જરૂર દિવસે દિવસે વધતી જાય છે, તે જરૂરને પહોંચી વળવા માટે સાંસારિક જ્ઞાનના પુસ્તકો વાંચવાની, વાચકને મદદ કરવાની, તથા તે જ્ઞાનને ઉત્તેજન આપવાની જરૂર છે, અને તે જરૂર કોઇ પણ રીતે ઉડાવી શકાય તેવી નથી. તે જરૂર ઉડાવવાનો પ્રયત્ન થશે, તો "સૌથી યોગ્ય વિશેષ ટકે" એ નિયમે સાંસારિક જ્ઞાન તરફ બેદરકારી બતાવનાર કોમ અથવા પ્રજા પૃથ્વીતલપર પછાત પડી જાય. ભવિતવ્યતા ચોકસ છે, પણ તેનાપર આધાર રાખીને બેસી રહેવું, એ હાલના જમાનામાં ચાલે તેમ નથી. કામ કરો, પ્રવૃત્તિમાર્ગ સ્વીકારો, ફરજ બજાવો, પછી તમારા કર્મથી વિપરીત પરિણામ આવવાનું હોય તો અડચણ નહિ, પરંતુ પ્રવૃત્તિ, કામ, ફરજ એજ હાલના જમાનાની જરૂરીઆત છે. અતિશય શાંત, એકાગ્ર ચિત્ત, નિરાગી મુનિરાજોને આત્મિક જ્ઞાનમાં મંડયા રહેવા દઇ, આપણે તેમનાથી મળી શકે તેટલું આત્મિકજ્ઞાન પ્રાપ્ત કરી, આત્મિક જ્ઞાન સહિતજ જીવન વહન કરવું યોગ્ય છે. આત્મિક જ્ઞાન આગમ વિગેરેમાંથી મુનિરાજો આપણને જણાવે છે, અને સાંસારિક જ્ઞાન મુનિ સિવાયના સંસારી પ્રાણીઓ આપણને ભાષણો તથા પુસ્તકોદ્વારા આપે છે, તે બન્નેને યથા યોગ્ય મદદ આપવાની છે, બન્ને તરફ યોગ્ય દ્રષ્ટિથી જોવાનું છે. આ વિષયની શરૂઆતમાં જણાવેલું જ્ઞાનખાતું આત્મિકજ્ઞાન ખાતુંજ છે. તે જ્ઞાનનો હાલ પુસ્તક, પાટી, પોથી, ઠવણી, કવળી, નવકારવાળી, ચંદ્રવા પૂઠીઆ વિગેરે ઉજમણામાં મૂકી, જ્ઞાન પાંચમને દિવસે બહુમાનથી

બહાર કાઢી, સત્કાર કરવામાં આવેછે. પરંતુ શાંતિથી ઉદર નિર્વાહના સાધનો મળી શકે એવી ધન સંબંધી સાધારણ સ્થિતિ હોય તો આત્મિક જ્ઞાન સામાન્ય જીવોને પણ સુઝી શકેછે, માટે હાલ ચાલતા આત્મિક જ્ઞાનના સાધનોને અપાતી મદદ ચાલુ રાખી સાંસારિક જ્ઞાન માટે પણ ઘટિત લક્ષ રાખવા વિનતિ છે.

**જીવદયા ખાતું**—આત્માની ઉન્નતિ દયા, કરૂણા વિના કેમ થઇ શકે? ગરીબ માણસ પણ પૈસા ખર્ચ્યા વિનાની દયા બતાવી શકે. હાલના સમયમાં ખ્રીસ્તીઓ, મુસલમાનો, યાહુદીઓ વિગેરે ગાય, બકરા, મેંઢા વિગેરે જીવોને હણી, તેનો ઉપયોગ કરવામાં, તેમાંથી બનેલી દવાઓ વાપરવામાં મસ્ત રહે છે, કારણકે તેમના ધ્યાનમાં હજી એમજ છે કે એ પ્રાણીઓમાં જીવ નથી. પણ છેલ્લી શોધોથી જણાયું છે કે ઝાડની છાલ તથા પાંદડાઓમાં પણ મનુષ્યમાં જણાતી સુખ દુઃખની લાગણી છે. તે ખીલે છે, કરમાય છે, ખરી પડેછે, વિગેરે જીવનના ચિન્હો તેમાં પણ જણાય છે, તો પછી ગાય વિગેરેમાં જીવ હોય તેમાંતો નવાઇ શી? તીર્થંકર મહારાજા સર્વજ્ઞ હતા, અને એ સર્વજ્ઞપણામાં તેમણે પ્રરૂપેલ ધર્મ તદ્દન નિરાબાધ અને સર્વસત્યમય છે. પશુઓ વિગેરે પ્રાણીઓ માટે દયા બતાવવી એ દરેક જૈનની પ્રથમ ફરજ છે. દયાથી આત્મા ઉચ્ચ થાય છે. એ દયા પાંજરાપોળ દ્વારા, તેમજ અભક્ષ્ય વસ્તુ નહિ ખાઇને તેને ઉત્તેજન આપતા બંધ રહેવાથી દર્શાવાય છે. હાલની પાંજરા પોળો માટે જોઇએ તેવી સંભાળની ગેર હાજરી વિગેરે બુમો મારવામાં આવે છે, પરંતુ તેથી આપણે આપણું તે શુભ કામ મુકી દેવાની જરૂર નથી. કેમકે કહેવું સહેલું છે, પણ આપણે જે કરીએ છીએ, તેવું પણ કરી બતાવવું મુશ્કેલ છે. ટીકાકારોને કામ કરવામાં પડતી અગવડનો ખ્યાલ હોઇ શકે નહિ. બેશક પૂરતી શકિતવિના પાંજરા પોળ ઉઘાડવી, એ પહેલી ભુલ છે. શકિતની ગેરહાજરીમાં દેવું કર્યા જઇને પાંજરાપોળો ચલાવે રાખવી એ પણ જરા અયોગ્ય જેવું જણાય છે, તોપણ તેનો રસ્તો કરતા જઇએ તો તે ક્ષામ્ય છે. પાંજરાપોળોમાં રાખવામાં આવતાં પશુ પક્ષીની સાર સંભાળ રાખવી, ચારા પાણીની દરકાર રાખવી, તેઓ થોડી જગ્યામાં સામટાં ગોંધાય નહિ, વિગેરે સંભાળ રાખવી એ પ્રથમ ફરજ છે. શકિત ન હોય, અને પાંજરાપોળમાં જગ્યા ન હોય છતાં સંખ્યા વધાર્યા જવી એ પણ ભુલ છે. પશુ પક્ષી માટે બની શકતી દવા વિગેરેની ગોઠવણ કરવાની પણ ફરજ વિસરાય નહિ તેવી છે. કામ કરનારાઓને ગમે તેમ કહે તોપણ ખરા હૃદયથી, શુભ નિષ્ઠાથી, અને પ્રમાણિકપણે કામ કરનારે કદી ડરવાની જરૂર નથી. યુરોપ અમેરીકાથી દવાના રૂપમાં આવતી ગોમાંસ, ડુકર માંસ, વિગેરે અભક્ષ્ય ચીજો વાપરીને જીવ બચાવવાનો પ્રયત્ન કરવા કરતાં તે ન વાપરવી એ બહુજ ઉત્તમ છે. દરેક રીતે જીવ દયાના કામમાં મદદ કરવી એ જૈનની ફરજ છે. હવે એ સવાલ થાય છે કે કસાઇઓ એક સામટાં ઢોર લાવી તેના પૈસા દયાળુ જૈનો પાસેથી ઉપજાવી, તેના ફરી ઢોર લાવી જૈનોને નીચોવ્યાજ કરે, અને તે રીતે પોતાનું જીવન ચલાવે, તેને, ઢોરો ખરીદીને મદદ આપવી કે કેમ! બેશક ખરીદવાથી [illegible]

પુણ્યબંધ થાય છે, પણ તે પૈસાથી બીજા ઢોરો લઇ તે હિંસા કરે તેને માટે કંઇ ઉપાય વિચારી શકાય તો જાહેરમાં મૂકવા જેવો છે.

**શ્રી પારેવાની જુવાર ખાતું**—આ પણ જીવ દયાનો પેટા ભાગજ છે. હિંસક મનુષ્યો પારેવા વિગેરે પક્ષીઓને જીવાડવાની સંભાળ લે એ લગભગ આશાજ ખોટી છે. દયાળુ જૈનો તથા હિંદુ ભાઇઓ એ કામ મૂગે મોઢે બજાવ્યા જાય છે તે ખરેખર બજાવવા જેવું છે અને દરેક રીતે મદદને યોગ્ય છે. આ બધાં ખાતાંઓ દિશા સૂચક છે, કે જેથી અજાણ્યાને આથે ગોતવા જવું પડે નહિ.

**શ્રી બોકડાના દુધ ખાતું**—નાનાં બોકડાંનાં બચ્ચાં તેમની માતાના દુધની ગેરહાજરીમાં ટળવળીને મરી ન જાય તે માટે આ ખાતું છે. ખરેખર પ્રશંસનીય છે. અને મદદને પાત્ર છે. અલ્પ આયુષ્ય પણ સારી સંભાળ નીચે રહી યોગ્ય ખોરાક મેળવીને પુરૂં કરે તેટલા માટે આ ખાતાની સ્થાપના છે.

**શ્રી કુતરાના રોટલા ખાતું**—દરેક જૈન અને હિંદુ ઘરમાં આ ગામડાની પોલીસ માટે દરરોજ રોટલી અથવા રોટલો કરવામાં આવે છે. પરંતુ હાલના સમયમાં મુંબઇ જેવા શહેરમાં લાંબી વખત સુધી સરકાર તરફથી કુતરા પકડાવી દયા વિના મારી નાંખવામાં આવે છે. બહાનું એ બતાવવામાં આવે છે કે તેઓ જાહેરને હેરાન કરે છે. ખેર! એવા જીવોને બચાવવા એક સ્થળમાં સામટા રાખી મુકવા શિવાય છુટા છુટા ફરતા કરી દેવાની જરૂર છે. તેમના નિભાવ માટેનું આ ખાતું દરેક રીતે મદદને પાત્ર છે.

**શ્રી જીવ છોડાવવા ખાતું**—આ વિષે જીવદયા ખાતામાં વિવેચન કરવામાં આવ્યું છે, અને તેમાં છેવટે મૂકેલો સવાલ વિચારવા વિનતિ છે.

**શ્રી ચક્રેશ્વરી માતાની માનતા ખાતું**—શ્રી શત્રુંજય પરની અધિષ્ટાયકા ચક્રેશ્વરી માતાની જે માણસોએ માનતા કરી હોય, તેને માટેજ આ ખાતું છે. માનતાથી કોઇ કોઈ વખતે કામો થતાં હશે એ ખરૂં પણ શુદ્ધ વિચાર, શુદ્ધ વાણી અને શુદ્ધ વર્તનથી જે ખરેખરો લાભ થાયછે, તેવો લાભ માનતાથી થતો નથી. માનતાથી મિથ્યાત્વ લાગેછે.

**ડુંગારશા પીરની માનતા ખાતું**—કારખાનાનો એક મુસલમાન સીપાઇ ડુંગરપર મરી ગયેલો તેની પીર તરીકે સ્થાપના કરવામાં આવી છે. અને તેમની માનતા થાય છે. પણ શ્રાવક ભાઇઓએ બીલકુલ કરવા યોગ્ય નથી.

**ગરીબ વાણીયાના દાણા ખાતું**—હાલના સમયમાં કોઇપણ ખાતાની ખરેખરી જરૂરીઆત હોય તો તે ગરીબ માણસોને મદદ આપવાના ખાતાનીજ છે. આળસુ ગરીબોને ઉતેજન આપવાની નહિ, પરંતુ કામ કરાવી, કામ શોધી આપી તેમને કામે લગાડવાની, અને પોતાની મેળે પોતાનો રોટલો રળી શકે એવા કરવાની જરૂર છે. [illegible] દરેક શુભેચ્છકે આ સખાવત ઉપલા

પ્રકારે કરવાની ખરેખરી જરૂર છે. આળસુને ઉતેજન આપવું એ દોષિત છે. આ ખાતામાંથી અપંગ, અશકત, નિરાધાર, શરમાતા તેમજ લાજવાળા ગરીબોને મદદ થતી હોય તો આ ખાતું પુર્ણ મદદને પાત્ર છે. માટે આ ખાતામાં આપનાર ભાઇઓએ ઉપર જણાવેલી શરતે અવશ્ય આપવું એ હિતકર છે.

**ડુંગરના રસ્તા રીપેર ખાતું**—ડુંગરનો રસ્તો જેમ બને તેમ સારો રાખવાની જરૂર છે. ખાતું ઉ-તેજન તથા મદદને પાત્ર છે.

**વિસામા તથા કુંડ રીપેર ખાતું**—તડકા વખતે વિસામાની તથા કુંડના પાણીની કેટલી જરૂર છે, તે અનુભવીને ખબર હશે. તેથી આ ખાતું પણ મદદને યોગ્ય છે.

**રોહીશાળા ખોડાઢોર મકાન ખાતું**—ઉપર જીવ દયાના વિષયમાં કહી ગયા છીએ છે કે જનાવરો માટે મકાન સારૂ હવા ઉજાસવાળું તથા સગવડવાળું જોઇએ તેવા મકાન માટે આ ખાતું છે તેથી આ ખાતાને મદદ કરવી એ પણ જીવદયાનું કામ છે.

**રોહીશાળા ધર્મશાળા ખાતું**—ઉતારૂઓને ઉતરવા માટે ધર્મશાળાની ખરી જરૂર દરેક ભાઇઓ સ્વીકારશે. ધર્મશાળાના મકાન માટે, તેમજ પાગરણ, વાસણ વિગેરે માટે પણ તેવીજ જરૂર સ્વીકારવામાં આવશે. તેથી આ ખાતું મદદને પાત્ર છે.

# નિરાશ્રિત જૈનો અને જૈન શ્વેતાંમ્બર મદદ ફંડ.

( અનુસંધાન પૃષ્ટ ૧૦૪ )

પોતાના વખતમાં ધંધા રોજગારનું કોઇપણ સાધન ન હોવાથી લોકોની નજર મુંબઇ તરફ ખેંચાયછે અને મુંબઇ આવ્યા બાદ જો કોઇની ઓળખાણ અથવા લાગવગ વગર કામ લેવાનું હોયછે તો શરૂઆતમાં ઘણીજ મુશ્કેલી વચ્ચે કામ લેવાની જરૂર પડેછે. અન્ય પુરૂષો ઘણી સારી કમાણી કરેછે તે જોઇ મુંબઇમાં આવીને રહેલ અજાણ્યો માણસ નવિન ધંધામાં જોડાવાની શકિત તેમજ સાધનના અભાવે, નોકરી પણ મેળવવાને ભાગ્યશાળી થઇ શકતો નથી અને તેને નાહક ખર્ચના બોજામાં ઉતરવું પડેછે. આગળ ઉપર કદાચ ભાગ્ય યોગે ટુંકા પગારની નોકરી મળેછે તેવા પ્રસંગે મુંબઇમાં ઘણીજ ખર્ચાળ જીંદગી ગુજારવાની હોયછે તેને લીધે મહા મહેનતે પોતાનો ખર્ચ કાઢી શકેછે. સમય પણ એટલો બધો બદલાઇ ગયોછે કે આપણી હાજતો દિવસે દિવસે વધતી જતી હોવાથી, ખર્ચ પણ વધતો જાય પરંતુ કમાવાના સાધન ઉલટા નબળા પડતા જોયછે. વળી મુંબઇ જેવા પ્રવૃત્તિમય શહેરમાં શારિરીક સંપત્તિ—જે ખુલી હવા તથા પ્રકાશના નિયમો ઉપર આધાર રાખેછે તે જાળવવી તો દુર રહી પરંતુ મરકીનું જોર જ્યારે વધતું જતું હોયછે તેવા વખતમાં [illegible]

આ શેહેરના ધીચ વસ્તીવાળા, ટુંક મુદતમાં જે દુસ્ટ મરકીના ભોગ થઇ પડેછે તેવા સ્થળમાં રહેવાની જરૂર પડેછે. વર્તમાન પત્રોમાં આવતા હેવાલ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે મુંબઇમાં વસ્તી આપણી જૈન કોમમાં આવા અનેક કારણોને લીધે મરકીથી તેમજ બીજાં રોગોથી થતા મરણોનું પ્રમાણ અન્ય કોમોની સાથે સરખાવતાં ઘણુંજ વધારેછે. આ સવાલ શું વિચારવા જેવો નથી? આને માટે શું જૈન કોમના અગ્રેસરો જવાબદાર નથી !

શું મુંબઇ જેવા શેહેરમાં જૈનોની વસ્તી મોટા પ્રમાણમાંછે તેને એક સેનેટેરીઅમની જરૂર નથી? બહાર ગામથી આવતા સ્વામી ભાઇઓને માટે તેઓને યોગ્ય નોકરી મળે તેટલી મુદત સુધી ઘટતી સગવડ કરી આપવાની, તેઓને ધંધે વળગાડવાની, પોતાનો લાગવગ વાપરી તેઓને નોકરી અપાવવાની, ઉદ્યોગ શાળા સ્થાપવાની વીગેરે જુદી જુદી યોજના વાળી એક (Sys tematic) પદ્ધતિ સરની સંસ્થા સ્થાપવાની જરૂરછે. આપણી કોમમાં મોટી મોટી પેઢીઓ ચલાવનારા તથા મીલ માલેકો તથા વ્યાપારીઓ એટલી મોટી સંખ્યામાંછે કે જો તેઓ પોતાના ધ્યાન ઉપર એટલુંજ લે કે આપણો કોઇપણ સ્વામી ભાઇ ધંધા વગરનો આથડવો ન જોઇએ બીજા કોઇનેપણ પોતાને ત્યાં નોકર તરીકે રાખવાને બદલે તેના જેટલીજ આવડતવાળો હુશીઆર જૈનબંધુ મળી આવતો હોય તો તેટલાજ પગારથી તેનેજ રાખવો તો પછી આપણે ઘણુંજ થોડું કરવાનું રહેછે.

ઉપર કહેલ યોજનામાં સામી દલીલ લાવવામાં આવેછે કે જો જૈનને નોકર તરીકે રાખવામાં આવે તો તે ધાર્મિક તહેવારોમાં તથા અન્ય દિવસે ધાર્મિક ક્રીયા કરવા બહાને પોતાના શેઠની નોકરી બરાબર બજાવે નહિ. તે શું વજુદ વગરની નથી? આવી દલીલ આગળ ધરનારા, ધાર્મિક હૃદયના શેઠને તથા નોકરને બંનેને અન્યાય કરેછે. આ બાબતમાં ખાસ કરીને આપણે પારસી તથા નાગર ગૃહસ્થોનું અનુકરણ કરવાની જરૂરછે. કેટલાએક દેશી રાજ્યોમાં જ્યાં નાગર ગૃહસ્થોના હાથમાં રાજ્યતંત્ર હોય છે ત્યાં અન્ય કોમના નોકરી મેળવવા ઉત્સુક માણસને સ્પષ્ટ રીતે કહેવામાં આવેછે કે નાગર હોતતો જગ્યા મળત. એવું સાંભળીએ છીએ તે ઉપરથી આપણે શું ધડો લેવો જોઇતો નથી? ધર્મને માટે કોમને માટે જો અભિમાન હોયતો મારા સ્વામી ભાઇઓએ આ સવાલ તાકીદે ઉપાડી લેવો જોઇએ છે અને ઉપર કહ્યા મુજબના મનમાં દૃઢ નિશ્ચય કરવાની જરૂરછે. આ પ્રકારના વિચારો જ્યારે આપણા માતબર અગ્રેસરોના હૃદયમાં સ્ફુરશે, કેળવાયેલા વર્ગને જ્યારે આગળ કરવાની, બહાર પાડવાની લાગણી તેઓના ચિતમાં ઉદ્ભવશે परोपकाराय सतां विभूतयः એ સૂત્રનો અર્થ જ્યારે તેઓ યથાર્થ સમજશે, અને તે પ્રમાણે અનુસરશે ત્યારેજ જૈન કોમની ઉન્નતિ જૈન શાસનની શોભા સ્વતઃ થતી જોવાનો પ્રસંગ આવશે.

જૈન કોમના અગ્રેસરો તરીકેનો શેઠીઆ તરીકેનો જો તેઓ હક ધરાવતા હોય તો પછી એક કુટુંબનો અગ્રેસર જેવી રીતે પોતાના કુટુંબી જનોનું હિત કરવા બંધાએલોછે તેવીજ રીતે તેઓની ફરજ પણ છે કે પોતાની કોમનું જે રસ્તે કલ્યાણ

થઇ શકે તે રસ્તે સત્વર કામ લેવું. તેઓએ સમજવું જોઇએ કે જેટલા પ્રમાણમાં તેઓની પદવી માન મેળવવાને અધિકારીછે તેટલાજ પ્રમાણમાં બલ્કે તેથી વિશેષ જો તેઓ સ્વામી ભાઇઓનું હિત હૃદયમાં ધરતા હોય તો જોખમ ભરેલી પણ છે. જ્ઞાતિના કે કોમના અગ્રેસર યાને શેઠીઆ બની પોતાના જ્ઞાતીજ્ઞાઓને પક્ષપાત બુદ્ધિથી નજીવા કારણસર હેરાન કરવામાં, નુકશાન કરવામાં, તથા અંગીત દોષના લીધે, આગલા પાછલા વૈરભાવના લીધે, ન્યાયના તખ્તાથી ઉલટી રીતે કામ લેવામાં પોતાની શકિતનો તથા મહેનતનો તથા વખતનો વ્યર્થ ભોગ આપવાને બદલે પોતાની ફરજ યથાર્થ રીતે અદા કરવાની લાંબી વખતથી રોપાયેલાં અંદર અંદરના કુસંપના બીજને જડ મૂળથી બાળી નાંખવાની અને નિરાધાર સ્થિતિમાં પીડાતા સ્વામી ભાઇઓનું દુખ દૂર કરવાને માટે બનતો પ્રયાસ કરવાની અવશ્યકતા છે.

કાઠીઆવાડનો પ્રદેશ એક સમયે બહુજ સારો પાક ઉતરતો હોવાથી કાચુ સોનું ઉત્પન્ન કરેછે એમ કહેવાતું હતુ. તે પ્રદેશના લોકો છપનના દુકાળ પછી એટલા બધા નિર્ધન થઈ ગયાછે કે તેઓ આપણું લક્ષ ખેંચ્યા વગર રહેતા નથી.

ગામડાના ઘણાખરા લોકો ખેડુતોને ધીરવાનો કઢારનો ધંધો કરતા હતા. અને છપનીયા પહેલાં જેઓની ઉઘરાણી હજારોથી ગણાતી હતી, અને તેને લીધે આસામી કહેવાતા હતા તેઓ હાલ તદન દયાજનક સ્થિતિમાં આવી ગયા છે. ખેડુતોને તથા તાલુકદારોને ધીરેલાં નાણું નવીન સરકારી ઠરાવો તથા ખેડુતોને રાહત આપનારા કાયદા અમલમાં મેલાયાથી વસુલ કરવાનું કોઇપણ સાધન રહ્યું નથી. તેમજ આ ધંધો છોડી બીજો કોઇ ધંધો પણ તેઓને સુઝતો નથી. જે ધંધામાં તેઓ એક રીતે જોતાં ઉચ્ચ નિતિના નીયમો મુદલ જાળવતા નહોતા અને મુગ્ધ ખેડુતોને તેઓની અથાગ મહેનતના બદલામાં માત્ર સાદા ખોરાક સિવાય બીજી કોઇપણ વસ્તુનો ઉપભોગ કરી શકે તેવી સ્થિતિમાં નહિ રહેવા દેતાં બની શકે તેટલું વધારે વ્યાજ લેઇ નિર્ધન સ્થિતિમાં લાવી મુકતા હતા તેનું શું સારૂં પરિણામ હોઇ શકે તે સમજાતું નથી. સમ્યગ દ્રષ્ટિ શ્રાવકને યોગ્ય મુખ્ય ગુણ કે તે વૈભવ ન્યાય સંપન્ન દ્રવ્ય ઉપર આધાર રાખતો હોવો જોઇએ તેજ જ્યારે જળવાય નહિ અને તેને લીધે સુધરેલી કોમની વક્રોક્તિ આપણે સાંભળવાનો વખત આવે તે કોઇ રીતે ઇચ્છવા યોગ્ય ગણાય નહિ. આવી રીતની તેઓની નિર્ધન સ્થિતિ થઇ જતાં કન્યા વિક્રય જેવા મહાન હાનિકારક રીવાજે તેઓમાં જોસભર પગ પેસારો કર્યો અને એટલાતો લોકોની બત્રીસીએ ચઢયા કે માસિકોમાં ને વર્તમાનપત્રોમાં તે દુષ્ટ રિવાજને નાબુદ કરવાને માટે સખ્ત ભાષામાં લખાયેલા લેખો આપણે વાંચીએ છીએ એટલુંજ નહિ પણ સભાઓમાં મંડળોમાં તથા કોન્ફરન્સમાં પ્રોફેસર નથુ મંછાચંદ જેવા વકતાઓ એ દુષ્ટ રિવાજ તરફ પોતાના હૃદયનો બળાપો કાઢવા ચુકતા નથી. વગર તકરારે તેમજ જરાપણ આનાકાની વગર કબુલ કરવું પડશે કે કન્યા વિક્રયના પ્રચારને એકદમ દાબી દેવાની જરૂર છે. પણ તેનો ઉપાય શું ?

થનાર નથી. તેથી પણ વિશેષ થવાની જરૂર છે. આર્ય પ્રજા તરીકે અભિમાન રાખનારા અભક્ષ વસ્તુનો માંસ મદિરા વીગેરેનો દેહાંત કષ્ટે પણ સ્વીકાર કરતા નથી ત્યારે પોતાનીજ સંતતિને વેચી કમાણી ખાવા જેવું કાર્ય કરતા મુદલ અચકાતા નથી. તેમજ વળી જ્ઞાતિના અગ્રેસરો તેમજ મહાજનના શેઠીઆઓ લગ્ન વખતની પોતાની હાજરીથી ઉકત રિવાજને અનુમોદન આપે છે. એટલુંજ નહિ પણ જાહેર ફંડનું લહેણું વસુલ કરવાના શુદ્ધ (તેઓના ધારવા પ્રમાણે) ઇરાદાથી કન્યાવિક્રય કરનારને પાંચ પચાસ રૂપીયા વધુ અપાવી આવા સાટા કરવામાં દરેક રીતે મદદગાર થઇ પડે છે. આવી સ્થિતિ છતાં તે રિવાજની અવગણના કરનારા તથા તે રિવાજ જેઓનામાં પ્રચલિત છે, જેઓને કેટલેક અંશે અણછુટકે તે રિવાજને તાબે થવું પડે છે તેઓના તરફ વર્ષાદ વર્ષાવનારા દીર્ઘ દ્રષ્ટિથી તેના કારણની જ્યાં સુધી તપાસ કરતા નથી. અને તે કારણને દુર કરવાનો પ્રયાસ કરતા નથી ત્યાં સુધી તેઓને હેતુ સંપૂર્ણ રીતે પારપડવાનો મુદલ સંભવ નથી. પરંતુ શ્રમ ફોકટનો થઇ પડી અરણ્યમાં રૂદન કરવા જેવો ઘાટ ભાસે છે. આ અપેક્ષા ધ્યાનમાં રાખી કન્યા વિક્રય કરનારાઓની સ્થિતિ સુધારવાને તેઓને ઉદ્યમે વળગાડવાની ખાસ આવશ્યકતા છે. "એક પંથ ઓર દો કાજ" એ કહેવતને અનુસરે ઉકત ઉપાય લેવાને તજવીજ કર્યાથી કન્યા વિક્રયના હાનિકારક રીવાજને આપણામાંથી દેશવટો દેવાશે. તથા આપણા સ્વધર્મી બંધુઓની સ્થિતિમાં સુધારો કરી શકાશે.

પ્રિય વાંચક વર્ગ, નિરાધાર વર્ગનું ચિત્ર યથાર્થ રીતે તમારી સન્મુખ રજુ કરવાનું બની શકે તેને માટે એટલું પણ કહેવાની જરૂર છે કે અગાઉ કહ્યા મુજબ તેઓ ધર્મ કરણી કરવાને ઉદ્યમવંત થતા નથી. એટલુંજ નહિ પણ આ ધર્મના કાર્યોમાં પણ પ્રવૃતિ કરતા આંચકો ખાતા નથી અને તે કારણને લઇનેજ કન્યા વિક્રય અન્યાય યુકત વર્તન (ઓછું આપવું અને અધિક લેવું) અસત્ય બેલવાપણું ઇર્ષા વિગેરે અનેક દુર્ગુણોને તેઓમાં વાસ મળે છે. આ ઉપરથીજ "નવરો બેઠો સત્યાનાશવાળે"! એ કહેવતને જન્મ મળ્યો હશે એમ અનુમાન થઇ શકે છે. અપંગને, ગરીબોને, જે કાંઈ નની જેવી રકમ મદદ દાખલ આપવામાં આવે તેમાંથી પણ દલાલી ખાનારા મનુષ્યો નજરે પડે છે. એપણ સમયની બલિહારી નહીંતો બીજું શું?

ખાનદાન કુટુંબમાં જન્મેલા બાળપણથીજ ગર્ભ શ્રીમંતને યોગ્ય દરેક પ્રકારના સાધનની અનુકુળતાએ સુખ ભોગવતા આવેલા મનુષ્યોને ભાગ્યદેવીના પ્રતિકુળ આચરણથી જોત જોતામાં પાયમાલ સ્થિતિમાં આવી જતા આપણે જોયા છે. લોક લજ્જાના ભયે, શરમના લીધે પોતાની વાસ્તવિક સ્થિતિનું કથન કરવાની પણ તેઓ હીમત ધરી શકતા નથી. તોપછી હાથ લાંબો કરી તેઓ યાચના કરવા નીકળે તેની આશાજ કેમ રાખી શકાય? વખત વખતનું કામ કર્યો જાય છે. લક્ષ્મી ચંચળ છે. આજછે અને કાલે નથી પુણ્યના યોગ્યે કદાચ ધનવાન બન્યો તો એમ સમજવાનું નથી કે ગૃહસ્થાઇ આપણને કોઇએ પેઢી ઉતાર લખી આપેલી છે. ચડતી તેમજ પડતી દરેક મનુષ્યની તથા પ્રજાની થયા કરે છે. આ હેતુ માટે આ વર્ગ તરફ ખાસ લક્ષ આપવાની જ-

રૂર છે. તેઓની સ્થિતિ છુપી રીતે જાણી તેમને ખાનગી મદદ કરવાને તૈયાર રહેવું જોઇએ. વળી આપણા શાસ્ત્રમાં પણ કહેલું છે કે ગુપ્ત દાન કરનાર જાહેર રીતે દાન કરનારના કરતાં વિશેષ પુણ્ય ઉપાર્જન કરે છે. ગુપ્તદાન કરનારને પોતાની વાહ વાહ કહેવરાવવાની, કીર્તિ મેળવવાની અપેક્ષા હોતી નથી પરંતુ જાહેર રીતે દાન કરનારનું લક્ષ ઘણે ભાગે યશોગાન ગવરાવવા તરફ હોય છે જૈન સમાજનું યથાર્થ રીતે અવલોકન કરનાર ખુલ્લી રીતે અનુભવે છે કે ઘણી ખરી ટીપો તથા ફંડોમાં જે નાણાં ભરાતાં આપણે જોઇએ છીએ તેમાંનો ઘણોખરો મોટો ભાગ માત્ર દાક્ષિણ્યતાથી અથવા કીર્તિની અપેક્ષાએ યાને હોંસાતુસીથી ભરનારા હોય છે. મનના ઉલ્લાસથી હિતબુદ્ધિથી સારા માર્ગે પૈસાનો વ્યય કરનારાઓની જુજ સંખ્યા નજરે પડે છે. પોતાની કોમનાજ લાભને માટે નહીં પરંતુ સમસ્ત હિંદીઓના લાભને માટે ત્રીસ લાખ રૂપીયા જેટલી મોટી રકમ સખાવતમાં આપનારા જમશેદજી નશરવાનજી તાતા જેવા દાનવીર પુરૂષો બહુજ થોડા મળી આવે છે. તે જોતાં અન્ય કોમ સુધી પોતાનો હાથ ન લંબાવે તો ખેર પરંતુ "જૈનોદ્ધાર" જેવા કામમાં આપણા ધનિકોએ પોતાના ઉદારતાનો લાભ પોતાના સ્વધર્મી બંધુઓને ખસુસ રીતે મોટા પ્રમાણમાં આપવો જોઇએ.

લાંબા વખતથી આપણું ધ્યાન ખેંચી રહેલ કન્યા વિક્રય નામના દુષ્ટ રિવાજ સિવાય બીજા ઘણા હાનિકારક રીવાજો આપણી આર્થિક સ્થિતિની અવનતિને આભારી છે. દિન પ્રતિદિન પૈસા સબંધી સ્થિતિમાં આપણે ઘસાતા જઇએ છીએ ગત દશ વર્ષમાં ધનિક થયેલાની સંખ્યાના કરતાં નિર્ધન થએલાની સંખ્યા પ્રમાણમાં ઘણીજ વધારે છે અને જ્યાં સુધી સ્વદેશી હીલચાલ સંપુર્ણ રીતે પગભર થવા પામે નહિ આપણા દેશના સ્થાનિક ઉદ્યોગની પુરતી ખીલવણી થઇ શકે નહિ ત્યાંસુધી ગામડામાં તથા નાના નાના શેહેરોમાં આપણા સ્વામી ભાઇઓ આળસને લઇને વડીલોપાર્જીત મીલકતના વ્યાજમાંથી તથા મુળ રકમમાંથી વિધવાઓની માફક પોતાનો નિર્વાહ કરે જાય તેથી ઘણા અનિષ્ટ પરિણામો આવવાનો સંભવ છે. આવી રીતના બેઠા બેઠા ખાનારાઓની સંતતિ કેવી નીવડશે તે ખ્યાલ કરવો પણ મુશ્કેલ થઇ પડે છે. તેઓની ઉદાર વૃતિ એટલી બધી સંકોચાઇ જાય છે તથા લોભ વૃતિ એટલીબધી વધી જાય છે કે ધાર્મિક ક્રિયામાં જોડાવાનો હેતુ પણ કેટલેક અંશે તેઓની બાબતમાં રૂપાંતર પામે છે અથવા પ્રધાન હેતુ તે ગૌણ થઇ જાય છે. પારલૌકિક લાભ તરફ દ્રષ્ટિ નહિ રહેતાં ઐહિક લાભ જેવાકે પ્રભાવના મળશે યાતો જમવાનું આમંત્રણ મળશે તે તરફ ધ્યાન દોડે છે. તેથી ધર્મિક ક્રિયાનું મહત્વ રહેતું નથી પરંતુ ઉકત કારણોને લીધે ઉપાશ્રય તથા દેરાસર જેવા સ્થળોમાં પ્રભાવના લ્હાણી જેવા પ્રસંગે, જરાપણ શાંતિથી કામ નહિ લેવાનું હોવાથી લોભ વૃત્તિની પ્રબળતાને લીધે ધીરજ રાખવી મુશ્કેલ થઇ પડવાથી ખસુસ કરીને સ્ત્રીઓનો દેખાવ અજ્ઞાનતાને લીધે વિશેષ દયાજનક અને તે સાથે હાસ્યજનક થઇ પડે છે. લુંટા લુંટ થતા દેખાવો આપણી અજ્ઞાનતા તથા દરિદ્રતા નહિંતો બીજું શું સૂચવે છે! ઉકત સ્થિતિનો વગર ઢીલે અન્ત આણવાને વિશેષ જ્ઞાનના ફેલાવાની સાથે સ્વામી ભાઇઓની આર્થિક સ્થિતિ સુધરે તેવા ઉપાયો યોજવાની જરૂર છે. આવાજ કાર-

વૃતિ તરફ લક્ષ રાખી ધર્મ ક્રિયામાં પ્રવર્તે છે. એટલુંજ નહિ પરંતુ ધર્મ ભ્રષ્ટ થઇ અન્ય ધર્મ સ્વીકારવા પણ તેઓ તૈયાર થઇ જાય છે. જે વર્ષ સમગ્ર ભારત વાસીઓને બીહામણા દુકાળનું હતું તેજ વર્ષ ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરનારા પાદરી વર્ગને મીશન ખાતાને એક રીતે આનંદદાયી સુકાળ રૂપ નીવડયું હતું. તેઓ પોતાના ધર્મના ઝુંડા નીચે આવવા હજારો બલ્કે લાખો નિરાશ્રિતોને જીવતદાન આપી લલચાવી શકયા હતા આપણી માફક તેઓ ઠાઠમાઠથી વરઘોડા ચઢાવવાથી કે અન્ય ધામધુમોથીજ પોતાના ધર્મની ઉન્નતિ થશે એમ સ્વપ્નામાં પણ ખ્યાલ કરતા નથી. પરંતુ પોતાના મત કબુલ રાખનારાઓની સંખ્યામાં વધારો થવાથજ ફતેહ માને છે તેવા લોકો આખી દુનીઆને પોતાના સતત પ્રયાસથી ક્રીશ્ચિયન બનાવવાની ઉમેદ રાખે. ( જો કે તે થવાનો મુદલ સંભવ નથી ) તેમાં આશ્ચર્ય શું? તેઓના દાખલાથી શું આપણે સમજવું જોઇતું નથી ! અનેક પ્રસંગોએ આપણે પુષ્કળ દ્રવ્યનો વ્યય વિવેક બુદ્ધિના અભાવે ઉતમ લાભ મળે તેવી રીતે નહિ કરતાં ઉખર જમીનમાં વાવવાની માફક આંખો મીચીને કર્યા જઇએ છીએ તો હવે શું ચેતવું જોઇતું નથી? અન્ય પુરૂષોને આપણા મઝ-હબમાં લાવવાની વાતતો હાલ તુરત માટે કદાચ આપણી નજર પાસેથી દુર રાખીએ (જો કે તે સ્વાલ છોડી દેવા જેવો તો નથી) તોપણ આપણા જૈન બંધુઓને અન્ય ધર્મમાં વટલી જતાં અટકાવવાનો સ્વધર્મમાં દ્રઢ કરવાનો, દ્રવ્યની સહાયથી તેમજ એક સ્થળેથી બીજે સ્થળે વિહાર કરનાર આપણા પૂજ્ય મુનિ મહારાજાઓના ઉપદેશની મદદથી સતત પ્રયાસ કરવાની આવશ્યકતા છે. આ બાબત આવા બારીક સમયે દેશની તમામ પ્રજાના જાગૃતિના સમયે જો આપણે નહિ ઉપાડી લઇએ તો પછી કયારે ઉદ્યમ કરીશું તે કહી શકાતું નથી. જૈનોની આર્થિક સ્થિતિ દિન પ્રતિદિન નબળી થતી જાય તથા આપણી સંખ્યા ઘટતી જાય તો પછી લખલુટ દ્રવ્ય ખર્ચીને કરેલ પુસ્તકો દ્ધાર તથા જીર્ણોદ્ધાર તે કોના માટે? જૈનોદ્ધારના સવાલને એક બાજુએ ધકેલી પાડીને જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કર્યા જઇએ એટલુંજ નહિ પણ નામના કીર્તિની ઇચ્છા રાખ-નારા કેટલાએક જૈન ભાઇઓના મનસ્વી તરંગોને સંતોષ આપવાની ખાતર ભવિષ્યનો વિચાર કર્યા વગર જે જગ્યાએ બે ત્રણ દેરાસરો હોય તેવી જગ્યએ નવીન દેરાસરો બંધાવ્યે જઇએ તથા પુસ્તકોદ્ધારનું કામ ધમધોકાર આગળ ચલાવ્યે જઇએ તે શું થોડે અંશે ભવિષ્યની જૈન પ્રજાને તેઓના ગજા ઉપરાંત ભાર વહન કરવાનું કાર્ય આપણે વારસામાં આપી જઇએ છીએ એમ કહી શકાય નહિ? જુદા જુદા તીર્થ સ્થળોએ થતી આશાતનાને પહોંચી વળવાને આપણે પુરી (જોઇતી) શકિત બતાવી શકતા નથી તોપછી ભવિષ્યની સ્થિતિને માટેતો કહેવુંજ શું? ઉકત સંજોગોની હયાતિમાં જૈનોદ્ધારના સવાલને ખાસ પ્રથમ પદ આપવાની જરૂર છે.

# જૈન સમાચાર.

**મુનિરાજ શ્રી મોહનલાલજીનો સ્વર્ગવાસ**—મુનિરાજ શ્રી મોહનલાલજી, ચાંદપુર આગ્રા, કે જ્યાં તેમની જાગીર હતી, ત્યાં સંવત ૧૮૮૭ માં બ્રાહ્મણ કુળે જન્મ્યા હતા. કાશી વિગેરે સ્થળે તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. તેમણે મક્ષીજી પાર્શ્વનાથના તીર્થમાં સોળ વર્ષની ઉમરે યતિ રૂપચંદજી પાસે યતિ દીક્ષા લીધી હતી. તેમના પિતાજીનું નામ બદારમલજી હતું તથા માતુશ્રીનું નામ સુંદર હતું. સત્સંગ, શાસ્ત્ર અભ્યાસ તથા વૈરાગ્યના યોગે સંવત ૧૯૨૭ માં શ્રી સંભવનાથ સ્વામી પાસે સાધુ દીક્ષા લીધી હતી. સંવત ૧૯૪૭ સુધી જૂદે જૂદે સ્થળે વિહાર કરી તેઓ ૧૯૪૭ માં મુંબઈ પધાર્યા. મુંબઇ અને તેની આસપાસનો ભાગ ઘણે ભાગે માંસાહારી હોવાથી તે વખત સુધી કોઇપણ જૈન મુનિરાજ મુંબઇ પધાર્યા નહોતા. મુંબઇમાં સર્વ વિભાગો મળીને આશરે ૩૦ હજાર જૈનો રહે છે; સુરતી, કચ્છી, વિગેરે કેટલોક ભાગ સારો શ્રીમાન પણ મુનિ સમાગમને અભાવે ધર્મ ક્રિયામાં શિથિલ હતો, તેના હિતને માટે આ મુનિરાજ પહેલા મુંબઇપર ઉપકાર કરનારા થયા. તેમને પગલે ચાલીને હાલ બીજા મુનિરાજો પણ મુંબઇપર ઉપકાર કરે છે. પુણ્યકાર્ય શરૂ કરનારને, તેમને પગલે ચાલીને પુણ્ય કરનારના પુણ્યનો અમુક ભાગ મળે છે, તે જોતાં પાછળના મુનિરાજોએ મુંબઇપર જે ઉપકાર કર્યો છે, તેમાં મુનિરાજશ્રી મોહનલાલજીનો પણ હિસ્સો છે. તેમના પરિવારમાં ૩૫ શિષ્ય અને ૬૫ ગુરૂણીજીઓ હાલ વિદ્યમાન છે. તેઓ બાળ બ્રહ્મચારી હતા, તેથી તેમનું તેજ વૃદ્ધાવસ્થા સુધી ટકી રહ્યું હતું. તેઓનું જ્ઞાનબળ બહુ સારૂં હતું. આવા અનેક ગુણયુકત મહારાજ સુરતમાં ચૈત્ર વદ ૧૨ ના રોજ કાળધર્મ પામ્યા છે તેમના પુણ્યાર્થે શેઠ નગીનદાસ ઝવેરચંદે, રાય બહાદુર બદ્રીદાસજીની ઇચ્છાનુસાર, સમતશિખરજીની ટુંકો આસપાસ ગઢ કરાવવા માટે, એક લાખ રૂપિયા આપવા ઇચ્છા દર્શાવી છે. મુંબઈ છોડતાં તેમણે જે છેલ્લું વ્યાખ્યાન લાલબાગમાં આપ્યું હતું, તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. તેમનો એ ઉપદેશ એટલોજ હતો કે વ્રત લેજો, વ્રત લીધા પછી પાળવામાં ઢીલા થશો નહિ અને ધર્મધ્યાન હમેશાં શકિત મુજબ કરજો. આવા મુનિરાજનો ૭૮ વર્ષની પુખ્તવયે કાળધર્મ થતાં જૈન કોમ ઘણી દિલગીર થઇ છે, તે બતાવે છે કે ધાર્મિક જીવનજ ખરૂં જીવન છે, તેને યોગ્ય માન મળે છે, અને બની શકે તેટલે અંશે તે આદરવા યોગ્ય છે.

**પાઠશાળા**—વટાદરામાં શ્રી જૈન શ્વેતાંબર પાઠશાળા ખુલ્લી મુકાઇ છે.

**ઉપદેશક ટોકરસી નેણસીનો પ્રવાસ**—ઝાલોર તા૦ ૧૫–૩–૦૭ **ખાંડપમાં** ૧૦૦ ઘર છે. ત્યાં દર્શન કરવા, સ્ત્રી ધર્મ પાળવા, અન્ય જાતિની ચલમ ન પીવા કબુલ

કરાવ્યું. તેઓએ સ્કુલ ઉઘાડી રૂ. ૧૦ ની માસિક મદદ આપવા કબુલ કર્યું છે. ત્યાંથી **ભવરાણી** આવ્યા. ઘર ૨૦ છે. નિશાળ ઉઘાડવાના ઠરાવ સિવાય ખાંડપ પ્રમાણે બીજા ઠરાવ કરાવ્યા. ત્યાંથી **દેવાસ** આવ્યા. ત્યાં પણ ઉપર પ્રમાણેજ ઠરાવો થયા. ત્યાંથી **પચભદ્રા** અને પછી **જસોદ** ગયા. જસોદમાં જૈનોના ઘર ૧૦૦ છે, પણ મોટો ભાગ ઢુંઢીયા થઇ ગયા છે. મંદિર નવિન શિખરબંધ કરાવેલ છે, પણ બે તડ પડવાથી ઘણાં વર્ષ થયાં તોપણ પ્રતિષ્ઠા થઇ નથી. તડ પડવાનું કારણ જમણવાર પ્રસંગે મારવાડ રાજ્ય તરફથી લેવાતા લાગાનું છે. દેરૂં એક જુનું નાનું છે. ત્યાં પ્રતિમાજી ઉપર ઉધેઇના પોપડા જોયા. કોઇ દર્શન પુજા કરે નહિ. પુજારી મરજીમાં આવે ત્યારે ઠીક પડે તેમ કરી જાય. પંચોને કહ્યું પણ ઢુંઢીઆ થઇ ગયેલા હોવાને લીધે તથા તડને લીધે કાંઇ બની શક્યું નહીં. એક ગૃહસ્થે સફાઇ રાખવા વચન આપ્યું છે. આ ગામમાં કોન્ફરન્સનો ઉદ્દેશ સમજાવ્યો. ત્યાંથી **સમદડી** આવ્યા. ત્યાં પણ ૧૦૦ ઘર છે. સભા કરી સમજણ આપી. લગ્ન પ્રસંગે દારૂખાનું નહિ ફોડવા ઠરાવ થયો. બીજી બાબતો ફરી પંચ મેળવી વિચારીને કરવા કહ્યું. ત્યાંથી **રાખી** આવ્યા. જૈનોના ૨૫ ઘર છે. તદન અજ્ઞાન ખેડુ વર્ગ છે. એક ઉપાશ્રયમાં ઓખલામાં પ્રતિમાજી છે. તેમની પાસે હાથ જોડી બાપજી પગે લાગું એટલું બોલે. દર્શન વિધિ કંઇ સમજતા નથી. ઝાલોરમાં પાઠશાળા સ્થપાઇ. વાર્ષિક ખર્ચ માટે રૂ. ૪૦૦) ની ગોઠવણ થઇ. પાંજરા પોળમાં વ્યવસ્થા નહોતી, તથા તેના લાગાના રૂપિઆ જૂદા જૂદા ગામોમાંથી એકઠા થઇને જોધપુર દરબાર પાસે રહેલા હતા તે માટે મહેનત કરવાનું હુકેમ સાહેબે વચન આપ્યું. વિવાહમાં દારૂખાનું તથ વેશ્યાનો નાચ બંધ કરવા ઠરાવ થયો. કન્યા અને વરપક્ષે પાંજરાપોળમાં એકેક રૂપિઓ લાગાનો આપવા નકી થયું. એ ત્રણ ગામોમાં પ્રાથમિક કેળવણી ફરજીઆત થઇ, પણ કોન્ફરન્સે માસિક રૂ. ૫ ની મદદ આપવી જોઇશે. **વાગરા**માં પરદેશી ખાંડ તથા કેશર, લગ્ન પ્રસંગે દારૂખાનું ફટાણા, હોળીના બિભત્સ ગીતો, મૃત્યુ પાછળ પ્રભાતે રોવાનું વિગેરે હાનિકારક રીવાજો બંધ કરવાના ઠરાવો થયા

સીયાણા તા૦ ૨૬-૪-૦૭—અહિં પણ વાગરાની જેવા ઠરાવો થયા.

**અજમેર** ૨-૫-૦૭—કાનધર, મંડવારીઆ, દેલદર, બરકુટ, અટવાડીયા, પોશાલીયા અને શિવગંજ એ ગામોએ ગયોછું. પોશાળીયામાં ૭ થી ૧૨ વર્ષ સુધી દરેક જૈન છોકરાને ફરજીઆત કેળવણી આપવા ઠરાવ થયો. ૧ શિક્ષક કોન્ફરન્સના ખર્ચે તથા ૧ ગામના ખર્ચે રાખવા નકી કર્યું. સ્વદેશી ખાંડ તથા કેશર વાપરવા, દારૂખાનું, નાચ, ફટાણા, પ્રભાતે રોવું કુટવું અને હોળીના ગીત બધ કરવા, રોટી વ્યવહારના માણસો સિવાય ચલમ નહિ પીવા, એક વર્ષથી વધુ શોક નહીં રાખવા ઠરાવો થયા. સંસારિક પ્રસંગોએ ફજુલ ખર્ચો કમી કરી જીવદયા વિગેરે ધાર્મિક કર્તવ્યોમાં પૈસા વાપરવાના ઠરાવે સર્વત્ર થયાછે. **શિવગંજ**માં ઓશવાળનાં ૨૫૦ અને પોરવાડનાં ૨૫૦ ઘર છે. પણ કુસંપ હોવાથી સમજણ આપી તે નિષ્ફળ ગઇ. કશા ઠરાવો થયા નહિ.

**सुधारो**—इसी पत्रके पुस्तक ३ रे, अंक १ ले, माह जानेवारी सन १९०७ के पेज १८ मे ( मेवाडकी स्थिति ) इस मथाले नीचे जो लेख दिया गया हे उस्की असलीहस्त लिखत नकल महान कागजपर दोनो तर्फ लिखी होनेसे हर्फ ठीक समझमे न आकर कितनीक बातोका फेरफार छप गया है ईस्वास्ते सदरहु लेखकी जगे निम्न लेख समझें. वो लेख संक्षिप्त सुधारा होने लायक नही है.

## ॥ मालवेकीस्थिति ॥

गाम बदनावर ( जोकी वडनगरकी पास है ) में दो प्राचीन मंन्दर है एक श्री पार्श्वनाथका हे मूलनायकजी १५४५ के सालका बिगर फणका चमत्कारी हे पहेले कोई सालमे मूलनायकजीकी नासिका खंडत होनेसे अलग रख दियेथे संवत १९५६ की सालमे भादों सुदि ८ अर्धरात्री को मन्दरका द्वार खुलकर बाजे गाजे होते हुवे रोशनी नृत्य गायनके साथ श्री जी व्हांसे चलकर पभाषण परकी प्रतीमाजी दोनु बाजु हठ गई और आप बीचमें विराजमान होगए व नासिकाभी दुरस्त होगई. ये चमत्कार व्हांके सर्व लोगोने देखा. अबभी ऊसमन्दरमें श्रीजीका अतीशय अछाहे पभाषणके पास बाजुकी दिवारसे एक प्रतिमाजी कावग्गी शाम पाषाणकी ३ हाथ ऊंचा नासिका खंडत बिराजमान हे ॥ पुराने मन्दरोंके पथ्थर गामके मकानो सडक कबर तथा अन्यान्य सर्व स्थलमें लगे हुवेहे कोई मुर्तिसमेतकाभी हे जमीनमेसेभी ईसी किस्मके इन्दर, गीजकादिकी कोरणीवाले पथ्थर निकलते है। शेहरके बाहर एक पुराना जैन मन्दर कोरणीवाला हे, उसमें वेश्नवोने महादेव बिठा रखेहे व एक मुर्ति पद्मावतीजी श्रीजी समेत श्याम पाषाणकी १॥ हाथ ऊंची बिराजमानहे जिस्पर ॥ ९० ॥ १२२९ वैशाख सुदि ७ सुक्रे श्री सान्तिनाथको मन्दर श्री वद्धेना पुरे कराया ॥ ईत्यादि लेख हे ॥ इस गामके वास्ते कितनेक लोगोका कहना हे के पहले यहां तुंग्या नगरी थी हालमें श्रावकोके १०० घर आसरे हे ता० २७।१२।०६ को मेने वहां जाकर डिरेक्टरी आदिके वास्ते कोशिसकी परन्तु लोग इन बातोसे बिलकुल अनजान होनेसे तारीख २८।१२ की सुभे सभा करके कोनफरेन्सके ठेरावोपर व मुर्तिपूजापर व अपनी अछी स्थिति केसे होवे, व कन्या विक्रयादिपर ठीक २॥ घंटेतक भाषण दिया १०—१२ गामके श्रावक व कितने अन्यधर्मी आदि २५० मनुष्य हाजिरथे परिणाम संतोषकारक आया कन्याविक्रय न करने व दर्शन पुजा आदिका नीयम हुवा लोग हरैक गावसे १—१—२—२ आदमी महा सभामे

आनेको कहकर १ बजे सभा विसरजन हुई फिर वहांकी डिरेक्टरी व ईन्दोर, धार, हनिजा, बडनगरके जिलेके ६० गामोकी डिरेक्टरीका काम नाथुजी गादियाको समझाकर खर्चा आफिसकी तर्फसे देना मंजूरकर रु० १०) नगद देकर कार्य ऊनको सोंपा.

**केशरीमल**

**माल्वामेवाड**, जैन डिरेक्टरी कलार्क.

## કોન્સફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ.

**કોન્ફરન્સ હેરલ્ડ ખાતું** :—એપ્રિલ ૧૯૦૭

| જ | ઉ |
| --- | --- |
| ૧૧–૦–૦ લવાજમના. | ૦–૧૧–૩ પત્ર વ્યવહારના. |
| | ૦– ૯–૬ ટપાલ ખર્ચ. |
| | ૧– ૫–૩ પરચુરણ ખર્ચ. |
| | ૪૦– ૦–૦ પત્રવ્યવહાર કારકુનને ફેબ્રુઆરી, માર્ચનો પગાર. |
| | ૪૨–૧૦–૦ |

**ડીરેક્ટરી ખાતું** :—એપ્રિલ ૧૯૦૭ માં થયેલો ખર્ચ :—

૦-૧૧-૩ સ્ટેશનરી. ૧–૧–૦ ટપાલ ખર્ચ.
૧૭–૦–૦ કારકુન ૧ ના ફેબ્રુઆરીના પગારના ૪૯–૦–૦ કારકુન ૩ ના માર્ચના પગારના
૨૦૨–૦–૦ અજમેર બ્રાંચ ઓફીસ ખાતે.

૨૬૯–૧૨–૩

**પુસ્તકોદ્ધાર ખાતું**:—એપ્રિલ ૧૯૦૭.

૧૯–૪–૬ એક કારકુનને પુસ્તકોની ટીપ કરવા દીવ મોકલતાં રસ્તા ખર્ચ. ૭૫–૦–૦ મી૦ રત્નજી દેવરાજને માર્ચનો પગાર
૫૦–૦–૦ મી૦ તુકારામને માર્ચનો પગાર.

૧૪૪–૪–૬

**મંદિરોધ્ધાર ખાતું :—**

૨૦૫–૪–૦ લલુભાઇ જેચંદ મારફત મારવાડમાં કાપેડાજીના જીર્ણોધાર માટે.

૨૦૫–૪–૦

**નિરાશ્રિત ખાતું :—**

૨–૦–૦ પીપરમીટની ફેરી માટે ૧ જૈનને.
૫–૦–૦ પીપાડના ગોરજી ચતુરસાગરજીને ઉદેપુર જતાં ગાડી ભાડું.
૩–૦–૦ ફળની ફેરી માટે ૧ જૈનને.
૧૦–૦–૦ લાલબાગ બોર્ડિંગને.

૧૦–૦–૦

**કેળવણી ખાતું :—**

૫–૦–૦ ઇંગ્રેજી ચોથા ધોરણના વિદ્યાર્થીને માર્ચનું વેત્તન.
૫–૦–૦ ગુજરાતી પાંચમા ધોરણની સ્ત્રી વિદ્યાર્થીને માર્ચનું વેતન.
૨૪૦–૦–૦ સુરતની રત્નસાગર વિદ્યાશાળાને કારતકથી માહ સુધીની મદદમાં.

૨૫૦–૦–૦

**કોન્ફરન્સ નિભાવ ફંડ :—એપ્રિલ ૧૯૦૭.**

૮–૧૦–૩ ટપાલ ખર્ચ
૯– ૪–૯ કાગળ વિગેરે.
૯-૧૦-૧૦ મી૦ ન્યાલચંદને માર્ચના દિવસ ૪ ના પગારના.
૨–૩–૨ ગાડી ભાડું તથા પરચુરણ.
૨–૪–૦ તાર ખર્ચ.
૪૦–૦–૦ કારકુનને માર્ચના પગારના.
૫-૧૧-૫ પટાવાળાને માર્ચના ૧૩ દિવસના પગારના.

૭૭–૧૨–૫

:–:૦:–:

# શ્રી ધાર્મિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું.

## જીલ્લા ખેડા તાબાના ગામ બોરસદ મધ્યે આવેલા શ્રી શાન્તિનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી હાલના વહીવટ કર્તા શા. ભાઇલાલ કાળીદાસ વીગેરેના હસ્તકનો સં. ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી સં ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ અમે તપાસ્યો છે. તે જોતાં વહીવટ કર્તા તનને મનથી ખાતાની પુરેપુરી દેખરેખ રાખી વહીવટ સારી રીતે ચલાવતા જોવ.માં આવે છે. ને જેમ જેમ ખામીઓ દેખાતી જાય છે તેમ તેમ બંદોબસ્ત કરી ખાતું દિન પ્રતિદિન સુધારવા તત્પર રહે છે. માટે તેમને પુરે પુરો ધન્યવાદ ઘટેછે, અને આશા રાખીએ છીએ કે આ ખાતાનો વહીવટ હાલના વહીવટ કર્તાના હાથમાં સોંપતી વખતે જેમ કમીટી નીમવામાં આવેલી તેવીજ રીતે કમીટીના હાથ હેઠલ રહેશે ત્યાં સુધી આ ખાતું વીશેષ સુધારા ઉપર આવતું જશે.

આ ખાતાના પ્રથમ સં. ૧૯૫૪ ની સાલ પેલાના વહીવટ કર્તા શા હરગોવન ધનરૂપજીએ ઘણા વર્ષ પર્યંત વહીવટ ચલાવેલ, પણ તે વહીવટના ચોપડા તપાસતાં નામુ જમે ખરચ નહીં નાખતાં ગોટાળા પડતુ થઇ ગએલું દેખાય છે. અને દરેક ખાતા બરાબર ખેંચવામાં આવેલા નથી, તેથી હાલના વહીવટ કર્તાએ કેટલોએક પ્રયાસ કરી એક મોટી રકમ સંઘના માણસો પાસેથી માહીતી મેળવી પ્રથમના વહીવટ કર્તા પાસે લેણી કાઢેલ જોવામાં આવે છે. માટે હાલના વહીવટ કર્તાને ધન્યવાદ ઘટે છે.

આ ખાતાના હાલના વહીવટ કર્તા શા ભાઇલાલ કાળીદાસ કાંઇ પણ અશાતના ન થાય તેના માટે પુરતી કાળજી રાખે છે. ને અમારા તરફથી જે જે સુચનાઓ થઈ તે તર્તજ ગ્રહણ કરી લઇ દેરાસરજીની અંદર વહીવટ કર્તાની જીંદગી હયાત રહે ત્યાંસુધી અમરબતીનું ખર્ચ થાય તે વહીવટ કર્તાએ આપવું કબુલ કરી જે ઉત્સાહ બતાવેલ છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

સં. ૧૯૪૭ પેલાના ચોપડા પ્રથમના વહીવટ કર્તાએ શેઠ વરજીવનદાસ આશારામને ઘરે મુકેલા ને હાલ તેમના કબજામાં હોવાથી જોવામાં આવેલ નથી ને સાંભળવા પ્રમાણે તે ચોપડામાં શા ભોગીલાલ ભાઇલાલ, શા નાથાભાઇ જેઠાભાઇ, શા રણછોડદાસ ઝવેરદાસ વિગેરે ગ્રહસ્થો પાસે અમુક રકમો લેણી છે.

સંવત ૧૯૫૪ પહેલાના વહીવટ કર્તા શા. હરગોવનદાસ ધનરૂપજી પાસે મોટી રકમ લેણી પડે છે. તે ધણીને પુછતાં તે ધણી કોઇ ચોપડા ઉપરથી ઉતારા જેવી બે ચોપડીઓ

લાવી હાજર કરી તેમાં તેમના રૂ. ૧૬૦૦) ની **રકમ** સંવત ૧૯૪૭ માં લેણી બતાવે છે પણ તેનો કંઇ ફેડ નહીં હોવાથી તથા સંઘને પુછતાં તેનો કંઇ પણ જવાબ નહીં મળવાથી તે **રકમ જમે** આપી નથી.

આ વહીવટની અંદર કેટલોએક સુધારો કરવા જેવો છે, તેનું સુચનાપત્ર ભરી આપવામાં આવ્યું છે: માટે આશા છે કે વહીવટ કર્તા ગ્રહસ્થ તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

# જીલે ખેડા તાબે ગામ બોરસદ મધેની શ્રી મુકિતવિજય જૈન પાઠશાળાનો રીપોર્ટ.

સદરહુ પાઠશાળાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા ઓનરરી સેક્રેટરી શેઠ છોટાલાલ બાપુભાઇ તથા ઓશવાળ પંચ કમીટીના હસ્તકનો તા૦ ૯ માર્ચ સને ૧૯૦૫ થી તા૦ ૩૧ નવેમ્બર સને ૧૯૦૬ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે, કારણ તે પહેલાનો હીસાબ છપાઇ ગએલો છે. તે જોતાં અત્રેના વહીવટ કર્તાએ આ પાઠશાળા પોતાનો અમુલ્ય વખતનો ભોગ આપી ઘણાજ સારા પાયા ઉપર લાવી મુકી છે.

પાઠશાળા ઉપર અત્રેના ઓશવાળ પંચની લાગણી સારી જોવામાં આવે છે. પણ તેવીજ લાગણી પોતાની બાળા તથા બાળકોને પાઠશાળામાં મોકલવાની જોવામાં આવતી નથી તે દીલગીર થવા જેવું છે.

પાઠશાળાની અંદર બાળાઓને નૈતિક, ઔદ્યોગિક તથા ધાર્મિક ત્રણે શિક્ષણ સારી રીતે તથા ઉંચા પ્રકારનું આપવામાં આવે છે, તેવું અમદાવાદ સિવાય બીજી જગાએ જોવામાં આવતું નથી.

પાઠશાળાની અંદર શેઠ છોટાલાલ બાપુભાઇ તનમનથી જે પરિશ્રમ લે છે તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

પાઠશાળાના અંગે કંઇક સુધારો કરવા જેવો છે તેનું સુચનાપત્ર ભરી આપવામાં આવ્યું છે, માટે આશા છે કે વહીવટ કર્તા ગ્રહસ્થ તે ઉપર પુરતું ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

# જીલે ખેડા તાબે ગામ બોરસદ મધ્યે આવેલા શ્રી આદીશ્વરજી મહારાજશ્રીના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા સુરચંદ ગોવીંદદાસના, હસ્તકનો સંવત ૧૯૫૯ ના કારતક શુદ ૧ થી સંવત ૧૯૬૨ ના આશો વદી ०)) સુધીનો હીસાબ અમે તપાસ્યો. તે જોતાં વહીવટનું નામું અસલની રૂઢી મુજબ રાખી વહીવટ ચલાવતા જોવામાં આવે છે, પણ ખાતાની જોઇએ તેવી દેખરેખ રાખતા હોય તેમ જોવામાં આવતું નથી.

દેરાસરજીની અંદર પબાસણ ઉપર એક બાજુએ આરસ કામ કરવા માટે ઘણી મુદત થયા ભીંત ખોદે છે, અને તેમાંથી ઉંદર વિગેરે જાનવરો આવી કેટલીએક અશાતના કરે છે તેમજ દેરાસરજીનો ગોઠી પણ બીન કાળજી કામ કરવાથી વધારે અશાતના થાય છે. તેનો તાકીદે બંદોબસ્ત થવાની ખાસ જરૂર છે. આ ખાતાની દેખરેખ હાલના વહીવટ કર્તા એકના હાથમાં કાયમ માટે રાખવામાં આવશે ત્યાં સુધી આ ખાતામાં સુધારો વધારો થાય તેમ લાગતું નથી.

આ ખાતાના વહીવટ કર્તા ન્યાતના અગ્રેસર હોવાથી ન્યાતની અંદરના કોઇપણ ગ્રહસ્થ થતી અશાતના માટે કાંઇપણ બોલી નહીં શકવાથી મોટો ભાગ પુજન કરવા આવતા નથી.

બોરસદમાં વસ્તા દરેક જૈન ( શ્વેતામ્બર ) ગ્રહસ્થોને અમારી વિનય પૂર્વક વિનંતી છે કે આ ખાતાની અંદર થતી અશાતના દુર કરવા તાકીદે ધ્યાન આપી બનતો પ્રયત્ન કરશે કે જેથી આ ખાતું સુધારા ઉપર આવી જાય.

આ ખાતાને લગતો હીસાબ તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચનાપત્ર વહીવટ કર્તા ગ્રહસ્થને તેમજ તડના આગેવાનોને આપેલ છે.

સદરહુ દેરાસરની બંને બાજુની બંને દુકાનો જે શા રણછોડદાસ ઝવેરદાસ તથા હરગોવનદાસ ઝવેરદાસ વાપરે છે, તે સંબંધમાં અમોને કેટલીએક સુચનાઓ થએલ પણ હાલ અમોને તાબીદ હોવાથી તે કામ અધુરૂં મુકી બીજે સ્થળે ગયા છીએ.

સદરહુ ગામમાં પરબડી ખાતાની સારી જેવી આવક આવેલી છે એવી અમોને સુચના મળેલી, પણ પુછતાં હીસાબનો કાંઇપણ પત્તો લાગતો નથી. તે બાબતનો પત્ર વહેવાર ચાલુ છે.

# ગામ ખેડા મધેના નકરા તડના પેટાના દેહેરાસરજી, જ્ઞાન ખાતું અને જૈનશાળા ખાતાનો રીપોર્ટ.

સદરહુ તડના પેટાના ત્રણે ખાતાના વહીવટ કર્તા શેઠ રતનસી હરગોવનદાસના હસ્તકનો સંવત ૧૯૫૯-૬૦-૬૧ તથા ૧૯૬૨ ના આસો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં આ ત્રણે વહીવટના નાણા એક બીજા ખાતામાં વાપરવામાં આવે છે. તથા જૈન શાળાના વહીવટમાં પાઠશાળાની ઉપજ આવે છે, પરંતુ પાઠશાળા બરોબર ચાલતી જોવામાં આવતી નથી. આવી રીતે કેટલીક અવ્યવસ્થા છે. ઉપરના ત્રણે ખાતામાં કેટલોએક સુધારો કરવા જેવું છે તેનું સુચના પત્ર ભરી આપવામાં આવ્યું છે. માટે આશા છે કે વહીવટ કર્તા ગ્રહસ્થ તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

સદરહુ ખાતામાં દેહેરાસરજીના નામનો વહીવટ ચાલે છે, તેના ચોપડા જુદા રાખવામાં આવ્યા છે; પણ તે વહીવટ કોઇ દેરાસરનો નથી ફક્ત દેહેરાસરને નામે પૈસા લઇ એક બીજા ખાતામાં વાપરવામાં આવેછે તે જૈન શૈલીથી સદંતર ઉલટું છે.

# શ્રી સાણંદ મધે આવેલા શ્રી અમીઝરા પાર્શ્વનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ.

શ્રી સાણંદ મધે આવેલા શ્રી અમીઝરા પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા મેહેતા ભાઇચંદભાઈ અમ્રતલાલ તથા મેતા ગફલભાઇ જેમલભાઇ હસ્તકનો સંવત ૧૯૫૯ ના કારતક શુદ ૧ થી સંવત ૧૯૬૨ ના આસો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં વહીવટ કર્તાએ વહીવટનું નામું ઘણુંજ ચોખ્ખું ને સરળ રાખેલ જોવામાં આવે છે. તેમજ દેરાસરની અંદર દરેક બાબતનો બંદોબસ્ત જોઇ ઘણીજ ખુશી ઉપજે છે. માટે વહીવટ કર્તાને ધન્યવાદ ઘટે છે.

અહીં વસતા દરેક જૈન બંધુઓ દરેક ધાર્મિક ખાતાઓ ઉપર જે હાલ લાગણી ધરાવતા જોવામાં આવે છે, તેથી આશા રહે છે કે અહીંના દરેક ધર્મિક ખાતાઓ આગળ

# શ્રી સાણંદ મધે આવેલી શ્રી જૈન વિદ્યાશાળાનો રીપોર્ટ.

શ્રી સાણંદ મધે આવેલી શ્રી જૈન વિદ્યાશાળાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા ગોવિંદજી ઉમેદભાઇ હસ્તકનો સંવત ૧૯૫૮ ના ભાદરવા શુદ ૧૫ થી સંવત ૧૯૬૨ ના ભાદરવા શુદ ૧૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટ કર્તાએ વહીવટનું નામું ચોખ્ખી રીતે રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે. આ ખાતામાં ઉપજ કરતાં ખરચ વધારે થતું જોવામાં આવે છે.

આ ખાતાના માસ્તર શાસ્ત્રી બાપુભાઇ ત્રીભોવન વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા તથા અભ્યાસ ઘણો સારો ને શુદ્ધ થવા દિન પ્રતિદિન પ્રયત્ન કરતા જોવામાં આવે છે.

## શ્રી સાણંદ મધે આવેલા શ્રી અમીઝરા પાર્શ્વનાથજી મહારાજજીના દેરાસરજીને લગતા ખાતામાંના શ્રી વજેઅણસુરના ગચ્છ ખાતાનો રીપોર્ટ

શ્રી સાણંદ મધે આવેલા શ્રી અમીઝરા પાર્શ્વનાથજી મહારાજજીના દેરાસરજીને લગતા ખાતામાંના શ્રી વજેઅણસુરના ગચ્છ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા મગનલાલ હઠીસંઘ હસ્તકનો સંવત ૧૯૫૮ ના ભાદરવા શુદી ૫ થી સંવત ૧૯૬૨ ના ભાદરવા શુદી ૫ સુધીનો હીસાબ અમે તપાસ્યો છે. તે જોતાં વહીવટ કર્તાએ વહીવટનું નામું ચોખ્ખી રીતે રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે. માટે વહીવટ કર્તાને પુરો ધન્યવાદ ઘટે છે.

## શ્રી ગોરજ મધે આવેલા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

શ્રી ગોરજ મધે આવેલા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા મુળચંદ ઠાકરસી તથા શા કાળીદાસ ડુંગરસી તથા શા ડાયાભાઇ મકન તથા શા છગનલાલ પીતાંબર તથા હઠીસંગ મોતીચંદ હસ્તકનો સંવત ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી સંવત ૧૯૬૨ ના ભાદરવા શુદ ૫ સુધીનો હીસાબ અમે તપાસ્યો છે. સુચના મળેલી, વહેવાર ચાલુ છે.

તે જોતાં વહીવટનું નામું અસલની રૂઢી મુજબ રાખી વહીવટ સારી રીતે ચલાવેલ જોવામાં આવે છે. વહીવટ કર્તાઓ વહીવટની પુરેપુરી દેખરેખ રાખે છે, માટે વહીવટ કર્તાઓને ધન્યવાદ ઘટે છે.

આ ખાતાના ઇન્સપેકટર મી૦ જેચંદ ચતુરે આ ગામમાં સંઘ એકત્ર કરી ભાષણ આપી કોન્ફરન્સના હેતુઓ સમજાવ્યાથી આ ગામના સંઘે કોન્ફરન્સના નિભાવ ફંડમાં ઘણા દીઠ રૂ. ૦। દર સાલે ઉઘરાવી કોન્ફરન્સ ઓફીસ ઉપર મોકલી આપવાનો ઠરાવ કર્યો છે. તેથી આ ખાતા તરફથી તેમનો પુરેપુરો આભાર માનવામાં આવે છે.

## શ્રી સાણંદ મધે આવેલા શ્રી પદ્મપ્રભુજી મહારાજજીના દેરાસરજીને લગતા ખાતા મધેના પેટા ખાતામાંના શ્રી કેસર, સુખડ ખાતાનો રિપોર્ટ.

———:o:———

શ્રી સાણંદ મધે આવેલા શ્રી પદ્મ પ્રભુજી મહારાજજીના દેરાસરજીને લગતા ખાતા મધેના પેટા ખાતામાંના શ્રી કેશર, સુખડ ખાતાના શ્રી સંઘ તરફથી; વહીવટ કર્તા મેહેતા ગફલભાઇ સાંકળચંદ હસ્તકનો સંવત ૧૯૫૯ ના કારતક સુદી ૧ થી તે સંવત ૧૯૬૨ ના ભાદરવા શુદી ૫ સુધીનો અમોએ હીસાબ તપાસ્યો છે. તે જોતાં વહીવટ કર્તાએ વહીવટનું નામું ચોખ્ખી રીતે રાખી તેમજ દેશી કેશર વાપરી વહીવટ સારી રીતે ચલાવેલ જોવામાં આવેલ છે. ને કાંઇ પણ અશાતના થતી નથી માટે વહીવટ કર્તાને ધન્યવાદ ઘટે છે.

## ગામ મોરઇઆ મધે આવેલા શ્રી વિમળનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ.

———

શ્રી મોરઇઆ મધે આવેલા શ્રી વિમળનાથજી મહારાજના દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા મેહેતા હઠીસંગ ગોવિંદજીના હસ્તકનો સંવત ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી સંવત ૧૯૬૧ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં વહીવટનું નામું ચોખ્ખી રીતે રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે.

વહીવટ કર્તા વેપારના વિશેષ કામના બોજામાં હોવાથી સંવત ૧૯૬૨ નું સરવૈયું તૈયાર થએલ નથી માટે તે જોવામાં આવેલ નથી.

વહીવટ કર્તા ખાતાની તેમજ વહીવટની બરાબર દેખરેખ રાખે છે. દિન પ્રતિદિન જે જે ખામીઓ દેખાતી આવેછે તેમાં સુધારો કરતા જાય છે. માટે તેમને ધન્યવાદ

## શ્રી સાણંદ મધે આવેલી પાંજરાપોળના પેટા ખાતા મધેની જમીનના વહીવટ ખાતાનો રીપોર્ટ.

શ્રી સાણંદ મધે આવેલી શ્રી પાંજરાપોળના પેટાખાતા મધેની જમીનના વહીવટ ખાતાના વહીવટ કર્તા શા. બાપુભાઇ ડોસાભાઇ હસ્તકનો સં. ૧૯૫૯ ના કારતક સુદી ૧ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ અમે તપાસ્યો છે. તે જોતાં વહીવટ કર્તાએ વહીવટનું નામું ચોખ્ખી રીતે રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે. તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

## શ્રી સાણંદ મધે આવેલી શ્રી પાંજરાપોળનો રીપોર્ટ.

શ્રી સાણંદ મધે આવેલી શ્રી પાંજરાપોળના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા મેહેતા ચતુર કરશન તથા શેઠ ઉજમસી મુળચંદ તથા મેહેતા પદમસી જેઠાભાઇ તથા મગનલાલ હઠીશંગના તરફથી મુનીમ ગાંધી વાડીલાલ ત્રીકમભાઇના હસ્તકનો સં. ૧૯૫૯ ના કારતક શુદી ૧ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો અમોએ હીસાબ તપાસ્યો છે. તે જોતાં વહીવટનું નામું ઘણીજ ચોખ્ખી રીતે રાખ્યું છે. તથા નામાના અંગે પાવતી બુક તથા ઢોરનું આવક જાવકનું તથા મકાન તથા ખેતરાનું સરવૈયું નંબર સાથે તથા નોકરોનું હાજરીપત્રક તથા માસિક સરવૈયા બરાબર રાખવામાં આવે છે. બે શાલ થયા ઢોરોની સંખ્યા વધી જવાથી ઉપજ કરતાં ખરચ મોટી રકમનું થતું જોવામાં આવે છે, પણ ઢોરોની સ્થિતી ઘણીજ સારી જોવામાં આવે છે. તે જોઇ ઘણોજ આનંદ ઉત્પન્ન થાય છે.

આ ખાતાના વહીવટ કર્તા ગ્રહસ્થોમાંના નંબર ૧ ના વહીવટકર્તા મેહેતા ચતુરભાઇ કરશનભાઇ તથા નંબર ૩ ના વહીવટકર્તા મેહેતા પદમસી જેઠાભાઇ તેમજ આ ખાતાના મુનીમ ગાંધી વાડીલાલ ત્રીકમભાઇ આ ખાતું દિન પ્રતિદિન વિશેષ સુધારા ઉપર લાવવા પ્રયાસ કરતા જોવામાં આવે છે તથા પોતાના તાબાનો હીસાબ દેખાડવા તથા બીજાં ગ્રહસ્થોના તાબાના હીસાબ દેખાડવામાં મદદ કરવા માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતાનો હીસાબ તથા ખાતુ અમે તપાસ્યું તેમાં સ્થાવર મિલકતના જમે ખરચ સિવાય કાંઇ પણ ખામી જણાતી નથી.

## શ્રી સાણંદ મધે આવેલા શ્રી પદ્મપ્રભુજી મહારાજજીના દેરાસરજી તથા તેને લગતા પેટા ખાતામાંના શ્રી સાગર ગચ્છખાતાના જ્ઞાન ખાતાનો રીપોર્ટ

શ્રી સાણંદ મધે આવેલા શ્રી પદ્મપ્રભુજી મહારાજજીના દેરાસરજી તથા તેને લગતા પેટા ખાતામાંના શ્રી સાગર ગચ્છ ખાતાના જ્ઞાન ખાતાનો અમોએ સં. ૧૯૫૯ ના ભાદરવા

વહેવારૂ ચાલુ છે.

શુદી ૫ થી સં. ૧૯૬૨ ના ભાદરવા શુદી ૫ સુધીનો હીસાબ તપાશ્યો છે તે જોતાં વહીવટ કર્તા દેરાસરજી તથા જ્ઞાન ખાતાની પુરેપુરી દેખરેખ રાખે છે. અને કોઇ જાતની અશાતના ન થાય તે માટે પુરેપુરી દેખરેખ રાખે છે. તથા નામા સંબંધમાં પણ ચોખ્ખી રીતે રાખવા તથા દેરાસરજીમાં યોગ્ય સુધારો કરવા તથા તારીખે હીસાબ દેખાડવા માટે તેમને પુરો ધન્યવાદ ઘટે છે.

જ્ઞાન ખાતામાં રકમ જમે થઇને તેમાં હજુ પણ વધારો થતો જાય છે. પણ તે કોઇબી જગાએ વપરાતી જોવામાં આવતી નથી માટે તે રકમનો ઉપયોગ કરવો જોઇએ.

## ઝવેરી લલ્લુભાઈ રાયજીના શ્રી અમદાવાદ જૈન હિતવર્ધક ગૃહનો સને ૧૯૦૬ ની સાલનો વાર્ષિક રીપોર્ટ.

આ ગૃહને સંવત ૧૯૬૨ ના પોસ શુદી ૫ તા૦ ૩૧ ડીસેમ્બર સને ૧૯૦૫ ના રોજ ખુલ્લું મુકવામાં આવ્યું છે અને તેના નિભાવ માટે ઝવેરી લલ્લુભાઇ રાયચંદે રૂ ૨૫૦૦૦) ની મોટી રકમ તથા નાગોરી સરાહનું અંદરનું પોતાનું મકાન બક્ષીશ આપ્યું છે.

રીપોર્ટવાળા વરસમાં એકંદર ૧૦૨ જૈની ભાઇઓએ તેનો લાભ લીધો છે જેમાંના ૬૦ સાઠ મીલ વગેરે ખાતામાં ધંધે લાગી ગયા છે. ૨૭ પોતાના વતન વિગેરે સ્થળે ધંધો મળવાથી પાછા વિદાય થયા છે. બાકીના ૧૫ તથા નવા ૧૦ દશ મળી ૨૫ ની સંખ્યા હાલમાં હાજર છે. જેમાંના નવ કાપડખાતામાં બે ટીનખાતામાં બે ફ્રેઇમ ખાતામાં, ચાર ૪ શાળ ખાતામાં બે સુતાર ખાતામાં ચાર બોબીન ખાતામાં અને બે ઇજનેર ખાતામાં ધંધો શીખે છે.

આ ગૃહમાં રહેનાર બંધુઓને ભોજન, સુવા, બેસવાને માટે બિછાનાં ગાદલાં, ગોદડાં, દીવાબતી વિગેરે સઘળું પુરૂં પાડવામાં આવે છે. દરેકને એક એક કલાક ધાર્મિક જ્ઞાન પણ આપવામાં આવે છે.

આ ગૃહના રસોડામાં હાલને માટે બોર્ડીંગના વિદ્યાર્થીઓને દરેક વિદ્યાર્થી દીઠ રૂ. ૪ માસિક લેઇ શેઠ તરફથી સગવડ કરી આપવામાં આવી છે.

આ ગૃહમાં મદદ આપનાર સદગ્રહસ્થોનાં નામ તથા રીપોર્ટવાળા વરસનો આવક જાવકનો આંકડો નીચે મુજબ છે.

અપૂર્ણ.

## અમદાવાદ ખાતે ભરાયેલી શ્રી
## વખતે જુદા જુદા ગૃહસ્થો તર
## કરવામાં આવી

| નામ. | ગામ. | કોન્ફરન્સ નિભાવ ફંડ. | જીર્ણ પુસ્તકોદ્ધાર. | જીર્ણ મંદિરોદ્ધાર. | નિરાશ્રિત ખાતું. | જીવદયા. |
|---|---|---|---|---|---|---|
| શા. તારાચંદ જેતાજી. | અંબાચ | | | | | ૫ |
| શા. મનજી હેમા. | ભાવનગર | ૫ | | | | |
| ડોશી ફુલચંદ જેસીંગ હા. વોલંટીયર હરગોવીંદ ફુલચંદ. | રાણપુર | ૧૦ | | | | |
| શા. દીપચંદ ઝવેરચંદ હા. વોલંટીયર વૃજલાલ દીપચંદ. | સદર | ૫ | | | | |
| શા. ભેરાભાઇ ગોવીંદજી હા. મણીલાલ લલુભાઇ. | સદર | ૫ | | | | |
| બાઇ મહાકોર પરી મગનભાઇ હેમચંદની વિધવા. | અમદાવાદ | | ૩ | ૨ | ૨ | ૨ |
| શા. સાંકળચંદ ઝવેર તથા અમૃતલાલ કેવળચંદ. | હરસોળ | | | | | |
| શા. ઉમેદચંદ ફુલચંદ. | લાડજ | | | | ૫ | |
| શા. અંબાલાલ મણીલાલ. | બારેજા | | | | ૧૫ | |
| શ્રી બીજાપુરના સંઘ તરફથી શેઠ સુનાજી અમીચંદ તથા ગોવીંદજી કસ્તુરચંદ. | બીજાપુર | ૨૫ | | | | |
| મહેતા ચંદરભાણ દેવકરણ. | સાણંદ | | ૧૧ | ૧૦ | ૧૦ | ૧૦ |
| શા. રતનશી લખમીચંદ. | ભાત | | ૧૧ | ૧૦ | ૧૦ | ૧૦ |
| શા. જેઠાલાલ વખતચંદ ભાઇચંદ. | આંતરોલી | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. રાયચંદ તલકચંદ. | સદર | | ૦।≈ | ૦।≈ | ૦।≈ | ૦।≈ |
| શા. બહેચરદાસ હરખચંદ. | સદર | | ૦॥।– | ૦॥।– | ૦॥।– | ૦॥।– |
| શા. જગજીવન જેઠાભાઇ. | સદર | | ૦॥– | ૦॥– | ૦॥– | ૦॥– |
| શા. રતનચંદ જેચંદ. | સદર | | ૦।= | ૦।≈ | ૦।≈ | ૦।≈ |
| શા. સાંકળચંદ પ્રભુદાસ. | સદર | | ૦।≈ | ૦।≈ | ૦।= | ૦।≈ |
| શા. જગજીવન જેસીંગદાસ. | સદર | | ૦॥– | ૦॥– | ૦॥– | ૦॥– |
| શા. મુળચંદ તળકચંદ. | સદર | | ૦।≈ | ૦।= | ૦।= | ૦।≈ |
| શા. છગનલાલ મનસુખ. | સદર | | ૦।= | ૦।≈ | ૦।≈ | ૦।≈ |
| શા. મોતીભા લખમીચંદ. | સદર | | ૦।≈ | ૦।≈ | ૦।≈ | ૦।≈ |
| શા. આશારામ ભાઇચંદ. | સદર | | ૦।≈ | ૦।≈ | ૦।≈ | ૦।≈ |
| શા. આશારામ ન્યાલચંદ. | સદર | | )≡ | )≡ | )≡ | )≡ |
| શા. કેશવલાલ ચકુભાઇ. | બહીએલ | | | | ૧૦ | |
| શા. મોહકમદાસ અનોપચંદ. | અમદાવાદ | ૨૫ | | | | |
| શા. છગનલાલ કીશોરદાસ. | હાથીસણ | | | | | ૩ |
| શા. જીવા હીરા. | બાજરડુ | | | | | |

## પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પ્રથી જુદા જુદા ખાતામાં મદદ તે નીચે પ્રમાણે.

| કેળવણી. | સુકૃત ભંડાર (ચાર આનાની યોજના.) | પાલીતાણા બાળાશ્રમ. | અમદાવાદ શ્રી શેઠ લલ્લુભાઈ રાયજી બોર્ડીંગ | અમદાવાદ કન્યાશાળા | જૈન શ્વે. મ. ફંડ. | સાત ક્ષેત્ર માટે. | કુલ | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| ૨ | | | | | | | ૧૧ | |
| ૫ | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૧૫ | |
| | | | | | | | ૨૫ | |
| ૧૦ | | | | | | | ૫૧ | |
| ૧૦ | | ૨૫ | | | | | ૭૬ | |
| ૧ | | | | | | | ૫ | |
| ૦॥ | | | | | | | ૨ | |
| ૦॥। | | | | | | | ૪ | |
| ૦॥। | | | | | | | ૩ | |
| ૦॥ | | | | | | | ૨ | |
| ૦॥ | | | | | | | ૨ | |
| ૦॥। | | | | | | | ૩ | |
| ૦॥ | | | | | | | ૨ | |
| ૦॥ | | | | | | | ૨ | |
| ૦॥ | | | | | | | ૨ | |
| ૦॥ | | | | | | | ૨ | |
| ૦। | | | | | | | ૧ | |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૩ | |
| | | ૩ | | | | | ૩ | વરસ પાંચ સુધી આપવા છે. |

| નામ | ગામ. | ફંડ-કર-મે આપ રૂ. | ઊજમ પુસ્તકો ફાર. | ઊજમ મંદિર ફાર. | નિરાશ્રિત ખાતું. | જીવદયા |
|---|---|---|---|---|---|---|
| ગાંધી નાહાલચંદ કાળીદાસ. | દશાપુરા | | | | ૧૦ | |
| શેઠ મગનલાલ નરોતમદાસ. | ખેડા | ૧૦ | | | | |
| શેઠ સાકરલાલ મગનલાલ. | નાશિક | | | | ૫ | |
| શા. મુળચંદ પાનાચંદ. | પાટણ | | | | ૫ | |
| શા. જેઠા તલકશી. | લીબડી | | | | | |
| શા. માણેકચંદ જેઠા. | પાલીતાણા | ૨૧ | | | | |
| શા. પ્રભુદાસ જેઠા. | વડતાળ | | | | | |
| શેઠ રવચંદ મુળચંદ. | કટોસણ | | ૨૫ | | | |
| શા. પાનાચંદ લીલાચંદ. | બીલોદરા | | | | | ૧૫ |
| શેઠ રતનચંદ માણેકચંદ. | ઉમેટા | | ૧ | ૧ | ૧ | ૧ |
| શેઠ હીરાચંદ ભાઇચંદ. | ઉમેટા | | ૧॥ | ૧॥ | ૧॥ | ૧॥ |
| શેઠ ખીમચંદ બેચરલાલ. | માતર | | | | | |
| શા. મોતીચંદ પાનાચંદ તથા હીરાચંદ મૂળજી | દેવા | | | | | |
| શા. જેચંદ મુળચંદ. | દેવા | | | | ૨॥ | ૨॥ |
| શા. માણેકલાલ હીરાચંદ. | સદર | | | | ૧ | ૧ |
| શા. છોટાલાલ ડાહ્યાજી. | સદર | | | | ૧ | ૧ |
| શા. સાકરચંદ ખેમચંદ. | સદર | | | | ૧ | ૧ |
| કપાશી માણેકચંદ પાનાચંદ. | ચુડા | ૧૦ | | | | |
| કપાશી સોમચંદ ગુલાબચંદ. | સદર | ૨૫ | | | | |
| કપાશી ગુલાબચંદ ચતુર. | સદર | ૧૦ | | | | |
| પરી. ચુનીલાલ છગનલાલ. | સદર | ૨ | | | | |
| શા. લાલચંદ ફૂલચંદ. | સદર | ૧ | | | | |
| શા. ગોવાજી મોતીજી. | ગોઇમાં | | ૫ | ૫ | ૫ | ૫ |
| શા. હીરાચંદ રતનશી. | કારીઆધરી | ૨ | | | | |
| શા. વીઠલ સુંદરજી. | સદર | ૧ | | | | |
| શા. નારણ વેલશી. | સદર | ૧ | | | | |
| શા. ઓતમ પનજી. | ઝીઝાવદરનાનુ | ૧ | | | | |
| શા. દેવચંદ બાવા. | સદર | ૧ | | | | |
| શા. રતનશી નાગજી. | સદર | ૧ | | | | |
| શેઠ ભીખાચંદ વસ્તાચંદ. | પાટણ | | | | | |
| ધોલેરાવાળા. | ધોલેરા | ૫ | | | ૫ | |
| ડાકટર જમનાદાસ પ્રેમચંદ હા. તેમની ઓરત બાઇ સંતોકબાઇ. | અમદાવાદ | | ૫ | ૫ | ૫ | ૫ |
| શેઠ વીરચંદ ધરમચંદ. | વીરમગામ | ૧૨૫ | | | | |
| શેઠ સાંકળચંદ હીરાચંદ. | ઇડર | | | | ૧૦ | |
| પા. માણેકચંદ મણીલાલ. | અમદાવાદ | | | | ૫ | |
| શેઠ મણીલાલ છગનલાલ. | વીરમગામ | | | | ૧૫ | |
| શેઠ છોટાલાલ વલમજી. | મુંબઇ | | | | | |
| શેઠ રૂપશી દેવજી. | જામનગર | ૨ | | | | |
| શા. ઉમેદચંદ નરશાઇજી. | ખેરલાવ | | ૫ | ૫ | ૫ | ૫ |

| કેળવણી. | સુકૃત ભંડાર (ચાર આનાની યોજના) | પાલીતાણા બાળાશ્રમ. | અમદાવાદ શેઠ લલુભાઇ રાયજી બોર્ડીંગ | અમદાવાદ કન્યાશાળા. | જૈન શ્વે. મદદ ફંડ | સાત ક્ષેત્ર ખાતું. | કુલ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૧૦ | વરસ પાંચ સુધી આપવાના છે. |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | ૩ | | | | | ૩ | વરસ પાંચ સુધી આપવાના છે. |
| | | | | | | | ૨૧ | |
| | | ૧૨ | | | | | ૧૨ | વરસ ૩ સુધી આપવાના છે. |
| | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૧૫ | |
| ૧ | | | | | | | ૫ | |
| ૩ | | | | | | | ૭ | |
| | | ૫ | | | | | ૫ | |
| | | | | | | ૭ | ૭ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૧ | |
| ૪ | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૧ | ચીઠી સાથે રોકડા. |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૧ | |
| | | ૧૦ | | | | | ૧૦ | પાંચ વરસ સુધી. |
| ૫ | | ૫ | | | | | ૨૦ | રોકડા. |
| ૪ | | | | | | | ૨૫ | પાંચ વરસ સુધી આપવાના. |
| | | | | | | | ૧૨૫ | |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૫ | કણબી છે. |
| | | | | | | | ૧૫ | |
| | | ૧૦ | | | | | ૧૦ | પાંચ વરસ સુધી. |
| | | | | | | | ૨ | |
| | | ૨૫ | | | | | ૫૦ | |

# કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ.

**મી૦ અમરચંદ પી. પરમાર શિરોહીથી લખે છે કે :—**

ખેરાળુમાં સભા કરી, પાઠશાળાની પરિક્ષા લીધી અને કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરવા વગેરે બાબત ભાષણ આપ્યું હતું.

વડનગરમાં સભા કરી અને બુઢાના મરણ પાછળ ૨૧ દિન સુધી તેમજ જુવાનના મરણ પાછળ માત્ર વિધવાએ બે માસથી વધારે રોવું નહીં. જૈન વિધિથી લગ્ન કરવાનું ઠરાવ્યું અને તેમજ બહાર ગામવાળાને એવા લગ્ન કરાવવાવાળા મળે તે માટે તેમજ વડનગરમાં ભોજકોની વસ્તી સારી છે તે સારૂ જે કોઇ ભોજક અથવા શ્રીમાળી બ્રાહ્મણ જૈન લગ્ન વિધિ શીખીને પરીક્ષા આપે ને પાસ થાય તો વડનગરના પંચ રૂ ૫) ઇનામ આપે અને સરટીફીકેટ આપે. કોઇ શ્રાવક પાસ થાય તેને માત્ર સરટીફીકેટ આપવું.

**નોટ**—આ કારરવાઇથી લગ્ન વિધિ જાણનારા ઉત્પન્ન કરી શકાશે. હાલમાં તેની ઘણી ખોટ છે.

વળી લગ્નમાં દારૂખાનું નહી ફોડવા બાબત તથા રાતના વરઘોડા નહી ચડાવવાનો, ચકડાની ચીજો, પીંછાની ટોપી, તથા ચામડાના પુંઠા નહિ વાપરવા બાબત પણ ઠરાવ થયા છે. દેવસ્થાનમાં દેશી (કાશ્મીરી) કેશર વાપરવું.

મારી મુસાફરીમાં આશરે ૨૫ સભા ભરી છે અને મેં વીસ ખાતાઓની ભેટ લીધી છે.

ત્યાંથી વીસનગર આવ્યો ત્યાં પન્યાસજી ગુલાબવિજયજી છે. તેઓ પાસે પુસ્તક ભંડાર લગભગ લાખ રૂપીઆથી પણ વધુ કીંમતનો છે. વીસનગર જેવા કોઈ મધ્ય સ્થળમાં જો જૈન પુસ્તકાલય સારા પાયાપર સ્થાપન થાય તો તે તમામ પુસ્તક તેઓ આપી દેવા રાજી છે.

ત્યાં મોટી સભા કરી કેટલાક ઠરાવ કરાવ્યા છે. ઘરના આંગણા આગળજ કુટે એવો ઠરાવ દશાની ન્યાતે કર્યો છે.

# શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળી.

## પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુધ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. મુંબઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીનું અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઈઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમીયા) તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાના પુંઠાથી બંધાવેલુછે. બહાર ગામથી મંગાવનારને વી. પી થી મોકલવામાં આવશે.

મૂલ્ય ફકત રૂ. ૧-૮-૦ રાખવામાં આવેલ છે.

છપાવી પ્રગટ કરનાર

ગિરગામ — શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

મુંબઇ.

---

# શ્રી જૈન ધર્મ પ્રવેશ પોથી.

## ભાગ ૧. ભાગ ૨. ભાગ ૩. ભાગ ૪.

અમારા તરફથી જૈન ધર્મની સીરીઝ બહાર પડવાની છે જેમાંની "શ્રી જૈન ધર્મની પહેલી ચોપડી" એ નામનું પુસ્તક છપાઇ પ્રસિદ્ધ થઇ ગયું છે. જે પુસ્તક-શાળામાં ગુજરાતી પાંચમી ચોપડી સુધી શીખેલા બાળકોને વાસ્તે તૈયાર થએલ છે, ત્યાર પછીના કલાસોને વાસ્તે બીજી, ત્રીજી એ પ્રમાણે પુસ્તકો બહાર પડશે. ગુજરાતી પાંચમી ચોપડીથી ઓછા અભ્યાસવાળાં બાળકોને માટે "શ્રી જૈન ધર્મ પ્રવેશ પોથી" એ નામે પુસ્તકના પહેલો, બીજો, ત્રીજો અને ચોથો ભાગ છપાઇ તૈયાર થાય છે. સદરહુ પુસ્તકોમાં નાનાં બાળકોની રૂચિને અનુકુળ થાય, એવી રીતે મૂળાક્ષરથી માંડીને સાધારણ વાંચનનું જ્ઞાન થાય, એટલો અભ્યાસ રાખવામાં આવશે. શરૂઆતથી જૈન બાળકોની અભિરૂચિ શ્રી જૈન ધર્મ તરફ વળે, અને તેને શ્રી જૈન ધર્મનો પરિચય થાય, એ આ પુસ્તકનો મૂળ ઉદ્દેશ છે. તેને અનુસરી બાળકોની શકિત અનુસારે વાંચન, અને કવિતાના પાઠો આપવામાં આવશે. વિષયને લગતાં બાળકોને પ્રિય થાય, એવાં શ્રી જૈન ધર્મ સંબંધી ચિત્રો પણ તૈયાર કરવામાં આવે છે. જેઓને શાળામાં ચલાવવા માટે, અથવા પોતાનાં બાળકોને માટે પુસ્તક જોઇએ, તેમણે નીચેને શીરનામે મંગાવી લેવું.

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ—પાલીતાણા.

# જૈન ધર્મની પહેલી ચોપડી.

**( જૈન ધર્મ વાંચનમાળાનું પહેલું પુસ્તક છપાઇ બહાર પડયું છે. )**

જૈન ધર્મનું જ્ઞાન બાળકોને સરળતાથી મળે, એ હેતુથી "જૈન ધર્મ વાંચનમાળા" પ્રસિદ્ધ કરવાનો ઠરાવ કર્યો છે. નવકાર મંત્રથી આરંભી બીજા ધર્મ તત્વના વિષયો બાળકોની શક્તિ અનુસાર અને તેમનાથી સમજાય એવી ભાષામાં વર્ણવ્યા છે. વિષયોના પાઠ રૂપે ભાગ પાડયા છે. આ પ્રથમના પુસ્તકમાં પ્રતિક્રમણ, પૂજાવિધિ, જીવવિચાર, આચારોપદેશ, ચારિત્ર, વિગેરે વિષયો સરલ અને વિસ્તારપૂર્વક વ્યાખ્યા કરી વર્ણવ્યા છે. દરેક પાઠને અંતે સારાંશ અને પ્રશ્નો આપવામાં આવ્યાં છે, જે શિક્ષક અને શિષ્ય બંનેને ઉપયોગી છે. આ પુસ્તક તૈયાર કરવામાં મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજીએ ઘણી અમૂલ્ય સહાય આપેલી છે. પુસ્તક ડેમી ૮ પેજી ૧૬૦ પૃષ્ઠનું છે. બાઇંડીંગ પાકું, અને સુશોભિત કરાવ્યું છે. જેનાં આપણા સર્વ જૈન સાધર્મી ભાઇઓને ધર્મજ્ઞાનનો લાભ લેવા બની શકે, તે માટે કિમ્મત માત્ર ૭ આના રાખવામાં આવી છે. નીચેને શિરનામે પત્ર લખવાથી મળી શકશે.

**શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.**

પાલીતાણા.

---

# શ્રી જૈન સંઘને વિજ્ઞપ્તિ.

**દરેક ગામ યા શહેરના જૈન સંઘના અગ્રેસરોને સુચના કરવામાં આવે છે કે જો તેઓના તરફથી માત્ર પોષ્ટ ખર્ચના રૂ. ૦-૩-૦ ત્રણ આના નીચેના શીરનામે મોકલી આપવામાં આવશે તો ત્યાંના શ્રી સંઘના ઉપયોગને માટે મુંબઇમાં ભરાયેલી બીજી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો રૂ. ૦-૧૨-૦ ની કીંમતવાળો રીપોર્ટ અમારા તરફથી ભેટ તરીકે મોકલી આપવામાં આવશે. દરેક જૈન પાઠશાળા, સભા તથા લાયબ્રેરીને પણ ઉકત લાભ આપવામાં આવશે. સંવત ૧૯૬૨ ની સાલનો શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો રીપોર્ટ તથા હીસાબ પોષ્ટ ખર્ચનો એક આનો મોકલવાથી હરકોઇ શખ્સને ભેટ તરીકે આપવામાં આવશે.**

ગીરગામ, મુંબઇ.

આસીસ્ટંટ સેક્રેટરી,

**શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.**

## વિનંતી.

અંક ૨-૩ માં ૪ પાના વિશેષ આપેલ હોવાથી આ અંકમાં ૪ પાના ઓછા આપ.

Registered No. B. 525.

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

पुस्तक ३. जून.

# हेरल्ड.

नम्बर ६. सन १९०७.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरेन्स ऑफिस, मुंबई.

---

विषयानुक्रमणिका.


| विषय | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| નિરાશ્રિત જૈનો; જૈન શ્વેતાંબર મદદ ફંડ ... ... ... | ૧૫૭ | જૈન સમાચાર ૧૭૬, ૧૮૨, | ૧૮૮ |
| મનુષ્યદેહ શાને માટે છે? ... | ૧૬૧ | કૉન્ફરન્સના ઠરાવોનો થતો અમલ | ૧૭૪ |
| મુંબઈમાં વસતા ગરીબ જૈનોની હાડમારી ... ... ... | ૧૬૫ | ધાર્મિક હિસાબ તપાસણી ખાતું | ૧૭૮ |
| આપણું પવિત્ર તીર્થ શ્રી સમેતશિખરજી ... ... ... | ૧૬૯ | અમદાવાદ હિતવર્ધક ગૃહનારીપોર્ટ | ૧૮૨ |
| | | મરહુમ શેઠ જેસીંગભાઈ હઠીસીંગ તથા શેઠ ચાંદમલજી પટવા ... | ૧૮૩ |
| | | ...દાવાદ કૉન્ફરન્સમાં થયેલ ફંડ | ૧૮૪ |


---

वार्षिक मूल्य डाकका मूल्य समेत रु. [illegible]

---

धर्म विजय प्रिंटिंग प्रेस, पायधुनी—मुंबई.

# શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળી.

## પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુદ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. મુંબઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમીયા) તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકના સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકજીનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરની સંખ્યા તથા મકાનની સ્થિતિ વગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાના પુંઠાથી બંધાવેલું છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે.

મૂલ્ય ફકત રૂ. ૧–૮–૦ રાખવામાં આવેલ છે.

છપાવી પ્રગટ કરનાર

ગિરગામ — શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

મુંબઇ,

---

## દઢાછાપનું પવિત્ર કેશર.

### સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ... શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી કેશર પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કોન્ફરન્સના ઉત્પાદક મી૦ ઢઢ્ઢાની છબીનો "ટ્રેડ માર્ક" છે તે ...ચેના સ્થળોએથી મળશે.

મુંબઇ-જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ગિરગામ, માંગરોળ જૈન સભા પાયધુની,

જથ્થાબંધ વેચનાર એકલા માલેક,

જૈન મંદીર સામે
માડવી, મુંબઇ.

...છી દશાઓસવાળા જૈન મહાજન આશ્રિત
સ્વદેશી કંપની.

## ॥ ॐनमः सिद्धेभ्यः ॥

रत्नानामिव रोहणक्षितिधरः खंतारकाणामिव,
स्वर्गःकल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,
पाथोधिः पयसामिवेंदुमहसां स्थानं गुणानाममा,
विसालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥ २१ ॥

**અર્થ:**—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.


# SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

Vol. III.] JUN, 1907. [No. 6.


# નિરાશ્રિત જૈનો અને જૈન શ્વેતામ્બર મદદ ફંડ.

( અનુસંધાન પૃષ્ટ ૧૩૮ થી )

(વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ એલ. બી)

"Their extreme poverty is one of the causes why the Chinese and the Indians have remained in a state of mummified civilisation."

"Every-day necessity is too hideous to allow him to think of any thing else."

"If the poor boy cannot come to education, the education must go to him Material better ment ought to go hand in hand with the education of masses, so that the improvement may be assured and stable."

परिवर्तिनि संसारे, मृतः को वा न जायते ॥
स जातो येन जातेन, याति वंशः समुन्नतिम् ॥

"ધનવાન દેશમાં ઝાઝા ન ધરે અજ્ઞાનની માઝા;
ધન ધુળ વિષે તે ભેળે, ધન જઈ સમુદ્રે રેડે;
ધન પાપ પુંજમાં ઢોળે, ધન ધુવે મુર્ખ રસ હીણે."
"નર રત્ન કંઈ મુજ દેશ વિષે, બહુ આધિ વ્યાધિ ઉપાધિ સહે,
નર રંકની ત્યાં કરવી શી કથા, ધન રાશિ નિરર્થક મુજ પડયા."

જૈનોધ્ધારના સવાલને આપણા કાર્યક્રમના સુચિપત્રમાં જો અગ્રસ્થાન આપવામાં આવે; ઉત્સાહી બુદ્ધિમાન્ જૈનો, સંપત્તિવાન્ ગૃહસ્થો, અનુભવી પુરૂષો તથા યુવાન્ વિદ્વાનો, પોતાના સ્વામી ભાઇઓની આર્થિક સ્થિતિની સુધારણા અર્થે ઘડીભર વિચાર કરી પોતાથી બનતો પ્રયાસ કરે અને તેઓના સર્વ પ્રયત્નો-કોશેશો-ભાગ્યયોગે ફળીભુત થાય તો તેનું, સાધુ પુરૂષે ઇચ્છવા યોગ્ય-પરિણામ એ આવે કે ભવિષ્યમાં સારી સ્થિતિ અનુભવતી આપણી હવે પછીની પ્રજા હાલના કરતાં બમણા જુસ્સાથી, ઉત્સાહથી તથા અનેક ગણા ફાયદાથી પોતાનું ધ્યાન જીર્ણ ચૈત્યોદ્ધારમાં, જીર્ણ પુસ્તકોદ્ધારમાં, નવીન જમાનાને અનુકુળ સંસ્થાઓમાં તથા અન્ય ધાર્મિક તેમજ પારમાર્થિક કાર્યમાં સહેલાઇથી રોકી શકે અને પરંપરાએ આપણે તે પુણ્ય-કાર્યના કેટલેક અંશે ભાગીદાર થઇએ.

સૂક્ષ્મ દ્રષ્ટિથી અવલોકન કરતાં એમ પણ જણાય છે કે જીર્ણ ચૈત્યોદ્ધારને માટે, જો નીમ્ન લિખિત યોજનાને પોતાની કોમના તાત્કાળિક ઉત્કર્ષની અભિલાષા રાખનારા જૈનભાઇઓ અંતઃકરણથી ટેકો આપે અને તેને અમલમાં મેલવાને કોમના અગ્રેસરોને-દેરાસરના ટ્રસ્ટી સાહેબોને યુક્તિ પૂર્વક લલચાવે તો-એક પણ નવું ફંડ ઉઘાડવાની જરૂર રહેતી નથી-અત્ર જીર્ણ ચૈત્યોદ્ધારનો એવો અર્થ થવો જોઇતો નથી કે જેથી પ્રાચીન દીર્ઘકાળ પર્યંત ચાલી શકે એવા મજબુત પાષાણની જગ્યાએ-ચક્ષુરિંદ્રિયને આનંદ આપવાની ખાતર-બહારની શોભાની ખાતર-તથા દરેક રૂતુમાં અગવડ પડે તેવી રીતે-જૈન પ્રજાના લાખો રૂપૈયા આરસ પહાણમાં તથા કડીયા-ચિતારા વગેરેની મજુરીમાં નિરર્થક વપરાય અને સાત્વિક લાભની ગણતરીએ આગળ જવાને-વધવાને બદલે પાછળ પડીએ. પરંતુ જે ચૈત્યો-આપણી પ્રાચીન સમયની જાહોજલાલીનો અચુક પુરાવો આપનારા ચૈત્યો-જીર્ણ હાલતમાં આવી ગયા હોય તથા જ્યાં આશાતના થતી હોય તેવા ચૈત્યોનો તાકીદે ઉદ્ધાર કરવાની જરૂર છે. મુંબઇ, અમદાવાદ, સુરત, પાટણ, ખંભાત જેવા મ્હોટા શેહેરોમાં અત્યારે સંખ્યાબંધ દેરાસરો મોજુદ છે કે જેની અંદર પુંજી લાખો રૂપૈયા કહી શકાય. તેમાંના મુંબઇ જેવા શેહેરના કેટલાક દેરાસરોમાં ખર્ચના પ્રમાણમાં આવક પણ એટલી મહોટી હોય છે કે આવકના વધારામાંથી તથા મુળ રકમના વ્યાજમાંથી, જો મમત્વ તજી દઇ, દેરાસરની પેઢીનો વહીવટ કરનારાઓ યોગ્ય રકમ જીર્ણ ચૈત્યોદ્ધાર પાછળ ખર્ચે તો મહાન્ લાભ થવા સંભવ છે. અફસોસની વાત છે કે ઉક્ત વહીવટ કરનારાઓ, દેરાસરની મીલકતને પોતાનીજ મીલકત સમજે છે અને અન્ય જૈન ભાઇએ તેના સારી રીતે વ્યય થઇ શકે તેવા ઉપાયો લેવાને તેઓને કોઇ પણ રીતે દબાણ કરતા નથી છે. અને આપણે અનેક દાખલામાં જોઇએ છીએ તેમ, માયા દેખી મુનીવર ચળે, ફ-

હેવત મુજબ તે દેવ દ્રવ્યનો ઘણી વખત ગેર ઉપયોગ પણ થાય છે, અને પ્રસંગ મળતાં કેટલાક વહીવટ કરનારાઓ પોતે દેવ દ્રવ્યના ધણી થઈ બેસે છે, કોઈને જવાબ પણ દેતા નથી, તથા હીસાબ કીતાબ દેખાડતા નથી. આને માટે સખ્ત પગલા ભરવાની જરૂર છે. પણ કરે કોણ ? દરકાર કોને ? શું માલેતુંજાર દેરાસરના દેવ દ્રવ્યનો વ્યય જીર્ણ ચૈત્યોધ્ધાર પાછળ કરવાને બદલે, તેનું એવું મ્હોટું ભંડાળ થવા દેવામાં આવે કે જે જાળવવું પણ મુશ્કેલ થઈ પડે અને તેનો શાસ્ત્રોક્ત નિતિએ વિચારતાં ગેર ઉપયોગ થાય તે ભાવિક હૃદયના જૈનો સહન કરી શકે ખરા ? એક દેરાસરનું ફંડ અન્ય દેરાસરને જરૂરની વખતે પણ મદદ કરવામાં પાછી પાની કરે તે આ પાંચમા આરાના સમયનીજ બલિહારી સમજવી.

આવીજ રીતે જ્ઞાન ભંડારને માટે તેમજ જ્ઞાન ખાતાના દ્રવ્યને માટે પણ ઉપરનીજ ***લીલ આગળ કરી શકાય. જ્ઞાન ખાતામાં, ઘણેખરે સ્થળે વધારો માલુમ પડે છે પણ તેના ઉપયોગ શેમાં થાય છે તે એક પ્રશ્ન રહે છે. ઘણે સ્થળે વધારાનો બીલકુલ ઉપયોગ થતો નથી અને જ્યાં જરૂર હોય છે ત્યાં તેમાંથી બીલકુલ સહાયપણ કરવામાં આવતી નથી.

આ સંબંધમાં વધારે લખવા જતાં વિષયાંતર થવાના ભયથી આટલેથીજ વીરમું છું. પરંતુ ક્રિશ્ચનોની તથા આપણી સખાવતોની બાબતમાં, ધર્માદા ફંડોના ઉપયોગની બાબતમાં, નીચે કરેલી સરખામણીથી સમય બદલાતો જાય છે તેની સાથે આપણે પણ સમયને અનુકુળ વર્તન કરવું જોઈએ તેનો કાંઈક ખ્યાલ આવી શકશે. ક્રિશ્ચનો જ્યારે પોતાના ધર્મનો ફેલાવો કરવાના ખાયેશથી, માત્ર અર્ધો કલાકજ પોતાના ધર્મનું શીક્ષણ આપી શકાય તેમ છતાં સ્કુલો, કોલેજો વગેરે સ્થાપી પુષ્કળ ખર્ચ કરે છે, દુકાળ જેવા સમયમાં અનાથાશ્રમ વગેરે ખુલ્લા મુકી હજારો મનુષ્યોને પોતાના મતનો સ્વીકાર કરાવે છે, સેંકડો માઈલ દુર પોતાના ધર્મ ગુરૂઓને મ્હોટા મ્હોટા પગાર આપી ક્રિશ્ચન ધર્મનો ઉપદેશ કરવા મોકલે છે તથા પોતાના ધર્મ પુસ્તકો ઘણીજ જુજ કીંમતે, મફત લોકોમાં છુટથી વ્હેંચે છે ત્યારે આપણે આપણી સ્વતંત્ર સ્કુલો સ્થાપવી તો એક બાજુએ રહી પરંતુ ધાર્મિક જ્ઞાન બરાબર આપી શકીએ તેવી શાળાઓ સ્થાપવાનું તેમજ તેને ઉલટથી ચલાવવાનું કરી શકતા નથી એટલુંજ નહીં પણ મીશન ખાતા તરફથી ચાલતી નિશાળોમાં આપણા બાળકોને આશ્રય લેવો પડે છે, ત્યાં જૈન ધર્મ વિરૂધ્ધના સિધ્ધાંતો તેઓના કુમળા મગજ ઉપર એવી માઠી અસર કરે છે કે આગળ ઉપર તેમને માટે આપણે પસ્તાવાનું કારણ રહે છે. દુકાળ તથા મોંઘવારીના વખતમાં આપણે પ્રતિ... મહોત્સવ તથા અઠાઇ મહોત્સવ તથા જિજમણા પાછળ, તથા શુભાશુભ અવસરે હદ ...ત ખર્ચ કર્યા જઇએ છીએ, અને આપણા ધર્મથી સેંકડો પુરૂષોને વિમુખ થતા ...ચિતે જોયા કરીએ છીએ, આપણા ઉપદેશકોને, સાધુ મુનિરાજને, તેઓ જ્ઞાનવાન ...કે તેવા સાધનો પૂરા પાડવામાં પછાત રહીએ છીએ. જૈન ધર્મના સાહિત્યનો ...ાર થઇ શકે તેવા ઉપાયો યોજવામાં, જેવાં કે ધર્મ પુસ્તકો સસ્તી કીમતે ... આપણ શ્રેણી યોજવી, નિબંધો લખાવવા તથા પ્રાચીન પુસ્તકોને અજવાળામ... લાવવા, વગેરેમાં તદન બેદરકારી બતાવીએ છીએ. આ સઘળું જોતાં સ્પષ્ટ

રીતે માલુમ પડે છે આવી અવ્યવસ્થા દુર કરીને વિચાર પુર્વક, વખતને માન આપીને જો આપણા ધર્માદા ફંડોનો યોગ્ય ઉપયોગ, શાસ્ત્રોક્ત રીતિ મુજબ કરવામાં આવે તો વિચાર શીળ પુરૂષોને ફરિયાદ કરવાનું કાંઇપણ કારણ રહે નહિ. શ્રી શાન્તિનાથજીના દેરાસરના તથા શ્રી ગોડીજીના દેરાસરના ( પાયધુની ) તથા શ્રી અનંતનાથજીના દેરાસરના ( માંડવી ) તથા અન્ય દેરાસરના દ્રવ્યનો વ્યય જીર્ણ ચૈત્યોધ્ધાર પાછળ કરવામાં આવે તો તેમાં કોઇપણ રીતે શાસ્ત્રનો બાધ આવતો હોય તેમ લાગતું નથી તો પછી અત્યારે "જાગ્યા ત્યારે સવાર" એ કહેવત મુજબ શા માટે ન વર્તવું તેનું કારણ સમજાતું નથી.

આ પ્રકારની યોજના જો આપણા માનવંતા દેરાસરોના ટ્રસ્ટી સાહેબો એકે અવાજે ઉપાડી લે તો પછી અન્ય કાર્યો તરફજ આપણું લક્ષ્ય આપવાની જરૂર રહે અને તે કાંઈ નહિ પણ જૈનોધ્ધારનું કામજ હોવું જોઇએ. ગરીબાઇને લીધે, નબળી સ્થિતિને લીધે બીજા પણ સુધારાના કાર્યમાં આપણે આગળ વધી શકતા નથી. આવતી કાલને માટેના ખર્ચની વ્યવસ્થા કેવી રીતે કરશું તે સવાલ આપણું ધ્યાન એટલું બધું રોકે છે કે બીજી કોઇ પણ બાબત ઉપર આપણે લક્ષ્ય આપી શકતા નથી અને તેને લીધે, આપણી સામાજીક તથા રાજકીય સ્થિતિ ઘણીજ અવદશાને પ્રાપ્ત થયેલી છે, ગરીબ માણસ પોતાના છોકરાને મફત કેળવણી મળતી હોય છતાં તે પણ આપી શકતો નથી કારણકે લોભ વૃત્તિ કે જેનો ઘણે ભાગે દરેક મનુષ્યના ઉપર સજડ કાબુ હોય છે તેના લીધે પોતાના બાળકને બાળવયમાંજ, જ્યારે ખાસ કેળવણી આપવાનોજ વખત હોય છે ત્યારે પોતાની સાથે ધંધે વળગાડી દે છે, પોતાના બાળકને, ઉચ્ચ જ્ઞાન મેળવવાને બદલે, નાની ઉમરમાંથીજ જુજ રકમ કમાતો થયેલો જોઇને, ગરીબ સ્થિતિનો પિતા પોતાના મનમાં સંતોષ માને છે. આ લેખની શરૂઆતમાં લખેલ ઇંગ્રેજી વાક્યોનો અર્થ ઉપર કહેલીજ હકીકતનું સૂચન કરે છે અને વિદ્વાન લેખક તરફથી છેવટના વાક્યોમાં એમ પણ પ્રતિપાદન કરવામાં આવેલછે કે ગરીબ વિદ્યાર્થી કેળવણી લઇ શકે તેવી સ્થિતિમાં ન હોયતો, આપણે તેને જોઇતા સાધનો પૂરા પાડવા જોઇએ તથા આર્થિક સ્થિતિની સુધારણાની સાથે સાથેજ પ્રજાવર્ગ કેળવણીમાં આગળ વધવો જોઇએ. અને તેમ થશે ત્યારેજ આપણી ઉન્નતિ મક્કમપણે થઈ શકશે. આ ઉપરથી એવો પણ વિશેષાર્થ નીકળે છે કે નિરાશ્રિતોને આશ્રયનો સવાલ – કેળવણીના સવાલ કરતાં કોઈ પણ રીતે ઓછી અગત્યતા ધરાવતો નથી.

આટલા વીવેચન પછી ઉક્ત સવાલને ખરેખરૂં વ્યવહારૂ સ્વરૂપ આપવાને માટે આપણે શું કરવું જોઇએ તે વીચારવાનું રહે છે. આગળના લખાણમાં સ્પષ્ટરીતે – દાખલા દલીલ સાથે પ્રતિપાદન કરવામાં આવેલું છે કે આપણા દાનવીર ગૃહસ્થોની સખાવતોનો પ્રવાહ તદન જુદી દિશામાં વહેવરાવવાની જરૂર છે. કદાચ પ્રશ્ન ઉદ્‍ભવે કે આપણા શાસ્ત્રોમાં – દેવમંદીરો, જ્ઞાનભંડારો, પુસ્તકોદ્ધાર વગેરે ઉત્તમ ઉત્તમ કાર્યોની પાછળ દ્રવ્યનો વ્યય કરવાને જેટલો આગ્રહ પૂર્વક ઉપદેશ કરવામાં આવેલ છે તેટલો ઉપદેશ બીજા કાર્યમાં વ્યય કરવાને કરવામાં આવેલ નથી. અપૂર્ણ.

# મનુષ્યદેહ શાને માટેછે?

શાહ નરોત્તમ ભગવાનદાસ.

( અનુસંધાન ગત વર્ષ પૃષ્ટ ૩૩૨ )

સાધુજીવન શ્રાવકજીવન કરતાં અતિશય કઠીણ છે. તેમનો દેહ જેમ બને તેમ વધારે ઉપસર્ગ, પરિસહ સહન કરવા માટે છે. શ્રાવકને તેમના પ્રમાણમાં ઘણું ઓછું કસોટીમાંથી પસાર થવું પડેછે. સાધુઓને માટે કંઇ નહિ કહેતાં શ્રાવકોને માટેજ આ વિષય લખાતો હોવાથી તેમનેજ ઉદ્દેશીને હકીકત લખાયછે. કોઇપણ બાબત જરૂર કરતાં વિશેષ કરવાની નથી. મનના, વાણીના તથા કાયાના યોગ જરૂર જેટલા વ્યવહારમાં વાપરી, બીજા ધર્મ કાર્યમાં, આત્મોધ્ધારમાં, સ્વચિંતવનમાં, પરમાર્થમાં વાપરવાના છે. તેમનો ખોટો ઉપયોગ કરવાને કોઇપણ શાસ્ત્ર અથવા ધર્મ આજ્ઞા કરેજ નહિ. મનને ખોટે રસ્તે જતા અટકાવી સારે રસ્તેજ વિચારો કરવાની ફરજ છે. જીભથી સારા શબ્દોજ બહાર કાઢવાના છે. કદી પણ કોઇને ખોટું લગાડનાર શબ્દ બોલવાની જરૂર નથી. શરીરનો પણ એવી રીતે ઉપયોગ કરવાનો છે કે જેથી કોઇને નુકશાન કરનારા થઇએ નહિ, આત્મધ્યાન આનંદથી થઇ શકે, તથા વ્યવહારમાં રહેતા હોવાથી વ્યવહારની ફરજો સારી રીતે બજાવી શકાય, તેવી રીતે તેને પુષ્ટ રાખવું. બચાવમાં રહેવાની ફરજ છે પણ કોઇ ઉપર સામો હુમલો લઇ જવાની ફરજ નથી. સુધરેલી પાશ્ચિમાત્ય પ્રજાઓ ગમે તેવે બહાને નિર્બળો પર સત્તા ચલાવી તેમને દાબી નાખવાનો યત્ન કરેછે તે કુદરતના શાંત, નિયમિત વાતાવરણને ગમેજ નહિ. કૃત્યોનું પરિણામ ક્યારે આવશે તે કહી શકાય નહિ, પણ આવશે એ તો નિશ્ચય. શ્રાવક તરીકે મન, વચન, કાયાનો ઉપયોગ ઉપર પ્રમાણેજ કરવાની આપણી ફરજ છે. એકેને આળસુ બનાવવાના નથી, તેમ તેમનો અતિ ઉપયોગ અથવા દુરૂપયોગ પણ કરવાનો નથી. વચન હમેશાં સભ્ય, શાંત, પ્રિયકર નીકળવાં જોઇએ. મન, વચન, કાયાના સારા ઉપયોગની વાતાવરણમાં સારી છાયા પડેછે, અને તે પ્રતિછાયા પણ સારીજ આપેછે. સામાયક, પૌષધ, વિગેરે જે ધર્મ ક્રિયાઓ શાંત વિચાર, તથા વાણીને પોષનારી છે, તેનું યથા શક્તિ સેવન કરવાથી આત્મા તથા દેહ નિર્મળ તથા શાંત થાયછે. તપ જે કર્મને તોડવામાં અતિશય જરૂરનો છે, તે બાર પ્રકારે થઇ શકેછે. છ પ્રકાર શારીરિક (બાહ્ય) અને છ માનસિક (અભ્યંતર) છે. પહેલા શારીરિક જોઇએ. શારીરિક દેહને અને તેથી મનને અને આત્માને ફાયદો કરેછે. જ્યારે માનસિક મનને અને તેથી દેહને અને આત્માને ફાયદો કરેછે. શારીરિક તપમાં પ્રથમ અનશન આવેછે. આપણે જૈનોને રાત્રે ખાવાનો તદન પ્રતિબંધ છે. શરીરને જોઇતો ખોરાક ( વિશેષ અથવા ઓછો નહિ ) દિવસ દરમ્યાનજ લઇ લેવાનો છે. સૂર્યનાં કિરણોના જેવી શુધ્ધિ કોઇ કરી શકતું નથી. જે ખોરાકમાં સૂર્યનાં કિરણો દાખલ થયાં હોયછે તે શુધ્ધ હોયછે. ખાતી વખતે પણ તેજ ( light ) હોવાથી શુધ્ધિ જળવાઇ રહેછે. શુધ્ધ સાત્વિક ખોરાક ખાવાથી મન

તથા આત્મા શુધ્ધ રહેછે. રાત્રે નહી ખાવાથી મહિનામાં પંદર દિવસના તપનું ફળ પ્રાપ્ત થાયછે. પાંચમ, આઠમ, ચૌદશ એ ત્રણે દિવસો વિશેષ વ્રતવાળા પસાર કરવા યોગ્ય છે. અગીઆરશ તથા પુનમ પણ અમુક અંશે વ્રત સહીત પસાર કરવા યોગ્ય છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ વિશેષ તપ કરનારી હોયછે. વ્રત માટે એટલી તો સંભાળની જરૂર છે કે શરીર શક્તિ હોય છતાં ખોટાઇ કરીને વ્રત કરતાં અટકવું નહિ તેમજ શક્તિ ન હોય તો તણાઇને કરવું નહી. કારણકે તેથી ભાવ ડોળાયછે. અને વખત પર પાપ પણ બંધાય છે. આવી રીતે મહિનામાં ૧૨ દિવસો ઓછો અહાર લેનારા જૈનોમાં થોડાક પણ હોયછે. કાયમ એકાસણા કરનારા પણ કોઇ કોઇ ભાઇઓ હોયછે. પાંચમ, આઠમ, અગીઆરશ તથા ચૌદસના ઉપવાસ કરનારા અમુક ભાઇઓ હોયછે. શરીર શકિત ઘટી જાય, તેવી રીતે આમાંથી કાંઇ કરવાનું નથી. પરંતુ સુખેસમાધિએ થઇ શકે તેટલું અવશ્ય કરવાનું છે. કોમનો દરેક માણસ અમુક કામ કરી કોમની જાહોજલાલી જાળવી રાખવાને અને વધારવાને બંધાયલો છે. તેની આડે આવે તેવી રીતે અનશન તપ કરવાનું નથી. થોડાક વખત નહિ ખાવાથી શરીરના અજીર્ણ વિગેરે રોગો નાશ પામે છે, એ વૈદિક ફાયદો છે. ખાવામાં મન ઓછું હોય તો ધ્યાન લગાવી શકાય છે. ખાવામાં બહુજ લોલુપતા રાખવી નહિ. અનશન તપના બે પ્રકાર છે, સાગારી અને અનાગારી. અસલના વખતમાં જ્યારે શરીરનો બાંધો વધુ મજબૂત હતો, ધાર્મિક વૃત્તિ વધારે તીવ્ર હતી, હિંદુસ્તાનને પર ચક્રનો ભય નહોતો, દેશમાં સંતોષ, શાંતિ અને નિવૃત્તિપરાયણ વૃત્તિ હતી ત્યારે અનાગારી અનશન કોઇ કોઇ સાધુ ગ્રહણ કરતા હતા, એટલે કે કોઇ પથ્થરની શિલા અથવા એવા બીજા એકાંત સ્થાનપર ધ્યાન ધરી ઉભા રહેતા, અને આત્મા દેહથી મુક્ત થાય ત્યાં સૂધી આહાર કરતા નહિ. એ સમયે શરીર બળવાન હોવાથી તથા મનના ભાવ શુભ હોવાથી નિર્જરા થવાનોજ સંભવ હતો, જ્યારે હાલ શરીર નબળું તથા મન સાધારણ સ્થિતિનું હોવાથી અનાગારી અનશન થઇ શકે તેમ નથી તેવા આશયથીજ શાસ્ત્રકારોએ અનાગારી તપ હાલના કાળને માટે નિષિધ્ધ કરેલ છે. હાલ સાગારી અનશન તપજ ( અમુક વખત સૂધીજ આગાર સહિત આહારનો ત્યાગ ) કરવું સલાહકારક છે. બીજો પ્રકાર ઉણોદરી છે. ભૂખ કરતાં વિશેષ ખાવાથી જઠરને પચાવતાં મુશીબત પડેછે, અજીર્ણ થવાનો સંભવ રહેછે, મન તથા આત્માને પણ અસર કરેછે, માટે વિશેષ ખાવું નુકશાનકારક છે. જ્યારે ભૂખ કરતાં ૧–૨ કોળીઆ ઓછું ખાવાથી જઠરને પુરસદ રહેછે, મન તથા આત્મા શાંતિમાં રહેછે. આ બધું વૈદક વિદ્યા પણ સ્વીકારેછે. આપણા શાસ્ત્રકારોએ શરીરને કોઇપણ રીતે અવગણ્યું નથી, પરંતુ બની શકે તેમ શરીર જાળવીને આત્માનો ઉધ્ધાર ઉપદિશ્યો છે. બે કોળીઆ ઓછા ખાવાથી કોઇનું પણ મૃત્યુ થતું નથી. માટે શક્તિ અનુસાર ઉણોદરી વ્રત કરવા યોગ્ય છે. વૃત્તિ સંક્ષેપ એ ત્રીજો પ્રકાર છે. વૃત્તિ બન્ને રીતની હોઇ શકે, માનસિક અને શારીરિક. વૃત્તિસંક્ષેપ કરવી તે પણ, મનની વૃદ્ધિપામતી અસંતોષી વૃત્તિપર જય મેળવવા બરોબરજ છે. આજે તમારી પાસે ૫૦૦ રૂપિઆ હોય તો તમે વૃત્તિસંક્ષેપ કરો કે હવે આનાથી પણ ઓછા, અથવા આટલાજ રૂપિઆ હું રાખીશ. એવી રીતે સાંસારિક ભોગોપભોગના

પદાર્થ પર જતી વૃત્તિઓને સાંક્ષેપતાં આત્મિક – માનસિક – વૃત્તિ વિશાળ થાયછે. સાંસારિક વૃત્તિ લંબાયલી હોય ત્યારે આધ્યાત્મિક વૃત્તિને ટુંકું થવું પડેછે. આગળ જણાવી ગયા છીએ તે પ્રમાણે આત્મિક ઉદ્ધાર લક્ષમાં રાખીનેજ વ્યવહાર શુદ્ધ રીતે નિભાવવાનો છે. મલિન વ્યવહાર મનુષ્ય દેહને ઘણે અંશે કલંકિત કરેછે. માટે જેમ બને તેમ વૃત્તિસંક્ષેપ કરવી એ બહુ જરૂરનું છે. તેનાથી આગળ જતાં સાંસારિક વૃત્તિ ઘટી જાય, એટલે આધ્યાત્મિક વૃત્તિને વિકસવાનો પ્રસંગ મળેછે. વ્યવહારમાં રહેનાર મનુષ્યને વ્યવહાર સરલતાથી ચાલે એટલો ઉદ્યમ કરવાની આવશ્યકતા છે તથા મનુષ્ય તરીકેની ફરજ છે, પરંતુ ઉદ્યમથી મળેલ વધારે દ્રવ્ય પરમાર્થમાં વપરાય તો વૃત્તિસંક્ષેપને બાધ આવતો લાગતો નથી. પુષ્ટિ મળેછે. ખાવા પીવામાં, વસ્ત્ર વિગેરે ભોગોપભોગની વસ્તુઓમાં તથા જરૂરીઆતની સર્વે ચીજોમાં વૃત્તિસંક્ષેપ કરવી એ બહુજ શુભ ફળદાયી છે. વૃત્તિસંક્ષેપ તે એક જાતનો સંતોષ છે. કાયકલેશ એ ચોથો બાહ્યતપનો પ્રકાર છે. બીજા ધર્મોમાં શિયાળામાં નદીના ઠંડા પાણીમાં ઉભા રહેવું ઉનાળામાં સખ્ત તાપમાં ઉભા રહેવું, વિગેરે કાયકલેશ તપનાજ પ્રકાર છે. આપણામાં સૂર્યના ખુલ્લા તાપમાં ઉભા રહેવાનો તપ આતાપના તરિકે ગણ્યોછે. વ્યવહારી માણસો વિશેષે કાય કલેશ સહન કરી ન શકે, પરંતુ તાપ અથવા ટાઢ વખતે અતિશય કોમળ નહિ થઇ જતાં શરીરની જરૂર જેટલી સંભાળ રાખી, શરીર એજ હું છું, અથવા શરીરને કંઇ થતાં કોણ જાણે કેવુંએ ભયંકર દુઃખ આવી પડ્યું હોય, તેવું ન સમજે તો બસ છે. તાત્પર્ય એજ કે શરીરે થોડો થોડો પરિસહ સહન કરતાં શીખવું, કોમળ થઇ જવું નહિ. સંલીનતા એ પાંચમો પ્રકાર છે. અંગને સંકોચી રાખીને બેસવાથી મન સ્થિર થાયછે, ધ્યાન એકાકાર થઇ શકેછે, આત્મિક શુભ અધ્યવસાય ચડતા થઇ શકેછે. શરીરની ચંચળતા મનની સ્થિરતાની વિરોધી છે, માટેજ સામાયક, પોસહ, પ્રતિક્રમણ વિગેરેમાં અમુક નકી કરેલા સ્થાનમાં અમુક સ્થાનકેજ આપણે બેસીએ છીએ. સંલીનતા આવી રીતે વૃત્તિને સ્થિર કરનાર અને પ્રશસ્ય છે. રસ ત્યાગ એ છઠો પ્રકાર છે. અન્નવિના પ્રાણ રહી શકે નહિ, પરંતુ રસ વિના માણસ રહી શકે. દાળીયા મમરા ખાઇને જીવન ચલાવનારા છે. આ પ્રકાર વ્યવહારમાં બહુજ જુજ જણાશે, પરંતુ વૈદક નિયમ પ્રમાણે અમુક થોડી ચીજોનેજ ખોરાક લેવાથી શરીર નિરોગી રહેછે, જ્યારે તેમાં બહુ ઠાંસી ઠાંસીને ભરવાથી જઠરાગ્નિ મંદ પડેછે. વ્યવહારમાં રહેનારા માણસોને રસની જરૂર પડેછે પરંતુ જરૂર કરતાં વધારે તે માટે તાલાવેલી કરવાની જરૂર નથી. અતિથિ મુનિરાજ જેમ કરે તેમ તેમને ફાવી શકે, પરંતુ સંસારી જીવને સંસારમાં રહે ત્યાં સૂધી થોડા પણ રસની જરૂર છે ખરી. રસ ત્યાગથી પણ આહારની લોલુપતા ઘટાડવાનોજ હેતુ લાગેછે. અતિશય આહારથી આળસ થાયછે, અતિશય રસથી વિષયવૃત્તિ વધેછે, માટે બની શકે તેટલો વિગયોનો ત્યાગ કરવો.

**એ** ૭ બાહ્ય પ્રકારો થયા. અભ્યંતર તપનો પહેલો ભેદ પ્રાયશ્ચિત છે. કંઇ પાપ અજાણતાં થયું હોય તેને માટે મનમાં દિલગીરી થાય, જાણીને થયું હોય છતાં પાછળથી ખોટું લાગતાં દિલગીરી થાય એ બે રીતે દિલગીરી થતાં જ્ઞાની ગુરૂપાસે આલોચણા લેવી, એ પ્રાયશ્ચિત છે. કોઇપણ જાતના પાપનું પ્રાયશ્ચિત કર્યાપછી તે, ને તે

પાપ કરવાનું જારી રાખીએ તો આગલું પ્રાયશ્ચિત નકામું જાય છે. માટે નિશ્ચયપૂર્વક જે ખોટું લાગે તે ફરી ન કરીએ ત્યારેજ પ્રાયશ્ચિતની ખરી સફળતા છે. જે સહૃદય માણસોએ કંઇ પાપ કર્યા પછી પસ્તાવો કર્યો હશે, તે માણસોજ પ્રાયશ્ચિતનું ખરૂં રહસ્ય અને તેનાથી થયલું કર્મ કેવી રીતે નબળું પડી જાયછે, વિગેરે સમજી શકશે.

વિનય એ બીજો પ્રકાર છે. આપણાથી ઉત્તમ માણસનો આચાર્ય ઉપાધ્યાય તથા સાધુ વિગેરેનો હુકમ બની શકે તેટલો પાળવો, તેમની ભક્તિ કરવી, બહુ માન કરવું, અવર્ણ વાદ ન બોલવા, આશાતના વર્જવી, તેમને રૂચે તેજ કરવું, બોલવામાં, વર્તવામાં, તેમની મરજી સમજીને ચાલવું, જેમ બને તેમ તેમનું મન દુ:ખાવા ન દેવું એ વિનયતપ છે. વિનય વિના કોઈ પણ ચીજ મળી શકતી નથી, તો આત્મિક જ્ઞાન, જે શ્રેષ્ઠ છે, તે મેળવવા માટે તો ઘણા વિનયની આવશ્યકતા છે. વૈયાવૃત્ય એ ત્રીજો પ્રકાર છે. જેને દરેક માણસ મોટું ગણેછે, તેની સેવા કરવામાં ઉત્તમ પુરૂષો આનંદ પામેછે. ખ્રિસ્તીઓ પાદરીની, મુસલમાનો ઓલમા તથા સૈયદોની, વૈષ્ણવો મહારાજની, સેવાથી આનંદ પામેછે તેવીજ રીતે ભાવિક જૈનો બાળ, વૃદ્ધ, ગ્લાન વિગેરે સાધુ મુનિરાજની સેવા કરીને હર્ષિત થાયછે. તેમને અન્ન વસ્ત્ર વહોરાવવાં, માંદગી પ્રસંગે દરદ ઓછું કરવામાં સહાય કરવી, રહેવા માટે સ્થાન આપવું, વિહારમાં સગવડ કરી આપવી, બધા વૈયાવૃત્યના પ્રકાર છે. જે મુનિરાજ વધારે આત્મરમણતાવાળા, તેમની વૈયાવૃત્યનું ફળ આત્મિક તથા વ્યવહારિક બન્ને રીતે વિશેષ. સંસાર વ્યવહારમાં મનનું ધાર્યું થતાં ઇચ્છા પ્રમાણે બધું મળી રહેતાં જે આનંદ થાયછે, તેના કરતાં પૂજ્ય, સેવ્ય, આદરણીય તીર્થંકરની પ્રતિમા તથા મુનિરાજની સેવાનો આનંદ જૂદીજ જાતનો તથા ચડતા દરજ્જાનો છે, તે અનુભવથીજ માલૂમ પડે તેમ છે. સ્વાધ્યાય એ ચોથો પ્રકાર છે. પ્રતિક્રમણ વખતે જેને આપણે સજ્ઝાય કહીએ છીએ, તે સ્વાધ્યાયનો માગધી શબ્દ છે. સ્વ એટલે પોતાનો, આત્માનો અધ્યાય એટલે ધ્યાન, વિચારણા. સ્વાધ્યાય એટલે આત્મ વિચારણા. તે અનેક શાસ્ત્રોના અધ્યયન વડે થાયછે. ઉપરાંત ક્રોધ, માન, માયા, લોભ, દાન, શિયળ, તપ, ભાવ, વિગેરે ઉપર અકાર્ય ત્યજવાની, તથા કાર્ય કરવાની હિત શિક્ષા આપનાર સઝાયો – સ્વાધ્યાયો – છે. બીજી સઝાયો જે મહા પુરૂષો થઈ ગયા છે તેમણે કેવી કેવી સ્થિતિમાં આત્મ વિચારણા અનુભવી, અનુભવ્યા પછી સંસારનો તથા દેહનો રાગ કેવી રીતે છોડી દીધો, તથા સર્વ કર્મથી રહિત થઇ કેવી રીતે શાશ્વત પદ પામ્યા તે બતાવનારી છે. એ વર્ગમાં ભરત ચક્રવર્તીની, બાહુબળીજીની સ્થુળિભદ્રની વિગેરેની સઝાયો છે. બોલતી વખતે તલ્લીનતા, વિચારણા અને ઉચ્ચ ભાવ થાય તો લાંબા પ્રયાસથી જે ન મળી શકે તે થોડા વખતમાં મળી જાયછે. ભરહેસરની સઝાયને નામે ઓળખાતી સતા સતિના નામો વાળી સઝાય તેમાંના દરેકના ચરિત્ર સહિત, વારંવાર ધ્યાવા જેવી છે. તેમાં જેમ જેમ ઉંડા ઉતરાય છે તેમ તેમ આત્માને અપૂર્વ આનંદ મળેછે. એ પરમ આનંદની કોઇ સાથે સરખામણી થઇ શકેજ નહિ. એનુંજ નામ ખરૂં જ્ઞાન, અને ખરા જ્ઞાનથીજ આત્માનુભવ આત્મરસિકતા, આત્મ તન્મયતા ક્ષણભર પણ થાયછે.

અપૂર્ણ.

# મુંબઈમાં વસ્તા ગરીબ જૈનોની થતી હાડમારી

## આગેવાન ગૃહસ્થોએ કરવો જોઇતો વિચાર.

( અનુસંધાન પાનું ૧૦૭ )

સ્વધર્મ સ્નેહી શાણા બંધુઓ! આપ સારી રીતે સમજો છો કે સુખ એવું છે કે જેનો વખત વહી જતાં વાર લાગતી નથી, અને દુઃખ એવું છે કે અટંકી પુરૂષો પણ તેનો દોર ખમી શકતા નથી, તો પ્રથમ બતાવ્યા પ્રમાણેના આપણા ગરીબ બંધુઓને હમેશાં દુઃખમાં રીબાવું એ કેટલું બધું દયાજનક છે જેનો આપ ખ્યાલ કરશો.

ત્યારે આવા દુઃખી લોકોને તેમના દુઃખમાંથી મુક્ત કરવાની ફરજ કોની છે તે વિચારવું જોઇએ. આ ફરજ અહીં વસ્તા આગેવાન, ધનવાન અને વિદ્વાન ગૃહસ્થોનીજ છે, અને તેઓ આ કામ કરવા ધારે તો હું ધારૂં છું કે જલદીથી પાર પાડી શકે તેમ છે.

આવા લોકોને માટે હાલ તુરતમાં જે સગવડોની જરૂર છે તે એ છે, કે આજ કાલ મુંબઇમાં મકાનોનાં ભાડાં એટલાં બધાં વધી ગયા છે કે માત્ર આંગળીના ટેરવા ઉપર ગણી શકાય તેટલાજ વર્ષમાં અગાઉના ભાડા કરતાં લગભગ બમણા થઇ ગયા છે, અને તે એટલેથીજ નહી અટકતાં હાલમાં કુદકેને ભુસ્કે (ભાડા) વધતા જાય છે; તેવા સમયમાં પ્રથમ તો સસ્તા ભાડાના મકાનો તેમને પુરા પાડવા તરફ ધ્યાન દોડાવવાનું છે, અને તેવા મકાનો પુરા પાડવા સારૂ આપણા ધનાઢયો તરફ આપણે નજર ફેરવવી જોઇએ છે; તેઓના ખાનગી તેમજ આપણી ધાર્મીક સંસ્થાઓના ભાડે અપાતા મકાનો એટલાં બધાં છે, કે જો તેઓ તરફથી સ્વધર્મની લાગણી ખાતર તથા સાધારણ સ્થિતિના પોતાના જ્ઞાતિભાઇઓને મદદની ખાતર સસ્તા ભાડામાં વાપરવા છુટ આપે તો તે બધાને પુરા પડી શકે તેમ છે, છતાં ધારો કે કદાપી તેટલાં મકાનો પુરતાં નથી, તો તે પુરા પાડવા શું તજવીજ કરવી જોઇએ નહી ? આ દુનિયામાં ઘણાં લોકો દરેક કામ પોતાના સ્વાર્થને અંગેજ કરે છે, પરંતુ સ્વાર્થ સંગાથે પરમાર્થ થતો હોય તો આપણા બુદ્ધિવાન ગૃહસ્થોએ એવો લાભ શા માટે લેવો ન જોઇએ? તે લાભ એ છે કે સરકારી પ્રોમીસરી નોટોમાં, લોનમાં, શેરોમાં અગર ડીપોઝીટમાં લાખોને કરોડો રૂપીઆની રકમ કે જેની તેમને હમેશાં જરૂર હોતી નથી, તે રકમ ઘણાં ટુંકા એટલે કે માત્ર ત્રણથી પાંચ ટકા સૂધીના વ્યાજમાં રોકે છે, તેનાં કરતાં જો આવા સાધારણ સ્થિતિના માણસોને મદદ કરવા મોટા મોટા મકાનોમાં વીમો ઉતરાવીને તે નાણાં રોકવામાં આવે તો શું સરકારી કાગળીયાં કરતાં તે કાંઇ ઓછી જામીનગીરી ગણી શકાય ? વળી સરકારી કાગળીયાં કરતાં હાલનાં વધતાં જતાં ભાડાના વખતમાં સસ્તા ભાડાના મકાનો જો જૈનોને આપવામાં આવે તો તેથી બમણા ઉપર વ્યાજ

મળી શકે તેમ છે, માટે આગેવાન ગૃહસ્થો વિચાર કરી પોતાના લઘુ બાંધવોને દુઃખમાંથી છોડાવવા ઉંઘમાંથી જાગો, અને કમર કશી તે બાબત પ્રયત્ન કરો! તમે જો આવા લોકોને દુઃખમાંથી છોડાવવાનો પ્રયત્ન કરશો નહી, તો પછી કરશે કોણ? તેનો પણ વિચાર કરો.

પારસી કોમના આગેવાનોએ અત્યાર અગાઉ ડહાપણ ભરેલા વિચારો કરીને પોતાની કોમના ભલાની ખાતર જુદી જુદી રીતે ઘણી તરેહથી પોતાના સ્વધર્મી ગરીબ બંધુઓને મદદ મળી શકે તેવા રસ્તાઓ કરી રાખ્યા છે તે બધું ધ્યાનમાં લેવા જેવું છે. આ મદદમાં તેઓએ પોતાની કોમને માટે સસ્તા ભાડાના સગવડતાવાળાં મકાનો પુરા પાડવાનું પણ એક ઉત્તમ પગલું હાથ ધરેલું છે, દાખલા તરીકે મી૦ દીનશા પીટીટે રૂપીઆ ૫૦૦૦૦૦) ની ચાલી પોતાનાં ગરીબ બંધુઓને સસ્તા ભાડામાં ઓરડીઓ પુરી પાડવા માટે આપી છે. તેવીજ રીતે એક ભાટીઆ ગૃહસ્થે પોતાની કોમના ગરીબ વર્ગને સસ્તા ભાડામાં ઓરડીઓ મળી શકે તે માટે એક મોટી ચાલી બનાવી છે, તેમાં તે ધણીની મરજી જો કે તેવા ગરીબ માણસોને તદન મફત રહેવા દેવાની હતી પરંતુ તેમ કરવાથી તેમાં કોઇ રહેશે નહી એમ જાણી માત્ર માસીક રૂા. ૧) ભાડાનો રાખી મકાનો આપવામાં આવે છે, કેવી ઉદારતા!

બીજી કોમોના આગેવાન ગૃહસ્થોએ પણ ઘણી જુદી જુદી તરેહથી પોતાના ગરીબ જ્ઞાતિભાઇઓને મદદ કરી છે અને કરે છે, તેવા ઘણા દાખલાઓ મળી આવશે; પરંતુ તેવા બધા દાખલાઓ આપવાની અહીં જરૂર નથી તેથી તે આપવાનું બંધ કરી આપણી કોમના આગેવાનો પ્રત્યે વિનંતિ કરૂં છુ કે આપ સાહેબો આ ઉપરથી વીચાર કરો અને પોતાના સ્વામીભાઇઓને સુખી કરવાનો પ્રયત્ન કરો કે જેથી મહાન પુન્યના ભોક્તા થાઓ.

મારે આ વખતે આપણા મકાનોવાળા ગૃહસ્થો પ્રત્યે ખાસ કરીને એક વિનંતિ કરવાની ભુલી જવી જોઇતી નથી, કે જ્યારે અન્ય કોમના મકાનના માલેકો જૈન જેવી દયાળુ, માયાળુ અને કોમળ હૃદયની કલેશ કંકાસથી સદા દુર રહેનારી કોમને પોતાના મકાનો હમેશાં સારાં રહેશે તેવી આશાએ ભાડે આપવાનું વધારે પસંદ કરેછે, ત્યારે આપણામાંના તેવા મકાનના ધણીઓ જૈન સીવાયની અન્ય કોમને પોતાના મકાનો આપવા ચુકતા નથી, તેમાં દોષ મારા સમજવા પ્રમાણે ઘણે ભાગે તેમના મુનીમો કે જેઓ પરધર્મી હોય છે, અને જેમના હાથમાં તેવા મકાનો ભાડે આપવાની સત્તા હોય છે, તેમનો (જ) હોય છે, તો તે તરફ માલેકોએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. આ સંબંધમાં એકજ દાખલો આપવો બસ થઇ પડશે, કે આપણાં લતામાં આવેલા શ્રીગોડીજી મહારાજના ભવ્ય દેરાસરની બાજુમાં આવેલી તેની મહોટી ચાલીમાં મારા સમજવા પ્રમાણે જૈન સીવાય અન્ય કોમના લોકો આપણી કોમ કરતાં કાંઇ ઓછા પ્રમાણમાં રહેતાં હોય તેમ લાગતું નથી. આનું શુ કારણ હશે? શુ અન્ય કોમના લોકો રહે છે તેના કરતાં જૈનો ઓછું ભાડું આપે છે? જો ઓછું આપતા

ન હોય તો જૈનોને મકાનો ભાડે નહી આપવાનું કારણ શું? ગમે તેમ હોય તોપણ તે જૈન સંઘની મીલકત છે એ નિર્વિવાદ વાત છે, અને તેની અંદર દરેકે દરેક જૈનનો સરખો હક છે; આવી રીતે પોતાનો હક હોવા છતાં તે મકાનો જૈનોને ભાડે નહીં આપતાં બીજાઓને આપવામાં આવે છે, તે કેટલું બેહુદુ છે! જ્યારે આમ છે ત્યારે સાધારણ વર્ગના જૈનોને સસ્તે ભાડે મકાનો પુરા પાડવાનું તો ક્યાં રહ્યું? આ બાબત વીશે ખાસ તે દેરાસરના ટ્રસ્ટી સાહેબોનું ધ્યાન ખેંચવાની જરૂર છે, કે ખોરાકીની ચીજોની, તેમજ બીજી દરેક વસ્તુઓની દુષ્કાળના વર્ષ કરતાં પણ ભારે મોંઘવારીના બારીક સમયમાં બીચારા સાધારણ પગારના નોકરીયાત લોકોની તેમજ હલકી સ્થિતિના લોકોની મોંઘા ભાડાને લીધે શી દશા થતી હશે તે વિચારવા જેવું છે. મહેરબાન ટ્રસ્ટી સાહેબો! આપ બધી વાતે સુખી છો તે પ્રમાણે શું બધા જૈનો સુખી સ્થિતિમાં છે એમ ધારો છો? તેમ કાંઇ નથી, માટે તમે તમારા ઉંડા જીગરથી વિચાર કરો અને તેવા જૈનોને આવા વખતમાં (તમારા હાથમાં આવેલી આ મદદ કરવા લાયક ઉત્તમ તકે) મદદ કરવાને શા માટે ઢીલ રાખોછો. તમે કદાપી ભાડામાં ઘટાડો કરી ગરીબ જૈનોને મકાનો પુરા પાડશો તો તેવા ધર્મબંધુઓનો આશીર્વાદ લેશો, અને તેથી કાંઇ ગોડીજી મહારાજના દેરાસરના સાધારણ ખાતાના ખજાને ખોટ આવવાની નથી. વળી હજારો અને લાખો રૂપીઆ ભેગા કરેલાનો ઘણી વખતે દુરૂપયોગ થઇ જાય છે, તેમ નહી થતાં જૈનના બીજા મકાનવાળાઓને દાખલારૂપ થઇ આ એક ઉત્તમ પ્રકારની યોજના સાથે સદઉપયોગ થયો ગણી શકાશે. હાલના વધતા જતા ભાડાના સમયમાં આપણી વસ્તીવાળા લત્તામાં ઓછા ભાડાથી મકાનો નહી મળતા હોવાથી બીચારા લોકોને સસ્તા ભાડાની ઓરડીઓ મેળવવા માટે મુસલમાનોના લતામાં જઇને રહેવા ફરજ પડે છે, એ શું ઓછું શોચનીય છે? સદરહુ ચાલીના મકાનો જૈનો પોતાને માટે ચાલતા ભાડામાં મેળવવા સારૂં દેરાસરના ટ્રસ્ટી સાહેબોને ખાસ શરમ સીપારસો લગાડીને તજવીજો કરે છે, તોપણ તેના કાર્યવાહકો તે આપી શકતા નથી, એ કેટલું દીલગીર થવા જેવું છે; દાખલા તરીકે મારા સમજવા પ્રમાણે સદર ચાલીની એક જગા ખાસ કોન્ફરન્સની ઓફીસને માટે માંગવામાં આવેલી હતી, અને ટ્રસ્ટી સાહેબોએ દેરાસરના મુનીમને ગમે તે પ્રકારે ખાલી કરાવી આપવા ઘણીવાર કહેલું હતું છતાં તે જગ્યા ખાલી કરાવી તેમને આપવામાં આવી નથી, એ વાત જો સાચી હોય તો મહેરબાન ટ્રસ્ટી સાહેબોને આ બીના ઘણી ખરાબ લગાડનારી ગણી શકાય, કારણકે આપણામાં કહેવત છે કે "ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને પાડોસીને આટો" એ મુજબ કોન્ફરન્સ કે જે એક સંઘની મોટામાં મોટી સંસ્થા ગણી શકાય કે જેમાં તે ટ્રસ્ટી સાહેબો સુદ્ધાંત દરેકે દરેક જૈનનો હક સરખો છે, તેને સંઘનું મકાન ચાલતા ભાડાથી મળી શકે નહી એનું કારણ શું? આવી મોટી સંસ્થાને યોગ્ય સગવડવાળું મકાન મળે નહી, અને જેમના કબજામાં હોય તેઓ આપે નહી, તેથી જ્યાં ત્યાં ખુણેખોચરે મકાન મેળવવાની જરૂર પડે એ સ્વાભાવીક છે, તેથી કરીને જો આ કોન્ફરન્સની ઓફીસને આવું સંઘનું મકાન મળે તો તે આપણા લતાની વચમાં આવી લોકોની જાણમાં આવી શકે. આ મકાન કોન્ફરન્સને નહી મળવાનું

કારણ શું હશે તે સમજાતું નથી, મને તો મારા અનુભવ પ્રમાણે આગળ દર્શાવેલુંજ કારણ માલૂમ પડે છે, માટે મહેરબાન મેનેજર સાહેબો! ઉપરની હકીકત ચોકસ ધ્યાનમાં લેઇ થયેલી ભૂલ તરફ આપનું લક્ષ ખેંચો અને હવે પછીને માટે આપના નોકરોને સખ્ત ફરમાન કરો કે જૈનો શીવાય બીજાને મકાન આપવામાં આવે નહી, તે સાથે જૈનોની જગજાહેર ગણાતી દયામય લાગણીથી સાધારણ સ્થિતિવાળાને ઓરડીઓ વીગેરે સસ્તે ભાડે આપી શકાય તેવી બીજી યોજનાઓ પણ કરો; કદિ તેમ કરવાથી આવક ઓછી થશે તો આપને પોતાના પદરમાંથી આપવી પડે તેમ નથી, અને ગરીબોને પૂર્ણ મદદ કરનારા આપ ગણાશો એટલો લાભ છે. પાટણવાળા શેઠ ઝવેરચંદ ગુમાનચંદ વીગેરે બીજા ઘણા આપણા આગેવાનો પોતાના મકાનો ભાડે આપવામાં જૈનોને પ્રથમ લાભ આપવા તરફ ઉદાર દિલ રાખે છે, અને વખતે સાધારણ સ્થિતિ વાળાને ભાડામાં કાંઇ લાભ પણ કરી આપે છે, માટે તેમને ધન્યવાદ ઘટે છે. આવી રીતે આપણા દ્રવ્યવાન સુરતી ભાઇઓનાં, કચ્છી ભાઇઓનાં, તેમજ ધાર્મીક સંસ્થાઓનાં મકાનો સસ્તા ભાડાથી આપવામાં આવશે તો તેઓ પોતાની કોમને આભારી કરશે.

આ સિવાય આપણા જૈનબંધુઓને બીજી ઘણી ઘણી જાતની હરકતો પડે છે, જે બધાનું વીવેચન કરતાં વિષય ઘણો લાંબો થઇ જાય તેથી માત્ર બીજી એક જરૂરી બાબત જણાવીશ, અને તે બાબત એ છે, કે આ મોટા શહેરમાં કે જ્યાં લગભગ ૪૦૦૦૦ જૈનોની વસ્તી છે તેમાં સાધારણ સ્થિતિના લોકો ઘણા પ્રમાણમાં હોય તે કુદરતિજ છે. તેમના ભૈરા માટે ખાસ એક સુવાવડખાનાની જરૂર છે એ વાત કોઇથી ના કહી શકાય તેવી નથી. આવા સમયમાં જગ્યાની તંગાસને લીધે કેટલી હાડમારી ભોગવવી પડે છે, તે આપના ધ્યાનમાં આવ્યું હશે. હમેશાં દેરાસરોમાં જવાના નિયમવાળા પુરૂષોને આવી વખતે કેટલીક રીતે આશાતનાનું કારણ થઇ પડે છે તે વાત આપણા સખી આગેવાનોએ ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. તે ધ્યાનમાં લઇ એ બાબતનું દુઃખ જલદીથી દુર કરવા પ્રયત્ન કરવાની મારી નમ્ર વિનંતિ છે.

પોતાની કોમને ઉત્તમમાં ઉત્તમ સ્થિતિએ ચઢેલી જોવા ઇચ્છનાર અને કોમના સાધારણ તેમજ ગરીબ સ્થિતિના સ્વધર્મી બંધુઓ તરફ હમેશાં જેમની પ્રેમાળ દ્રષ્ટિ રહેલી છે એવા, જૈન કોમના કોહીનુર સમાન અગ્રેસરો! આગળ બતાવેલી સ્થિતિમાં રહેનારા લોકોનું દુઃખ નજરે જોતાં થયેલી લાગણી નહીં દાબી શકાવાથી, આ વિષય ખાસ આપને આશ્રયીનેજ લખેલો છે, તેથી આપને કાંઇ ખોટું લગાડવા જેવું નથી; કારણકે આપણામાં કહેવત છે કે "જમણો હાથ મોં સામો વળે" તે પ્રમાણે કોમના મદદ લેવા લાયક માણસો પોતાના આગેવાનો તરફ (ઊંચું) નહીં જુવે, તો પછી શું તેઓ અન્ય કોમના ગૃહસ્થો પાસે મદદ મેળવવા ફાંફાં મારશે? માટે મારા વહાલા બંધુઓ! આપની ફરજનો વિચાર કરો, અને ઉપર બતાવ્યા પ્રમાણેની જરૂરીયાતવાળી સગવડો પૂરી પાડવા તત્પર થાઓ એવી મારી આપના પ્રત્યે નમ્ર વિનંતિ છે.

# આપણું પવિત્ર તીર્થ શ્રી સમેતશિખરજી.

શ્રીસમેતશિખરજી નામનો પર્વત અથવા પાર્શ્વનાથ પહાડ બંગાલના હઝારી બાગ જીલ્લામાં આવેલો છે. આ તીર્થને હીંદુસ્તાનમાં વસ્તી તમામ જૈન પ્રજા – શ્વેતામ્બર યાને દીગમ્બર એટલું બધું પવિત્ર માને છે કે ઘણાજ દુરના મુલકોમાંથી જેવા કે કાઠીયાવાડ – કચ્છ – ગુજરાત વગેરે પ્રદેશોમાંથી સેંકડો બલ્કે હજારો જૈનો સંઘના રૂપમાં – એકત્ર થઇને મુસાફરીમાં પડતી અનેક મુશ્કેલીઓ સહન કરીને પણ હૃદયના ઉલ્લાસથી આ પરમપવિત્ર તીર્થના દર્શન કરીને પોતાના આત્માને પાવન કરે છે. પ્રવૃત્તિમય જીંદગીના સમસ્ત વ્યવહારથી ફારેગ થઇ વ્યાપાર કાર્યથી નિવૃત્ત થઇ ભાવિક જૈનભાઇઓ – નિવૃત્તિના સ્થાનમાં આવી, શાન્ત ચિત્તથી પરમાત્માનું ધ્યાન ધરી આ ક્ષણભંગુર દેહનું સાર્થક નિર્વિઘ્નપણે સાધી શકે છે. આ અવસર્પિણી કાળમાં – પરમોપકારી ચોવીશ તીર્થંકરોમાંથી વીશ તીર્થંકરોએ પોતાના ચરણકમળના સ્પર્શથી આ ભૂમિને પવિત્ર કરી છે એટલુંજ નહિ પણ આ જગ્યા ઉપરજ – દેહમુક્ત થઇ નિર્વાણપદને પામ્યા છે. અને ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ સ્વામિના મહામંગળકારી નામ ઉપરથી આ પર્વતનું નામ પણ પાર્શ્વનાથહીલ રાખવામાં આવેલ છે. આપણે મુખ્ય પંચતીર્થો – યાત્રાસ્થળ – કહીએ છીએ તેમાં શ્રી સમેતશિખરજી એક તીર્થ ગણાય છે. આ તીર્થસ્થળ ઉપર, તીર્થંકરો સીવાય હજારો મુનિમહારાજાઓ પણ સિદ્ધિપદને વર્યા છે. આવા પવિત્ર ગણાતા તીર્થસ્થળ ઉપર યુરોપીયનોને તથા અન્ય લોકોને જમીન પટે આપી મકાનો બાંધવાનો વિચાર ચલાવવામાં આવતો હોવાની જે ખબર હઝારીબાગના નાયબ કમીશનરે કલકત્તાના જૈન આગેવાનોને પ્હોંચાડી છે તે ખબરે હીંદુસ્તાનની સમસ્ત જૈન કોમને ખળભળાવી મુકી છે. અને આપણી ધાર્મિક લાગણીને એટલી બધી દુખાવી છે કે તે સામે સખ્ત વાંધો જાહેર કરવા ઠેકાણે ઠેકાણે જૈનસંઘોની જાહેરસભાઓ બોલાવવામાં આવેલી છે અને હઝારીબાગના ડેપ્યુટી કમીશનરને તારદ્વારા – ઉક્ત યોજના સામે પોતાનો અણગમો પ્રદર્શિત કરી, તે બંધ રાખવાને માટે વીનંતી કરવામાં આવી છે. આ સવાલે એટલી બધી ચર્ચાને જન્મ આપ્યો છે કે જૈનપેપરો સીવાય અન્ય ન્યુસપેપરોમાં પણ અવારનવાર આ સંબંધમાં મ્હોટા મ્હોટા આર્ટીકલો લખેલા આપણે વાંચીએ છીએ – અને આપણી ધાર્મિક લાગણીને માન આપીને તેઓએ ઉક્ત વિષય ચર્ચેલ છે તેને માટે આપણે તેમનો અંતઃકરણથી આભાર માનવો ઘટે છે. રોજીંદા તથા અઠવાડીક પેપરોમાં, જે જે સ્થળેથી સંઘના આગેવાનો તરફથી તાર કરવામાં આવેલ છે તેનો વીગતવાર હેવાલ આવેલો હોવાથી માત્ર થોડા એક ગામોના નામ આપીએ છીએ કે જ્યાંના સંઘે આ બાબતમાં બનતો પ્રયાસ કર્યો છે – જેવા કે – મુંબાઇ, ખેડા, ભાવનગર, લીંબડી, વાંકાનેર, સોલાપુર, લાનોલી, માંડળ, ચાળીસગામ, અજમેર, રંગુન, બેંગલોર, ધ્રાંગધ્રા વગેરે વગેરે. આ પવિત્ર તીર્થ ઉપર જૈન ભાઇઓ પોતાના ધર્મના ફરમાન મુજબ ઉઘાડાપગે ચ્હડે છે

એટલુંજ નહિ પણ તેના ઉપર કોઇ પણ અપવિત્ર કાર્ય, ખાવાનું, થુંકવાનું, તથા લઘુનીતિ કરવાનું મુનાસીબ ધારતા નથી. તેની પવિત્રતા સદાને માટે જળવાઇ રહે, અને કોઇપણ પ્રકારની આશાતના તેના ઉપર થાય નહિ તેટલા માટે તેની ઉપર કોઇને પણ વસવા દેવામાં આવતું નથી. આવા સંજોગો વચ્ચે અન્યધર્મીઓને મકાનો બાંધી તેના ઉપર વસવાટ કરવા દેવામાં આવે, શિકાર કરવામાં આવે તેથી દરેક ભાવિક જૈન હૃદયમાં કચવાટ ઉત્પન્ન થયા વગર રહે નહિ અને પોતાના પવિત્ર તીર્થ ઉપર થતી આશાતના કોઇ રીતે સહન કરી શકે નહિ – શ્રી સમેતશિખરના આખા ડુંગરને આપણે પવિત્ર માનીએ છીએ અને લગભગ દરેક શિખર ઉપર આપણું મંદિર આવેલું હોવાથી ડુંગરનો કોઇપણ ભાગ અલગ કાઢી શકાય એમ નથી. મહાન્ બ્રિટિશ સરકારના ન્યાયી રાજ્યમાં હરકોઇ શખ્સને – પોતાના ધર્મના ફરમાન મુજબ સંપુર્ણ સ્વતંત્રતાથી ધાર્મિક ક્રિયા કરવાની છુટ આપવામાં આવેલી છે અને તેની લાગણી કોઇપણ રીતે દુખાય નહિ તેમ કામ લેવાની – મરહુમ મહારાણીશ્રીએ પોતાના ૧૮૫૮ ના ઢંઢેરામાં, ચોખા શબ્દોમાં આજ્ઞા આપેલી છે તોપછી શીતળ ટેકરીઓ ઉપર વસવાના થોડાએક માલેતુજાર શોખીન યુરોપીયનોના લોભને ખાતર – તેઓને મોજમજાહના સાધન પૂરા પાડવાની ખાતર – એક શાંત ગણાતી જૈન કોમની ધાર્મિક લાગણી દુખવવામાં આવે તે ઘણુંજ ખેદકારક ગણાવું જોઇએ. આપણા મહાન્ આચાર્ય શ્રી હીર વિજયસુરિના પ્રયાસથી – જે ઉપયોગી સનદો અને ફરમાનો આપણા સઘળા પવિત્ર તીર્થોની બાબતમાં – મહાન્ અકબર બાદશાહની પાસેથી આપણે મેળવવાને ભાગ્યશાલી થયા છીએ તેના ઉપર ઉકત યોજનાને અમલમાં મેલવાથી પાણી ફેરવવા જેવું બને છે. નવા હકો મેળવવા તો દુર રહ્યા પણ અથાગ મ્હેનતથી સતત ઉદ્યમથી આપણા પૂર્વજો જે કાંઇ આપણે માટે મેળવી ગયા છે – આપણને વારસામાં સોંપી ગયા છે તેટલુંજ જો આપણા અગ્રેસરો જાળવી રાખવાનો પ્રયાસ કરે તો તેઓએ બહુ કર્યું કહી શકાશે. કમનસીબે સંજોગો પણ એવા પ્રતિકૂળ આવતા જાય છે કે તેઓનો પ્રયાસ પણ નિષ્ફળ જાય છે તોપણ આ પ્રસંગે આપણે આશા રાખીશું કે હજારીબાગના મે. ડેપ્યુટી કમીશનર સરકારની ગંભીર રાજ્યનીતિ ધ્યાનમાં રાખી આપણી નાજુક ધર્મની લાગણીને કોઇપણ રીતે દુભવશે નહિ. ઉકત મંદિરોના સંબંધમાં પાલગંજના રાજા પારસનાથસિંહ તથા આપણા મંદિરોનો વહીવટ કરનાર મેનેજરની વચ્ચે સને ૧૮૭૨ માં જે કોલકરાર કરવામાં આવ્યા છે તેમાં ખુલ્લી રીતે એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે "એ ડુંગર ઉપર એવી કોઇપણ બાબત કરવા દેવામાં નહિ આવે કે જેથી જૈનોના ધાર્મિક વ્યવહારમાં કોઇ જાતનું વિઘ્ન આવી પડે." જે રાજાનો મુલક હાલમાં બ્રિટિશ સરકારની હકુમત હેઠળ આવેલો છે તે રાજાએ કરી આપેલા સઘળા કાયદેસરના કોલકરારો પાળવાને સરકાર બંધાયેલી ગણાય છે અને તેજ ધોરણે આ બાબતમાં પણ કામ લેવાવું જોઇએ. એક અંગ્રેજ કમ્પની તરફથી આ પવિત્ર તીર્થ ઉપર ચરબીનું કારખાનું કહાડવાની હીલચાલ કરવામાં આવી હતી તેની સામે આપણે – અને ખાસ કરીને કલકત્તાના તથા અજીમગંજના જૈન અગ્રેસરોએ સખ્ત વાંધો ઉઠાવ્યો હતો અને છેવટે ન્યાયની કોર્ટનો આશ્રય લેતાં

સને ૧૮૯૩ માં કલકત્તાની હાઇકોર્ટે આપણી ધર્મની લાગણીને માન આપીને ચરબીનું કારખાનું બંધ રાખવાને જસ્ટીસનો મનાઇ હુકમ આપી, આપણો ખર્ચ પણ અંગ્રેજ ગ્રહસ્થ પાસેથી અપાવ્યો હતો. આવી રીતની સ્થિતિ છતાં પણ સત્તાવાળાઓ તરફથી આપણને વખતોવખત હેરાન કરવામાં આવે છે અને નવી નવી મુશ્કેલીઓ ઉભી કરી આપણી વ્યાપારી અને શાંત, નિરંતર સુલેહશાંતિને ચાહનારી જૈન પ્રજામાં ખળભળાટની લાગણી ઉત્પન્ન કરવામાં આવે તેવા પ્રકારની રાજ્યનીતિ સર્વ કોમ તરફ સમાન ભાવ રાખનાર મહાન્ બ્રિટિશ રાજ્યના અદલ ઇનસાફને છાજતી ગણી શકાય નહિ તોપણ આપણે ઇચ્છીશું કે મે. ડેપ્યુટી કમીશ્નર તરફથી સંતોષકારક જવાબ નહિ મળ્યા છતાં પણ જે બે મહીનાની મુદત મળી છે તેનો લાભ લેવા આપણા અગ્રેસરો કોઇપણ રીતે પાછળ પડશે નહિ. બંગાળના લેફટેનન્ટ ગવર્નર તથા હિંદુસ્તાનના ગવર્નર જનરલને આ બાબતમાં યોગ્ય અરજ કરવા દેશના જુદા જુદા ભાગોના આગેવાન જૈનોનું એક ડેપ્યુટેશન મોકલાવવાની તથા હજારો જૈનોની સહીવાળું તેમજ દાખલા દલીલથી ભરપુર અકબર બાદશાહના ફરમાનો સાથે જોડીને એક મેમોરીયલ તૈયાર કરાવવાની જરૂર છે.

# (જૈન સમાચાર).

## રાધનપુર સંસ્થાનમાં ગૌહત્યાનો પ્રતિબંધ.

Telegram Dt. 30th May addressed to His Highness Nawab Saheb of Radhampoor from Gulabchand Dhadda, General Secretary, Jain Swetamber Conference.

"Please accept Swetamber Jains' sincerest obligations on Your Highness graciously prohibiting Cow–Killing and imparting free education. May this prove precursor to other Reforms and Your Highness live long to be loved and esteemed by all."

Letter of Harilal Kikabhai Mehta Esqr. Private Secretary to His Highness the Nawab Saheb Bahadur of Ranhanpur Dt. 1st June, 1907 to Golabchand Dhadha Esqr. General Secretary Jain Swetamber Conference Jaipur.

"Being directed by His Highness the Nawab Saheb Bahadur I beg to acknowledge the receipt of your telegram of the 30th ultimo addressed to His Highnsss and thank you very much for your warm expressions of obligations and best wishes to His Highness in connection with the orders issued by His Highness prohibiting Cow–Killing and granting free education in this State.

His Highness, of course, partakes of the pleasure you have had in consequence of those orders and I hope you will kindly convey this and Highness' thanks to the Conference."

(૨)

રાધનપુર, રાજમહેલ.

તા૦ ૩૧-૫-૦૭.

શ્રી જૈન કોન્ફરન્સ અને મુંબાઇ જૈન સંઘના મેમ્બર સાહેબો,

મુંબાઇ.

**વહાલા સદ્ગૃહસ્થો,**

સલામ સાથે લખવાનું કે આપનો તાર તા૦ ૩૦-૫-૦૭ નો ગોવધના સંબંધ-માં હજુર શ્રીએ મનાઇ હુકમ કાઢેલ તેમજ મફત કેળવણી આપવાનો હુકમ કાઢેલ તે સંબંધની આભારની લાગણીઓનો આવેલ તે ખુદાવીંદ નામદાર નવાબ સાહેબ બહાદુરે વાંચ્યો છે. અને તેથી બહુ ખુશી થયા છે.

ગોવધ તરફ હજુરશ્રીની નાખુશી અને કેળવણી તરફ પોતાના વલણને લીધે આ હુકમો નીકળેલા છે અને તે ખાતે જૈન કોન્ફરન્સ તથા મુંબાઇ જૈનસંઘને જે આનંદ થયો છે તેમાં હજુર શ્રી પણ ભાગ લેછે તે જાણશોજી.

લી. સેવક,

હરીલાલ કીકાભાઇ

પ્રાઇવેટ સેક્રેટેરી.

**ગોધામાં અઠ્ઠાઈ મહોત્સવ, જૈન કન્યાશાળા, તથા ફ્રી દવાખાનાની સ્થાપના**—વિદ્વદ્વર્ય, સાધુગુણ સંપન્ન, શાંત મૂર્તિ૦ પંન્યાસજી **શ્રીમન્ મુનિરાજ મહારાજ શ્રી ગંભીર વિજયજી** હાલમાં ગોધા બંદરમાં બીરાજતા હતા તેનો લાભ લઇ, મહારાજ શ્રીના ઉપદેશથી ગોધાથી બે માઇલને છેટે આવેલ બીરમખેટમાંથી નીકળેલ પ્રતિમા-જીની પ્રતિષ્ઠાનું મુહૂર્ત્ત વૈશાક શુદ ૩ નું રાખવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે-**શ્રી નવખંડા પાર્શ્વનાથજીના** દેરાસરના ચોકમાં ઘણાજ ઠાઠમાઠથી સુધર્માવતંસક વિ-માનની રચના કરવામાં આવી હતી. અને અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. દશ અગ્યાર દિવસ સુધી નવી નવી પૂજાઓ ભણાવવામાં આવતી હતી તથા જુદા-જુદા ગ્રહસ્થો તરફથી પાંચ સ્વામિવત્સલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગોધાના જૈન ઇતીહાસમાં સુવર્ણ અક્ષરથી કોતરવા યોગ્ય નીચે મુજબની કેટલીએક સખાવતો જાહેર કરવામાં આવી હતી – ઉકત સખાવતો હાલના સમયને અનુકૂળ તથા જૈનોન્ન-તિના કાર્યને દરેક રીતે ટેકારૂપ થઇ પડવા સંભવ છે. મુંબાઇમાં પાયધુની ઉપર આ-વેલ **શ્રી ગોડીજી મહારાજના** એક સાજી, બાહોશ ટ્રસ્ટી **શેઠ ઓધવજી કરમચંદના** સુપુત્ર **શેઠ છોટાલાલ ઓધવજી** તરફથી વાર્ષિક રૂ. ૨૨૦ તથા **શેઠ જીવણ જેચંદ**

તરફથી વાર્ષિક રૂ. ૧૦૦) તથા શેઠ ધરમચંદ મગનલાલ તરફથી વાર્ષિક રૂ. ૪૦) ની મદદથી એક જૈન કન્યાશાળા ખોલવાનું નકી કરવામાં આવ્યું છે. મીશનખાતા તરફથી ચાલતી એક કન્યાશાળા હાલમાં ત્યાં મોજુદ છે અને તેમાં જૈનોની તથા હિંદુઓની તથા અન્ય કન્યાઓને વ્યાવહારિક શિક્ષણ આપવામાં આવે છે તેની સાથે ખ્રીસ્તી ધર્મનું શિક્ષણ પણ અપાતું હોવાથી – ઉક્ત બાળાઓના કુમળા મગજ ઉપર પોતપોતાના ધર્મ વિરૂધ્ધના શિક્ષણથી જે માઠી અસર થવા પામે છે તેને માટે વખતોવખત ફરયાદ કરવામાં આવતી હતી અને ભાવિક જૈનભાઇઓ પોતાની કન્યાઓને ઉક્ત શાળામાં મોકલતા આંચકો ખાતા હતા. તેવા સમયમાં જૈન કન્યાશાળા સ્થાપીને જૈનોની તથા ઉચ્ચ કોમના હિંદુઓની કન્યાઓને ધાર્મિક, નૈતિક, તથા વ્યાવહારિક શિક્ષણ મફત આપવાની જે ગોઠવણ કરવામાં આવી છે તે ઘણીજ આવકારદાયક લેખાવી જોઇએ. જૈન કન્યાશાળાના સ્થાપનથી, પહેલા જે અગવડો વેઠવી પડતી હતી તે દુર થવાની સાથે – બીજા જે જે લાભો થવાની આશા બાંધી શકાય તે સ્થળ સંકોચને લીધે અમે લખી શકતા નથી. પરંતુ ઉકત સંસ્થાના સ્થાપકોને અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ. વળી દેશી વૈદાનું સારૂં જ્ઞાન ધરાવતો એક પણ દેશી વૈદ્ય ગોધામાં નહિ હોવાથી ગોધાના લોકોને ઘણીજ અડચણ પડતી હતી. તે દુર કરવાના હેતુથી શેઠ છોટમલાલ માધવજીએ વાર્ષિક રૂ. ૨૫૦ તથા જીવણ જેચંદે વાર્ષિક રૂ. ૨૫૦ દેશી દવાખાનું ખોલવાના કામમાં આપવા કબુલ્યું છે. આથી ગરીબ અને તવંગર દરેક માણસને વૈદક મદદ મફત પુરી પાડવાની સગવડ થઇ શકશે. ભાવનગરથી એક અનુભવી વૈદ્યને બોલાવી દવાખાનું ઉઘાડવાનું નકી કરવામાં આવ્યું છે. અર્વાચીન સમયમાં આવા પ્રકારની સખાવતોની ખાસ જરૂર છે. જમાનો બદલાતો જાય છે તેની સાથે ઉદાર દિલના ગૃહસ્થો, નવીન વિચારોના ફળરૂપ કાર્યમાં પોતાના પૈસાનો સદ્-વ્યય કરવા દોરાય તે આપણી ઉન્નતિનું આશાજનક ચિન્હ છે.

## प्रतापगढ–मालवामें जैन विधि अनुसार लग्न.

हर्ष का विषय है के श्री जैन श्वेताम्बर कॉन्फरन्सका प्रकाश प्रतिदिन बढताही जाताहै. दो वर्ष हुवे के शेठ लक्ष्मीचन्दजी साहब घीया प्रो० से० श्री जैन कोन्फरन्सकी प्रेरणासे जैन श्वेताम्बर हुम्बड ज्ञातीमे ४ विवाह जैनसंस्कार विधिके अनुसार हुवेथे. फीर वैशाख शुद्ध १० को गान्धी हमेरचन्दजी की कन्यासे दोटिया लक्ष्मीचन्दजीके साथ जैन विधि के अनुसार विवाह हुवा है। कोशिशका फल अच्छा ही होता है। कितनेक जैन दिगम्बर भाईयोंनेभी उन्होंके विधिके अनुसार विवाह किये हैं। आशा है के ईसहीतरह सर्व जैनबन्धु कोन्फरन्सके अनुयाई बनकर जैन जाति व धर्मकी उन्नति करेंगे.

**મુંબઇમાં પ્રતિષ્ઠા મહોત્સવ**–ચાલુ સાલના વૈશાખ મહિનામાં તેમજ જ્યેષ્ટ મહિનામાં ઘણા ખરા સ્થળોએ પુરતી ધામધુમ સાથે પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવ્યા હતા અને તેની સાથે કરવામાં આવેલી જુદા જુદા તીર્થોની રચનાઓ, સમવસરણો તથા ઉદ્યાપનો,

(ઉજમણા) શોભામાં વધારો કરતાં હતાં. અત્ર પાયધુની ઉપર આવેલા શ્રી મહાવીર સ્વામિના દેરાસરનો જીર્ણોધ્ધાર, શેઠ રાયચંદ ખુશાલભાઈએ સંઘની મદદથી કરાવેલો છે, દેરાસરમાં પ્રભુજીને તખ્તપર બીરાજમાન કરવાનું મુહુર્ત જ્યેષ્ઠ શુદ ૨ ને ગુરૂવારનું રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સદરહુ શેઠ સાહેબ તરફથી ઉજમાણું કરવામાં આવ્યું હતું અને તેમાં બારીક જરીથી ભરેલાં, ઉત્તમ કારીગરીવાળા, કીમતી છોડ મુકવામાં આવ્યા હતા, જેની સાથે સરખાવતાં જ્ઞાનનાં પુસ્તકો ઘણીજ જુજ કીમતના હતા. પ્રતિષ્ઠાના માંગળિક દિવસે મુંબાઈમાં વસતા જૈન ભાઈઓ તથા બાઈઓના દર્શનનિમિત્તે આગમનથી લોકોની ઠઠ એટલી બધી જામી હતી કે દેરાસરમાં શાન્તિથી ઉભા રહેવાની જગ્યા મેળવવી દુર્લભ થઈ પડી હતી. પ્હેલે માળે શ્રી મહાવીર સ્વામિની પ્રતિષ્ઠા શેઠ મોતીચંદ રૂપચંદ તરફથી રૂ. ૨૫૦૦ આપી કરવામાં આવી હતી. અને બીજે માળે શેઠ રાયચંદભાઈ તરફથી પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

અન્યસ્થળોએ જ્યાં જ્યાં હવે પછી પ્રતિષ્ઠા કરવામાં આવે અને ત્યાં બ્હારગામના માણસો સારી સંખ્યામાં એકઠા થવાનો સંભવ હોય તેવા સ્થળોના સંઘના અગ્રેસરોએ, પ્રતિષ્ઠાના પ્રસંગનો લાભ લઈ, આપણી મહાન્ કોનફરન્સે ઉપાડી લીધેલા જુદા જુદા સવાલો ઉપર ભાષણો અપાવવાની ગોઠવણ કરવી જોઈએ. આથી કરીને આપણે કેળવણીના તથા સંસારસુધારાના સવાલને યોગ્ય રીતે ચર્ચી મક્કમપણે આગળ વધી શકશું. અને જ્યાંસુધી પ્રોવીન્શ્યલ કોનફરન્સો ભરવાની હીલચાલ આપણામાં પગભર થવા પામે નહિ ત્યાંસુધી ઉક્ત મેળાવડાઓ કેટલેક અંશે તેની ગરજ સારી શકશે.

# कोन्फरन्सना ठरावोनो थतो अमल.

## परगहन जालौरके गांवोंमें प्रचलित हानिकारक रिवाज डाइरेक्टरीके दौरहमें बंद कराये जिसका मुख्तसर खुलासा लिस्ट हाजामें हस्बजैल दर्ज है.

१ गोल ग्रामके जैनी महाजनोंके समस्त पंच इकठे होकर लिखत किया के अब इस माफिकका हानिकारक काम नहीं करें वे नीचे लिखेहैं पंचायती बहीमें लिखत मिती पोस वद ६ समत १९६३ का लिखाहै.

१ चिलम स्वजाति भाइयोंके सिवाय दूसरी कौमके शामिल नही होवें. २ रजस्वला स्त्री तीन दिन तक घरका काम नहीं करे और उसके हाथका खाणा पीणा नहीं करे जो इस मुताबिक बर्ताव नहीं बर्तसी जिसस्से डंडका रु: ११) मंदिरजीमें केसर वास्ते

लिया जासी जो रुपया नहीं देसी उसका जातमें लावणा लैण बंद रहसी ॥

२ अलाणाके समस्त जैनियोंने गांव गोलवालोंके मुताबिक कायदे मुकर्रर करके लिखत किया जो कोई लिखत मुआफिक बर्ताव नहीं राखसी उससे रूपया १।) सवा मिंदरजीकी केसरके लिये डंड लिया जायगा जितने दिन रू. १।) नहीं देगा उतने दिन तक जातिके खाणे पीणेकी पंचायती रस्म बंद रहेगी ॥ पोष बद ६ सं. १९६३ ॥

३ ओटवाड़ा वालोंनेभि गांव अलाणा वालोंके मुताबिक कायदे बुरी रीतिके छोड़ने व तकसीर मुकर्रर करके लिखत किया मिती पोस बद ८ संमत १९६३ ॥

४ खुडलगांववालोंनेभी रजस्वला स्त्रीके हाथसे खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करनेका लिखत किया ॥

५ आयणा वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत कर दिया ॥

६ सायला वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत कर दिया ॥

७ चोराउ वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत किया ॥

८ मेगलवा वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत किया ॥

९ सीराणा वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत किया ॥

१० जीवाणा वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत किया ॥

११ मुराणा वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत किया ॥

१२ दादाल वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत कर दिया.

१३ देता वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत कर दिया ॥

१४ पांथेडी वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत किया ॥

१५ उनडी वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत किया ॥

१६ पोसणा वालोंनेभी रजस्वला स्त्रीके हाथका खाना पीना तथा चिलम गैर जातिको देना बंद करके लिखत किया ॥

१७ सेणे गांवके समस्त जैनी इकठे होकर लिखत किया की नीचे लिखे मुताबिक बर्ताव नहीं करेगा उससे कलम नंबर १–२–३ के मुआफिक रूपया ११ ) और नंबर ४ के मुआफिक रू. ५१ ) श्री मिंदरजी तालुके लिया जावेगा जो रूपया नहीं देवेगा उसका जात संबंधी लेन देन बंद रहेगा ॥

(१) जो हमेसरो चिलम हरेक जातिके शामिल पीतेहैं वे अब जैनी स्वधर्मी भाइयोंके सिवाय किसी जातिके शामिल चिलम नहीं पीवे ॥

(२) रजस्वला स्त्री घरका सब काम करतीहै सो अब उसके हाथका खाना पीना कोई नहीं लेवे ॥

(३) स्त्रियां सुबहके वक्त हमेशां बासी पला लेतीहै सो अब कोईभी बासी पला लेकर रोवे नहीं ॥

४ घिरत हरेक कोमका लेतेहैं और मोरूसी खांड लातेहै सो अब कोई जैनी गैर जातिको घी और मोरीसी खांड नहीं खरीदे और बेचे नहीं ॥

१८ बावरांके समस्त जैनी भाइयोंने भी सेणा गांव वालोंके मुताबीक बंदोबस्त करके लिखत कर दिया ॥

१९ सेतु गांवके समस्त जैनियोंनेभी सेणा वालोंके मुआफिक प्रबंध करके लिखत किया.

२० आकोलांके समस्त जैनियोंनेभी सेणा वालोंके माफिक बंदोबस्त करके लिखत करदिया ॥

२१ पादरडीके समस्त पंच जैनियोंनेभी ऊपर लिखित बातोका प्रबंध करके लिखितमें यहभी लिखा की अपनी स्वजाति जैनियों सिवाय गैर कोमके हाथसे गला हुआ अफीमभी नहीं लेवे अगर कोई लेवेगा तो उससे रूपया १।) मिंदरजीकी केसरके वास्ते लिया जावेगा

२२ हरजी, अठावरी, गुडा बालोतान इन तीनों गावोंके समस्त जैनी इकठे होकर बासी पला लेणा बंद करके सेवाके साथ गांवमें डूंडी पिटवा दी की अगर कोई अब बासी पला लेवेगा उससे फी औरत रूपया १। सवा श्री मिंदरजीकी केसरके वास्ते लिया जावेगा॥

बासी पलायानी मृत्यूवालेके घर प्रातःकालका रोना बंद किया ॥

## प्रतापगढ़ माळवा निवासी श्रीयुक्त शेठ लक्ष्मीचन्दजी साहब धीया प्राविन्शियल सेक्रेटरी श्रीजैन श्वे० कान्फरन्सके प्रयास और प्रवास.

आज कल सारे भारत वर्षमें हमारे जैन बन्धु जाती सुधार और हानिकारक रीवाजों- को बंध करनेके लिये जो कोशिस कर रहेहैं ऊसमे मालवा प्रांत बहूतहि पिछे हैं परंतु हमारे परोपकारी शेठ लक्ष्मीचन्दजी साहब धीयाका जीसतरफ पधारना होताहै वहांके सर्व बन्धुओंका चीत ईस तरफ आकर्षित करतेहै. हालहीमें आपका मन्दसोर (दशरथपुर) मे कीसी कारणसे ठहरना हुवाथा वहांसे जो अभि अहमदावादमें श्रीजैन श्वे० कान्फरन्स पांचवा जलसा हुआ ऊ- समे मालवे प्रांतके डेलिगेटों सहित पधारेथे और वहां जोजो काररवाई हूई वो ता० ३—४—०७ की रातको मन्दसोर जनकुपुरा स्थान राजविलासमे सा. रिषभदासजी नाहारके प्रमुखपणेमे एक बडी सभा कीगई ऊसमे शेठ धीयाजी साहबने अनुमान दो घंटेतक जो कान्फरन्सके जल्सेके समय बडे २ वक्ताओंके भाषणका सार और तीनो दीनकी काररवाई भाषण द्वारा प्र- गटकी. और ऊक्त जल्सेके समय जोजो गायन गायेथे वोभी सभाके शुरूमे हारमोनीयमके सा- थ, गायें गयेथे ईसको सुनकर श्रोताओंने आनन्दित होकर जाहिर कियाके घर बेठेही अहमदा- बाद कान्फरन्सका जलसा देखलिया ऊस दीन अनुमान ५००—६०० स्त्री पुरूष एकत्रि- त हुवेथे.

बाद कितनेक ठहराव करनेके लिये फिर सभा करना निश्चय किया और ऊक्त स्थान- मे ता० ७—४—०७ की रातको सभा करनेके लिये विज्ञापन वीतर्ण किये गये फिर नियत समयपर सभासदोंके एकठे होनेपर सा. फुलचंदजी संघवीकी अध्यक्षतामे "जीव दया और कन्याविक्रय, आदी हानीकारक रीवाजोंके विषयमें, ऊक्त शेठजी साहबने भाषण दिया जीसमे कईएक श्लोक द्रष्टान्तादि युक्तियोंके सत्य अनुमान दो घंटे तक विवेचना की जीसको सुनकर सब श्रावक और सज्जन मंडळी हर्षित होकर सर्व संघने करतालध्वनी साथ कान्फ- रन्सकी अनुमोदना प्रगटकी. बाद मुनीमजी श्रीजीवणलालजीनेभी ईसका अनुमोदनाके साथ अच्छी तरह विवेचन कीया ईस परसे वंहाके जैन वर्ग श्रावकोंने निम्न लिखित प्रबंध कियेः—

१ चर्मके पुठे परोंकी टोपियां कचकडेके बने हुवे पदार्थोंके ऊपयोग नहीं करना.

२ दारूखाना नहीं छोडना.

३ बिस वर्षकी भीतर वाले युवाओंका नुक्ता न करना. आदि.

हाथी दांतके चुडेके लियेभी चरचा फेलीथी कितनेक सज्जनोने तो प्रतिज्ञाभी करली. ईस ठरावके लेख पर वंहाके श्रावकोंके हस्ताक्षर करानेके लिये निम्न लिखीत महाशय कोशिश- कर रहे हैं.

१ सा० रिषभदासजी नाहार. २ सा० फुलचंदजी संघवी

३ सा० कुनणजी कालुरामजीके ऊंकारलालजी. ४ सा० मोतीलालजी संघवी.

५ सा० मोतीलालजी महता. ६ सा० जडावचन्दजी चांपरोत.

७ सा० जीतमलजी. आदि.

ऊमेद है की वहां वाले ईस लेख पर पाया बंध रहेंगे. और विदेशी चीनीका व्यवहारसे वहांके कुलही जातो वाले विसर्जन करचुकेहैं.

बादमें आपका ता० ८-४-०७ को सैलानाकी तरफ पधारना हुवा वहां पाठशाळाका कार्यका कोठारीजी हरीसिंहजी साहबकी अध्यक्षतामें अच्छा प्रबंध है विद्यार्थिओका ईम्तिहानभी लिया गया और अध्यापकको क्रमवार पढनेकी सुचना दिगई. फिर वहांके जज्ज साहबके प्रेसीडेन्टपनेमें ता० ११-४-०७ की रातको सभा कीगई उसमे धार्मिक तथा व्यवहारिक सुधारेके लिये और कान्फरन्सका उद्देश भाषण द्वारा प्रगट किया. और वहांके आगेवानीयोंको कितनेक ठहराव करनेके लिये सुचना दी गई यह बात विचाराधीन रक्खी गई.

ईसही तरह जहां २ शेठ घीयाजीका प्रवास होता है वहां कान्फरन्सके ठहरावोको प्रचलित करनेकी प्रेरणा किया करते हैं ईतनाही नहि किन्तु मालवा प्रांतमे प्रान्तिक कान्फरन्स भरकर कीतनीक सुधारणा करनेकी ऊत्साहहै और कीतनेक जगहके आगेवानियोंसे पत्र द्वारा ईस विषयकी सलाहभी मंगवा रहेहैं.

में अपनी तरफसे मालवे प्रांतके शाहधर्मी भाईयोंसे प्रार्थना करताहूं के जो आप ईस कार्यमे उन्नाति होना समझते है तो अपनी संमतीका पत्र शेठ लक्ष्मीचन्दजी साहब घीया प्रतापगढ मालवाको लिख कर ऊतेजन करें ताके बहूत साहबोकी रायसे कार्य शिघ्र हो सके.

और यहभी हर्षका विषय है के आपकी ओनररी सुपरवाईझरीमें मालवा जैन डिरेक्टरी कार्यभी बहूत कोशिशके साथ रूपेमे बारह आनी काम तैयार हो गया और शेष हो रहा है.

तारीख १ ली मे सने १९०७.

श्रावक, **रातडीया झमकलाल,** प्रांतगढ--मालवा.

# શ્રી ધાર્મિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું.

### જીલ્લે કાઠીયાવાડ તાબાના ગામ ખસ મધ્યે આવેલા શ્રી મુનિસુવ્રત સ્વામીજી મહારાજના દેહેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા સંઘવી હરીચંદ ભાણજી તથા ગાંધી રત-

નસી મોતીચંદ તથા સંઘવી વીરપાળ મોતીચંદ હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૩ ના પ્રથમ ચૈત્ર વદી ૧૨ સુધીનો અમે હિસાબ તપાસ્યો. તે જોતાં સંવત ૧૯૫૯ સુધીનો હિસાબ, નંબર ર ના વહીવટ કર્તાના ચોપડામાં ચોખ્ખી રીતે રાખેલ, ને સંવત ૧૯૬૦ થી મેળ, ખાતાના ચોપડા બાંધી હિસાબ રાખેલ, પણ બરાબર ચોખી રીતે સ્પષ્ટ જણાઇ આવે તેમ નહિ હતો. માટે અમોએ બરાબર સ્પષ્ટ રીતે કરી સરવૈયું કરી જૈન શૈલી મુજબ હીસાબ નાંખી ઉપર લખ્યા ત્રણ જણને વહીવટ સોંપવામાં આવ્યો છે.

આ ખાતામાં જીર્ણોદ્ધાર કરવાની રકમ હોવા છતાં દેહેરાસરજીનો ઘણો ભાગ જીર્ણ થઇ ગયેલ તથા પડી ગયેલ હોવાથી ઘણી આશાતના થાય છે. ને દિન પ્રતિદિન વિશેષ પડી જવાનો ભય રહે છે. છતાં સંઘમાં હુંતાતુશના લીધે જીર્ણોદ્ધાર કરવા તથા ઉપાશ્રય સુધારવા પ્રયત્ન કરતા નથી તે બહુજ દીલગીર થવા જેવું છે.

આ ખાતું સુધારવા વધારવા શ્રી સંઘ સમસ્તને એકત્ર કરી સુચના કરતાં ઉપર લખ્યા ત્રણે વહીવટ કર્તાઓએ આગેવાની ધરાવી ઉત્સાહ બતાવ્યો છે, તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપેલ છે, તેથી આશા છે કે તાકીદે બંદોબસ્ત કરશે.

## જીલ્લે અમદાવાદ પ્રાંત કાઠીયાવાડ તાબાના ગામ ખરવાળા મધ્યે આવેલાં શ્રી પદ્મપ્રભુજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના વહીવટ કર્તા વોરા ઉજમસી લાલચંદ હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૨ ના ભાદરવા શુદી ૧૦ સુધીનો અમે હીસાબ તપાસ્યો. તે જોતાં પ્રથમના વહીવટ કર્તા હસ્તકનું નામું રીતસર જોવામાં આવે છે. પણ સદરહુ વહીવટ કર્તા હસ્તકનું નામું નહીં સમજપડે તેવી રીતે રાખેલ છે, તેની પુરેપુરી તપાસ થવાની, તથા આહીંના શ્રી સંઘ સમસ્તના કહેવા ઉપરથી દેરાસરજીના દાગીના ઉચાપત થયેલ તથા ટીપમાંની એકાદ રકમ અધર રહેલ સંભળાય છે, માટે તેની પુરેપુરી તપાસ થવાની ખાસ જરૂર છે.

સદરહુ ખાતાની આવી રીતની અવ્યવસ્થા દેખાવાથી, સદરહુ વહીવટ કર્તા પાસેથી વહીવટ સંઘ સમસ્તે મળી ખેંચી લઈ, શા નાગરદાસ કુંવરજી તથા શેઠ મોતીચંદ બાણજી તથા મેહેતા ઝવેર જેઠાભાઇ તથા નારણદાસ લલુભાઇને સોંપવામાં આવેલ છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર હાલના વહીવટ કર્તા ગ્રહસ્થોને આપેલ છે.

## જીલ્લે કાઠીયાવાડ તાબાના ગામ વીંછીઆ મધ્યે આવેલી શ્રી પાંજરાપોળનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી મહાજન તરફથી વહીવટ કર્તા શા૦ કાળીદાસ દામોદર તથા શા ડુંગરસી પીતામ્બર હસ્તકનો સંવત ૧૯૬૧ થી સંવત ૧૯૫૨ ના આસો વદી ૦)) સુધીનો અમોએ હીસાબ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું એકંદર ખાતે ખતની વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવે છે

આ ખાતામાં ઉપજ કરતાં ખરચ વિશેષ હોવાને લીધે મોટી રકમનું દેવું થયેલ છે, તથા તેનું મકાન પણ જીર્ણ થયેલ છે તેમ છતાં જાનવરોની સ્થિતી સારી છે: તે ખુશી થવા જેવું છે.

વહીવટ કર્તા ગ્રહસ્થ સારી રીતે ચલાવી દિન પ્રતિદિન તેને સુધારા ઉપર લાવવા બનતો પ્રયત્ન કરે છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે. આંહી મહાજનના શેઠીયાઓમાં એકસંપ નહી હોવાથી આ ખાતાને નુકશાન થવાનો ભય રહે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થને તથા મહાજન સમસ્તના અગ્રેસરોને આપેલ છે.

## જીલ્લે અમદાવાદ તાબાના ગામ રાણપુર મધ્યે આવેલા શ્રીશાન્તિનાથજી મહારાજના દેહેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા દોશી ફુલચંદ જેસંગ તથા શા નાગરદાસ પુરૂષોત્તમ તથા શા ગાંગજી છગનલાલ તથા શા લેરાભાઇ ગોવિંદજી તથા શા દીપચંદ ઝવેરચંદ તથા શા છગનલાલ ત્રીકમજી હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૩ ના મહા વદી ૦)) સુધીનો અમોએ હીસાબ તપાસ્યો, તે જોતાં વહીવટનું નામું એકંદર રીતે ઠીક છે, તથા ખાતાની પુરેપુરી દેખરેખ રાખી દરેક બાબતનો બંદોબસ્ત રાખે છે તેથી વહીવટ કર્તા ગ્રહસ્થોને ધન્યવાદ ઘટે છે.

આ ખાતાનો હીસાબ શા નાગરદાસ પુરૂષોત્તમદાસે અમોને તાકીદે દેખડાવી આપવા જે મદદ કરેલ છે તથા આ ખાતું સુધારવા વધારવા તન મન ને ધનથી જે પ્રયાસ કરે છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપવામાં આવેલ છે.

## જીલ્લે અમદાવાદ તાબાના કાઠીયાવાડ મધ્યે આવેલા ગામ સુંદરીયાણા મધ્યેના શ્રીપાર્શ્વનાથજી મહારાજના દેહેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શા છગનલાલ હીરાચંદ તથા શા ઓઘડ પનજી તથા શા મોહન મેઘજી હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૩ ના પ્રથમ ચૈત્ર વદી ૫ સુધીનો અમે હીસાબ તપાસ્યો, તે જોતાં વહીવટનું નામું વહીવટ કર્તા પોતાના ચોપડામાં રાખી ખાતાની દેખરેખ સાથે વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવે છે.

આ ગામમાં જૈન ગ્રહસ્થોના છ ઘર છે.

દેહેરાસરજીનો પુજનને લગતો સર્વે ખરચ દેહેરાસરજીની ઉપજમાંથી કરવો તે જૈન શૈલીથી ઉલટું છે. વીગેરે વીગેરે સુચના કરતાં તે લોકોએ સાધારણ ખાતે દર વર્ષે રૂ. ૧) આપવાનો તથા પુજનને લગતો ખરચ દેહેરાસરજીમાંથી નહિ કરતાં પોતાની ગીરોથી કરવાનો તથા તેના વહીવટને લગતા ચોપડા જુદા રાખવાનો ઠરાવ કર્યો છે. તે બહુ ખુશી થવા જેવું છે.

આ ખાતામાં જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપેલ છે. ને આશા છે કે તાકીદે બંદોબસ્ત કરશે.

## જીલ્લા કાઠીઆવાડ તાબાના ગામ ચીંછીઆ મધ્યે આવેલા શ્રીશાન્તિનાથજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શા ઝવેરચંદ મકનચંદ હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૩ ના પ્રથમ ચૈત્ર વદી ૮ સુધીનો અમોએ હીસાબ તપાસ્યો તે જોતાં વહીવટનું કામ એકંદરે સારી રીતે ચલાવતા જોવામાં આવે છે, માટે તેમને ધન્યવાદ ઘટે છે.

વહીવટ કર્તાને તથા શા ફુલચંદ મકનચંદ વીગેરે પોતાના તન મનથી મદદ કરી પુરેપુરી દેખરેખ રાખી વહીવટને વીશેષ સુધારા ઉપર લાવવા પ્રયત્ન કરેછે માટે તેમને પણ ધન્યવાદ ઘટે છે.

આ ખાતાને લગતો હીસાબ તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થને આપવામાં આવેલ છે.

**જીલ્લા કાઠીઆવાડ તાલુકે લીંબડી તાબાના ગામ શ્રી કારોલના દેરાસરજીનો રીપોર્ટ.**

શ્રીસંઘ તરફથી સદરહુ ખાતાનો દોશી છગનલાલ કુંવરજી વહીવટ કરે છે. અહીં જૈન ગ્રહસ્થોના ૭ ઘર હોવાના લીધે પુજા કરવા માટે શ્રી સિદ્ધચક્રજી એક ઓરડામાં વિરાજમાન કરેલ છે ને પુજનને લગતો દરેક સામાનનો ખર્ચ વાર્ષીક જે થાય છે તે વરાડે સર્વ વેંચી લે છે. જેથી કાંઇ હીસાબ રાખવામાં આવતો નથી.

**જીલ્લે કાઠીઆવાડ તાબાના ગામ સાયલા મધ્યે આવેલા શ્રીઅજીતનાથજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.**

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા ગુજરેલ શા ડામરભાઇ ખેતસી હસ્તકનો હીસાબ તપાસતાં સંવત ૧૯૫૦ સુધી હીસાબ બરાબર રાખેલ જોવામાં આવે છે, પણ ત્યાર પછીનું દરેક દરેક ઉપજના ખાતાના જુદા જુદા વહીવટ કર્તા નીમી જુદા ચોપડા રાખવાથી તથા તે હીસાબ એકંદર ચોપડે નહી પડવાથી તથા નહી ખતવાયેલ હોવાથી જોવામાં આવેલ નથી. પણ તે વહીવટ ઘણોજ ગોટા પડતો તથા એક સારી રકમનો ગેર ઉપયોગ તથા કેટલાક મેળામાં મોટી મોટી રકમની વધઘટ થયેલી જોવામાં આવે છે.

હાલના વહીવટ કર્તા શા છગનલાલ દેવસી તથા વહીવટ કર્તા તરીકે તથા જૈનશાળાના માસ્તર તથા દેરાસરજીના ગોઠી તથા આ ખાતાના મુનીમ તરીકે શા શીવલાલ તલકસી હસ્તકનો પ્રથમ વહીવટ કર્તા હસ્તકથી સંવત ૧૯૫૪ ના કારતક સુદી ૧ થી પ્રથમના ચોપડા ડુબ મુકી નવા બાંધેલ, તે ચોપડા સંવત ૧૯૫૯ ના ભાદરવા માસમાં સદરહુ બંને વહીવટ કર્તાને સોંપવામાં આવ્યા ત્યારથી તે સંવત ૧૯૬૨ ના ફાગણ સુદી ૧૫ સુધીનો હીસાબ તૈયાર કરાવી જોતાં વહીવટ સારી રીતે ચલાવેલ તથા ખાતાની દેખરેખ રાખતા જોવામાં આવે છે.

અહીં વસ્તા જૈન ગ્રહસ્થોમાં એક સંપ નહિ હોવાથી ખાતાની મીલકત દબાવી પડતા તથા દબાવી પડેલને ટેકો આપતા જોવામાં આવે છે.

આ ખાતામાં થતી આશાતના દુર કરવા તથા ખાતાની મીલકતનો ગેર ઉપયોગ ન થાય તથા ખાતું સુધારા ઉપર લાવવા શા. શીવલાલ તલકસી પોતાને નજીતા લવાજમ ઉપર ધ્યાન નહિ રાખતા જોવામાં આવે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપેલ છે.

ત્રણ વખત શ્રીસંઘ સમસ્તને એકત્ર કરી સંપથી થતા ફાયદા તથા દેવદ્રવ્યના ગેરઉપયોગથી થતા ગેરફાયદા ઉપર સમજ પાડી કહેતાં શા. ડામર ખેતસીની મા બાઇ સાંકળીએ રૂ. ૧૯૬ાાાા શ્રીસંઘ સમસ્તને આપી દઇ દેવદ્રવ્યના દેવામાંથી મુકત થયેલ જોવામાં આવે છે.

ચુનીલાલ નાનચંદ,
ઓનરરી ઓડીટર.

## ઝવેરી લલુભાઇ રાયજીના શ્રીઅમદાવાદ જૈન હિતવર્દ્ધક ગૃહનો સને ૧૯૦૬ ની સાલનો વાર્ષિક રીપોર્ટ

( અનુસંધાન પૃષ્ટ ૧૫૧ ).

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૨૫૦૦૦—૦—૦ | શ્રી પુરાંત જણસ. | ૯૫૧-૧૩-૯ | શ્રી રસોડા ખર્ચ ખાતે. |
| ૧૫૪૫-૧૩-૪ | શ્રી વ્યાજ ખાતે જમે. | ૯૪—૩—૬ | શ્રી વાસણકુસણ ખાતે. |
| ૫૦—૦—૦ | બાઇ રતન શા૦ મયાચંદ જેચંદની વિધવા. | ૧૬૯—૮—૦ | શ્રી નોકરના પગાર ખાતે. |
| ૫૦—૦—૦ | શા૦ વાડીલાલ સારાભાઇ. | ૩૧૫-૧૩-૬ | શ્રી અનાશ્રિતોને લુગડાં ખાતે. |
| ૭૫—૦—૦ | બાઇ મેના ઝવેરી ચુનીલાલ ભીખાભાઇની વિધવા હ. મોહનલાલ ચુનીલાલ. | ૩૪૨—૨—૫ | સીઝાતા સ્વામીબંધુઓને આજીવિકા માટે માસિક મદદ તથા સ્કોલરશિપ પેટે. |
| ૭૫—૦—૦ | બાઇ ચંચળ શા૦ ડાહ્યાભાઇ જેશંગની વિધવા. | ૧૮૭૩—૯—૨ | |
| ૨૫—૦—૦ | શા૦ જીવણશા અમથાસા. | ૨૫૨૫૦—૦—૦ | શ્રી પરાંત જણસ. |
| ૧૦૦—૦—૦ | શા૦ બાલજી ખુશાલની વિધવા બાઇ પાર્વતી. | ૨૭૧૨૩-૯-૨ | |
| ૨૦૨-૧૧-૧૦ | શ્રી બોર્ડીંગના રસોડા ખાતે. | | |
| ૨૭૧૨૩-૯-૨ | | | |

Mohanbhai Gokaldas Vakil.
SECRETARY.

# જૈન સમાચાર.

**નવા વકીલ**—અમદાવાદના રહીશ મી. મણીલાલ હઠીસીંગ દલાલ, જુન માસમાં થયેલી છેલ્લી એલ. એલ. બીની પરીક્ષામાં પાસ થયા છે. તેઓ એક ઉત્સાહી જૈન હોવાથી તેમની ફતેહને માટે અમે અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ.

**પ્હેલી એલ. એલ. બીમાં પસાર થયેલા જૈન ભાઇઓ**—મી. ચુનીલાલ કેવલચંદ ઇચ્છાપુરીયા તથા મી. છોટાલાલ ઝવેરચંદ ઇચ્છાપુરીયા પ્હેલી એલ. એલ. બીની પરીક્ષામાં પાસ થયા છે.

## મરહુમ શેઠ જેસીંગભાઇ હઠીસીંગ.

---

અમદાવાદમાં ભરાયેલી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સની રીસેપ્શન કમીટીના ચીફ સેક્રેટરી શેઠ જેસીંગભાઇ હઠીસીંગના અત્યંત શોકજનક મરણની નોંધ અમો ઘણીજ દીલગીરી સાથે લઇએ છીએ. મરહુમ, ખાનદાન કુટુંબના હોવાની સાથે, ઉદાર દીલના સખી ગૃહસ્થ હતા અને અમદાવાદના આગેવાન ગણાતા જૈન અગ્રેસરોમાંના તેઓ પણ એક હતા. પાટણ ખાતે મળેલી ચોથી કોન્ફરન્સની બેઠક વખતે, હવે પછીની જૈન કોન્ફરન્સની બેઠક ક્યાં કરવી તે સવાલ એક ઘણોજ મુશ્કેલી ભરેલો થઇ પડયો હતો તે પ્રસંગે તેઓએ જે જાહેર હીમત અને અડગ ઉત્સાહથી અમદાવાદમાં કોન્ફરન્સ મેળવવાને આમંત્રણ આપી, સ્પષ્ટ શબ્દોમાં પોતાના વિચારો પ્રદર્શિત કર્યા હતા, તે બતાવી આપવાને પૂરતા હતા કે તેઓ સાહેબ જૈન કોન્ફરન્સના ચુસ્ત હીમાયતી હતા.

અમદાવાદમાં કોન્ફરન્સ મળવાની હતી તે પ્રસંગે કમનસીબે તેઓ માંદગીને બીછાને હતા તોપણ કોન્ફરન્સના કામની હીલચાલ બાબત પુછપરછ કરતા હતા. તેમના દેહોત્સર્ગથી અમદાવાદના જૈન સંઘને એક મોટી ખોટ પડી છે. છેવટમાં અમે અંતઃકરણથી ઇચ્છીએ છીએ કે મરહુમના આત્માને પરમાત્મા શાંતિ આપે. ઇત્યલમ્

---

## મરહુમ શેઠ ચાંદમલજી પટવા.

---

આપણી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના રતલામ ખાતેના માનવંતા પ્રોવીન્શીયલ સેક્રેટરી શેઠ ચાંદમલજી પટવા ગઇ તા૦ ૨૧ મીના રોજ ૪૩ વર્ષની ભરજુવાન વયે આ ફાની દુનીયાનો ત્યાગ કર્યાની નોંધ અત્યંત ખેદ સાથે અમારે લેવી પડે છે. તેઓ સાહેબ રતલામ રાજ્યમાં ઘણી સારી પ્રતિષ્ઠા ધરાવતા હતા. તથા ધર્મ કાર્યમાં આગેવાની ભરેલો ભાગ લેતા હતા.

મરહુમ શેઠ પોતાની પાછળ કાંઇપણ સંતાન મુકી ગયા નથી. તેમની પાછળ પુણ્યાર્થે રૂ. ૫૦૦૦૦ વાપરવાના છે. આપણે આશા રાખીશું કે કેળવણીના કાર્યમાં યાને નિરાશ્રિતોને આશ્રય આપવાના કાર્યમાં, ઉક્ત સખાવતનો સદુપયોગ કરવા મરહુમના સંબંધીઓ ખાસ ધ્યાન આપશે. અમો અંતઃકરણથી ઇચ્છીએ છીએ કે તેમના અમર આત્માને શાન્તિ મળે.

## અમદાવાદ ખાતે ભરાયેલી શ્રી
## વખતે જુદા જુદા ગૃહસ્થો તર
## કરવામાં આવી

| નામ. | ગામ. | કોન્ફરન્સ નિભાવ ફંડ. | જીર્ણ પુસ્તકોદ્ધાર. | જીર્ણ મંદિરોદ્ધાર. | નિરાશ્રિત ખાતું. | કેળવણી. |
|---|---|---|---|---|---|---|
| શેઠ રાયસીંગજી પ્રેમાજી. | પુના | | | | | |
| સમરતમલ હા. ઝવેર પ્રેમચંદ. | પીસાગણ | ૫ | | | | |
| શા. બુધાભાઇ હરીભાઇ. | અમદાવાદ | ૫ | | | | |
| મોરબી તાબે બેલાનો સંઘ પારેખ દેશા રામજી તથા દોશી પ્રેમચંદ પુનજાણી તથા દોશી માનસંગ સાધવજી. | બેલા | | ૩ | ૩ | ૩ | ૩ |
| શા. સહાજી ચેલાજી. | પુના | | | | | |
| શા. સુરજમલ ઉમાજી. | પુના | | | | | |
| શેઠ લવજી અભેચંદ બાદશાહ. | વઢવાણ | | | | ૧૦ | |
| શા. બાપુલાલ અમરચંદ. | નાંદોરા | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. રણછોડભાઇ માણેકચંદ. | મુંબઇ | | | | | |
| શા. ઝવેર ધનજી. | લીંબડી | | | | | |
| શેઠ મોતીચંદ મેઘાજી. | પુના | | | | | |
| માણેકચંદ મગનલાલની કું. | અમદાવાદ | ૧૦ | | | | |
| શા. મુળચંદ પુરણાજી. | નાપાડ | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. કસ્તુરદાસ બહેચરદાસ. | આંત્રોલી | | ૨ | ૨ | ૨ | ૨ |
| શેઠ ધનરાજજી નાયટા પ્રેસીડેન્ટ. | જાવરા | | ૫ | ૪ | ૪ | ૪ |
| શેઠ ગોડીદાસજી કાસ્ટીઆ. | ભોપાળ | | ૩ | ૩ | ૩ | ૩ |
| શેઠ રતનલાલ તાતેડ. | ભોપાળ | | ૩ | ૩ | ૩ | ૩ |
| વોલંટીયર મણીલાલ તથા રતીલાલ. | વઢવાણ | | | | | ૧ |
| શેઠ મગનલાલ ઓતમદાસ. | રાસણ | | | | | ૫ |
| ગડીઆ બેચર કાલીદાસ. | બામણગામ | | | | | ૫ |
| શા. નથુ મુળચંદ. | દહેગામ | | | | ૧૦ | ૫ |
| શા. ફુલચંદ હરખચંદ. | અમદાવાદ | | | | | |
| મેતા નેમચંદ ભીમજી. | સાંગરોળ | | | | | |
| શા. જીવા વીરચંદ. | કડી | | | | ૨૦ | ૫ |
| શેઠ ચુનીલાલ ચંદરમલ. | આડિઆ | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. નાથાલાલ રણછોડ. | દહેગામ | | | | | ૫ |
| તલાટી છગનલાલ સાંકળચંદ. | દહેગામ | | | | | ૫ |
| સંઘવી પરશોતમ ભુદર. | લાઠીદડ | ૧ | | | | |
| બોટાદના ડેલીગેટો તરફથી. | બોટાદ | ૨૧ | | | | |
| શા. કસ્તુરચંદ વીરચંદ. | મુંબઇ | | | | | |
| શા. ધનજી અનોપચંદ. | બાવલા | | ૨ | ૨ | ૨ | ૨ |
| શેઠ [illegible] તારાચંદ. | અમદાવાદ | | | | | |

## પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ૪થી જુદા જુદા ખાતામાં મદદ તે નીચે પ્રમાણે.

| કેળવણી. | સુકૃત ભંડાર (ચાર આના ની યોજના.) | પાલીતાણા બાળાશ્રમ. | અમદાવાદ શેઠ લલ્લુભાઈ રાયચંદ બોર્ડીંગ | અમદાવાદ કન્યાશાળા. | જૈન શ્વે. મંદિર ફંડ. | સાત ક્ષેત્ર માટે. | કુલ | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૫ | | | | | ૨૫ | પાંચ વરસ સુધી. |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | પાંચ વરસ સુધી. |
| ૩ | | | | | | | ૧૫ | |
| | | ૨૫ | | | | | ૨૫ | |
| | | ૫ | | | | | ૫ | |
| | | | | | | | ૧૦ | પાંચ વરસ સુધી. |
| ૧ | | | | | | | ૫ | |
| | | ૨૫ | | | | | ૨૫ | |
| | | ૫ | | | | | ૫ | પાંચ વરસ સુધી. |
| | | ૧૦ | | | | | ૧૦ | પાંચ વરસ સુધી. |
| | | | | | | | ૧૦ | |
| ૧ | | | | | | | ૫ | |
| ૨ | | | | | | | ૧૦ | |
| ૪ | | | | | | | ૨૧ | |
| ૩ | | | | | | | ૧૫ | |
| ૩ | | | | | | | ૧૫ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૧૫ | |
| | | | ૫ | | | | ૫ | |
| | | ૧૦ | | | | | ૧૦ | પાંચ વરસ સુધી. |
| | | | | | | | ૨૫ | |
| ૧ | | | | | | | ૫ | |
| | | ૧૦ | | | | | ૧૫ | |
| | | ૨૦ | | | | | ૨૫ | |
| | | | | | | | ૧ | રોકડો. |
| | | | | | | | ૨૧ | |
| | | ૧૧ | | | | | ૧૧ | |
| ૨ | | | | | | | ૧૦ | |
| | | ૧૦ | | | | | ૧૦ | |

| નામ | ગામ. | કૉન્ફરન્સ નિભાવ ફંડ. | જીર્ણ પુસ્તકોદ્ધાર. | જીર્ણ મંદિરોદ્ધાર. | નિરાશ્રિત ખાતું. | કેળવણી |
|---|---|---|---|---|---|---|
| પુરી રવચંદ વજેચંદ. | મેસાણા | | | | | |
| કોઠારી હરીસંગ | સેલાના | ૧૦ | | | | |
| શેઠ નથમલ ઝવેરચંદ આદીયા વકીલ. | બદનાવર | ૨ | | | | |
| શા. ન્યાલચંદ ભાણજી. | થરા | | | | ૫ | |
| શ્રી માણસાના વીસાપોરવાડ ડેલીગેટો તરફથી | માણસા | | | | ૧૩ | |
| શેઠ ખુશાલચંદ કરમચંદ. | વેરાવળ | | | | | |
| શેઠ હરખચંદ ધારસી. | વેરાવળ | | | | | |
| શા. જેઠાજી પુનમચંદ. | હાલારાજપુર | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. નાનજી તથા રાયચંદ. | સદર | | ૧ | ૧ | ૧ | ૧ |
| અમદાવાદના પોલીસ કોન્સ્ટેબલ મોતી સુરા. | અમદાવાદ | | | | | ૧ |
| શેઠ સાકળચંદ. | અમદાવાદ | | | | | |
| શા. ડાહ્યાભાઈ નાગરદાસ. | ખેડા | | | | | |
| શા. સોમચંદ કપુરચંદ. | સાઠંબા | | | | ૧ | ૧ |
| શા. ગોરધનદાસ છોટાલાલ. | સાઠંબા | | | | ૧ | ૧ |
| માસ્તર મનસુખલાલ રાયચંદ. | મહુધા | | | | | ૨ |
| શા. અચલ જેસંગ. | રાજપુર | | | | ૫ | |
| મેતા ચતુર મહાદેવ તથા કાલીદાસ ટોકરસી. | ધનાલા | | | | ૨॥ | |
| શા. જેઠારામ ફુલચંદ. | વલાદ | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. છગનલાલ ફુલચંદ. | સામેતરી | | | | | |
| શા. તરભોવન ફુલચંદ. | ,, | | | | | |
| દોશી શંકરલાલ વીરચંદ. | અમદાવાદ | ૭ | | | | |
| શા. ઉમેદરામ મોતીચંદ. | ,, | ૨ | | | | |
| શા. અભેચંદ રતનજી. | સામેતરા | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. બાપુજી મીઠાલાલ. | અમદાવાદ | | | | | |
| શેઠ લીલાચંદ મુળચંદ. | અમદાવાદ | | ૪ | ૪ | ૪ | ૪ |
| શેઠ તુલજારામ અભેચંદ. | પતનીફીનઈ | | | | | |
| શા. ઘેલાભાઈ પાનાચંદ. | અમદાવાદ | | | | | |
| શા. મોતીલાલ ગગલદાસ. | સરસપુર | | | | | ૫ |
| શા. રાયચંદ પાનાચંદ. | થરા | | | | | |
| વોરા નરસીદાસ નથુભાઈ | ગાંફ | ૧૧ | | | | |
| શા. લલુભાઈ મગનભાઈ. | નરોડા | | | | | |
| દા. ત્રીકમદાસ કાનજી. | મુંબઈ | ૫ | | | | |
| શા. મગનલાલ સાકલચંદની દીકરી બેન મોતી | અમદાવાદ | | | | | ૧૦ |
| શા. કરમચંદ ધરમચંદ. | દેહેગામ | | ૧ | ૧ | ૧ | ૫ |
| શા. રામચંદ હરજીવન. | મુંબઈ | | | | ૧૦ | |
| શા. ચુનીલાલ મલુકચંદ. | અમદાવાદ | | | | | |
| શા. હીરાચંદ જગજીવન. | અમદાવાદ | | | | | ૨ |
| શેઠ કપુરચંદ. | | ૫ | | | | |
| શા. મહાસુખરામ રવચંદ. | વલાદ | | | | | ૨ |
| શા. ગોરધન હકમચંદ. | સાઠંબા | | | | | |

| કેળવણી. | સુકૃત ભંડાર (ચાર આના ની યોજના) | પાલીતાણા બાળ શ્રમ. | અમદાવાદથી શેઠ લલુભાઇ રાયચંદ બોર્ડિંગ | અમદાવાદ-કન્યાશાળા. | જૈન શ્વે. મ. ફંડ | સાત ક્ષેત્ર ખાતું | કુલ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૦ | | | | | ૧૦ | પાંચ વરસ સુધી. |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૧૩ | |
| | | | | | ૫૧ | | ૫૧ | |
| | | | | | ૨૫ | | ૨૫ | |
| ૧ | | | | | | | ૫ | |
| ૧ | | | | | | | ૫ | |
| | | | | | | | ૧ | |
| | | | ૨ | | | | ૨ | |
| | | | | | ૧૦ | | ૧૦ | દસ વરસ સુધી. |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૫ | |
| | | ૨॥ | | | | | ૫ | |
| ૧ | | | | | | | ૫ | |
| | | ૧૦ | | | | | ૧૦ | |
| | | ૨ | | | | | ૨ | |
| | | | | | | | ૭ | |
| | | | | | | | ૨ | |
| ૧ | | ૫ | | | | | ૧૦ | |
| | | | ૨૫ | | | | ૨૫ | |
| ૪ | | | ૫ | | | | ૨૫ | |
| | | ૧૫ | | | | | ૧૫ | |
| | | | | | | ૭ | ૭ | |
| | | ૫ | | | | | ૧૦ | |
| | | ૨ | | | | | ૨ | |
| | | | | | | | ૧૧ | |
| | | ૧૦ | | | | | ૧૦ | |
| | | | | | | | ૫ | રોકડા આપ્યા છે. |
| | | | | | | | ૧૦ | |
| ૨ | | | | | | | ૧૦ | |
| | | ૫ | | | | | ૧૫ | |
| | | ૫ | | | | | ૫ | દર વરસે પાંચ વરસ સુધી. |
| | | | | | | | ૨ | |
| | | ૫ | | | | | ૧૦ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | ૫ | ૫ | |

# जैन समाचार.

## मी० हीरालाल जैन श्वे० डा० ईन्सपेक्टरकी तर्फसे. प्रगने सीवाणा—मारवाड.

यहांपर संवेगी कमलमुनी महाराज जो मोहनलालजी महाराजके संघाडे के हैं विचरना हुवा परन्तु ढुंढीयोंका अधिक प्रचार होनेसे पहिले पहिले अतन्त कठिनता पडी. यहांपर ढुंढिया समुदायके साधु जेठमलजी, ताराचंदजी, नेनचंदजी, और हिंदुमलजी जिन्होने शास्त्रार्थके लिये अपने धर्म्मकी पुष्टीको बडा कोलाहल किया. उक्त कमलमुनीजी महाराजसे ईस विषयमें छेड छाड कर श्रावकोंकी श्रद्धा भंग करनेके अर्थ बहुतसा हिलचल मचादीया उक्त स्थानके श्वेताम्बर समुदायका पत्र ब्रांच ओफिसमें पहुंचनेपर ईन्सपेक्टर हीरालालजीका पहुंचना जरूरी हुआ. कोन्फरन्सकी तर्फसे निवेदन कीया गया कि आप शास्त्रार्थ करें दिन मुकरीर कीया जाय जिसकी हार पराज्यहो वही हद धर्मको छोड सत सनातन धर्म जो वीर परमात्माके शासनके मुताबीक हे उसीको सब ग्रहन करें और लिखत लिखा जावे. आसपासके श्रावकोंको पत्र द्वारा सुचना दी जावे कि ईस धर्म सभामें शास्त्रार्थ करनेके सुअवसर पर पधारकर प्रतिबोध पामें. परन्तु ढुंढीया महाजने नाही करदीया की हम लोग शास्त्रार्थ ( चर्चा ) नहीं करेंगे जिसपर सार कलई खुल गई सब गांवके श्रावकोने मंदिर जानेके और पुजन करनेके नीयम लीये और श्वेताम्बर मतको अंगीकार कीया.

# જાહેર ખબર.

સર્વે જૈન ભાઇઓને ખબર આપવામાં આવેછે કે અમદાવાદ કોન્ફરન્સમાં થયેલ ઠરાવ નંબર ૧૪ અનુસાર આપણા પરમ પુજ્ય શ્રી તીર્થંકર ભગવાનની છબીઓ વેચવામાં આવે છે તે બંધ કરવાને માટે યોગ્ય પગલાં ભરવાની ખાસ જરૂર છે તેથી જણાવવાનું કે આવી છબીઓ જે કોઇ વેચતો હોય તેની બનેતો નકલ અને ખાસ કરીને વેચનાર તથા છાપનારનાં નામ તથા ઠેકાણા સાથેની ઉપયોગી હકીકત અમારા ઉપર મોકલી આપવામાં આવશે તો ઘટતો બંદોબસ્ત થઇ શકશે.

ગીરગામ મુંબઇ.

આસીસ્ટંટ સેક્રેટરી,

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# જૈન વિદ્વાનોને ઉત્તમ તક.

**પ્રોફેસર [illegible] જેકોબીએ વકીલ મી. કેશવલાલ પ્રેમચંદ ઉપર લખેલ નીચે પ્રમાણેનો [illegible] જાહેરાત માટે પ્રગટ કરીએછીએ અને વિદ્વાન જૈન લેખકોને આ સંબંધમાં પ્રોફેસર હરમન જેકોબી ઉપર પરભાર્યો પત્ર વ્યવહાર ચલાવવા વિનંતિ કરીએ છીએ.**

Now I have a favour to ask yon. By and by I have become acquainted with some of your coreligionists, but I have no knowledge of your community. I should be much obliged to you for information who are the principal in it; what is the name of the **गच्छ**, or are there more than one **गच्छ** concerned in our work who are its heads and what are the principal places where they have Upashrayas, and who are the laymen ( **श्रावक**s ) of importance who are interested in the publication of Jain books? It is not from mere curiosity that I ask this question, but from an interest to know the men for whom and with whose assistance I and my friends are expected to work.

I shall be glad to do what I can to assist you in publishing texts which are buried as it were in mass accessible but to few.

Professor Doctor Hermann Jacobi.
59, Nieubuhrstrasse,
Bonn,
Germany.

---

# જાહેર ખબર.

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી ચાલતું શ્રી ધાર્મીક હીસાબ તપાસણી** ખાતું—કોન્ફરન્સના આ ખાતાના ઓનરરી ઓડીટર સાહેબ શેઠ ચુનીલાલ નાહાંનચંદ અને તેમના તાબાના કેટલાક નોકરો આપણા પ્રખ્યાત તીર્થ શ્રી રાણકપુરજીનો તથા વરકાણાજીનો હીસાબ તપાસવા સારૂ હાલમાં ત્યાં ગયેલા હોવાથી તે ખાતાઓ સંબંધમાં જે કોઇ ગૃહસ્થને કાંઇ પણ ફરીયાદ યા સુચના કરવી હોય તેમને પોતાના ખરા નામઠામ, સાથે નીચેના સીરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ કરવામાં આવે છે. આવી રીતની આવેલી અરજીઓવાળા સજ્જનોનાં નામ અમે જાહેર કરવાના નથી.

**શેઠ ચુનીલાલ નહાંનચંદ,**
ઓનરરી ઓડીટર—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ
ઠેકાણું શેઠ ધરમચંદ અભેચંદ મુ. પાટણ: ઉત્તર ગુજરાત.

ગીરગામ મુંબઇ
તા૦ ૧૫-૬-૦૭.

લી૦ સેવક,
**આસીસ્ટંટ સેક્રેટરી**
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## વિદ્વાન જન લેખકોને તથા જૈન સાહિત્યના શોખીનોને ઉત્તમ તક.

અમેરીકામાં આવેલ ચીકાગો શહેરમાં મળેલી મહાન ધર્મ સભામાં જૈન ધર્મનો ઝુંડો ફરકાવનારા મરહુમ તત્વવેત્તા મી૦ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. બારીસ્ટર એટ–લૉ એ પોતાના ઇંગ્લંડ તથા યુરોપના પ્રવાસ દરમ્યાન જૈન ધર્મના તત્વજ્ઞાન ઉપરના ઉત્તમ બોધદાયક પોતાના ભાષણોદ્વારા તથા શિક્ષણદ્વારા અનેક યુરોપીયન વિદ્વાનોને જૈન ધર્મનો બોધ આપીને તેઓને તત્સંબંધમાં વધારે અભ્યાસ કરવાને તથા જ્ઞાન મેળવવાને ઉત્સુક બનાવ્યા હતા. તેઓમાંના એક મી૦ હરબર્ટ વોરન અત્ર હીંદુસ્થાનમાં વસતા એક વિદ્વાન મિત્ર ઉપર પત્ર લખી મી૦ વીરચંદભાઇએ જૈન ધર્મનું શિક્ષણ આપવાનું અધુરૂં રાખેલ કામ પુરૂં કરવાને આગ્રહ કરે છે. તે ઉપરથી જૈન લેખકોને સવિનય વિનંતિ કરવાની કે ઉક્ત ગ્રહસ્થની સાથે નીચે લખેલા સરનામે અંગ્રેજીમાં પત્રવ્યવહાર ચલાવી જુદા જુદા જૈન ધર્મના સવાલો ઉપર વિવેચન કરી આપણા જૈન ધર્મના સર્વ માન્ય સિદ્ધાંતોને અજવાળામાં લાવવા બનતો પ્રયાસ કરવા તસ્દી લેવી. સદરહુ ઇંગ્રેજ ગ્રહસ્થ જૈન ધર્મના એક ઉત્તમ અભ્યાસી છે અને તેનું વધુ જ્ઞાન મેળવવાને અભિલાષા ધરાવે છે તથા આપણા શબ્દોમાં કહીએ તો "ખપી જીવ છે" અને નિયમસર પત્ર વ્યવહાર જારી રાખવા તથા ખુલાસા માગવા ખંત રાખે છે તેમનું નામ તથા ઠેકાણું.

Herbert Warren c/o C. Valentine Esqr.
84 Shelgate Road Battersea Rise London S. W. England,

---

# શ્રી જૈન સંઘને વિજ્ઞપ્તિ.

દરેક ગામ યા શહેરના જૈન સંઘના અગ્રેસરોને સુચના કરવામાં આવે છે કે જો તેઓના તરફથી માત્ર પોષ્ટ ખર્ચના રૂ. ૦–૩–૦ ત્રણ આના નીચેના શીરનામે મોકલી આપવામાં આવશે તો ત્યાંના શ્રી સંઘના ઉપયોગને માટે મુંબઇમાં ભરાયેલી બીજી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો રૂ. ૦–૧૨–૦ ની કીંમતવાળો રીપોર્ટ અમારા તરફથી ભેટ તરીકે મોકલી આપવામાં આવશે. દરેક જૈન પાઠશાળા, સભા તથા લાયબ્રેરીને પણ ઉક્ત લાભ આપવામાં આવશે. સંવત ૧૯૬૨ ની સાલનો શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો રીપોર્ટ તથા હીસાબ પોષ્ટ ખર્ચનો એક આનો મોકલવાથી હરકોઇ શખ્સને ભેટ તરીકે આપવામાં આવશે.

આસીસ્ટંટ સેક્રેટરી

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

Registered No. B. 525.

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हेरल्ड.

पुस्तक ३. जुलई.
अंक ७. सन १९०७.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| विषय | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| The Jain Graduates' Association ... ... | १८९ | જૈન સમાચાર ... ... ... | २०३ |
| નિરાશ્રિત જૈનો અને જૈન શ્વેતાંબર મદદ ફંડ ... ... | १९३ | મરહૂમ શેઠ પ્રેમચંદ રાયચંદ ... | २०५ |
| મુંબઈ યુનિવર્સિટી અને જૈન સાહિત્ય ... ... ... | १९७ | આપણી અધોગતિ, તેમાં ફેરફાર કરવા માટે શું કરવું? ... | २०८ |
| જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ ... ... | २०० | માસિક હિસાબ તપાસણી ખાતું | २१४ |
| | | અમદાવાદ કોન્ફરન્સમાં થયેલ ફંડ | २१६ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

धर्म विजय प्रिंटिंग प्रेस पायधुनी—मुंबई.

# શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળી.

## પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુધ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. મુંબઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેક્ટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઈઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમીયા) તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકના સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકજીનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરની સંખ્યા તથા મકાનની સ્થિતિ વગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાના પુંઠાથી બંધાવેલુછે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે.

મૂલ્ય ફક્ત રૂ. ૧–૮–૦ રાખવામાં આવેલ છે.

છપાવી પ્રગટ કરનાર

ગિરગામ — શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

---

## ઢઢાછાપનું પવિત્ર કેશર.

### સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ખાત્રીનું શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી કેશર પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કોન્ફરન્સના ઉત્પાદક મી૦ ઢઢ્ઢાની છબીનો "ટ્રેડ માર્ક" છે તે નીચેના સ્થળોએથી મળશે.

મુંબઈ-જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ગિરગામ, માંગરોળ જૈન સભા પાયધુની,

જથ્થાબંધ વેચનાર એકલા માલેક,

જૈન મંદીર સામે
માડવી, મુંબઇ.

કછી દશાઓસવાળા જૈન મહાજન આશ્રિત
સ્વદેશી કંપની.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

रत्नानामिव रोहणक्षितिधरः खंतारकाणामिव,
स्वर्गःकल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,
पाथोधिः पयसामिवेंदुमहसां स्थानं गुणानामसा,
विसालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥ २१ ॥

**અર્થ**:—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.

SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

Vol. III.] JULY 1907. [No. 7.

# The Jain Graduates' Association.

Those who were present at the last Conference held at Ahmedabad are well aware that the Association was on the very eve of its dissolution. The members were greatly disappointed to see that most of them had not done anything practical, anything substantial to further the projects of the Jain Swetamber Conference They felt that they had failed in their duty to carry out the very aims and objects of the Association. They deeply felt that as they had cut a very bad figure on account of little work which they had done during the previous year, they were greatly lowered in the eyes of the public. The members of the Community, who were present there, were much more disappointed to find that the so-called graduates, on whom they depended for the

social, economical, moral and religious progress of the whole Community, have shewn themselves unworthy of their trust, and confidence. Some of the speakers gave vent to their feelings of disappointment and distrust from the pulpit of the Conference Pandal. Though many persons thought that the days of the Association were numbered, a few desired that such an institution, —which will in the long run be a focus from which various rays of light will eliminate and luminate the society, in consequence of which illumination the community shall not only be able to see them any sided evils that have crept in the society and to eradicate them out of it, but shall be able to find out and devise new ways and schemes for improving the state of the society in all its various aspects,—be abolished after a very short trial of two years.

Through the timely exertion of some of our members the Association has successfully passed its crisis and is still a living body. But where is the soul, the spirit that keeps a body living ? Let us shew to the public that we are not a body without soul. Let us shew that we are full of spirit, zeal, and enthusiasm. Being favoured with higher education and the higher ***status,*** which we have in society, we are supposed to know and discharge our duties better than others. Let us do our duty and prove ourselves worthy of the degrees conferred upon us by our ***University***. Let us work not to serve any selfish purpose or to gain cheap popularity but for duty's sake.

The question that arises then is what should be done by us ? How should we work ? The answer though at first seems to be difficult is easy if one remembers the aims and objects of the Association. The chief aims which led to the foundation of the Association two years ago are to further the projects of the Conference and to contribute articles for the Herald.

Every educated brother if he has the inclination, can help the Conference in various ways. He has at his Command the three P's:— the Press, the Petition & the Pulpit. By contributing articles in the Herald in particular and other Magazines and Papers in general and by delivering lectures from public platforms, the educated class can greatly influence the public mind and can get the resolutions annually passed by the Conference ***acted upon*** by the people. The new resolutions

passed at the last Conference as regards the Treasure Trove Act & the introduction of the Jain Literature in the various Universities as well as the proposed scheme of granting bulding leases on Shri PARSHVANATHJI Hill afford great opportunities to our eductaed brethren to move the proper authorities by Petitions and Memorials to get the reliefs prayed for and to have the grievances of our community redressed.

There are a thousand and one ways in which an educated brother can work for the welfare of our community and for the cause of the Conference. If he has a taste for history, let him collect the materials for the Jain Itihasa and remove the misconceptions which modern historians have about the Jains and Jainism, by placing before the world the true history of the Jains. If he is a student of antiquities, let him devote his whole life in travelling the vast fields of antiquities and put before the public the result of his researches. If he is a scholar of literature, let him taste the sweet nectar of our invaluable Shastras and other ancient works on various branches of learning and then publish the same in **a critical tone of the West**. If he is an engineer and has taste for architecture, let him visit (which is sure to reward him with salvation) our sacred Temples all over India, appreciate the beautiful works of art found everywhere and compare the Jain Style of architecture with other ancient and modern Styles of the East and the West. If he is a Doctor, let him preach crusade against vivisection and convince scientifically the non-vegetarians that vegetable kingdom is the natural diet of human race and animal food the unnatural one. If he is a lawyer, let him guard and defend the rights and privileges of the Community, including those which we have and which we enjoy from times immemorial as regards the various sacred Hills and places and keep a vigilant watch over any measure that may likely deprive the Community of their just claims and rights. Reader, if you have neither the means nor the ability to carry out any of the above-mentioned measures, then also, you can take some **active** part in the management of the Conference-Office and be a help to the Office and the Office-bearers.

These are some of the ways by which an educated brother, can render immense service to the Community. There are many other ways and means to reach the same end, which he will find of

his own accord if he makes up his mind to be useful to the Community and begins work.

It is high time that each and every member of the Association should begin selecting that sort of work which will suit his nature best. Difficulties no doubt will meet him in his way, but one should not leave his work half done. Let him remember that he is not alone, but that he can count upon his brother-members for any assistance which he may require. Members like Mr. Dhadha and Mr. Soni the Assistant Secretary are ever ready to render assistance to any work, if asked for.

It will not be out of place to note that our brothers at Bombay seem to have responded to the call of duty. They have resolved to get the management of the Herald in their own hands, but as their request could not be complied with for the present owing to certain reasons, they have thought it fit to send in their contributions, which they were assured, are sure to be published in the Herald. They have also rendered and will render useful assistance to the Sangh of Bombay as regards preparing petitions and memorials to be forwarded to the Government of Bengal re–Sametshikharji Hill. They also intend to present application to the University of Bombay and to do the needful for getting our literature introduced in the Bombay University Course.

They are also thinking of applying to the proper authorities for preventing the public sale of the photos and pictures of our reverend Tirthankaras and temples, highly offending to our religious feelings.

The object of the above article will be best served if each and every member of the Association will at once begin work, taking a lesson from the following beautiful lines of Long-fellow:—

"Let us then be up and doing,
With a heart for any fate;
Still achieving, still pursuing,
Learn to labour and to wait."

*Picket Road,*
*9–6–07.*

Makanji J. Mehta.

# નિરાશ્રિત જૈનો અને જૈન શ્વેતાંબર મદદ ફંડ.

( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ એલ. બી. )

અનુસંધાન પૃષ્ઠ ૧૬૧

વળી કથાનુયોગના વિષયમાં જે મહાન્ પુરૂષોના ચરિત્રો આપણે વાંચીએ છીએ તેમાંથી મળી આવેછે કે તેઓએ અનર્ગળ દોલત, જીન બિંબ ભરાવવામાં તથા દેરાસરો બંધાવવામાં વિગેરેમાં વાપરી હતી તેનો જવાબ એટલોજ બસ થઇ પડશે કે પ્રાચીન સમયમાં આપણી આર્થિક સ્થિતિ દરેક રીતે ચડીયાતી હતી, દરેક જુદી જુદી પ્રજામાં જૈન પ્રજા અગ્રસ્થાન રોકતી અને તેવા જાહોજલાલીના સમયનેજ, દેરાસરની ઉપજ અનેક રીતે વધારવાના હાલના પ્રચલિત રીવાજો આભારી છે. અને તેનું કેટલેક અંશે ખેદકારક પરિણામ એ આવેછે કે ભાવિક-શ્રદ્ધાળુ પણ ગરીબ જૈન ભાઈઓના ભોગે, દાંભિક દ્રવ્યવાન ગૃહસ્થો ધાર્મિક ક્રિયામાં આગળ પડતો ભાગ લે છે. અને તેની દેખાદેખીથી અનેક શ્રદ્ધાળુ જીવો પોતાની સ્થિતિનો વિચાર કર્યા વગર તેમાં પ્રવૃત્ત થવાથી દેવદ્રવ્યના કાયમને માટે દેવાદાર રહે છે. અમુક આનંદનો પ્રસંગ આવી મળતાં આપણું ધ્યાન જેટલું અઠ્ઠાઈ મહોત્સવ કે સ્વામિવત્સલ કરવા તરફ અથવા વરઘોડા ચડાવવા તરફ ખેંચાય છે તેટલુંજ બલ્કે તેથી વિશેષ ધ્યાન કેળવણીના કાર્ય પાછળ તથા નિરાશ્રિતોને મદદ આપવા પાછળ ખેંચાવું જોઇએ. દેવદ્રવ્યમાં ધાર્યા ઉપરાંત જરૂરી કાર્ય પાછળ વાપરવા જોઇએ તે કરતાં વધારે દ્રવ્યનો જમાવ કર્યો જઇયે અને સાધારણ ખાતું તથા પાંજરાપોળ ખાતું દેવામાં ડુબ્યું જાય તેનો એકદમ વિચાર કરવાની જરૂર છે. ગામના લોકો નાની જેવી રકમ ભેગી કરીને અને અન્ય ગૃહસ્થો પાસેથી ઉઘરાણું કરીને દેરાસર, ઉપાશ્રય કે ધર્મશાળા કરાવવી શરૂ કરે અને થોડું કામ થયા બાદ ફંડ ખુટી જવાથી કામ બંધ કરવું પડે ત્યારે પાછા ફરીથી મદદને માટે ગૃહસ્થોને ગળે પડવા જેવું કરે તે રીવાજ બંધ કરવાની જરૂર છે. અમુક સંસ્થા સ્થાપન કરવાને માટે તેને બંધાવાનો તથા કાયમ માટે નિભાવવાનો રીપેર કરવા વગેરેનો જે ખર્ચ થવા સંભવ હોય તેની પહેલાથી વ્યવસ્થા કર્યા બાદ--ચોકસ કર્યા બાદ તેનું કામ આગળ ચલાવવાને ઉત્તેજન આપવું હિતકારક છે. આવી રીતની પ્રથા જ્યારે આપણામાં સર્વત્ર પ્રચલિત થશે ત્યારેજ અમુક સવાલો તરફ આપણે સારી રીતે ધ્યાન આપી શકીશું

અત્ર જ્ઞાતિ ફંડને માટે બે શબ્દો લખવાની જરૂર છે. એકજ ધર્મના પણ જુદી જુદી જ્ઞાતિના આગેસરો તરફથી જ્ઞાતિના જમણ પ્રસંગે વાપરવાને માટે મ્હોટા મ્હોટા વાસણો રાખવામાં આવે છે તેનું ભાડું આવે તે તથા લગ્ન પ્રસંગે જે દાપું લેવામાં આવેછે તે તથા નાના મોટા જ્ઞાતિના ગુન્હાને પ્રસંગે ઓછો કે વત્તો જ્ઞાતિ ભાઇઓનો દંડ કરવામાં આવે છે તે, વગેરે વગેરે રકમો એકઠી કરવાથી એક મોટું ફંડ થવા જાય છે તેનો ઉપયોગ ખાસ કરીને ગરીબ જ્ઞાતિ ભાઇઓના લાભાર્થે થવો

જોઇએ તેને બદલે તદન જુદીજ બાબતમાં તેનો ઉપયોગ થાય છે તે ખરેખર ખેદ કારક છે વળી તેવો પૈસો કદી બહુ જરૂર જણાતાં સંઘ ખાતાનો ખાડો પુરવાના ઉપયોગમાં આવે તો તેને માટે બહુ કહેવા જેવું રહેતું નથી. પરંતુ જ્યાં જ્ઞાતિના ફંડનો પૈસો ઉકત ખાતાઓથી તદન અલગ રહેતો હોય તેવા સ્થળની જ્ઞાતિના ફંડનો ઉપયોગ જ્ઞાતિના અગ્રેસરો નજીવા કારણસર તકરારો ઉભી કરી માની લીધેલી પોતાની ખોટી મોહોટાઇ જાળવવા દેશ કાળને લઇને ઉદભવતા નવીન વીચારોના પરિણામ રૂપ કાર્યના લાભાલાભનો પુખ્ત વિચાર કર્યા વગર, જ્ઞાતિના પૈસાનો જેના સદઉપયોગને માટે જે જવાબદાર છે તે કાંકરાની માફક, મમતાની ખાતર છુટ વ્યય કર્યે જાય તે પૈસાને માટે તેઓને સખ્ત રીતે જોખમદાર ગણવા જોઇએ. આગળના અને હાલના જમાનામાં આસ્માન જમીનનો ફેર છે. જે વિચારો, જે વર્ત્તનો અને જે રિવાજો પ્રાચીન સમયમાં અનુકુળ હતા, જરૂરના હતા તે બધા આર્વાચીન સમયને બંધ બેસતા થઇજ પડવા જોઇએ એવી રીતની સમજણ મનમાંથી કાઢી નાંખવી જોઇએ. ' મારૂં તે સારૂં ( સાચું )' એ વિચારને સ્થાને ' સારૂં ( સાચું ) તે મારૂં' એ વચનો ગ્રહણ કરવાં જોઇએ. પૂર્વની કે પશ્ચિમની, પ્રાચીન કે અર્વાચીન સ્વદેશી કે વિદેશી સ્વધર્મી કે અન્ય ધર્મી, સુધારામાં આગળ વધેલી કે પાછળ પડેલી સ્વતંત્રતાના મોજાની લ્હેરો અનુભવતી કે ગુલામગીરીની દશામાં ગોથાં ખાતી ગમે તે પ્રજા પાસેથી તેના વિચારમાં વર્ત્તમાન, રહેણી કરણીમાં જે કાંઇ પણ સારૂં દેખાય, ઇચ્છવા યોગ્ય જણાય તે ગ્રહણ કરવામાં ધર્મને બાધ ન પ્હોંચે તેવી રીતે તૈયાર રહેવાની અનિવાર્ય જરૂર છે. ઉપર કહેલાં વિચારોને અવલંબીને જ્યારે કામ લેવામાં આવશે, ભાષણોથી લખાણોથી તથા સાધુ પુરૂષો ઉપદેશોથી જ્યારે નવીન વિચારને અનુકૂળ વાતાવરણ જૈન સમાજમાં ઉદભવશે ત્યારેજ આપણી ઉન્નતિ રૂપ સૂર્યના આશાજનક ચિન્હો કિરણો આપણી દૃષ્ટિમર્યાદામાં દૃષ્ટિગત થશે.

અમદાવાદ કોન્ફરન્સમાં થએલા જૈન શ્વેતામ્બર મદદ ફંડમાં નાણા ભરાવનારાઓ તરફના પુરતા માનપૂર્વક ઘણીજ દીલગીરી સાથે કહેવું પડેછે કે મજકુર ફંડની વ્યવસ્થાને માટે કોઇ પણ યોજના હજુ સુધી બ્હાર પડી નથી. ઉકત ફંડથી ઘણા ઘણા લાભોની આપણે આશા રાખી શકીએ છીએ, પ્હેલાંતો સ્વદેશી ચળવળના સમયમાં, દેશના જુદા જુદા પડી ભાંગેલા ઉદ્યોગોને, અસલ સ્થિતિમાં લાવવાને માટે અને તે દ્વારાએ આપણા નિરાશ્રિત સ્વામી ભાઇઓને ધંધે વળગાડવાને માટે ઉદ્યોગશાળાઓ સ્થાપવાની જરૂર છે. કામ કરવાને શક્તિવાન છતાં, ભિક્ષાવૃત્તિ ઉપરજ પોતાની આજીવિકા ચલાવનારા જૈન બંધુઓને તેવા કામમાં ઉત્તેજન આપી દેશની ગરીબાઇમાં વધારો કરવો જોઇએ નહિ પરંતુ તેઓને લાલચ આપી ઉદ્યમે વળગાડવા જોઇએ કે જેથી કરીને દેશની દોલતમાં વૃદ્ધિ થવા પામે અને અનેક રીતે પરદેશ ઘસડાઇ જતું દ્રવ્ય દેશના પુત્રોની દરિદ્રતામાં વધારો કરે છે તે બંધ થાય. મ્હોટા મ્હોટા શહેરોમાં સુરતમાં એક સારા પાયા ઉપર ચાલતું અનાથાશ્રમ છે તેની માફક અનાથાશ્રમો સ્થાપવાની જરૂર છે. જ્યાં અનાથ બાળકો, સુખે પેટ ભરવાની સાથે, સ્હેલાઇથી કેળવણીનો લાભ લઇ શકે તથા નવા નવા હુનરો શીખી અન્ય મનુષ્યોને

લાભ આપી શકે. તેમજ ધર્મ ભ્રષ્ટ થતાં પણ અટકે. વળી એક વિદ્વાન્ મિત્રની સલાહ મુજબ જૈન કોલેજ સ્થાપવાને બદલે જૈન બોર્ડીંગો સ્થાપવાની જરૂર છે. આથી કરીને ઓછા ખર્ચે કે જે ગણત્રી ફંડના અભાવે પ્હેલી હોવી જોઇએ. જૈન કોલેજથી જે લાભ પ્રાપ્ત કરવાની આપણે આશા બાંધીએ છીએ તે આપણને સ્હેલાઇથી મળી શકશે. આ વિષયમાં શેઠ માણેકચંદ હીરાચંદનું અનુકરણ કરવા, જૈન ભાઇઓને અમે ખાસ વિનંતી કરીએ છીએ અને ઉકત શેઠ જ્યારે ચાર પાંચ સ્થળે પોતાની એક હાથની મદદથી નમુનેદાર બોર્ડીંગ ખોલવાને શકિતમાન્ થયા છે ત્યારે આપણે મુંબઇ જેવા કેળવણીના કેન્દ્રસ્થાન ગણાતા શહેરમાં ખાસ જરૂરનું છતાં એકપણ બોર્ડીંગ લાંબા વખતથી વાતો કર્યા કરીએ છીએ તેમ છતાં અનેક પ્રયાસો કર્યા છતાં ઉઘાડવાને ભાગ્યશાળી થયા નથી તેપણ નવા જમાનાની નવીન નવાઈ નહિ તો બીજું શું ? શેઠ ગોકળભાઇ મુળચંદ પણ કાંઇક મોહમયી નિદ્રામાં ઉંઘતા જણાય છે, અથવા સખાવત જાહેર કર્યાથીજ પોતાનો હેતુ જળવાઈ રહેલો હોય તેમ માનવાને કારણ આપતા જણાય છે, અત્ર બોર્ડીંગની જરૂરીઆત પ્રતિપાદન કરવાનો મારો વિષય નથી તોપણ એટલુંતો ચોકસ થઈ ચુકયું છે કે તેના ઉપયોગીપણા અને જરૂરીઆત માટે બે મત છેજ નહિ.

બોર્ડીંગ જેવી સંસ્થા કેટલી લાભકારક થઈ પડે તેનો ખ્યાલ આપણા વ્યાપાર કુશળ ધનાઢ્ય ગ્રહસ્થોને આવી શકતો નહિ હોય તેને લીધેજ મુંબઇ જેવા ઇલાકાના મુખ્ય શેહેરમાં જૈન વિદ્યાર્થિઓની પુરતી સંખ્યા છતાં દરેક અભ્યાસીની સગવડ બરાબર જળવાઇ શકે તેવું બોર્ડીંગ હજુ સુધી હસ્તિમાં ન આવે એ કેટલું શોચનીય ? કોલેજમાં તથા ઉંચા વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિતય શહેરમાં, શાન્તિથી એકાગ્ર ચિત્તથી પોતાનો અભ્યાસ કરવાનું બનીશકે તેવા સાધનવાળી જગ્યા માત્ર પુરી પાડવાથી પણ ઘણોજ લાભ થવાનો સંભવ છે. જુદા જુદા શહેરના વતનીઓ ધર્મની ગાંઠથી જોડાએલા રહી બોર્ડીંગ જેવા સ્થળમાં સ્વધર્મી બંધુઓની સાથે મૈત્રી ભાવથી વર્તી ભેગા રહે અને એક બીજાના વિશેષ પરિચયમાં આવે, પોતાના જ્ઞાનનો તથા સદ્ વિચારોનો લાભ અન્યને આપે, જ્ઞાન પ્રાપ્તિમાં તથા સદ્ વર્તનમાં સ્પર્ધા કરવાનું બની શકે, સનાતન ધર્મના પરમ રહસ્યમાં, ધર્મ તત્વમાં, ચંચુપાત કરી શકે રહેણીકરણીમાં આપણો આચાર સહેલાઇથી જાળવી શકે તથા વિદ્યાર્થી જીવન પછીના સમયમાં વ્યવહાર કુશળ અનુભવી માણસ તરીકે બ્હાર પડી શકે, આવા પ્રકારના ઉત્તમ લાભ બોર્ડીંગ સિવાય બીજી કંઈ સંસ્થા આપી શકશે તે સમજાતું નથી.

અમદાવાદમાં સ્થપાએલ બોર્ડીંગને તથા પાલીતાણા બાળાશ્રમને તન, મન અને ધનથી ઉત્તેજન આપી સારા પાયા ઉપર મેલવાની જરૂર છે. કીર્તિની ખાતર અથવા માન ભુખણદાસ બની ખેતાબો મેળવવાની ખાએશથી જે નાણાની મોટી મોટી રકમો આપણા માતબર ગ્રહસ્થો તરફથી ખર્ચવામાં આવે છે તેનો પણ પ્રવાહ ફેરવવાની જરૂર છે. Charity begins at home એ કહેવત અનુસાર આપણે પ્હેલાં આપણા કુટુંબનું ત્યાર પછી જ્ઞાતિ ભાઇઓનું અને ત્યાર પછી સ્વદેશી બંધુઓનું હિત કરવા તરફ આપણો ઉદાર હાથ લંબાવવો જોઇએ. પ્રત્યેક વ્યકિત પરમાર્થ વૃત્તિથી, પરોપ-

કાર બુદ્ધિથી જ્યારે કામ લેવાનું યોગ્ય ધારશે અને ક્ષણ ભર વિચાર કરશે કે મેં કેટલા સ્વામિ ભાઈઓનું કેટલે અંશે ભલું કર્યું ત્યારેજ આપણી સ્થિતિ સુધરેલી જોવાને આપણે ભાગ્યશાળી થઈ શકશું.

દોડ ધામ કરી આગળ વધવાની સરતમાં સૌથી અગાડી આવવું તો દૂર રહ્યું પરંતુ અન્ય ભાઈબંધ કોમોની સાથે રહેવાને બદલે પાછળ પડતા જઈએ અને વખતના વ્હેવાની સાથે આપણી અને અન્ય કોમોની વચ્ચે લાંબો ફરક પડતો જાય તો પછી આપણી કોમની કે ધર્મની ઉન્નતિની આશા રાખવી એ કેવળ અયોગ્ય ગણાવું જોઇએ. આપણી આધુનીક સ્થિતિ અને તેની સુધારણા વગેરે વિષયો આપણા સાધુ મહારાજોએ પણ વ્યાખ્યાન સમયે તથા અન્ય પ્રસંગે ચર્ચવાની જરૂર છે તેઓનો ઉપદેશ જેટલું કરી શકશે તેટલું અન્યથી થવું મુસ્કેલ છે. પાંજરાપોળ જેવા ખાતા માટે જેવી રીતે લાગો લેવામાં આવે છે તેવીજ રીતે સાધનહીન સ્વામિભાઈઓના હિતાર્થે લગ્ન પ્રસંગે તથા જ્ઞાતિ ભોજન આપવામાં આવે તથા સંઘ જમાડવામાં આવે તે વખતે અમુક રકમ લેવાનું નક્કી કરવું જોઇએ. આપણી માતબર કોમ તરફથી ધાર્મિક કાર્યમાં જે લાખો રૂપૈયા ખર્ચાય છે તે તરફ જોતાં તથા આપણી હાલની સ્થિતિ જોતાં માત્ર પોણા લાખ રૂપૈયાના શ્રી જૈન શ્વેતામ્બર મદદ ફંડથી આપણે સંતોષ માનીને બેસી રહેવું જોઈતું નથી તે ફંડ હજારો બલ્કે લાખો રૂપૈયાનું થવાની જરૂરછે અને તેમાં જુદા જુદા શહેરના દરેક અગ્રેસરોને હિત લેતા કરવાની જરૂર છે. અમુક ફંડ અમુક માણસ તરફથી કરવામાં આવેલ છે અને તેની વ્યવસ્થા અમુક માણસનાજ હાથમાં છે એવા વિચારને જન્મ મળે અને તેથી અન્ય ગ્રહસ્થો એ ફંડમાં નાણા ભરતાં આંચકો ખાય તેમ ન થાય તે માટે યોગ્ય પ્રયત્ન કરવાની જરૂર છે.

આ સંબંધમાં ઉદભવતા વિચારો પ્રદર્શિત કરતાં કેટલોક સંકોચ કરવો પડેછે. તેમ છતાં પણ તા. ૩૦ મી જુનના "જૈન" પત્રમાં લખેલા નીચલા વાક્યો આ બાબતમાં કાંઇક અજવાળું પાડે છે.

"આ નવા મદદ ફંડની વ્યવસ્થા કોન્ફરન્સના અંગે નથી તે જરા ખેદકારક છે પણ જે ટ્રસ્ટીઓના હાથમાં તે મુકવામાં આવી છે તે પૈકીનો મ્હોટો ભાગ બંધીલો અને આગ્રહી છે. પણ આ બધા ટ્રસ્ટીઓ જો એક મત થાય તો જરૂર તેઓ ટ્રસ્ટના વ્યાજમાંથી આવતી રકમ કોન્ફરન્સના કાર્ય વાહકોને સોંપી તેનો સદુપયોગ કરાવવા પ્રયત્ન કરે."

આપણે જાણીને ઘણા ખુશી થઇશું કે મજકુર ફંડના નાણા ભરાઇ ગયા છે અને તેને માટે ટ્રસ્ટડીડ પણ તૈયાર થઈ ગયું છે. અને ટુંક મુદતમાં તેની વ્યવસ્થાને માટે યોગ્ય બંદોબસ્ત થશે. અને આ દુકાળ કરતાં પણ વિશેષ ચિન્તાકારક સમયના મોંઘવારીના સમયમાં નિરાશ્રિત જૈન ભાઇઓને લાભ મળશે.

આપણી કોમની વિધવાઓની સ્થિતિ ખાસ વિચારવા જેવી છે. સ્ત્રી કેળવણીની જરૂરીયાત સમજી આપણે જુદે જુદે ઠેકાણે કન્યાશાળાઓ સ્થાપવાની શરૂઆત કરીછે પરંતુ વખાણને પાત્ર સ્ત્રી કેળવણી આપી શકાય તથા નાની તેમજ મ્હોટી ઉમરની સ્ત્રીઓ સરખી રીતે લાભ લઈ શકે તેને માટે સ્ત્રી શિક્ષકો તૈયાર કરવાની ખાસ

જરૂર છે. માંદા માણસોની સારી રીતે માવજત થઈ શકે તેને માટે તથા સ્ત્રીઓને પ્રસુતિ સમયે ઉપયોગી થઈ પડે તેને માટે યોગ્ય શિક્ષણ આપી વિધવાઓને કેળવવાની જરૂર છે. ઉકત કાર્યથી તેઓને પોતાની આજીવિકા માટે મુદલ મુંઝાવું પડશે નહિ અને બીજી મજુરી વડે પોતાનું ગુજરાન ચલાવવાનું રહેશે નહિ. વળી પોતાના શિક્ષણથી સમસ્ત જૈન કોમને બીજો પણ લાભ આપી શકશે. તેઓને સ્કોલરશિપો આપી તથા અન્ય સગવડો કરી આપી અમદાવાદ ટ્રેનિંગ કોલેજમાં અભ્યાસ કરાવવાની જરૂર છે. આથી કરીને સ્ત્રી શિક્ષકની પડતી ખામીને આપણે દુર કરી શકશું. પુનામાં સ્થપાયેલ છે તેવી પદ્ધતિનું વિધવાશ્રમ સ્થાપવાની પણ જરૂર છે. ઉકત પ્રકારથી તેઓને જો આજીવિકાનું સાધન પ્રાપ્ત કરવામાં આપણે મદદભૂત થઈ શકીયે તો તેઓ કાર્યગ્રસ્તતાને લીધે પોતાનું નૈતિક જીવન પણ સારી રીતે ગુજારી શકે અને ધર્મ કાર્યમાં પ્રવર્ત્તે.

પ્રિય વાંચકો આ લેખમાં પ્રદર્શિત કરેલા વિચારો જો ગ્રાહ્ય લાગે તો તેનો અમલ કરવાને તમારા મિત્રોને આગ્રહ કરવાની અને કદાચ કાંઇ ખોટું ભાસે તો તેની ચર્ચા જાહેર પેપરો દ્વારા કરી મારી ભુલ સુધારવાને પ્રયત્ન કરવાની તથા અયોગ્ય લાગે તેવું લખાણ હોય તો ક્ષમા કરવાની વિનંતી કરી આ લેખ બંધ કરૂં છું.

# મુંબઈ યુનિવર્સિટી અને જૈન સાહિત્ય.

ગુજરાતના રાજ્યનગર અમદાવાદમાં મળેલી પાંચમી જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સ વખતે ઠરાવ કરવામાં આવ્યો હતો કે "જૈન સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યના અને દર્શનના ગ્રન્થો આપણી યુનિવર્સિટીમાં દાખલ કરવામાં આવે તે માટે યોગ્ય પ્રયત્ન કરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા વિચારે છે" અને તેને અમલમાં મેલવાને માટે ધી જૈન ગ્રેજ્યુએટ્સ એસોસીએશનની સભા મળી હતી ત્યારે એસોસીએશન તરફથી ઘટતા પગલા ભરવાને નકી કરવામાં આવ્યું હતું. આ સંબંધમાં આપણે જાણીને ઘણા ખુશી થઇશું કે કોન્ફરન્સ ઓફીસ તરફથી થયેલી સૂચના અનુસાર ઉકત મંડળ તરફથી હાલમાં આ કામ હાથ ધરવામાં આવ્યું છે અને તેને અંગે મુંબઇમાં વસતા ગ્રેજ્યુએટોની એક સભા બોલાવી મંડળના ઉપ પ્રમુખ મી૦ લખમશી હીરજી મૈસરી બી. એ. એલ એલ. બી. તથા ઓ. સેક્રેટરી મી૦ મકનજી જુઠાભાઇ મ્હેતા બી. એ. એલ એલ. બી. ની સહીથી મુંબઈ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ઉપર એક અરજી મોકલવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું જે ઉપરથી તા૦ ૨ જુલાઇને રોજ મુંબઇ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ઉપર સીન્ડીકેટની સન્મુખ મેલવાને માટે અરજી મોકલી આપવામાં આવી હતી. સ્થળ સંકોચને લીધે તેમજ મુંબઇ સમાચાર તથા અન્ય વર્તમાન પત્રમાં તેનું ભાષાંતર આવી ગયેલું હોવાથી અરજીની નકલ અમે અત્ર આપી શકતા નથી, પરંતુ વિદ્વતા ભરેલી રીતે જે દાખલા દલીલથી જૈન સાહિત્યના ગ્રન્થોનું અન્ય ધર્મના ગ્રન્થોની સાથે સરખાપણુંજ નહિ પણ ઉત્તમતા પ્રતિપાદન કરવામાં આવેલ

છે તથા આપણી યુનિવર્સિટીમાં ઘણા વરસો થયાં સંસ્કૃત ભાષાનો અભ્યાસ બીજી ભાષા તરીકે ફરજીયાત દાખલ કરવામાં આવેલો છતાં આપણા ધર્મના 'કળિકાલ સર્વજ્ઞ' જેવા બિરૂદના ધારક તથા અન્ય અપ્રતિમ વિદ્વાન્ આચાર્યોના હાથથી લખાયેલા ગ્રન્થોને યોગ્ય ન્યાય નહિ આપતાં તદન વિસારી મેલવામાં આવ્યા છે; તેને માટે અજાયબી સાથે જે દિલગીરી જૈન ગ્રેજ્યુએટો તરફથી પોતાની અરજીમાં પ્રદર્શિત કરેલ છે તે ઉપરથી આપણે ખાત્રી રાખીશું કે સીન્ડીકેટ તથા લાગતા વળગતાઓ આપણાજ નહિ બલ્કે સમસ્ત પ્રજાગણના હિત તરફ લક્ષ રાખી યોગ્ય ન્યાય આપવા જરાપણ આનાકાની કરશે નહિ. આપણી યુનિવર્સિટી તરફથી શિક્ષણ ક્રમમાં સંસ્કૃત ભાષાનો બીજી ભાષા (second language) તરીકે સ્વીકાર કરવામાં આવતાં અંગ્રેજી ચોથા ધોરણથી માંડીને એમ. એ સુધી, જે ભાષામાં સનાતન ધર્મ શાસ્ત્રના ગ્રન્થો તથા અન્ય ધર્મના તેમજ છએ દર્શનોના જે ગ્રન્થો રચવામાં આવ્યા છે તેનું રહસ્ય સમજી શકાય તે હેતુથી સંસ્કૃતના અભ્યાસને ઉત્તેજન આપવામાં આવેલું છે. વ્યાકરણના, તત્ત્વવિદ્યાના, ન્યાયના, કાવ્યના તથા બોધદાયક નાટકોના પુસ્તકો યુનિવર્સિટીને લગતી આર્ટસ કોલેજોના અભ્યાસક્રમમાં નકી કરવામાં આવ્યા છે. આથી કરીને અનેક ગ્રન્થો પુસ્તક ભંડારમાં પડયા પડયા ઉધઇથી ખવાઇ જાત તેને બદલે દુનીયાના પ્રકાશમાં આવ્યા છે અને પૂર્વની તેમજ પાશ્ચિમાત્ય પ્રજાએ તેના સંબંધમાં જે અજવાળું પાડ્યું છે તેનાથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. બીજી પ્રજાઓ જ્યારે સર્વ બાબતોમાં તદન જંગલી અવસ્થામાં હતી તે વખતે આર્ય પ્રજા અન્ય પ્રજાની સાથે સરખામણીમાં સુધારાની પરાકાષ્ટાએ પ્હોંચેલી હતી. તેની સાબીતી માટે અન્ય ઐતિહાસિક પુસ્તકોના અભાવે જુદા જુદા દર્શનના પુસ્તકોમાં પ્રરૂપેલી હકીકત પુરતી છે. અને તે પુસ્તકો આજે છુટથી વંચાતા જોઇએ છીએ તેનું કારણ શોધવા જવું પડે તેમ નથી. તેના ઉપર વિવેચન થાય, નોટ્સ લખાય, ટીકા લખાય તે પણ યુનિવર્સિટીનેજ આભારી છે.

યુનિવર્સિટીનો આવો શુભ આશય છતાં શા માટે એક પણ જૈન વિદ્વાનોના હાથથી લખાયેલ ગ્રન્થને ઉત્તેજન આપવામાં આવ્યું નથી તેનું કારણ સમજાતું નથી. જુદા જુદા ધોરણોમાં તથા વર્ગોમાં પ્રતિવર્ષ જે ગ્રહસ્થો તરફથી અભ્યાસને માટે જેજે ગ્રન્થો નકી કરવામાં આવે છે તેઓ કદાચ પક્ષપાત બુદ્ધિથી અથવા તો જૈન ગ્રન્થોની ઉત્તમતા તેમજ ઉપયોગિતા તેઓના ધ્યાન ઉપર લાવવામાં નહિ આવેલી હોવાથી જૈન પુસ્તકોને ન્યાય આપતા નહિ હોય પણ હવેથી તેઓથી તેમ ચલવી શકાશે નહિ.

એમ પણ દલીલ લાવવામાં આવે છે કે જૈન ગ્રન્થો પુરતી સંખ્યામાં તથા સંતોષકારક ટીકા (નોટ્સ) સહિત બ્હાર પડયા નથી તેના જવાબમાં એટલું કહેવું બસ થઈ પડશે કે છેલ્લા બે ત્રણ દાહેકામાં યુરોપ્યન વિદ્વાનો તરફથી તથા જૈન પ્રસિદ્ધકર્તાઓ તરફથી તત્સંબંધમાં ઘણોજ પ્રયાસ કરવામાં આવેલો છે તથા જૈન ગ્રેજ્યુએટ્સ એસોસીએશન તરફથી પોતાની અરજીની સાથે જે લીસ્ટ મોકલવામાં આવેલ છે તે પણ ધ્યાન ખેંચવા યોગ્ય થઇ પડે છે તેમજ અન્ય ગ્રન્થોની બાબતમાં બન્યું છે તેમ યુનિવર્સિટી તરફથી જૈન ગ્રન્થોને ન્યાય આપવાના હેતુથી ઉત્તેજન આપવામાં આવતા ઘણા ગ્રન્થો બ્હાર પડવા–અજવાળામાં આવવા સંભવ છે.

જૈન ગ્રેજ્યુએટો પોતાની અરજીમાં જણાવે છે તેમ જૈનો સુધારાની બાબતમાં આગળ વધતા જાય છે તથા જૈન ગ્રેજ્યુએટોની સંખ્યા પ્રમાણમાં દિવસે દિવસે વધતી જાય છે તથા યુરોપ્યન વિદ્વાનોનો શોખ પણ જૈન ગ્રન્થો પાછળ વધતો જાય છે તે બીના જરા પણ ભૂલી જવી જોઇતી નથી. વળી જૈન ધર્મના પુસ્તકો, તત્વવિદ્યા, ન્યાય, અલંકાર વગેરે બાબતમાં કોઈપણ રીતે ઉતરતા નથી તથા તેમાં એક સ્વતંત્ર ધર્મ તરીકે, અપૂર્વ વિચારયુક્ત તદન નવીન પધ્ધતિથી વિષયોને ચર્ચી વસ્તુ સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. ઇશ્વરકર્તૃત્વ સંબંધી, કર્મ સંબંધી તથા સપ્તભંગી સંબંધી જે વિદ્વતા ભરી રીતે પ્રતિપાદન કરવામાં આવેલ છે તે સર્વથી દુનિયાને—જનસમાજને—અંધારામાં રાખવી તે ઘણુંજ ખેદકારક લેખાવું જોઇએ. આ ગણત્રીએજ ઉપર લખવામાં આવ્યું છે કે સ્વાર્થ તરફ નજર રાખી અમુક કોમના લાભતરફ કદાચ ધ્યાન આપવામાં ન આવે તેની દરકાર નહિ પરંતુ સમસ્ત પ્રજાગણને હિત થાય તેવી બાબત પ્હેલાં હાથ ધરાવી જોઇએ.

આપણે જ્યારે વિચાર કરીએ છીએ કે મદ્રાસ તથા કલકત્તા કે જ્યાં જૈનોની વસ્તિ પ્રમાણમાં ઘણી થોડી હોવાને લીધે જૈન વિદ્યાર્થીઓની સંખ્યા પણ જુજ છે છતાં તે શહેરોની યુનિવર્સિટીએ આ બાબતમાં પ્હેલ કરી છે ત્યારે આપણે વિશેષ દીલગીર થવાનું કારણ રહે છે. કલકત્તા યુનીવર્સિટીએ विपाकसूत्र અને प्रश्न व्याकरण દાખલ કરેલા છે તથા મદ્રાસ યુનિવર્સિટીએ પોતાના અભ્યાસ ક્રમમાં गद्यचिन्तामणि તથા जीवन्धरचम्पू નક્કી કર્યાં છે. ઉક્ત સંયોગો વચ્ચે આપણી અરજી તરફ ઘટતું ધ્યાન આપવામાં આવશે એમ માનવાને આપણી પાસે પૂરતાં કારણ છે.

આ બાબતમાં શ્વેતામ્બર તેમજ દિગમ્બર જૈનભાઇઓ તરફથી પ્રયાસ ચાલુ છે અને અનેક બાબતોમાં બન્યું છે તેમ આના સંબંધમાં પણ ઘટતાં પગલાં ભરવાનું પ્રથમ માન દિગમ્બર ભાઈઓને ઘટે છે. સધર્ન મરાઠા જૈન એસોસીએશન તરફથી આજથી બે વર્ષ પ્હેલાં તા૦ ૧૪-મી જુન ૧૯૦૫ ની અરજી થયેલી છે તથા દિગમ્બર જૈન પ્રાંતિકસભા તરફથી તા૦ ૧૫ મી ઓગસ્ટ ૧૯૦૫ ને રોજ અરજી મોકલવામાં આવી હતી. આપણે જો કે આ બાબતમાં કાંઇક મોડા જાગ્યા છીએ તોપણ એટલું બધું મોડું નથી થયું કે આપણી અરજી તરફ ઘટતું ધ્યાન આપવાનું બની શકે નહિ. સને ૧૯૦૯ સુધીનો કોર્સ નક્કી થઈ ગયો છે અને ત્યાર પછીના વર્ષોને માટે પુસ્તકો નક્કી કરવાને હાલમાં એક કમીટી નીમવામાં આવેલી છે. તે કમીટીના દરેક મેમ્બરો તરફ આપણે કરેલી અરજીની નકલો લીસ્ટ સાથે રવાના કરવામાં આવેલી છે અને આપણને રૂબરૂમાં યુનિવર્સિટીના રજીસ્ટ્રાર તરફથી એવો રાહત આપનારો જવાબ મળ્યો છે કે તે બાબતમાં હાલમાં કમીટી વિચાર ચલાવે છે.

આપણા હકની મજબુત લડતના ટેકામાં અમો એમ પણ કહેવાની જરૂર સમજીએ છીએ કે મુંબઇ ઈલાકામાં કલકત્તા તથા મદ્રાસ ઈલાકા કરતાં શ્વેતામ્બર તેમજ દિગમ્બર જૈન ભાઇઓની વસ્તિ ઘણીજ વધારે છે એટલુંજ નહિ પણ આપણી કોમના માતબર અગ્રેસરોએ જરા પણ ભિન્નભાવ રાખ્યા વગર સાર્વજનિક કાર્યમાં અને ખસુસ કરીને મુંબઇનીજ યુનિવર્સિટી નહી બલ્કે કલકત્તાની યુનિવર્સિટીને પણ મદદ આપવાના કાર્યમાં પોતાના ઉદાર હાથ લંબાવી અમર કીર્તિ પ્રાપ્ત કરી છે.

અરજી સાથે જોડેલા લીસ્ટ તરફ નજર કરીશું તો માલૂમ પડશે કે ઉતાવળથી તૈયાર થયેલા લીસ્ટમાં ઘણા ગ્રન્થો જેવા કે ધર્મશર્માભ્યુદય, ચન્દ્રપ્રભ ચરિત્ર વગેરે દાખલ કરવા રહી ગયેલા છે. જે પૈકી થોડા થોડા ગ્રન્થો પસંદ કરવામાં આવે તો પણ ઘણોજ લાભ થવા સંભવ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વિરચિત ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર જેવા ગ્રન્થો, રઘુવંશ, કુમારસંભવ વગેરેથી કોઇપણ પ્રકારે ઉતરતા નથી. વળી જુદા જુદા વર્ગોને શિક્ષણક્રમમાં અનુકૂળ થઈ પડે તેવી રીતની યોગ્યતા જૈન ગ્રન્થો પણ ધરાવે છે. જૈન શૈલીનું યથાર્થ જ્ઞાન આપનાર, ન્યાયના અપૂર્વ ગ્રન્થ સ્યાદ્‌વાદ મંજરીને પણ લીસ્ટમાં દાખલ કરવામાં આવેલ છે. ઉકત ગ્રન્થની પ્રતનું શોધન ડોકટર ભાંડારકરે કરેલું છે તથા તેના ઉપર ટીકા લખવાનું કામ અમદાવાદની ગુજરાત કોલેજના બાહોશ પ્રોફેસર મી. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ એમ. એ. એલ એલ. બીને સોંપવામાં આવેલું છે. તે ગ્રન્થ એમ. એ.ના કોર્સ માટે દરેક રીતે યોગ્ય થઇ પડે તેમ છે લીસ્ટમાંના ઘણા ખરા ગ્રન્થો યુરોપીયન વિદ્વાનો તરફથી બ્હાર પડી ગયા છે. આવી રીતની સર્વ પ્રકારની અનુકુળતા હોવાથી આપણે આશા રાખીશું કે યુવાન્ જૈન ગ્રેજયુએટો પોતાના પ્રયાસમાં ફતેહ મેળવવાને ભાગ્યશાલી થાય.

# જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ.

**શાહ નરોત્તમ ભગવાનદાસ.**

અનુસંધાન પૃષ્ટ ૧૩૩

**છઠ અઠમની ટીપ ખાતું**—સાત છઠ તથા બે અઠમનું એક વ્રત છે, તે કરનારને પારણું કરાવવા માટે આ ટીપમાં તે વ્રત કરનારાઓમાંથી તથા બીજા ભાઇઓ તરફથી પૈસા ભરવામાં આવે છે. તપસ્યાને ઉત્તેજન તરીકે આ ખાતું ઠીક છે.

**નવાણું જાત્રાની ટીપ ખાતું**—ડુંગરપરની તથા તળાટીની એ બે પ્રકારે નવાણું યાત્રા થાય છે. તલાટીની ચોમાસામાંજ થાય છે, અને ડુંગરપરની એ સિવાયના આઠ માસ દરમ્યાન થાય છે. તે કરનાર પાસે કર તરીકે નહિ, પણ નવાણુ યાત્રાના પુણ્યના વધારાના પુણ્ય તરીકે, નકરા તરીકે, સવા રૂપિયો લેવામાં આવે છે. નવાણુ યાત્રા કરનાર સિવાયના માણસોને આ ખાતામાં ભરવાનો સંભવ નથી.

**શ્રી કેશરના નકરા ખાતું**—જે શકિતવાળા માણસો પોતાના ઘરનું કેશર વાપરે છે, તેમને માટે તો સવાલજ નથી. પરંતુ જે સામાન્ય સ્થિતિના ભાઇઓ દેરાસરમાં સર્વના વપરાશ માટે વટાતું કેશર ચાંદલા માટે તથા પ્રભુપૂજા માટે લઈ શકે, પરંતુ પોતાને માટે જૂદું વટાવી શકે નહિ, તેઓને માટે ખાસ કરીને, તથા સામાન્ય સ્થિતિના ભાઇઓથી એકઠા થએલા પૈસા ઓછા હોય તે પૂર્ણ કરવા માટે શ્રીમાનો માટે આ ખાતું છે. આ ખાતું કર તરીકે નથી, પરંતુ સૌ સૌની શકિત પ્રમાણે અવશ્ય મદદ કરવાનું આ ખાતું છે. તેથી દરેકે શક્તિ પ્રમાણે આ ખાતાને મદદ કરવી જોઇએ.

**શ્રી પૂજાના નકરા ખાતું**—ઘણા ભાઇઓમાંથી કોણ પહેલી પૂજા કરે તે મુશ્કેલી દૂર કરવાના હેતુથી, તથા કોઇને ખોટું ન લાગે અને દેરાસરનો ખર્ચ ચાલી શકે તે માટે પ્રભુપૂજાનું ઘી બોલાય છે, આરતી તથા માંગળિક દીવાનું પણ ઘી બોલાય છે, બીજી પૂજાઓ પ્રસંગે, પ્રતિષ્ઠા વખતે તથા બીજા ઘણા પ્રસંગોએ ઘી બોલાય છે, તે બધામાં જે ભાઇઓએ ભાગ લીધો ન હોય છતાં કાંઈ આપવાની ઇચ્છા હોય તેમને માટે આ ખાતું છે. ખાસ મદદની જરૂરવાળું ખાતું નથી.

**નહાવાના ઉના પાણી ખાતું**—આજથી થોડાં વર્ષો ઉપર ઉના પાણીનો બહુ પ્રચાર નહોતો. હાલ બારે માસ ઉને પાણીએ નહાનાર માણસો પણ છે. ઉનું પાણી કરવામાં લાકડાં, વાસણ, મજૂર, તથા બીજો પરચુરણ જે ખર્ચ થાય તેના ફાળા તરીકે ઉને પાણીએ નહાનાર ભાઇએ શકિત મુજબ તથા બીજા ભાઇઓએ પણ શકિતમુજબ મદદ કરવા માટે આ ખાતું છે. નહાનાર ભાઇએ અવશ્ય મદદ કરવી જોઇએ, હાલ જ્યાં જ્યાં ઉના પાણીની સગવડ નથી, ત્યાં કરવા માટે વર્તમાનપત્રોમાં કોઈ કોઈ વખત સૂચનાઓ થાય છે, પરંતુ તેઓએ એટલું પહેલેથી ધ્યાન રાખવું કે ખર્ચ પૂરતી રકમ માટે ૧ વર્ષની ગોઠવણ કરીને પછી શરૂ કરવું સારૂં છે.

**વાસણ ગોદડાંના નકરા ખાતું**—નકરા શબ્દનો મૂળ અર્થ "કર નહિ પણ રાજીખુશીથી શકિત પ્રમાણે આપવાની રકમ" હશે, પરંતુ હાલ તેનો અર્થ "ચીજના વપરાશ બદલની કિંમત" જેવો થતો લાગે છે. જે માણસ ત્યાંના વાસણ ગોદડાં વાપરે તેને અમુક ઠરાવેલા દર પ્રમાણે રકમ આપવી પડે છે. નહિ વાપરનાર પણ આપી શકે.

**નવાણુંની ટોળીના નકરા ખાતું**—સામાન્ય રીતે નવાણુ જાત્રા કરનાર શકિતવાન ભાઇઓ પોતાની સુવાંગ નવાણુ જાત્રા કરનારની ટોળી જમાડે છે, અને સાધારણ સ્થિતિના, ભાગમાં જમાડે છે. નવાણુ યાત્રાનું પુણ્ય કર્યું, તે પછી નવાણુ યાત્રા કરનારના વર્ગ સાથે ભોજનદ્વારા વિશેષ સ્વામીભાવ થવા માટે, આ ટોળીનો પ્રચાર થયો લાગે છે. ટોળી કરનારને શ્રી કારખાના ખાતે રૂ ૮ાા આપવા પડે છે.

**રથજાત્રાના નકરા ખાતે**—કાર્તિક શુદ ૧૫, ચૈત્ર શુદ ૧૫, વિગેરે પર્વોપર પ્રભુસહિત રથજાત્રા થાય છે, તે રથના વપરાશ માટે રૂ ૨૫) નો નકરો લેવામાં આવેછે. જૂદા જૂદા ગામોમાં સ્થિતિ પ્રમાણે જૂદી જૂદી રકમો હોય છે. બહુ મોટી રકમ હોય તો આપનારનું મન જરા મોળા પરિણામવાળું થાય છે. અને સાધારણ રકમ હોય તો ઉત્સાહ અને ચડતા ભાવ રહે છે. ખરૂં છે કે આ રકમ ફરજીઆત અમુક શકિતવાન વ્યકિત પાસેથીજ લેવાની છે, પરંતુ તેને પણ પૈસાનો વિચાર કરવો પડતો હોવાથી દરેક સ્થાને શકિત મુજબ સામાન્ય રકમ નકી કરવાની છે, અને તે રથનો ઉપયોગ કરનાર સર્વ પાસેથી સરખી રીતે લેવાની છે. દેરાસરની ઉપજમાં, શ્રીમાનો પાસેથી હર્ષના પ્રસંગે લેવા માટે આ અને આવા નકરા બહુ સારો ભાગ આપે છે.

**શ્રી ગિરનારજી ખાતું**—જે ભાઇઓ કાંઇ રકમ ગિરનારજી મોકલવા માગતા હોય, તેને માટે ટપાલના મનીઓર્ડરની, હુંડીની વિગેરે ઘણી સગવડો હાલ છે, છતાં સહેલાઇથી કાંઇપણ મહેનત વગર આંહી આપવાથી ગિરનારજી તે રકમ જાય છે. જે પર્વતો જૈનોને પૂજ્ય ગણાય છે, તેઓમાં ગિરનારજીનો દરજ્જો ધ્યાનમાં રાખવા જેવો

છે. વારંવાર ગિરનારજીના વહિવટ માટે બૂમોપર બૂમો આવ્યા કરે છે, મહેતા તથા ટ્રસ્ટીઓની ગેરવ્યવસ્થા માટે વર્તમાનપત્રોમાં ફરિયાદો આવે છે, તે અમુક અંશે ખરી હશે, પરંતુ હાલ ત્યાંના મુનીમ અનુભવી માણસ છે, તેમના હાથ નીચે ગેરવ્યવસ્થા ચાલવાનો સંભવ નથી, તથા હાલ થોડા વખતથી જૂનાગઢના નામદાર નવાબ સાહેબે ગિરનારજીના આપણાં દેરાસરોની આપણી માલેકી વિષે તથા બીજા સવાલોની શરૂઆત કરી છે તે જોતાં હાલ તુરતને માટે આ ખાતાને મદદ કરવાની ખાસ જરૂર છે. તીર્થોનું રક્ષણ કરવાની ફરજ અને જરૂર છે.

**ભંડાર ખાતું**—આ ખાતાનું બીજું નામ દેરાસર ખાતું છે. કોઈપણ સ્થળે દેવદ્રવ્ય ખાતું ડુબતું જવલે જોવાય છે. ડુબતું ખાતું સાધારણનુંજ હોય છે. ભંડાર ખાતાને મદદ કરવાની જરૂર છે, પરંતુ સાધારણ ખાતાને ભોગે નહિ. જો પૂજા કરનારા જૈનો નહિ હોય, અથવા ઓછા થતા જશે, તો પછી દેરાસરોની મોટી સંખ્યા, જૈનોની ઓછી થતી સંખ્યાને માટે, નિભાવવી મુશ્કેલ થઈ પડશે.

**તળાટી ખાતું**—તળાટી ખાતે રહેતા માણસો, અપાતું ભાતું, પાણી, તળાટીના મકાનનું રક્ષણ એ બધા ખર્ચને પહોંચી વળવા માટે આ ખાતું છે. જતાં આવતાં તળાટી કેટલી ઉપયોગી છે તે તો દરેક યાત્રાળુ જાણે છે. ડુંગરપરથી ઉતરીને તળાટીપર બેસતાં જે આરામ મળે છે, તે દરેક અનુભવીને ખબર છે, તેથી વિશેષ લખવાની જરૂર નથી. આ ખાતું ખાસ મદદને પાત્ર છે.

**સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમ ખાતું**—દિવસે દિવસે પડતી થતી જતી સ્થિતિમાં નિરાધાર સ્વધર્મી બંધુઓને પરધર્મમાં જતાં, અને આપણી સંખ્યા ઓછી થતાં અટકાવવા તથા બાળકોનું જીવન વધારે સારૂં બનાવવા માટે આવા આશ્રમોની જરૂર છે. આ આશ્રમ સાધારણ સ્થિતિના પણ નિઃસ્વાર્થી, ઉત્સાહી જુવાન માણસે સ્વધર્મીબંધુઓની મદદથી ઉઘાડયું છે. દરેક રીતે મદદને પાત્ર છે.

શ્રી પાલીતાણાના આણંદજી કલ્યાણજીના કારખાનામાં જે રીતે જે ખાતાઓમાં નાણા લેવામાં આવે છે, તે ખાતાંઓનું, મદદને માટે પાત્રતાનું, વિગેરે વિવેચન હવે પૂર્ણ થાય છે. બીજા જાહેર ખાતાઓમાં પણ આવાજ ખાતાઓમાં રૂપિયા ભરાય છે, તો કયું ખાતું સૌથી વિશેષ મદદને પાત્ર છે, એ નકી કરીને પછીજ પૈસા આપવા એ સર્વોત્તમ છે. કારણકે જે ખાતામાં મદદની જરૂર થોડી હોય, તેમાં ભરાવો થયા કરે, અને મદદની વિશેષ જરૂર હોય, તે ભૂખેભરે, એવી સ્થિતિનું પરિણામ એ થાય કે ભૂખે મરતું ખાતું રીબીરીબીને છેલ્લી અવસ્થાએ આવે, અને પુષ્ટ ખાતું આખરે મુશ્કેલીમાં આવી પડે. માટે વિચારીને પૈસા ભરવા વિનંતિ છે.

જે ગામોમાં વસ્તીના પ્રમાણમાં દેરાસરો વધારે હોય, નિભાવવાં મુશ્કેલ થઈ પડતાં હોય, ત્યાંથી પ્રતિમાંજીને બીજા કોઇ દેરાસરમાં પધરાવવા વધારે ઉત્તમ છે. કારણકે જ્યાં વસ્તી નથી, ત્યાં તમે નવી વસ્તી કરી શકવાના નથી, અને તેથી રાણકપુરજી જેવાં અતિશય પ્રખ્યાત, ચમત્કારી, કોરણીદાર, જૈન કીર્તિને યાદ દેવરાવનાર નમુનાઓને બાદ કરીને, બાકીનાં સામાન્ય દેરાસરોનો વસ્તી વગરનાં ગામમાં જીર્ણોધ્ધાર કરવો નકામો છે.

**ધર્મશાળાઓ**—હિંદુસ્તાનમાં શ્રીમાનો વિદ્યાને ઉત્તેજન આપવાને બદલે ધર્મનાં સ્થાનો, ધર્મનાં સ્થળોએ રહેવાનાં મકાનો વિગેરે બંધાવતા, અને હાલ પણ બંધાવે છે. તેમણે ધર્મશાળા બંધાવતી વખતે કદી એમ ધાર્યું નહિ હોય, કે મારી ધર્મશાળાના મુનીમ યાત્રાળુઓને હેરાન કરીને પૈસા કઢાવે. મુદ્દાની વાત એટલીજ છે કે સંતોષથી વિમુખ લોભના હાલના જમાનામાં પ્રમાણિકપણે મળતી રકમ ઉપરાંત વિશેષ મેળવવા ગેરવ્યાજબી વૃત્તિ થાય છે, પણ મુનીમોએ તેમ કરવું જોઇતું નથી. તેવીજ રીતે ધર્મશાળા બંધાવનારે અથવા તેના વારસ હયાત હોય તો તેમણે વરસમાં એક વખત ઓછામાં ઓછું પોતાની લોકોપયોગી સંસ્થાની સંભાળ લેવી જોઇએ. તેને માટે કંઈ ફરિયાદ આવે તો તેની પણ તપાસ કરવી જોઇએ.

**જ્ઞાનભંડારો**—કોન્ફરન્સ તરફથી બહાર પડેલા આગમોના લીસ્ટ વખતે અનુભવાયું છે કે સમજુ ગણાતા યતિઓ, તથા ભંડારના વ્યવસ્થાપકો પુસ્તકોનાં નામો આપવાને પણ ના પાડે છે. તો પછી તેની નકલની વાત તો કયાંથીજ કરવી ? આ ભાઇઓએ સમજવું જોઇએ છે કે જે હેતુથી તેઓ જ્ઞાનભંડાર સાચવે છે તેજ હેતુથી પુસ્તકોનાં નામો તથા નકલો માગવામાં આવે છે. માટે અટકાયત કરવી જોઇતી નથી. જ્ઞાનના ઉજમણા વખતે ભપકામાં, ચંદરવા, પૂઠીઆ, વિગેરેમાં પાણીની માફક ખર્ચાતા પૈસા પુસ્તકોધ્ધારમાં, મફત પુસ્તકોની લહાણીમાં વિગેરેમાં ખર્ચવા એ વિશેષ લાભકારક છે.

અપૂર્ણ.

# ( જૈન સમાચાર. )

**આપણું પવિત્ર તીર્થ શ્રી સમેતશીખરજી**—આના સંબંધમાં હાલમાં જે ચિંતાકારક મામલો થઇ પડયો છે તેનું સંતોષકારક પરિણામ આવવાના આશાજનક શુભ ચિન્હો નજરે પડે છે. મુર્શીદાબાદના તથા કલકત્તાના આપણા અગ્રેસરો, જે પ્રયાસમાં મચ્યા રહ્યા છે તે જો સફળ થશે તો હમેશને માટે આપણે નિશ્ચિંત રહેવાનું બની શકશે.

લાહોરના જૈનભાઇઓ તરફથી પવિત્ર તીર્થ શ્રી સમેતશીખરના પ્હાડ ઉપર યુરોપ્યનોને બંગલા બાંધવાની પરવાનગી નહિ આપવાને, બંગાલાના લેફટેનન્ટ ગવર્નર ઉપર એક મેમોરીયલ તૈયાર કરી મોકલી આપવામાં આવ્યું છે અને તેની સાથે મુગલ શહેનશાહ અકબર બાદશાહ તરફથી આપણા પરમપૂજ્ય આચાર્ય શ્રી હીરવિજય સૂરિને સર્વ તીર્થના કબજાના સંબંધમાં તથા તેની આજુબાજુ જીવદયા પળાવવાના સંબંધમાં આપવામાં આવેલી સનંદની નકલ જોડવામાં આવેલી છે જે ખરેખર ધ્યાન ખેંચવા યોગ્ય થઇ પડે છે અને આપણે આશા રાખીશું કે લેફટેનન્ટ ગવર્નર સાહેબ સમસ્ત જૈન પ્રજાગણને, તેઓની ધાર્મિક લાગણીને માન આપીને પુરતો સંતોષ આપશે.

**આસીસ્ટંટ જનરલ સેક્રેટરી તરીકે થયેલી આવકારદાયક નીમણુક**—અમદાવાદમાં ભરાયેલી કોન્ફરન્સ વખતે મુંબઈ ખાતેના આ. જનરલ સેક્રેટરી તરીકે યોગ્ય ગ્રહસ્થને

પસંદ કરવાનું શેઠ વીરચંદ દીપચંદની મુનસફી ઉપર રાખવામાં આવ્યું હતું અને તદ્અનુસાર તેઓ સાહેબે મોતીચંદ ગીરધર કાપડીયા બી. એ. એલ એલ. બી. ને નીમ્યા હતા. પરંતુ કેટલીક અગવડોને લીધે તેમણે પોતાનું રાજીનામું મોકલી આપ્યું હતું જે સ્વીકારવામાં આવતાં હાલમાં શેઠ કલ્યાણચંદ સોભાગ્યચંદની નીમણુંક કરવામાં આવી છે, જેઓ સાહેબ એક ઉત્સાહી ગૃહસ્થ હોવાથી તથા જૈન કોમના હિતના કામોમાં આગળ પડતો ભાગ લેતા હોવાથી કોન્ફરન્સના કાર્યને પણ દરેક રીતે ઉત્તેજન મળવા સંભવ છે. તેમના જેવા સુકાનીઓ મેળવવાથી અમો ભાગ્યશાળી થયા છીએ એમ કહેવું તે જરાપણ અતિશયોક્તિ ભર્યું નથી.

**નવી ગુજરાતી પાંચમી ચોપડી અને જૈનો**—સરકારી કેળવણી ખાતા તરફથી હાલમાં જે વાંચનમાળા તૈયાર કરવામાં આવેલી છે તેમાં કેટલીક ચોપડીમાંના પાઠના લખાણે મુસલમાન ભાઈઓની તેમજ પારસી ભાઈઓની ધાર્મિક લાગણી દુખાવી છે એટલુંજ નહિ પણ આપણા જૈન ભાઈઓમાં પણ, આપણા ધર્મની શરૂઆત બૌધના સમયમાં આપણા પરમ પવિત્ર ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીથી થયેલીછે એમ કહી કચવાટની લાગણીને જન્મ આપ્યો છે. પ્હેલાં જે એમ માનવામાં આવતું હતું કે જૈન ધર્મ બૌધ ધર્મની શાખા છે તેવી અસત્ય માન્યતાને પૂર્વના તેમજ પશ્ચિમના યુરોપ્યન વિદ્વાનોએ તદન ખોટી પાડી છે તેમજ જેમ જેમ જૈન ધર્મના પુસ્તકો બ્હાર પડતા જાય છે તથા વિદ્વાનો પોતાની શોધ ખોળમાં વધતા જાયછે તેમ તેમ જૈન ધર્મના સંબંધમાં વિશેષ અજવાળું પડે છે અને લોકોને ધર્મના તત્વના સંબંધમાં વિશેષ માહિતી મળતી જાય છે. ઉપર કહેલી ભૂલ પાંચમી ચોપડીના નવમા પાઠમાં કરવામાં આવેલી છે અને તે લખાણની સાથે જ્યારે આપણે આપણા પ્રથમ તીર્થંકર શ્રી 'આદિનાથ' ની બાબતમાં લખાયેલો પાઠ સાડમો વાંચીએ છીએ ત્યારે આશ્ચર્ય સાથે ખેદ થાય છે કે આવી રીતની ભૂલો કમીટીના બાહોશ વિદ્વાનોના હાથથી કેવી રીતે થવા પામી હશે! વળી સાઠમા પાઠમાં આપણે જેમને યુગળીયા કહીએ છીએ તેમને માટે "જંગલી" શબ્દ વાપરવામાં આવ્યો છે તેની સામે પણ વાંધો ઉઠાવવાની જરૂર છે તથા કેળવણી ખાતાના તરફથી માસ્ર્ડનનો ઇતિહાસ મંજુર કરવામાં આવેલ છે તેમાં થયેલી કેટલીએક ભૂલોના સંબંધમાં અમો હવે પછી ધ્યાન ખેંચવા વિચાર રાખીએ છીએ પરંતુ પાંચમી ચોપડીના નવમા પાઠમાં જે ભૂલ થયેલી જોવામાં આવે છે તેને સુધારવાને ઘટતો બંદોબસ્ત તાકીદે કરવામાં આવશે એમ આપણે આશા રાખીશું. જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશન તથા કોન્ફરન્સ ઓફીસ તરફથી આ બાબતમાં હીલચાલ શરૂ કરવામાં આવી છે તે જાણી આપણે ખુશી થઇશું.

**શ્રી તીર્થંકર મહારાજ તથા ગણધરોની છબીઓ**—જાહેર રીતે વેચવામાં આવતી હતી તેથી તેના સંબંધમાં જે અશાતના થતી હતી તે દરેક ભાવિક જૈન ધર્મીની લાગણી ભાગ્યેજ દુખાવ્યા વગર રહી હશે. આ આશાતના દૂર કરવાને માટે આવી રીતે વેચાતી છબીઓ અટકાવવાને માટે યોગ્ય પગલા ભરવાને અમદાવાદ કોન્ફરન્સ વખતે મી. અમરચંદ પી. પરમાર તથા મી. ત્રિભુવનદાસ ઓધવજી શાહ બી. એ. એલ એલ. બી. ને નીમવામાં આવ્યા હતા. તેઓના પ્રયાસથી મુંબઈના મેહેરબાન પોલીસ કમીશનર સાહેબે તેવી છબીઓ નહિ વેચવાનો હુકમ બ્હાર પાડ્યો છે તથા બ્હાર

દેશાવરના વેચનારાઓ ઉપર પણ પત્ર વ્યવહાર શરૂ કરવામાં આવ્યોછે. વળી અમરચંદ પી. પરમાર આ સંબંધમાંજ ખાસ પુને ગયેલા છે. તેઓએ જે સ્તુત્ય પ્રયાસ કરેલ છે તે માટે તેઓને ખરેખર ધન્યવાદ ઘટે છે અને સર્વે જૈન ભાઇઓને આગ્રહ પૂર્વક વીનંતિ કરીએ છીએ કે તેઓએ ઉકત છબી વેચનારાઓને કોઇપણ રીતે ઉત્તેજન આપવું નહિ એટલુંજ નહિ પણ જ્ઞાતિ યાને સંઘ દ્વારા લખાણ ચલાવી તેને વેચતો બંધ કરવા તજવીજ કરવી. સરકાર તરફથી પણ આ બાબતમાં આપણને યોગ્ય મદદ મળે છે તેથી ઘણુંજ ખુશી થવા જેવું છે.

જુદી જુદી બાબતમાં આવી રીતે સતત પ્રયાસ કરવામાં આવશે તોજ આપણી કોન્ફરન્સમાં થયેલા ઠરાવો અમલમાં મેલાતા જોવાને ભાગ્યશાળી થઇશું.

# મરહૂમ શેઠ પ્રેમચંદ રાયચંદ.

ઇસ્ટઈંડિયા કંપનીનો પ્રતિનિધિ વિલિયમ બેન્ટિક, અને બંગાળી સાધુ પુરૂષ રાજા રામમોહનરાય આર્યોદયનો ગર્ભ રચતા હતા, બ્રિટીશ શેહેનશાહુતનો વિશ્વાસ હિંદુના હૈયામાં હુંફતો હતો, વિચિક્ષણ અને ચાણાકય દેશી નૃપતિઓ પોતાનું ભાવિ ઉન્નત કરવાના પ્રયોગો અજમાવવાની તૈયારી કરતા હતા, ઈગ્રેજો સુડા મટી શુકદેવ બની, અચ રે રામનો પાઠ કરતા કરતા ચારે દિશામાં ઉડાઉડ કરતા હતા, સ્વદેશી વ્યાપારની ત્રીજોરી પારકાના હાથમાં ગઈ હતી, મુસલમાની, અને તે પછીના અમલમાં નગર અને બંદરો વિવિધ સંકટોથી તૂટતાં સાગર તીરે નવાં નગર અને બંદરો રચાતાં હતાં. કેથેરાઇનને પહેરામણીમાં મળેલો મચ્છીમારનો બેટ ચોરાશી બંદરનો વાવટો ફરકાવવાની તૈયારીમાં હતો, સુરતની સુરત ઝાંખી બનતી હતી, તે વખતે “ ગોકુલ સરખા ગોપીપરામાં” રાજાબાઈ નામની એક વૈશ્ય સુંદરીએ, આપણા ચરિત્ર નાયકને પ્રસવ્યો. ઇ. સ. ૧૮૩૧.

પ્રેમચંદભાઈની બાલ્યાવસ્થામાં એમના માતપિતાની આર્થિક સ્થિતિ એટલી બધી સારી નહતી ; આગ અને રેલથી પાયમાલ થએલા સુરત શેહેરના બજાર અને ચોટામાં દલાલી કરી સાંજને છેડે પોતાના ગુજરાન જેટલું રાયચંદ શેઠ માંડ માંડ પેદા કરતા એટલે પ્રેમચંદભાઇ એમના પુત્રકે પૌત્રની માફક પારણામાં પોઢવાને કે “આયા”ના સંબંધમાં આવવાને ભાગ્યશાળી નહોતા થયા ; ચાર પાંચ વર્ષનાં થતાં તેઓને તે વખતની “ ગામઠી” નિશાળમાં બેસાડયા. ખપ જોગું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેઓ કંપની સરકારની બોર્ડ ઓફ એજ્યુકેશનની શાળાના જ્ઞાનનો લાભ લેવાને ભાગ્યશાળી નીવડયા હતા. આ વખતે રાયચંદ શેઠે સુરત છોડી મુંબઇમાં એમના એક સગા સાથે અહિયારામાં વેપાર ધંધો શરૂ કર્યો, અને પ્રેમચંદભાઇને એક ધર્માદા નિશાળમાં ભણવા મૂકયા. ગુજરાતી જ્ઞાન મેળવી પ્રેમચંદભાઇએ અંગ્રેજી જ્ઞાન પણ સંપાદન કર્યું. એટલામાં સુભાગ્યે રાયચંદ શેઠના ભાગિયાને પોતાના કામકાજમાં મદદ તરિકે એક અંગ્રેજી ભણેલાની જરૂર જણાઇ. આ જગાએ પ્રેમચંદભાઇની ગોઠવણ થઈ.

પ્રેમચંદભાઈને કામમાં, શેઠ સાથે યુરોપિયન પેઢી અને બેંકોમાં જવું આવવું અને તે વખતે શેઠને અંગ્રેજી વાતચિતમાં સમજુતી આપવી અર્થાત્ દુભાશિયાનું કામ કરવું એટલીજ જોખમદારી હતી, પરંતુ તેમાંથી એમનું પાંદડું ફર્યું. બોલવાની છટા, સ્હામાને સમજાવવાની ચતુરાઈ અને અનુપમ ગ્રહણ શકિતથી એમણે પોતાનો મોભો એટલો બધો વધારી દીધો કે એના શુભેચ્છકો પણ એના એ ગુણની અદેખાઈ કરવા લાગ્યા.

આ સમયથી પ્રેમચંદભાઈનું પાંદડું ફરવા લાગ્યું. રાયચંદ શેઠે પોતે એકલાએ ધંધો શરૂ કર્યો, અને દીકરે પોતાની જ્ઞાન બુદ્ધિથી જોઈતી મદદ આપી કે બાપને દલાલીમાંથી દાનેશ્વરી તરિકે ઓળખાવી અમર શ્રાદ્ધ કર્યું.

જાતિ શકિત અને પિતાની હુંફ સાથે શેઠની કૃપાથી સંપાદન કરેલી ઓળખાણ પિછાન પ્રેમચંદભાઈને એટલી બધી કામ આવી કે તે હવે સ્વતંત્ર ધંધો શરૂ કરવાને શકિતવાન થયા ; ધીમે ધીમે યુકિત પ્રયુકિતથી ધંધામાં ફાવતા ગયા, અને લગભગ ૨૦-૨૨ વર્ષની છોકરવાદ અવસ્થામાં લક્ષાધિપતિ થયા. એટલુંજ નહિ પણ તે પછીના ચાર પાંચ વર્ષમાં એમણે પોતાનો વેપાર એટલો બધો વધારી દીધો કે, ૮ વર્ષ પૂર્વે ટાંટીયા ઘસડતો, અસાધારણ છોકરો ગાડી ઘોડાના વાહનનો અધિકારી થયો. તેમજ ધમોદા નિશાળમાં ભણેલો, "ધર્માત્મા" એ વિશેષણે સંબોધાયો. અને "પ્રેમચંદ" ને બદલે "પ્રેમચંદભાઈ" એ નામથી લોકો બોલાવવા લાગ્યા.

૧૮૫૭ નો બલવો શાંત થયો, "કંપની" ને બદલે "રાણી" ની આણ હિંદુસ્તાનમાં ફરતી થઈ, સુધારાના જયઘોષ થતા. આ વખતે પ્રેમચંદભાઈના "આત્મમંથનકાળ" ની શરૂઆત થઈ. હિંદુસ્તાનમાં બ્રિટીશો શાંતપણે નીંદરતા પરંતુ અમેરિકા અને ઇંગ્લાંડ વચ્ચે વૈમનસ્ય જાગ્યું. પરિણામે રણ સંગ્રામ મંડાયો, આ સંગ્રામની અસર હિંદુસ્તાનના વેપાર ઉપર થઈ ; રૂ અને કપાસનો ભાવ એકનો દશ ગણો થયો ; હિંદમાં સોના રૂપાનો વર્ષાદ વરસ્યો ; વતનમાંથી ભીખારી થઈ નીકળેલા, ભૂખે મરતા પણ આ સમયમાં લક્ષાધિપતિ થઈ બેઠા ! પણ આ અસર એટલેથીજ અટકી નહીં ; અંગ્રેજ બચ્ચાઓએ નાણાંની રેલછેલ જોઈ અનેક નવા વેપારની મોહજાળ નાંખી, કે જાળમાં ગામડિયાથી માંડી નાગરિક વટીક સપડાયા. પરિણામ એ આવ્યું કે **व्यापारे वसति लक्ष्मी** ને બદલે **व्यापारे नास्ति लक्ष्मी** એમ કહેવાયું અને એક નિર્દોષ યુકિત, "મેનીઆ" રૂપે થઈ પડી. હજારો જણ એમાં ભીખ માગતા થયા. આ વખતે પ્રેમચંદભાઈનો ઓરજ બહાર હતો. "આજતો આ ભાવ છે ને કાલની વાતતો પ્રેમચંદભાઈ જાણે." ટૂંકમાં મુંબઈના વેપારીના પરમેશ્વર પ્રેમચંદભાઈ ગણાયા ; કોડી ગણનાર માતાનો દીકરો "કરોડ પતિ" થી ઓળખાવા લાગ્યો.

પણ આ સ્થિતિ કાયમની રહી નહીં. "શેર મેનીયા" ના સપાટામાં પ્રેમચંદભાઈ પણ સપડાઈ ગયા. લાખો રૂપિયાના દાતાર, પારસી, યુરોપીયન, યાહુદી કે હરકોઈ જાતિના મનુષ્યને તુષ્ટમાન થઈ પળમાં પાલખીએ બેસાડનાર, લક્ષ્મી અને સરસ્વતીનો સંબંધ જોડવાના કામમાં ફસાઈ પડયો. "બેકબે" પૂરવાની યોજનામાં નિષ્ફળ નીવડયો. દોરંગી દુનિયાએ ગમે તેમ બોલવા માંડયું, અને સુધારાના વીર કવિ ગણાતા કવિ-

નર્મદે તો એને "પતંગ" ની ઉપમા આપી, ગમે તેમ ચગાવવા લાગ્યા, પણ અમારા મતે તો નર્મદની આ દોર ઉલટીજ ખેંચાતી માનિયે છીએ. જો નર્મદને એના સહવાસ, સમાગમ અને સ્વભાવ વિદિત હોત તો તે આવું એકતરફી ન લખત. કારણ કે આ સમયમાં પ્રેમચંદભાઇએ પોતાનો હાથ એવો છુટો મૂકયો હતો કે, હિંદુસ્તાનની ચારે દિશામાં એના આશ્રિત જીવતા હતા; એટલુંજ નહીં પણ વિલાયતમાં સુદ્ધાં લાખો રૂપિયા ધર્માદા કામમાં આપ્યા હતા; બંગાલ આજે કેળવણીમાં પહેલે સ્થાને જણાય છે. તે એજ દાનેશ્વરીના પ્રતાપે.

આ સમયે પણ એમનું ધૈર્ય એવુંને એવુંજ રહ્યું. ચડે તે પડે અને "વેપારમાં ગાદી તકીઆ કે દોરી લોટો" એ પૂર્વજોની કહેણીનું એમને વાસ્તવિક જ્ઞાન હતું. અને તેથીજ એ પડતા કાળમાં પણ દર વર્ષે લાખ્ખો રૂપિયા દાનમાં આપતા રહ્યા.

"દુનિયા દોરંગી છે." "આવતાને સૌ પૂજે છે જતાને કોઈ નહીં." તેમ પ્રેમચંદભાઇને પણ આ સમયે ઘણાએ વખોડયા હશે; પરંતુ જે એના ગુણના અનુભવી હતા, તેઓ તે સમયની સ્થિતિનું ચિત્ર આલેખવાનું પસંદ નથી કરતા એજ એમના ચારિત્રની વિશુદ્ધિનો સમર્થ પુરાવો છે. તે સાથે એમના ઉત્તરાર્ધ જીવનમાં એમને સહાય કરનારા કંઈ થોડા મળ્યા નથી, કે જે એમની ધીરતા અને સમતાનું ફળ હતું; પૈસાની રેલછેલમાં તેમ પૈસાની તાણમાં એમનો સ્વભાવ એકજ રહેતો એટલુંજ નહીં પણ કરોડપતિ વખતે પણ, પોતાના પોશાક કે વાહનમાં ફેરફાર કર્યો નહોતો. જે જોઇ ત્રીસ વર્ષની લાંબી મુદતે પણ એક અંગ્રેજ આશ્ચર્ય પામ્યો હતો.

ધર્મ સંબંધે એમની માન્યતા કેવી હતી, તેનો નિર્ણય એમના ગાડા પરિચયમાં આવેલા એક અંગ્રેજે કર્યો છે, એટલે એમની જૈન ધર્મપર પૂર્ણ આસ્થા હતી, **अहिंसा परमो धर्म** એ સૂત્રનો અર્થ સારી રીતે સમજ્યા હતા; જ્ઞાન, દર્શન અને ચારિત્ર અથવા "સમ્યક રત્નત્રય" નું પાલન એમણે શ્રાવક છતે પણ અચ્છી રીતે કર્યું હતું. **मुंडे मुंडे मतिर्भिन्न** એ લોક કથનાનુસાર કોઇને "ધર્મમાં એ મધ્યમ હતા" એમ જણાય તો તેહેવી માન્યતાને અટકાવવા આ લેખની ઇચ્છા નથી; અલબત એટલું લખીશું કે દયા અને દાનનો વાસ્તવિક અર્થ એ સમજ્યા હતા, પછી તે અંગ્રેજના સહવાસથી કહો કે એમના અભિજ્ઞાનથી કહો. પૂર્વે આલેખ્યા મુજબ જાતિ, ધર્મ, દેશનો ભિન્નભાવ રાખ્યા વિના ચડતી અને પડતી દશામાં પણ એમના ખીસ્સામાંથી દાનને માટે પૈસો ખૂટતો નહીં, એજ અમારા કથનનો પૂરાવો છે.

જ્યારે પૂર્ણ જાહોજલાલીમાં હતા, શેર બજારના એ પરમેશ્વર હતા, પ્રેમચંદભાઇ જે વખતે કરોડો રૂપિયાની હુંડી (Cheque) એંકપર લખતા ત્યારે એમની આ રીતિપર શક લઇ જવામાં આવ્યો, અને તેને માટે વિલાયતથી એક કમિશન વટીક નીમવામાં આવ્યું. તે કમિશનની હૃદયપિપાસા શું હતી તે આપણે જાણતા નથી તથાપિ એ કમિશન નીમાવનાર નરોની માન્યતા તો ખોટી ઠરી. જગતમાં "પ્રેમચંદભાઇ" સાચા અને નિઃસ્વાર્થી ઠર્યા. ઠામ ઠામ એમની કીર્તિ ગવાવા લાગી. એટલુંજ નહીં પણ કહેવાય છે કે ઇંગ્લાંડમાં કેટલાકતો પોતાના સંતાનના અભિધાનમાં પ્રેમચંદભાઇનું નામ નહીં જોડવાથી હીણપ માનવા લાગ્યા.

"શેરમેનીયા" ના સપાટામાં પ્રેમચંદભાઈ સપડાયા અફકે "શેરમેનીયા" નું જનક એજ હતા, અને એમની અજ્ઞાનતાથીજ એવું પરિણામ આવ્યું હતું, એમ ઘણાનું માનવું હતું, એટલુંજ નહીં પણ પેલો પારસી લેખક "મનસુખ" એમના સંબંધમાં લખેછે કે :—

અનુભવી.

---

## આપણી અધોગતિ તેમાં ફેરફાર કરવા માટે શું કરવું ?

(મળેલું)

અંગ્રેજ સરકારની આંહેધરી હેઠળ આ આર્યભૂમિ દૈવ યોગે મુકાઈ તે સમયથી હિંદમાં કાંઈક શાંતિ પ્રસરતી જાય છે. અસલના વખતના રાજાઓના તેમજ લુટારાઓના દોરો, અમીર ઉમરાવોના જુલમો, રાજ્યની અવ્યવસ્થા, રસ્તા અને શેહેરોની સહીસલામત નહિ એવી સ્થિતિ, પૈસો તથા પુત્ર માતા અને ભગિનીને સાચવવામાં પડતી મુશ્કેલીઓ, વગેરે દૂર થયાં છે, અને સૌકોઈ, રાયથી રંક સુધી પોતાની મરજીમાં આવે તેમ કરવા હક ધરાવે છે, અને શાંતિથી તે હક ભોગવે છે.

શ્રીમંતો કે કહેવાતા શેઠીયાઓના જુલમો દૂર થયા છે, અને એક મજુર પણ હાલના સમયે પોતાના હક માટે વાંધો ઉઠાવી એક મોટા રાજા યા ઓધેદારને પણ હંફાવી શકે છે. જે સ્ત્રીઓને જનાનામાં કે ગંદા બંદીખાના જેવા ઘરમાં રાખવાની ફરજ પડતી અને મોટા ઘુમટા કહાડયા વિના બહાર નિકળવાની પણ છુટ મળી શકતી હતી નહિ તેઓ હાલ લાખોના ઘરેણા પહેરી, મોઢાંઓ ખુલ્લા રાખી, દરીઆ કિનારે, નદી ઉપર, ભર બજારમાં, મેળામાં, નાટકમાં, મેળાવડામાં વગેરે જાહેર તેમજ ખાનગી સ્થળોએ પોતાની મરજીમાં આવે તેવી સારી યા અધમ રીતે પ્રરીહરી શકે છે, જે સ્ત્રીઓ, પોતાના ધર્મ—પતિ, અને સાસરિયા, ન્યાતજાત અને દેશ તરફની ફરજોથી અજાણ ગણાતી અને કેટલીક વખતે દેશકાલને અનુસરીને હીણાતી હતી, તે સ્ત્રીઓ, મનુષ્ય પ્રાણીના વડા તરીકે અગણિત વરસથી નકી થયલા મરદની બરોબરી કરવા, હરીફાઇમાં ઉતરવા, વેપાર, રોજગાર, તેમજ નોકરી કરવામાં પણ પોતાની યોગ્યતા સમજે છે, અને જે છુટો ધર્મગુરૂઓ, રાજ્યદ્વારીઓ કે સગાવહાલાઓ આપવા ના પાડે છે, તે છુટો, તે સર્વેની સામે થઇ મેળવવા બહાર પડે છે, યા કેટલીક વખત પોતાની યોગ્યતાનું યથાર્થ જ્ઞાન થતાં, પતિ, દેશ અને ન્યાતજાત તરફની ફરજો સતિઓ જેવી રીતે બજાવતી નજરે પડે છે. ગુલામીનો વખત હાલ દૂર થયો છે અને જ્યાં ત્યાં હાલ સુધારો અને વધારો, હક અને ફરજ, ન્યાય અને વફાદારી, એ શબ્દો ઉપરજ દુન્યાનું ચક્ર ચાલે છે.

એ ચક્રના વર્તુલ ફેરામાં દુનીઆના અસંખ્ય માણસો, અગણિત ગામો, સેંકડો દેશો, અને સર્વ કોઇ, આવતા જાય છે

હિંદ દેશ પણ તેજ ફેરામાં સપડાયો છે, અને હિંદના આભૂષણરૂપ આપણા જૈનો પણ તેમાંથી બાકાત રહ્યા હોય એમ નથી. જૈનો પણ તેમાં ફસાયા છે.

અગાઉની અને હાલની જૈન કોમની સ્થિતિમાં પણ મોટા ફેરફારો થયા છે. આચારવિચાર બદલાયા છે. ધર્મ તરફની લાગણી પણ બદલાઇ છે. દેશ તરફની લાગણી પણ બદલાઈ છે. અને હાલ જૈનકોમ હિંદની એક આગેવાન કોમ તરીકે ગણાય છે. અગાઉ વાંચવા લખવાનું કે મુસદ્દીપણાનું, કે ધર્મનું જ્ઞાન ઘણાજ થોડા માણસો આપણી કોમમાં ધરાવતા હતા, તેને બદલે હાલ જૈનોના દરેક ઘરમાં કન્યા કે કુમાર દરેકને વાંચવા લખવાનું, ધર્મનું તથા વેપારનું જ્ઞાન આપવા પ્રયાસ ચાલી રહ્યા છે. જે જૈનો થોડા વરસપર પોતાના પાડોશના ભાઇબંધોના સહવાસથી મિથ્યાત્વ ધર્મ તરફ ખેંચાયા હતા, યા રાજ્યસત્તાના પ્રભાવે પોતાના ધર્મ તરફ પુરતું લક્ષ આપી શકતા નહિ, તે જૈનો હાલ પોતાના ધર્મ તરફ ખેંચાવા લાગ્યા છે, અને જૈન ધર્મની ઉત્તમતા સ્વીકારવા લાગ્યા છે. અગાઉ જ્યારે ઘણાજ થોડાઓ જ્ઞાન મેળવવાનું સાધન ધરાવતા હતા, ત્યારે હાલ તેઓ સર્વે માટે જ્ઞાનના સાધનો, પુસ્તકો અને પાઠશાળાઓ, જ્યાં ત્યાં નજરે પડે છે, ધર્મને લગતા ઉત્સવો કે જમણો, કે લગ્નને લગતી ધામધુમો, અગાડી ઘણીજ થોડી નજરે પડતી ત્યારે હાલ તે ગામેગામ નજરે પડે છે, અને અગાઉ જ્યારે ગામેગામના જૈનસંઘો મેળવવાનું મુશ્કેલ ગણાતું, ત્યારે હાલ ગામેગામના જૈનસંઘો—જૈનસંઘના આગેવાનો યા ચુંટી કઢાયલા સભાસદો—વરસમાં એક વખત અમુક ઠેકાણે મળી જૈનકોમના સુધારાવધારા માટે અનેક પ્રયત્નો આદરે છે.

તોપણ એમ કહેવાની જરૂર છે કે આગળના કરતાં જૈનકોમમાં જો કે ઘણાજ સુધારાઓ થયા છે, તે છતાં તે એવા નથી કે તેમાં વધુ સુધારા માટે જગ્યા હોય નહિ. આપણી કોમની વ્યક્તિઓની શરીરસંબંધી હાલતનું, નીતિ સંબંધી હાલતનું ધાર્મિક આચારોની સ્થિતિનું, ખાવાપીવા સંબંધી આચારોનું, પરદેશગમન, ન્યાતવરા, રોવા કુટવાના રીવાજ, લગ્ન, બાલવિધવાઓ, કન્યાવિક્રયો વગેરેને લગતી હાલતનું, શ્રાવકોના આચારવિરૂધ્ધના ધંધાઓનું કે એવાજ બારીક વિષયોનું બારીક અવલોકન કરવામાં આવશે તો માલમ પડશે કે, આપણે જેમ કેટલીક જુની રીતીઓમાં સુધારો કર્યો છે, તેમજ કેટલીક ખરાબ નવી રીતીઓ એવી તો દાખલ કરી છે કે, તેમાં મોટો ફેરફાર થવાની અગત્ય છે, અને દેશકાળ જોતાં જો તે ફેરફાર કરવામાં આવે નહિ તો આપણી હાલત ઘણીજ બગડે એ વિચારથીજ આપણી અધોગતિના કારણોને દૂર કરનાર અને ઉન્નતિને ઉત્તેજીત કરનાર કેટલીક બાબતો તરફ હું જૈન ભાઇઓનું ધ્યાન ખેંચીશ જે અમલમાં મુકતાં નિઃશંક રીતે આપણી કોમમાં એક નવોજ જુસ્સો પેદા થશે.

એક કુશળ વિદ્વાન, એક ચાલાક વેપારી, એક ઉત્તમ ઉપદેશક, એક મોટા વકતા, એક બાહોશ તત્વજ્ઞાની, કે હોશીયાર રાજ્યદ્વારી થવા માટે, દરેક માણસ —સ્ત્રી યા પુરૂષ—ને જોરાવર શરીર હોવું જોઇએ, એ કોઈ પણ સમજી શકે એમ છે. દરેક કાર્ય, શરીરની મદદ વગર પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે યથાર્થ રીતે થઈ શકતુંજ નથી એ જગજાહેર છે. એક ઉત્તમ શરીરના સબબે, જુદા જુદા રોગો દૂર રહે છે, મગજ ખીલે છે. અને હૃદય તેમજ બુધ્ધિ ઉત્તમ વિચારો

કરી શકે છે! તમારૂં શરીર સારૂં હોવું જોઇએ એ કહેવાનો ભાવાર્થ એ છે કે તમારા શરીરના દરેક અવયવ મજબૂત અને તંદુરસ્ત હોવા જોઇએ. તમારૂં મગજ સારૂં જોઇએ, આંખો તેજસ્વી જોઇએ, ફેફસાં રોગહીન હોવા જોઇએ, હોજરી પાચન કરવાની શક્તિ ધરાવનારી હોવી જોઇએ, હાથપગ મજબૂત હોવા જોઇએ, અને શરીરના દરેક અવયવ સ્ફુરતીવાળા હોવા જોઇએ. નબળું મગજ તેમજ નબળું શરીર, બુધ્ધિને સારી રીતે ખીલવી શકતું નથી તેમજ નિયમિત રીતે અને ચાલુ કામ કરવાને પણ અશકત હોય છે! એવું શરીર તથા એવું મગજ જલદી થાકી જાય છે, અને કામ બગડી જાય છે! ખરાબ આંખોના સબબે પણ તેજ પરિણામ આવે છે! તેવી આંખો નિસ્તેજ, નજરનો ટકાવ કરવાને અશકત, બારીક ધ્યાનથી જોવાને શકિતહીન, અને ગમે તેવા હિંમતવાનની હિમતને તોડી નાંખવાને પુરતી ગણી શકાય?

મગજ અને આંખ જેમ ઉત્તમ જોઇએ તેમ શરીરના પાયારૂપ-પાચનશકિતને ખીલવનાર હોજરી, અને કલેજા પણ ઉતમ જોઇએ. મનુષ્યનું શરીર એક ગુંચવાડાયંત્ર છે, જેમાં જુદા જુદા ચક્રો એવી રીતે ગોઠવાયેલા છે કે તેથી આ શરીર સારી રીતે પ્રવર્તમાન રહે છે! પણ એજ શરીરના ચક્રોરૂપી, જુદા જુદા ભાગોની હાલત બગડવાથી, જેમ એક વરાળયંત્ર, મીલ, યા ઘંટી અટકી જાય છે, તેમજ આ શરીર અટકી જાય છે. ટુંકમાં શરીરને મજબૂત અને તંદુરસ્ત રાખવાની જરૂર મોટી છે, અને તે માટે, આખી જૈનકોમે કોઈ ઉપાય શોધી કાઢવો જોઇએ.

તમારા શરીરની મજબૂત હાલતથી તમે એક ઉત્તમ, સાધુ, શ્રાવક, સ્વતંત્ર સ્વદેશી, ને દેશાભિમાની વીરનર થઈ શકશો. એક માંદા કે નબળા શરીરથી તમે પોતાને બોજારૂપ થઈ પડશો. એટલુંજ નહિ પણ તમારા પાડોશીને, ન્યાતને, દેશને અને આખા જગતને બોજારૂપ થઈ પડશો.

મહાન્ રાજ્યોના મહાન રાજ્યદ્વારી નરો તરફ નજર કરો! તેઓ શું પોતાની ફતેહો, કે રાજ્યતંત્રના કાર્યો મજબૂત શરીર અને મજબૂત મન વગર પાર પાડી શકે છે? અક્કલ સંબંધીના ચાલુ પ્રયત્નો એક નહિ પણ કરોડોને કાબુમાં રાખવાની અલૌકિક બુધ્ધિ અને મજબૂત શરીર એજ તેઓની ફતેહોનો મુખ્ય પાયો છે. તેઓની શારીરિક સહનશીલતા પણ અદભૂત હોય છે. અને તેથીજ તેઓ કલાકોના કલાકો મનને વિચારમાં રોકી તેમજ ભાષણો કરવામાં તનને રોકી, એક તંદુરસ્ત મન તેમજ શરીર શું કરી શકે છે તે પ્રત્યક્ષ દેખાડી શકે છે. બર્ક, વીલીયમપીટ. પીલ, કેંબેલ, ગ્રાહામ, ગ્લેડસ્ટન, અને લોર્ડ સોલ્સબરી જેવા મોટા રાજ્યદ્વારી નરો, પોતાના શરીરની મજબુતીના સબબેજ, બ્રીટીશ શહેનશાહતમાં પ્રકાશી નીકળ્યા હતા, અને લાખોને પોતાની પછાડી દોરવી શકયા હતા.

આપણા તીર્થંકરોની શારીરિક શકિત પણ તેવીજ ઉત્તમ હતી! છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું શારીરિકબળ એટલું બધું હતું કે, એક મોટા રાક્ષસને એક મુષ્ઠિના પ્રકારથી નબળો બનાવી દીધો હતો. એજ તીર્થંકરે પોતાના પગના અંગુઠાના જરા દબાણથી આખા મેરૂને કંપાવ્યો હતો! એજ તીર્થંકરે કાનમાં ખીલા ઠોકવામાં આવ્યા તે છતાં જરાપણ ઉંકેકાં કર્યું નહોતું. નેમીનાથ ભગવાનના શારીરિક બ-

બથી કૃષ્ણને બીહીક લાગતાંજ, રાજુલ સાથે તેમનો લગ્નસંબંધ બાંધવા તેમણે તજવીજ કરી હતી, જેમાં તે ફતેહ પામ્યા નહતા. આદીશ્વર ભગવાને આ અવસર્પિણીમાં સૃષ્ટિક્રમ ચલાવવામાં મુખીપણું મેળવ્યા અગાઉ, બીજાઓ કરતાં પોતાનું શારીરિક બળ વધુ હતું, એમ સાબીત કરી આપી, પોતે રાજા થયા હતા! સર્વે તીર્થંકરો, અને ચક્રવર્તી વિગેરે જે ઉત્તમ પુરૂષો ગણાયા છે, તેઓના શારીરિકબળ માટે શાસ્ત્રો સાક્ષીરૂપ છે!

હમણા પણ જે પ્રજા શારીરિક બળમાં વધારે છે, તેજ પ્રજા બીજી પ્રજાને પોતાની તાબેદાર બનાવી, તેના ઉપર રાજ્ય કરી શકે છે. જ્યાં ત્યાં શારીરિકબળની વાહવાહ બોલાય છે, અને શારીરિકબળ સાથેજ બુધ્ધિબળ પણ પ્રમાણમાંજ હોવાથી, બુધ્ધિબળનો આધાર પણ શારીરિકબળ ઉપરજ ગણાય છે.

આ ઉપરથી શારીરિકબળ આ સંસારમાં કેટલું બધું ઉપયોગી છે તે સહજ જણાશે. જમીન કે ગટર ખોદનાર સાધારણ મજુર, દુનિયાના જીવિતરૂપ, અન્નને ઉત્પન્ન કરનાર ખેડુત, મનુષ્યોને રહેવા માટે ઘર બાંધનાર કડીઓ, કે નાનામાં નાનો વણકર, મોચી કે સિપાઇ સર્વે કોઈ શારીરિકબળથીજ સંસારમાં જીવી શકે છે. જીંદગીમાં ડગલે ડગલે શારીરિક બળની મોટી જરૂર પડે છે!

આપણા જૈનોના શારીરિક બાંધા તરફ સામાન્યપણે લક્ષ દોરતાં, તરતજ જણાશે કે તેઓનો બાંધો નબળો છે. ઉત્તમ શરીરના સબબે જે તીર્થંકરો અને મુનિરાજો, અલૌકિક કાર્ય કરી શકયા છે. તેનો હજારમો ભાગ પણ આપણા નબળા શરીરના પ્રતાપે આપણે કરી શકતા નથી. આપણે આપણા પૂર્વજોના પરાક્રમ માટે ઘણીક વખત વાતો કરી, અભિમાન કરીએ છીએ. પણ વાતો કરવાથી કાંઇ તે પરાક્રમો આપણા થવાના નથી કે તેઓની કીર્તિ આપણી ગણાવાની નથી. જ્યાં શારીરિક મજબૂતાઈ ન હોય ત્યાં બીજી આબાદીઓ કયાંથી થાય? અને થાય તો કયાંથી ટકે?

અંગ્રેજીમાં એક કેહવત છે કે A sound mind in a sound body." તંદુરસ્ત મન તંદુરસ્ત શરીરમાંજ હોઈ શકે છે! મન અને પ્રકૃતિ એક બીજાની ઉપર પ્રસંગે પ્રસંગે અસર કરે છે. અને શરીરની નબળાઈ, માનસિકબળને પણ તોડી નાંખી શકે છે. જે પ્રજા શારીરિક બળમાં અધમ હોય છે. તે પ્રજા કવચિતજ વીર પુરૂષો અને વિચારવંત તત્વવેત્તાઓને તેમજ રાજ્યદ્વારી રત્નોને જન્મ આપી શકે છે.

એ માટે આપણે હાલમાં કાંઇક નબળા હોઇએ તે છતાં ભવિષ્યમાં આપણી પ્રજા તેવીજ નહીં રહે તે માટે, ને તેઓનો શારીરિક બાંધો મજબૂત થાય તે માટે કોઇ એક સારો રસ્તો શોધી કાઢવો જોઇએ છે, અને તે રસ્તો, ભવિષ્યની પ્રજાને માટે અમુક વરસની ઉમર સુધી, બ્રહ્મચર્ય પાળવાનો માર્ગ ખુલ્લો કરવાથી, નજરે પડશે.

સરકસવાળાઓ તરફથી હાથી, વાઘ, ઘોડા, સિંહ આદિ જનાવરોના જે ખેલ કરવામાં આવે છે, તે જોઇ હજારો માણસો વાહવાહના પોકારો કરે છે, પણ તે જોયા પછી એવો કોઇકજ વિચાર કરતા હશે કે તે કેમ બનતું હશે? જંગલી પ્રાણીઓમાં

મુખી ગણાતો સિંહ, પોતાની સમક્ષ મનુષ્યને જોઇ કે કોઇ પાળેલા જનાવરની ગંધ આવવાથી પણ ઉશ્કેરાઈ જનાર વાઘ, હજારો પ્રાણીઓને મહાત કરવાને સમર્થ મોટા પુદગળવાળો હાથી કે અકલ વગરનોજ ગણાતો ગધેડો, શી રીતે એક થોડા મણના વજનના અને એક નાનું માથું ને શરીર ધરાવનાર માણસને તાબે થતાં હશે ! એક નાનું બાળક કે છોડી, મોટા હાથી, વાઘ કે સિંહને ચાબુકવતી ફટકાવી પોતાના કાબુમાં શી રીતે રાખી શકતા હશે ? બાળક કરતાં સોગણો બળવાન, એક વાઘ, શા કારણથી તે નાના બાળકને પોતાની પીઠ ઉપર બેસવા દેતો હશે, અથવા તેની ચાબુકના માર ખાતો હશે કે બળતા અગ્નિના ચકરડામાંથી પસાર થઈ જઈ પેલા બાળકથી બીહતો હોય તેમ દબાઈ ચંપાઇને ખુણામાં બેસી જતો હશે ? એક મદોન્મત હાથી જે પોતાના પગતળે હજારો માણસોને ચુંદી નાંખવાને સમર્થ છે, તે શા માટે એક નાના છોકરા કે માવતની અગાડી ગરીબ ગાય જેવો થઈ, નાના પીપ ઉપર ચાર પગે ઉભો રેહતો હશે, હાલતા પાટીયાપર ચઢતો હશે ને માવતનું ગજુ તેના મોંમા ઘાલવામાં આવ્યાં છતાં, શાંત રહેતો હશે અને હુકમ થતાં મુએલાની માફક જમીન ઉપર પડી જતો હશે ? એ નાના બાળકમાં તેમજ માવતમાં એવું તે શું હશે કે જેના બળબે જંગલી પ્રાણીઓ ગરીબ ગાય જેવા થઇ જાય છે ? ઓછા શરીરબળવાળું પ્રાણી જ્યારે પોતાનાથી વધુ શરીરબળવાળા પ્રાણીને પોતાના તાબામાં રાખી શકે ત્યારે ઓછા શરીરબળવાળા પ્રાણીમાં એવું કોઈ બીજી જાતનું બળ હોવુંજ જોઇએ કે જેના આગળ વધુ શરીરબળવાળા પ્રાણીનું બળ નકામું થઇ જતું હોય. એ બળ તે મનુષ્યના શરીરમાં રહેલું મનનું બળ છે. એ મનનું બળ સૌ કોઇનું સરખું હોતું નથી, પણ જેમ દુનિયાના જુદા જુદા ભાગના લોકોની રીતભાતમાં, આચાર વિચારમાં, ચામડીમાં, કૃત્યમાં અને બુધ્ધિમાં ફેરફાર હોય છે, તેમજ અહીં પણ જુદા જુદા માણસોના મનનું બળ પણ જુદું જુદુંજ હોય છે. સંસારમાં જોશો તો સમજાશે કે કોઇ માણસ એક પાશેરનું વજન ઉઠાવવાને પણ અશકત હોય છે, જ્યારે બીજો માણસ બે મણનો બોજો ઉંચકવાને શકિતવાન, કોઇ પંદર વીશ મણનો ભાર ખમવાને સમર્થ, કોઇ આખું ગાડું ઉંચકવાને સમર્થ, ને કોઇ નોકર તો બીજા હજારોપર હુકમ કરવાને પણ સમર્થ હોય છે; જેમ શરીર બળમાં જુદી જુદી પંકિત છે, તેમજ મનના બળમાં પણ જુદી જુદી પંકિત છે, અને કોઇના મનનું બળ થોડું તો બીજાના મનનું બળ અધિક હોય છે. જંગલી, તેમજ પાળેલા પશુ, પક્ષી અને પ્રાણીઓ ઉપર મનુષ્ય સરસાઇ ભોગવે છે તેનો સબબ મનુષ્ય મનના બળમાં અધિક રહેલો છે તે છે. જંગલી માણસ પ્રાણીઓ ઉપર, કેળવાયલું માણસ જંગલી માણસ ઉપર, શહેરનો માણસ, ગામડાના માણસ ઉપર, અને આપણા હિંદના વતનીઓ ઉપર અંગ્રેજ સરકાર જે સરસાઇ ભોગવે છે, તેનો સબબ તેઓના મનોબળમાંજ છે. કોઇપણ પ્રકારના બળ વગરના માણસ કરતાં શરીરબળવાળો માણસ વધારે વિજયી, શરીરબળ એકલું ધરાવનાર કરતાં મનોબળ ધરાવનાર વધારે વિજયી, અને એકલા મનોબળ ધરાવનાર કરતાં શરીર અને મનોબળ બંન્ને ધરાવનાર વધારે વિજયી થાય છે.

આપરથી જણાશે કે શરીરબળ ઉતરતા પ્રકારનું અને મનોબળ ચઢતા પ્રકારનું બળ છે: અને બન્નેમાંથી એક બળ હોવા કરતાં એ બન્નેબળ ધરાવવામાં વધુ ડહાપણ છે. વળી શરીરબળ મેળવવું એ આપણું પહેલું કર્તવ્ય છે, જ્યારે મનોબળ મેળવવું એ બીજું કર્તવ્ય છે, અને એ બંન્ને બળ મેળવવા એ આપણું ત્રીજું કર્તવ્ય છે. યુરોપ તથા અમેરિકાની પ્રજાઓ આ બળ મોટા પ્રમાણમાં ધરાવે છે, અને તેથીજ તેઓ હમણા ઘણી ઉંચી સ્થિતિમાં છે.

પણ આપણી સ્થિતિ તેથી ઉલટી છે. વરાળ વગર આ એનજીનને આપણે હજારો માઇલની મુસાફરી કરાવવા માંગીએ છીએ. સેંકડો દિવસના ઉપવાસીને આપણે હજારો માઇલની મજલ કરાવવા માંગીએ છીએ. રેતીના પાયાવાળી જમીનપર સેંકડો માળવાળી ઇમારત ચણવા માંગીએ છીએ. એક માણસને મહાત કરવાને અશકત માણસને હજારો માણસના સૈન્ય સામે લડવા મોકલવા ઇચ્છીએ છીએ: લાકડાની તરવારો બાંધી દારૂગોળાથી અને તોપોથી તૈયાર થયલા સૈન્ય સામે બાથ ભીડવા ઇચ્છીએ છીએ. આપણી પાઠશાળાઓમાં કે કન્યાશાળાઓમાં નજર કરો. ત્યાં શરીરબળ કે મનોબળને વધારવા કે કેળવવા શું પ્રયત્ન થાય છે? ત્રણચાર વરસના બાળકને નિશાળે મુકી, આઠ દશ વષમાં પાંચ ચોપડી પુરી કરાવી, અને ૧૪-૧૫ વર્ષે મેટ્રીકયુલેશન અને ૧૭-૧૮ વરસે બી. એ. થવાની કે એવીજ ઉંચી ડીગ્રી ધરાવતા થવાની, કે ઇંગ્લેંડ જઇ બેરીસ્ટર થવાની આપણા બાળકો પાસેથી ઇચ્છા રાખીએ છીએ! સવારમાં બાળકને વહેલા ઉઠાડી કહેવાતા પાઠો ભરડાવવામાં, અને શારીરિકબળ તરફ તે જરા લક્ષ આપતો હોય કે, રમતો હોય તે વખતે તેને ધમકાવવામાંજ આપણે શ્રેય માનીએ છીએ. સવારના ઘર આગલ પાઠ ભણવામાં, દિવસે સ્કુલમાં પોથા ભરડવામાં, અને રાત્રે પણ તેજ વિષયની ચિંતા રખાવવામાં, બાળકનું ભલું થતું માની આપણે તેને તેજ રસ્તે ચલાવીએ છીએ અને કદીપણ વિચાર કરતાં નથી કે રેતીના પાયાપર મોટી ઇમારત કયાંથી ઉભી રહેશે? પરિણામ એ આવે છે કે વીશ વરસની ઉમર પહેલાં, ભણવાના ભારથી તેમજ લગ્નથી કોટે બંધાયેલ સ્ત્રીથી, કંટાળી ગયેલા ઘણા યુવાનો આ દુનિયાનો ત્યાગ કરી જાય છે, યા પાતળા સળકડી જેવા, કમરમાંથી વાંકા વળી ગયેલા, ડાચાં બેસી ગયેલા અને બે ગાઉ ચાલવાને પણ અશકત શરીર ધરાવી આ દુનિયાપરની પોતાની જીંદગી પૂરી કરે છે. તેઓ પોતાને પોતાના જન્મ આપનારને તેમજ કેળવનારને પણ કેટલીક વખત શ્રાપ આપતા નજરે પડે છે, અને હરપળે આ દુ:ખી જીંદગીમાંથી છુટીએ તો ઠીક એવા ઉદ્દગારો કહાડે છે. આપણી કોમ તેમંજ આપણા દેશના ઉધ્ધારની જેઓ ઉપર આશા રાખવામાં આવે છે, તેવા આપણા આ જુવાનીઆઓની છાતી દુ:ખતી અને પાંસળીએ પાંસળી ગણાય એવી માલમ પડે છે! તેઓ ગાડીમાં બેઠા વગર થોડે દૂર જઇ શકતા નથી, ખુરસીપર બેસતાં કમરમાંથી વાંકા વળી જાય છે, અને વાત કરવી હોય કે દાદર ચઢવા હોય તો થાકી જાય છે. શાળાઓમાં, વિદ્યાશાળાઓમાં કે પાઠશાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોની, અને તે પછી હાઇસ્કુલમાં જતાં યુવાનોની આ હાલત ઠેર ઠેર નજરે પડે છે, અને તેનો કોઇ સબબ હોવો જોઇએ.

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

## જીલ્લે ખેડા તાબે ગામ ખેડવા મધ્યે શ્રી અજીતનાથજી મહારાજના દેહરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા ભાઇચંદ કીશોરદાસ તથા કાળાભાઇ દુલભદાસના હસ્તકનો સંવત ૧૯૬૨ થી સંવત ૧૯૬૩ ના ફાગણ વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. કારણકે આ દેહેરાસરજીની સંવત ૧૯૬૨ ની સાલમાં પ્રતિષ્ઠા થએલી છે. તે પેહેલાં એક ઘર દેહેરાસર તરીકે હતું ને જુજ ઉપજ ખરચ હોવાથી તપાસવા જેવું લાગ્યું નહિ તેથી ત્યાંથી તપાસ્યું છે. ને તે જોતાં હિસાબ ચોખ્ખી રીતે રાખેલો જોવામાં આવે છે, તેથી સદરહુ બને ગૃહસ્થ તથા અત્રેના શ્રી સંઘને ધંયવાદ ઘટે છે. અત્રેના સંબંધમાં જે કાંઇ સુધારો કરવા જેવો છે તેનું સુચના પત્ર ભરી આપવામાં આવ્યું છે. માટે આશા છે કે વહીવટ કર્તા ગૃહસ્થ તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

## જીલ્લે ખેડા તાબે ગામ આસોદર મધ્યે શ્રી હંસનાથજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા રણછોડદાસ વીરચંદ તથા શા મોતીલાલ ભાઇચંદના હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૩ ના ફાગણ વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં નામાની રૂઢી યોગ્ય રીતે રાખવામાં આવી છે, તથા પૂજન વિગેરેનો ખરચ દેહેરાસરજીની મીલકતમાંથી કરવામાં આવતો નથી તે જોઇ ખુશી થવા જેવું છે. વળી વિશેષ ખુશી થવા જેવું એ છે કે અત્રેના શ્રાવકોએ અત્રેનું દેહેરાસર ગામના પ્રમાણમાં એક નાનું ઘર દેહેરાસરના સ્વરૂપમાં રાખેલું છે કે જેના નિભાવને માટે ભવિષ્યમાં પણ અડચણ પડવાનો ભય નહિ.

અપાસરાનું કામ થોડું અધુરૂં છે તેને જેમ બને તેમ તાકીદે પુરૂં કરી લેવું જોઇએ.

સદરહુ વહીવટના તથા બીજા ગૃહસ્થો દેહેરાસરજી માટે પુર કાળજી રાખતા જોવામાં આવે છે, તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે અને આશા છે કે પોશાળનું અધુરૂં રહેલું કામ તાકીદે પૂરૂં કરી લેવા વિગેરે અમારી આપેલી સુચના ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

## જીલ્લે ખેડા તાબે ગામ વાસદ મધ્યેના શ્રી સંભવનાથજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા કાળીદાસ મગનલાલના હસ્તકનો સંવત ૧૯૬૧ ના શ્રાવણ શુદ ૧૪ થી સંવત ૧૯૬૩ ના ફાગણ વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખવામાં આવેલું છે.

સદરહુ દેરાસરજી શા ગંગાદાસ ધરમચંદની વિધવા બાઇ માનકોરે બંધાવી સંવત ૧૯૬૨ ની શાલમાં તેની પ્રતિષ્ઠા કરી છે પણ તે બાઇને દેહેરાસરજી બાંધવાના કામમાં તે કામના ખરેખરા માહિતગાર માણસની મદદ નહીં હોવાને લીધે તથા તેનો મુખ્ય કારીગર પણ હુશીઆર નહી હોવાને લીધે તે મંદીર બંધાઇ રેહેવા આવ્યા બાદ તેમાં ખોડ દેખાવાથી તે તોડી પાડી ફરીથી બાંધવું પડયું તેમાં બાંધનાર બાઇને ધાર્યા કરતાં ચારગણું ખરચ થઇ જવાથી તેનું મન સંકોચાઇ જવાને લીધે તેનું કેટલુંક કામ અધુરૂં છોડી દેવામા આવ્યું છે.

સદરહુ ગામની અંદર તપાસ કરતાં જૈનીઓના પાંચ ઘર છે ને તે સર્વે શ્રીમંતો અને સુખી છે. અને મજકુર દેરાસરજી બાંધવામાં પણ તે લોકોની સામેલગીરી હતી ; પણ શી ખબર શું કારણથી તેમાં એક પાઇ પણ મદદ નહીં આપતાં સદંતર તે લોકો ખસી ગયા. અને આજ દિન પર્યંત તે લોકો દેરાસરજીના કાંઇ પણ કાર્યમાં લક્ષ આપતા નથી તે બહુજ દિલગીર થવા જેવું છે.

આ ખાતાના ઇન્સ્પેકટરે મજકુર બાઇની મુલાકાત લઈ તેને સમજાવી કેસર, સુખડ માટે રૂ. ૩૦૧) આપવાનું સંઘ સમસ્ત કબુલ કરાવવામાં આવ્યું પણ જણાવવાને દિલગીરી ઉપજે છે કે તે વાત તે લોકોને નહી રૂચવાથી દેહેરાનું અધુરૂં રહેલું કામ પુરૂં કરી આપે તોજ કબુલ કરવું તેવું કરી આ ખાતાના ઇન્સ્પેકટર તથા એક કચ્છી ઓશવાળ ગ્રહસ્થની દરકાર વગર દરેક જણ ધીરે ધીરે ચાલી ગયા.

સદરહુ ગામના સંઘે તે દેરાસરજીનું અધુરૂં રહેલું કામ કોઇબી રીતે પુરૂં કરાવી લઇ પૂજન માટે યોગ્ય બંદોબસ્ત કરવો જોઇએ, તેમ કરવામાં ઢીલ થશે તો થોડા વખતમાં તે દેહેરાસરજીનું બાંધ કામ નબળું પડી જઇ અશાતના થવાનો સંભવ રહે છે.

ઉપર જણાવેલી બાઇ માનકોર તે મંદીરનું બાકી રહેલું કામ પુરૂં કરાવી આપવા કાંઇપણ કારણને લીધે ના પાડે તેથી તેના ઉપર કાંઇપણ ગેરવાજબી દબાણ કરવું તે રીતથી ઉલટું છે.

## જીલ્લો અમદાવાદ ગામ ખરેજાના ગોરજી ખાતાનો (અપાશરા ખાતાનો) વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા મંછાચંદ રવચંદના હસ્તકનો સંવત ૧૯૬૨ ના આસો વદ ૦)) સુધીનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં આ ખાતામાં વ્યાજની આવક શીવાય બીજો કોઇ પણ જાતનો ઉપજ ખર્ચ જોવામાં આવતો નથી.

ખાતાના વહીવટ કર્તાએ હીસાબ ચોખ્ખો રાખ્યો છે તેથી તેમને ધન્ય છે.

ખાતામાં કાંઇક સુધારો કરવા જેવું છે તેનું સુચના પત્ર ભરી વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે કે જેથી વહીવટ કર્તા તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય સુધારો કરશે.

## જીલ્લે વડોદરા તાબે ગામ સોજીત્રા મધ્યેના શ્રી મહાવીર સ્વામીજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીનો શ્રી સંઘના હસ્તકનો હીસાબ સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૨ સુધીનો અમોએ તપાસ્યો છે. તે જોતાં તેનો પ્રથમનો હીસાબ ઘણોજ ગોટાળો પડતો છે. પણ થોડા વખતથી તેમાં સુધારો કરી ચોખ્ખો રાખવામાં આવ્યો છે. તેમજ દેહેરાસરજી પણ ભવ્ય અને સુંદર છે. તથા તેમાં સંપ્રતિ રાજાની ભરાવેલી પાશાણની ચોવીશી પુરેપુરી છે, તેથી એક તીર્થસમાન છે.

અત્રેના સંઘમાં કોઇ આગેવાન નહિ હોવાથી હીસાબ દેખાડવાનું કોઇએ માથે લીધું નહી તેથી એક અડવાડીયું નીકળી ગયું. પણ પાછળથી સંઘમાં સંપ કરી પુરેપુરો હીસાબ દેખાડાવી આપ્યો છે, તે બહુ ખુશી થવા જેવું છે. પણ દિલગીરી એટલીજ છે કે અત્રેનું દેહેરાસરજી ઘણા મોટા પ્રમાણમાં છે તે છતાં સંઘમાં કોઈ આગેવાન કામ ઉઠાવી લેતા નથી. તેથી દેહેરાસરજીને ભવિષ્યમાં નુકશાન થવાનો તથા ઉપજ ઘટી જવાનો સંભવ છે. માટે આશા છે કે હવેથી તેમ નહિ કરતાં સહુ સલાહ સંપથી કામ કરી દેહેરાસરજી વીગેરે ધાર્મિક ખાતા દીપાવી મુકશે.

ચુનીલાલ નાનચંદ,
ઓ. ઓડીટર જૈ. શ્વે. કો.

## અમદાવાદ ખાતે ભરાયેલી શ્રી
## વખતે જુદા જુદા ગૃહસ્થો તર
## કરવામાં આવી

| નામ. | ગામ. | કોન્ફરન્સ નિભાવ ફંડ. | જીર્ણ પુસ્તકોદ્ધાર. | જીર્ણ મંદિરોદ્ધાર. | નિરાશ્રિત ખાતું. | ઉપદેશક. |
|---|---|---|---|---|---|---|
| શા. કાદરભાઇ કસ્તુરભાઇ. | સાદંબાના | | | | | |
| ભાજક મોહનલાલ ઘેલાભાઇ. | | | | | | ૨ |
| શા. પુલચંદ ઉમેદરામ. | અમદાવાદ | | ૪ | ૪ | ૪ | ૪ |
| શા. ભોળાભાઇ બલાખીદાસ. | ,, | | | | | |
| શા. ઉમાભાઇ હઠીસંગ. | અમદાવાદ | ૩૦૧ | | | | |
| બાઇ વજી શા. છગનલાલ દેવચંદની વિધવા. | | | | | | |
| શા. ત્રીભોવન માવજી. | કંથારી | ૧ | | | | |
| કોઠારી મણીલાલ રીખવચંદ. | મુંબઇ | ૨૫ | | | | |
| વણારસી પુંજા. | અમદાવાદ | | ૨૧ | ૨૦ | ૨૦ | ૨૦ |
| શા. મગનલાલ છગનલાલ. | અમદાવાદ | | | | | |
| પરમાર ધનરાજ ઝવેરચંદ. | સુરત | | | | | |
| બીબી ફુલકુમારી સુમરચંદ નાહરની વિધવા. | મુર્શિદાબાદ | ૫૦ | | | | |
| બાબુ ગોવીનચંદ ધોતુલાલ | બીહાર | ૨૫ | | | | |
| બીબી મીનાકુમારી બાપુપ્રસન્નચંદ બચાવટની માતુશ્રી. | અજીમગંજ | ૫૦ | | | | |
| બાબુ રૂપચંદ નાહટ. | મુર્શીદાબાદ | | ૫ | ૫ | ૫ | ૫ |
| દોશી ધરમશી નાનચંદ | માંડલ | | | | ૨૫ | |
| દોશી રાયચંદ કસળચંદ સંઘ તરફથી. | સાબલી | | | | | |
| શા. વીરચંદ મુલચંદ. | નાયકા | | | | ૫ | |
| શા. ગોકલદાસ લલુભાઇ. | ખેડા | | | | | |
| શા. અમૃતલાલ પીતામ્બરદાસ, | સાદંબા | | | | | |
| શા. ત્રીકમદાસ મંગળદાસ. | ગોધરા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. ભીખાચંદ નાગરચંદ. | પાટણ | ૨૫ | | | | |
| બાઇ રૂખમણી શા. ભાઇચંદ દીપચંદની દીકરી | આંતરોલી | | | | | ૧ |
| શેઠ અમૃતલાલ લલુભાઇ. | અમદાવાદ | | | | | ૫ |
| શા. ત્રીકમલાલ દલસુખરામ. | વડોદરા | | ૧ | ૧ | | |
| શા. ખેતશી ત્રીકમભાઈ. | વણોદ | ૨ | | | | |
| ગાંધી જેઠાલાલ ન્યાલચંદ. | માંડલા | ૨ | | | | |
| શા. અમથા દલસુખરામ, | ઓગણજ | | | | | |
| વોરા મીઆચંદ મેઘરાજ. | માંડલ | | ૮ | ૮ | ૭ | ૭ |
| શા. છગનલાલ દેવચંદ. | અમદાવાદ | ૧૨૫ | | | | |
| શેઠ ભીખાભાઇ મૂકતાભાઇ. | | | | | | |
| પરી બાલાભાઇ દેવચંદ. | કપડવંજ | | | | | |
| શા. ખેમચંદ હીરચંદ. | કતીપુર | ૫ | | | | |

# પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ
# પથી જુદા જુદા ખાતામાં મદદ
# તે નીચે પ્રમાણે.

| કેળવણી. | સુકૃત ભંડાર (ચાર આના ની યોજના.) | પાલીતાણા બાળાશ્રમ. | અમદાવાદ શ્રી શેઠ ઉજમબાઇ રાયચંદ મોતીચંદ ગ. | અમદાવાદ કન્યાશાળા. | જૈન શ્વે. મં. ઉ. ફં. | સાત ક્ષેત્ર ખાતું. | કુલ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ | ૧ | |
| | | | | | | | ૨ | |
| ૬ | | ૫ | ૫ | | | | ૩૦ | |
| | | | | | | ૧૪ | ૧૪ | |
| | | | | | | | ૩૦૧ | |
| | | | | | | ૭ | ૭ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૨૫ | પાંચ વરસ સુધી. |
| ૨૦ | | | | | | | ૧૦૧ | |
| | | ૫૧ | | | | | ૫૧ | એક વખતના |
| | | ૨૫ | | | | | ૨૫ | એક વરસના |
| | | | | | | | ૫૦ | |
| | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૫૦ | |
| ૫ | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૨૫ | |
| ૧૦ | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૫ | દશ વરસ સુધી |
| | | ૧૫ | | | | | ૧૫ | પાંચ વરસ સુધી. |
| | | ૨ | | | | | ૨ | |
| ૧ | | | | | | | ૬ | |
| | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૨ | |
| | | ૧ | | | | | ૧ | |
| ૭ | ૭ | ૭ | ૭ | | | | ૫૧ | |
| | | ૨૫ | | | | | ૧૫૦ | |
| | | ૨૧ | | | | | ૨૧ | |
| | | | ૫૧ | | | | ૫૧ | |
| | | | | | | | ૫ | |

| નામ | ગામ. | કોન્ફરન્સ નિભાવ ફંડ. | જીર્ણ પુસ્તકોદ્ધાર. | જીર્ણ મંદિરોદ્ધાર. | નિરાશ્રિત ખાતું. | કેળવણી |
|---|---|---|---|---|---|---|
| શા. ગુલાબચંદ રામચંદ. | કનીપુર | ૫ | | | | |
| શા. જીવણદાસ રામચંદ. | સદર | ૫ | | | | |
| શા. લલુભાઇ ડુંગરસી. | નારદીપુર | | ૨ | ૨ | ૨ | ૨ |
| શા. ચુનીલાલ સાંકળચંદ. | વીરમગામ | | | | | |
| શા. જેઠાલાલ ગુલાબચંદ. | રંધવાંજણ | | | | ૨ | |
| શા. દામોદર જેઠાભાઇ. | નાયકા | | | | ૫ | |
| શેઠ મગનભાઇ હઠીસંગ હા. દલપતભાઇ તથા પરશોતમ. | અમદાવાદ | | | | | |
| બાઇ પુતલીબાઇ મંગળદાસની માતુશ્રી. | અમદાવાદ | | | | | |
| બાઇ જવલબાઇ મંગળદાસની કાકી. | અમદાવાદ | | | | | |
| બાઇ દીવાલીબાઇ હા. સેનાબાઇ. | અમદાવાદ | | | | | |
| શેઠ વેલચંદ ગોબરદાસ. | મુંબઇ | | | | ૫ | |
| શેઠ ખુશાલદાસ મનોરદાસ. | માકણજ | | | | | |
| શા. કેશવલાલ વેલસી. | ઉગામેડી | ૧૩ | | | | |
| શા. ભીખાભાઇ ધરમચંદ. | બદરખા | ૫ | | | | |
| સંઘવી હીમચંદ પરશોતમ. | કોઠ | | | | | |
| શા. વાડીલાલ મગનલાલ. | સીતાપુર | ૨ | | | | |
| શા. | થરા | ૧૪ | | | | |
| નંદાજી ગાદીઆ. | બદનાવર | ૧ | | | | |
| કાનીકા સુખલાલ | નલવા | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. લલુ સંઘજી. | વઢવાણકાંપ | ૩ | | | ૫ | ૨ |
| શા. લાલા ભાણજી. | ,, | ૨ | | | | |
| શેઠ ડુંગરશી ભુરા. | ,, | ૧ | | | | |
| શા. મોહન ગોવિંદજી. | ,, | ૧ | | | | |
| શા. જીવરાજ ડુંગરશી. | ,, | ૨ | | | | |
| શા. ચકુ જેઠા | ,, | ૧ | | | | |
| શા. જીવણ ધરમચંદ. | ,, | ૧ | | | | |
| શા. ઓઘા જેચંદ. | | ૧૦ | | | | |
| શા. ચકુ હરજીવનદાસ. | લોદરા | ૫ | | | | |
| શા. જમનાદાસ મલુકચંદ. | લોદરા | ૨ | | | | |
| સંઘનાત ઓસવાળ તથા પોરવાડ તરફથી હા. | લોદરા | | | | | |
| ગાંધી મગન હીરાચંદ તથા શા. ભોગીલાલ હરજીવન. | ઇડરગઢ | | | | | |
| સ્કુલ માસ્તર. | દીઓદર | | | | ૨ | |
| ભૂરાભાઇ વેણીચંદ. | મહોરેલ | ૧ | | | | |
| શા. ગોરધનદાસ મુળજી. | નાહાપાડ | | ૧ | ૧ | ૧ | ૧ |
| શા. શોભારામ નથુભાઇ. | પુંજાપરા | ૫ | | | | |
| શા. ભીખાલાલ છગનલાલ. | ગોગડ | ૫ | | | | |
| શા. દીપચંદ હીરાચંદ. | ગોગડ | ૫ | | | | |
| શા. ગીરધર વેણીચંદ. | સરડોઇ | ૫ | | | | |

| ફુટકળ. | સુરત અંદર (ચાર આના ની યોજના) | પાલીતાણા આશ્રમ | અમદાવાદથી શેઠ લલ્લુભાઇ રાયજી બોર્ડીંગ | અમદાવાદ કન્યાશાળા. | જૈન શ્વે. કૉં. | સાત ક્ષેત્ર આદિ. | કુલ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| ૨ | | | | | | | ૧૦ | |
| | | ૨ | | | | | ૨ | |
| | | | | | | | ૨ | પાંચ વરસ સુધી. |
| | | | | | | | ૫ | |
| | | | | | ૫૦૦ | | ૫૦૦ | |
| | | | | ૫૦૦ | | | ૫૦૦ | સ્કોલરશીપ. |
| | | | | ૫૦૦ | | | ૫૦૦ | સ્કોલરશીપ. |
| | | | | ૧૫૦૦ | | | ૧૫૦૦ | પ્રધાનબાઇ કન્યાશાળાના |
| | | | | | | | ૫ | |
| | ૧૦ | | | | | | ૧૦ | |
| | | ૧૨ | | | | | ૨૫ | |
| | | ૫ | | | | | ૧૦ | |
| | ૨૫ | | | | | | ૨૫ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૧૪ | |
| | | | | | | | ૧ | |
| ૨ | | | | | | | ૫ | |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૧૦ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૨ | |
| ૨૫ | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૧ | |
| ૧ | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |

# આ પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતિ.

સુજ્ઞગ્રાહક બંધુઓ? તમોને સારી રીતે વિદિત હશે કે દરેક માસિકનો મુખ્ય આધાર લવાજમ ઉપરજ છે. આ પત્રને બે વર્ષ પુરાં થઇ હાલમાં ત્રીજુ વર્ષ ચાલે છે. અને તેથી ગત બે વર્ષનું તથા ચાલુ વર્ષનું લવાજમ કેટલાએક ગૃહસ્થો તરફથી નથી આવ્યું. તેઓને ત્રણ વર્ષનું લવાજમ સત્વર મોકલી આપવા અગર અમારા તરફથી વી. પી. થી હેરલ્ડનો અંક મોકલાવવામાં આવે તેનો સ્વિકાર કરવા વિનંતી છે. દિલગિરી સાથે જણાવવું પડે છે કે એવા પણ સાહેબ બહાદુરો નીકળી આવે છે કે જેઓ ત્રણ વરસના લવાજમ માટે વી. પી. કરવામાં આવેલા અંકો પાછા મોકલતાં જરાપણ આંચકો ખાતા નથી; તેઓને જણાવવાનું કે હજુપણ લહેણું પડતું લવાજમ મોકલી આપી આ ખાતાના દેવામાંથી મુકત થવાનું દુરસ્ત વિચારશે નહિતો પછી અમારી મરજી વિરૂદ્ધ અણછુટકે તેઓનાં નામ બહાર પાડવાની અમોને ફરજ પડશે. અને તેમના ઉપર અંકો મોકલવા બંધ કર્યા છે તોપણ આગળનું લવાજમ મોકલી આપવા અરજ કરીએ છીએ

આ કામ શુભ ખાતાનું છે. અને કોન્ફરન્સ ફંડની આ માસીક પાસે મોટી રકમ લેણી બોલાય છે તેથી જો કોઇ ગ્રાહકો લવાજમ મોકલવામાં કસુર કરશે તો તેઓ શુભ ખાતાના દેવાદાર રહેશે. વળી કેટલાક ગૃહસ્થો થોડા અંક રાખી બાજા અંક નહિ મોકવા લખે છે તો તેવા ગૃહસ્થોને નમૃ વિનંતી છે કે કોન્ફરન્સ ફંડના દેવાદાર રહેવાને બદલે જેટલા અંક રાખ્યા હોય તે દરેકના બે આના લેખે મોકલી દેવા કૃપા કરવી.

---

## જાહેર ખબર.

સર્વ જૈન ભાઇઓને ખબર આપવામાં આવેછે કે અમદાવાદ કોન્ફરન્સમાં થયેલ ઠરાવ નંબર ૧૪ અનુસાર આપણા પરમ પુજ્ય શ્રી તીર્થંકર ભગવાનની છબીઓ વેચવામાં આવે છે તે બંધ કરવાને માટે યોગ્ય પગલાં ભરવાની ખાસ જરૂર છે તેથી જણાવવાનું કે આવી છબીઓ જે કોઈ વેચતો હોય તેની બનેતો નકલ અને ખાસ કરીને વેચનાર તથા છાપનારનાં નામ તથા ઠેકાણા સાથેની ઉપયોગી હકીકત અમારા ઉપર મોકલી આપવામાં આવશે તો ઘટતો બંદોબસ્ત થઈ શકશે.

પીરગામ મુંબઈ.
તા૦ ૧૫-૬-૦૭.

આસીસ્ટંટ સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# જાહેર ખબર.

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી ચાલતું શ્રી ધાર્મીક હીસાબ તપાસણી** ખાતું—કોન્ફરન્સના આ ખાતાના ઓનરરી ઓડીટર સાહેબ શેઠ ચુનીલાલ નાહાંનચંદ અને તેમના તાબાના કેટલાક નોકરો આપણા પ્રખ્યાત તીર્થ શ્રી રાણકપુરજીનો તથા વરકાણાજીનો હીસાબ તપાસવા સારૂ હાલમાં ત્યાં ગયેલા હોવાથી તે ખાતાઓ સંબંધમાં જે કોઇ ગૃહસ્થને કાંઇ પણ ફરીયાદ યા સુચના કરવી હોય તેમને પોતાના ખરા નામઠામ, સાથે નીચેના સીરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ કરવામાં આવે છે. આવી રીતની આવેલી અરજીઓવાળા સજ્જનોનાં નામ અમે જાહેર કરવાના નથી.

શેઠ ચુનીલાલ નહાંનચંદ,
ઓનરરી ઓડીટર—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

ઠેકાણું-શેઠ ધરમચંદ અભેચંદ મુ. પાટણ: ઉત્તર ગુજરાત.

ગીરગામ મુંબઇ
તા૦ ૧૫-૯-૦૭.

લી૦ સેવક,
આસીસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## માનાધિકારી (ઓનરરી) ઉપદેશક તરીકે કાર્ય કરવાની ઇચ્છા રાખનાર વકતાઓને ઉત્તમ તક.

આપણી કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવો તાકીદ અમલમાં મેલવા માટે તથા કોન્ફરન્સના હેતુઓ સમજાવવા માટે પોતપોતાના જીલ્લાઓમાં ફૂરસદને વખતે ભાષણો આપી જૈનકોમની ઉન્નતિ કરવાની ઇચ્છા રાખનારાઓને આ કાર્યને માટે તેઓની લાયકાત સંબંધી ખાત્રી થયેથી રેસીડંટ જનરલ સેક્રેટરીની સહીસાથના ઉત્તમ પ્રમાણપત્રો આપવામાં આવશે.

ઉક્ત ઇચ્છા રાખનારાઓએ આ સંબંધમાં નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો.

આસીસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ ઓફીસ
ગીરગામ—મુંબઇ.

# શ્રી જૈન સંઘને વિજ્ઞપ્તિ.

દરેક ગામ યા શહેરના જૈન સંઘના અગ્રેસરોને સુચના કરવામાં આવે છે કે જો તેઓના તરફથી માત્ર પોષ્ટ ખર્ચના રૂ. ૦-૩-૦ ત્રણ આના નીચેના શીરનામે મોકલી આપવામાં આવશે તો ત્યાંના શ્રી સંઘના ઉપયોગને માટે મુંબઇમાં ભરાયેલી બીજી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો રૂ. ૦-૧૨-૦ ની કીંમતવાળો રીપોર્ટ અમારા તરફથી ભેટ તરીકે મોકલી આપવામાં આવશે. દરેક જૈન પાઠશાળા, સભા તથા લાયબ્રેરીને પણ ઉકત લાભ આપવામાં આવશે. સંવત ૧૯૬૨ ની સાલનો શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો રીપોર્ટ તથા હીસાબ પોષ્ટ ખર્ચનો એક આનો મોકલવાથી હરકોઇ શખ્સને ભેટ તરીકે આપવામાં આવશે.

ગીરગામ, મુંબઇ.

આસીસ્ટંટ સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

## અમે અને અમારા શુભેચ્છકો.

આ માસિકને નમુનેદાર થતું જોવાની આશા રાખનારાઓને તથા અન્ય મહરબાનોને સવિનય જણાવવાનું કે ટીકાકારો તરફથી આ માસિકના સંબંધમાં જે યોગ્ય વા અયોગ્ય ટીકા, તેને સુધારવાના ઇરાદાથી અથવા તો ઉતારી પાડવાની દાનતથી, કરવામાં આવે છે તેના તરફ અમોએ ઘટતું લક્ષ્ય આપ્યું છે અને તેનો ખુલાસો જરૂર જણાશે તો હવે પછી આપવા ઇચ્છા રાખીએ છીએ તોપણ એટલું ઉમેરવાની જરૂર જણાય છે કે તેને ઉત્તમ માસિક બનાવવાને માટે અમે બનતો પ્રયાસ કરીએ છીએ અને તેના અંગે ગ્રેજ્યુએટસ્ એસોસીએશનના મેમ્બરોને તથા અન્ય વિદ્વાન્ લેખકોને આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ કે તેઓ સાહેબો પણ પોતાની ફરજ યથાર્થ રીતે બજાવવા ઉદ્યમવંત થશે. આથી કરીને આપણે આશા રાખીશું કે વિદ્વાન્ લેખકોની કસાયેલી કલમથી લખાયેલા લેખોથી પુષ્ટ બની કોન્ફરન્સનું વાજીંત્ર, જૈન સમુદાયમાં પ્રિય થઇ પડે અને તે દ્વારાએ કોન્ફરન્સના હેતુઓ સરળતાથી પાર પડવાનું બની શકે. કિંબહુના.


## RATES FOR ADVERTISEMENT.

### જાહેર ખબર આપનારાઓને અમૂલ્ય તક.

શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસ્તી જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મુજબ રાખવામાં આવ્યા છે

| | એક પેજ | અડધુ પેજ | પા. પેજ | ચાર લાઇન |
|---|---|---|---|---|
| એક વર્ષ માટે | ૪૦ | ૨૨ | ૧૨ | ૭ |
| છ માસ ” | ૨૨ | ૧૨ | ૬ | ૪ |
| ત્રણ માસ ” | ૧૨ | ૭ | ૪ | ૨-૮-૦ |
| એક અંક ” | ૫ | ૭ | ૨ | ૧ |

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિ. આ માસિકની મારફત હેંડબીલ વહેચવાના ભાવો પત્રવ્યવહારથી અગર રૂબરૂ મળવાથી નકી થઇ શકશે, તે માટે સઘળો પત્રવ્યવહાર તથા મનીઓર્ડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

આસીસ્ટંટ સેક્રેટરી

શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ

પીરગામ— મુંબઈ.

Registered No. B. 525.

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

पुस्तक ३. आगष्ट.

# हेरल्ड.

नम्बर ८. सन १९०७.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય | પૃષ્ટ. | વિષય | પૃષ્ટ. |
|---|---|---|---|
| Higher Technical Education ... ... ... | ૨૨૧ | मुनिविहार तथा कान्फरन्ससें लाभ | ૨૩૭ |
| શ્રદ્ધા ... ... ... ... | ૨૨૩ | जोधपुर राज्य तर्फसे मळेला परवाना | ૨૩૯ |
| મનુષ્ય દેહ શાને માટે છે ? ... | ૨૨૫ | ધાર્મિક હિસાબ તપાસણી ખાતું | ૨૪૩ |
| મરહૂમ શેઠ પ્રેમચંદ રાયચંદ ... | ૨૩૦ | જૈન સમાચાર ... ... ... | ૨૪૭ |
| કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ | ૨૩૩ | પહોંચ ... ... ... ... | ૨૪૭ |
| | | અમદાવાદ કોન્ફરન્સમાં થયેલ [illegible] | |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु.

धर्म विजय प्रिंटिंग प्रेस पायधुनी—मुबई.

# શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળી.

## પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુધ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. મુંબઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમીયા) તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકના સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકજીનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરની સંખ્યા તથા મકાનની સ્થિતિ વગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાના પુંઠાથી બંધાવેલુછે. બહાર ગામથી મંગાવનારને વી. પી થી મોકલવામાં આવશે.

મૂલ્ય ફકત રૂ. ૧–૮–૦ રાખવામાં આવેલ છે.

છપાવી પ્રગટ કરનાર

ગિરગામ — શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

મુંબઇ.

---

# જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી ચાલતું શ્રી ધાર્મીક હીસાબ તપાસણી ખાતું—કોન્ફરન્સના આ ખાતાના ઓનરરી ઓડીટર સાહેબ શેઠ ચુનીલાલ નાહાંનચંદ અને તેમના તાબાના કેટલાક નોકરો આપણા પ્રખ્યાત તીર્થ શ્રી રાણકપુરજીનો તથા વરકાણાજીનો હીસાબ તપાસવા સારૂ હાલમાં ત્યાં ગયેલા હોવાથી તે ખાતાઓ સંબંધમાં જે કોઇ ગૃહસ્થને કાંઇ પણ ફરીયાદ યા સુચના કરવી હોય તેમને પોતાના ખરા નામઠામ, સાથે નીચેના સીરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ કરવામાં આવે છે. આવી રીતની આવેલી અરજીઓવાળા સજ્જનોનાં નામ અમે જાહેર કરવાના નથી.

શેઠ ચુનીલાલ નહાંનચંદ,

ઓનરરી ઓડીટર–શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

ઠેકાણું–શેઠ ધરમચંદ અભેચંદ મુ. પાટણ: ઉત્તર ગુજરાત.

ગીરગામ મુંબઇ
તા૦ ૧૫–૬–૦૭.

લી૦ સેવક,
આસીસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव,
स्वर्गः कल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,
पाथोधिः पयसामिवेंदुमहसां स्थानं गुणानामसा,
विसालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥ २१ ॥

અર્થ:—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.

SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

Vol. III.] AUGUST 1907. [No. 8.

# Higher Technical Education and the duties of the Jain S. Conference.

Educated leaders of our community must have come across a question put by young graduates "What should we now do after passing our B. A.?" The question is very puzzling and unless solved with great care and precaution the destinies of our would-be leaders will be in a very undesirable condition. We painfully know that we have many briefless pleaders and doctors without any practice. The fault does not lie with them. They have devoted their best attention, the best energy and the best part of their life to studies. If they are not successful in life the fault is somebody else's. The fault is of their educated leaders

In fact to the young graduates the right path is never shown; like sheep they follow the beaten path and the result is afterwards despair. I know of many B. A,s and L L. B,s knocking in vain at other's doors for service. Poor fellows, we pity them. They deserve a better fate.

I don't think by one article in this paper I can solve the whole problem of higher education but as a partial remedy I propose that if some graduates are directed into some other channel, I am sure the results will be more encouraging. The other untrodden path is that of "Higher Technical Education". In India we have no higher Technical Schools. We should be proud of having one when Tata's Research Institute comes into existence. I propose that the Jaina Swetamber Conference should select choice graduates who have passed with Science and should send them to different countries for taking higher Technical Education. It may not be out of place to mention here that what students learn here in Science till M. A. is mere elementary. It is only the alphabets of Science they study here, for further advancement they must be sent to other countries. Any one who takes any interest in Higher Technical Education is not unfamiliar with gigantic Technical Schools of Germany. To such or similar institutions in any country one graduate at least should be sent every year. The candidates must be selected by a committee chosen by our Graduates' Association.

Such students may take up any special branch of Science for which they have a special liking and when they return they will either support the dying industries or will start new industries. I know, this means expense but I know equally well that our Community is not yet poor. Many of our Jains are more anxious to spend after જીવદયા, જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર than after education but they do not know that if the education of a rising generation is on a solid foundation all the other virtues will immediately follow. We live in the days of competition and if we have to maintain our position as one of the advanced and richest communities of India we have to do it, and the sooner we begin, the better it is for us. The famous Professor Strongarm has truly said "The destinies of countries are decided in Colleges and Laboratories".

Why do we see that pigmy Japan drove away mighty Rusaia? Simply because Japanese are better educated than illiterate Russians. We do not want quantity, we want quality.

V. U. Parekh.

M. A. B. Sc.

Professor of Science,

# શ્રદ્ધા.

( લેખક વીરભક્ત મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ. )

One in whom persuasion and belief had ripened into faith and faith had become a passionate intuition.

*Wordsworth*, (The Excursion).

ધાર્મિક વિચાર કરનાર જનસમૂહના બે વર્ગ પાડી શકાય. એક વર્ગ પૂર્વ ધર્મ સિદ્ધાંતોને નિશ્ચિત અને નિર્વિવાદિત માને છે અને બીજો વર્ગ માનવમાત્રે કદી નિર્ણિત સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો નથી અને તેમ કરી શકનાર નથી એટલે તેમને મન સર્વ શંકાસ્પદ છે એવીજ દૃષ્ટિ રાખે છે.

જે જે મનુષ્યો અર્વાચીન કેલવણી પામી વિચાર કરતા શિખ્યા છે તેઓની પૂર્વ ધર્મ સિદ્ધાંતપરની શ્રદ્ધા વિશીર્ણ થઇ છે અને જો તેમ ન હોય તો શંકાન્વિત તો બની છેજ. તેઓ સૌ સ્વભાવથી, કદાચ દુઃખવૃત્તિથી અથવા તો સ્વતંત્રતાની આનંદલહરી ભોગવતાં જે સિદ્ધાંતો નિર્વિવાદિત રીતે પ્રતિપાદિત થયેલા છે તેનો ધીમે ધીમે ત્યાગ કરતા જાય છે; આના પરિણામમાં તેમનામાં વિવશતા પ્રાપ્ત થાય છે. અને વિવશતાથી જે ધર્મ સિદ્ધાંતો એક વખત સમજવા સ્હેલ હતા તે સમજવાને તેઓ અત્યારે પોતાની પૂર્ણ અશક્તિ જણાવે છે; અને તો પછી આવા પાસેથી સમજવાની તો આશા કયાંથી રાખવી?

તેઓની કલ્પનામય સૃષ્ટિમાં અનેક તર્કો ઉઠે છે, 'ઇશ્વર છે કે નહિ? ઇશ્વર હોય તો તેનો સ્વભાવ શું છે? મરણ પછી આત્માનું અસ્તિત્વ છે? અને હોય તો કેવી સ્થિતિમાં તેનું પરિણમન થાય છે? વિશ્વનો સૃષ્ટા છે કે નહિ? અને હોય તો તેનો હેતુ શું છે?" આવા મિથ્યા શ્રદ્ધાહીન તર્કો કરી મનનું સમાધાન કદી પણ કરી શકતા નથી કારણકે પ્રારંભથી તેમની માન્યતા એવી હોય છે કે કોઇપણ માનવ તેમના પ્રશ્નોનું નિરાકરણ સત્ય રીતે કરી શકવા સમર્થ નથી. પછી ગમે તો તે મહાન્ આચાર્ય કે મહાપંડિત હોય, ત્યાગી વિદ્વાન સાધુ કે બુદ્ધિમાન્ શ્રાવક હોય, શાસ્ત્રપારંગત પુરૂષ કે સૂક્ષ્મશક્તિ ધરાવનાર મહાત્મા હોય. છતાં કદાચ કોઇ ધર્મ-

શાસ્ત્રોનાં ગૂઢતમ રહસ્ય જાણનાર મહાત્મા તેમની પાસે આવી તેમના દરેક મનસ્વી તર્કનું સ્ફોટન કરવા મથે તોપણ તે નિરર્થક થઇ પડે છે. બે વર્ષના બાળક ઉપર અધ્યાત્મ વિષયોનો બોધ આપતાં જેટલી અસર થાય તેટલીજ અસર ઉક્ત શ્રદ્ધાહીન જનોપર થવાની. તેઓ બાલક કરતાં ફક્ત એટલું વધારે પણ ઝાંખી રીતે જાણે છે કે આ જીવન ઉપયોગી છે અને અમુક વસ્તુઓનું હલનચલન અમુક રીતે (Scientifically) થાય છે. આટલા જ્ઞાનથી તેઓ શ્વાનની પેઠે સંતોષિત રહે છે.

આવી મનોવૃત્તિ ધરાવનાર, ધર્મનાં અનુપમ અને ઉત્કૃષ્ટ સિદ્ધાંતોમાંનો એકપણ નહિ માનનાર અને અજ્ઞાન અંધકારમાં ભ્રમણ કરવામાં સુખ માનનાર મનુષ્યને એક પ્રાર્થનાગૃહ–દેરાસરમાં લઈ જઇએ. ત્યાં તે એક દૃષ્ટિથી જુએ છે–દેરાસરમાં કેટલાક પ્રેમભાવનાથી સ્તવનો ઉચ્ચારે છે, કેટલાક મનોનિગ્રહથી ઉત્તમ પ્રતિક્રમણ અને સામાયિકમાં પ્રવૃત્ત થયેલા છે તો કોઈ પૂજાદિ ભણવા ભણાવવામાં તત્પર હોય છે. વૃદ્ધો શાંતિપૂર્વક, બાલ–યુવાનો તીવ્ર ઉત્સાહપૂર્વક એમ આબાલવૃદ્ધ સર્વ સ્વ સ્વ ક્રિયામાં પ્રયત્નશીલ હોય છે. આ સર્વ જોઈ તેને અમુક અનનુભૂતભાવના થાય છે; જ્યારે નાનાં બાલક અને બાલકીઓ પણ નિર્દોષ મુખડે વિશુદ્ધ શ્રદ્ધાથી અપૂર્વ આનંદ અનુભવતાં નજરે પડે છે ત્યારે પોતાનામાં એક જાતની જાગૃતિ જાગે છે અને વિચાર સ્ફૂરે છે કે 'મારા કરતાં આ સર્વ બાળકો કેટલાં સુખી છે?? તેઓ સુખી હોવાનું કારણ તેમની શ્રદ્ધાજ છે' તેને આ જ્ઞાન થતાં શ્રદ્ધાનું ભાન આવે છે. બાળકોની શ્રદ્ધા સૌંદર્યભરી અને વિશદ લાગે છે, તેમનાં નિર્દોષ સુખની ઇર્ષ્યા થાય છે. અને તેથી પોતે પણ અમુકમાં શ્રદ્ધા રાખીને તે શ્રદ્ધા વિકસાવવાને સમર્થ છેજ એમ તેને ખાત્રીપૂર્વક લાગે છે.

શ્રદ્ધા સત્ય માર્ગ પર જવાને માટે આવશ્યક છે તેની સાથે પોતાનામાં પોતા તરફ આકર્ષવા જેટલું સૌંદર્ય પણ ધરાવે છે. વળી આધુનિક કેલવણી પામેલો મનુષ્ય કે જેનું ઉપર સૂચન કરી ગયા તેને આપણે પહેલાં શ્રદ્ધાહીન કહ્યો પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. તેનામાં અજ્ઞાન માણસો યા બાલકો કરતાં પણ વધારે શ્રદ્ધા રહેલી હોય છે એટલુંજ નહિ પણ વધારે પ્રબલ અને વધારે મોહક સ્વરૂપમાં હોય છે. જ્યારે તેને શ્રદ્ધાહીન કહ્યો ત્યારે તેનામાં શ્રદ્ધા ગુપ્ત હતી (Latent—potential) આ શ્રદ્ધા શુભ સંસર્ગ ધર્મોપદેશક યા ધર્મગ્રંથો, ધર્માલયો વગેરેનો પરિચય થાય છે ત્યારે ઘણાજ ધીમા અને આછા બળથી ધુંધવાતી અગ્નિમાં પવન લાગે ત્યારે જેમ તે અગ્નિનું ઉદ્દીપન વધારે જોસમાં થાય છે તેમ પ્રકટ રીતે પ્રત્યક્ષ થાય છે.(Kinetic)

આનું જાગતું જીવતું ઉદાહરણ આપીશ. એક મારા સ્વધર્મી બંધુ અને સ્નેહીએ વાતો પ્રસંગમાં પોતાનો સત્ય અનુભવ દર્શાવ્યો કે હું પહેલાં જડવાદી હતો. આત્માના અસ્તિત્વ કે અમરત્વને, પુનર્જન્મ અને કર્મસિદ્ધાંતને બીલકુલ માનતો નહતો. પાશ્ચિમાત્ય તત્વજ્ઞો જેવાકે હર્બર્ટ સ્પેન્સર, કાન્ટ, મિલ, વગેરેનો અભ્યાસ કરતો અને તેમાંજ લગની લાગી હતી. મારી જૈનધર્મપર બિલકુલ શ્રદ્ધા ન હતી, પરંતુ મને યોગી સાધુચરિત જ્ઞાની પુરૂષનો હમેશનો સમાગમ હોવાથી મારી માન્યઓ તેમની પાસે નિરાકરણાર્થે મૂકતો. તેઓ મને એવા ચોક્કસ અને પૂર્ણ જ્ઞાન-

મય ઉત્તર આપતા કે મારા મનનું સમાધાન આપોઆપ થઈ જતું. આમ થયાં કરતાં જડવાદી પાશ્ચાત્ય સંસ્કારો રામશરણ થતા ગયા અને તેથી ધીમે ધીમે પણ આખરે મારા-આપણા જૈનધર્મના અકથ્ય રીતે સત્ય, અનુપમ અને અમૂલ્ય સૌંદર્યભર્યાં સિદ્ધાંતોપર પૂર્ણ શ્રદ્ધા બંધાઇ." આપરથી સિદ્ધ થાય છે કે મનુષ્ય ગમે તેવો હો જડવાદી યા નાસ્તિક હો, અનીશ્વરવાદી કે ઈશ્વરવાદી હો, અનેકેશ્વરવાદી કે એકેશ્વરવાદી હો પરંતુ ધર્મશાસ્ત્રના સત્ય સિદ્ધાંતો તરફ ઢળવાની વૃત્તિ દરેકમાં હોય છે તેથી તે ઉપર સત્ય શ્રદ્ધા અમુક સંજોગે અને અમુક દશામાં જાગૃત થાય છે. તેથીજ મોક્ષના સાધનત્રયમાં સમ્યગ્દર્શનને પ્રથમારંભે મૂકયું છે. સમ્યગ્દર્શનમાં શ્રદ્ધાનો સમાવેશ થાય છે.

વિશ્વાસ વગર વહાણુ ન ચાલે, તે ગુજરાતી ભાષાની કહેવત સત્ય છે. સકલ જગનો, સકલ જીવનનો વ્યવહાર વિશ્વાસ વગર થઇ શકતો નથી. વિશ્વાસ કોઇમાં રાખવો તે તેનામાં શ્રદ્ધા રાખ્યા બરોબર છે તેથી આ સમગ્ર જનસમાજ, સમગ્ર બાહ્ય જીવનવ્યાપાર શ્રદ્ધા વગર ચાલી શકે નહિ; તેમજ આંતરિક જીવન માટે શ્રદ્ધા આવશ્યક છે.

આ સત્ય શ્રદ્ધાને વધારે સતેજ કરી ઉન્નતિની પરાકાષ્ઠાએ લઈ જવાની જરૂર છે. પુસ્તકો અંધકારમાં અને અજ્ઞાત સ્થલે પૂરાયાં છે, બંધાયાં છે; તેમનો પુનરોદ્ધાર કરવાનો છે. તે પુસ્તકો ક્ષુદ્ર જીવજંતુઓના ભોગ થયાં છે. મનુષ્યો તેમના કયારે ભોકતા થાય એજ પ્રશ્ન છે. આવાં પુસ્તકો અજવાળામાં લાવી તેમનું દોહન, તત્વચિંતન, વિચાર વિમર્શન અને અર્થગાંભીર્ય તરૂણ કેળવાએલા જનો પાસે મૂકાય તો તે પુસ્તકોનું આદરાતીથ્ય કેવું અપૂર્વ અને હોંશભર્યું થાય! અને તેમની શ્રદ્ધા કેવી બલવાન્ અને વેગવાળી થાય તે સમજવું સ્હેલ છે. આ જરા વિષયાંતર છે પરંતુ આ પ્રસંગે ઉપયોગી છે તેથી કહી જવાયું છે.

મનુષ્યમાં બુદ્ધિ અને હૃદય એ બે અગત્યની શકિતઓ છે. બુદ્ધિ વિકસાવવાની સાથે હૃદયને પણ કેળવવાની જરૂર છે. એકલી બુદ્ધિ ગમે તેટલો પ્રકૃતિપર વિજય કરે પણ હૃદયભાવના પાસે ક્ષુદ્ર છે. પાશ્ચિમાત્ય વિદ્વાનોએ બુદ્ધિનો વિકાસ અદ્‌ભુત રીતે કરી અનેક પ્રાકૃતિક શોધો કરી. પૃથ્વીનાં અસ્તરો ફોડયાં; અગ્નિ, વરાળ, અને પાણીને મહાત કરી દાસ બનાવ્યાં; વિજળીપ્રવાહ ચલાવ્યો; અને પૃથ્વીને સાંકળથી બાંધી લીધી; આથી તેઓ ફુલાઇ ગયા. આથી પરિણામ એ થયું કે અકાલ્પનિક જરૂરીઆતો વધી ગઈ અને તેઓના જીવનનો મુખ્ય સાર અને ઉદ્દેશ જોઈશું તો ધનસંપત્તિ સીવાય બીજું કંઈપણ દૃશ્યમાન થશે નહિ. એક વિદ્વાને આંસુનું પૃથક્કરણ કરી શોધી કહાડયું કે આંસુમાં થોડાક ફ્રાસ્ફેટ ઓફ લાઈમનો, થોડાક કલોરાઇડ ઓફ સોડાનો, થોડાક શ્લેષ્મનો તથા થોડાક પાણીનો સમાવેશ થાય છે. આ હૃદયવિનાની સૂની બુદ્ધિનું પરિણામ છે. અહીં હૃદય તેને કહે છે કે 'હે ડોળઘાલુ પંડિત! તપાસ તો કર કે રડનાર પોતે હૃદય છે'

માટે હૃદયને કેળવવું જોઇએ, તેમાં શ્રદ્ધાની પ્રથમ જરૂર છે. **विद्या विवादाय** એ સૂત્ર ગ્રહણ કરી દરેકમાં માથું મારી શંકા ઉત્પન્ન કરી વાતને તોડી પાડવી ન

જોઇએ. કેટલાક સિદ્ધાંતો એવા છે કે જેનું રહસ્ય પહેલાં અપ્રકટ જણાય છે, પરંતુ શ્રદ્ધાથી સ્વીકૃતપક્ષ તરીકે અંગિકાર કર્યાથી તેનું રહસ્ય આપો આપ સ્વતઃ સિદ્ધ થાય છે.

# મનુષ્યદેહ શાને માટે છે?

( લેખક શાહ નરોત્તમ ભગવાનદાસ. )

અનુસંધાન પૃષ્ટ ૧૬૪.

છ પ્રકારના અભ્યંતર તપનો પાંચમો પ્રકાર ધ્યાન છે. બીજી બધી વસ્તુઓમાંથી મન ખસેડી એકજ બાબતમાં મન પરોવવું તેનું નામ ધ્યાન છે. ધ્યાન સાંસારિક બાબતમાં તથા આત્મિકમાં પણ હોઇ શકે. સાંસારિક ધ્યાનથી સંસારવૃદ્ધિ થાય છે, આત્મિકથી આત્મિક લાભ થાય છે. આર્ત્તને રૌદ્ર એ બે ધ્યાન સંસારની વૃદ્ધિ કરનારા છે અને ધર્મ ને શુકલ એ બે ધ્યાન આત્મિકગુણોનો લાભ કરાવનારા યાવત્ મોક્ષ સુખ આપનારા છે. આત્મિક ધ્યાનની રમણતામાં લાગેલા જીવોને તે ધ્યાન બહિરાત્મ દશામાંથી પરમાત્મ દશામાં લઈ જઇ શકે છે. મનુષ્ય જીવનનો ખરો હેતુ આ સંસારમાં ખાઇપીને ક્ષણિક આનંદમાં રહેવાનો નથી, પરંતુ આત્મા કેવો છે? કયાંથી આવ્યો છે? કયાં જવાનો છે? વિગેરે જાણીને તેનું મનન કરવાનોજ છે. અર્થાત્ બે અશુભ ધ્યાન છોડીને બેશુભ ધ્યાન ધ્યાવાં તે મનુષ્ય જીવનને સાર્થક કરનાર છે.

છઠો પ્રકાર ઉત્સર્ગ છે. ઉત્સર્ગ એટલે છોડી દેવું. આ શબ્દની પહેલાં કાયા શબ્દ મૂકીએ એટલે કાયોત્સર્ગ થાય છે. તેનો માગધીશબ્દ કાઉસગ્ગ છે. તીર્થંકર મહારાજ, તથા બીજા સિદ્ધ થયેલા જીવો કાયોત્સર્ગ કરીને, કાયાને વોસરાવી દઇને, કાયા સંબંધી બધી દરકાર તથા વિચાર મૂકી દઇને આત્મધ્યાનમાં મગ્ન રહી મોક્ષ પામ્યા છે. આ કાળના જીવો કાયાનો વિચાર તથા દરકાર મૂકી દે એમ તો બને તેમ નથી, પરંતુ તેની ઉપરની રાગદશા ઘટાડી, તેને અતિશય શણગારવામાં, શણગારીને રાચવામાં, લેવાતો આનંદ છોડી દે અને આત્મધ્યાન યથાશકિત કરે એ બને તેવું છે. કર્મને બાળવાનો એ એક રસ્તો છે.

એ છ બાહ્ય તથા છ અભ્યંતર મળી બાર પ્રકારનો કર્મને તપાવવાના સાધનરૂપ તપ સાધન હોય, શકિત હોય, છતાં જે માણસો ન આદરે, તે જૂનાં કર્મો ખપાવી શકતા નથી અને નવાં કર્મો બાંધે છે. ધર્મમાં મનબળ, વચનબળ તથા કાયબળ વાપરીએ તેજ ખરૂં છે, બાકી વ્યવહારમાં વપરાય તે કાંઇ આત્માને હિતકર નથી.

જૂદા જૂદા ધંધાઓમાં વધતા ઓછા પ્રમાણમાં પાપ રહ્યું છે. પણ પંદર કર્માદાન જે વંદિતા સૂત્રમાં બતાવેલા છે તે શ્રાવકને વર્જ્ય છે. હાલના સમયમાં સાંચાકામનું પ્રાધાન્ય હોવાથી કર્માદાન વધી પડેલાં છે.

ખેતી કરવી, કૂવા, તળાવ, વાવ વિગેરે ખોદાવવાં, માટી ખોદાવવી વિગેરે મુખ્ય પણે પૃથ્વીકાયની હિંસાના પ્રકારો છે, તે જરૂર પૂરતા કર્યાં વિના ચાલે તેમ ન હોય તો તેમાં રાચવું નહિ. નહાવા ધોવામાં જરૂર પૂરતું પાણી વાપરવું, નકામું ઢોળવું નહિ. ભઠીથી કામ કરવું પડે તેવા ધંધાઓમાં એટલે મીલ, પ્રેસ, જીનના ધંધામાં, કુંભાર, લૂહાર, સોની, સુખડીઆ, લાખ બનાવનારા, મમરા દાળીયા વેચનારા, રંગારા, લૂગડાં છાપનારા છીપા, એ બધા ધંધાદારીઓ વ્યવહાર નિભાવવાને ખાતર પોતાનો ધંધો કરે છે તેમાં અગ્નિકાયની વિરાધના વિશેષે થાય છે. એ ધંધાઓમાં ધંધાઓમાં ધંધો કરનારના પરિણામ પ્રમાણે ઓછું વત્તુ કર્મ બંધાય છે. પરંતુ એ કર્મોમાં પાણી, અગ્નિ, તથા વાયુકાયના જીવોનો અત્યંત સંહાર થાય છે. હાલના સમયમાં તેનો ખ્યાલ આવવો પણ દુર્લભ છે, પરંતુ બની શકે ત્યાંસુધી બીજો ધંધો કરવો, ન બની શકે ને એ ધંધો કરવો પડે તો તેમાં આનંદ માનવો નહિ.

હાલ પશ્ચિમમાંથી ગાયનું માંસ, ડૂકરનું માંસ, વિગેરે માંસના ડબાઓ દવા વેચનારાઓની દુકાને વેચાય છે, તે દવા વેચવા માટે તો જૈન તરીકે કદી છુટ મળી શકે તેમ નથી. એવા માંસના ડબા વેચવાથી કસાઇના ધંધાને ઉત્તેજન મળ્યું, એવા સીધા જીવહિંસાના ધંધા માટે તો કંઇજ છુટ મૂકી શકાય તેવું નથી. તેટલું ઓછું રળવું અને ઓછું ખાવું એજ સલાહકારક છે. એ જીવહિંસાના ધંધા પશ્ચિમમાંજ ભલે રહો, જૈનો તેનાથી તદ્દન અલગ રહે, એજ ઇષ્ટ છે. તે ધંધાવિના ભૂખે મરી જવાશે, એમ માનવાનું કાંઇ કારણ નથી. આરામને માટે વાડી બનાવવી, પાન, ફૂલ, ફળ તોડવાં, પોંખ, પાપડી વિગેરે શાકો શેકવાં તથા સૂકવવાં, મોળવાં, કરવાં, અળસી, એરડી, તલ વિગેરે પીલીને તેલ કાઢવું, શેરડીને કોળુમાં પીલવી, કંદ, મૂળ, ફળ વેચવાં એ બધાં કર્મોથી વનસ્પતિકાયના જીવોની વિરાધના વિશેષ થાય છે, તેમાંથી બની શકે તેટલાથી દૂર રહેવું. એકેંદ્રી જીવોની હિંસાથી થતાં પાપ કરતાં વિકલેંદ્રી કે પંચેદ્રીની હિંસાથી થતું પાપ બહુ વિશેષ ગણાય છે તેથી બની શકે તેટલામાંથી વિરમવું. સ્વામીભાઇઓને ધંધે લગાડવા માટે હિતકારક જાહેર સંસ્થાઓ સ્થાપવાની વૃત્તિથી કાંઈ કરવું પડે તો તેમાં પણ તેઓને લખેસરી બનાવવાની વૃત્તિ રાખવાની જરૂર નથી, પરંતુ સ્થળ પ્રમાણે સુખરૂપ નિર્વાહ ચલાવી શકે, આળસુ તથા ઉદ્યમ વિનાના ન રહે એવી વૃત્તિથી કોઇપણ કાર્ય ચલાવવાની જરૂર છે. સંભળાય છે કે કેટલાએક જૈન શ્રીમાન શેઠ પોતાને ત્યાં જૈન નોકર ન રાખવાના કારણમાં એમ જણાવે છે કે 'તે સામાયક કરે, પૌષધ કરે, ઉપાવાસ એકાસણા કરે, પ્રતિક્રમણ કરે, રાત્રિભોજન ન કરે વિગેરે કારણોથી તે મારૂં કામ બરાબર ન કરી શકે, અને મારા કામમાં મને તેટલી ખલલ લાગે અને નુકસાન થાય.' પરંતુ એ કારણ બરાબર નથી. કોઇ નોકર પોતાના શેઠ નાખુશ થાય તેવી રીતે જાણીબૂજીને વર્તવા રાજી હોયજ નહિ. અમારી તેવા શેઠોને નમ્ર વિનંતિ છે કે બની શકે તેમ જૈનભાઇઓને ધંધે લગાડવાથી ધર્મને અંગે પણ લાભ છે, અને ધર્મને લાભ તે તેમની ભવિષ્યની પ્રજાને પણ લાભ છે.

બેઇંદ્રી જીવો જેવા કે પેટમાંના કરમિયા, સરમીયા, નાના કીડા, ગંડોલા, ચેળ,

પૂરા, વરસાદના દિવસમાં થતા અળસીયા, શરીરપર થતા વાળા, શરીરપર મૂકવામાં આવતી જળો, ચૂડેલ, તથા અથાણા અને વિકૃતિ પામેલા રસ વિગેરેમાં ઉપજતા જીવોને જાણી જોઇને દુઃખ દેવાની જરૂર નથી. તેમને પોષણ આપી ઉછેરવાની જરૂર નથી, પરંતુ તેમનો રસ્તો તેમને લેવા દઈ, આપણને અડચણ કરતા હોય તો અડચણ ન કરે તેવે સ્થાનકે મૂકી અડચણથી મુકત થવાનું છે, પણ તેમને મારી નાખવાના નથી.

લૂગડામાં તથા ચોપડીઓમાં લાગતી ઉધઈ, જૂ, લીખ, માકડ, મંકોડા, ચાંચડ, કીડી, કંથવા, ગધીઆં, ધીમેલ, કાનખજૂરા, ગીંગોડાં, ધનેડીયાં, વિગેરે તેરિંદ્રી જીવો અનેક સ્થાનકે ઉત્પન્ન થાય છે. તેમાં કેટલુંક આળસનું પણ પરિણામ હોય છે. કેટલાક નિર્દય માણસો માકડનાપર ઉનું ખદખદતું પાણી રેડી તેને મારી નાખે છે, વિગેરે નિર્દયતા નહિ કરતાં તેમને માટે પણ અમુક અમુક વખતે સંભાળ લીધા કરવાથી મુશ્કેલી દૂર થાય છે, અને નિર્દયતા કરીને પાપ બાંધવાની જરૂર પડતી નથી.

ચૌરેંદ્રી જીવો જેવા કે માખી, મચ્છર, ડાંસ, મસા, પતંગીયા, કંસારી, કોળીઆવડા, ઢીંકણ, વીંછી, તીડ, ભમરા, ભમરી, ખડમાકડી, વિગેરેમાં કેટલાએક હેરાન કર્તા અને દુઃખ કર્તા છે, પરંતુ તેમાંથી કેટલાએકને ઉડાડી શકાય અને કેટલાકને પકડીને દૂર મૂકી શકાય. આપણે તેમને પોષવાના નથી, કુદરત તથા તે જીવડાંઓનાં કર્મો પોતાનું કામ બજાવ્યા કરશે, પરંતુ જૈને તેમને મારવાના નથી.

દરિયા વિગેરેમાં જાળ નાખવી, વગડામાં જઈ શિકાર કરવો, પોપટ વિગેરે જીવોને પાંજરામાં રાખવા વિગેરે પ્રકારોવડે પંચેંદ્રી જીવોને હણવાથી અથવા દુભવવાથી કંઇ પણ લાભ નથી, જ્યારે પાપ તો અવશ્ય ઓછા વત્તા પ્રમાણમાં લાગે છેજ. માછીમારો વિગેરે અનેક પ્રકારે જળચર તિર્યંચ પંચેંદ્રિ જીવોની હિંસા કરે છે અને મહાપાપ બાંધે છે. પારેવાં, કાગડા, તેતર, ચકલાં, હરણ વિગેરેનો શિકાર કરવો એ કોઇપણ રીતે વ્યાજબી ઠરાવી શકાય તેમ નથી. હાલના નવા જમાનાની અનેક પ્રકારની શોધખોળને પરિણામે શરીરમાં નવો જીવ મૂકવાની શોધ થઇ નથી, અને થવાની પણ નથી, તો નિર્દોષ જીવને મારવા એ સાધારણ સમજથી પણ ઉલટું છે. રાહદારીઓને હેરાન ન કરે, માટે કૂતરાંઓને ઝેર ખવરાવીને મારી નાખવા, એ કૂતરામાં જીવ નહિ માનનાર જડવાદી પ્રજાનુંજ અપ્રશસ્ય કાર્ય છે. દશ દશ વર્ષ થયાં કાંઇપણ નિશ્ચય ઉપર આવી શકાયા પહેલાં મનુષ્યને ઉંદરથીજ મરકી લાગુ પડે છે એવો નિશ્ચય કરી ક્રોડો ઉંદરોને ઝેર દઇને મારી નાખવા એ પણ પાશ્ચિમાત્ય પ્રજાનુંજ અપ્રશસ્ય કાર્ય છે. તેમને મારી નાખવાને બદલે કોઇ દૂર સ્થળે મૂકવામાં આવે તો શું ખોટું છે? કૉડ નામની માછલીને મારી તેના હૃદયમાંથી તેલ કાઢી, પુષ્ટિકારક તત્વ તરીકે વપરાતું કૉડલીવરઓઇલ પીવું એ પણ કોડને મારવા બરોબર છે. ઓછું પીવાય તો ઓછી માછલીઓ મરાય. ખપના પ્રમાણમાંજ વેપારીઓ ચીજો ઉત્પન્ન કરે છે, તેથી પીનારા પણ મારનાર જેટલાજ પાપી છે. શરીરની પુષ્ટિને માટે પંચેંદ્રી જીવોની હિંસાને ઉત્તેજન આપવું તે કોઈ રીતે દલીલવાળું નથી. સર્પ જેવા ત્રાસદાયક પ્રાણીને પણ મારવાને જૈનશાસ્ત્ર છુટ આપતું નથી, તો નિર્દોષ જીવોના

શિકાર માટે તો સવાલજ હોઇ શકે નહિ. એક માણસ પોતાને ઘેર થોડા સુખમ પણ જે આનંદ લઈ શકે છે, તે ઘણા સુખમાં પણ બંધનમાં લઈ શકતું નથી. તેવીજ રીતે પોપટ, તેતર, બગલાં વિગેરે જીવોને પાંજરામાં પૂરી, જોઇએ તેટલું સુખ આપે તોપણ તે કદી સુખ માની શકે નહિ, કારણકે સ્વતંત્રતા, છુટ સૌને વહાલી છે. શિવાજીને પોતાના ડુંગરી કિલ્લામાં થોડાં સાધનોથી જે સુખ લાગ્યું તે સુખ અતિશય વૈભવવાળા ઔરંગઝેબના બાદશાહી મહેલમાં પણ લાગ્યું નહિ, તેવીજ રીતે પાંજરામાંના પક્ષીઓનું સમજવું. જીવહિંસા માટે જેમ બને તેમ વધારે સાવધ રહેવું એજ આત્મકલ્યાણનો માર્ગ છે, મનુષ્ય જીવનની સફળતા છે.

પાંચ મહાવ્રતમાં બીજું અસત્યના ત્યાગરૂપ વ્રત છે. ક્રોધ, લોભ, ભય તથા હાસ્યથી બોલાતું અસત્ય અતિશય પાપબંધન કરનારૂં છે, ભયથી અસત્ય કહેવાઇ જાય તોપણ પાછળથી ઘણો પશ્ચાત્તાપ થાય છે તો પાપ બંધ ઓછો થાય છે. ક્રોધથી તથા લોભથી બોલાતું અસત્ય બીજાં ઘણાં અસત્ય બોલાવે છે. હાસ્યથી મશ્કરીમાં બોલાતું અસત્ય ઘણુંજ પાપબંધન કરતા છે. હસતાં હસતાં બાંધેલું કર્મ રોતાં રોતાં ભોગવવું પડે છે.

ત્રીજું મહાવ્રત અદત્તાદાનના ત્યાગરૂપ છે. મોટી અથવા નાની ચોરી જો પકડાય તો તો સરકાર તમને તેની શિક્ષા કરી શકે તેમ છે, પરંતુ તમારી નાની ચીજ જતાં પણ તમને જેમ દુઃખ લાગે છે તેમ બીજાનું કાંઇપણ લેતાં તેને દુઃખ થશે એમ ધારી, તથા તમારો આત્મા ખોટી ટેવવાળો થશે એમ જાણી એ પાપથી દૂર રહેવા પ્રયત્ન કરવો, એ આપણી ફરજ છે.

ચોથું મહાવ્રત બ્રહ્મચર્ય છે. વિવેક વિલાસ નામના પુસ્તકમાં વિષયસેવનની મર્યાદા બતાવેલી છે. બ્રહ્મચર્ય સર્વોત્કૃષ્ટવ્રત છે, પરંતુ તે સર્વથા ત્રિવિધે ત્રિવિધે ઘણાજ થોડા જીવોથી પાળી શકાય છે. એક વખત વિષયસેવનથી સમુર્છિમ, ગર્ભજ અને એકેંદ્રી જીવોની અત્યંત હિંસા થાય છે. તે પાપ જેવું તેવું નથી, શરીરબળ ઘટે છે, તેથી મનોબળ પણ ઘટે છે, આત્મબળ પણ ઘટે છે, ધ્યાન ઓછું લગાવી શકાય છે, મોક્ષ દૂર જાય છે. સ્વામી દયાનંદ ત્રણ વર્ષે એક વખતજ વિષયસેવન ઇષ્ટ કહે છે. તેઓ ૨૫ વર્ષ સૂધી બ્રહ્મચર્ય પાળવાનું કહે છે. હાલ તેમ થવું સંભવિત નથી, પરંતુ ૧૮ વર્ષની ઉમર સૂધી તો લગ્ન નહિ કરવાની જરૂર છે. બાળકો પાસે લગ્નની વાતજ નહિ કરવી, કોઇ કરે તો ઉડાવી દેવી એજ સારો રસ્તો છે. પાંચમ, આઠમ, ચૌદશ વિગેરે તિથિઓ તથા પર્વોએ બ્રહ્મચર્ય પાળવું વિગેરે અવશ્ય જરૂરતું છે, મોરબીવાળા મી. દુર્લભજી ઝવેરીએ બહાર પાડેલા એક પુસ્તકમાં જણાવ્યું છે કે અમુક તિથિઓએ બ્રહ્મચર્ય પાળવાથી તે દિવસે ઉત્પન્ન થયેલું ફરજંદ અમુક અમુક ખામીઓવાળું થાય ઉ વિષય સેવનમાં જેમ મર્યાદા રહે તેમ આત્મકલ્યાણ વિશેષ છે. કોઈ બિચારે પણ પશુ હલકી સ્થિતિના જીવો તિર્યંચ સાથે મૈથુન સેવે છે, એ તો અદિપારી આલમનાં છે. મૈથુન સેવનમાં પણ આસક્તિ, લોલુપતા, વિશેષ રાખવાથી હત્વાકાંક્ષા, અને ષિત થાય છે અને પાપનો બંધ વિશેષ થાય છે. કું" એ ભૂખણુ સ્વીકારશે? અમે

પાંચમું મહાવ્રત પરિગ્રહનિવૃત્તિ છે. સાધુ મુનિરાજને માત્ર કપડાં કે પુસ્તકો રાખવાના હોય છે, પરંતુ તેનાપર મુર્છા ન હોવાથી તે પરિગ્રહ ગણાતો નથી. સંસારી જીવને ઘર, ધન, સ્ત્રી, કુટુંબ વિગેરે ઘણો પરિગ્રહ હોય છે. પરંતુ તેમાંથી કોઇમાં લીન થઈ જવું નહિ. અનેક ભવોમાં આ જીવે ઘણું દ્રવ્ય એકઠું કર્યું હશે પણ તે ત્યાંને ત્યાં મૂકીને ચાલ્યો આવ્યો છે. અને આ ભવમાં પણ મુકીને જવાનો છે માટે ધન મેળવવાની લોલુપતા રાખવી નહિ.

# મરહૂમ શેઠ પ્રેમચંદ રાયચંદ.

( અનુસન્ધાન ગતાંક પૃષ્ટ ૨૦૮ થી )

" એ પ્રમાણે જેમ " સઘળી આલમને ગફલતીની નિંદ્રામાં નાંખી એક ચોર તેમનાં ઘર લૂંટે " એ પ્રમાણે ગેએઆ ધોરે દીશેની ધાર બીચારા લોભની જાળમાં ફસેલાઓની ઊપર આણી હતી. " × × × × × × ×

" વળી આપણા વાત વાચનારાઓ ઘણાએકોને મોઢે સાંભલશો કે, આ નામાંકિત સટોરીઆએ ઘણાએક ભોલા અને નામીચા વેપારીઓને પોતાની " માહાકળાથી" ઉથલપાથલ સમજાવી, ન ઘટટો સટ્ટો કરાવી, તેમને દુનિઆથી પાએમાલ કરી નાખેઆ છે. અને પાછલે દરવાજેથી પોતાનાજ શેરો તેમને ગલે ઓલવેઆ છે, તેમજ કેટલાંએક નામીચા કુટુંબોમાં, સટ્ટો નહીં કરવાના પકા ઠેડાવ ઉપરાંત, આ જગપરસીધ સટોરીઆએ પેવશ થાઈ, તેમને આ લોભમાં ફસાવી તેમના કુટુંબની ભવની લાજ ખોવડાવી છે, અને જેઓને ન ઘટે હેવા શેતમમાં નાંખેઆ છે. **પણ તેમાં એ ધણી કરતાં તેહવા લોભમાં ફસનારાઓનો હું વધારે તકસીર સહમજું છું.** " × ×

" કહેવત છે કે " સાતસો ચુવા ખાકે બીલી હજકું ચલી " એ પરમાણે સટ્ટાના રોજગારમાં હજારો માણસને પાએમાલ અને ખુવારે હાલ મેલવી, મી. પરેમચંદે પોતાના સારા વખતમાં ઘણાએક ઇઆદગારી ભરેલાં કામો પણ કરેઆં હતાં: × ×

( શેરસટ્ટાની હકિકત )

" પણ પાછલથી એ સુરતાબાજ દલાલ એવા હોશ અને એટલા જોશથી વેપારના કામમાં પડયો; કે રૂઉ તેમજ કાપડસુતર અને બેંકોના શેરોનુ બજાર મોજા મારતા એક દરિયાવની મીશાલ કેટલીએક મુદત સુધી ઉછલતું અને છબછબતું રાખી લખો રોકડા રૂપિઆની ઉથલપાથલ દરરોજ હવામાં ઉડતી, અને કરોડો રૂપીઆના ... દાના સોદાઓની કીસ્તીઓ પુરજોસથી રેલતી રાખી હતી × × × ×
... ક વખત એટલી તો સતા ચાલતી હતી કે અકસર બેંકો અને ફીના-
... ારીઓબી તેના હોકમને માન આપતા. અને તેની મસલહતપર કુર-
... પ્રેમચંદના હાથના એક એશારાથી અને આંખના એક ચમકારાથી
... મોટી વધઘટો, અને મતલબીઆઓનાં ગજવામાં ભારી બરકતો થતી

હતી. સેંકડો દલાલો બજારમાં તેની પીઠે દોડતા, અને સેંકડો તેનાં દીદારનાં દરશણ કીજે ભટકતા હતા. લાલચુ વેપારીઓ તેના હોટનો એક સખુન સાંભળવાને, અને બેંકના ડાએરેકટરો તેની મરજીની વાતો બજાવાને ઈંતેજાર રેહેતા હતા. આપમતલબીઆ દેશીઓ હાથો જોડીને તેની ગાડીની પાછલ ભુખા કુતરાઓ પેઠે વલગતા હતા, અને ગરજાઉ યુરોપીઅનો બાએડીઓ બગલમાં લઇને તેની વાડીએ શેરોની બખશેસ કીજે ટોપીઓ ઉતારતા હતા. એ સઘલી ગમતો દોલતની, અને એ સઘળી રમતો મતલબની હતી; અને એજ વખતે તે વાણીઆનો દાહડો ગોયા સઉથી ચહડતી દસાએ પુગી ચુકેલો હતો, સબબ કે એ બાદ થોડીજ મુદતમાં અમેરિકાની લડાઇનું સેવટ આવીઉં, તે વખતે એ સઘલી ધામધુમો અને સઘલા દમામો અને બુમો નાબુદ થઇ ચોતરપ રોજે રસતાખેજ જેવો ધભરાટ અને કકલાટ મચી રહ્યો હતો. જે પ્રેમચંદને એક વખત દોલતના વીર, અને મોરાદના પીર તરીકે પુંજેઓ હતો, જેનાં સુખુંનથી પોતાના પેટની રોજી, અને જેના દીદારથી પોતાના જીવની ખુશી મેલવતા હતા, તેજ પ્રેમચંદને જીગરના ધીઃકારથી અને જબાંના ફીટકારથી હીણી–ચુહુલીએ કરી વાહરવાને અને શુલીએ કરી ફાંસવાને તેના સાથીઓ વતીક તઇયાર થયા હતા. × × × ×

જેમ જેમ ફીનાનસોના ફેસતાઓ અને બેંકોનાં ભોકારાંઓ જણાતાં અને અજવાલાંમાં આવતાં ગયાં.–તેમ તેમ સટાબાજોની રમતનો અટકાવ અને નાણાંવતીઓનો બુરો દેખાવ થતો ગયો હતો. શીકસ્તેહાલી અને નામુરાદી તમામ જાતના શેરો ધરાવનારાઓમાં ફેલાઇ. અને પ્રેમચંદને તથા તેના જેવા બીજાઓને જે સખસો દીલથી ચાહતા હતા, અને વખાંણનાં ગીતોથી રીજવતા હતા, તેજ સખસો ગાલભરી લેઆનતથી અને ધીકારભરી ખેઆંનતથી ખરડવા લાગા. ખરા માતબરો જ્યારે મુફલેસ થયા, અને ખરા સાહુકારો જ્યારે શંકટથી ફાકા મારવા લાગા ત્યારે પ્રેમચંદ કરોડપતીઓનોબી પતી ગણાતો હતો." × × × × ×

ઉપરોકત કથન પારસી લેખકનું છેઃ લોક વાયકા ઉપરથી એ ફલિત કરવા મથે છે કે "શેરસટ્ટા"માં સૌને પાયમાલ કરનાર પ્રેમચંદભાઈ હતા. શું આ માન્યતા અપૂર્ણ નથી લાગતી? અથવા એમ લખવામાં ઉતાવળ નથી કરી? લોક વાયકામાં સત્ય હોય છે, પણ કેટલીકવાર રજનું ગજ નથી હોતું? પ્રેમચંદભાઇ એ સમે પરમેશ્વર સરખા પૂજાતા; એ વાત સ્વીકારવામાં ગૌરવ દોષ છે એમ કોણ કહેશે? લોકોને જેટલા પ્રેમચંદભાઇએ ઘસડયા હશે ત્હેનાં કરતાં તેમની લોભ અને સ્વાર્થવૃતિ ઘસડવાને વધુ શકિતમાન થઈ હશે? કર્મવાદના સિદ્ધાંતને અનુસરનારાને આમાં કંઈ નવાઇ લાગશે નહીં.

તેમજ હરેક તે માનવી–મહાન પુરૂષ–ના કાર્ય વિષે માત્ર ગામગપાટા ઉપર આધાર રાખવાથી સત્ય તારવી શકાતું નથી; સાધારણ પંકિતના માણસ માટે પણ અભિપ્રાય આપતાં વિચારકને વિચારવાની આવશ્યકતા રહે છે તો પછી વેપારી આલમનાં પ્રભુ અને કર્ણ જેવા દાતારના સંબંધમાં, ત્હેની ભાવના, ઈચ્છા, મહત્વાકાંક્ષા, અને વૃતિનો અભ્યાસ કર્યા વિના, "સો સો ચુવા મારકે બિલ્લી બેઠી તપકું" એ ભૂષણ કવિની પંકિતનો સદુપયોગ સુસ્થાને થયો છે એમ કયો વિચારક સ્વીકારશે? અમે

તો એ પંકિતનો બહિષ્કાર કરી રાજર્ષિ ભર્તૃહરિની "**मनस्वी कार्यार्थी गणयति न च सुखंदुःखं** આ પંકિતનું સંબોધન કરીશું.

ઉત્પત્તિ, સ્થિતિ અને લય, ચડતી પડતી, સુખ દુઃખ, છાયડો અને તાપ, એ તો સૃષ્ટિક્રમના નિયમ છે; અને એ નિયમમાં હરેક પ્રાણિમાત્રને આવવું પડે છે: પરંતુ એ દ્વંદ્વકાળે જે મનુષ્ય "સમતા" રાખી શકે તેજ મહાનર-બલ્કે મહાત્મા ગણાય છે, અને ગણાયા છે. તો પ્રેમચંદભાઇનામાં એ "સમતા" ન હતી એમ કહેવાને કોણ સમર્થ છે? એના જન્મથી મરણ પર્યંતના જીવનમાં એ "સમતા" દ્રઢ હતી: કુલધર્મની અધિષ્ટાત્રી-સમતા-ની પૂર્ણ કૃપા હતી; ગમે તેવી વિપત્તિમાં પણ એના મુખપર ગ્લાનિની અસર જણાતી નહીં, તેમ કંજુસાઇ અને કૃપણુતા એનાથી દૂરજ રહેલાં: અને આર્થિક જ્ઞાનમાં એની કુશળતા યથાયોગ્ય હતી, એટલુંજ નહીં પણ એની ગણુતરીમાં કંઇ દોષ નહતો. જે કાંઈ દોષાંશ જગતને દ્રષ્ટિગોચર થયો તે માત્ર, જગતમાં નિવસતા સ્વાર્થી, લોભી મનુષ્યની શિઘ્રતા અને બકબકાટથીજ.

પૂર્વોકત કથન પ્રમાણે માનવીના સંપૂર્ણ જીવનનો અભ્યાસ કર્યા વિના કાંઇપણ મત ઉચ્ચારવો એ અજ્ઞાનતાજ કહેવાય: તેવીજ રીતે પ્રેમચંદભાઇના "શેરસટ્ટા" સમ્બન્ધે કાંઈપણ બોલવા કરતાં, "મૌન ધરવું" એ સર જ્યોર્જ બર્ડવુડના એ શબ્દને માન આપવામાંજ સર્વેનું ગૌરવ સચવાય એમ છે: કારણકે વેપારી આલમનું સંપૂર્ણ સ્વરૂપ, જાણ્યા વિના આપણે શું કહિયે? સર જ્યોર્જ બર્ડવુડ પ્રેમચંદભાઈના સમકાલીન હતા, એટલે હેમનું મત યથાર્થ ન માનવાને કંઈ કારણ નથી.

પ્રેમચંદભાઈની જગવિખ્યાતી બે કારણથી થઇ છે, એક વ્યાપાર કુશળતા અને બીજી દાનવૃતિ, આગળ જણાવ્યા મુજબ ચડતી અને પડતીમાં સમતા ધારી હતી, તેમ ઉભયકાળે એમની દાનવૃતિ એક સરખીજ ચાલુ હતી. ખરેખર પ્રેમચંદભાઇના એ "પરમાર્થનાં દૂધડા"ની સ્થાને સ્થાને પરબ મંડાઈ, અને એ દૂધડાંનું પાન, જાતિ, ધર્મ અને દેશના ભેદ વિના એમણે કરાવ્યું. કોણ કહી શકશે કે, એ જાતિભકત, દેશભકત અને ધર્મ પરાયણ ન હતા? અમે તો એમનું દાનપત્ર હાથમાં લઇ કહીશું કે એનાં એ "દૂધડાં"ના પાન કોણે ન કર્યાં? ભારતના" નવજીવન"ના રક્ષકોમાં કેટલા પ્રેમચંદભાઇના દૂધડાં પી પી, દૂધમલ થયા છે? શું બંગાળ અને પંજાબમાં એનાં પાન કરનાર નથી, કે દક્ષિણને મદ્રાસમાં નથી; માત્ર મુંબાઇમાંજ છે?

આટલું આટલું કર્યે છતે પણ એમનામાં અભિમાનનો લેશ પણ ન હતો, તેમ અંતપર્યંત એમની એ કામદુધા વૃતિ કાયમજ રહી; હિસાબને ચોપડે આશરે એક કરોડ રુપીયા દાન ખાતે વંચાય છે. ગુપ્તની વાતતો તે અને પ્રભુ જાણે **उदार चरितानाम् तु वसुधैव कुटुम्बकम्** એ મહા મંત્રના એ માનનાર હતા, વ્યાપારી કાર્યને અંગે,એ હિંદુ, પારસી, મુસલમાન, યુરોપીયન, અર્થાત સર્વે જાતિ અને સર્વે ધર્માનુયાયીના સમ્બન્ધમાં આવ્યા હતા, તોપણ એમની કુલધર્મની આસ્થા અને શ્રદ્ધા કાયમજ રહી: એ સહવાસ અને સંબંધમાં, પ્રસંગોપાત વાર્તાલાપમાં અનેક વિષયો ચર્ચાય એ સ્વભાવિક છે, તો પણ તેમાંથી હંસની માફક સારનુંજ ગ્રહણ કરી લેતા: અર્થાત અન્યનું ઉત્તમ હોય તોપણ તે ગ્રહણ કરી લેતા

આશ્ચર્ય જેવી વાર્તા એમના જીવનમાં એકજ છે કે એમનું ચારિત્ર નિષ્કલંક રહ્યું: ધનમદથી થતા દુર્વિચારો અને વળગતાં દુર્વ્યસનો સંબંધે એમનો ઉપહાસ કરનાર એકે દુશ્મન અદ્યાપિ પર્યંત અમારા જોવામાં આવ્યો નથી અને એથીજ એમનું વિશુદ્ધ જન્મ જીવન, અંતે પણ વિશુદ્ધતામાંજ પંચત્વ પામ્યું:

લોક ગમે તે કહો! ગમે તેમ બોલો પણ અમે તો કહિએ છીએકે—

"નમેરી છાયાનો વિકટ ઘટ ઘેરાય મટશે,
ચળાતી જ્યોત્સ્નાનો મણિમય-પ્રીતિપંથ દીપશે."

# કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ.

**માનાધિકારી ઉપદેશક મોતીચંદ પાનાચંદનો પ્રવાસ**—જામનગરમાં તા. ૨૪ જૂનના રોજ તથા ડબાસંગમાં, એક પ્રસંગ કે જેને લીધે ૧૨૦૦૦ માણસ ભેગું થયું હતું, તેમની સમક્ષ તા. ૩૦ જૂનના રોજ ભાષણ આપ્યું. કાંઈ ઠરાવો થયા નથી.

**માનાધિકારી ઉપદેશક મણિલાલ રતનચંદનો પ્રવાસ**—પાલણપુરમાં તેમના પ્રયાસથી શ્રાવિકાશાળા ખોલાઈ છે. શા. જીવા ભિખાની વિધવા મેનાબાઈ વગર પગારે કામ કરે છે.

આશરે ૬૦ સ્ત્રીઓ પાસે તેમણે નીચે પ્રમાણે ઠરાવો કરાવ્યા છે:—

૧ ઋતુવાળી સ્ત્રીએ સમૂહમાં જમવા જવું નહિ.

૨ ગુંદાના ઠળીઆપર સેલી નાખવી.

૩ રસોડામાં ચંદરવા બાંધવા.

ત્યાં જૈનબાઈઓનો એકત્ર મેલાવડો કરીને 'સ્ત્રી સુધારો"એ વિષય ઉપર તા. ૯-૬-૦૭ ના રોજે ભાષણ આપેલ. તે વખતે ત્યાંની આગેવાન અને ગ્રહસ્થ કુટુંબની આશરે સોએક બાઈઓની સંખ્યા હતી. તે વખતે કુટવાનો ઘણોજ નુકશાનકારક, ધર્મથી પણ વિરૂદ્ધ એવો નીચ રીવાજ છોડવાને બાઈઓને ભાષણ દ્વારાએ બહુજ આગ્રહ કર્યો તે ઉપરથી આશરે સાઠેક બાઈઓએ નીચે મુજબની સરતથી બાધા લીધી છે.

૧ મરણ પ્રસંગે કુટવાના ચાલતા રીવાજ વિરૂદ્ધ થયેલ ઠરાવો.

૧ મરણ થાય તે દીવસ.

૨ બહારના ઘાડા સગાનો સાથ આવે તે દીવસ.

૩ સાડલો નાખે તે દીવસ.

આવી રીતે ત્રણ દીવસ સિવાય માસ ૧ ની મહોટી દશ તિથિઓએ મરનારને ત્યાં દિલાસો આપવા જવું પણ તે પ્રસંગે રોવું અથવા કુટવું નહિ, જે

અત્યાર સુધી માસ ૧ માં પાંચ તિથિઓ પાળવામા આવતું હતું. બહારગામ કાણે જવું થાય ત્યારે ત્યાંના રીવાજે વર્તવાની છુટ છે.

૨ બાઇઓને એવો આગ્રહ કરવામાં આવ્યો કે જ્યારે કોઇ બાઇ વિધવા થાય છે ત્યારે માસ બાર લગી (એટલે સાડલો નાંખે ત્યાંસુધી) દેરાસરજીમાં શ્રી પરમાત્માના દર્શન કરવા જતા નથી તે ઘણોજ ખરાબ રીવાજ છે અને બહાર દેશાવર ભગવાનના દર્શન કરવાનો રીવાજ હમેશનો ચાલુ છે તે ઉપરથી નીચે મુજબનો ઠરાવ થયો.

જે જે બાઇઓ ખુણામાં હોય તે બાઇઓએ દેવદર્શન કરવાને હમેશ જવુ અને તેવી બાઇઓની કોઇએ નિંદા કરવી નહી. અને દેવદર્શન કરવા જવાને માટે હમેશ ઉપદેશ આપતા રહેવું. તેવો ઠરાવ સર્વાનુમતે પસાર થયેલ છે. આ બાબતની દરેકને બાધા આપવામાં આવેલ છે.

**મી. અમરચંદ પરમારનો પ્રયાસ—શ્રી વડનગરનું** પંચ મહાજન પ્રમુખ સાહેબ શેઠ ફતેહચંદ સાંકળચંદના અધ્યક્ષપણા નીચે સં. ૧૯૬૩ ના પ્રથમ ચૈત્ર વદ ૫ ના દિને રાતના ૯ વાગે શા. નગીનદાસ જેઠાભાઇના ડેલામાં મળ્યું હતું.

મી. અમરચંદ પી. પરમારે કોન્ફરન્સના ઠરાવો અમલમાં લાવવા બાબત કેટલુંક વિવેચન કર્યું તે ઉપરથી નીચે મુજબ ઠરાવો એકે મતે કરવામાં આવ્યા.

૧ ઘરડા બુઢાના મરણ પાછળ એકવીશ દિવસ સુધી રોવું અને જુવાનના મરણ પાછળ બે મહિના પુરા થયા પછી રોવું બંધ કરી દેવું. આ બાબત ખુણાની બાયડી માટેજ લાગુ પડે છે. તે છતાં કોઇ રૂવે તો રૂ ૧। ખોડા ઢોરના ફંડમાં આપે.

૨ બને ત્યાંસુધી જૈન વિધિથી લગ્ન કરાવવાં. શ્રીમાળી બ્રાહ્મણો તેમજ ભોજકો એ વિધિ શીખે તે માટે એ વિધિ શીખીને પરીક્ષા આપી પાસ થાય તેને રૂ. ૫) ઇનામ અને સરટીફીકેટ આપવું કોઇ શ્રાવકનો છોકરો શીખીને પરીક્ષા આપી પાસ થાય તેને માત્ર સરટીફીકેટ આપવું.

૩ લગ્નમાં કોઇએ દારૂખાનું ફોડવું નહી. વરઘોડો રાતના ચઢાવવો નહી. જે કોઇ રાતના વરઘોડો ચઢાવે અથવા વર ચઢાવવા વિગેરેની વખતે દારૂખાનું ફોડશે તો મહાજન રૂ. ૧। દંડ લઇ ખોડા ઢોરના ફંડમાં આપશે. બહાર ગામની જાન આવે તેને દારૂખાનું નહી ફોડવા બાબતની સૂચના કરવી.

૪ કચકડાની ચીજો વાપરવી નહી, પીંછાની ટોપી પહેરવી નહી, કપડાના પુંઠાના ચોપડા વાપરવા.

૫ દેવસ્થાનમાં દેશી (કાશ્મીરી) કેસર વાપરવું.

**ગામ વીસનગર** દશાપોરવાડ જૈન વાણીઆની ન્યાતના ભાઇઓએ એકઠા થઇ ઉપાશ્રયમાં પન્યાસજી શ્રી ગુલાબવિજયજી મહારાજની સમક્ષ મી. અમરચંદ પી. પરમારે કેટલીએક સૂચનાઓ કરવા ઉપરથી નીચે પ્રમાણે ઠરાવો એકે મતે કર્યા છે.

(૧) મૃત્યુ પાછળ સૂતક કાઢવા માટે પૂરા ત્રણ દિવસ અને રાત્રિ પૂરી થયા પછી એટલે શાસ્ત્રાધારે પૂરેપૂરા ચોવીશ પહોર વીતી ગયા પછીજ સૂતક કાઢવું.

(૨) માત્ર ઘરના આંગણાં આગળજ કુટવું. કુટતાં કુટતાં આંગણાંથી આગળ જવું નહી.

(૩) ન્યાતમાં કોઈનું મરણ થાય, ત્યારે તે મરણની ખબર આખી ન્યાતમાં માણસ મોકલી કહેવડાવવી. ન્યાતમાંથી ઘર દીઠ એક માણસે ડાઘુમાં જવું અને જો નહી જાય તો તેણે ખોડા ઢોરમાં ०)= આપવા અને તે ધણી ०)= ખોડા ઢોરમાં મોકલી નહી આપે અને ઉઘરાણી કરાવે તો રૂ. ०ー। લેવા. ઉઘરાણી કરતાં પણ નહી આપે અને ન્યાતમાં એ સવાલ રજુ થાય તો રૂ. ૧।) વસુલ લઈ ખોડા ઢોરમાં મોકલી આપવો.

## मुराणा हीरालाल डिप्टी ईंसपेक्टर श्री जैन श्वेताम्बर कोन्फरन्स राजपूतानाका प्रयास.

ब्रेंच ओफिस अजमेरसे मेरा आना पाडीव राज्य सिरोहीमें हुआ, यहां पर निम्न लिखित गांवोके मुखिया स्थान भवनेश्वर महादेव जो यहांसे एक माईलके फासिले पर जंगलमें है इकठे हुए.

(१) पावडी. (२) कालंद्री. (३) जवाल. (४) बलोट.
(५) देलंदर. (६) मंडवाडिया. (७) बरारा. (८) मनोरा
(९) भुनगाम. (१०) जामोतरा. (११) सतापुरा. (१२) डड.
(१३) मंडवाडा. (१४) गोयल. (१५) खाम्बल. (१६) डुडुवा.
(१७) बावरी. (१८) सिंदरत. (१९) धाणतु. आदि.

असाढ शुक्ला १० से १५ तक प्रफुल्लित और आनंद उछाहके साथ सब महाशयोंके दिल चढते प्रमाणोंकी तर्फ रजू रहें, बिबिध प्रसंगो पर भाषण होते रहें. इस मोकेपर गोविंदसिंहजी डांगी जो सिरोहीमें देवकी दुकान पर मुनीम हैं वोहभी शामिल जलसा होकर कन्या बिक्रय निषेध पर छटादार भाषण दिया. जिसका अनुमोदन मिस्टर हरिलालजी जैसिंह खेताणी ओडिट ईन्सपेकटर जो ईस मौके मेरी बिनती पर पधार कर परम उपकार किया. बिनतिपत्र सब श्रीमानोंको कान्फरन्सकी तर्फसे बांटे गये. और कान्फरन्सके प्रस्तावोंपर अमल करनेके विषय मैंने अपनीं अमुल्य बुद्धिके अनुसार निवेदन किया. जो २ ठहराव ईन श्रीमानोंने किये वह ईस प्रथम मौकेपर प्रसंशा योग्य हैं, कितनेक ठहराव निम्न लिखित पास हुये.

(१) कान्फरन्सकी तर्फसे जो रू. ०। शुक्रत भंडारकी योजना चल रहीहै ईन महाशयोंने प्रति रू. ०।) संवत्सरीके दिन उधरावणी करके अपने २७ गांवोंके पोरवाल समुदाय जो जो ७०० घरोंकी अनुमान संख्यामें है वसूल कर कान्फरन्स ब्रेंच ओफिसमें भेजने या अपने यहां ईसका उपयोग करनेका हर्षके साथ प्रति बर्ष कबूल किया.

(२) कन्या बिक्रय जो यहांपर छे. २ हजारतो एक आमरूल है परंतु १५०००) तककी नौबत पहुंची है. ईन महाशयोंने थोडीसी संख्यापर ईस ठरावको पास किया जो के बिलकुल बंदके सदृशही है, आशाहै कि आयंदे बिलकुल बंद हो जायगा.

(३) चिलम पीनेकी जो प्रथा आजकल बहु तायतसे है अभक्ष सेवन वाली कौमोंके सामिल नहीं पीना.

(४) शादी नुकताके समय जो भोजन रांधा जाता है वह दूसरे दिन तीसरे दिन तक बापरते हैं सो बासीका बिल्कुल त्यागही कीया गया.

(५) लड़कियोंकी शादी विवाहके समय जो पंचाउ लागां लेतेथे जो के यह विषय कन्या बिक्रयको उत्तेजन देने वालाथा बंध कीया गया.

(६) बिवाहके समय याचकोंको त्याग बांधते हैं और वह पैसा फीर श्रावक लोग बापरतेथे सो बंध कीया गया.

(७) मरने समय रात्रीको रूदन करना नहीं, बासी पला यानी पिछली रात्रीको स्त्रीयां रोती हैं शोक अधिक रखना नहीं, यह सब कितेई बंध कीया गया.

(८) मंदिर खातों और पंचाउ खातोंका हिसाब जुदा रखना और मंदिरका हिसाब ठीक रखना और कान्फरन्सकी तर्फसे ईन्सपेकटर तसदीक करनेको आवें तो बता देना.

(९) परदेसी मेदा, मैणबती, साबण, परोंकी टोपियां, मोरस खांड और परदेशी केसर बंध ढ्ढ्ढा छाप केसर बापरनेका ठहराव कीया.

(१०) रजस्वला स्त्री गृह कार्यमें प्रवृत्त न होवे ४ दिवस तक एकांत स्थलमें रहे.

(११) मरने पर दुख बंटानेके लिये (जीसको मोकाण कहते हैं) जाते हैं और घी खीचड़ी खाकर आनंद मनाते हैं सैंकडोका धुंवाडा उड़ाते हैं सो बंध कीया गया.

(१२) कीतनीक स्त्रीयां जो व्याखान समयमें उपस्थितथीं विवाह आदि हर बातमें अपशब्द गीत गालको नापसंद कीया.

(१३) विवाह में आतशबाजी, गणिकाका नाच बंध कीया गया.

(१४) वृद्ध लग्न और बाल लग्न पर उपयोग करना.

(१५) मरनेपर ओसर कीया जाताहै सो बंध किया गया, उसकी अवेजमें मीठाईकी हांति फेरनी.

# मुनि विहार तथा कान्फरन्ससें लाभ.

यह देखकर अति खेदित होना पडता हैके मालवा–मेवाड प्रान्तकी स्थिति धार्मिक विषयमें अति निर्बल है अगर उपदेशक भेजकर ईनकों शिक्षाभी दि जायतो एक बड़े वक्तकी जरूरत है. ईससे सहल यही मालुम होता है के हमारे परमपुज्य मुनिराजाओंसे व साध्वीयोंसे प्रार्थना किजाय के अन्य तरफ न पधारकर विशेषकर मालवा–मेवाडमे पधारकर उपदेश देवें के जीससे हमारे जैन बन्धुओंकी स्थिति ठीक हो जाय. साध्वीयोंके उपदेशसे स्त्री वर्गकों ज्यादा लाभ पहुचना संभव हे देखिये हालहींमें हमारे परमपुज्य मुनिमहाराजश्री १००८ **श्री राज्यविज्यजी** महाराजके विहारसे कैसा लाभ हुवा वो जैन बन्धुओंके हितार्थ प्रकाशित कर कर उक्त मुनिश्रीकों अंतःकरणसे धन्यवाद देतेंहैं के जिनकी कृपासें यह शुभ कार्य हुआ.

मनासा (होलकर राज्य) के पास एक उदयपुर राज्यका बावजी कापिपल्या नामक ग्राम है वहांके सर्वाधिकारी श्रीयुक्त रावतजी श्री जीवणसींहजी साहब हैं, वहां उक्त मुनिश्रीका पधारना हुवा; श्रावकोंने आपका उपदेश सुनकर मंदिरजीका जीर्णोध्धार करवाया और कलस ध्वजा दंडादी चढ़ानेका मुहुर्त अषाढ कृष्ण २ का निमित कर सर्व जैन बन्धुओंकों आमंत्रण पत्र भेजा. उक्त समयपर सर्व जैनबन्धु जो दुर दुरसे जैसे प्रतापगढ, नीमच, जावद, निम्बाहेड़ा, कुकडेश्वरादिसे (करिब ६००--७००) पधारेथे. एकत्रीत होनेपर बडे समारोहके साथ उत्सव किया गया. आमदानी करिब ५९०) की हुई, वर्णन कहांतक किया जाय, ढंग निरालाहीथा. ज्यादा खुशी ईस बातकी थी के **श्रीयुक्त रावतजी साहबने सपरिवार पधारकर जैन संघकों** सुशोभित कीयाथा. उक्त जलसेका प्रबन्ध वहांके उदयपुर निवासी मिस्टर कन्हैयालालजी साहेब कामदारका प्रसंशनिय था. उस दिन सायंकालको रथ यात्राका जलुस बेन्ड, बाजा वाजींत्रादि सरकारि कोतलनकोर निशानसे सुशोभीत होता हुवा श्री युकत रावतजी साहबके महलोंमे गया स्थान बहुतही रमणीक है. उसी दिन रातकों सभा करना निश्चय हुवा.

स्थान महलमें श्रीयुक्त रावतजी साहबके प्रमुखपणेमें एक बडी सभा की गइ जीसमे सुधारे सम्बन्धी जैन सिलावट छबाजी नीमच नीवासीने वाजींत्र द्वारा गायन कीया.

१ गांधी देवराजी साहब प्रतापगढ–मालवा नीवासीने विद्या प्रचारके विषयमें जोशिला भाषण दिया.

२ धीया लक्ष्मीचन्दजी साहब प्राविन्शीयल सेक्रेटरी श्री जैन श्वेताम्बर कान्फरन्सने धार्मिक तथा व्यावहारिक सुधारेके विषयमें बडा उत्साहभरा जोरदार व्याख्यान दीया और कान्फरन्सके ठहराव भाषणद्वारा प्रकट कीये, यह सुनकर सर्व सज्जन

कान्फरन्सकी जय करने लगे. जब आपने प्रान्तिक कान्फरन्स भरनेके लिये कहा तो सर्व महाशयोंने आन्तरिक हृदयसे सहानुभुती प्रकाशित की और आपको अग्रसर होनेके लिये आग्रह कीया.

३　बन्डी गुमानजीने श्रीयुक्त रावत साहब व सर्व जैन संघको धन्यवाद दीया.

उसदिन अनुमान २००० स्त्री पुरूष एकत्रित थे. सभा विसर्जन हुई.

दुसरे दिन रथ पिछा जलुस सहीत मंदिरजीमें पहुंचाया गया. उसी दीनभी शोभाका रंग चमकिला था.

तीसरे दिन उक्त मुनिश्रीके उपदेशसे वहांके श्रावकोंने निम्न लिखित प्रतिज्ञा की.

१　मंदिरजी गये बिगेर भोजन नहीं करेंगें.

२　मंदिरजीमें ढुंढिये साधु उतरते थे सो अब नहीं उतरेंगें.

३　देवद्रव्यका हीसाब जुदा रखेंगें.

४　और जो जो असातना मंदिरमें होतीथीं अब नहीं होने देंगें.

ईसही तरह कुछ समय हुवा उक्त मुनिश्रीके उपदेशसे मनासामें ध्वजा दंडादी प्रतिष्ठाका महोत्सव अच्छी तरह हुवाथा जीसमें ईन्दोर राजयके २२ मेलके सुबे साहबश्री हीरालालजी कोठारीने ईमदाद देकर अच्छा उत्साह दिखलायाथा. ईसहीसे मेरी समझमें ईस तरफ मुनिराजोंका पधारना अवश्यकिय और लाभजनक है.

आशाहै के मुनिमहाराज पन्यासजी श्री सिद्धिविजयजी व मुनिमहाराज श्रीअमीविजयजी जीनके चतुर्मासके लिये रतलाम और बडनगरके श्रावकोंने विनंती कीहै. बाद चतुर्मासेके मेरी प्रार्थनापर अवश्य गोर फरमावेंगें. ईत्यलाम्.

शाह **रतनलाल सीपाणी.**

मु० जावद मालवा.

# जोधपुर राज्य तर्फसे मळेला परवाना.

मारवाडकी डायरेक्टरीके अनुभवसे विदित हुआके मारवाड प्रांतके मंदिरोंका हिसाब खाता दुरूस्त नहीं, और हमारे भाई देव द्रव्यसे दुषित होनेकी वजहसे कई तराहकी असातनामें देव मंदिरोंमें पुजनादि प्रबन्ध या बिना देखरेख विरान और दुसरोंके कबजेमें और मरमत तलब आदि हैं. कई अर्से तक विचारास करते हुवे हमारे कोन्फरन्सके उत्पादक नररत्न मिस्टर **गुलाबचन्दजी साहेब ढढ्ढा** व हमारे परम पुज्यनीय धर्मिष्ट **शेठ वीरचंद दीपचंद** साहेब सी. आई. ई. जनरल सेक्रेटरी श्री जैन श्वेताम्बर कान्फरन्सकी सहायता और मेरे परम मित्र स्वधर्मी बन्धु

कांसटीया धनराजजी साहेबकी सम्मति द्वारा आबु, जोधपुर आदि स्थानोंमें सुत्र असर कौन्सीलमें मतलब सिद्ध हुआ जिसका नतीजा निम्न लिखित कार्यवाहीसे विदित होगा.

नं. ३६०९

**नकल प्रचामहकमें खास.**

दफतर अंग्रेजी.

महको० खास० श्री० दरबार० राज मारवाड अजप्रवाना बनाम हाकिमान प्रगने जात ईलाके मारवाड—तथा जैन कान्फरन्स बम्बई. मारवाडके मंदिरोंकी मरमत और मंदिरोंके हिसाब जांचकी दुरस्ती कराना चाहते हैं. इस कामके लिये सुरांणा हीरालाल व कांस्टिया धनराज मुकरीर हैं. ईसलिये तुमको लिखा जाताहैं कि ईस काममें मुनासब मदद सुरांणा हीरालाल व धनराजको देकर हीसाबकी जांच प्रताल करादो. फकत ता० २८ जुन सन १९०७ ई.

(Sd). **राव बाहदर पंडित सुखदेव प्रसादजी हब**

बी. ए.; सी. आई ई. सीनीयर मम्बर महकों आलिया

**खास राज मारवाड जोधपुर.**

जोधपुरसे यह रूका हांसिल कर वरकाणे पार्श्वनाथजीके मंदिरका हिसाबका काम जो बिजोवेके श्री संघके हाथमें है वहांपर ओडिट खाताके ईन्सपेकटर हारिलालजी खेताणी जो वहां एक महिनेसे हेरान हो रहे हैं, पंचोने सीवाय लेएत लालीके कुछभी कार्यवाही हिसाब तपासनी खातेमें मदद नही दीये ईसलिये हाकिम साहेब बालीसे रीपोर्ट द्वारा निम्न लिखित प्रवाने जारी कराये गये.

**नकल परवाना हकुमत बाली गोड़वाड.**

**श्रीजी सत्य छे.**

मोहोर.

**भंडारीजी श्री सुरजचंदजी साहेब हाकीम हकुमत बाली.**

लिखावतं बाजे गांवांरा जागीरदारांस कामदारों भोमीयां चारणा बिरामणां हवालदारों महाजनों चोधरीयां लोकों समस्तों दिसे तथा बम्बई जैन श्वेताम्बर कोन्फरन्स मारवाडके जैन मंदिरोंकी मरमत और हिसाबकी जांचप्रताल वो दुरूस्ती कराना चहाती है और यह काम मदद देकर करादेनेके बाबत हीरालालजी ईन्सपेक्टर कोन्फरन्स राजपुतानाने प्रचामहको आलिया खास ता० २८ जुन सनहाल लंबरी ३६०९ का बजरीये रीपोर्ट पेश किया. ईस लिये लिखा जाता

है कि जैन कोन्फरन्सके ईन्सपेक्टर तथा अहलकार आवे जिनको जैन मंदिरोंके भंडारका नामा लेखा दुरस्त कराके जांचप्रताल करा देवो और रात रहवे जठे चोकी पहराका बंदोबस्त करा देवो और सरस्ता मुजब कीरायासाटे सवारीरो बन्दोबस्त करादो ईणमें गलती राखसो नहीं फकत ता० ९ जुलाय सन १९०७ मुताबिक मिती आसोज वद १० समत १९६३ रा दा०

(Sd). **भंडारी सुरजचंदजी.**

हाकिम बाली.

**नकल प्रवाना हकुमतबाली नम्बर. २**

**श्रीजी सत्य छै.**

**अज हकुमतबाली गोडवाड व ईजलास भंडारीजीश्री-सुरजचंदजी साहब हाकिम साहैब हकुमत बाली ता० ५ जोलाई सन १९०७ मुताबिक मिती असाढ वद १०. ६३ रा**

| मोहोर. |
|---|

बरायईतला थांनेदारान पोलिस व हवालदारान हवाला वो कामदारान ताजीमी ठीकाणे जातको तहरीर कीया जाताहै के बम्बई जैन श्वेताम्बर कोन्फरन्स से मारवाडके जैन मंदिरोंकी मरामत व हीसाबकी जांचप्रताल वो दुरूस्तीका कराना चाहते हैं और यह काम मदद देकर करादेनेके बाबत हीरालालजी ईन्सपेक्टर कोन्फरन्स राजपुतानाने प्रचा महको आलीया खास ता० २८ जुन सन हाल नम्बरी ३६०५ का बजरीये रीपोर्ट पेश कीया ईस लिये लिखा जाताहैं कि जैन कोन्फरन्सके ईन्सपेक्टर तथा अहलकार आवे जिनको मदद देकर जैन मंदिरोंके भंडारके नावां लेखाकी दुरुस्ती कराके जांचप्रताल करा देवो, और मरमतके बारेमेंभी मदद देसो, और रातरेवे जठे चोकी पोहोरारो बन्दोबस्त कराय देसो. ने कीराया साटे सवारीरो बन्दोबस्त कराय सरस्ता मुजब कीरायो दिराय देसो ईणमे गफलत राखसो नही. फक्त.

(Sd). **भंडारी सुरजचन्दजी हाकिम बाली.**

ईभ कार्यवाहीके बाद प्रथम बिजोवा श्री संघको ईकठा कर मुनिमहाराजश्री जैन धर्मोपदेष्टा कोन्फरन्सके प्रेमी कमलमुनिजीके सम्मुख खानगी तोरसे समझास की गई जिसका संक्षिप्त खुलासा.

मेरे प्यारे स्वामी भाईओ--हम तमाम श्वेताम्बर जैन श्रीदर्बार मारवाड व उनके कार्य कर्ता मंत्री पंडित सुखदेव प्रसादजी साहैब सीनीयर मेम्बर महकोखासके ते दिलसे ममनुन बलके मशकुर हैं. जिनकी मुनसफ मिजाजीने हमारे श्री जैन श्वेताम्बर कोन्फरन्सके उत्तम प्रस्ताओंकी कदर करके हरवक्त नेक काममें मदद फरमाते हैं. एक उत्तम हिस्सा डायरेक्टरीका जिनकी ईमदादसे भली प्रकार ईखतताम हो चुकाहै. अब मंदिरोंके हिसाबकी प्रताल और उनकी दुरस्ती सुधारे वधारेके काममे पुरे तोरसे मदद फर्माकर तमाम मारवाडके मंदिरोंकी आसातना मिटानेके लिये अपनी सब मातहत हकुमतोंको ईस नेक काममे मदद देनेका हुकम जारी फर्मा है. यह उनका बडापन गोया हमको शरमींदा होना है क्योंकि यहकाम हमारे घरका है. जिस्को हम सब जैन बान्धवोंके मिलकर संपके साथ करनेका है. देखिये मारवाडके अंदर हमारे बहुतसे मंदिर हैं. चन्द उनमेंसे हमारे जमाने हालके जैन समुदायकी बे संभालसे वो खराब हालतमें है. जिनका मरमत यानी जिर्णोद्धार कराना निहायत ज़रुरी है.

देखिये मित्रवर्गो हमारे बडेरे धर्ममें कैसे प्रवीण थे, जिन्होंने लाखोंही नही बलके करोडों रुपीया खर्च करके अैसे उत्तम जिनालय बनवाये. जै रानकपुर यदि ईस समय हमारी जैन सोसाईटी कुल मिलके हिम्मत बढावे तोभी ईस तरहका आलीशान ईमारतका बनना निहायत कठिन है.

खराब जमानेके आनेसे मंदिरका धन जो मंदिरको लगाना चाहीये, उसकी सूत्राधार मरजादा माफिक उपयोग न लेनेसे चद स्थानोंमे वह रुपीया खानगी बरताव खर्चमेंभी देखनेमें आता है, यही कार्ण हमारी दुस्दशाका समझमें आवे तो क्या आश्चर्य है. देखिये सज्जनो ध्यान खिंचीये कि हम उन्हीं बडेरोंकी सन्तान के जो हमारे लिये वरास्त छोड गये, हम उनको भलीभातीं न संभालेंगे तो क्या हमारी सपुती जाहर हो सकेगी ?

प्रियवरो बहुतसी पुरानी प्रतीमाए भोंयरोंके अंदर अपुजही बीराजमान हैं. हमारे जैन समुदायोंका प्रथम कर्तव्य हैं कि जो हमारे पुराने पवित्र स्थान हैं उनको कायम रखना, क्योंकि यह हमारे बडेरोंकी धर्म लागणी और प्राचीनताका हमेशांके लीये एक शहादती सबुत है. हमारी लगातार बम्बाई, बरोडा, पाटन, अहमदाबादकी कोन्फरन्सोंमें ईस कामको एक मुख्य समझा है कि मंदिरोंके हिसाबकी हालतको देखना, उनके प्रबन्धका अच्छा रस्ता और वर्तमान दशाकी हालत जार पर विचारना कि फलां स्थानमें कितना रुपीया जीर्णोद्धारमें चाहींये, और जितना धन उन्ही स्थानोंमेंसे निकाल उन्हींके सद उपयोगमें लाया जा सके, ईन सब बातोंका विचारांस हो चुका है. मगर अफसोस के कितनेक जमाने माजीयाके हमारे भोले भाई अैसेहैं जो उमदा कामोंकी मदद समझे बिन अैसे कामोंके अंदर बाधा डालते हैं. और मेरे पीयारे भा-

ईओ बीना दिलसे ईन कामोंमें शामिल हुवे बिना, अपने खास खास मतलबके बस होकर अैसे धर्म कार्यमें बाधा डाल देते हैं. बस हमको हमारी कोन्फरन्स सभा ताके बचनोंको अनुकर्ण करके अखंड कीर्ति गामी बननेकी डीगरी हांसल करना चाहीये. कहाहै कि ( खारा बोली मा-वडी ने मीठा बोला लोग ).

ईस समझासके बाद सबपंचोने मेरी ईस दरखास्तको स्वीकार कीया और निम्न लिखित दस्तावीज लिखदीया.

( नकल दस्तावीज पंचान बिंजोवा ).

आज ता० ८ जोलाय सन हाल मुताबिक मिती असाढ बद १२ समत १९६३ रा को मोजे बिंजोबकि जैन धर्मसालामें मोजे मझकुरके पंचान श्रीसंघ समस्थकी हाजरीमें बाबत हीसाब मंदिर श्री वरकाणा पार्श्वनाथजीके दुरुस्तीके लीये बतोर खानगी राजपुताना ईन्सपेक्टर सुराणा हीरालालजी वो ओडिटर ईन्सपेक्टर खेताणी हरीलालजी धर्मकी सेर्वाके मुताबिक ईस कामको ठीक तोरसे नहीं रखनेकी आसातनाए जाहेर की, जीसको तमाम पंचानने मंजुर कर हीसाबकी दुरस्ती लिये वो जांच भंडारके लीये अपनी रजामंदि जाहर कर, अपनी तर्फसे पंचो-मेंसें के जिनके जुमें ईस वरकाणाजीके मंदिरजीका मोजुद जमों खर्च रहता चला आयाहै, याने मुसमी गुलाबचंदजी कपुरचंदजीराने जाहेर कीयाके ईस नांवेके काममें जिस कदरके मुझको वाकफी हैं में आपनी रजामंदीसे दुरस्त करादुंगा. बनाजी बुंभाजीरानेभी बमुताबिक बयान गुला-बचंदजीके मंजुर कीया. छजाजी मोतीजीरा बनाजीके बयानकी ताईदकी. तिलोकचंदजी गाडुजी-राने बयान कीयाके मेरा दादा पंचायतीका काम करतेथे जिस्की मुझको वाकफी होवेगी सो और ईस नांवेकी तपासमें मेंभी सामिल रहकर वहीयोके दस्तखत देखनेसे जाहर करुंगा के ये नांवा फलो फलां सखसोंके हाथसे हुवा, जिसमें मुझको वाकफी होवेगी वो बतलाउंगा, नहींतो में सा-मिल रहुंगा. और बाकी सब पंचान महाजनानने जो ईस मोजुदा वकतमें हाजिर हैं जाहर कि-याके नांवा तपासनेका काम शुरु कीया जावे हम सब लोग ईसमें रजामंद है. और जो कुछ वाकफी हमको होवेगी हम खुद हाजिर रहकर या बुलाने पर सही सही हाल बयान कर देंगे यह तहरीर हम रजामंदीसे तसलीम और तसदीक करते हैं. ता० सन सदर.

ईस मुजबके दस्तावीज कराके खास मुखियोंके दस्कत हो गये. काम हीसाब तपासीका शुरु कराया गया.

ली० हीरालाल

जैन श्वे० डायरेक्टरी ईन्सपेक्टर राजपुताना.

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

## જીલ્લે વડોદરા તાબે ગામ ડભોઇ મધ્યે આવેલા શ્રી ધર્મનાથજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીનો સંવત ૧૯૫૯થી તે સંવત ૧૯૬૨ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં નામું રીતસર નહિ રાખી હીસાબ ચોખી રીતે રાખવામાં આવ્યો નથી. જેથી બહુજ દીલગીરી ઉપજે છે વળી વિશેષ દીલગીરી ઉપજવાનું કારણ એ છે કે અત્રે ભગવાનની પૂજા તથા અંગ લુસણુ પણ બરોબર થતું નથી. અમો પૂજા કરવા ગયા ત્યારે ભગવાનના અંગ ઉપરથી વાલ વાલ શેવળ કાઢી શ્રાવકના હાથમાં આપીને કહ્યું કે તમે આવું ધ્યાન આપો છો તે સારૂં નહિ તો કહેછે જે એવું એવું કરીએ છીએ તેટલું સારૂં છે. આવા શબ્દ સાંભળી દરેક જૈનીને દીલગીરી ઉપન્યા સિવાય રહેશે નહિ.

અમોએ હીસાબ તપાસી દાગીના નજરે જોઇ નોંધી લીધા છે. પણ રોકડ સીલીક પુરાંતના રૂ. ૭૧)=ાાા બાકી નીકળેલા તેમાં આજદિન સુધીના વધીને રૂ. ૧૦૦) ના આશરે નીકળે તે અમોને બતાવવામાં આવ્યા નથી તેનું શું કારણ હશે તે કાંઇ સમજી શકયા નથી. માટે અમો આ ઉપરની સરવે બીના ઉપર લાગતા વળગતાનું ધ્યાન ખેંચીએ છીએ કે તે પ્રમાણે આ દેહેરાસરજીની બાબતમાં ધ્યાન આપી ભગવાનની થતી અશાતના દુર કરવા પ્રયત્ન કરવો તથા પાછળના નામા વીગેરેની બાબતમાં ચોખવટ કરવી.

## જીલ્લે ખેડા ત.બે ગામ કાસંદરા મધ્યે આવેલા શ્રી આદીશ્વરજી મહારાજના દેહેરાસરજીનો વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા નરોતમદાસ નરભેરામ, શા ચુનીલાલ લલુભાઇ તથા શા શિવલાલ દીપચંદના હસ્તકનો સંવત ૧૯૫૯ થી તે સંવત ૧૯૬૩ ના ચૈત્ર શુદ ૮ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. કારણ વહીવટનું સઘળું એક સાથે હોવાથી ઉપર જણાવેલી તારીખનું જોવાની ફરજ પડી છે. તે જોતાં નામું રીતસર રાખવામાં આવ્યું નથી. પણ હીસાબ નીખાલસ મનથી ચોખો રાખવામાં આવ્યો છે. તથા શ્રાવકો જેમ બને તેમ દેવદ્રવ્યથી અલગ રહે છે, તે બહુ ખુશી થવા જેવું છે.

મજકુર વહીવટમાં કેટલોએક સુધારો વધારો કરવા જેવો છે તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

## જીલ્લે કાઠીયાવાડ મધ્યેના ગામ સાયલા મધ્યે આવેલી શ્રી પાંજરાપોળના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી મહાજનની કમીટી તરફથી વહીવટ કર્તા શા જીવરાજ લવજીના હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૨ ના આસો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું સાદી રીતે રાખી કોઇ સાલનું સરવૈયું મેળવેલ નથી, પણ વહીવટની પુરેપુરી દેખરેખ રાખી વહીવટ સારી રીતે ચલાવેલો દેખાય છે.

આ ખાતામાં ઉપજ કરતાં ખરચ વધારે થાય છે માટે વહીવટ કર્તા ગ્રહસ્થોને ઉપજ વધારવાના ઇલાજો લેવાની ખાસ જરૂર છે.

આ ખાતાના અંગે દેવું વધી જવા ધાસ્તી હતી પણ ખુદાવીંદ દયાળુ ઠાકોર સાહેબની મદદથી લેણું વસુલ કરવાથી દેવું વધવા પામ્યું નથી તેથી ઠાકોર સાહેબને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતામાં સારા બંદોબસ્તને લીધે જાનવરોની સ્થિતિ ઘણી સારી જોવામાં આવેછે માટે મહાજનની કમીટીને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે જે ખામી દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા કમીટીને આપવામાં આવેલ છે તે ઉપર પુરેપુરૂં ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે કાઠીયાવાડ મધ્યેના ગામ સાયલા મધ્યે આવેલી શ્રી જૈન પાઠશાળાનો રીપેર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા જૈન શાળાના માસ્તર શા શિવલાલ તલકસી હસ્તકનો સંવત ૧૯૬૦ ના શ્રાવણ સુદ ૨ જૈનશાળાનું શા ગોવિંદજી મકનભાઇ વઢવાણવાળા હસ્તક સ્થાપન નવેસરથી થયું ત્યારથી તે સંવત ૧૯૬૨ ના આસો વદ ०)) સુધીનો હીસાબ અમે તપાસ્યો તે જોતાં વહીવટનું નામું બરાબર એક ખાતે રાખેલ છે.

સદરહુ માસ્તર સિવાય વહીવટની તથા ખાતાની કોઇપણ દેખરેખ રાખના જોવામાં આવતા નથી. તેમ જૈનશાળા માટેની લાગણી પણ ઓછી જોવામાં આવે છે. માટે શાળા અધમ સ્થિતિ ઉપર આવતી જાય છે. પ્રથમ આ શાળા સંવત ૧૯૫૫ માં ખોલવામાં આવેલ પણ કોઇ કારણસર બંધ પડેલ પણ પાછી સંવત ૧૯૬૦ માં શા ગોવિંદજી મકનભાઇએ પોતાના તરફથી તથા બીજા ગ્રહસ્થો તરફથી વાર્ષિક રૂ. ૭૫ ની પાંચ વરસ સુધીની મદદ આપી સ્થાપન કરેલ તે વખત અભ્યાસ લેનારની ૬૦ ની સંખ્યા હતી પણ હાલમાં માત્ર ૯ ની સંખ્યા છે તથા માસ્તરની કાળજી વિના બે વખત ચોરી થયેલ જોવામાં આવે છે.

સદરહુ શાળાની દેખરેખ રાખી સંગીન પાયા ઉપર લાવવા શ્રી સંઘ સમસ્તને એકત્ર કરી વીનંતી કરતાં કાંઇપણ સંઘ તરફથી બંદોબસ્ત કરી આપવા જણાવવામાં આવેલ નથી માટે દીલગીર થવા જેવું છે,

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા તથા સંઘ સમસ્તને આપેલ છે.

## જીલ્લે કાઠીઆવાડ મધ્યે ગામ ધાંધલપર મધ્યે આવેલી શ્રી પાંજરાપોળનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી મહાજન તરફથી વહીવટ કર્તા શા શિવલાલ ભાઇચંદ તથા શા થોભણદાસ મૂળજી તથા શા વલુચંદ ફૂલચંદ તથા શા ચતુર કાનજી તથા બગડીયા ચતુર્ભુજ નથુના હસ્તકનો સંવત ૧૯૫૯ કારતક શુદ ૧ થી તે સંવત ૧૯૬૩ ના ફાગણ વદી ૭ સુધીનો અમોએ હીસાબ તપાસ્યો. તે જોતાં વહીવટનું નામું એકંદર રીતે જુની રૂઢી મુજબ રાખી ખાતામાં ઉપજ કરતાં ખર્ચ વધારે હોવા છતાં વહીવટ કર્તાઓ પુરેપુરી દેખરેખ રાખે છે. તેથી તેમને ધન્યવાદ ઘટે છે. આ સંસ્થા મધ્ય પંચાલ દેશમાં આવેલી હોવાથી જાનવરોને ચરવા પડતર જમીન બોહોળી હોવાના લીધે એક વરસાદ થવાથી આખા કાઠીયાવાડ તથા ગુજરાત જીલ્લાના ઘણાક ભાગોમાંથી ભરવાડ તથા રબારી કોમ પોતાના બકરાં, ઘેટાં, ગાયો વિગેરે જાનવરો લઈ ફાગણ માસ સુધી આવી રહે છે. સદરહુ ભરવાડના ધર્મ ગુરૂ ભગત લાખા ભગવાન તરફથી

કુમળી વયના જાનવરોને રખડતાં નહી મુકવા બંદોબસ્ત થયેલ છતાં પણ એકાદ બે દીવસના જન્મેલાં ઘેટાં, બકરાંઓ મુકી ચાલ્યા જાય છે. તેથી એવા લઘુવયના જાનવરોની એક મોટી સંખ્યા એકત્ર થાય છે. જેને પુખ્ત ઉમરના કરી સાયલા, વીંછીઆ, બોટાદ વીગેરે પાંજરાપોળમાં મોકલવામાં આવે છે, પણ તે લોકો સંઘરતા નથી તેથી આ ખાતાનો ખર્ચ વધી જાય છે.

ગામના પ્રમાણમાં સદરહુ પાંજરાપોળ નાની ગણવામાં આવે છે. પણ અંદર ખાતે બોહોળા વિસ્તારવાળી છે માટે ઉપજ વધારવા ગામમાં બનતો પ્રયત્ન કરવા છતાં ગામની સ્થિતિ સાધારણ હોવાથી વધી શકતી નથી. તેમજ બાહાર ગામ જઇ મદદ મેળવવા જેવો બાહોશ માણસ કોઇપણ જોવામાં આવતો નથી તેથી દિન પ્રત્યે આ ખાતાના અંગે દેવું વધતું જતું જોવામાં આવે છે.

પાંજરાપોળનું મકાન પથરથી સારી બાંધણીનું પણ જીર્ણ થયેલ છે. આ સ્થળમાં પાંજરાપોળ રાખવાની ખાસ અગત્ય છે. માટે તેને સંગીન પાયા ઉપર લાવવા તજવીજ નહિ થાય તો તે ખાતું બંધ પડી જઇ હજારો જીવોની હાનિ થવાનો સંભવ છે. માટે હિંદુસ્થાનમાં વસ્તા દરેક જૈન બંધુઓને મારી નમ્ર વિનંતી છે કે બોહોળી જૈન વસ્તીવાળા ગામેની પાંજરાપોળને પુન્ય ઉપાર્જન કરવા જે મદદ કરવામાં આવે છે તેમ આવા સ્થળોની પાંજરાપોળોને મદદ કરવામાં આવે તો વિશેષ પુન્ય ઉપાર્જન કરી હજારો જીવોના પ્રાણ ઉગરશે. માટે દરેક જૈન બંધુએ આ ખાતાને પોતાની શક્તિ મુજબ મદદ આપશે તો થોડી મુદતમાં આ ખાતું સંગીન પાયા ઉપર આવી જશે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપવામાં આવેલ છે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લા કાઠીયાવાડ મધ્યે આવેલા ગામ થાનગઢ મધ્યેના શ્રી અજીત નાથજી મહારાજના દેહેરાસરજીનો રીપોર્ટ

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા મેહેતા કુંવરજી હંસરાજ તથા કોઠારી જીવરાજ બેહેચર તથા શા દેવરાજ શરગણ તથા શા પોપટ ટોકરસી હસ્તકનો સંવત ૧૯૫૯થી સંવત ૧૯૬૨ ના આશો વદી ૦)) સુધીનો હીસાબ અમે તપાસ્યો. તે જોતાં વહીવટનું નામુ એકંદર ખાતે ખતવી વહીવટની તેમજ ખાતાની પુરેપુરી દેખરેખ રાખી. જેમ જેમ ખામીઓ દેખાતી જાય છે તેમ તેમ તન મનથી સુધારો કરતા જોવામાં આવે છે, તે બહુ ખુશી થવા જેવું છે.

આ સ્થળે મુનિ મહારાજોનું કોઇ કોઇ વખતે વિચરવું થાય છે, તથા જૈનશાળા નહિ હોવાથી ધાર્મિક જ્ઞાન ઓછું જોવામાં આવે છે પણ આ સ્થળમાં વસ્તા દરેક જૈન બંધુઓ સુજ્ઞ ને ધર્મિષ્ઠ હોવાથી કોઇપણ પ્રકારની અશાતના થતી જોવામાં આવતી નથી. આવા સ્થળે ખાસ જૈનશાળા થવાની પુરેપુરી અગત્ય છે. તે ઉપર આગેવાન ગ્રહસ્થોએ તાકીદે ધ્યાન આપવું જોઇએ.

આ ખાતામાં દરેક બાબતમાં સંપ તથા બંદોબસ્ત રાખવા માટે વહીવટ કર્તા ગૃહસ્થોને તેમજ સંઘ સમસ્તને ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે તે ઉપર વહીવટ કર્તા ગૃહસ્થો તાકીદે ધ્યાન આપી યોગ્ય સુધારો કરશે એવી સંપૂર્ણ આશા છે.

## જીલ્લે ખેડા તાબે ગામ ભાલેજ મધ્યેના શ્રી શાન્તિનાથ મહારાજના દેહેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા કેવલદાસ ગિરધરદાસ તથા મગનલાલ ઇશ્વરદાસ તથા શા દ્વારકાદાસ વનમાળીદાસના હસ્તકનો સંવત ૧૯૬૧ તથા સંવત ૧૯૬૨ ની સાલનો હીસાબ અમોએ તપાસ્યો છે. કારણ આ દેહેરાસરજીની સ્થાપના સંવત ૧૯૬૦ ની શાલમાં થયેલ છે દેહેરાસરજીનું બાંધકામ હજુ ચાલુ છે, પુરૂં થયું નથી. તેથી પ્રતિષ્ટા હજુ થયેલ નથી. હીસાબ તપાસતાં દેહેરાસરજી ખાતે કંઇ મીલકત જોવામાં આવતી નથી માટે તે કામમાં નાણાની તથા અનુભવી શ્રાવક યા માણસની ઘણી બંધાવવાના કામમાં મદદની જરૂર છે. તેની સાથે બંધાવનારની જરૂર છે. કારણ આ દેહેરાસર બંધાવવામાં અનુભવ વગર ઘણા પૈસા ખરચ થઇ ગયા છતાં તેના પ્રમાણમાં કામ થયું નથી. આ ખાતામાં નામા વીગેરે કેટલોએક સુધારો કરવા જેવો છે તેનું સુચના પત્ર ભરી વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. માટે આશા છે કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય સુધારો કરશે.

## શ્રી ખંભાત તાબે ગામ તારાપર મધ્યેની પરબડી ખાતાનો રીપોર્ટ.

સદરહુ પરબડીના શ્રી મહાજન તરફથી વહીવટ કર્તા શા છગનલાલ બેહેચરદાસના હસ્તકનો સંવત ૧૯૫૯ થી ૬૨ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં વહીવટ કર્તા પરમાર્થ કામ કરે છે તેથી તેમને ધન્ય છે.

પરબડીનું નામું સારી રીતે રાખવામાં આવ્યું છે.

આ ખાતામાં કેટલોક સુધારો કરવા જેવું છે તેનું સુચના પત્ર ભરી આપવામાં આવ્યું છે માટે આશા છે કે વહીવટ કર્તા ગૃહસ્થ તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

## ગામ અમદાવાદ શ્રી જૈન કન્યાશાળાનો રીપોર્ટ.

સદરહુ કન્યાશાળાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ મનસુખભાઇ ભગુભાઇ, શેઠ લાલભાઈ દલપતભાઇ, શેઠ ચીમનભાઇ નગીનદાસ, શેઠ વીરચંદ દીપચંદ તથા ઝવેરી વાડીલાલ વખતચંદ તરફથી શા હીરાચંદ કકલભાઇના હસ્તકનો સંવત ૧૯૫૯-૬૦-૬૧-૬૨ ની શાલનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં સદરહુ વહીવટ કર્તાએ આ કન્યાશાળાના નામાની વ્યવસ્થા યોગ્ય રીતે રાખેલી છે, તથા હીસાબ છપાવી બહાર પાડેલો છે, તે જોઇ ખુશી થવા જેવું છે. તથા કન્યાશાળાની કન્યાઓને પણ વ્યવહારિક, નૈતિક, ઉદ્યોગી તથા ધાર્મિક કેળવણી યોગ્ય રીતે આપવામાં આવે છે. તેથી તેમના પરિશ્રમ માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ સંબંધમાં કેટલોએક સુધારો કરવા જેવો છે તેનું સૂચના પત્ર વહીવટ કર્તા જોગ ભરી આપવામાં આવ્યું છે માટે આશા છે કે વહીવટ કર્તા તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

**ચુનીલાલ નાનચંદ,**
ઓ. ઓ. જે. શ્વે. કો.

# જૈન સમાચાર.

કચ્છ રાણપુરમાં પ્રતિષ્ઠા—આ ગામમાં શેઠ રતનશી શામજીએ શિખરબંધી જીનાલય તથા ઉપાશ્રય બંધાવ્યો છે. ગામમાં જૈન ઘર ૨૦ છે, પરંતુ પ્રતિષ્ઠા, અઠાઇ મહોત્સવ, સ્વામીવાત્સલ્ય વિગેરે ઘણું સારી રીતે થયું હતું. ભંડાર, ઘી તથા કેશર વિગેરે થઇ કોરી ૪૦૦૦ આશરે ઉપજી છે.

મુનિરાજ શ્રી આત્મારામજીની છબી ખુલ્લી મૂકવાની ક્રિયા—આચાર્યશ્રીના પરમ પદ થવાની તિથિને દિવસે ભરતપુર શહેરમાં શ્વેતાંબર, દિગંબર તથા આર્યસમાજીઓ સમક્ષ તેમની છબી ખુલી મૂકવામાં આવીછે.

**भाषण**---मि. लक्ष्मीचंदजी घीयानें वागजीका पीपलीयामें कोन्फरन्सके ठरावोके विषयमें भाषण दीयाथा.

**प्रतिमाजी प्रगट हुवा**—नालछा इलाका धारपवारसे संघ लिखता है की श्री मांडवगढमें धर्मसालाका कामके देलान खुदाइमे श्री मंदीरजीके सामने भगवानकी साबत प्रतिमाजी ९ प्रगट हुवेहै. उस प्रतिमाजी पर लेख व लंछन साबत साफ है. समत १६६६ है.

# પહોંચ.

દેરાસરનો હીસાબનો રીપોર્ટ—શ્રી જામનગર તાબે તુંગી ગામના દેરાસરનો સંવત ૧૯૫૫–૬૨ સૂધીનો રીપોર્ટ મળ્યો છે. આ ચોપડીની અંદર જામનગર તાબાના બીજા ગામોમાં આવેલા જૈન દેવાલયોની વિગત આપવામાં આવી છે.

**जबलपुर दि. जैन बोर्डिंग हाउसनो प्रथम वर्षनो रीपोर्ट**—આ રીપોર્ટ હિંદીમાં છે. ટાઈપ બાળબોધ છે. દિગંબર દાનવીર શેઠ માણેકચંદ પાનાચંદે, કોમના ઉદ્ધારનો ખરો રસ્તો જોઇને, તે પ્રમાણે વર્તવા માંડ્યું છે. સ્થાનિક મદદ સાથે બોર્ડિંગ કાઢવાથી સ્થાનિક ઉત્સાહ તથા ખંત જળવાઇ રહે છે. તે નિયમેજ આ બોર્ડિંગ સ્થપાયું છે. નિયમાવળી, બોર્ડિંગના નિયમ, સુપરીન્ટેન્ડંટ માટે નિયમ વિગેરે બાબતો દાખલો લેવા જેવી રીતે સ્પષ્ટ વર્ણવી છે.

## અમદાવાદ ખાતે ભરાયેલી શ્રી
## વખતે જુદા જુદા ગૃહસ્થો તર
## કરવામાં આવી

| નામ. | ગામ. | કોન્ફરન્સ નિભાવ ફંડ. | જીર્ણ પુસ્તકોદ્ધાર. | જીર્ણ મંદિરોદ્ધાર. | નિરાશ્રિત ખાતું. | જીવદયા. |
|---|---|---|---|---|---|---|
| શા. છોટાલાલ કપુરચંદ. | સંધાણા | | | | ૫ | |
| શા. ડાયાભાઇ પ્રેમચંદ. | અમદાવાદ | | | | | |
| શા. મલુકચંદ દેવચંદ. | રામપુર | ૫ | | | | |
| શા. પુંજા ખેચરદાસ. | ,, | ૫ | | | | |
| કોઠારી ખેચર મુળજી. | ,, | ૫ | | | | |
| શા. લાલા નારણજી. | ,, | ૧ | | | | |
| શા. દામોદર માનજી. | ,, | ૧ | | | | |
| શા. જેચંદ મુળચંદ. | દેવી | | | | | |
| શા. ફુલચંદ પરશોતમ. | ગોધા | ૩ | | | | |
| શા. છોટાલાલ મગનલાલ. | ,, | ૦।।≋ | | | | |
| શા. બાલાભાઈ છગનલાલની વહુ પાર્વતી. | અમદાવાદ | ૫ | ૫ | ૫ | | ૫ |
| બાઇ જડાવ. | નાયકા | ૫ | | | | |
| બાઇ સમરથ સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટ મી. અમુલખરાય છગનલાલની સૌભાગ્યવતી. | | ૫ | | | | ૫ |
| શ્રી જામનગરના ડેલીગેટો તરફથી હા. કલ્યાણજી ટોકરશી. | જામનગર | | ૨૫ | ૨૫ | ૨૭ | ૨૫ |
| ગુજરાનવાળા સંઘ તરફથી. | | | | | | |
| શેઠ મોહનલાલ મગનભાઇ. | મુંબઈ | | | | | |
| શા. કસ્તુરદાસ રણછોડદાસ. | દેલાડ | | ૫ | | ૧૦ | ૧૦ |
| ખેડાવાળા નીચેના ડેલીગેટો તરફથી. | ખેડા | | | | | |
| શેઠ સોમચંદ પાનાચંદ. | ,, | | | | | |
| શેઠ મોતીચંદ ફુલચંદ. | ,, | | | | | |
| શેઠ ઇશ્વરદાસ આશારામ. | ,, | | | | | |
| શેઠ હરગોવનદાસ કરસનદાસ. | ,, | | | | | |
| શેઠ વીરચંદ સાંકળચંદ. | ,, | | | | | |
| શેઠ તાપીદાસ કસ્તુરદાસ. | ,, | | | | | |
| શેઠ સકરાભાઇ કેવળદાસ. | ,, | | | | | |
| શેઠ ડાહ્યાભાઇ આશારામ. | ,, | | | | | |
| શેઠ બાલાભાઈ ભાઇલાલ. | ,, | | | | | |
| શેઠ માણેકચંદ હેમચંદ. | ,, | | | | | |
| શેઠ સાંકળચંદ મોતીચંદ. | ,, | | | | | |
| શેઠ ડાહ્યાભાઇ નાગરદાસ. | ,, | | | | | |
| શેઠ કસ્તુરભાઇ ખેચરદાસ. | ,, | | | | | |
| શેઠ મોહનલાલ મેળરદાસ. | ,, | | | | | |

## પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ૫થી જુદા જુદા ખાતામાં મદદ તે નીચે પ્રમાણે.

| કેળવણી. | સુરત ભંડાર (ચાર આના ની યોજના.) | પાલીતાણા બાળાશ્રમ. | અમદાવાદ શેઠ લલ્લુભાઇ રાયચંદ બોર્ડીંગ. | અમદાવાદ કન્યાશાળા. | જૈન શ્વે. મદદ ફંડ. | સાત ક્ષેત્ર માટે. | કુલ | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૫ | |
| | | ૫૦ | ૫૧ | | | | ૧૦૧ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૧ | |
| | | ૫ | | | | | ૫ | પ્રથમ રૂા. ૫ ભરેલ છે. |
| | | | | | | | ૩ | |
| | | | | | | | ૦॥≡ | |
| ૫ | | | | | | | ૨૫ | |
| | | | | | | | ૫ | |
| | | | | ૨૫ | | | ૩૫ | |
| ૨૫ | | | | | | | ૧૨૭ | |
| | ૧૮૦ | | | | | | ૧૮૦ | |
| | | | ૧૦૦ | | | | ૧૦૦ | |
| | | | | | | | ૨૫ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |
| | ૧ | | | | | | ૧ | |

| નામ | ગામ. | કોન્ફરન્સ નિભાવ ફંડ. | જીર્ણ પુસ્તકોદ્ધાર. | જીર્ણ મંદિરોદ્ધાર. | નિરાશ્રિત શ્રાવ. | જીવદયા |
|---|---|---|---|---|---|---|
| શા. દીપચંદ જેચંદ | નાપાડ | | ૨ | ૨ | ૨ | ૨ |
| શેઠ કલ્યાણચંદ સોભાગચંદ. | મુંબઇ | | | | | |
| ઝવેરી રાયચંદ ખુશાલચંદ. | ,, | | | | | |
| શેઠ નગીનચંદ કપુરચંદ. | ,, | | | | | |
| ઝવેરી રૂપચંદ લલુભાઇ. | | | | | | |
| શા. છગનલાલ ત્રીકમદાસ. | | | | | | |
| શા. અમુલખ ખુબચંદ. | મુંબઈ | | | | | |
| શા. રણછોડદાસ ઉજમશી. | | | | | | |
| શા. દોલાભાઇ કાલીદાસ ઝારોલીવાલા તરફથી. | | | | | | |
| શા. ઝવેરચંદ શામજી | ઝારોલી | ૨ | | | | |
| શા જેલા ગમનાજી. | ,, | ૪ | | | | |
| શા. છતરા રમાજી. | ,, | ૧ | | | | |
| શા. વના લખાજી. | ,, | ૧ | | | | |
| શેઠ મનસુખભાઇ ભગુભાઇ. | અમદાવાદ | | | | | |
| ,, | | | | | | |
| ,, | | | | | | |
| ,, | | ૧૦૦૧ | | | | |
| રાયબહાદુર સીતાબચંદજી નાહર. | અજીમગંજ | ૧૦૦૧ | | | | |
| નગરશેઠ હેમાભાઇ વખતચંદ. | અમદાવાદ | | | | | |
| શેઠ અંબાલાલ સારાભાઇ. | ,, | ૧૦૦૧ | | | | |
| શેઠ દલપતભાઇ ભગુભાઇ. | ,, | ૧૦૦૧ | | | | |
| શેઠ વીરચંદ દીપચંદભાઇ. | ,, | ૧૦૦૧ | | | | |
| બાઇ ડાહી શેઠ વીરચંદ દીપચંદની પત્ની. | ,, | | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ |

**વિનંતિ**—અમદાવાદ ખાતે ભરાયેલી પાંચમી કોન્ફરન્સની બેઠક વખતે ઉપર બતાવેલા જુદા જુદા ખાતાઓમાં જે ગૃહસ્થોએ મદદ કરી છે તે ગૃહસ્થોને વિનંતિ કરીએ છીએ કે જે ગૃહસ્થો તરફથી હજુ સુધી નાણાં વસુલ આવ્યા નથી તેઓએ તાકીદે

મુંબઇ, વડોદરા, તથા પાટણ ખાતે મળેલી કોન્ફરન્સની બેઠકોમાં જેઓ સાહેબે મદદ કરી છે સુધી નાણાં ભરાણાં નથી. તેઓને અત્રે આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ કે તેઓ સાહેબ પણ

| કેળવણી. | સુકૃત ભંડાર (ચાર આનાની યોજના) | પાલીતાણા બાળાશ્રમ | અમદાવાદની શેઠ લલ્લુભાઈ રાયજી બોર્ડીંગ | અમદાવાદ કન્યાશાળા. | જૈન શ્વે. મંડળ ફંડ | સાત ક્ષેત્ર ખાતું. | કુલ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | | | ૧૦ | |
| | | | ૫૧ | | | | ૫૧ | અમદાવાદ બોર્ડીંગમાં આપ્યા છે |
| | | | ૧૫૧ | | | | ૧૫૧ | અમદાવાદ બોર્ડીંગમાં આપ્યા છે. |
| | | | ૩૫૧ | | | | ૩૫૧ | |
| | | | ૨૦૧ | | | | ૨૦૧ | |
| | | | ૧૨૫ | | | | ૧૨૫ | |
| | | | ૧૨૫ | | | | ૧૨૫ | |
| | | | ૧૫૧ | | | | ૧૫૧ | |
| | | | | | | | ૨ | |
| | | | | | | | ૪ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૧ | |
| | | | | | | | ૫૦૦૦૦ | ભગુભાઇ પ્રેમચંદ જૈન જ્ઞાનવર્ધક શાળા માટે. |
| | | | | | | | ૫૦૦૦૦ | બાઇ સમરથ જીર્ણોધ્ધાર ફંડમાં. |
| | | | | | | | ૫૦૦૦૦ | બાઇ પ્રધાનબાઇ શેઠ મનસુખભાઇ તથા જમનાભાઇના નામથી. |
| | | | | | ૨૦૦૦૦ | | ૨૧૦૦૧ | |
| | | ૫૦૦ | | ૫૦૦ | ૨૦૦૦૦ | | ૨૨૦૦૧ | રૂ ૫૦૦ વ્યાજમાંથી કન્યાશાળાના ઇનામ માટે. |
| | | | | | ૭૦૦૦ | | ૭૦૦૦ | |
| | | | | | ૫૦૦૦ | | ૬૦૦૧ | |
| | | | | | ૫૦૦૦ | | ૬૦૦૧ | ૩૦૦૦૦ પોતાની માતુશ્રી ગંગાબાઇના નામથી. |
| | | | | | ૫૦૦૦ | | ૬૦૦૧ | |
| ૫૦ | | | | | | | ૨૫૦ | |

જુદા ખાતાઓમાં નાણાં ભરનાર સખી ગૃહસ્થોનો અમે અંતઃકરણપુર્વક આભાર માનીએ છીએ અને ભરી દેવા મહેરબાની કરવી.

તેઓ પૈકી કેટલાએક ગૃહસ્થો પાસે લહેણી પડતી રકમ માટે વખતોવખત ઉઘરાણી કર્યા છતાં હજુ જલદીથી દેણી પડતી રકમ વસુલ કરાવી દેશે.

# આ પત્રના ગ્રાહકોને નમ્ર વિનંતિ.

સુજ્ઞગ્રાહક બંધુઓ ! તમોને સારી રીતે વિદિત હશે કે દરેક માસિકનો મુખ્ય આધાર લવાજમ ઉપરજ છે. આ પત્રને બે વર્ષ પુરાં થઈ હાલમાં ત્રીજું વર્ષ ચાલે છે. અને તેથી ગત બે વર્ષનું તથા ચાલુ વર્ષનું લવાજમ કેટલાએક ગૃહસ્થો તરફથી આવ્યું નથી. તેઓને ત્રણ વર્ષનું લવાજમ સત્વર મોકલી આપવા અગર અમારા તરફથી વી. પી. થી હેરલ્ડનો અંક મોકલાવવામાં આવે તેનો સ્વિકાર કરવા વિનંતી છે. દિલગિરી સાથે જણાવવું પડે છે કે એવા પણ સાહેબ બહાદુરો નીકળી આવે છે કે જેઓ ત્રણ વરસના લવાજમ માટે વી. પી. કરવામાં આવેલા અંકો પાછા મોકલતાં જરાપણ આંચકો ખાતા નથી; તેઓને જણાવવાનું કે હજુપણ લહેણું પડતું લવાજમ મોકલી આપી આ ખાતાના દેવામાંથી મુકત થવાનું દુરસ્ત વિચારશો નહિતો પછી અમારી મરજી વિરૂદ્ધ અણછુટકે તેઓનાં નામ બહાર પાડવાની અમોને ફરજ પડશે. અને તેમના ઉપર અંકો મોકલવા બંધ કર્યાં છે તોપણ આગળનું લવાજમ મોકલી આપવા અરજ કરીએ છીએ.

આ કામ શુભ ખાતાનું છે. અને કોન્ફરન્સ ફંડની આ માસીક પાસે મોટી રકમ લેણી બંધાય છે તેથી જો કોઈ ગ્રાહકો લવાજમ મોકલવામાં કસુર કરશે તો તેઓ શુભ ખાતાના દેવાદાર રહેશે. વળી કેટલાક ગૃહસ્થો થોડા અંક રાખી બીજા અંક નહિ મોકલવા લખે છે તો તેવા ગૃહસ્થોને નમ્ર વિનંતી છે કે કોન્ફરન્સ ફંડના દેવાદાર રહેવાને બદલે જેટલા અંક રાખ્યા હોય તે દરેકના બે આના લેખે મોકલી દેવા કૃપા કરવી.

## જાહેર ખબર.

સર્વ જૈન ભાઇઓને ખબર આપવામાં આવેછે કે અમદાવાદ કોન્ફરન્સમાં થયેલ ઠરાવ નંબર ૧૪ અનુસાર આપણા પરમ પુજ્ય શ્રી તીર્થંકર ભગવાનની છબીઓ વેચવામાં આવે છે તે બંધ કરવાને માટે યોગ્ય પગલાં ભરવાની ખાસ જરૂર છે તેથી જણાવવાનું કે આવી છબીઓ જે કોઈ વેચતો હોય તેની બનેતો નકલ અને ખાસ કરીને વેચનાર તથા છાપનારનાં નામ તથા ઠેકાણા સાથેની ઉપયોગી હકીકત અમારા ઉપર મોકલી આપવામાં આવશે તો ઘટતો બંદોબસ્ત થઈ શકશે.

ગીરગામ મુંબઈ.<br>
તા૦ ૧૬-૫--૦૭.

આસીસ્ટંટ સેક્રેટરી,<br>
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

અપુર્વ શોધ. જરૂર વાંચો. ચમતકારી પ્રયોગ.

# નયનચીંતામણી ગુટીકા.

દુહો. નેત્ર વિનાનો માનવી, જીવતો પણ મૃત જાણ;
એજ નયન ચીંતામણી, દીએ નેત્રનું દાન.

**નયન ચીંતામણી:—** મહા પ્રભાવિક ગુટીકાને હમો કોઇ માહાત્મા પાસેથી મેળવીને હમો ગુપ્ત રાખતા હતા પણ હમારા ઘણા બંધુઓના અનુગ્રહથી લાભાલાભનું કારણ માની લોભ નહી રાખતાં તેના ખર્ચના પ્રમાણમાં કીંમત રાખી હમો જાહેર કરવાને ઉત્કંઠા ધરાવીએ છીએ. ઈંગ્લીશ દવાનો કોઇ પણ રીતે ખપ નહી કરતાં ફક્ત વનસ્પતિઓનું સંશોધન કરી વરસમાં એક દીવસે બને છે. ઘણા ધતીંગોના બહોળા લખાણોથી ઘણા જનો સધાભ્રષ્ટમાં થઇ ગએલા હશે પરંતુ શંકા રહિતપણે સ્વદેશી ઉધ્યોગને ઉતેજન આપી દેશ પરદેશોમાં પ્રચલીત કરવાને હમારી વીનંતી છે. આ ગુટીકા નેત્રમાં અંજન કરવાથી છારી, ખીલ, પરવાળા, પડળ મોતીઓ, રતાંધળો, ફુલા વા ખદખીલ-બળતા, રાતડ, ઝાંખાશ, પાણી ઝરવું, દુખવા આવવું વિગેરે તમામ દરદોને ઝડપથી મટાડેછે તેમજ નિરમળી આંખોમાં અંજન કરવાથી નજર ઇંદ્રીય સાફ રાખેછે તથાપી હમારી અસંતોસી ગુટીકાનું અંજન કરવાથી એક આંતરીઓ, બે આંતરીઓ ત્રણ આંતરીઓ, ચોથીઓ તાવ તથા બેરાસ પણ અંજન કરવાથી મટાડી મોહોટા અચંબાને ધરાવનારી છે. આવી ગુટીકા કોઇ વખત બહાર પડેલી અસંભવીત હશે. હમોએ ચોકસ અનુભવ મેળવી ઘણાં દરદો સારાં થવાથી જાહેરમાં મૂકીએ છીએ. ઘણી દવાઓથી કંટાળી નીરાશ થઇ ગએલા જનોએ તો વીલંબ કર્યા વિના જુજ કીમતમાં ખરીદી ખાત્રી કરો. હમો પણ ખરી ખાત્રીથી કહીએ છીએ કે આ ગુટીકા કદી પણ પાછી ફરનાર નથી ખરીદનારને અપુર્વ લાભ છે દરેકને અવશ્ય રાખવા યોગ્ય છે આ ગુટીકાનો ખપ કર્યાથી બીજી દવાઓનો ખપ રહેશેજ નહી આ ગુટીકા છ માસ ચાલે તેવા પ્રમાણમાં બનાવેલી છે. સુંધી અને સસતી, ઘણા ગુણવાળી આ ગુટીકાનો પહેલ વહેલો જન્મ થયો છે. સુજ્ઞ બંધુઓ ખરીદો, દરેક બંધુઓને ઉતેજન આપી ખરીદાવો અને ચમત્કારી ઔષધીનો અનુભવ કરો.

સામટુ ડઝન એક ખરીદનારને ડબી ૧ કમીશન આપવામાં આવશે.

કીંમત ડબી ૧ ના રૂ. ૨) પોસ્ટેજ જુદું. જૈનના સાધુ સાધવીને ખપ સારૂ મફત મોકલી આપવામાં આવશે. ખરીદનારે હમારા નામનું હેન્ડબીલ તપાસીને લેવું.

બનાવનાર.

**મેસર્સ પી. એન્ડ બી. બ્રધર્સ.**

ઠે૦ મુળજી કાળા ટોપી વાળા મોતી બજાર, મુંબઇ.

---

## ઢઢાછાપનું પવિત્ર કેશર.

### સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ખાત્રીનું **શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી કેશર** પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કોન્ફરન્સના ઉત્પાદક મી૦ ઢઢ્ઢાની છબીનો " ટ્રેડ માર્ક " છે તે નીચેના સ્થળોએથી મળશે.

**મુંબઇ–જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ગિરગામ,** માંગરોળ જૈન સભા **પાયધુની,**

જથ્થાબંધ વેચનાર એકલા માલેક,

જૈન મંદીર સામે, માંડવી, મુંબઇ. — કચ્છી દશાઓસવાળા જૈન મહાજન આશ્રિત સ્વદેશી કંપની.

## માનાધિકારી ( ઓનરરી ) ઉપદેશક તરીકે કાર્ય કરવાની ઇચ્છા રાખનાર વકતાઓને ઉત્તમ તક.

આપણી કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવો તાકીદ અમલમાં મેલવા માટે તથા કોન્ફરન્સના હેતુઓ સમજાવવા માટે પોતપોતાના જીલ્લાઓમાં ફુરસદને વખતે ભાષણો આપી જૈનકોમની ઉન્નતિ કરવાની ઇચ્છા રાખનારાઓને આ કાર્યને માટે તેઓની લાયકાત સંબંધી ખાત્રી થયેથી રેસીડંટ જનરલ સેક્રેટરીની સહીસાથના ઉત્તમ પ્રમાણપત્રો આપવામાં આવશે.

ઉક્ત ઇચ્છા રાખનારાઓએ આ સંબંધમાં નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો.

આસીસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઓફીસ
ગીરગામ—મુંબઇ.

## RATES FOR ADVERTISEMENT.

### જાહેર ખબર આપનારાઓને અમૂલ્ય તક.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ માસિક કે જેનો હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસ્તી જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો છે તેમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મુજબ રાખવામાં આવ્યા છે.

| | એક પેજ | અડધુ પેજ | પા. પેજ | ચાર લાઇન |
|---|---|---|---|---|
| એક વર્ષ માટે | ૪૦ | ૨૨ | ૧૨ | ૭ |
| છ માસ ,, | ૨૨ | ૧૨ | ૭ | ૪ |
| ત્રણ માસ ,, | ૧૨ | ૭ | ૪ | ૨-૮-૦ |
| એક અંક ,, | ૫ | ૩ | ૨ | ૧ |

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરનાં નાણાં અગાઉથી મળ્યા શિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિ. આ માસિકની મારફત હેંન્ડબીલ વહેંચવાના ભાવો પત્રવ્યવહારથી અગર રૂબરૂ મળવાથી નકી થઈ શકશે, તે માટે સઘળો પત્રવ્યવહાર તથા મનીઓર્ડર વીગેરે નીચેના સરનામે મોકલવા.

આસીસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ
ગીરગામ—મુંબઈ.

Registered No. B. 525.

वीर सम्वत् [illegible] ॐ विक्रम सम्वत् १९६३

# श्री [illegible] ताम्बर कोन्फरन्स

पुस्तक ३. सप्टेम्बर.

# हेरल्ड.

नम्बर ९. सन १९०७.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| विषय | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| Jainism V/s Gujarati Text Books ... ... | २५३ | મહોદય ... ... ... ... | ૨૮૨ |
| [illegible] માં આવેલી આપણી ધર્મશાળાઓ ... ... | ૨૫૯ | જૈનોના પર્યુષણ પર્વ ... ... | ૨૮૩ |
| જૈનોદય અને કોન્ફરન્સ ... | ૨૬૨ | ધર્મનિષ્ઠ આર્ય બંધુઓને વિજ્ઞપ્તિ ... ... ... ... | ૨૮૪ |
| [illegible] તે તો એવો ... ... ... | ૨૬૫ | જૈન સમાચાર ... ... ... | ૨૮૬ |
| કોન્ફરન્સનું બંધારણ ... ... | ૨૭૧ | નવી ગુજરાતી વાંચનમાળા ... | ૨૮૮ |
| જૈનોએ [illegible] બળથી આગળ વધવાની જરૂર ... ... | ૨૭૮ | ક્ષમાપના ... ... ... | ૨૮૮ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

धर्म विजय प्रिंटिंग प्रेस पायधुनी-मुंबई.

# શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળી.

## પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુદ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. મુંબઈની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઈઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમીયા) તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકના સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકજીનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરની સંખ્યા તથા મકાનની સ્થિતિ વગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાના પુંઠાથી બંધાવેલુ છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે.

મૂલ્ય ફક્ત રૂ. ૧–૮–૦ રાખવામાં આવેલ છે.

છપાવી પ્રગટ કરનાર

ગિરગામ — શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ
મુંબઇ.

---

चरबी रहीत! पवित्र!! स्वदेशी!!!

## धी इन्डीयन सोप एन्ड केन्डल फेक्टरी लीमीटेड.

डीलाईल रोड, चीचपोकली, मुंबई.

| मीणबत्ती. | साबु. |
| --- | --- |
| झुमर, वालसेट अने गाडीना फानसो माटे जुदां जुदां कद अने वजननी सर्वे जातनी मीणबत्तीओ. | नाहावाना, औषधिय अने धोवाना वग सोप वीगेरे. |

वराळ यंत्रथी चालतुं आ एक मोहोटुं कारखानु छे अने तेमां चरबी रहित पवि साबुओ तथा मीणबत्ती बनाववामां आवे छे. भाव पण घणा सस्ता छे. उपरने शीरनामे ल *लखीने प्राईसलीष्ट मंगावो.*

॥ ॐनमः सिद्धेभ्यः ॥

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव,
स्वर्गः कल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,
पाथोधिः पयसामिवेंदुमहसां स्थानं गुणानाममा,
वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥ २१ ॥

અર્થઃ—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીયે.


# SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

**Vol. III.**] SEPTEMBER 1907. [**No. 9.**


## JAINISM V/s GUJARATI TEXT BOOKS.

[We beg to publish herein a copy of the petition addressed by the Jain Graduates' Association to the Director of Public Instruction re Gujarati Text Books. We understand that by a subsequent letter the Association has drawn the attention of the Director that the remarks contained in this petition also apply to the corresponding lessons of the Marathi Text books.]

To,

The Honourable F. G. Selby Esqr: M. A.

Director of Public Instruction,

POONA.

Sir,

On bahalf of the Jain Graduates' Association we beg to submit the following facts for your careful consideration.

On referring to the fifth Book of the new Series of Gujarati Books recently prepared by the vernacular Text-Books Revision Committee we can not but feel that in the Ninth and Sixtieth lessons of the said book, there are certain facts relating to the Jains and Jainism which are inaccurately stated from a historical stand-point and there are other passages which tend to hurt the feelings of the whole of the Jain Community.

The Ninth lesson of the said book deals with a short description of "The different Communities and religions of India". At the top of the page 20th, we find the following statement.

"ઈ. સ. પૂર્વે પાંચસેં છસેં વર્ષ ઉપર ચાલતા ધર્મની સ્થિતિથી નારાજ થઈ મહાવીર સ્વામીએ અને ગૌતમ બુદ્ધે પોતપોતાના ઉપદેશ ચલાવ્યા, એ ઉપદેશ જૈન અને બૌદ્ધ એ નામના બે નવા ધર્મ રૂપે ફેલાયા."

i.e. "About 500 or 600 years B. C. being dissatisfied with the condition of the religions prevaling during the period, the Sage Mahavir and Gautam Budha commenced their teachings.

These teachings spread in the form of two new religions known as Jainism and Budhism.

Our Association submits that this is historically quite incorrect. Jainism is a very old religion and dates from times immemorial. The Jains believe in and adore a number of sages. They are known by the common appelation of Tirthankaras and they are twenty four in number for each cycle of time. Of those Tirthankaras, Sage Mahavir, who, in the above passage, is said to have introduced Jainism as a new religion is, as a matter of fact, the twenty fourth and the last. This is a matter of common knowledge and this fact is admitted in the sixtieth lesson of the same book. The said sixtieth lesson deals with the character-sketch of Adinath, which, by the way, is only the epithet of "Rishabhdevji" the first of the Tirthankaras and which

word signifies the first Lord. In that lesson at page 142 it is stated as follows :—

"નાભી અને મરૂદેવીના પુત્ર ઋષભદેવજી જૈન ધર્મના આદિ તીર્થંકર છે, અને તે આદિનાથ અને આદીશ્વર ભગવાનને નામે પ્રસિદ્ધ છે. ચોવીશમા તીર્થંકર મહાવીર સ્વામી ઇ. સ. પૂર્વે છઠા સૈકામાં થયા, તે પહેલાં ઘણાં વર્ષ અગાઉ ઋષભદેવજી થઇ ગયા કહેવાય છે."

Rishabhdevji the son of Nabhi and Marudevi is the first Tirthankar of the Jain religion, and he is known by the name of God Adinath and Adishwar. Rushabhdevji is said to have existed many years before the twenty fourth Tirthankara Mahavira Swami who lived in the sixth Century B. C." This immediately shows that the statement quoted above from the ninth lesson viz:– that origin of the Jain religion is to be traced to Mahavira is evidently incorrect, for it is only preposterous to say that the 24th Sage of a religious sect is the founder of that sect.

A similar comp'aint about the Historic inaccuracy referred to above, our Association has to make with regard to the Gujarati version of the History of India, translated from the English work in the same subject by E. Marsden Esq: on page 45–46 of the said Gujarati History we find the following:—

"જે અરસામાં બુદ્ધે બૌદ્ધ ધર્મ માર્ગનો ઉપદેશ કર્યો તેજ અરસામાં વર્ધમાન નામના બીજા એક ક્ષત્રી રાજાએ મહાવીર નામ ધારણ કરી બૌદ્ધ ધર્મને ઘણી બાબતોમાં મળતો પંથ સ્થાપ્યો. મહાવીર જીન (પવિત્ર માણસ) કહેવાયો તેથી તેણે સ્થાપેલો પંથ જૈન અને તેના અનુયાયીઓ જૈન માર્ગી કહેવાયછે. કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે જૈનમાર્ગ બૌદ્ધ માર્ગ પહેલાં સ્થપાયો અને જૈનો પોતે પણ એમ કહે છે."

i. e. During the period in which Budha preached Budhism a Kshatriya king named Vardhmana having assumed the appellation of Mahavira founded a sect similar in many respects to Budhism. Mahavira was called Jina (holy man), and so the religion founded by him is called the Jain religion and his followers the Jains. Some of the scholars are of opinion that Jainism was founded before Budhism. And the Jains themselves say so too.

Now here the learned author writes in very misleading terms although as we have pointed out above Maha-Vira is not by any means the founder of the Jain religion yet here he is so described and later on, it is said, merely as a passing remark, that some scholars and the Jains themselves say that Jainism is a very old religion, as, if that were not the truth. It appears that Mr. Marsden has taken his statement from the article " Jains " in Vol 13 of the Encyclopædia Britannica, page 543, and yet what is important to prove antiquaty of Jainism in that article is omitted by Mr. Marsden. Proffessor P. M. Rhys Davids from whose pen the article comes says as follow:–

Jainism purports to be the system of belief promulgated by Vardhamana, better known by his epithet of Mahā–Vira who was a contemporary of Gautama, the Budha. But the Jains, like the Budhists, believe that the same system had previously been proclaimed through countless sages by each one of a succession of earlier teachers. The Jains count twenty four such prophets, whom they call Jinas or Tirthankaras, that is conquerors or leaders of schools of thought. It is from the word Jina that the modern name Jainas meaning followers of the Jina or of the Jainas is derived. This legend of the twenty four Jinas contains a germ of truth. Maha–Vira was not an originator, he merely carried on without slight changes a system which existed before his time and which probably owes its most distinguished features to a teacher named Parshvanath, who ranks in the succession of Jainas as the predecessor of Maha–Vira. Parshvanath is said, in the Jain chronology to have lived two hundred years before Maha–Vira (that is about 700 B. C. but the only conclusion that is safe to draw from this statement is, Parshva was considerably earlier in point of time than Maha–Vira "

As regards the origin of Jainism, we also beg to draw your attention to the introduction of Utaradhyayana and Sutrakritanga Jain Sutras in Sacred Books of the East vol: xlv by Professor Hermann Jacobi.

So such as regards the error in assigning a date to the origin of Jainism.

There are other errors and inaccuracies in the sixtieth lesson of the said Gujarati fifth book and in Marsdens' History which are

pointed out in the Appendix hereto annexed and marked A together with the corrections and substitutes that may be aptly put in.

Our Association submits that mistakes like those mentioned in this memorial are due to the neglect of Jain literature in the curriculum of University studies and consequent want of familiarity with the ideas contained in that literature. Our Association begs to draw attention to a petition ( copy whereof is hereto annexed and marked B. ) addressed by us on the 2nd day of July last to the Registrar of the Bombay University for presentation in due course to the Syndicate, in which we complained of exclusion of of Jain literature from the Syllabus of our University and asked for the inclusion of some, at least, of the large number of Jain works which deserve a place in the curriculum of the Sanscrit studies in our Arts course. In your capacity of Vice Chancellor of the Bombay University, we trust you will use your legitimate influence to see that justice is done to our prayers and that some at least of the Jain texts are prescribed for studies in Arts.

Our immediate prayer to you is that as soon as conveniently possible, you will take steps to see that historic and other inaccuracies pointed out by us are corrected. It will be far better if lessons in question are recast and written again. The public in general have heard with great satisfaction the arrangements made by you in the matter of a similar grievance of the Mahomedan Community. Our Association hopes and trusts that with your usual liberal spirit and broad mindedness, you will direct the nessary changes in the text books so commonly used in our schools and thus give proper redress for our just grievances.

We have the honour to be

Jain Graduates'
Association Hall,
Pydhoni Bombay
14th August 1907

SIR,
Your Most Obedient Servants
Makanji J. Mehta. B. A. LL. B.
Tribhovandas L. Shah. L. M. & S.
Hon. Secretaries.

# APPENDIX.

## Re 60th lesson of Gujrati 5th book.

1 First of all we object to the word "જંગલી" which occurs in the 7th line of the lesson. The people referred to by the word "જંગલી" were ignorant of the ways of the world; but then at the same time they were quite innocent people. The word "જંગલી" may be well substituted by the phrase 'તે સમયના ભોળા અને અજ્ઞાન લોકો.'

2 The 22nd line of the lesson begins with 'એની અંદર કંદમૂલ નાંખજો'. Here we object to the word "કંદમૂલ" which occurs in the 13th line of the lesson. This lesson has been written from the life of Rishabhdevji of Hemchandra. There the word is **औषधीः** which means grain, instances of which are mentioned therein, of wheat, rice and moong. Moreover we Jains abstain from eating કંદ as we are forbidden to eat it by our religious scriptures. Hence we submit, the word "કંદમૂલ" should be substituted, everywhere it occurs, by the word "ધાન્ય" which is the equivalent for the word **औषधी**.

## Re Marsden's Gujrati History.

3 "શ્વેતાંબર પંથીઓ પોતાની પ્રતિમાઓને ધોળાં વસ્ત્ર પહેરાવેછે"......... This is quite an untruth. શ્વેતાંબર is the term applicable only to the followers of જિન just as the word દિગંબર is to the other section of such followers. The term શ્વેતાંબર is never applied to the Idol as dressed in white. We never adore our idols byputting any white clothes on or about them.

4. "જૈનો પોતાનાં દહેરાં માણસના વાસથી દુર ઘાડા જંગલોમાં તથા ડુંગરોમાં બાંધેછે......... This sounds quite unnatural and meaningless. The fact is that the Cities and Towns in which temples were built, have come to be ruined and deserted by lapse of centuries; but from this it could not be inferred that the Jains build their temples in forests and wastes. Therefore "જૈનો પોતાના દહેરાં માણસના વાસથી દૂર ઘાડા જંગલોમાં બાંધેછે." may be omitted. And જૈનો પોતાના દહેરાં ડુંગરોમાં બાંધેછે."......... may well be substituted by "જૈનો પોતાના દહેરાં પવિત્ર પુરુષોનો સ્પર્શ પામેલા ડુંગરો ઉપર બાંધેછે."......... Shatrunjaya, Girnar and Parshwanath hills are the hills on which our Tirthankaras had devoted themselves to meditation till salvation, and hence the sanctity of the places, which easily explains, why the Jains have built their temples there and do so even at the present day.

# શ્રી સિધ્ધ ક્ષેત્રમાં આવેલી આપણી ધર્મશાળાઓ.

કાઠીઆવાડના ગોહેલવાડ પ્રાંતમાં આવેલ આપણા પરમ પવિત્ર તીર્થ શ્રી સિદ્ધ-ક્ષેત્ર (પાલીતાણા) થી ભાગ્યે કોઈ જૈન અજાણ્યો હશે. હિંદુસ્તાનમાં ગમે તેટલા દૂરના ભાગમાં પણ વસનાર દરેકે દરેક જૈન ભાઈએ આ શાશ્વતા તીર્થની યાત્રા કરી પોતાનો મનુષ્ય જન્મ સફળ કર્યો હશે. ક્રીશ્ચનો જેવી રીતે જેરૂસેલમને સૌથી પવિત્ર તીર્થસ્થાન ગણે છે, મુસલમાનો હજારોની સંખ્યામાં મકે હજ કરવા જાય છે, હિંદુઓ કાશી ક્ષેત્રને પરમપવિત્ર તીર્થસ્થળ માને છે તેવીજ રીતે બલ્કે તેથી પણ વિશેષ આપણે પણ અપ્રતિમ ભકિતથી શત્રુંજયની મહાન્ તીર્થ તરીકે ગણના કરીએ છીએ. હજારો યાત્રાળુઓ પ્રતિવર્ષ–પ્રતિમાસ શત્રુંજય મહાત્મ્ય નામના મહાન્ ગ્રંથમાં વર્ણવેલા આ તીર્થની યાત્રા કરી પોતાના અનેક ભવોના સંચિત કરેલા અશુભ કર્મો ખપાવે છે. રાજય તરફથી કેટલીએક મુશ્કેલી છતાં–યાત્રાળુઓની સગવડ ખાતર, તેઓ શાન્તિથી ધર્મધ્યાન, શુભ ક્રિયાઓ કરીશકે, તે હેતુથી–આપણા ધનિક અગ્રેસરોએ અન્ય સ્થળ કરતાં આ સ્થળે અનેક ગણું પુણ્ય હાંસલ કરવાના આશયથી અનેક ધર્મશાળાઓ બંધાવી છે. કાર્તકી તથા ચૈત્રી પુર્ણિમાજેવા શુભ દિવસે હજારો યાત્રાળુઓ એકત્ર થાય છે. અને પુરતી સંખ્યામાં ધર્મશાળાઓ હોવા છતાં યાત્રિકોને ઘર ભાડે લઇને રહેવું પડેછે. એટલુંજ નહિ પણ અન્ય દિવસોએ પણ યોગ્ય રીતે ગોઠવણ કરવામાં આવે તો સર્વ યાત્રાળુઓને ધર્મશાળામાં ઉતરવાની સગવડ થઇ શકે તેવી સ્થિતિ છતાં યાત્રાળુઓને ઘર ભાડે લઇને રહેવું પડે છે. તેવી રીતની ફરીઆદો જયારે આપણે સાંભળીએ છીએ ત્યારે તેનું કારણ તપાસવાની ખાસ જરૂર જણાય છે. ગઇ ચૈત્ર શુદ પુનમે મ્હોટી સંખ્યામાં યાત્રાળુઓ નહિ આવેલા છતાં–શ્રાવક યાત્રાળુઓનેજ નહિ બલ્કે સાધુ સાધ્વીઓને અને ખસુસ કરીને બે સાધ્વીઓને જે મુશીબત ઉતારો મેળવવાને માટે વેઠવી પડી હતી તે બાબતની તથા બીજી કેટલીએક ફર્યાદો તથા સુચનાઓ સાથેની લગભગ અઢીસો સહીની છાપેલી અરજીની નકલ અમોને મળેલી છે. વળી ઉકત અરજીની આઠ–દશ નકલો અત્ર જૈન કોન્ફરન્સ ઓફીસ ઉપર મોકલવામાં આવતાં અરજીમાં જણાવેલા જુદી જુદી ધર્મશાળાના માલેકો તરફ કેટલીએક સૂચના સાથે રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ વીરચંદ દીપચંદની સહીનો પત્ર તથા અરજીઓ રવાના કરવામાં આવી છે. અને આપણે આશા રાખીશું કે ધર્મશાળાના માલેકો ઉકત અરજી ધ્યાનપૂર્વક વાંચવા તસ્દી લેશે, અને યાત્રાળુઓને ખમવી પડતી મુશ્કેલીઓ દૂર કરવા તરફ તથા તેમાં જણાવેલી વીનંતીરૂપે સૂચનાઓ તરફ ઘટતું લક્ષ્ય આપશે. સ્થળસંકોચને લીધે અરજીની નકલ અમો અત્ર આપી શકતા નથી તોપણ અમારે જણાવવું જોઇએ કે ધર્મશાળાઓના માલેકોને અણછુટકે પોતાના નોકરોની મારફત કામ લેવું પડે છે તેથી ઉદાર ગ્રહસ્થોની સખાવતના કાર્યોનો યથાર્થ રીતે લાભ લઇ શકાતો નથી.

શ્રીમંત યાત્રાળુઓતો કદાચ ભાડું ખર્ચીને પણ જગ્યા મેળવી શકે, પરંતુ સામાન્ય વર્ગના લોકોને–ભાડું ન ખર્ચી શકે તેવાઓને ઓરડીઓ ખાલી છતાં જૂદા જૂદા ‌‌બ્હાનાઓ આગળ કરી ધર્મશાળાના વહીવટ કરનારાઓ ઉતારો ન આપે અને તેથી તેઓને બૈરાં છોકરાં સાથે પોટકાં લઇ એકથી બીજી અને બીજીથી ત્રીજી એમ અનેક ધર્મશાળાઓમાં સાંજ સુધી આશ્રયસ્થાન મેળવવા રઝળવું પડે, ભટકવું પડે તે કોઇપણ રીતે ઇચ્છવાયોગ્ય કહી શકાય નહિ. તદુપરાંત અમુક પ્રકારની લાલચ–લાંચ આપવાથી ઓરડીઓ એકદમ મળી જાય તેના જેવી દુઃખદ સ્થિતિ બીજી કોઇપણ લેખાવી જોઇએ નહિ. આવી બાબતોમાં સાધારણ રીતે અમુક ધર્મશાળાવાળાના નોકરો તરફથી લાંચ લેવાય છે તેવી રીતના આક્ષેપો મેલવાના કરતાં જેણે લાંચ લીધી હોય તેના દાખલા ટાંકી પ્રગટ કરવાની જરૂર છે. આના સંબંધમાં એક બીજી એવી ફરીઆદ કરવામાં આવે છે કે કેટલીએક ધર્મશાળાવાળાઓ પોતાના ભંડાર ખાતામાં તથા બીજા ખાતામાં પોતાની ધર્મશાળામાં ઉતરેલા યાત્રાળુઓ પાસે કેટલેક અંશે દબાણ કરી નાણા ભરાવે છે અને તેથી આડકતરી રીતે સમસ્ત હિંદુસ્તાનના જૈનોની પ્રતિનિધિરૂપ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને નુકશાન થાય છે, તેના તરફ પણ ઘટતું ધ્યાન આપવાની અગત્ય ધર્મશાળાવાળાઓ વિચારશે એમ આપણે ઇચ્છીશું.

દરેક યાત્રાળુને અને ખાસકરીને સામાન્ય સ્થિતિના યાત્રાળુને ખમવી પડતી હાડમારીનું ખ્યાન આપવાનો અત્ર પ્રસંગ નથી પણ જ્યારે વખતોવખત ફરીઆદ થતી જોવામાં આવે છે ત્યારે તેનું કારણ તપાસવાની તથા ચાલુ સ્થિતિ સુધારવાની લાગતાવળગતાઓની ફરજ છે તે કોઇથી ના પાડી શકાશે નહિ. પ્લેગ તથા અન્ય કારણોને લઇને યાત્રાળુઓ થોડાંએક વર્ષથી ઘણી મ્હોટી સંખ્યામાં ભેગા થતા નથી તેમજ ધર્મશાળાઓની સંખ્યા પણ વધતી જાય છે તેમ છતાં પણ યાત્રાળુઓને ફરીઆદ કરવાનું કારણ રહે છે તે ઘણુંજ શોચનીય કહી શકાય.

વળી જ્યારે બીજી બાજુ તપાસીએ છીએ ત્યારે એમ પણ જણાય છે કે ધર્મશાળાના માલેકો તથા તેમના નોકરોને પણ યાત્રાળુઓની બાબતમાં સેજ ફરીઆદ કરવાનું કારણ રહે છે. તેઓ પોતાને ઘેર જે જે પ્રકારની સગવડો હોય તેના કરતાં પણ વધારે સગવડની ઇચ્છા રાખતા જણાય છે. તેઓ યાત્રા કરવા આવે છે તેથી પોતાના આત્માનું કલ્યાણ કરવાનોજ મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ તે ભૂલી જઈ વિશેષ પ્રવૃત્તિમાં પડે છે અને ગમતમાં–આનંદમાં (આત્મિક નહિ) વખત ગાળવા લલચાય છે, તેથી કરીને સગવડ થઈ શકવાનો સંભવ છતાં અન્ય યાત્રાળુઓને પોતે રાખેલી ઓરડીમાં ઉતરવા દેતા નથી.

આ બધી ફરીઆદો દૂર થઇ શકે તેને માટે કેટલાએક અમલમાં મેલી શકાય તેવા ઉપાય સૂચવવાની, લાગતાવળગતાઓના ધ્યાન ઉપર લાવવાની જરૂર છે.

૧ પ્રથમ તો કોઇપણ યાત્રાળુએ કોઇપણ વખતે-પ્રસંગે ધર્મશાળાના ગુમાસ્તાને, નોકરને, માળીને કે ભૈયાને કાંઇપણ ઇનામ-ભેટ કે બક્ષિસ દાખલ આપવું નહિ, અને આપશે તો તે સંઘનો ગુન્હેગાર ગણાશે.-તે મતલબનું મ્હોટા અક્ષરવાળું બોર્ડ દરેક ધર્મશાળામાં મારવું જોઇએ.

૨ ભોયણીમાં રીવાજ છે તે મુજબ દરેક ધર્મશાળાની ઓરડીઓ ધર્મશાળાના મુનીમે તાળું વાસી બંધ નહિ રાખતાં ખુલ્લી રાખવી જોઇએ એટલે યાત્રાળુ આવે કે તરત વગર અગવડે વગર અથડામણે પોતાને ઉતરવાનું સ્થાન મેળવી શકે.

૩ દરેક ધર્મશાળામાં **વીઝીટર** બુક રાખવાની અનિવાર્ય આવશ્યકતા છે. ઉક્ત બુકમાં સામાન્ય યા પ્રતિષ્ઠિત દરેક યાત્રાળુ પોતાને નડેલી મુશીબતો અથવા કરવા યોગ્ય સુચનાઓ જરાપણ અચકાયો વગર લખી શકે. આ બુકમાં શરમને લીધે, નૈતિક હીમતના અભાવે પોતાના વિચારો કોઈ ન જણાવી શકે તો તેવાઓને માટે એક ધર્મશાળાની ફરીઆદ બાબતની શેરાબુક આપણી આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર રાખવી ઉપયોગની થઇ પડશે. અને આ વીઝીટર બુક તપાસવાની તસ્દી ધર્મશાળાના માલીકોએ અવશ્ય લેવી જોઇએ.

આ તકે અમોને અત્યંત હર્ષ સાથે જણાવવાની જરૂર જણાય છે કે કોન્ફરન્સ ઓફીસ તરફથી જે અરજીની નકલો ધર્મશાળાના માલેકો તરફ મોકલવામાં આવી હતી તે પૈકી બાબુ સાહેબ પન્નાલાલ પૂરણચંદની ધર્મશાળાના વહીવટ કરનારાઓ તરફથી ઘણોજ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો છે. અરજીમાં જણાવેલ જે બે સાધ્વીઓને ઉતારો મેળવવા મુશીબત પડી હતી તેજ સાધ્વીઓ પાસેથી પત્ર લખાવી મંગાવી કોન્ફરન્સ ઓફીસ તરફ મોકલી આપવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે પન્નાલાલ બાબુની ધર્મશાળામાં નીચેના કોઈ ઓરડાઓ ખાલી ન્હોતા તથા ઉપરના દિવાનખાનામાં સાધુઓ ઉતરેલા હતા. તેથી તેની સામેની ઓરડીમાં ઉતરવું અમોને ઠીક લાગ્યું ન્હોતું. તેથી પુસ્તકાલયમાં અમોને રહેવાનું કહેવામાં આવેલ ત્યાં અમે ઉતર્યા તથા આહાર પાણી કર્યા પણ ત્યાં રહેવાથી આશાતના થવાની બ્હીકે અમે બીજી જગ્યા પસંદ કરવા યોગ્ય ધાર્યું. વળી બાબુ સાહેબ તરફથી ભેટ-સોગાદ નહિ આપવાના સંબંધમાં બોર્ડ પણ મારવામાં આવેલ છે, તથા વીઝીટર બુક રાખવામાં આવી છે.

શેઠ જેઠાભાઇ નરસી કેશવજીએ પણ પત્રનો જવાબ સંતોષકારક આપેલ છે. આ ઉપરથી આપણે આશા રાખીશું કે અન્ય ધર્મશાળાવાળાઓ પણ ઉક્ત ગ્રહસ્થોની માફક ઘટતો બંદોબસ્ત કરવા પોતાથી બનતું કરશે, અને અનંતગણું પુણ્ય હાંસલ કરશે.

# જૈનોદય અને કોન્ફરન્સ.

ઉક્ત વિષય ઉપર મુનિરાજ મહારાજ શ્રી કેશરવિજયજી ગણિએ તા. ૨૧-૭-૦૭ ને રોજ લાલબાગમાં સેંકડો શ્રોતાજનો સન્મુખ ઘણાજ હૃદયભેદક શબ્દોમાં, પ્રાચીન તેમજ નવીન વીચારોના સંમેલનરૂપ, ચિત્ત આકર્ષક રીતે, અસરકારક ઉપદેશ આપ્યો હતો અને તેનો સવિસ્તર રીપોર્ટ અન્ય પેપરોમાં આવી ગયેલ છે તેમ છતાં પણ સ્થળસંકોચને લીધે તેમાંનો કેટલોએક ભાગજ આ માસિકના ગ્રાહકોના લાભ ખાતર આપવા જરૂર ધારીએ છીએ. મહારાજ શ્રીએ વ્યાખ્યાનની શરૂઆતમાં જણાવ્યું કે કોન્ફરન્સનો અર્થ વિચાર કરનાર મંડળ થાય છે અને તેમાં અગ્રેસરોએ મળીને જૈનોની આધુનિક તેમજ ભવિષ્યની સ્થિતિનો વિચાર કરવાનો છે ઉક્ત મંડળ પાંચ વર્ષથી થતાં તેમણે ઘણા વિચારો કર્યા છે તે આનંદ લેવા જેવું છે પરંતુ હવે તે પ્રમાણે વર્તન કરવાની આવશ્યકતા છે. કોન્ફરન્સે હાથ ધરેલી ઘણી બાબતો પૈકી કેટલીએકમાં વધારે અને વધારે સુધારો કરવા હજુ ઘણો અવકાશ છે. જ્યારે કોન્ફરન્સે સ્વીકારેલા દરેક સુધારા થશે ત્યારે જૈનકોમ-શાસનનો પ્રભાવ કેવો રમણીય થશે તે વિચારજ સર્વ કોઇને આલ્હાદ ઉત્પન્ન કરે તેવો છે પણ હજુ તે બધા વિચારો અમલમાં આવે તે પૂર્વે મારા વિચાર પ્રમાણે હાલ તરત કેળવણી વિષયક આપણી કોમના ઉધ્ધાર તરફ સંપૂર્ણ લક્ષ્ય આપવાની જરૂર છે. સર્વનો ઉદય કેળવણીના વધારા ઉપર ટકેલો છે. આત્માને અનુક્રમે મોક્ષ સુખ પર્યંત પ્હોંચાડી શકાય તે કેળવણીનો ઉદ્દેશ છે. શ્રી તીર્થંકર ભગવાન્ પણ સવિ જીવ કરૂં શાસન રસી, એ ઉદ્દેશ ધરાવતા હતા અને તે મુજબ જ્ઞાનને પ્રથમપદ આપેલ છે. મનુષ્યની ઉન્નતિ અને સદ્ગુણો-સદ્વર્ત્તનનો આધાર તેણે પ્રાપ્ત કરેલી કેળવણી ઉપરજ છે.

આપણો મુખ્ય ઉદ્દેશ કેળવણીથી મોક્ષ પ્રાપ્તિનો છે તે તરફ તમારૂં ધ્યાન ખેંચ્યાબાદ, આ વિષયના અંગે ગ્રહસ્થની સામાન્ય કેળવણી ઉપર હું બોલીશ. ગ્રહસ્થને ધાર્મિક તેમજ વ્યવહારિક કેળવણીની જરૂર છે પરંતુ જો તે પોતાના કુટુંબનું ગુજરાન નિવૃત્તિથી, સહેલાઇથી કરી શકતો હશે તોજ તે ધાર્મિક કેળવણીમાં મન જોડી શકશે. પૂર્વના પુણીયા શ્રાવકની પેઠે દુઃખી અવસ્થામાં, ધનહીન ગરીબ સ્થિતિમાં પણ ધર્મ તરફ પ્રીતિવાળો ભાગ ભાગ્યેજ નજરે પડશે માટે સામાન્ય આવક-ઉત્પન્ન દરેકને હોવું જરૂરનું છે. વળી જૈનબન્ધુ ભિક્ષુક નજ હોવો જોઇએ તેવું પ્રમાણવચન છતાં દીન હાલતમાં જૈન ભાઇઓને જોવામાં આવે તે ખેદની વાત છે. પેટ ભરવાના સાંસા પડતાં જૈનો અનીતિથી ઉદર નિર્વાહ કરે તે તેનાથી પણ અધમ સ્થિતિ છે અને તે સુધારવાની ખાસ જરૂર છે.

હું મારા અનુભવમાં આવેલી વાત કહું છે કે વિહાર કરતાં, જૈનોના આશરે વીશેક ઘરની વસ્તિવાળા એક ગામડામાં હું ગયો હતો. ત્યાં આખો દિવસ લોકોએ સારી વૈયાવચ્ચ કરી તથા વ્યાખ્યાન સાંભળવા આવ્યા પરંતુ રાત્રે પ્રતિક્રમણ કરવા ન આવવાથી તેના કારણની મેં ખાનગી તપાસ કરી તો જણાયું કે તેઓ સર્વેએ પ્હેરેલા લુગડાંજ તેમની માયા મુંડી હતી અને તેથી પ્રતિક્રમણમાં બદલવા જોઇતાં શુદ્ધ કપડાં અને કટાસણાં તથા મુહપત્તિના અભાવે તેઓ કોઇ આવી શકયા ન્હોતા. આ તમારા ભાઈઓની સ્થિતિ શું તમોને શરમાવતી નથી? કોઈ કોઇ સ્થળે તમારા સ્વામિભાઈઓને સવારના સવારે અને સાંજના સાંજે દાણા મેળવી લાવી નિર્વાહ કરવો પડે છે અને તેથી તેમની સ્ત્રીઓથી ઋતુપ્રાપ્તિના સમયે શુચિ પણ પાળી શકાતી નથી.

આ સઘળા સુધારા થવા માટે સૌથી પ્રથમ આર્થિક સ્થિતિ સુધારવાની આવશ્યકતા છે. તેવાઓને માટે તથા નિરાધાર બાળકોને માટે કોનફરન્સે માબાપ થવું જોઇએ છે. તેવા માણસો કામ કરવામાં સશકત હોય છે છતાં ધંધાની ગેરહાજરીથી અને પૈસાના અભાવે નિરાધાર દુખી જોવાય છે. કાઠીયાવાડ, મારવાડ, મેવાડ જેવા પ્રદેશોમાં હુન્નર ઉદ્યોગની મોટી ખામી છે માટે તે પ્રદેશના જૈન ભાઇઓને સુધારવાને હુન્નર ઉદ્યોગની શાળાઓ કાઢવાની જરૂર છે.

જોઈશું તો મીશનરીઓએ લાખો માણસોને સ્વધર્મ ભ્રષ્ટ કરી નાખેલાં છે પરંતુ ખરૂં જોતાં તેમાં તે દ્વેષને પાત્ર ઓછાં ગણાશે કેમકે તેમણે ખરી રીતે તો લાખો જીવોને બચાવ્યા છે અને તેથી તેના આશ્રિતો તેના ધર્મમાં મળે તો તેમાં ખરી રીતે દોષને પાત્ર કોણ છે તે બહુ ગુંચવણ ભરેલો પ્રશ્ન છે. આવી રીતે આજીવિકાની ખામીથી હજારો તમારા સ્વામિભાઇઓ પણ પતિત–ધર્મભ્રષ્ટ થઈ જાય છે. તમારી ફરજ પણ હાલ જે છે તેઓને ટકાવવાની તથા વધારે જૈનો ઉત્પન્ન કરવાની છે પરંતુ ટકાવવાનો સવાલ છે ત્યાં આગળ વધારવાની તો આશા કયાંથીજ હોય?

કોન્ફરન્સે જીર્ણોદ્ધારનો વિષય લીધો છે, તે જરૂરનો છે, તે ખરી વાત છે, પરંતુ પ્હેલાં શ્રાવક વર્ગને સુધારવાની જરૂર છે. દર્શન કરનાર નહિ હોય તો જીર્ણોદ્ધાર કરેલ અથવા નવા નવા દેરાસરોની દેખરેખ કોણ રાખશે? તે વિચારવાનું છે.

સ્વામિવત્સલ કરવું તે શ્રીમંતોની ફરજ છે ખરી, પરંતુ તેનો અર્થ નોકારશી કરી જમાડવામાંજ નથી. અભયદેવ સૂરિએ પોતાના સ્વામિવાત્સલ્ય પ્રકરણમાં કહેલ છે કે સ્વામિભાઇઓના ઉપયોગમાં પોતાનો પૈસો, વિજ્ઞાન અને સામર્થ્ય વાપરે તેજ શ્રાવક કહેવરાવવાને ખરો હકદાર છે. આ પૂર્વાચાર્યોનાં વચનો અને સ્વામિવાત્સલ્યના બતાવેલા માર્ગ તરફ હવે લક્ષ્ય ખેંચવાની જરૂર છે. સ્વામિવાત્સલ્ય પ્રસંગને અનુસરતુંજ જોઇએ. અત્યારના સમયને ઓળખી સીજાતા સ્વામિભાઇઓને સમાન કરવા યત્ન કરવો જરૂરનો છે.

કાળ કામનું કામ કરે છે. સમય વર્તી ચેતવાની જરૂર છે. એક વખત નવા દેરાસરની જરૂર હતી પરંતુ અત્યારે ગરીબ વર્ગને સુધારવાની જરૂર છે.

જેઓ લીલોતરીના સેવનમાં દોષ ગણે છે તેજ જૈનો પોતાની પ્યારી પુત્રીઓને વેચી મારે છે તે તેમની ગરીબાઇનુંજ કારણ છે અને કદાચ તેવી સ્થિતિ ચાલુ રહેવા દઇશું તો પછી તેઓ પોતાનાં સ્ત્રી પુત્રોને પણ નહીં વેચે તેની ખાત્રી શું ? આ વચનો મને તેમની દુખી સ્થિતિથી થતા ખેદને લીધે બોલવા પડે છે તે માટે દીલગીર છું. તમો વેપારધંધાની રીતિમાં પણ અજ્ઞાન, ઇર્ષ્યાળુ તથા ગાડરીયા છો અને એકની પાછળ બધા ઉતરી પડી, જોકે તેમાં પાયમાલ થતા જાઓ છો તોપણ બીજા ધંધાના અભાવે તેમાંજ ભમ્યા કરો છો તે રીત સુધારવાની જરૂર છે.

સીજાતા ભાઇઓને તમે પૈસાવાળાઓ બધું આપીધો તેમ મારૂં કહેવું નથી પણ તેમને માર્ગે-રસ્તે ચઢતાં તો શીખવવુંજ જોઇએ. આવો ઉપદેશ ગ્રહસ્થ આપે તે વધારે ઠીક છે કેમકે અમારો તે આચાર નથી પરંતુ આવી જૈનોની સ્થિતિ માટે મને લાગી આવતાં અને લાખોની સખાવત છતાં, તેની તેજ સ્થિતિ જોઇએ છીએ એટલે આટલું બોલવું પડે છે.

મુંબઈમાં સાઠ ઇંચ વરસાદ પડેલો છે. પરંતુ જો તે ગુજરાત કચ્છ કાઠીઆવાડમાં વહેંચાઈ ગયો હોત તો કેટલો બધો લાભકર્તા થઈ પડત. કેમકે અત્રે પડેલો સાઠે ઇંચ વરસાદ ઉપયોગી થયો નથી. તેવી રીતે તમારી સખાવતોનો પ્રવાહ બહુજ મોટો છે પરંતુ તે ઘણી વખત ધોરણ વગર અથવા અસ્થાને થતાં તેનો જોઇએ તેટલો લાભ દેખાઈ શકતો નથી.

મારો આચાર નથી. છતાં પ્રસંગને લઇને કહેવું પડે છે કે એક ઉદ્યોગશાળા કાઢવાની ખાસ જરૂર જોવા સાથે તમારા ભાઇઓને અર્થ સાધ્ય કરતા બનાવી ધાર્મિક કેળવણીની સગવડ કરવી જોઇએ છે કે જેથી અર્થની ગેરહાજરીએ હજારો જૈનો ધર્મભ્રષ્ટ થયા છે તે અટકે. યાદ રાખવું કે એવી રીતે એક માણસ પોતાની ગરીબીમાં ચોકસ ખાતાની મદદથી આગળ વધી સારૂં કમાતો થશે તો તે તે ખાતાનો ઉપકાર કદી પણ ભુલશે નહિ. તમે સાંભળેલ હશે કે એક તેવી ગરીબને શિક્ષણ આપનાર સંસ્થાની મદદથી આગળ વધેલ અમેરીકને પોતે પેદાગરૂ થતાં લાખો રૂપિયાની મદદ કરી હતી. અત્રે હિંદુભાઇઓ માટે તેવી એક ઓરફનેજ છે. તમારે માટે તેવી સગવડ ન હોવાથી ઘણાં જૈનબચ્ચાં ત્યાં જતાં હશે પરંતુ તેમાં તેને તમારૂં ધાર્મિક શિક્ષણ ન મળી શકે તે બનવાજોગ છે.

તમારા ઉદયને માટે બીજી જરૂર સંપની છે. એક ગામમાં વહોરા અને વણિક વચ્ચે કજીઓ થતાં મેં જોએલ. તેમાં વણિકનો વાંક નહિ છતાં વહોરાની આખી કોમ તેના જ્ઞાતિભાઈની મદદે દોડી વણીકને ખોખરો કર્યો પરંતુ તે વખતે પાસેજ ઊભેલા વણિકોએ જોવામાં આનંદ માન્યો હતો. આ તમારી દયા કે નિર્દયતા ? પારસી અને

નાગર વિગેરે કોમમાં એક સંપ હોવાને લીધે તેઓ પોતાના ધંધા ઉદ્યોગ કે સત્તાનો લાભ પોતાના જાતિભાઈઓને ખાસ કરી આપવાને કાળજી રાખે છે ત્યારે તમારામાં તેવું જાત્યાભિમાન કયાં છે અને જ્યાંસુધી જાતિનું તેમજ ધર્મનું અભિમાન નથી ત્યાંસુધી તમારો ઉદય પણ દુર છે તે નક્કી સમજવું. એક જૈની તરીકે તમોને એકેં-દ્રીથી પંચેંદ્રી સુધીના સર્વે જીવોપર પ્રીતિભાવ રાખવાની શાસ્ત્રથી ફરજ છે પરંતુ અત્યારે અલ્પેંદ્રી વર્ગને જવા દઈએ તોપણ તમારા પંચેંદ્રી મનુષ્યવર્ગ અને તેમાં પણ તમારા ધર્મબન્ધુ ઊપર પણ તમારી પ્રીતિ નથી તે કેવી ખેદની વાત છે?

ટુંકમાં કેળવણીમાં પ્રવર્તતાને તેમાં સહાય આપવાની અને ફરજીઆત રીતે દરેકને કેળવણીમાં વધારવાની જરૂર છે આજકાલ ઠેકઠેકાણે પાઠશાળાઓ ખોલાય છે, પરંતુ ત્યાંના નિવાસીઓને પેટ પુરવાના સાંસા હોવાને લીધે તે તુર્તમાં બંધ થાય છે કારણ એટલુંજ કે તેવા પ્રસંગમાં બાર વરસના બાળકને પણ કમાવાની ફીકર થઈ પડે છે.

આપણે કન્યાવિક્રય ન કરવા, દાડો ન કરવા, અને રડવા, કુટવાનું બંધ કરવા જે શિખામણ દેવી પડે છે તે પણ જો કેળવણી તરફ ધ્યાન દઈશું તો પછી દેવાની જરૂર રહેશે નહિ.

આપણે સહુ કોન્ફરન્સ છીએ પરંતુ ઘણીવાર વાદવિવાદ અને હોંસાતોંસી કરવાથી તે ઠીક થતું નથી. સહુએ સર્વ કામ પોતાનું ગણી બને તેટલું કરતાં શીખવું જોઇએ. ખુશી થવા જેવું છે કે પાલીતણામાં બાલાશ્રમ ખોલવામાં આ-વેલ છે. આ તકે કહેવું જોઇએ કે, તેનું નામ બદલી ઉદ્યોગશાળા નામ રાખવામાં આવે તો વધારે ઠીક થઈ પડશે અને તેમાં ઉદ્યોગનું શિક્ષણ મળવાથી તેના આશ્રિતો માર્ગે ચઢી શકશે અને તેવી રીતે માર્ગે ચડી તેનો બદલો આપશેજ. વળી તેવા ખાતાની શાખા મુંબઈ જેવા ઉદ્યોગી શહેરમાં રાખવામાં આવે તો વધારે લાભ થાય. વળી તે ખાતાંને અનુક્રમે જૈનો અને પછી સર્વને માટે ઉપયોગી બનાવવું જોઇએ છીએ કેમકે શાસ્ત્રાજ્ઞા પ્રથમ મનુષ્યનો અને પછી જાનવરોનો બચાવ કરવા ફરમાવે છે.

# હવે તો ચેતો..

ઉકત વિષય ઉપર તા. ૨૮-૭-૦૭ ને રોજ કોટમાં આવેલા ભેસાનીયા બીલ્ડીં-ગમાં પ્રસિદ્ધ વકતા મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજીએ જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. તેઓશ્રીએ હાજર રહેલા શ્રોતાજનોની લાગણીને, પોતાના છટાદાર ભાષણથી તથા અસરકારક શબ્દોથી અને મર્મભેદક વાકયોથી એટલી બધી ઉશ્કેરી હતી કે

મહારાજશ્રીનું ભાષણ ખતમ થયા બાદ અર્ધા કલાકમાંજ જૈન એજ્યુકેશન ફંડની સ્થાપના કરવામાં આવી હતી અને લગભગ પંદર હજાર રૂપૈયા ફંડમાં ભરાઈ ગયા હતા. સ્થળસંકોચને લીધે ભાષણનો માત્ર થોડોએક ભાગ સમસ્ત જૈન પ્રજાગણમાં પ્રસિદ્ધિ પામે તે હેતુથી આપીએ છીએ.

મહારાજ શ્રીએ મંગળાચરણ કર્યા બાદ શરૂઆતમાં પ્રાચીન જાહોજલાલીના સમયના શાસનોન્નતિકારક, પ્રભાવશીલ મહાપુરૂષો જેવા કે વજસ્વામી, સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિ, યશોવિજયજી વગેરેના જીવન વૃતાંતોમાંથી બોધ લેવા લાયક સૂચનાઓ કરી હતી. તેઓ શ્રીએ જણાવ્યું કે એક વખત જ્યારે દુકાળ પડયો તે વખતે છતે પૈસે સંઘ દુખી થવા લાગ્યો ત્યારે વજસ્વામિ વિદ્યાના બળથી વસ્ત્રપટ ઉપર આખા સંઘને જ્યાં સુકાળ હતો ત્યાં લઈ ગયા. તેઓ સમજતા હતા કે દેરાસર ભલે અત્યારે બંધ રહો પણ દેરાસરવાળા નહિ હોય તો દેરાસર શા કામના છે? મુનિઓ પણ જૈન સંઘને માટે આવી રીતે પ્રયત્નશીલ રહેતા હતા.

ઋષભદેવ સ્વામિએ ભરતને એમ સમજાવ્યું હતું કે સદાને માટે તું સંઘભક્તિ કર અને તેથી ભરત ચક્રવર્તીના રાજ્યમાં અને તેની આઠ પાટ સુધી શ્રાવકોની વિવેકપૂર્વક ભક્તિ કરવામાં આવી હતી.

પૂર્વે જે તીર્થંકરોએ સંઘ કાઢવામાં તીર્થંકર નામ કર્મ બાંધવાનું કહ્યું છે તે હાલના કાલ પ્રમાણે જે સંઘ કાઢવામાં આવે છે તેમ નહિં પણ જેઓ ઘણા દૂર રહેતા હોય અને સાધન વગરના હોય તથા તીર્થે જઇ જાત્રા કરી શકે તેમ ન હોય તેને માટે સંઘ કાઢવામાં આવતો હતો. આજે તો રેલવેમાં બેસાડી લાખો રૂ.નું ખર્ચ કરવામાં આવે છે, તે તીર્થંકરોના ફરમાન પ્રમાણે સંઘ કાઢયો કહેવાય નહિ.

વળી હાલ તો જે સંઘવી થાય છે તે એક વખત તો હજારો રૂ. ખરચી નાખે અને પછી એક પૈસો પણ ગરીબ જૈનને આપે નહિ. માટે સંઘપતિ થાય તેમણે તો હમેશાં થોડા ઘણા સંઘપતિ રહેવુંજ જોઇએ. અગાઊ તો પરિચયથી જેઓને નિરાશ્રિત જાણતા તેઓના તરફ હમેશને માટે સંઘપતિ રહેતા હતા.

આપણા ઘરમાં જે અનાજની કોઠી ખાલી હોય તે ભરવાને આપણે પ્રયત્ન કરીએ છીએ તેવી રીતે આપણામાં સાત ક્ષેત્રરૂપ સાત કોઠી છે તેમાં હાલ એક ભંડારરૂપ કોઠી ભરેલી દેખાય છે. બાકી બધી ખાલી જણાય છે. તમે કહેશો કે ત્યારે શું હવે આપણે દેરાસરમાં પૈસા નહિ વાપરવા? તો તેઓએ જાણવું કે હાલ તમારે દેરાસર સાચવવા કરતાં દેરાસરવાળાને સાચવવાની વધારે જરૂર છે.

હમેશાં વર્તમાન કાળનેજ માન અપાય છે આગળ લાખો દેરાસરો હતા અને કરોડો પ્રતિમાની અંજનશલાકા થતી હતી. ત્યારે કોઈ કહેશે કે હાલ તમે કેમ ના પાડો છો? પણ સમજવું જોઇએ કે હજારો દેરાસરો હતા તો લાખો અને કરોડો જૈનો પણ હતા. હેમચંદ્રાચાર્યના સામૈયા વખતેજ પાટણમાં અઢારસો લક્ષાધિપતિ

હતા. ત્યારે ત્યાં ત્રણસો દેરાસર વધારે કહેવાય નહિ. પણ હાલની સ્થિતિ ત્યાં એક પણ દેરાસર વધે તો તે ભારભૂત થઈ પડે તેમ છે. આગળ પૈસો જમીનમાં રહેતો, હાલ બેંકમાં મુકાય છે. તેથી તમો વર્તમાનકાળ વ્યવહારમાં જાણો છો પણ ધર્મમાં વર્તમાનકાળ જોતા નથી. હાલ અમુક વખતના સંઘપતિ થવાની જરૂર નથી, નવા દેરાસરો કરાવવાની જરૂર નથી, પણ સંઘની ભકિત કરવાની જરૂર જણાય છે. હજારો દેરાસરોથી દેરાસરવાળા થઈ શકશે નહિ પણ દેરાસર-વાળાઓથી હજારો દેરાસરો થઈ શકશે. માટે હાલ તો શ્રાવકોને સાચવવાની જરૂર જણાય છે. પર્યુષણ જેવા દિવસોમાં ગામોગામ સંખ્યાબંધ જમણવાર થાય છે. એ ચાર દિવસના જમણવારમાં આખા સંઘનો હિંદુસ્તાનમાં કેટલો પૈસો વપરાય છે? તેનો તમે ખ્યાલ કરી લેજો. આ સંવત્સરીના જમણવાર પછી બીજે દિવસે જેને રોટલો અને દાળ નથી મળતા તેને માટે આવી જમણવાર ન કરતાં હમેશાં જમતા કરવાની જરૂર છે. શ્રાવિકાઓને વીશી કરીને અને દળાણું દળીને પેટ ભરવાનો વખત આવી ગયો છે. માટે હવે તે તરફ નજર કરવાની જરૂર છે.

પાલીતાણામાં ચારસો પાંચસો નવાણું યાત્રા કરનારા હોય છે. તેઓની એક તરફ જાત્રા થાય છે અને બીજી તરફ નવાણુંની ટોળીઓ જમેછે. નવાણું જાત્રાવાળા સિવાય બીજાઓ પણ તેમાં ભળે છે. તેથી ઓછામાંઓછા સાતસો આઠસો માણસ એક વખતની ટોળીમાં જમે છે. હવે સાતસો માણસની રોજની જમણવાર ગણતાં સો ટોળીનો જે ખર્ચ થાય તે રૂપીઆ જો ગરીબ જૈનોને માટે વાપરવામાં આવતા હોય તો તેથી કેટલો લાભ થાય?

જેઓ પાલીતાણે જાય છે તેઓ ભિખારી થઇને બેઠેલા વાઘરી ભીલ વિગેરેને પણ જમાડે છે પરંતુ જૈનોનાં છોકરાંને ભણવાના કાગળ કે પેનસીલ પણ મળતા નથી તેની સંભાળ લેતા નથી.

ઉજમણામાં પૂઠીઆ ચંદ્રવામાં હજારો રૂા. ખરચે છે અને જ્ઞાનના ડબા ખાલી મુકે છે. કરે છે જ્ઞાનનું ઉદ્યાપન અને જ્ઞાન જુઓ તો કાંઈ મળે નહિ. જર્મન સીલ્વર અને ત્રાંબા પીતળના વાસણો વીગેરે સંખ્યાબંધ મુકાય છે. અને તે દેરાસરમાં આપવાથી પરીણામે તેની હરરાજી થાય છે. કચ્છના દેરાસરમાં અકેક ઊપાશ્રયમાં લાખો રૂા.ના ચંદ્રવા પુઠીઆના પટારા ભરેલા છે એમ સાંભળવામાં આવ્યું છે. પણ હું કહુછું કે જ્યાંસુધી ચંદ્રવા પુઠીઆ નીચે બેસીને ઉપદેશ આપનારા તૈયાર થયા નથી ત્યાંસુધી તો મુંગા માણસને શણગારવા જેવું થાય છે. ઉજમણામાં આટલેથી અટકતું નથી પણ તેની આખરે પૂર્ણાહૂતિ થતાં નોકારસીમાં પણ હજારો રૂા. યશને માટે ખરચાય છે અને કહેવાય છે એમ કે જ્ઞાનનું ઉદ્યાપન કર્યું! જો તમારે જ્ઞાનનું ઊદ્યાપન કરવું હોય તો એવો

નિશ્ચય કરો કે મારે એક માણસને જ્ઞાની કરવો, ખુબ ભણાવવો, અથવા એક જૈન પુસ્તકનો ભંડાર કરવો. તેજ ખરૂં જ્ઞાનનું ઉદ્યાપન કહેવાય. ખરૂં કહીશું તો તીર્થંકરના વચનજ આપણને ઉપકારી થયા છે છતાં તે વચન જ્યાં લખેલા છે તે પુસ્તકો સડે છે અને તેનો નાશ પણ થતો જાય છે તેથી જ્યારે કાંઇ બાબતનો ખુલાસો નથી મળતો ત્યારે કહીએ છીએ કે અમારા શાસ્ત્રોનો વિચ્છેદ થઇ ગયો છે. કેટલી શરમની વાત છે? છતાં હવે પણ ચેતો અને જે વચનો શાસ્ત્રરૂપે રહ્યાં છે તેની તો સંભાળ કરો.

લહીઆ તરીકે દર વરસે દશ હજાર રૂા. મારવાડી બ્રાહ્મણો લઇ જાય છે. તેઓ લખવાનું કામ કરે છે પણ શુદ્ધાશુદ્ધ તેઓ કયાંથી જાણતા હોય? તેવીજ રીતે પાત્રા, તરપણી, પુંઠીઆ વગેરેનો પૈસો કાંતો મોચી, મુસલમાન, સુતાર પાસે જાય છે પણ જો આવાં હુન્નર તમારા ગરીબ જૈનોને શીખવવામાં આવ્યા હોય તો હજારો રૂા. તમારા જૈનોમાંજ રહે અને ગરીબ જૈનોને માટે ટીપ કરવાની જરૂર ન રહે. આપણા ગરીબ જૈનો આગેવાનપર આધાર રાખે છે પણ હવે સાર્થવાહો રહ્યા નથી કે જે હજારોને લઇને વ્યાપાર કરાવતા. માટે દરેકે ભિખારીની ટેવ મુકી પોતાની શક્તિ પ્રમાણે પ્રવૃત્તિ કર્યા કરવી. તોજ તમારી ઉચ્ચ દશા થશે. અત્યારે તો પ્રથમ શ્રાવકોદ્ધાર, બીજો જ્ઞાનોદ્ધાર, અને ત્રીજો જીર્ણોધ્ધાર, એ ક્રમથી ત્રણ ક્ષેત્રોમાં દ્રવ્યવ્યય કરવાની જરૂર છે જ્યારે આ ત્રણે કોઠીઓ ભરાઈ જાય ત્યારે પછી બીજી ભરેલી કોઠી તરફ નજર કરજો.

શ્રાવકોનો ઉદ્ધાર નહિ થાય તો ચતુર્વિધ સંઘની ન્યુનતા તમારી નજરે જોશો અને તેથી તમારા જૈન ધર્મનો નાશ કરનારા તમેજ કહેવાશો. કેમકે ધર્મીનો નાશ થવાથી ધર્મનો નાશ આપોઆપ થઇ જાય છે. વિચારો કે જો શ્રાવક નહિ હોય તો સાધુ સાધ્વી શ્રાવિકા કયાંથીજ હોઇ શકે? હવે તો દરેક માણસે નિશ્ચય કરવો જોઇએ કે પોતાની પેદાશમાંથી અમુક ભાગ શ્રાવકના ઉદ્ધારમાં વાપરવો. જો બધાઓનો આવો વિચાર થાય તો બે ચાર વરસમાંજ શ્રાવકોદ્ધાર થઈ જાય અને કન્યાવિક્રય વિગેરે ચાલનો અટકાવ આપોઆપ થઈ જાય.

શ્રાવકોદ્ધારમાં હુન્નરનો પ્રચાર થવાની જરૂર છે પણ હુન્નર ઉદ્યોગશાળા કરવામાં લાખો રૂા. નો ખરચ સમજી લોકો તેમાં અટકી જાય છે પરંતુ નાના પાયાપર ઉદ્યોગશાળાઓ ખોલવામાં આવે તો હજારો મદદ કરનારા પાછળથી મળી આવે અને તેજ ઉદ્યોગશાળા મોટા પાયાપર થાય. જેઓ આ કાર્ય કરવાને તૈયાર હોય તેને પૈસા આપવાવાળા ઘણા મળી શકે છે. માટે જો હુન્નર ઉદ્યોગશાળાઓ થાય તો તે દરેકમાં કેટલા જૈનોને આધાર મળે તેનો વિચાર કરો. મને ખાત્રી છે કે આ શરૂઆત અહીંથીજ થશે.

જ્ઞાન બે પ્રકારનું છે. (૧) વ્યાવહારિક જ્ઞાન અને (૨) ધાર્મિકજ્ઞાન. આ બંને જ્ઞાનનો ઉદ્ધાર થવાની જરૂર છે. લાખો રૂા.થી જે કામ નહિ થાય તે વિદ્યાથી

થઇ શકશે. બીજી જ્ઞાતિવાળા ધારાસભામાં દાખલ થયા છે ત્યારે તમારા જૈનીઓને તેની ગંધ પણ નથી. તમારાપર કેવા કેવા આક્ષેપો થયા છે તે તમો જાણો છો? છતાં હજુ તમે ચેતતા નથી. એક અમેરીકન વિદ્વાને જૈન ધર્મપર આક્ષેપ કરેલો છે તે તમે જાણો છો છતાં કાંઇ પ્રયત્ન કરતા નથી. તમે જૈનો ક્ષમાના સાગર એટલે એમજ માની બેસી રહોછો કે જે કરશે તે ભરશે પણ એ તમારૂં સત્વહીનપણું બતાવી આપે છે.

જૈનોમાં હાલ એવો કોઇપણ ગૃહસ્થ વિદ્વાન નથી કે જે કોઇપણ અન્ય વિદ્વાન સાથે અર્ધો કલાક પણ વાદવિવાદ કરે અને જય મેળવે. વિદ્યાભ્યાસ કરી શકે તેવા તો ઘણા છે પણ ખાવાને અન્ન ન હોય તો તેઓ ધંધો કરે કે વિદ્યા સંપાદન કરે? વીરબાઇ પાઠશાળામાં મેં નજરે જોયું છે કે નૈયાયિક શાસ્ત્રી પવન ઉડાડે છે અને વ્યાકરણ શાસ્ત્રી વા ખાય છે. ભણનારા કોઈ મળે નહિ માટે ભણનારા તૈયાર કરો કે જેથી એકમાંથી અનેક વિદ્વાન થઈ જાય. શ્રીમદ યશોવિજયજી જેવા પંડિત કાળ કરી ગયા કહેવાય છે પણ તેમ શા માટે થવું જોઇએ? બીજા યશોવિજયજી આપણી નજરે કેમ ન પડે?

પજુસણમાં જ્યાં દશ દશ મણનું ચુરમું જોતું ત્યાં ચાર ચાર મણના ચુરમાથી ઉકલે છે. આથી સમજશો કે હજારો જૈનો લીંગાયતી વૈષ્ણવ અને સ્વામિનારાયણ થઈ ગયા છે માટે હવે નહિ ચેતો તો તમારૂં માન જળવાશે નહીં. હાલ પણ તમારૂં થોડુ ઘણું માન છે તે તમારા પોતાને લીધે નથી પણ તમારા પુર્વજોના પરાક્રમથી છે.

સાધુઓના માનમાં તમો હજારો રૂા. ખરચો છો તેને બદલે તેમને અભ્યાસ કરાવવામાં ખરચો. કારણકે સાધુઓને સારૂં લગાડવાને માટે તેમના સામૈયા વગેરેમાં ખર્ચ કરવા કરતાં જ્ઞાન નિમિત્તમાં ખર્ચ કરવો વધારે લાભકારક છે.

આપણામાં કોઇપણ ખાતાનો વિનાશ થતો હોય તો તેનું કારણ માત્ર અવ્યવસ્થાજ હોયછે. આપણે એમ સમજ્યા છીએ કે કોઇપણ ખાતાનો અધ્યક્ષ પૈસાદારજ જોઇએ. કારણકે બીજા પૈસા ખાઈ જાય પણ એ આપણી ભુલ સુધારવી જોઇએ. અને લાયક, કાર્યદક્ષ, બાહોશ અને પ્રમાણિક હોય તેમના હાથથી કાર્યની વ્યવસ્થા થવી જોઇએ. પણ નામના ભુખ્યા આગેવાનો યોગ્ય નરો છતાં પોતાની મોટાઇને લીધે યોગ્યના હાથમાં આ ખાતાઓ મુકતા નથી. માટે તેવા નરોને તમો ઉંચ સ્થિતિએ લાવો અને જેની ભુલ હોય તેને ખુણામાં બોલાવીને કહો. આપણામાં કામ કરનારા યોગ્ય નરોની ખોટ છે અને વળી જે જુજ નરો છે તેની કદી કાંઇ ભુલ થાય તો તે વાત્સલ્ય ભાવથી દુર કરી શકાય છે માટે તેવા નરોને ઊતારી પાડી કાર્ય કરતાં અટકાવવાની જે નિંદનીય ટેવ આગેવાનોમાં જડ ઘાલીને બેસી ગઈ છે તે હવે ઉખેડી નાખવાની જરૂર છે અને જો એ ટેવમાં સુધારો નહિ થાય તો ભવિષ્યમાં પૈસા આપનારા મળશે પણ કામ કરનારા મળી શકશે નહિ.

ઈર્ષાને લેઇને અમુક તરફથી થતું પવિત્ર કાર્ય પણ સુધારવાને બદલે બીજાઓ તે કાર્યથી દુર રહી ઉલટા બગાડવાને તત્પર થાય છે.

જેમ એક વખતે એક ગૃહસ્થે સુંદર ગાય ચાર બ્રાહ્મણોને દક્ષિણામાં આપી હતી; આ ચાર બ્રાહ્મણો પૈકી એકે એવો નહિ હતો કે જે બીજા ત્રણને યોગ્ય બદલો આપી ગાયને સ્વતંત્ર સ્વાધીન લઇ શકે તેથી તેઓએ એવો નિશ્ચય કર્યો કે આ ગાયને હમેશાં અકેક જણાએ પોતાના ઘરે રાખી દોઇ પીવી, અને સાચવવી. આ ઉપરથી એક બ્રાહ્મણ ગાયને પોતાના ઘરે લઇ ગયો અને દોઇને વિચાર કર્યો કે હવે જે કાંઈ હું ખોરાક આપીશ તેનો લાભ બીજો લઇ જશે માટે મારે શા સારૂ તેને કાંઇ ખાવા આપવું જોઇએ? તેથી ગાયને ભુખી બાંધી રાખી અને બીજે દિવસ બીજાને લઇ જવા દીધી. તેણે પણ ફકત દોવા સીવાય ગાયની બીલકુલ સારસંભાળ કરી નહિ કેમકે તેને પણ બીજો લાભ લઈ જશે તેવો વિચાર થયો. અનુક્રમે ચારે બ્રાહ્મણે ફકત ગાય દોવાનોજ પોતાનો હક વિચાર્યો પરંતુ તેના રક્ષણની ફરજ જોઇ શકયા નહિ તેને પરિણામે ગાયનું મૃત્યુ થયું.

આ દ્રષ્ટાંતથી તમો જોઇ શકશો કે આપણી હાલની સ્થિતિ એવી દેખાય છે. એક જૈન ધર્મરૂપી ગાય આપણ સૌ બ્રાહ્મણને મળી છે પણ તેનો ધણી કોઇ નહિ. આ ખાતું તો અમુક સાચવે છે માટે મારે શા માટે તેનો વિચાર કરવો જોઇએ?. એમ બધાઓ એક બીજાની ઈર્ષાથી અનેક ખાતારૂપ ગાયને કોઇપણ ચારો આપતું નથી પણ જો તે બ્રાહ્મણ વિચારે કે જો ગાય જીવતી હશે તો પાંચમે દીવસે મારે ત્યાં આવશે, તેમ તમારે વિચારવું જોઇએ. કોઇપણ એક ખાતાનો વિનાશ થાય તો તેમાં તમારા સ્વાર્થનોજ વિનાશ થાય છે એમ સમજવું કારણકે એમાં તમારૂં બધાનું હિત સમાએલું હોય છે.

અત્યારે જૈનીઓ ઓછા થાય છે અને દેરાસર અને ધર્મશાળા વધતી જાય છે પણ જૈનીઓની ગરીબાઇનો વિનાશ થવો જોઇએ અને તેમ થવા માટે જ્યાંસુધી જ્ઞાનોદ્ધાર શ્રાવકોદ્ધાર અને જીર્ણોદ્ધાર નહિ થાય ત્યાંસુધી દીવસે દીવસે તમારી અવનતિ થશે. માટે જ્યારે એને માટે પ્રયત્ન થશે ત્યારેજ તમે ચેત્યા, વિચારયુકત થયા એમ કહેવાશે અને તેથીજ હું કહું છું કે હવે તો ચેતો.

# कोन्फरन्सनुं बंधारण.

आपणी जैन कोन्फरन्स पांच वखत मळी. तेनाथी सीधी रीते अने आडकतरी रीते अनेक प्रकारना लाभ थया. खसुस करीने लोकोना मानासिक विचारक्रममां तेणे जे अदभुत फेरफार कर्योछे ते अकथ्यछे, महान छे अने लांबे अंतरेज तेनुं महत्व समजी शकाय तेवोछे. आंग्ल भौमोना संबंधने परिणामे देशना युवकोने जे केळवणी मळी ते संस्कारना संसर्ग पछी पोते कोणछे, केवा स्थितिमां छे ? पोतानी फरज शुं छे ! राष्ट्रीय अथवा तेथी ओछा पण देश के कोमना सामान्य वधारा माटे पोते शुं करी शके तेमछे ? विगेरे विगेरे अनेक प्रश्नो उठ्या अने तेने लीधे एक प्रकारनो चळवळाट आखा देशमां चाल्यो. आ चळवळाटने शुद्ध वलण आपवानी जवाबदारी पाछी तेज वर्गपर रही अने ते चळवळाटनुं परिणाम ते आपणी कोन्फरन्स छे. पूर्व पश्चिमनो संयोग थया पछी तेनुं स्वाभाविक परिणाम आववुं जोईऐ ते आ कोन्फरन्स छे अने पाश्चात्य उग्र केळवणी अने पूर्वनी सात्विक केळवणीनुं ते संगम स्थानछे. ज्यारे कोई पण देश अथवा कोम फेरफारना समयमां transitional period मां होयछे त्यारे तेना आगेवानोने माथे बहु सखत फरज रहेछे. गंभीर विचार करीने जे कार्य रेखा तेओ दोरे तेपर आखी कोमनुं भविष्य लटकेछे. जैन कोम अत्यारे ते स्थितिपर छे. वीर परमात्मा अने ते पहेलाना जुना संस्कार अने तेने संप्रदायथी जाळवी राखनारा साधुओनी सत्ता, बीजी बाजुऐ पश्चिमना नविन विचारो अने मध्यकाळना याहोम करनारा साहासिक विचारो ए सर्वनी वच्चे रही मध्यस्थ तरीके काम करनार कोन्फरन्स बहु उपयोगी मंडळ छे. ए जे वलण लेशे तेनापर कोमना भविष्यनो आधार रहे तेवुं छे तेथी तेना पाया मक्कम करवा माटे तेना बंधारण पर विचार करवानी बहु जरुर छे. आपणी कोममां हालना समयमां थयेला केटलाक कार्योने लीधे आपणापर सामान्य आक्षेप आवेछे के आपणे शरुआत करवामां बहु शुरवीर छीए, परंतु छेवट सुधी पहोचवा माटे जे धीरज अने खंत जोईए ते आपणामां नथी. आ हकीकत सर्वांशे सत्य नथी अने क्वचित सत्य लागेछे. तेनुं कारण दरेक काममां आपणे विचार करी बंधारण करता नथी अने मुश्केली आवे त्यारे **स्वात्मभोग** आपता नथी ते जणाय छे. कोन्फरन्सनुं बंधारण मुकरर थाय तो आ स्थिति आवे नहि ए चोकस लागे छे. आ सवाल श्री भावनगरना मेळावडा वखते सारी रीते चर्चाववानी जरुर छे, कारणके बंधारण वगर अनेक प्रकारनी मुश्केली उभी थाय छे. आ बहु अगत्यना विषयपर कांइक प्रकाश पाडवानो अत्र उद्देश छे.

प्रथम सेक्रेटरीनी नीमणुक अने तेओए शुं कार्य करवुं जोइअे तेने माटे योग्य निर्धार करवो. ए सर्वथी वधारे उपयोगी सवाल छे. अत्यार सुधी कोमना आगेवानो अने बहुधा शेठीआओने ते पद आपवामां आवे छे. आ पद्धतिमां सहज फेरफार थवानी जरुर लागे छे. सेक्रेटरीनी नीमणुक दरेक वरसे थवी जोइए अने ते थाय छे. पण तेमां काम न करनार नामो न जोइए. हालना नामोमां कोइपण सेक्रेटरीने दुःख लगाडवाना इरादा सिवाय कही शकाशे के सर्व एक सरखी रीते काम करनारा होता नथी. जो के रीतसर दरेक कोन्फरन्स वखते नीमणुक एक वरस माटेज करवामां आवे छे, पण चालु गृहस्थोने कायम करवामां आवता होवाथी नविन बुद्धिने क्षेत्र मळतुं नथी अने विकस्वर थवानो प्रसंग मळतो नथी. कंइ नहितो एक बे नविन माणसोने दरेक वखत चान्स आपवो- अने तेओनी शक्ति केवी छे ते जोवानो प्रसंग प्राप्त करवो ए वधारे डहापण भरेलुं लागे छे. कोइपण काम जवाबदारी वगर बराबर अंशे थइ शकतुं नथी. कारणके ज्यांसुधी अमुक काम पोतानुं छे एवुं भान नथीथतुं त्यां सुधी आ जीव अन्य व्यवसायमां पडी ते तरफ उपेक्षा राखे छे, अने तेम थवानुं कारण पण स्पष्ट छे. पोतानी फरजना शुद्ध ख्यालथी काम करनारा बहु थोडा होय छे. मोटो भाग क्वचित् गतानुगतिक, क्वचित् मान के द्रव्यथी कार्यनी किमत आंकतो अने क्वचित् अस्तव्यस्तपणे काम करनारो होय छे. जन समूहना मोटा भागनी प्रकृति सारी छे के खोटी ते पर विवेचन करवुं अत्र अप्रस्तुत छे, परंतु ते जे छे ते ते छे एम विचारी तेनी साथे केवी रीते काम लेवुं ते शोधी काढवाथी कार्य सिद्धि जलदी वहेली अने अल्प प्रयासे थाय छे. आ प्रमाणे वस्तुस्थिति होवाथी जेओने ते होदा आपवामां आवे छे तेओने तेना कार्यमां रस पडे छे अने केटलीकवार कर्तव्यना ख्यालथी अने केटलीकवार टीकाने पात्र थवाना भयथी अथवा कोइ अन्य कारणथी तेओ प्रयास करे छे. एकवार जेने ते जगापर मुकरर करवामां आवे छे ते कोमना भलाने अंगे विचार करतां शीखे छे अने बीजे वरस कदाच तेनी जगोअे अन्य सदगृहस्थनी नीमणुक करवामां आवे तो पण ते कोन्फरन्सना दरेक कार्यमां रस ले छे अने विचार करे छे. वळी एकने एक सेक्रेटरीओने चालु रीते नीम्या करवा ते कोमना बीजा माणसोने अन्याय आपवा जेवुं पण जणाय छे.

सेक्रेटरीओ हालमां चार जनरल अने चार आसीस्टन्ट राखवामां आव्या छे. आवडी मोटी संख्यामां सेक्रेटरीओ राखवाथी बहु लाभ नथी. कारण जवाबदारी तेथी बहुज वहें चायली रहे छे अने कार्यमां विलंब थवानो संभव पण बहु रहे छे. वळी दरेक स्थळ के प्रान्तमां केन्द्रनी जरुर छे ते माटे आगळ प्रोवीन्शीयल सेक्रेटरीओ माटे योजना बताववामां आवशे.

सेक्रेटरीओनी नीमणुकना संबंधमां पैसा के डीग्री तरफ लक्ष आपवुं लाभकर्त्ता नथी, परंतु प्रत्येक व्यक्तिनी कामकरवानी होंश, चातुर्य, व्यवहार दक्षपणुं, कर्तव्य परायणतानुं भान अने काम करवानी चीवट विगेरे बाबतोपर लक्ष्य राखी सेक्रेटरी नीमवा योग्य लागे छे. केटलीक वखत धनवानमां नवीन योजना करवानी आवडत होती नथी अने डीग्रीओ धरावनार अभिमानी अथवा बेदरकार होय छे अने बन्ने वर्गमां बहु लायक माणस होय छे माटे आपणे मात्र धन अथवा मात्र ज्ञानने योग्यतानो विषय न गणतां कार्यदक्षताने मुख्य पणुं आपवुं. आमां पण बहु प्रकारना विचारोनी जरुर छे. कोमने हालमां बन्ने प्रकारना माणसोनो खप छे. परंतु दरेक आगेवाने खास लक्ष्यमां राखवुं के कोमना आगेवान थवाने लायक अनुभवी विद्वानोज होवा जोइए. दरेक कार्य पैसा वगर थवुं मुश्केल छे तेथी विद्वानोए दरेक कार्यनो यश धनवानने अपाववो, परंतु हाथमां दीवो लइने रस्तो शोधवो होय त्यारे कोमना भला खातर तेओए आगळ चालवुं. कार्यदक्षता अने पैसाने खास विरोध नथी, पण तेने खास संबंध पण नथी; तेथी बन्नेनो संयोग डहापणथी करवानी जरूर छे.

हाल दरेक कार्यो सेक्रेटरीओ पासेथी थवानी आशा राखवामां आवे छे. कोन्फरन्से शुं कर्युं ? एवो सवाल घणी जगोएथी मुकाय छे. आवो सवाल पुछावानो हेतु मात्र एकज जणाय छे के प्रत्येक व्यक्ति पोते अमुक कार्य करवा माटे जवाबदार छे तेवो ख्याल धरावती नथी. तेओ अंतःकरणथी एमज माने छे के सेक्रेटरीओए आखुं वरस काम करवुं अने अमने वरसनी आखरे रिपोर्ट आपवो. आवा प्रकारनी मान्यताथी बहुज हानि थाय छे. कोन्फरन्स ए प्रत्येक व्यक्तिओनो सरवाळो छे अने प्रत्येकना कार्यनो सरवाळो ते कोन्फरन्सना कार्यनो सरवाळो छे. ए स्वतःसिद्ध नियमने बदले सेक्रेटरीओना कार्यनो सरवाळो ए कोन्फरन्सना कार्यनो सरवाळो मनायो छे. आथी कार्य बहु ओछुं थाय छे अने वरसनी आखरे दरेक व्यक्ति सेक्रेटरीओनी टीका करवा मंडी जाय छे. आ बंधारणमां मोटो फेरफार करवानी जरूर छे. खास करीने एक दिशामां तद्दन फेरफार थाय तो कार्य बहु थाय, टीका ओछी थाय अने कोन्फरन्सनो महान हेतु पार पडे एम लागे छे. ते आ छे. सेक्रेटरीओने रिपोर्ट आपवावाळा करवाने बदले रिपोर्ट लेवावाळा करवा. आ संबंधमां विशेष स्पष्टिकरणनी अपेक्षा रहे छे. अने तेनी योजना नीचे प्रमाणे छे.

गुजरातने चार प्रोवीन्समां वहेंचवो. अमदावाद, वडोदरा, सुरत अने मुंबई, तेना मध्य बिंदुओ. काठियावाडमां बे अथवा त्रण विभाग पाडवा, भावनगर, जामनगर अने बीजानी जरूर

जणाय तो वढवाण. ते उपरांत अजमेर, जयपुर, उदेपुर, सी. पी., एन. डबल्यु. पी., बेन्गॉल, पंजाब, सिंध, कच्छ, तेमज पुना, आमलनेर अने मद्रास. आटला अथवा आथी वधारे सगवड अने वस्तीना प्रमाणमां कोन्फरन्सना कार्य माटे प्रोवीन्स पाडवा. ते दरेकमां एक एक प्रोवीन्शीयल सेक्रेटरीनी नीमणुक करवी. आ सेक्रेटरी बहु प्रतिष्ठावाळो अने मोभादार जैन होवो जोइअे. जेनी नैतिक सत्ता आखा परगणापर चालती होवी जोइए. ए सेक्रेटरीए आखा प्रोवीन्सपर देखरेख राखवी अने हवे पछी कहेवाता ओनररी एसीस्टन्ट सेक्रेटरीओपर मध्य सत्ता तरीके कार्य करवुं. वळी खास करीने तेणे पोताना मुख्य शहेरमां कोन्फरन्सनी एक स्टेन्डींग कमीटी जरूर नीमवी. जे कमीटीमां कोन्फरन्सनुं हित समजनार अने स्वतंत्र विचार करनारा मेम्बरोनेज नीमवा अने ते कमीटीमां आखा परगणाना ओनररी आसीस्टंट सेक्रेटरीओ एक्स ओफीशीओ मेंबर गणवा.

स्टेन्डींग कमीटीनुं मुख्य कार्य वारंवार मळी जैन कोमनो उत्कर्ष केम थाय, आपणी कोमनी हीलचाल–राष्ट्रिय हीलचालनी अविरोधी अने मददगार केवी रीते थाय, नवीन योजनापर प्रकाश कइ दिशामांथी पाडवो जरूरनो छे ते उपर चर्चा चलाववी अने प्रमुखनी निमणुक विगेरे आखी कोमने उपयोगी सवालो आवे तेपर अभिप्राय आपवो अने पोताना प्रोवीन्समां दरेक प्रकारनी केळवणीनी अने बीजी हीलचालो कर्या करवी. आ तेनुं मुख्य कार्य रहेशे. आ स्टेन्डींग कमीटी बहु सत्तावाळुं उपयोगी मंडळ थशे ए निःसंशय हकीकत छे.

हवे प्रो. सेक्रेटरीओनुं कार्य शुं ते विचारीए. दरेक नाना मोटा गामना ओनररी सेक्रेटरीए दरेक जैन पासेथी ओछामां ओछा चार आना लेवा. तेमांथी जे फंड तेनी पासे तैयार थाय तेमांथी ६० टका तेणे पोताना गाममांज खरचवा एटले खास करीने गरीबने भणाववा अने व्यवहारने रस्ते चडाववामां ते खरचवा. ज्यारे पचीस टका तेणे पोताना आखा प्रोविन्सना हितखातर प्रोवीन्शीयल सेक्रेटरीने मोकलवा. आखा प्रगणाना भला सारू केळवणीनी मोटा पायापर हीलचाल अथवा उद्योगशाळा जैनोने सारू करवानी कोई योजना करी श्रावकोद्धार करवा माटे आ पचीस टका वापरवा अने तेमां ते प्रोवीन्सना सर्व जैनोने एक सरखो स्वार्थ रहेशे तेथी बहु लाभ थशे. निरक्षर भणे अने निरुद्यमी उद्यमे चडे तो बीजुं सर्व थई रहेशे. श्रावको वगर ज्ञानोद्धार शुं कामनो छे? भणेला फरज समजी जीर्णोद्धार विगेरे सर्व खातां संभाळी लेशे. माटे हाल तो उक्त बेज प्रश्नपर खास ध्यान आपवुं, अभणने भणाववा अने निरुद्यमीने उद्यमे लगाडवा. आ प्रमाणे पचीस टकानी बहु सारी व्यवस्था थशे. खास

याद राखवुं के कोई पण जैनने रोकडा पैसा आपवा नहि. आवी रीते उत्तेजन आपवुं नहि अने दीन अपंग वृद्ध तरफ करुणा राखवामां भूलवुं नहि. बाकीना पंदर टका रहे ते कोन्फरन्स हेड ओफीसना निभाव माटे मोकलवा. आ पंदर टकाना फाळाथी हेड ओफीसनो खरच सारी रीते नभशे. कोई महान योजना आखी जैन कोमना हित खातर उपाडवी होय त्यारेज जुदा फंडनी जरूर पडशे, बाकी चालु खरच माटे पंदर टका पूरता थई पडशे एम लागे छे.

दरेक गाममां कोन्फरन्स – कोमनुं हित हैये धरनारानी एक नानी टुकडी उभी करवी, अने अवलोकन करतां जणाय छे के दरेक गाममां आवा प्रकारनी रुचिवाळा थोडा घणा मनुष्यो पण होय छे. आवा लोको द्वारा चार आनानी योजना अमलमां मुकाववी. गृहस्थ होय तेणे वधारे आपवुं. ते पैसानो मोटो भाग पोताना गामना लोकोना हित खातरज वपरावानो होवाथी सर्व लोको तेमां रस लईने रकम भरावशे. छेल्ली कोन्फरन्स वखते थयेला फंडना नूतन बंधारण पछी हवे नवीन फंड थवानी आशा राखवी खोटी छे. अने ए बंधारण कोन्फरन्सना आर्थिक विषयने हचमचावनारुं छे. एम जे केटलाक दीर्घदर्शी विचारवानोनुं मानवुं छे तेनो पण आ योजनाथी उपाय थई जशे. कारणके एमां फंडनो सवालज रहेतो नथी. टुंकी रकमना फंडो भरती वखत मूळ रकम खरची नाखवानी योजना होय तोज सारुं; आपणी वणिक प्रकृति अनुसार दरेक फंड सात पेढी सुधी चलाववानी ईच्छा राखवी नहि. कार्य सारुं थशे तो आपणी भविष्यनी प्रजा फंडनो सवाल फरीने उपाडी लेशे. दरेक गामना ओनररी सेक्रेटरीओ बहु उत्साही होय तो काम नभी शके तेवुं छे. तेओ केळवणी अने उद्योगना वधारा माटे ध्यान आपे एटलुं तेओ पर नैतिक दबाण थवुं जोईए. कोन्फरन्सना वखत पहेलां बे मास बाकी रहे त्यारे तेओए पोताना कार्यनो वार्षिक रिपोर्ट पोताना प्रोवीन्शीयल सेक्रेटरी पर मोकली आपवो.

प्रोवीन्सीयल सेक्रेटरीनुं कार्य बे प्रकारनुं रहेशे. पोते मोटा शहेरनो सेक्रेटरी होवाथी तेनी पोताना गाम माटे मुख्य जवाबदारी रहेशे. ते गाममां तेने मदद करवा वस्तीना प्रमाणमां आसीस्टंट प्रोवीन्शीयल सेक्रेटरी नीमवानी तेने सत्ता आपवी. आखा प्रोवीन्सनी स्थिति अने संजोगो जोई तेणे केटलीक योजनाओ घडवी, फंड करवा अने दरेक गामना सेक्रेटरीओ पर वारंवार सूचनाओ लखी मोकलवी. आ उपरांत तेणे पोताना मुख्य शहेरमां एक स्टेन्डींग कोन्फरन्स कमीटी तैयार करवी. ते कमीटी कोन्फरन्सना हित सारु दरेक महिने मळीने विचार करे. अने ज्यारे ज्यारे आखी कोमने लगती बाबतोमां घुंचना सवाल आवे त्यारे आखा प्रोवीन्सना प्रतिनिधि दाखल आ कमीटी काम करे. होद्दानी रुये आ कमीटीमां दरेक गामना ओनररी सेक्रे-

टरीओ बेसे ते हकीकत आगल जणाववामां आवी छे. जरुरना प्रसंगे आ कमीटी बहु उपयोगी थई पडशे. दरेक प्रोवीन्शीयल सेक्रेटरीओए कोन्फरन्स भरावा पहेलां एक महिने पोतानो रिपोर्ट जनरल सेक्रेटरीपर मोकली आपवो.

हेड ओफीस मुंबईमां राखवी. त्यां एक बहु उत्साही पेड आसीस्टन्ट सेक्रेटरी राखवो. तेनुं काम दरेक बाबत गतिमां मूकवी, नवीन योजनाओ तैयार करवी, दरेक प्रोवीन्समां जागृति राख्या करवी, सामान्य देखरेख राखवी, आखी कोमना हितना सवालो उपाडी लेवा, तेपर विवेचन करवा उपदेशको तैयार करवा—मोकलवा विगेरे कार्य करवुं. जनरल सेक्रेटरीनुं कार्य पण तेज रहेशे. आ बंधारणथी जनरल सेक्रेटरी पर आखी कोमना सवालो चर्चवा सिवाय कोईपण बोजो रहेशे नहि. जनरल सेक्रेटरी एकज होवा जोईए, खास कारण होय तो बे राखवा. कोईपण जगोए आथी वधारे सेक्रेटरी चालु खाताओमां राखवानो रिवाज जोवामां आवतो नथी अने जवाबदारी वहेंची नाखवाथी लाभ पण नथी. आसीस्टन्ट जनरल सेक्रेटरीओनो होद्दो तद्दन काढी नाखवो तेनी कांईपण जरुर नथी कारणके दरेक मोटा शहेरमां प्रोवीन्शीयल सेक्रेटरीओ करवाना होय छे तेथी बीजानी जरुर रहेती नथी.

दरेक प्रोवीन्समां एक ओफीस जरुर राखवी अने तेनो निभाव प्रोवीन्समांथीज करवो. मुंबईमां हेड ओफीस राखवा साथे त्यां मुंबईना प्रोवीन्सनी एक स्टेन्डींग कमीटी राखवी जेनुं कार्य दरेक प्रोवीन्सनी तेवी कमीटीना कार्य जेवुंज रहेशे, पण ते उपरांत तेओए महान योजनापर विचार करीने पोताना अभिप्रायो बहार पाडवानुं खास ध्यानमां राखवुं पडशे.

आ उपरांत आखी जैन कोमना प्रतिनिधि तरीके कार्य करनार एक जैन बोर्ड अथवा कोन्फरन्स स्टेन्डींग कमीटी नीमवानी बहु जरुर छे. एनुं कार्य आखी कोमने लगता राजकीय, संसारिक के धार्मिक सवाल एकदम उत्पन्न थतां आखी कोमना प्रतिनिधि तरीके काम करवानुं छे. समेतशिखरजी जेवो कोई सवाल आवी पडे ते वखते आखी कोमना तरफथी तेओ अवाज उठावी शके तेवा जवाबदार आगेवान, धनवान अने विद्वान, बहु ओछी संख्यामां अने एक कोल थाय के हाजर थाय तेवी लागणी वाळा, बनता सुधी पंदर माणसोनुं आ मंडळ होवुं जोईए. कोन्ग्रेस स्टेन्डींग कमीटी जे हालमां जरुर पडतां मुंबई मळी हती ते प्रमाणे आनुं बंधारण राखवुं. आ बंधारण कोई वखते एटलुं बधुं उपयोगी काम बजावी शकशे के तेनी किंमत बहु थई जशे. आ कमीटी अथवा बोर्डना सेक्रेटरी तरीके जनरल सेक्रेटरीज काम करे अने तेनी मीटींग जरुर पडे तोज मुंबई अथवा बीजी सगवड पडती जगोए बोलाववानी सत्ता तेमने

रहेशे. बंधारणमां एम पण राखवुं के कोई सवाल सरक्युलरथी पण कमीटी करी शके, पण तेवे प्रसंगे सर्वानुमतेज काम करी शके—बहु मते नहि. सरक्युलरनुं कारण ए छे के तेथी परदेश जवानी महेनत बची जाय.

आवी रीते बंधारणना सवाल पर विचार करवानी जरुर छे. अत्र प्रकाश नाख्यो छे ते मात्र अमुक व्यक्तिना विचार छे. ते पर चर्चा करवानी बहु जरुर छे. आगेवान, लेखको अने अधिपतिओ आ विषय पर अजवाळुं पाडशे तो ते पर विचार करवानो हजु अवसर छे. दरेक कोन्फरन्स वखते आ सवाल हाथ पर लेवा इच्छा थाय छे, पण वखतना संकोचने लीधे तेम थई शकतुं नथी. प्रथमथी आ सवाल पर विचार चाले तो चोकस आकारमां आवती कोन्फरन्स वखते एक योजना रजु करी शकाय. वच्चेना वखतमां आ विषय पर चर्चा करवानी बहु जरुर छे. कोई पण योजना रचवी ए बहु मुश्केल काम नथी पण ते प्रमाणे अमल करवो मुश्केल छे, अने तेथी घणा माणसो योजना करनारने हसी काढे छे, परंतु कार्यक्रम एम छे. प्रथम विचार थाय अने पछीज कार्य थाय छे. विचार करनाराओए व्यवहारु रीते अमलमां आणी शकाय तेवी योजनाओज प्रगट करवी ए खास लक्ष्यमां राखवा लायक हकीकत छे.

बंधारणने अंगे बेचार सूक्ष्म हकीकत पर पण ध्यान खेंचवुं उचित लागे छे.

**कोन्फरन्सना प्रमुखनी चुंटणी**—प्रचलित नियम प्रमाणे प्रमुखनी पसंदगी हमेशां ज्यां कोन्फरन्स मळवानी होय त्यांनी रीसेप्शन कमीटीना हाथमां रहे छे, आमां थोडा फेरफारनी जरुर छे. जो अमुक शहेरनी रीसेप्शन कमीटी सर्वानुमते कोई सद्ग्रहस्थने प्रमुख तरीके पसंद करे तो तेमां कोईए वच्चे आववुं नहि छतां चीफ सेक्रेटरीए ते संबंधी पत्र व्यवहार चलावतां पहेलां जनरल सेक्रेटरीनी सलाह लेवी. कोमने खास नुकशाननुं कारण जनरल सेक्रेटरी देखे अथवा बंधारणना मूळ नियमने अडचण करनारुं कारण तेना जोवामां आवे तोज तेणे वच्चे पडवुं. जो रीसेप्शन कमीटीमां मतभेद होय तो उपर जणावेली दरेक प्रोवीन्सनी स्टेन्डींग कमीटीना मत मंगाववा अने तेओना बहु मते जे गृहस्थने पसंद करवामां आवे तेने प्रमुख नीमवा. प्रमुख श्रावकनेज नीमवा. प्रमुख संबंधी आटलुं लखवानी खास अवश्यकता छे तेथी लख्युं छे.

बीजुं कोन्फरन्सनो मेलावडो हाल घणो भव्य थाय छे. परंतु धीमे धीमे ज्यारे कोन्फरन्स पोतानुं बाल्य पसार करी जाय अने लोकोना मनमां एक असर उत्पन्न करनार महान संस्था तरीके पोतानी स्थिति स्थापित करे त्यार पछी तेने भव्यतानी कक्षामांथी लईने उपयोगितानी

कक्षामां मूकवी. हाल तेनी पाछळ खरच थाय छे तेनाथी बहुज थोडा खरचमां थई शके तेवी योजना करवी. तेनो मुख्य उपाय ए छे के तीर्थ स्थानोमां अगाउथी करेली गोठवण मुजब मेळाना दिवसोए ते मेळववी अने तेमां पण निरक्षर वर्गनुं साम्राज्य थई जवुं जोईए नहि. आ सिवाय सामान्य शहेर पण कोन्फरन्स बोलाववानो बोजो उपाडी शके ऐवी स्थितिमां तेनो कार्य प्रवाह अने व्ययमार्ग मूकाई जवो जोईए. एकदम धामधुम घटाडवानी पण जरुर नथी. कारणके प्राकृत मनुष्यो निरंतर बाह्य देखावथी आकर्षण पामे छे. अने कोन्फरन्सने शरुआतमां लोकप्रिय बनवा माटे धामधुम उत्तम साधन छे. परंतु तेवो खरच लांबो वखत राखवानी जरुर नथी.

खरच घटवाना सवालनो निर्णय थया पछी दरेक प्रोवीन्समां कोन्फरन्स मेळवी शकाशे. हेड ओफीसमांथी नवीन योजनाओ अने सूचनाओ बहार पड्या करे, प्रोवीन्शीयल सेक्रेटरीना रिपोर्टो अने आसीस्टंट सेक्रेटरीना रिपोर्टो नियमसर जनरल सेक्रेटरी पर गया करे तेथी आखो वर्ग एक साथे काम करे अने हाल जनरल सेक्रेटरीओ परज सर्व कार्यनो आधार राखवामां आवे छे तेने बदले जनरल सेक्रेटरी मध्यबिंदु थाय अने तेनी प्रेरणाथी आखो जैन वर्ग नियम प्रमाणे काम करवामां जोडाई जाय. टुंकामां सर्व संचाकोमने गतिमां मूकनार यंत्रनुं काम जनरल सेक्रेटरी करे.

आ बंधारणनो सवाल बहु अगत्यनो छे. केटलाक बंधुओ नवीन योजना करनाराओने बीन उपयोगी समजे छे, तेओ कहे छे के व्यवहारमां आवी वातो करवी मूकी दो. तेओनी आ हकीकत कांईक खरी छे. केटलाक योजना करनाराओ तेने वचमांज रहेवा दे छे; परंतु केटलीक वखत योजना वगर करेला कार्यो शक्तिनो गेरउपयोग करावे छे. कार्यक्रम पण एज छे. विचार कर्या वगर वर्तन थई शकतुं नथी. तेथी आ सवालपर चर्चा चलावी ते संबंधमां चोक्स ठरावपर आववुं उचित छे.

मौक्तिक.

# જૈનોએ આપ બળથી આગળ વધવાની જરૂર.

But gentlemen, our future rests with us. There is no civilized and progressive Nation in Europe or in America which has not secured its own place in the world's history by its own endeavours, strenuous and persistent in all departments of national life. The call now comes to us from Japan, aye from China too and other Eastern lands and it is the same stirring call, teaching us the great lesson of Self-Help and Self-Reliance. Parsees and Jains, Mahomedans and Hindoos, let us all sink the petty jealousies and differences which divide us, let us all unite in a common endeavour in the present and a common faith in the future and our success in this great endeavour is assured.

**Mr. R. C. Dutt.**

મુંબઇથી બસો માઇલ દૂર આવેલા, ગૂજરાતની અસલની રાજધાની રૂપ, હુન્નર ઉદ્યોગના પ્રાચીન સ્થંભ રૂપ, અંગ્રેજોના ઉદયના પાયા રૂપ, અને શોખીનો તેમજ સહેલાણીઓના સ્થાન રૂપ, ખાવા પીવામાં એક્કા પણ બીજા કામમાં સુસ્ત ગણાતા પ્રખ્યાત સૂર્યપૂર-સુરત શહેરમાં ભરવામાં આવેલી ઉદ્યોગ હુન્નરની કોન્ફરન્સના પ્રમુખ-એક વખતની રાષ્ટ્રિય કોન્ગ્રેસના પ્રમુખ, વડોદરાના મહેસુલી ખાતાના અમલદાર અને હિંદના પ્રખ્યાત રાજ્યદ્વારી મી૦ રોમેશચંદ્ર દત્તે આ લેખને મથાળે લખેલા જે વિચારો જણાવ્યાં હતા તે તરફ આપણા જૈન વર્ગનું ધ્યાન ખેંચું છું. તેવણે જણાવ્યું હતુ કે:-

ગૃહસ્થો ! આપણું ભવિષ્ય આપણાજ હાથમાં છે. અમેરીકા અને યુરોપની એવી કોઇ પણ સુધરેલી તેમજ આગળ વધેલી પ્રજા નથી કે જેણે પ્રજાકિય જીંદગીના દરેકે દરેક વિભાગમાં, પોતાના ભગીરથ અને ખંતીલા પ્રયત્નોથી દુનીયાની મહાન પ્રજાઓની સંફમાં પોતાને માટે પણ યોગ્ય સ્થાન મેળવ્યું હોય નહિ ! અને હવે આપણને જાપાન-અરે જાપાન એકલું નહિ પણ ચીન અને બીજી પૂર્વની ભૂમિઓ પોકાર કરીને કહે છે કે તમે સ્વસતા અને સ્વશક્તિનો પાઠ શીખો. પારસીઓ અને જૈનો મહોમેદનો અને હિંદુઓ ! ચાલો આપણે જે નાના નાના ઇર્ષાના કારણોથી એક એકથી જુદા પડી ગયા છઈએ તે ભૂલી જઇએ. ચાલો આપણે વર્તમાન કાળના સર્વના લાભના પ્રયત્નમાં એકત્ર થઈ ભવિષ્યના સારા પરિણામમાં પણ એકતાન થઇએ. આ ભગીરથ પ્રયત્નથી આપણી ફતેહ નક્કી છે.

**મી૦ રોમેશચંદ્ર દત્ત.**

ઉપલી ઉમદા નસીયત–શીખામણ–અક્કલના જવાહીરોનો ઉપયોગ દેશમાં ચારે તરફ થવા લાગ્યો છે. જ્યાં ત્યાં દેશના પુત્રોને આગલ વધારવા પારસીઓ પારસી કોમ માટે, હિંદુઓ હિંદુ પુત્રો માટે અને મુસલમાનો મુસલમાન કોમ માટે, જુદી જુદી સંસ્થાઓ મારફતે ઉપાયો યોજી રહ્યા છે, એટલુંજ નહિ પણ કોમ કોમનો તફાવત નહિ ગણનારા દેશહિતકારી નરો, સર્વ દેશીપુત્રો મારફતે એવા ઉપાયો યોજયા જાય છે, અને તે યોજેલા ઉપાયો અમલમાં મુકયા જાય છે.

એ ઉપાયોનો અમલ કરનાર સૌથી અગત્યનો હિંદનો ભાગ બંગાળાનો સ્વદેશાભિમાની ઇલાકો છે. એ ઇલાકાના બોલવે તેમ કરવે બહાદૂર સ્વદેશાભિમાની નરોએ ચાર વરસ પર બંગાળામાં હુન્નર ઉદ્યોગનો ફેલાવો કરવા માટે એક મંડળ સ્થાપ્યું હતું. એ મંડળ જોકે આપણી કોન્ફરન્સ કરતાં ઓછી ઉમરનું ચાર વરસનું દુધમલ બાળક છે તે છતાં તેણે જે કાર્ય કરી બતાવ્યું છે તે આપણને દ્રષ્ટાંત રૂપ છે, અને આપણા મોટા મોટા શ્રીમંતો, માન ભૂખ્યા વક્તાઓ, અને અદેખા વણિકો, હજુ સુધી લાખોની રકમનો વહીવટ તેઓને જેબ આપે તેવી રીતે નહિ કરી શકયા હોવાથી, તેઓને શરમાવા રૂપ છે. પહેલે વર્ષે એ મંડળે ૧૮ બંગાળી જવાનોને હુન્નર ઉદ્યોગની કેળવણી લેવા માટે, જાપાન અને અમેરીકા ખાતે મોકલ્યા હતા. એ બાદ એ મંડળ કુંભકર્ણની નિદ્રામાં સુઈ નહિ રહેતાં પોતાનું કામ વધાર્યું ગયું હતું, અને બીજે વરસે તેણે ૪૪ જવાનોને હુન્નર ઉદ્યોગની કેળવણી માટે પરદેશ રવાના કર્યા હતા, પણ ત્રીજે વરસે એ મંડળે આગલા બે વરસના રેકર્ડને તોડનાર મોટી સંખ્યામાં ૯૩ વિદ્યાર્થીઓને પરદેશ ખાતે વિદ્યા હુન્નરની કેળવણી લેવા માટે રવાના કર્યા છે. આ ૯૩ વિદ્યાર્થીઓમાંનો અડધો ભાગ અમેરીકા ગયો છે, ૩૬ વિદ્યાર્થીઓ જાપાન ગયા છે, જયારે ૧૩ ઇંગ્લંડ ગયા છે અને બે ફ્રાન્સ ગયા છે. એ મંડળીએ પોતાના દાખલાથી એવું જાહેર કર્યું છે કે નાની નાની નોકરીઓ કે દેશમાં ચાલતો એક વેપાર, અનાજ, રૂ કે મોતીના વેપારથી દેશનું દલદર ફીટશે નહિ પણ જયારે બીજા દેશો આગળ વધ્યા જશે ત્યારે આપણે પાછળ રહી જવાથી, આપણે પૈસાની જે તંગાસ હમણા ભોગવીએ છૈએ, તેમાં ભવિષ્યમાં મોટો વધારો થશે. તેઓએ એ પણ દાખલા દલીલથી સાબીત કર્યું છે કે વકીલ બેરીસ્ટરો કે દાકતરો થવાથી પણ દેશનું દાલીદ્ર ફીટવાનું નથી, પણ દેશની દોલત દેશમાં રહેવાથી અને દેશના પુત્રો તે જાળવી શકે એવી વ્યવસ્થા કરવાથી અને તે માટે હુન્નર ઉદ્યોગનો ફેલાવો કરવાથીજ હિંદુસ્થાનનું ભલું કરી શકાશે.

એજ કારણથી એ મંડળ બબે ચચાર રૂપ્યાની માસિક સ્કોલરશીપો નહિ પણ રૂ ૧૦૦ ની માસિક સ્કોલરશીપો જેવી મોટી સ્કોલરશીપો આપે છે. આવી મોટી સ્કોલરશીપો ૨૦ ચુનંદા ગ્રેજયુએટોને આપવામાં આવી છે, અને ૯૩ વિદ્યાર્થીઓનો મુસાફરીનો ખરચ પણ પોતે આપવા તૈયારી બતાવી છે. એ સિવાય બે માણસો મંડળના આશ્રા હેઠળ

પોતાના ખરચે કેળવણી લેવા જાય છે. મંડળીના કામમાં બંગાળ ઇલાકાની જીલ્લા એસોસીએશનો અને નાના મંડળો નાણા ઉઘરાવી મોટી રકમોની સંગીન મદદ કરે છે, તેમજ ઉમેદવારોની ચુંટણીમાં મોટી મદદ કરે છે. મહોમેદનો, બંગાળીઓ, આસામીઓ, બિહારીઓ વગેરેને ન્યાતજાત કે ધર્મના તફાવત વગર ચુંટી કાઢી પરદેશ ખાતે કેળવણી લેવા મોકલવામાં આવે છે. આ મંડળની આવી ઉત્તમ યોજનાએ લગભગ ૧૫૦ જવાનોને નવા નવા હુન્નર ઉદ્યોગો શીખવવાની સગવડ કરી આપી છે. આવુંજ એક ફંડ, હિંદુઓ માટે, હિંદુ એજયુકેશન ફંડના નામે હસ્તીમાં છે. જયારે મહોમેદનો માટે અલીગઢ કોલેજ અને મોસલીમ લીગ તૈયારી કરે છે. પારસીઓની નાની કોમે પણ પોતાની કોમમાં ઘણા હુન્નર મંદોને પેદા કર્યા છે. પણ જૈન કોમ હજી સુસ્તીમાં બેઠી છે. ન્યાત જાતના નાના નાના સંસારી સવાલોના, નાના ફંડોના, નાના નાના મંડળોના, નાની અંગત અદેખાઇઓના અને પોતાના અંગત સ્વાર્થના સવાલોમાંથી જૈન આગેવાનોને નવરાશ મળતી નથી કે તેઓ જૈન કોમ માટે કાંઈ વ્યવહારૂ યોજના હાથ ધરી, પોતાની કોમની–તે સાથે પોતાની ઉન્નતિ કરે! જેઓ પાસે પૈસા છે તેઓ નાની નાની શાળાઓ કે સદાવ્રતો કે જમણોમાં તે પૈસા રોકે છે. તેઓ શાળાઓમાં બે ચાર કે આઠ દશ રૂપ્યાના પગારદાર શિક્ષકો રાખે છે, બોર્ડીંગો કે જેમની વ્યવસ્થા બીજી કોમો સાથે જોતાં નામનીજ છે, તેઓ માટે ઓનરરી કે પચીશ ત્રીશના પગારના બીન અનુભવી બાળકોને રોકે છે. દેરાસરોના હિસાબ તપાસવા પાંચ પચીસના પગારદાર અશ્રદ્ધાળુઓને રાખે છે અને જ્યારે પરિણામે તેઓને નિરાશીના સમાચાર મળે છે ત્યારે તેઓ પોતાની ભૂલ કબુલ કરવાને બદલે અદેખાઇથી બળી જઇ બીજાઓને દાબી નાખવા પ્રયત્ન કરે છે. આવીજ વ્યવસ્થાને અંગે મોટા ફંડો, ખાતાઓ, મંડળો અને સંસ્થાઓ ગેર વ્યવસ્થાના દરિયામાં ડુબી ગયા છે, અને તે ગેરવ્યવસ્થા બહાર નહિ પડે તે માટે શ્રીમંતો તથા આગેવાનો ચારે તરફ પોતાની હાક વગડાવે છે. આવી વ્યવસ્થા કરી માનની આશા રાખનાર માની દેવોને અમે તેઓએ જે કાંઈ થોડું કર્યું છે તે માટે માન આપીશું, તે છતાં જયારે તેઓની ભૂલ દેખાડવામાં આવે ત્યારે તેઓ ગુસ્સે નહિ થતાં, માન ભંગ નહિ થતાં, ને અદેખાઇમાં નહિ ડુબતાં, પોતાની ફરજ બજાવશે, પોતાનું અને પોતાની કોમનું તારણ કરવામાં તત્પરતા દેખાડશે, એવી પણ અમે આશા રાખીશું. કોન્ફરન્સના જે જે કામો આગેવાનો ઓનરરી રીતે ફક્ત માનના બદલામાં કરે છે તે માટે જૈન કોમ તેઓની આભારી છે, એમ અમે સ્વીકારવા ના પાડતા નથી, પણ તેઓ જેટલું માન મેળવે છે તેના બદલામાં જેટલું કામ કરે છે તે તેના પ્રમાણમાં પુરતું નથી એમ ઘણાઓ જણાવે છે.

બંગાળની ઉપલી મંડળી કેવી રીતે કામ કરે છે તે જાણવાજોગ છે. બંગાળીઓએ મોટી થાપણની જે રકમ ભરી આપી છે તેના વ્યાજમાંથી દરસાલ

રૂ. ૫૭૦૦૦ ની ઉપજ થાય છે અને ઉમેદવારોને પરદેશ મોકલવાના ખરચને બાદ કરતાં આ વર્ષે રૂ. ૧૩૦૦૦ ની સીલક બાકી રહેશે એવું ધારવામાં આવે છે. એ શિવાય બંગાળીઓએ એ માટે ચાર આનાનું ફંડ ઉભું કર્યું છે, અને શ્રીમંતોએ ચાર આના કરતાં મોટી રકમો ને મધ્યમ વર્ગે ચાર આના જેટલી રકમો ભરી આપી મંડળના કામને સરળ રીતે રસ્તે પાડયું છે.

આવા ફંડો આપણે શું ઉભાં કરી નહિ શકીએ? સારા વ્યવસ્થાપકો, ઉદાર દીલના કારભારીઓ, સમતા તેમજ સમભાવ સમજનારા આગેવાનો, ને અંગત અદેખાઇ ને અંટસને સ્વપ્ને પણ ખ્યાલમાં નહિ આવવા દેનાર વીરલાઓ શું આપણી કોમમાં નથી? શું આપણી કોમમાં ન્યાયી, વિવેકી અને સદાચારી રત્નો ગુમ થયા છે? તેમ તો છેજ નહિ! ત્યારે આપણે પણ તેમ કેમ નહિ કરી શકીએ? સ્વાર્થમાં સંતાયલા શ્રીમંતો! જાગો! અને તમારી ફરજો માટે તૈયાર થાઓ!

જુઓ બંગાળની ઉપલી મંડળીએ શું કર્યું છે? તેઓએ લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓને પરદેશ હુન્નર ઉદ્યોગ શીખવવા મોકલ્યા છે. તેમાંથી છ જણ હિંદ ખાતે પાછા ફર્યા છે. એક જણે કાચ બનાવવાનું કારખાનું ઉઘાડયું છે, બીજાએ પેન્સીલનું કારખાનું ખોલ્યું છે; બે જણાએ દીવાસળીનું, એક જણાએ બટનનું અને એક જણે મીણબતી બનાવવાનું કારખાનું ઉઘાડયું છે. બીજા કેટલાક ખેતીવાડીના હુન્નરમાં, ચામડા કેળવવાના હુન્નરમાં, વિજળીક વિદ્યાના હુન્નરમાં, છીંટ વણવાના, છાપવાના હુન્નરમાં, કે ઇમારત બાંધવાના કાર્યમાં અને બીજા ઘણાક હુન્નરોમાં પ્રવિણતા મેળવી છે. ભાઇઓ! તમે પણ શું એવા ખાતાઓની સ્થાપનામાં તમારો જય જોતા નથી? જો જોતા હો તો જાગો! નિદ્રાનો ત્યાગ કરો! આળસને દેશવટો દો, અને દુનીઆને દેખાડો કે જૈનો નિઃસત્વવાળા નહિ પણ પોતાના ક્ષત્રીય પૂર્વજોને દીપાવનાર ક્ષત્રીય વીર્ય હજી પણ ધરાવે છે!

ચંદ્ર.

# પહોંચ.

સાધુ સાધ્વી યોગ્ય પ્રતિક્રમણ ક્રિયાનાં સૂત્રો:—મુનિરાજ સુમતિસાગર તથા મણિસાગરના ઉપદેશથી સીરસાલા જૈન પાઠશાળા તથા બીજા ગૃહસ્થોની મદદથી પાનાના આકારમાં છપાયાં છે. અર્થસહિત ૧૦૦૦ નકલ છપાવવાની છે. જેમને જોઇએ તેમણે શા તીલોકચંદ રૂપચંદ મુ. સીરસાલા, ખાનદેશ, એ શિરનામે લખવું.

# જૈનોના પર્યુષણ પર્વ

**ના સંબંધમાં નેક નામદાર મહારાજાધિરાજ શ્રી ૭ જામ સાહેબનો પવિત્ર હુકમ.**

લા. ફો. જા. ના. ૯૦

સં. ૧૯૬૪

સીકો.

# જાહેર ખબર.

માહાલ લાલપર ફ. ક. માજીસ્ત્રેટ કોરટથી નેક નામદાર મહારાજાધિરાજ જામ શ્રી ૭ જશાજી સાહેબ બહાદુરના તુ. નાં. ૮૬૪ તારીખ ૧-૯-૦૩ ના ફરમાન અનુસાર—આ ઉપરથી ઘાણીવાલા તથા ખાટકી કસાઈ તથા સોની લુવાર વિગેરે લોકોને ખબર આપવામાં આવે છે કે જૈન ( શ્રાવક ) લોકોનાં પવિત્ર પર્યુષણ પર્વ સં. ૧૯૬૪ શ્રાવણ વદી ૧૨ બુધવાર તા. ૪-૯-૦૭ થી બેસે છે તે સં. ૧૯૬૪ ના ભાદરવા શુદ ૫ વાર ગુરૂવાર તા ૧૨-૯-૭ ના રોજ પુરા થશે ત્યાં સુધીમાં ઘાણીવાલાએ ઘાણી ફેરવવી નહીં અને ખાટકી કસાઈ વિગેરે લોકોએ કાંઈપણ જીવ હિંસા કરવી નહીં તેમજ સોની લુવાર વિગેરે લોકોએ ચુલ કે ભઠી સળગાવવી નહીં.

ઉપરના હુકમ વિરૂદ્ધ જે માણસ વરતશે તે કાયદેસર ગુન્હેગાર થશે અને તે શખ્સને કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવશે. મિતી સં. ૧૯૬૪ ના શ્રાવણ વદી ૬ વાર ગુરૂ તા. ૨૯-૮-૦૭.

(સહી) ઇચ્છાશંકર જયશંકર છાયા
બી. એ. એલ એલ. બી
તાલુકે લાલપર ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટ
સ્ટેટ જામનગર.

નેક નામદાર મહારાજાધિરાજ શ્રી જામસાહેબે ઉપર પ્રમાણે હુકમ પોતાના આખા રાજ્યમાં અમલ થવા સારૂ સ્ટેટ ગેજેટ મારફતે પ્રસિદ્ધ કરી જૈન લોકોની ઉત્તમ લાગણીને જે ભારે માન આપ્યું છે તે બદલ સમગ્ર જૈન પ્રજા તેઓ નામદારનો મોટો આભાર માને છે.

---o:-:o---

# ધર્મનિષ્ટ આર્ય બંધુઓને વિજ્ઞપ્તિ.

## अहिंसा परमो धर्मः

"दया पितेव हितकृता, दया मातेव रक्षिका
दया प्रियेव सुखदा दया कल्पलतोपमा"
"वैरिणौपि हि मुच्यंते, प्राणान्ते तृणभक्षकान्
तृणहारा सदैवे ते हन्यंते पशवः कथम्"
"દયા ધર્મ કો મૂલ હે પાપ મૂલ અભિમાન
તુલસી દયા ન છોડીએ જબલગ ઘટમેં પ્રાણ"

"But a solemn and imperative duty rests upon us to put an end to cruel and brutalising acts, wherever committed under our (British) Jurisdiction and for these we cannot allow either **religion** or *long* usage to be an excuse or safe guard" "Rules of India" series.

આ પવિત્ર આર્યાવર્તમાં હસ્તિ ધરાવતા દરેક મતના ધર્મશાસ્ત્રના પુસ્તકોના અવલોકન ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે દરેક મજહબના ફરમાનો દયાધર્મના વાસથી વાસિત થયેલા છે.

પ્રત્યેક ધર્મરૂપી પ્રાસાદનો પાયો સમસ્ત પ્રાણીવર્ગ ઉપર દયા કરવાનાં કાર્યથી પૂરાયેલો હોવાને લીધેજ ભિન્ન ભિન્ન ધર્મો ટકી રહ્યા છે એમ કહેવું તે જરા પણ અતિશયોકિત ભર્યું નથી. આપણી નજરમાં અનાર્ય તરીકે લેખાતા ધર્મના ફરમાનો પણ હિંસાના કાર્યને કોઈ રીતે પુષ્ટિ આપવાને સમર્થ થતા દ્રષ્ટિગત થતા નથી.

વખતના વ્હેવા સાથે અન્યજનોના પ્રસંગને લઈને તથા બીજા કારણોથી, સ્વકીય ધર્મના ફરમાનોની વિરૂદ્ધ ઘણા ઘણા કુરીવાજો જન સમાજમાં પ્રચલિત થતા જોઇએ છીએ; અને તેવી બાબતમાં ધર્મ ગુરૂઓ વખતો વખત ફરીઆદ કરતાં માલમ પડયા છે. અમુક વ્યકિતયાતો અનેક વ્યકિતઓના સમુદાયના કાર્યક્રમ ઉપરથી, રોજના આચરણ ઉપરથી અથવા રહેણી કરણી ઉપરથી તેઓના ધર્મનું સ્વરૂપ સમજવાનો યત્ન કરવામાં આવે તો અવશ્ય ભુલ થાય કારણકે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે ધર્મને બ્હાને કરાતી ક્રિયાઓ પણ એવું સ્વરૂપ ધારણ કરે છે કે ભાગ્યેજ તેને સશાસ્ત્ર કહી શકાય.

આ પ્રસંગે અમારે કહેવાનો ઉદ્દેશ એવો છે કે કેટલેક અંશે માંગલિક ગણાતો દશેરાનો તહેવાર નજદીક આવતો જાય છે અને આવા ધાર્મિક દીવસે

ધર્મને આગળ કરી દેવ-દેવીઓને સાંત્વન કરવાને બ્હાને દેશી રાજ્યોમાં તથા અન્ય શહેરોમાં ઉચ્ચ કોમ ગણાવાનો ફાંકો રાખતી બ્રાહ્મણ કોમ જેવા ધર્મગુરૂઓના હાથે જે પાડા તથા બકરાનો નિર્દય રીતે વધ કરવામાં આવે છે, તેને ભાગ્યેજ કોઈ ધર્મનિષ્ઠ આર્યબંધુ સશાસ્ત્ર કહેવાની હીમત ધરી શકશે. આ પ્રકારે થતા પશુવધને જો સશાસ્ત્ર ગણવામાં આવે નહિ, તો પછી એક વિદ્વાનના કહેવા મુજબ—

**अन्यद्वारे कृतं पापं देवद्वारे विनश्यति**
**देवद्वारे कृतंपापं वज्रलेपो भविष्यति ।**

દશેરા ટાંકણે થતા પશુવધમાં ભાગ લેનારા મહા પાપકર્મમાં પ્રવૃત્તિ કરે છે એમ કહી શકાય.

ઉકત પ્રકારના ઉચ્ચતમ આશયથી ગયા વર્ષની માફક આ વર્ષે પણ આ સાથે જોડેલી હીંદી ગુજરાતી, અંગ્રેજી તથા મરાઠી ભાષાઓમાં છપાવી રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ વીરચંદ દીપચંદ સી. આઈ. ઇ.ની સહીથી અરજી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઓફીસ તરફથી જુદા જુદા રાજા મહારાજા તથા મહારાણાઓ તરફ મોકલી આપવામાં આવી છે અને અમારા તરફથી જુદા જુદા શાસ્રીઓના અભિપ્રાય મંગાવી 'પશુવધ નિષેધ' નામની ચોપડી પ્રગટ કરવામાં આવેલ છે તેની એક નકલ પણ અરજીની સાથે ભેટ દાખલ મોકલી આપી છે.

સાધારણ રીતે પાંજરાપોળ વગેરે સંસ્થાઓ જૈન ધર્મીભાઇઓનેજ સંભાળવી જોઇએ અને તે પ્રમાણે અન્ય જીવદયાના કાર્યમાં પણ તેઓએજ પ્રયાસ કરવો જોઇએ એમ પ્રતિપાદન કરવા મથન કરવું તે અન્ય હિંદુભાઇઓને એક રીતે અપમાન કરવા જેવું છે એ હેતુ લક્ષ્યમાં રાખી સર્વ આર્ય બંધુઓને વિનંતિ કરવામાં આવે છે કે અમારા તરફથી હાથ ધરવામાં આવેલ આ મહાન્ જીવદયા પશુ રક્ષણના કાર્યને તેઓ અંતઃકરણથી ટેકો આપવા બ્હાર પડશે અને પોતાનો લાગવગ ચલાવી ઉપરોકત જીવહિંસાના કાર્યને તાકીદે બંધ કરવા ઉદ્યમ કરશે.

દશેરા ઉપર પાડા બકરાનો વધ ન કરવા માટે હિંદુસ્તાનના રાજ્ય કર્ત્તાઓને અરજી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ ઓફીસ

ગિરગામ, મુંબઈ,

તા૦ ૧-૧૦-૧૯૦૭

## ગોબ્રાહ્મણ પ્રતિપાલ, નિરાશ્રિતાધાર, આર્યભૂષણ, પ્રજાપાલક, ન્યાય દયા–ક્ષમા આદિગુણાલંકૃત, ધર્મધુરંધર, મહારાજાધિરાજ મહારાજજી સાહેબ

**શ્રી શ્રી ૧૦૮**

ની ખીદમતમાં અરજ માલુમ થાયજે

જેમ અમે સાંભળ્યું છે તેમ દશેરાના પવિત્ર અને ધાર્મિક દિવસોમાં હજુરના રાજયમાં પાડા બકરાઓનો વધ કરવામાં આવેછે.

દેવીને ભોગ આપીને સંતુષ્ટ કરવાના ઇરાદાથી આ વધ કરવામાં આવે-છે, જેથી કરીને મહામારી (પ્લેગ) શીતળા, કોલેરા આદિ દુષ્ટ બિમારીઓની આફતો વસ્તીમાં આવે નહીં; પરંતુ દર વરસ આવો વધ થતાં છતાં પ્લેગ, કોલેરા, શીતળા, તાવ, દુર્ભિક્ષ (દુકાળ) આદિ આફતો હિંદુસ્તાનમાં આવ્યેજ જાય છે. રાજાથી રંક સુધી સર્વેને પોતાના પૂર્વ જન્મનો કર્માનુસાર સુખ દુઃખ ભોગવવું પડે છે, અને આ આફતો કેવળ મનુષ્યોના પાપોની શિક્ષા રૂપ છે. આ પાપોથી બચવા-ને વાસ્તે માણસ નિરપરાધી (નિર્દોષ) અવાચક (મુંગા) જાનવરોની હત્યા કરે આ કેવો ન્યાય ? શું આવા ન્યાયથી સર્વ શકિતમાન પરમેશ્વર રાજી થશે ? કદી નહીં.

નામદાર અંગ્રેજ સરકારના રાજ્યમાં પણ વખતો વખત મરકી (પ્લેગ) વિગેરે બીમારીઓ આવે છે અને કુદરતથી નાબુદ થાય છે, તેવા રોગોની શાંતિ માટે કાંઈ પાડા આદિનો પશુવધ થતો નથી; પરંતુ તનદુરસ્તીના નિયમોને અનુસરવાના ઈલાજ લેવામાં આવે છે.

પશુવધ શાસ્ત્રરીતિ નથી, આવો નિર્ણય મોટા મોટા વિદ્વાન શાસ્ત્રીઓની સભાઓમાં ઘણીએક વાર થઈ ચુકયો છે, અને આવા અસલ શાસ્ત્રના અનુસાર કેટલાક ધર્મિષ્ટ રાજ્ય કર્તાઓએ આ પશુવધ પોતાની વસ્તીમાં સર્વથા બંધ કરાવી, તે જાનવરોની નેક દુવા પ્રાપ્ત કરી છે.

હજુર રહેમ દિલ, બુદ્ધિમાન અને ન્યાયી હોવાથી અમારી અરજ છે જે દશેરાના દિવસે આપના રાજ્યમાં પાડા, બકરાં વિગેરેનો વધ બંધ કરવાનો હુકમ જારી કરવાની મેહેરબાની ફૂરમાવશો અને સનાતન આર્યધર્મની રક્ષા કરશો.—એજ અરજ.

હજુરનો દાસાનુદાસ,
(સહી) **વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ.**
રેસીડંટ જનરલ સેક્રેટરી.

# જૈન સમાચાર.

**વનરાજ ચાવડો**—સ્વર્ગસ્થ મહીપતરામ રૂપરામ નીલકંઠ સી. આઈ. ઈ. તરફથી બહાર પડેલ “વનરાજ ચાવડા” નામના ગ્રન્થમાં જૈન ધર્મની વિરૂદ્ધનું-જૈન ભાઇઓની ધાર્મિક લાગણીને દુખવનારૂં જે લખાણ કરવામાં આવ્યું છે, તે હવે પછીની આવૃત્તિમાંથી રદ કરવાને તેમના સુપુત્ર સાક્ષર મી. રમણભાઇ મહીપતરામ નીલકંઠ બી. એ. એલ એલ. બી. ઉપર જૈન કોન્ફરન્સ તરફથી પત્ર લખવામાં આવ્યો હતો તેના જવાબમાં તેઓ સાહેબ લખી જણાવે છે કે હવે પછી જે આવૃત્તિ બહાર પાડવામાં આવશે તે પહેલાં તમારી સાથે મસલત કરીશ. વાંધા પડતો ભાગ કાઢી નાખવામાં મને જરા પણ અડચણ નથી. એક વર્ષ પહેલાં જે આવૃત્તિ બહાર પડી

તે અરસામાં મારૂં ધ્યાન ખેંચવામાં આવ્યું હોતતો કાંઇ થઇ શકત; હવેતો નવી આવૃત્તિમાંજ સુધારો થઇ શકશે. જૈન પ્રજાની ધાર્મિક લાગણી દુખવવાની મારી લેશ માત્ર ઇચ્છા નથી. નવી આવૃત્તિમાં તે ભાગ રદ કરવામાં આવશે તે બાબત તમારે પકી ખાતરી રાખવી.

**મુંબઈની ડીરેકટરી**—કોન્ફરન્સ તરફથી જ્યારે આખા હિંદુસ્તાનની જૈન શ્વેતાંબર ડીરેકટરી ઘણી ખરી પુરી થવા આવી છે ત્યારે મુંબઇ જેવા શહેરની બાકી રહેલી ડીરેકટરી જે ઘણું મુશ્કેલ કામ છે તેને પણ પુરી કરવા સારૂ કોન્ફરન્સ તરફથી એક વગવાળી કમીટી નીમવામાં આવી છે, જેમાં ડોકટર ત્રીભોવનદાસ લહેરચંદ, મી. અમરચંદ પી. પરમાર તથા મી. મોહનલાલ ચુનીલાલ દલાલ બી. એ.ને ઓનરરી સેક્રેટરીઓ તરીકે નીમવામાં આવ્યા છે. વસતીની ગણત્રીનું કામ પર્યુષણથી શરૂ કરવામાં આવેલું છે જે લગભગ દશરા સુધીમાં પુરૂં થઇ જવા સંભવ છે.

**કન્યાવિક્રય બંધ**—વઢવાણમાં મુનિમહારાજ શ્રી મોહનવિજયજીના વ્યાખ્યાન વખતે મી. વલ્લભદાસ ત્રીભોવનદાસ ગાંધીએ કોન્ફરન્સ અને તેના કાર્ય વિષે હાજર રહેલાઓને માહિતી આપનારૂં વિવેચન કર્યું હતું અને તેમાં કન્યાવિક્રયના દુષ્ટ રીવાજ બાબે બોલતાં શ્રોતાજનોના મન ઉપર એવી સચોટ અસર કરી હતી કે ઘણા શ્રાવકોએ કન્યાવિક્રય નહીં કરવાની બાધાઓ લીધી હતી.

**પાલીતાણાના ઘાંચીઓ અને મહાજન** વચેની ખટપટનો છેડો આવ્યો છે. ઘાંચીઓએ ૧૪ જૈન તહેવારો ઉપર કામકાજ નહીં કરવા કબુલ કીધું છે. મહાજન તેના બદલામાં તેઓને દર વર્ષે રૂ ૨૦) આપશે.

**જૈન શાળાનું સ્થાપન**—સીરપુર ખાતે મુનિમહારાજ શ્રી માણેકમુનિના ઉપદેશથી જૈનશાળા સ્થાપવાનું નકી થયું છે. તથા મુનિમહારાજ શ્રી જયમુનિના ઉપદેશથી પરદેશી ખાંડ વાપરવાની બંધી કરવામાં આવી છે.

———o:—:o———

## દેરાસરો માટે કેસરબરાસ.

નગીનભાઈ ઘેલાભાઈ ઝવેરી અમોને લખી જણાવે છે કે—હિંદુસ્તાનનાં જૈન શ્વેતાંબરી દેહરાઓ કે જ્યાં કેશર તથા બરાસની જરૂર હોય તે મફત પુરૂં પાડવાને શેઠ ઘેલાભાઈ લાલભાઈ ઝવેરી કેશરબરાસ ફંડ એ નામનું એક ફંડ ચાલુ કરવામાં આવ્યું છે. વાસ્તે જે જૈનભાઇઓને જોઇતું હોય તેઓને અરજ કરવામાં આવે છે કે ઝવેરી બજારમાં આવેલી ઝવેરી નગીનભાઈ ઘેલાભાઇની પેઢી ઉપરથી મફત મલી શકશે.

## નવી ગુંજરાતી વાંચનમાળા.

મુંબઇ ઇલાકાના કેળવણી ખાતા તરફથી છપાયેલી નવી ગુજરાતી વાંચન માળામાં કેટલીક ભુલો થયેલી તે સુધરાવવા સંબંધમાં મે૦ કેળવણી ખાતાના વડા તરફ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી તા ૧૨ જુલાઇના રોજ અરજી કરવામાં આવી હતી તેનો મળેલો જવાબ.

No. 5195 of 1907-1908.
Poona, office of the Director
of Public Instruction.
19th. August 1907.

To

The Assistant Secretary
Shri Jain Swetamber Conference
Girgaum, Bombay.

Sir

In reply to your letter dated the 13th instant I have the honour to state, the letter dated 22nd July 1907 signed by the General Secretaries of your Conference is being considered and an answer will be sent to them in due course.

I have the honour to be
Sir
Your most obedient servant
Sd/F. G. SELBY,
Ag. Director of Public instruction.

---

ॐ नमोतिथ्थस

### ક્ષમાપના

### શ્રી વીરશાસન રત્નો,

(હરિગીત)

શ્રી સંઘ સાધુ સાધવી,　　શ્રાવક અને વળી શ્રાવિકા,
એ બંધુજન મણિ માહરી,　　જે વીરશાસન માલિકા,
તેનાં ઘણાં મેં દૂહવ્યાં,　　તન, મન, વચન, આ વર્ષમાં,
હું યાચુંછું **શ્રી વીર સાખે,**　　ક્ષમા આપો સર્વથા.

લી. શ્રી વીરના તીર્થનો
લઘુતમ બાળ લાલન.

અપુર્વ શોધ. જરૂર વાંચો. ચમતકારી પ્રયોગ.

# નયનચીંતામણી ગુટીકા.

દુહો. { નેત્ર વિનાનો માનવી, જીવતો પણ મૃત જાણ;
એજ નયન ચીંતામણી, દીએ નેત્રનું દાન.

**નયન ચીંતામણી:—** મહા પ્રભાવિક ગુટીકાને હમો કોઇ મહાત્મા પાસેથી મેળવીને હમો ગુપ્ત રાખતા હતા પણ હમારા ઘણા બંધુઓના અનુગ્રહથી લાભાલાભનું કારણ માની લોભ નહી રાખતાં તેના અર્થના પ્રમાણમાં કીંમત રાખી હમો જાહેર કરવાને ઉત્કંઠા ધરાવીએ છીએ. ઈંગ્લીશ દવાનો કોઇ પણ રીતે ખપ નહી કરતાં ફક્ત વનસ્પતિઓનું સંશોધન કરી વરસમાં એક દીવસે બને છે. ઘણા ધતીંગોના બહોળા લખાણોથી ઘણા જનો સંશયગ્રસ્તમાં થઇ ગએલા હશે પરંતુ શંકા રહિતપણે સ્વદેશી ઉદ્યોગને ઉતેજન આપી દેશ પરદેશોમાં પ્રચલીત કરવાને હમારી વીનંતી છે. આ ગુટીકા નેત્રમાં અંજન કરવાથી છારી, ખીલ, પરવાળા, પડળ મોતીઓ, રતાંધળો, ફુલા વા ખદખદ બળતા, રાતડ, ઝાંખાશ, પાણી ઝરવું, દુખવા આવવું વિગેરે તમામ દરદોને જડથી મટાડેછે તેમજ નિરમળી આંખોમાં અંજન કરવાથી નજર દીર્ઘ સાફ રાખેછે તથાપી હમારી અસંતોસી ગુટીકાનું અંજન કરવાથી એક આંતરીઓ, બે આંતરીઓ ત્રણ આંતરીઓ, ચોથીઓ તાવ તથા બેરાસ પણ અંજન કરવાથી મટાડી મોહોટા અચંબાને પમાડનારી છે. આવી ગુટીકા કોઇ વખત બહાર પડેલી અસંભવીત હશે. હમોએ ચોકસ અનુભવ મેળવી ઘણાં દરદો સારાં થવાથી જાહેરમાં મુકીએ છીએ. ઘણી દવાઓથી કંટાળી નીરાશ થઇ ગએલા જનોએ તો વીલંબ કર્યા વિના જુજ કીમતમાં ખરીદી ખાત્રી કરો. હમો પણ ખરી ખાત્રીથી કહીએ છીએ કે આ ગુટીકા કદી પણ પાછી ફરનાર નથી ખરીદનારને અપુર્વ લાભ છે દરેકને અવશ્ય રાખવા યોગ્ય છે આ ગુટીકાનો ખપ કર્યાથી બીજી દવાઓનો ખપ રહેશેજ નહી આ ગુટીકા ૭ માસ ચાલે તેવા પ્રમાણમાં બનાવેલી છે. સુધી અને સસતી, ઘણા [illegible] પહેલ વહેલો જન્મ થયો છે. સુજ્ઞ બંધુઓ ખરીદો, દરેક બંધુઓને ઉતેજન આપી ખરીદાવો અને ચમત્કારી ઔષધીનો અનુભવ કરો.

સામટી ડઝન એક ખરીદનારને ડબી ૧ કમીશન આપવામાં આવશે.

કીંમત ડબી ૧ ના રૂ. ૨) પોસ્ટેજ જુદુ. જૈનના સાધુ સાધ્વીને ખપ સારૂ મફત મોકલી આપવામાં આવશે. ખરીદનારે હમારા નામનું હેન્ડબીલ તપાસીને લેવું.

બનાવનાર

**મેસર્સ પી. એન્ડ બી. બ્રધર્સ.**

ઠે૦ મુળજી કાળા ટોપી વાળા. મોતી બજાર, મુંબઇ.

---

## ઢઢાછાપનું પવિત્ર કેશર.

**સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.**

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ખાત્રીનું **શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી** કેશર પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કોન્ફરન્સના ઉત્પાદક મી૦ ઢઢાની છબીનો "ટ્રેડ માર્ક" છે તે નીચેના સ્થળોએથી મળશે.

**મુંબઇ જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ગિરગામ,** માંગરોળ જૈન સભા **પાયધુની,**

જથ્થાબંધ વેચનાર એકલા માલેક,

જૈન મંદીર સામે } કછી દશાઓસવાળા જૈન મહાજન આશ્રિત
માડવી, મુંબઇ. } સ્વદેશી કંપની.

# ॥ अहिंसा परमो धर्म ॥

राधनपुरके दयाश्रय मान्यवर एडमिनिस्ट्रेटर साहिब बहादुरकी निज आज्ञानुसार
राधनपुर खोडाढोर पिंजरापोल लोटरी.

इस लोटरीका ड्राइङ्ग ता० २२ डीसेम्बर सन १९०७ को प्रतिष्ठित मान्यवरोंकी उपस्थितिमें निकाला जावेगा.

इनामकी संख्या २६२४.

पहिला इनाम रु० १००००.

ऐसा रु० ४०००० बांट दिया जायगा.

अहिंसा परमो धर्म्मः यह सिद्धान्त जैन और हिन्दु जाति के सर्व लोगों के लिये एकसा है जिस से सर्व सज्जन इस खोडा ढोर पिंजरापोल सम्बन्धी महत् कार्य्य में हिस्सा लेकर तन मन धन से सहायक होंगे और टिकट खरीदने में विशेष उत्साह दर्शावेंगे क्यों ... के काम में सहायता देना हरेक मनुष्यका कर्तव्य है एक एक रुपये से कमी नहीं ... यह अर्थ अयोग्य स्थान में नहीं जायगा नसीब अजमाने का यह एक उत्तम मौका है और यह व्यर्थ खोने का मार्ग नहीं है "स्वार्थ और परमार्थ" वैसे ही धर्म्म का सहायतामें और निज को लाभ है धर्म्म के काम में विलम्ब अनुचित है जेसे कि—

काल करे सो आज कर, आज करन्ता अब्ब।
अवसर बीत्यो जाति है, फेर करेगा कब्ब॥

इनाम मिलेगा तो फायदा होगा और न मिलने पर भी पश्चात्ताप नहीं ... जिन को अपने नसीब अजमाने की ख्वाहिश हो हर्ष के साथ टिकट खरीदें।

## टिकट की बिकरी और कमीशन॥

लोटरी के टिकट खोडा ढोर राधनपुर पिंजरापोल लोटरी आफीस में से और एजन्टों के पास से मिलेंगे। कमीशन दश टिकट से सो टिकट तक १०) फी सैकडा और सौ से सहस्त्र टिकट तक ॥) और अधिक और सहस्त्र से ऊपर फी सैकडा १५) रु० मिलेगा द्रव्य सम्बन्धी अथवा दूसरे विषय में पत्र व्यवहार ओनररी सेक्रेटरी के पते से करना चाहिये; मनीयार्डर में रुपया भेजने में आवे तो कुपन में बराबर अपना नाम ग्राम लिखना चाहिये ॥

Registered No. B. 525.

वीर सम्वत् २४३३-४. ॐ विक्रम सम्वत् १९६३-६४

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

पुस्तक ३. अकटोबर-नवेंबर.

नम्बर १०-११. सन १९०७.

प्रकट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

---

## विषयानुक्रमणिका.


| વિષય | પૃષ્ઠ. | વિષય | પૃષ્ઠ. |
|---|---|---|---|
| Education of our youths | २८६ | જીર્ણ મંદિરોદ્ધારની ટીપો... | ૩૨૬ |
| આપણી અધોગતિ, તેમાં ફેરફાર કરવા માટે શું કરવુ. | २९१ | સ્વદેશી હિલચાલ ... ... | ૩૨૮ |
| परदेशी खांडमां रहेली भ्रष्टता | २९५ | મનુષ્યદેહ શાને માટે છે?... | ૩૩૨ |
| જૈનોનાં જાહેરખાતાં અને તેમની હાલની સ્થિતિ ... | ૩૦૨ | જૈન સમાચાર ... ... | ૩૩૭ |
| શ્રીસમેત શિખરજી ... ... | ૩૦૮ | कोन्फरन्सना ठरावोनो थतो अमल ... ... ... | ૩૩૯ |
| સરકારના કારોબારની નવી યોજનાઓ. જૈનોની ફરજ... | ૩૧૪ | પ્રાંતિક કોન્ફરન્સો ... ... | ૩૪૨ |
| | | ધાર્મિક હિસાબ તપાસણી ખાતું | ૩૪૩ |
| | | જૈનપત્ર અને અમે ... ... | ૩૪૭ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

---

धर्म विजय प्रिंटिंग प्रेस पायधुनी-मुंबई.

# શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળી.

## પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુદ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. મુંબઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણા પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમીયા) તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકના સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકજીનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરની સંખ્યા તથા મકાનની સ્થિતિ વગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાના પુંઠાથી બંધાવેલુછે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે.

મૂલ્ય ફકત રૂ. ૧-૮-૦ રાખવામાં આવેલ છે.

છપાવી પ્રગટ કરનાર

ગિરગામ — શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

મુંબઇ.

---


चरबी रहीत! पवित्र!! स्वदेशी!!!

## धी इन्डीयन सोप एन्ड केन्डल फेक्टरी लीमीटेड.

डीलाईल रोड, चीचपोकली, मुंबई.

**मीणबत्ती.** झुमर, वालसेट अने गाडीना फानसो माटे जुदां जुदां कद अने वजननी सर्वे जातनी मीणबत्तीओ.

**साबु.** नाहावाना, औषधिय अने धोवाना वार सोप वीगेरे.

वराळ यंत्रथी चालतुं आ एक मोहोटुं कारखानुं छे अने तेमां चरबी रहित पवित्र साबुओ तथा मीणबत्ती बनाववामां आवे छे. भाव पण घणा सस्ता छे. उपरने शीरनामे पत्र लखीने प्राईसलीष्ट मंगावो.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव,
स्वर्गः कल्पमहीरुहामिव सरः पंकेरुहाणामिव,
पाथोधिः पयसामिवेंदुमहसां स्थानं गुणानाममा,
वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥ २१ ॥

**અર્થઃ**—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.

SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

**Vol. III.]** OCTOBER 1907. **[No. 10.**

## WHAT SORT OF EDUCATION SHOULD OUR YOUTHS BE PROVIDED WITH.

In the August number of the Herald a very thoughtful and instructive article on "Higher Technical Education and the duties of the Jain S. Conference" has been penned by our distinguished scientist **Prof. V. U. Parekh. M. A. B. Sc.**

**Prof.** Parekh in the course of his article observes the sad, deplorable fate of our graduates, who, according to him "follow like sheep the beaten path and the result is afterwards despair." **Mr.** Parekh as a partial remedy to this evil, sujjests the introduction of

Higher Technical Education amongst youths and to give thep ractical shape to his sujjestion, recommends our educated leaders in general and the Conference in particular to take up the question in right earnest.

Looking to the present situation of our country, when the wave of Swadeshism is spread from one end to the other, when the boycott movement is tossed about with full force and when so many new branches of industry have been opened, Prof. Parekh's sujjestion deserves the quickest consideration. In the field of industry of our country, we Jains play not the less important part than other people. Good many branches of Indian Trade are in our hands and to put them all on the scientific bases to compete with the Western as well as with other people of the world with advantage, we do require a sort of Education as sujjested by the learned Profersor. However one may not fully concur with Mr. Parekh. His statement about the deplorable state of the graduates may be universal with others than Jains. As for us who still lack so much in Higher Education in comparison with other communities, such as Parsis, Bengalis, Madrases &c., one can't imagine how Mr. Parekh's statement should be taken as quite correct! We have as yet a very few Pleaders and Doctors who can be counted on our fingers' end. Some of these have a very satisfactory practice. As for the rest, if they are brief-less and patient-less, the fault is not so much with them but it is with us. Why should we go to others and not to our own Pleaders and Doctors, whenever we are in need of them. If we all make up our minds to give our suits to Jain and to take medicine from our Jain Pleaders and Doctors, they too will have the same footing as their other well-established professional brethern. Some exceptional cases, wanting in ability and originality may be excluded Even in this City where our population amounts in vast number we have only three or four Jain Pleaders and one Jain Doctor. Can they be said to be quite enough? And yet only one has somewhat satisfactory practice. Why so? The reason is not far to find out. We shamefully lack in sympathy,

fellow feeling, unity and harmony. If we have these things amongst others, we have still a very wide field for our Jain Pleaders and Doctors. My humble opinion is there-fore, that those who might have a special taste for Technical line may be sent up to that line, while others having natural aptitude for Law or medicine may be allowed to take that line and that our Conference or our Shethias should extend their help to any poor Jain Student who may be pursuing any course whether Technical or not.

N. J. Mehta.

# આપણી અધોગતિ, તેમાં ફેરફાર કરવા માટે શું કરવું?

૪

આપણાં બાળકો, આપણા ભવિષ્યના શહેરીઓ ને કોમના ઉદ્ધાર કરનારાઓની શારીરિક સ્થિતિ આવી કેમ છે? તેઓના શરીરના અવયવો ખીલેલા કેમ દેખાતા નથી? તેઓની આંખો તેજસ્વી કેમ દેખાતી નથી? તેઓના મુખડા ફીકા કેમ દેખાય છે? વારંવાર તેઓ ('સીક') માંદા પડવાની ફરીયાદ શા કારણે કરે છે? શું તેઓ ભૂખ્યા રહે છે? યા દેશના હવા પાણી ખરાબ છે? તેમ તો બનવું અશકય છે, કેમકે સુકોપાકો રોટલો ખાનારા, સેંકડોની મજુરી કરનાર, કે વાસણ માંજનાર કે દળનારીના છોકરા તો તેજસ્વી અને તાકાતદાર નજરે પડે છે! તે દરરોજ દુધ કે બદામના શીરા ખાતો નથી પણ સુખી જણાય છે અને તેના શરીરના અવયવો ખીલેલા માલમ પડે છે! તેઓ જે હવામાં રહે છે તે હવામાંજ આપણાં બાળકો રહે છે, અને તેઓ જે ખોરાક ખાય છે તેના કરતાં આપણાં બાળકો વધુ પૌષ્ટિક ખોરાક ખાય છે, તે છતાં, તેઓ સબળ હોય છે, આપણાં બાળકો દુર્બળ હોય છે! પેલા ગરીબો જ્યારે નાની ઉમરમાં યુવાન દેખાય છે, ત્યારે આપણાં બાળકો યુવાન છતાં ઘરડાં દેખાય છે, અને જ્યારે પેલા ગરીબો લાંબી જીંદગી સુધી જીવે છે, ત્યારે આપણા ભવિષ્યના આશા આપનારાઓ ૩૦-૩૫ ની વયેજ આ દુનિયા છોડી જાય છે! જૈન વસ્તીથી હળમળી રેહલા શહેરેશહેર અને ગામેગામ ફરો, પોળેપોળ અને ફળીએફળીએ તપાસ કરો તો જણાશે કે જૈન બાળકો અને યુવાનોની સ્થિતિ ઉપરના વર્ણન જેવીજ છે. એથી પણ વધુ દુર્દશા આપણામાં આપણી નજર બહાર થાય છે. કોઇપણ શહેર કે ગામના મૃત્યુપત્રકો તપાસતાં મોટે ભાગે બીજી કોમોની સર-

આમણીમાં જૈન બાળકો અને યુવાનોનું પ્રમાણ ઘણું વધારે જણાશે. સતાવાળાઓ અને દાકતરો એ સંબંધમાં આપણી અસ્વચ્છતાને આડે લાવે છે, જ્યારે કેટલાકો બીજાં કારણો પણ જણાવે છે. ગમે તેમ હોય, તે છતાં એ કહેવું મોટે ભાગે ખરૂં છે કે આપણાં છોકરાંઓમાંનો લગભગ અડધો ભાગ વિશ વર્ષની ઉમર થતાં પહેલાં મરણ પામે છે, અને જે જીવે છે તે તાકાતદાર, જોરાવર, શુરવીર અને ઉધોગી હોવાને બદલે નાકૌવત, કમરે ભાંગેલા, મુખપર તેજ નહિ ધરાવતા, માંદા અને ઇર્ષા ખોર હોય છે. દયા તો દરેક જૈનમાં જન્મથીજ હોય છે, કેમકે તે તો તેને વંશપરંપરાથી મળેલો વારસો છે, પણ તે દયા ફકત બોલવામાં અને ગમે તેવી ક્રુરતા જોવા છતાં, ડરકણ બની બેશી રહેવામાં અથવા નસીબ કે કાળને દોષ દેવામાં વપરાતી હોય છે. શરીરમાં તાકાત ન હોય ત્યાં આવી દયા શું કામ સારે છે? ગુજરાત અને કાઠીયાવાડના આપણા વીસ વરસની અંદરના અને ત્રીસ વરસથી વધુ ઉમરના નહિ એવા સો યુવાનોને એકઠા કરી તપાસ કરશો તો તમને માલમ પડશે કે તેમાં પાંચ પહેલવાનો પણ નથી! તેઓમાંનો મોટો ભાગ જોરવગરનો, નસીબને દોષ દેનારો, અને ઉદ્યોગને બદલે કર્મને પ્રધાનપદ આપી, મફતનું દ્રવ્ય મેળવવા ઇચ્છનારો હશે! તેની કમર વાંકી વળેલી અથવા ગાદી, તકીઆ કે ખુરશી વગર ટટાર બેસી નહિ શકે એવી હશે! જે બાલિકાઓ તથા બાળકોને શિક્ષણ આપવા માટે માસ્તરો, પંડિતો કે શિક્ષકો હોય છે તેઓની સ્થિતિ પણ બહુધા આવીજ હોય છે. તેઓ પોતાનું દુખી જીવતર ૩૦-૩૫-૪૦ વર્ષે જુવાનીની શરૂઆતમાંજ પૂર્ણ કરી આ દુનીયા ત્યાગી જાય છે! જૈન આગેવાનો અનેક ઉપયોગી કાર્યો કરવામાં આરંભથીજ શુરત્વ બતાવે છે, પણ તેઓએ ઉપલી સ્થિતિના કારણો શોધવા જરાપણ લક્ષ આપ્યું છે કે? સેંકડો પાઠશાળાઓ, સેંકડો હુન્નરશાળાઓ, સેંકડો દવાખાનાઓ, સેંકડો દેવાલયો ને સેંકડો પુસ્તકાલયો તેઓ બંધાવે છે, પણ જ્યાં તેનો ઉપભોગ કરનારાઓનીજ તાણ હોય ત્યાં તે અનેક ઉપભોગ કે ધર્મના મદદગારો શું કામ આવશે? જ્યાં દેરાસરના દર્શન કરનારાઓ કે ઉપાશ્રયમાં આવનારાઓ, કે પાઠશાળાઓમાં શીખનારાઓજ નહિ હશે, અથવા હશે તો નબળા, તાકાત વગરના અને તેજ વગરના હશે તો તેનું પરિણામ શું આવશે? માટે દેશના કે કોમના આગેવાનોએ પ્રથમ આ બાબત ઉપર લક્ષ આપવાની જરૂર છે. રેતીના પાયાવાળું ઘર કેટલા કાળ ટકી શકે? નબળા મૂળવાળું ઝાડ કેટલા સમય પવનના ઝપાટા ખમી શકશે? અને તેજ રીતે આપણી યુવાન પ્રજાને શારીરિક સ્થિતિ મૂળમાંજ નબળી હશે તો ભવિષ્યમાં તે શું ઉતમ કાર્ય કરશે? શું લાભ કરશે? કોમને શું ફાયદો કરશે? ધર્મનો ટેક કેવી રીતે ટકાવશે?

એ માટે આપણી ઉધરતી પ્રજાનું શરીરબળ વધારવાના ઉપાયો લેવાની અગત્ય ઘણીજ મોટી છે. બીજાં બીજાં કાર્યો સાથે ઉધરતી પ્રજાનું શરીરબળ વધારનારા ઉપાયો યોજવાની ઘણી જરૂર છે. ખરૂં છે કે આપણા શાસ્ત્રો શરીર પર

મોહ નહિ રાખવા આપણને ફરમાન કરશે પણ તે એકાંત ફરમાન નથી? શરીર પર મોહ ન રાખવો એ ઉત્તમ વાત છે પણ તેથી આત્મઘાત કરવાનો આદેશ શાસ્ત્રો આપેછે એમ માની લેવાની જરૂર નથી. શરીર આરોગ્ય હશે તોજ મનોબળ ખીલશે, અને મનોબળ ખીલશે તોજ આત્મબળ અમર પદવી પામી શકશે. પણ જ્યાં શરીરજ નબળું હશે, ત્યાં પાછલા બે બળો કદી પણ મળી શકવાના નથી, એમ પણ શાસ્ત્રો કહે છે, તે ભૂલવા જેવું નથી. જૈનશાસ્ત્રો, બીજા મતના શાસ્ત્રો કરતાં જે તફાવત ધરાવે છે, તે તેના ઉત્તમ સિદ્ધાંતો અને 'સાયન્ટીફીક' રીતીઓ માટે છે; તેમાં એકાંત ચીજ કોઇ પણ નથી, અને દરેક ચીજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પુરૂષાર્થ સાથે મોટો સંબંધ ધરાવે છે. આ ઉપરથી જણાશે કે મનોબળ તેમજ આત્મિક બળની પ્રાપ્તિ માટે શરૂઆતમાં શરીર બળની મોટી આવશ્યકતા છે, કેમકે શરીર રોગ રહિત અને તાકાતવાળું તેમજ વીર્યવાન હોવાથી જેવું ઉત્તમ મનોબળ પ્રાપ્ત કરી શકાય છે, તેવું મનોબળ રોગી, નબળા અને વીર્યહીન શરીરથી પ્રાપ્ત કરી શકાતુંજ નથી, અને જો કોઈ વખત અપવાદ રૂપે તેથી ઉલટા બનાવો નજરે પડે છે તો તે અપવાદ માત્રજ છે, અને ઉત્તમ શરીર ધરાવતા મનોબળવાળા મનુષ્ય આગળ તેમનું મનોબળ પ્રમાણમાં નજીવું હોય છે.

ભગવાન રુપ પાસનાર આપણા તીર્થંકરો, સિદ્ધો, આચાર્યો, ચક્રવર્તીઓ અને વાસુદેવોના જે કિંચિત માત્ર ઇતિહાસો આપણી પાસે છે, તેનું અવલોકન કરતાં જણાશે કે તેઓનું શરીરબળ ઘણું ઉત્તમ અને આ કાળના મનુષ્યોની કલ્પનામાં કવચિતજ આવી શકે એવું હતું. શ્રી રૂષભદેવ, ભરત ચક્રવર્તી, બાહુબળી, વગેરે અસંખ્યાતા વરસપર થઈ ગયેલા આ કાળના મહાત્માઓને બાજુએ મુકીએ તોપણ છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરનો ઈતીહાસ પણ અમે જે કહીએ છીએ તેને ટેકો આપનારજ જણાશે. મહાવીર નામ માત્રજ અમારા સિદ્ધાંતને ટેકો આપે છે. મહાવીર, એ નામ તે મહાત્માએ પોતાના શરીર બળથીજ પ્રાપ્ત કર્યું હતું. તેમના શરીરના બળથી મોટા મોટા રાક્ષસો પણ કંપતા હતા, અને એજ શરીરબળથી તેમનું મનોબળ દ્રઢ થતાં, તેવણે દુનીયાના મોહ માયા અને ક્રોધ ત્યાગ કરી ઉત્તમ આત્મિકબળ પ્રાપ્ત કર્યું હતું. બાર બાર વરસ સુધી તીવ્રતપ કરનાર, કાનમાં ખીલા દાખલ થવા છતાં, ઉંકે આં નહિ કરનાર, પગના અંગુઠા ઉપર ખીર પકાવવામાં આવતાં પણ પોતાની શાંતિ જાળવી રાખનાર એટલુંજ નહિ પણ ખીલા કાઢતી વખતની મહા વેદના પણ સહન કરનાર ભવિષ્યના પરમાત્મા પણ તે વખતના શરીર ધારી મનુષ્યનું બળ શું જેવું તેવું હશે?

એવા ઉત્તમ શરીર બળવાળા પૂર્વજોના આપણે વંશજો છતાં આપણે શરીરબળમાં અગાઉ જણાવ્યા પ્રમાણે ઘણા ઘટી ગયા છીએ. એ શરીરબળ

ખોવાથીજ આપણે નિઃસત્વવાળા, પરતંત્ર, નિર્માલ્ય અને બાયલા થયલા છીએ, અને તેથીજ આપણી અધોગતિને ફેરવવાની અગત્ય છે.

એ અધોગતિ કાંઇ થોડા સમયમાં ફેરવી શકાય એમ નથી, સેંકડો વરસોના સંસ્કારો સ્વલ્પ સમયમાંજ દૂર કરી શકાય એમ નથી, તે માટે અત્યંત ધીરજ અને અગાધ પ્રયત્ન અને ખંતની જરૂર છે.

આપણું શરીર સાત ધાતુઓનું બનેલું છે અને એ સાત ધાતુઓ લગભગ ત્રીશ વરસ સુધી વધતી જતી હોવાથી તે દરમ્યાન શરીર પૂર્ણ બંધાવાનું કાર્ય દર પળે આગળ વધે છે. એ વરસો શરીરના બંધારણની ક્રિયા માટે ઘણાંજ અગત્યના છે, અને તેથી જો તે વરસો દરમ્યાન જો એ સાત ધાતુઓ વધે તો શરીર ઘણુંજ મજબૂત થાય છે. આપણા પૂર્વજો શરીરના એ બળવિષે પૂર્ણ માહિતી ધરાવતા હતા, અને તેથી તેને પોષણ મળે એવા ઉપાયો યોજતા હતા. એ વખતે કુદરતજ પોતે, શરીરબળ વધારવા માટે અનુકુળ હોય છે અને કુદરતના તે કામને મદદ મળવાના પ્રયત્નો આદરવાથી મનુષ્ય ઓછી મહેનતે પોતાના શરીરના બળને વધારી શકે છે. પવનનો પ્રવાહ ઉત્તર દિશાએ જતો હોય તે વખતે જો તેજ દિશામાં ચાલવામાં આવે તો જેમ તેથી ઉલટી દિશાએ ચાલવા કરતાં વધુ ઝડપથી ચલાય છે ને જેમ નદીનો વેગ ચાલતો હોય તેજ દિશામાં વહાણને ચલાવવાથી તે વધુ ઝડપથી ચાલે છે, તેમજ જે વખતે શરીરબળનો પ્રવાહ વધારી શકાય તેજ વખતે જો તેને વધારવામાં આવે અથવા વધારવાના પ્રયત્ન સેવવામાં આવે તો શરીરબળ વધે છે એટલુંજ નહિ પણ મનોબળ અને આત્મબળ પણ વધે છે. પણ તેથી ઉલટી રીતે જે વખતે એ શરીરબળ વધારવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય તેજ વખતે, કુદરત આપણને સાનુકુળ હોય તેજ વખતે એ શરીરના બળમાં ઘટાડો થાય એવા ઉપાયો યોજાય તો તે માણસનું શરીર બળવંત કયાંથી થાય? એક કાણી ગોળીમાં ભરવાથી જેમ એક તરફથી તે ભરાતાં, બીજી તરફથી તે ખાલી થાય છે, તેજ રીતે જો એક તરફથી બળ વધારવાના ઉપાયો યોજાય અને બીજી તરફથી તે ઓછા થવાના માર્ગ ખુલ્લા મુકાય તો પરિણામ ખોટુંજ આવે એ અસ્વાભાવિક નથી. ઘણાક માણસો શીરા, બાસુદી, પુરી, દુધ વગેરે પુષ્ટિકારક ખોરાક ખાય છે, તે છતાં તેઓ જેવાને તેવા શક્તિ હીન રહે છે. એનો સબબ આવાજ કારણોમાં જડી આવે છે. એક રોગથી ભરેલા શરીરમાં ઉપરના પૈષ્ટિક ખોરાકો ભરવાથી તેઓની અસર ગુમ થઇ જાય છે. એજ રીતે જ્યાં વીર્ય વધારનારા ઉપલા પદાર્થો એક વખત આરોગતા હોય ને બીજે વખતે વીર્ય ખાલી થવા રૂપ વિષયાસક્તિ, સ્ત્રી સંગ કે અન્ય કુટેવો લાગુ પડી હોય યા અત્યંત અભ્યાસ કરવાની ચિંતા, પૈસા

પૈદા કરવાની ઉત્કંઠા અને સાંસારિક મહા ઉપાધિઓ માથે પડી હોય ત્યાં વીર્ય વધારનારા પદાર્થો પણ અસર હીન થાય યા તેનાથી ઉત્પન્ન થયેલું વીર્ય બળી જાય એમાં શું નવાઇ ?

( અપૂર્ણ )

અં'દ્ર.

# परदेशी खांडमां रहेली भ्रष्टता.

## तथा स्वदेशी खांडनी चालु थयेली चळवळ.

आजकाल देशना एक छेडाथी ते बीजा छेडासुधी परदेशी खांडमां रहेली भ्रष्टता तथा स्वदेशी खांडनी चळवळ चालु थयेली जोवामां आवे छे, अने लोकोमां आ विषेनी कांईक वधु जागृति थयेली पण द्रष्टिगोचर थाय छे. घणी नातोए आ परदेशी भ्रष्ट खांडनो वपराश बंध करेलो छे, अने बीजी नातो पण ए खांडनो वपराश बंध करती जाय छे, ज्यारे केटलीक नातो आ खांडनी बनावटना प्रथक्करणना जाहेर थएला केटलाक रिपोर्टोथी शंकाशील थई हजु विचारमां पडेली छे, परंतु परदेशी खांड के जे मांसाहारी प्रजाना मुलकोमांथी आपणा देशमां आयात थाय छे, तेनी बनावटमां के तेने सफाईदार अने उज्वळ बनाववानी क्रियामां कहेवातु बळदनुं लोही तथा हाडकां एकवार मानो के न वपरातां होय तो पण हिंदु जेवी पवित्र कोमे तो शकवाळी वस्तु न वापरवामांज तेओनी धर्मनी पवित्रता सचवावानी छे. जोके परदेशी खांडने साफ करवाना प्रयोगमां बळदनुं लोही तथा हाडकाना चुनानो वपराश करवामां आवे छे एवो मत घणा अनुभवीओए प्रदर्शित करेलो छे अने तेमां शक राखवा जेवुं नथी के आजना सायटीफिक जमानामां व्यापारनी हरीफाईना योगे करी परदेशीओ के जेओ मांसाहारी छे अने आहार शुध्धिना नियमोनी लेश मात्र पण दरकार करे तेवा नथी तेओ लोभना अंगे उपर मुजबना प्रयोगो करवाथी कदापि पण पाछा हठे तेवा नथी माटेज जे वात बहार आवी छे तेमां सत्यनो अंश होवोज जोइए तेथीज परदेशी खांडनी विरुध्ध अत्यारे देशमां अवाज उठी रह्यो छे. हवे आ खांड कया कया मुलकोमांथी आवे छे तथा ते कया कया पदार्थोमांथी बनाववामां आवे छे ते तपासवा जेवुं छे. केमके ते तपास्या पछी तेमांथी आपणा लाभना अमुक मुदाओ उभा थवानी वकी छे, के जे मुदाओनी अवगणना करवाथी आपणे एक प्रजा तरीके, एक व्यक्ति तरीके, अथवा कहो के एक धार्मिक अभिमानी तरीके नाबुद थवानी मोटी दहेशत छे. आ परदेशी

खांड जर्मनी, आस्ट्रीया, मोरीश्यश अने जावा विगेरे देशोमांथी आपणा देशमां आयात थाय छे, अने ते खांड बीटनां मूळीयां, बटाटा, गाजर, जारना सांठा, खजुर विगेरे पदार्थोमांथी रसायणिक प्रयोगनी मदद साथे बनाववामां आवे छे. अने ते बनावट आवी हलकी चीजोनी होवाथीज ते आपणा देशमां सोंघी वेचाय छे. जोके नामदार सरकारे आवी खांड उपर अमुक प्रकारनी जकात नांखी छे, परंतु ए जकातनो मार पोताना व्यापारीओने न सहन करवो पडे ते माटे लागता वळगता देशोनी सरकारोओ पोतपोताना व्यापारीओने अमुक रकमनो उचको आपी खांडना व्यापारने उत्तेजन आप्युं छे. आ के बीजो कोई व्यापार आपणा देशमां परदेशीओ चलावे जाय छे तेनुं कारण सरकारनी छुटापणानी राज्यनीतिज छे. जेथी आपणा देशमां मूळे तो व्यापार के हुन्नर उद्योगनी मंद स्थिति छे, तेमां परदेशी व्यापार उपर कोई पण जातनो अंकुश मुकाओल न होवाथी परदेशीओ फावी जाय छे. आना लाधेज हालमां स्वदेशी हीलचाल जन्म पामी छे. तथा पहोंचेला बंगाळीओ परदेशी मालने बहिष्कार करवानुं व्रत धारण करवा लाग्या छे. आपणो देश रसाळ छे, लाखो एकर ज़मीन शेरडी थवाना बरनी छे, नदीओ पण पुष्कळ छे, खेडुतो महेनतु अने करकमरीआ छे तथा महेनत सोंघी छे छतां देशमां शेरडीनुं वावेतर प्रमाणमां थई शकतुं नथी. नहीतो आपणा देशमां शेरडीनी पेदाश एटली बधी थाय के एमांथी बनेली खांड आखा देशने पुरी पाडी शकाय. आ माटे राज्यनी मददनी जरूर छे. पण राज्य परदेशी होवाथी तथा बीजा कामोमां नाणानो व्यय थतो होवाथी आ उपयोगी तथा देशनी पहेली जरूरना कामतरफ तेनुं लक्ष जतुं नथी अने कदाच कांईक करेछे तो ते नामनीज मदद जेवुं होय छे. सौथी उत्तम खांड शेरडीमांथी थाय छे, अने तेनी खांड गळपणमां, स्वादमां, गुणमां अने बनावटमां श्रेष्ठ कही शकाय. जो के आ बनावट परदेशी खांडनी करतां कांईक मोंघी पडे तेम छे पण तेना गळपण आगळ परदेशी खांड फीकी पडती होवाथी "साप लांबो तो घो पहोळी" ए मीशाले "सोंघु खावुं ते मोंघाने माटेज" अर्थात परिणामे बन्ने खरचमां तो सरखीज थाय छे. परदेशी खांड बजारमां दुकाने दुकाने मळे छे. पण आ संबंधी हीलचाल थई नहोती ते पहेलां स्वदेशी खांडनां घणांओए दर्शन पण कर्यां नहीं होय. उपर चोटीया लोकोनुं वलण हमेशां सस्ता तरफ जाय छे. परंतु विचारवंत अने करकसरना नियमोने जाणनारा कार्यदक्ष माणसो तो सस्ता करतां साराने शोधी तेनेज पसंद करे छे अने तेज खरी व्यवहारकुशळता कहेवाय छे. पण अफसोस! आपणा देशनी कंगाळ स्थितिने लीधे लोकोमां वित्तनी विटंबणा पडेली होवाथी ज्यां त्यां निर्वाहने माटे थोडामां काम चलाववानी लाचारीमां

आवी पडेला होवाथी सोंघो परदेशी माल वापरवाने तत्पर थाय छे, आमां तेओने झाझो ठपको आपी शकाय नहीं. बेशक जेवी स्थिति तेने अनुसरीने वर्तवुं एज डहापण छे, परंतु आपणा लोको बधी बाबतमां आवुं डहापण बतावता नथी तेथी तेओनी आर्थिक दक्षतानी प्रशंसा थई शके तेम नथी. तकरारनी खातर मानीए के लोको स्थितिना प्रमाणमां थोडा खरचे व्यवहारनी नभावणी करवाने लेईनेज परदेशी माल पसंद करे छे अने तेमां परदेशी खांडने पण पसंदगी मळे छे. आपणे आ दलील कबुल राखीशुं पण बीजी रीते आ सवाल तपासतां पैसानो बचाव करवा जतां शरीरनी हानि थवानो सोए नवाणु टका संभव रहेलो छे. एटलुंज नहीं पण शरीर करतां पण जे कोमो ( जीव करतां पण ) धर्मने प्यारो गणे छे, ते धर्मनुं तो परदेशी खांड जेवी भ्रष्ट चीज वापरवाथी निकंदनज वळे छे. अने ज्यारे शरीर संपत्ति जे वस्तुना उपयोगथी नाश पामे छे तथा धर्म धरबोळ जाय छे तो अमुक पैसानी हानिनो सवालज क्षुद्र अने निर्जीव लागे छे. वळी जेने आपणे सोंघु गणी पैसो बचाववा पसंद करीए छीए ते वस्तु जो वापरवी बंध करीए अने थोडी मोंघी पण शारीरिक, धार्मिक तथा आर्थिक द्रष्टिए आपणुं हितकर्ता परिणामे जणाय तो तेवी वस्तुने आपणी बीजी वपराशनी वस्तु वोहोरवाना काममां करकसर करी शा माटे पसंद करवी जोइए, ते समजातुं नथी. हिंदुओ जीवदयाना हिमायती छे अने तेमां पण जैनोनुं जीवन तो जीवदयाना सिध्धांतने जींदगीना भोगे पण पाळवाने बंधायेल छे. अने तेथी अहिंसा परमो धर्मः ए जैन धर्मनुं पहेलुंज सूत्र छे. आवा दयामय धर्मना हिमायती जीवडाएतो जीवदयानी हानिना गंधमात्रथी हजार कोश दुर रहेवुं जोइए.

उपरना लखाणमां आपणे जोइ लीधुं छे के परदेशी खांडने साफ करवाना काममां बळदनु लोही तथा हाडकानो चुनो बापरवामां आवे छे, अने तेने हजु सुधी सत्तावार रीते कोइ बाजुथी खोटुं पाडवामां आवेल नथी. खोराकनी साथे शरीरनी नीसबत केवी नाजुक छे ते समजाववानी आ विषयना वांचनारने जरूर होयज नहीं, केमके एतो नानुं छोकरूं पण कही शकशे के शरीरनो आधार खोराक उपरज रहेलो छे, अने तेमां पण जेवो खोराक तेवुं शरीर ने तेवीज बुध्धि थाय छे, ए तो कुदरतीज करामत छे. तेटलाज माटे आपणामां आहारशुध्धिनुं माहात्म्य गणेलुं छे. आपणे तो खोराकना संबंधमां एटला उंडा उतरेला छीए के दुनियानी कोइपण प्रजा आपणी हरीफाई ए विषयमां करी शके तेम नथी. मांसाहार तो बाजुपर रह्यो पण कंद मूळ ने केटलीक लीलोतरी पण आपणे वर्जित छे अने ते वैदक नियमप्रमाणे सकारण वर्जित करेली छे. मांसाहारी इग्लंड आजे अन्नफळशाकनो आहार पसंद करवा

लाग्युं छे एज आपणा परा पूर्वथी चाल्या आवता खोराकनी श्रेष्टता दर्शाववाने माटे बस छे. हवे परदेशी खांडमां बळदना लोहीनुं तथा हाडकानुं तत्व आवेलुं होवाथी ते प्रथम दर्शनेज आहारमां भ्रष्टता थवानी साबीती आपे छे. मांसाहारीओ अथवा जेओ तेनी छोश वाळा नथी तेओ कदाच आवी भ्रष्ट खांड वापरे तो तेओना मनथी कांई हानि नहीं होय पण आपण जैनोना मनथी तो ए भ्रष्ट खांडनो खोराक मोंमां मूकवो एज आपणी अवनतिनी निशानी सूचवे छे. अन्य जातिओ खोराकनी शुध्धता माने छे पण ते उपलक शुध्धताज मानवावाळी छे. आपणे खोराकना तत्वो, तेना परमाणुओ विगेरेनी शुध्धता मानवावाळा छीए. कारण के ते तत्व तथा परमाणुओ आपणा शरीरमां जई तेनुं लोही थई आपणा शरीरने तेनी बनावटना तत्वोना गुणवाळा बनावे छे, जेथी आपणे के जे माताना उदरमांथी निर्दोष खोराक खाता आव्या छीए तेओना शरीरमां विकार उत्पन्न करी बुध्धिमां विकार उत्पन्न करे छे अने शरीरनी हानि थतां धर्मनी पण साधना थई शकती नथी. आ रीते शारीरिक हानि आवी परदेशी खांड वापरवाथी थई शकवानो दरेक संभव छे. हवे धार्मिक हानि केवी रीते थाय छे ते जोईए. जैनो पींछावाळी टोपीओ, कचकडानी विंटीयो, हाथीदांतना चुडा, पडसुलीनो लोट अने चामडाना पुंठा जे कारणोने लीधे वापरवानी मनाई करवा लाग्या छे तेज कारण आ परदेशी खांड नहीं वापरवाना मार्गमां बीजे नंबरे आवे छे. पहेलुं अने श्रेष्ट कारण तो अमे उपर शारीरिक हानिना संबंधमां जणाव्युं छे तेज धार्मिक हानिने पण आबाध लागु पडे छे. आपणे आहार लेवाना काममां प्रथम विचार जीवदयानोज करीए छीए अने जे आहारमां जीव तत्व भेळाएल होय छे तेतो आपणा मनथी विष्टा समान छे. कारण के जे दयामय धर्म पथ्थर, पाणी, झाड अने बनस्पतिमां जीव जुए छे तेज धर्मना अनुयायिओ बळदना लोही माटे बळदनी थती हत्याने पोताना खोराक माटे जाण्या छतां थवा देवाना काममां साधन भूत केमज थाय? अने जो थाय तो ते धर्मभ्रष्ट कहेवाय के नहीं? ए कांई गुंचवाडा भरेलो सवाल नथी. आटलुं जाण्या छतां हजु पण आवी भ्रष्ट परदेशी खांडनो उपयोग जो जैन मंडळमां थतो होय तो ते माटे तेनो उपयोग करनार जैनोने शरमावानुं छे. बीजा हिंदुओ आ बाबतमां गमे तेम वर्ते तेनी नकल न करतां जैनोएतो आ भ्रष्ट खांडनो वपराश सदाने माटे बंध करवो लाजम छे. आपणामां जमणवारो पुष्कळ थाय छे अने खांड पण वपराय छे माटे जो कोई पण जैन मंडळमां आ परदेशी खांड हजु पण वपराती होय तो तेओए तेने एकदम बंध करी शारीरिक तथा धार्मिक भ्रष्टता अने हानि थती सत्वर अटकाववी योग्य छे.

सघळा मुनि महाराजोने अमारी प्रार्थना छे के तेमणे आपणा परम पवित्र दयामय धर्मना तथा श्रावकोना रक्षण अर्थे आ भ्रष्ट खांडनो थतो उपयोग सदाने माटे जैन समुदायमांथी बंध पाडवा भगीरथ प्रयत्न करवो. अमारी जाण मुजब घणा खरा ठेकाणेतो आ खांडनो वपराश बंध थयो छे पण केटलाक गामडाओमां अने जुज शहेरोमां आ खांड हजु पण वपराती कहेवाय छे, अने तेथी जीवदयाना आ महान् हानिकारक पदार्थने तजवा दरेक जैन भाई, बाई तथा बाळकने पण बाधा आपवी जोइए. बीडी सोपारीनी के एवाज बीजां व्यसननी बाधाओ आपवा तथा लेवा करतां आवी भ्रष्ट खांडनी बाधा आपवी तथा लेवी हजार दरज्जे उत्तम छे, केमके तेथी करीने जीवदयानी हानिना थोडेअंशे पण भागीदार थवाना अधम कामथी आपणे बची जईशुं. अमे जणाववाने घणाज दीलगीर छीए के लोभनो थोभ माणसने होतो नथी अने तेने अनुसरीनेज आपणा जैन व्यापारीओ पण आवी भ्रष्ट खांडनो व्यापार करवाना काममांथी दुर रही शकता नथी. परंतु जीवहत्याना कामने अनुमोदवुं ए पण श्रावक धर्मनी द्रष्टिएतो पापकारीज छे. अने भवोभवना भ्रमणमां नाखनार छे. माटे थोडा लाभनीखातर भवमां भटकवानी भूल शुध्ध श्रावक माता पिताना उदरथी उत्पन्न थएलातो करेज नहीं. खरूं छे के लोभ आंधळो छे पण श्रावक जो धर्मनी मर्यादामां रही लोभवृत्ति राखतो होय तो तेनो लोभ बीजा मार्गे पण पुरो थायज केमके **"यतो धर्म स्ततो जयः" धर्म छे त्यांज जय छे.** अने जय ए सुकृत्यनुं फळ छे. माटे आवी भ्रष्ट खांडनो वपराश करी, अथवा धंधो करी जीवहत्याना कामने अनुमोदवाना पापी कामथी अमारा श्रावक बंधुओ हवेतो हाथ उठावी देशनी अन्य प्रजाओमां मोखरे आवी पोताना धर्मने, पोतानी जातने, अने पोताना धर्माचार्योने, दीपावशेज. छेवटे आ परदेशी खांडनो उपयोग जेम ओछो थशे तेम स्वदेशी शुध्ध खांडनो वपराश वधशे अने तेम थवाथी देशनी कोमनी तथा पोताना घरनी पण परिणामे जुज अंशे पण आर्थिक स्थितिमां तफावत पडशे. देशी खांड वापरवाथी देशमां शेरडीनी खेती वधशे, खेडुतोने ए नवो धंधो हाथ धरवानुं मन थशे तथा ते मार्गे व्यापारी कोमने पण रळी खावाना काममां मन परोववानुं साधन मळशे अने मोटामां मोटुं तो नजर आगळ तेनी बनावट थवाथी तेनी शुध्धतानी प्रतिति थशे अने कदाच तेमां शंका जणाशे तो तेमां सुधारो करवानुं सहेलुं थई पडशे अने ए रस्ते देखादेखी बधाओ वळवाथी जेटली परदेशी खांड ओछी खपशे तेटली जीवहत्या ओछी थशे अने तेनुं पुण्य ए हत्या ओछी करावनाराओने हांसल थशे. आ सघळुं उत्तरोत्तर समजवा

जेवुं छे. माणसना माथे घणां ऋण छे तेमां जन्मभूमिना हितनुं ऋण पण छे अने तेथीज कह्युं छे के:—

## जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी.

जन्म आपनार माता तथा जे भूमि उपर आपणो जन्म थयो होय ते भूमि स्वर्ग करतां पण श्रेष्ठ छे. दरेक माणसने माथे आ बन्ने माताओ तरफ पूज्यभावथी जोवानी फरज कुदरतेज नांखी छे. अने जेओ मनुष्य संज्ञाने योग्य छे तेओ तो स्वार्थना भोगे पण आ बन्ने फरजो अदा करवा कदी चुकता नथी. आजकाल स्वदेशीनी चळवळ चालु थई छे. अने ते चळवळने उत्तेजन आपवा अथवा तो तेने वधु लोकप्रिय बनाववा माटेज परदेशी वस्तुओने बनी शके तेटले अंशे आपणा वपराशमां लेवी नहीं जोइए. अने एवी परदेशी वस्तुओ पैकीनी परदेशी खांड उपर हालमां लोकोनुं ध्यान गयुं छे, ए कांईक आवकारदायक छे, कारण के बीजी वस्तुओमां तो फक्त पैसानी हानिनो सवाल मुख्य होय छे त्यारे आ खांडमां तो जीवहत्यानो सवाल आवे छे. आपणा देशनी प्रजानो मोटो भाग हिंदुओनो छे अने हिंदुओ जीवदया प्रतिपाळ छे तेथी आ भ्रष्ट खांडनो सवाल अवश्य वहेलो मोडो आवकार पामशेज. आपणा जैनो माटे आ सवाल बेवडी जवाबदारीनो छे, अने ते उपर कहेवामां आव्युं छे. देश काळ अनुसार जे प्रजानुं के जे कोमनुं के जे व्यक्तिनुं वर्तन थतुं नथी ते प्रजा, कोमके व्यक्ति आ भूतळमां कांईपण करवाने लायक गणाती नथी अने दुनियानी सपाटीउपर गणना वगरना थईने जीववुं तेने विचारवंतो तो कदी जीवननुं उपनाम आपशेज नहीं, माटेज जो जीवन साफल्य करवुं होय, जन्म्या प्रमाण मनाववुं होय अने जन्म माता तथा धारण करनार ( भूमि ) माता ने भाररूप थई पडवानी बदनामी न वहोरवी होय तो देश प्रत्येनी फरज बजाववानी आ मळेली तकने हाथथी गुमावी देता नहीं. करोडो रुपीआ आवी भ्रष्ट खांडनी आयातथी परदेशखाते जाय छे, अने एथी अदृश्य रीते देश गरीब थतो जाय छे, पण जो आ भ्रष्ट खांडनी वपराश बंध पाडवामां आवशे तो एटलो पण देशने एटले आपणनेज फायदो थयो गणाशे. केटलाक टुंकी नजरना चीबावलाओ मिथ्या बकबकाट करे छे के एवी एकाद वस्तुनो उपयोग अमुक कोम के अमुक माणसे बंध करवाथी कांई आखा देशना लोको तेम करशे नहीं पण तेवाओ माणस जातना स्वभावना अभ्यासी होय एम जणातुं नथी. माणस नकल करवामां तथा एक बीजानुं

देखादेखी करवामां नमुनेदार प्राणी छे, अने तेथीज जो आवी परदेशी खांड थोडाओ के अमुक कोम के अमुक मंडळ पण वापरवी बंध करशे तो तेनी असर बीजाओपर जरूर थवानी एमां कांई संदेह छेज नहीं. अने एम वधतां वधतां ए भ्रष्ट खांड आपणा देशमांथी परिणामे नाबुद थशे. हवे आ खांडने हमेशनो देशवटो आपवानुं काम जेटली उत्तम रीते अने जेटली मक्कमपणे जैन कोम करी शकशे तेटली बीजी कोइ कोम करी शकशे नहीं एवी आशा रही शके. साधारण रीते जैनो श्रीमान कहेवाय छे अने जैनोनी जीवदया द्रष्टांतिक गणाय छे अने परदेशी खांडमां जीवहत्यानो अवकाश सिद्ध थतो जाय छे वीगेरे कारणोथी जैनोज परदेशी खांडनो एके अवाजे तिरस्कार करी अन्य कोमोमां उत्तम दाखलो बेसाडी तेओने चानक आपवा मोखरे आवशे एम धारी आ अनुकुळ वखते अमोए परदेशी खांड बंध करवा विषेनो अमारो अवाज उठाव्यो छे अने अमे आशा राखीए छीए के आवता पर्युषण पहेलां आ बाबतनो जैन संघ छेवटनो फडचो करी देई बहारनी दुनियाने जणावशे के जैनो जीवदयाना शिरसट्टे पण हिमायती छे तथा जे देशनी भूमिए तेओने धारण कर्या छे ते भूमिने न कामी भारे मारनार नथी पण तेनी उन्नतिना कामम‍ां मददगार थई बीजाओने तेओनी फरजनुं भान करावनावाळा छे. जैनो हालमां जाग्या छे अने साहित्यना तथा तीर्थनी पवित्रता जाळववाना काममां नडनारी अडचणो दूर करवाना कामो पाछळ मंडया छे ए माटे जैन आगेवानोने तथा जैन बीरादरोने धन्यवाद घटे छे, पण अमारे कहेवुं जोइए के परदेशी खांडनो सवाल के जे सवाल " **अहिंसा परमो धर्मः** " ना महान् सिध्धांतनी आडे आवे छे, अने तेने आपणोज टेको आपवा जेवुं निर्लज कृत्य करीए छीए ते सवालने जैन सवालज शा माटे न गणवो जोइए ए अमे समजी शकता नथी. जोके जैन सृष्टिमां ठामोठाम आ सवाले जागृति आणी छे तोपण ज्यांथी आ सवाल बहार पडवो जोइए त्यांथी बहार पडतो नथी अने जो त्यांथी बहार पडेतो अमोने खात्री छे के जैन बंधुओ तेने वधावी लीधा विना कदी रहे पण नहीं. तात्पर्य के आपणा जाहेर मंडळो, सभाओ तथा आपणी महान कोन्फरन्स जो आ परदेशी खांड नहींज वापरवानो प्रयास करवानुं माथे ले तो तेनी असर जुदीज थवा पामे. परदेशी खांडनो सवाल अमे बहुज अगत्यनो गणीए छीए अने तेम करवाना अमारा कारणो अमे टुंकमां उपर दर्शाव्या छे, तोपण आ ठेकाणे अमारे पुनः कहेवुं जोइए छीए के ए परदेशी खांडना वपराशथी आपणी शारीरिक, धार्मिक अने आर्थिक अवनति थाय छे

अने ए त्रणे प्रकारनी अवनति थाय एटले आपणी सर्व वाते अधोगतिज थएली अमेतो मानीए छीए.

छेवटे अमारा जैन बंधुओने आ बाबतमां बे बोल कही अमारो विषय पुरो करीशुं. महावीरना वीरपुत्रो, जीवदयाना हिमायतीओ, अहिंसा धर्मना स्थंभो, प्राणीमात्रना मित्रो, कंदमूळ अने वनस्पतिना रक्षको, पाणी, पहाड अने पांदडामां पण जीवनी हयाति माननारा महानुभावो, वातावरण तथा अग्निमां पण जीवनी प्रतीति करनारा करुणाळु प्राणीओ, डगलेडगले अने हालतां चालतां जीवनी संभाळ लेनारा सभ्यो. श्वासोच्छवासना व्यापारमां पण करकसर करनारा श्रावको तथा कर्मनी निवृत्ति एज निर्वाण छे एवा पण गुह्य सिध्धांतने द्रढ रीते माननारा जैन बंधुओ, कर्मने खपाववा माटे तमोने मळेलो उत्तम प्रकारनो जैन धर्म, तमे गमे ते जोखमे पाळो, पळावो अने पळाववामां अनुमोदन आपो, अने एने माटे तन मन ने धनना व्ययनी दरकार न राखी मन वचन ने कायाए करी जीवहत्याने अनुमोदन आपनारी आ परदेशी खांडनो उपयोग प्रथम तमे बंध करी तमारा दाखलाथी अन्यने तेनो वपराश बंध पडाववा द्रष्टांत रूप थाओ. अने जगतने जणावो के जैनो जीवदयाना साचा हिमायती छे, छे ने छेज. अने खोळीआमां जीव हशे त्यां सुधी गमे ते भोगे हिमायती रहेशेज. आपणे आम करीशुं त्यारेज आपणे आपणा धर्मनी बुलंदाईनी, आपणी जीवदयानी श्रेष्ठतानी अने जैन नामनी निर्मळतानी छाप अन्यना मन उपर पाडी शकीशुं. माटे जागो, चेतो, उठो, कमर कसो अने आपणा धर्मना, कोमना, तथा देशना हितना आ महान काममां मन परोवी विजय श्रीरंग दर्शावो.

चंद्र.

# જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ.

( લખનાર–શાહ નરોત્તમ ભગવાનદાસ. )

( અનુસંધાન પૃષ્ટ ૨૦૩. )

હેરલ્ડના વ્યવસ્થાપકની સૂચના અનુસાર આ વિષય આ અંકમાં સંપૂર્ણ થાય છે. તેથી કોઇ જગ્યાએ વિચારો ત્રૂટક જણાય તો ક્ષમા કરવા વિનતિ છે.

ઉપાશ્રય—જે જે ગામોમાં મુનિરાજોનો વિહાર છે, ત્યાં ઉપાશ્રયની સંભાળ સામાન્ય રીતે સારી લેવાય છે. મુનિરાજોનો વિહાર હોય છતાં ઉપાશ્રયની મુશ્કેલી અનુભવાય એવું જવલ્લેજ બને છે. મુનિરાજો તરફ ભક્તિભાવને લીધે, અને પોતાને ધર્મ ક્રિયા કરવાનું સ્થાન હોવાને લીધે, શ્રાવકે આ ખાતા તરફ ઉપેક્ષાવાળા હોતા નથી.

નિશાળો—વ્યાવહારિક કેળવણી સંપૂર્ણ રીતે બધા વિષયોમાં આપવા માટે મુખ્ય શહેરોમાં ગરીબ જૈનોને સહાયભૂત થાય એવી નિશાળો આ છેલ્લા દશકામાં ત્રણ ચાર નીકળી છે તે આનંદની વાત છે. સર્વ દાન કરતાં કેળવણીનું દાન એટલા માટે ઉત્તમ ગણાય છે, કે તે મેળવ્યા પછી ભિક્ષાવૃત્તિ, અથવા પારકાપર બહુ આધારની જરૂર પડતી નથી. તે મેળવ્યા પછી માણસને ભરણપોષણ માટે સામાન્ય સગવડ થઈ રહે છે. વ્યાવહારિક એ લાભ ઉપરાંત જ્ઞાનનો રસ્તો ખુલ્લો થાય છે, એ જેવો તેવો લાભ નથી. આત્મઉદ્ધાર એ લક્ષ દૃષ્ટિ બિંદુ હોવાથી એજ ખરો લાભ છે, પરંતુ જીવન નિર્વાહ સારી રીતે થઇ શકે એ માટે વ્યાવહારિક કેળવણી આપવા સારૂ મુંબઇમાં પન્નાલાલ હાઈ સ્કૂલ, કચ્છી દશા ઓશવાળ જૈન પાઠશાળા, કચ્છી વીશા ઓશવાળોની શાળા, રામજી માધવજી બોર્ડિંગ સ્કૂલ, અમદાવાદમાં પ્રધાનબાઇ કન્યાશાળા, સુરતમાં જૈન સ્કૂલ તથા ભાવનગરમાં અમુક અંશે, ઉજમબાઈ કન્યાશાળા વ્યાવહારિક શિક્ષણની સાથે ગૌણ રુપે ધાર્મિક શિક્ષણ આપનારી નિશાળો છે. આ શાળાઓ માટે બહારના અજાણ્યા માણસો જોઇએ તેમ બોલે પરંતુ સ્કૂલોના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનો અનુભવ એવો છે કે જોઇએ તેવું સંતોષકારક કામ થાય છે. વિદ્યાર્થીઓનો અનુભવજ ખરો ગણી શકાય. જે ગામોમાં ૧૫૦–૨૦૦ વિદ્યાર્થીઓ જૈનોના મળી શકે તેવા ગામોમાં, સરકારી અથવા દરબારી, સાધારણ શક્તિના વિદ્યાર્થીઓને ભારે ન પડે તેવી સ્કૂલો ન હોય તોજ, ખાસ જૈનોને માટે સ્કૂલ ખોલવાની જરુર છે. કેળવણી એજ દેશનું ધન છે. કેળવણી વિના કોઇ પણ દેશનો ઉદ્ધાર થયોજ નથી.

પાઠશાળાઓ—બનારસ યશોવિજયજી પાઠશાળા સંસ્કૃતમાં ઉસ્તાદ જૈનો ઉત્પન્ન કરવા માટે સ્થપાયેલી છે. તે સિવાયની સર્વ પાઠશાળાઓ છોકરાઓને સૂત્રો, મુખપાઠ અથવા અર્થ સહિત કરાવવા માટેજ છે. બનારસ પાઠશાળા આવશ્યક છે, એ તો નિર્વિવાદ છે. માત્ર ધ્યાન એટલુંજ રાખવાનું છે કે જેમ ભૂતકાળમાં બન્યું તેમ, એકવાર હાથમાં સત્તા આવ્યા પછી, તે જવા દેવી દુષ્કર લાગતાં, પોતાનું જુદું જમાવવા પ્રયત્ન થયો, અને તેથી પાઠશાળાને ધકો લાગ્યો, તેમ ન થાય તેટલા માટે તેવા નિયમે કામ ન લેવું એજ ધ્યાનમાં રાખવાનું છે. બનારસ પાઠશાળામાંથી થોડાએક પણ ખરેખરા વિદ્વાન, બીજાનીસાથે ધાર્મિક વિવાદ ઉત્પન્ન થતાં જૈનધર્મના નિયમો સાચા છે, એમ સમજણ

પૂર્વક બતાવી શકે, ઉપરાંત ધાર્મિક વ્યાવહારિક ઉપદેશકો તરીકે કામ કરી શકે એવા માણસો નીકળે, તો થયેલો ખર્ચ સફળ સમજી શકાશે. હાલની બીજી પાઠશાળાઓ મુખપાઠનું જે કામ કરેછે તે કોઈ રીતે અનિષ્ટ તો નથીજ. માત્ર અર્થસહિત થઇ શકે ત્યાં અર્થ કરાવવાનું વિશેષ લક્ષ અપાય એજ વધારવાની જરૂર છે. પાઠશાળાના શિક્ષકોને જે પગાર અપાયછે, તે બહુ ટૂંકો હોવાથી કામ કરનારનું લક્ષ ઓછું રહે, માટે તે હકીકત પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે. વિદ્યાર્થીઓને અનેકપ્રસંગે ઇનામો આપીને વધારે લલચાવી શકાય.

**દવાખાના**—જૈનો તરફથીજ ચાલતાં દવાખાનાં અત્યારસૂધી પાંચ જાણમાં છે. પન્નાલાલ જૈન દવાખાનું, માંગરોળ જૈન દવાખાનું, પાલીતાણામાં શેઠ રતનજી જેચંદ તરફથી ચાલતું દવાખાનું, વીશનગરનું ગોકળભાઇ દોલતરામનું દવાખાનું, તથા ગોધામાં જીવણ જેચંદ તથા છોટમલાલ ઓધવજી તરફથી ચાલતું દવાખાનું. બહારના માણસોને ખોટી ફરિયાદ કરવાની બહુ ટેવ હોય છે. એક જણ કોઇ સંસ્થાનું વાંકું બોલે, તો તેને વગર જાણે–સમજે ઉપાડી લેનારા પણ બહુ હોયછે. વળી ઓછો પગાર અપાતા ખાતામાં થોડીએક ગેરવ્યવસ્થા ચાલે, તો તેમાં બીજો ઉપાય નથી. કોઇ ખાતું થોડોએક ફાયદો કરતું હોય, તો એમ કહેવું કે એવા થોડાએક લાભવાળા ખાતાની જરૂર નથી, સંપુર્ણ ફાયદો કરનારૂં ખાતું જોઇએ, એ પણ યોગ્ય લાગતું નથી. થોડોએક લાભ એ પણ લાભજ છે. માટે ઉપરના દવાખાનામાંથી કોઈ માટે જરા ફરિયાદ હોય, તોપણ તે ખાતું ઇષ્ટજ છે, થોડા માણસોને પણ ફાયદો કરે છે, ખર્ચાળ શહેરની મુશ્કેલીમાં થોડી પણ રાહત આપનારૂં છે. માટે એવાં ખાતાં ઉઘાડનારાઓને ધન્યવાદ ઘટે છે. એવાં ખાતાં શ્રીમાન કોમોજ ઉઘાડી શકે છે. એવાં વિશેષ ખાતાં જરૂરના સ્થળોએ નીકળે તે ઇષ્ટ છે, સાથે ખાતાં ઉઘાડનારાને એટલી વિનતિ કરવી ઉચિત છે, કે પૈસાના પ્રમાણમાંજ ખાતું ઉઘાડશો. જોઇએ તે કરતાં વધારે યશની ઇચ્છાથી વધારે દેખાવની જરૂર નથી.

**લાઇબ્રેરી અને સભાઓ**—માંગરોળ જૈન સભા, જૈન ધર્મ પ્રસારક સભા, આત્માનંદ જૈન સભા વિગેરે જૈનોમાં ઘણા શહેરોમાં ઘણી સભાઓ છે. ન્યાત એ મોટો સમૂહ છે, સભા એ તેમાંનો નાનો સમૂહ. નાના સમૂહનું માનસિક બળ વધે, એ મોટા સમૂહને પણ ફાયદો છે. આ સભાઓ પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું, જૂનાનું સંશોદ્ધન કરવાનું, માસિક પ્રગટ કરવાનું, વિદ્યાભ્યાસ વધારવાનું વિગેરે જ્ઞાનનાં કામો કરે છે અને તે ઉપરાંત જરૂરને દરેક પ્રસંગે કોમને હિતાહિતના સવાલોમાં સભા મેળવી પોતાના અભિપ્રાય જાહેર કરે છે. હાલના ઇંગ્રેજી અમલમાં આવી રીતે પોતાના વિચાર જાહેર કરવા, એ પહેલી જરૂરની ફરજ છે. હાલના અમલમાં બોલે તેનાજ બોર વેચાય તેવું છે. કમજોર તથા મૂંગાને શાંત

રીતે સહન કરવાનોજ સમય છે. માટે દરેક કટાકટીને પ્રસંગે સભાઓના વ્યવસ્થાપકોની ખાસ ફરજ છે કે સભાનું મત સ્પષ્ટ રીતે જાહેર વર્તમાન પત્રોમાં મૂકવું. અતિશય અયોગ્ય ઘોંઘાટની જરુર નથી, પરંતુ આવશ્યક રીતે જરૂર પોતાનો અવાજ બહાર પડવોજ જોઇએ બની શકે તે સભાઓએ, પૈસાની જોગવાઈ પ્રમાણે, નિશાળો ઉઘાડીને, અથવા નિશાળોમાં મદદ કરીને જ્ઞાન તરફની પોતાની ફરજ બજાવવી જોઇએ. માંગરોળ જૈન સભા, તથા જૈન ધર્મ પ્રસારક સભાના દાખલા, અનુકરણ માટે, આગળ ધરી શકાશે. અમદાવાદની તત્ત્વ વિવેચક સભા, હાલ કાંઈ કરતી હોય, એવું જાણવામાં નથી. તો નામ પ્રમાણે કાંઇ પણ તત્ત્વ જ્ઞાન બહાર પાડવા વિનતિ છે. સભાઓના મેંબરોએ ભાઇચારાથી વર્તવું જોઇએ, એવા ઉપદેશની હાલ કાંઈ જરુર જણાતી નથી. કોઈ કોઇ સભાઓ મફત વાંચન પૂરૂં પાડનાર સ્થળો તરીકે કામ કરે છે, તે પણ ઇષ્ટ છે. દેશના ઉદ્ધાર માટે જ્ઞાનના ફેલાવાનીજ ખરી જરૂર છે. બુકો, વર્તમાનપત્રો, ને માસિકો અમુક અંશે જ્ઞાન ફેલાવાના સાધન છે. તે મફત વાંચવા માટે પૂરા પાડવા એ ખરેખરો લાભ આપવા જેવુંજ છે. બની શકે તેમણે તે અનુકરણ કરવા જેવું છે. નામની સભાઓ કાઢવાથી કાંઇ લાભ નથી. સંગીન કામ કરી દેખાડવું એજ ઇચ્છા હોવી જોઇએ.

**પાંજરાપોળ**—જ્યાં જ્યાં જૈન ભાઇઓની વસ્તી સારી હોય છે, એટલે કે પૈસાદાર અથવા મોટી સંખ્યામાં હોય છે ત્યાં ઘણું કરીને પાંજરાપોળ હોય છે. પાંજરાપોળો કેટલીએક શ્રાવકોનીજ વ્યવસ્થા તળે હોય છે. અને કેટલીએક શ્રાવકો તથા અન્ય ભાઇઓની સંયુક્ત વ્યવસ્થા નીચે હોય છે. જે ગામોમાં પાંજરાપોળો નથી હોતી, તે ગામોમાં જનાવરોની માંદગી, મરણ પ્રમાણ, તથા બેદરકારી હોય છે તેના કરતાં પાંજરાપોળવાળાં ગામોમાં જનાવરોની વૈદક સંભાળ, ચારોપાણી તથા સામાન્ય સંભાળ વધારે સારી હોય છે. હમણા થોડા વખતપરજ એક ભાષણમાં જણાવ્યું છે કે મનુષ્યજાતની સંભાળ લેવાયા પછીજ જનાવરોની સંભાળ લેવાવી જોઇએ. તે વિચારો સાથે આ લેખક મળતો થતો નથી. જનાવરો મૂગાં છે, પોતાની મેળે ધંધો કરી ચીજો મેળવી લાવી ખાવાનું મેળવવા અશક્ત છે પોતાને દરદ થાય તો મૂંગે મોઢે તેમને સહન કરવું પડે છે, વિગેરે કારણે, ધ્યાનમાં લેતાં, મનુષ્યજાતિનું શુભ કરવાના પ્રયાસને પ્રથમ પદ આપીએ, છતાં પણ તેમનું સારૂં થઈ રહે પછીજ જનાવરોનું કરવું, એ નિયમ ચાલી શકશે નહિ. જૈનધર્મ દયાધર્મ છે, તેથી માણસોની સાથે સાથેજ, અગરજોકે ગૌણ રુપે, જનાવરોની સંભાળ લેવાની છે. હિંદુસ્તાનમાં અને તે સાથે આપણી જૈન કોમમાં પણ એક મુશ્કેલી એ ઉભી થઈ છે, કે ખોટી કીર્તિ મેળવવાના હેતુથી કામ કરનારના નાના દોષને પણ મોટો બતાવવામાં આવે છે, તેના હેતુ શુભ હોય, છતાં તેનાપર આક્ષેપો કરાય છે; જોકે એ તો ખાત્રી જેવું છે કે આક્ષેપ

કરનારાઓ તોડી પાડવાની બુદ્ધિ વિશેષ ધરાવે છે, અને સારી યોજના કરવાની બુદ્ધિ અલ્પ ધરાવે છે. નિઃસ્વાર્થ કામ કરનારાઓએ આવા ખોટા આક્ષેપોથી બીલકુલ બીહવાની જરૂર નથી. પુન્ય ફળ મળ્યા વિના કદી રહેનાર નથી. માટે પોતાના કરતાં વધારે સારી સંભાળ લેનાર વ્યવસ્થાપકો ન મળી શકે ત્યાં સૂધી શાંત રીતે કામ કર્યેજ જવાનું છે. કદાચ અતિશય મૂઆઇને કામ છોડી દેવાની ફરજ પડે, તો પણ આવા જીવદયાનાં ખાતાંઓ તરફ અમીદૃષ્ટિથી દરકાર રાખ્યાજ કરવાની છે, અને તે ખાતાંને અતિશય ગૂચ આવે, ત્યારે તેની મદદે પણ દોડવાનું છે. સામાન્ય રીતે પાંજરાપોળોમાં માંદા, લૂલાં, લંગડાં જનાવરો, કાંઇપણ પેદાશ નહિ આપનારા બોકડા, કબૂતર, પાડા, કૂતરાં વિગેરે જનાવરો તથા પક્ષીઓને માણુસો મૂકવા આવે છે કૂતરા માટે એક રોટલી કે રોટલો પહેલો કરવાનો ઉત્તમ દયાળુ રીવાજ સ્વાર્થત્યાગ અને પશુદયાજ સૂચવે છે. ઇંગ્રેજ સરકાર, જે મનુષ્યનુંજ ભલું જોનાર છે, પશુઓનું શું થાય તેની જેને બહુ દરકાર નથી, તે તો આંખ વીચીને કૂતરાંને મારી નાંખવાનાં જાહેરનામાં બહાર પાડે છે. કાગડા પણ અવાજ કરનાર હોવાથી બિચારા નકામા માર્યા જાય છે. ઉંદર, મરકીની સૂચના કરનારા છે, છતાં તે પણ કરોડોની સંખ્યામાં આખા હિંદમાં સર્વ સ્થળે મરાયા જાય છે. આવી નિર્દય સ્થિતિમાં બની શકે તેટલી જીવ દયા પાળવી એ ઉત્તમ મનુષ્ય ધર્મ છે. આ લેખકે ૪--૫ પાંજરાપોળો જોઈ છે, અને તેમાં સામાન્ય રીતે બહુ ફર્યાદ જેવું જણાયું નથી. ફર્યાદ કરનારા નાની વાતને મોટું રુપ આપનારા હોય છે. છતાં તે ફર્યાદમાં જેટલું સત્ય હોય, તેટલાનો ઉપાય કરવાની વ્યવસ્થાપકની ફરજ વ્યવસ્થાપકે ભૂલવી જોઇતી નથી. ઘાસ ચારાની સંભાળ રાખવી, જનાવરો ઉપરા ઉપર ન પડે તેની સંભાળ રાખવી વિગેરે આવશ્યક ફરજો વ્યવસ્થાપકને માથેજ છે. એક બાબત બહુ દિલગીરી ઉપજાવનારી આ લેખકે થોડા વખતપર સાંભળી છે. અને તે **સર્વ પાંજરાપોળના વ્યવસ્થાપકોને** ખાસ લક્ષમાં રાખવા જેવી છે. એક મોટા માણુસ જૂદી જૂદી પાંજરાપોળોમાંથી પાળવાને બહાને બળદ, વિગેરે જનાવરો મોટી સંખ્યામાં દર વર્ષે લઇ જાય છે, અને તેજ ઢોરોને પૈસા લઇને વેચે છે. આ ઢોરોની પાછળથી બહુ દુર્દશા થાય છે. માટે **ખાતરી કર્યા વિના** કોઇને પણ પાંજરાપોળમાંથી જનાવર આપવું જોઇએ નહિ. પાંજરાપોળ નિભાવવાની શક્તિ ન હોય તો પાંજરાપોળ ન સ્થાપવી એ ઉત્તમ છે. સ્થાપી હોય તો નિભાવવાની શક્તિ જેટલાંજ ઢોર રાખવાં. પણ પાછળથી લૉટરી કાઢવી પડે, ગામોગામ ફરવું પડે એ બહુ ઇષ્ટ નથી. જોકે તે પણ અકર્તવ્ય છે એમ નથી. પહેલાં ગામોમાં ફરીને પૈસા એકઠા કરવા અને પાંજરાપોળ માટે ભવિષ્યની ગોઠવણ કરવી એ તો દરેક રીતે ઇષ્ટ છેજ, પાજરાપોળના હિસાબો બહાર પાડવાનો રીવાજ બહુ સારો છે, કારણકે તેથી પૈસા આપનારને યશની

ઇચ્છા તૃપ્ત થાય છે, તેના પૈસાનો દુરૂપયોગ થતો અટકે છે, વ્યવસ્થાપકના ઉપર લોક અવાજનો અંકુશ રહે છે, પાંજરાપોળની નાણાં સંબંધી સ્થિતિ જણાય છે, વિગેરે. માટે દરેક પાંજરાપોળે હિસાબ છપાવવો અથવા તૈયાર રાખી લોકોને જાહેર કરવો એ ઇષ્ટ છે.

બોર્ડિંગ—આ માટે આ માસિકમાં તથા બહાર પુષ્કળ લખાયું છે અત્યાર સૂધી શ્વેતાંબર બોર્ડિંગ ૪–૫ છે, પરંતુ ખરી રીતે તે માત્ર લૉજીંગ (રહેવાનાં ઠેકાણાં) છે, બોર્ડિંગ (ખાવાનાં ઠેકાણાં) નથી. જૈન કૉલેજ કરતાં બોર્ડિંગનીજ ખરી જરૂર છે, એવા મી૦ મોતીચંદના મત સાથે આ લખનાર સંમત છે. કૉલેજમાં અતિશય ભારે ખર્ચ કરવો પડે, અને તે માટે પુરતી જૈન વિદ્યાર્થીઓની સંખ્યાજ કયાં છે? વળી કૉલેજ પણ એકલી નકામી છે, સાથે બોર્ડિંગ હોય તોજ કામની છે. ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગ એજ ખરી છે. એનાથી ઉતરતે દરજ્જે પરંતુ આપણી બોર્ડિંગો કરતાં અતિઘણે શ્રેષ્ઠ દરજ્જે હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગ છે. યશની જરૂર નથી, માત્ર ફરજ બજાવવાની તથા કામ કરવાની ઇચ્છા છે, એવો જમાનો જૈનોને માટે આવશે, તેજ દિવસે જૈનોની ખરી ચડતી થશે. ત્યાં સૂધી બધાં ફાંફાં છે. આપણા એક જૈન બંધુ મી૦ દીપચંદ માણેકચંદે થોડા વખતપર સ્ત્રીઓ માટે લેખો લખવા એક બહુ સારૂં ઇનામ જાહેર કર્યું હતું, તેવી રીતે સાચી દિશામાં શ્રીમાનો પૈસો ખરચશે, વાહવાહ કહેવરાવવા માટે નહિ, પણ જરૂરની જગ્યાએજ પૈસો ખરચશે, ત્યારેજ આપણો ઉદય થશે. તેવી રીતે બોર્ડિંગ નામ રાખવાને બદલે લૉજીંગ નામ રાખવાની જરૂર છે. જે લૉજીંગો થયાં છે, તે બહુ સારી વાત છે, પણ અત્યારે જમાનાની જરૂરીઆત ખરાં બોર્ડિંગોની છે. બોર્ડિંગના વ્યવસ્થાપકોએ અભિમાનથી કામ કરવાનું નથી, પરંતુ ખરા હૃદયથી ફરજ બજાવવાની છે. આ લેખકે દિલગીરી સાથે જોયું છે કે મુંબઈ બોર્ડિંગમાં અભ્યાસી વર્ગ ધર્મક્રિયામાં લગભગ તદન શૂન્ય છે. તેઓને બીલકુલ ધાર્મિક જ્ઞાન મળવાની વ્યવસ્થા નથી. તે થવાની બહુજ જરુર છે. બોર્ડિંગ સાથે સ્કૉલરશિપોની આવશ્યકતા પણ બહુજ છે.

ભોજનગૃહ—સુરતમાં શેઠ રાયચંદ દીપચંદ ભોજનગૃહ છે, તેમાં ગરીબ અથવા શ્રીમાન જૈનો જમી શકે છે, અને પોતાની શક્તિ હોય તે પ્રમાણે પૈસા પેટીમાં નાંખી શકે છે. આવા ભોજનગૃહોની પણ કેટલેક અંશે જરૂર છે.

શ્રાવિકાશાળા—મુંબઈ, અમદાવાદ એ બે જગ્યાએ શ્રાવિકાશાળા સારી ચાલે છે. પાલણપુરમાં હાલ શરુઆત થઇ છે, પણ હજી તેને માટે કંઈ અભિપ્રાય ઉચ્ચારી શકાય તેવી સ્થિતિમાં તે નથી. અમદાવાદ શ્રાવિકાશાળા ઘણી સારી ચાલે છે. શ્રાવિકાશાળાની જરૂરીઆત એટલા માટે છે, કે મોટી

ઉમરે, અભણ હોય તે ભણી શકે, અને ભણેલી હોય તે નવું નવું વાંચી શકે. મુખ્ય જરૂર તો એટલા માટે છે કે ગરીબ વિધવાઓને કંઈ ગૂંથવાનુ, અથવા કોર, રીબન, ઝબલા વિગેરે ભરવાનું, અથવા એવા કાંઈ પણ ધંધા શીખવવા, કે જેથી કરીને નીતિથી પોતાનું ભરણપોષણ કરી શકે. મોટી વસ્તીવાળા શહેરોમાં આવી શ્રાવિકાશાળાઓની ખાસ જરૂર છે.

**કૉન્ફરન્સ**—એ મહાન સંસ્થા સર્વથી ઉપયોગી છે, તે માટે બે મત છેજ નહિ. તેણે જીર્ણોદ્ધાર, જીર્ણ પુસ્તકોદ્ધાર, ડીરેકટરી, કેળવણીને સહાય. નિરાશ્રિતોને મદદ વિગેરે કર્યું છે. પણ એક બાબત જરા ફેરવવાની જરુર છે. ખોટાં બહાનાં કાઢીને નવું મંદિર બંધાવવું હોય છતાં જીર્ણમંદિરોધ્ધારને નામે કોઈ કોઇ વખત પૈસા લઇ જાય છે, એ ગેરવ્યાજબી છે. હાલનો સમય મંદિરો વધારવાનો છેજ નહિ. માત્ર જરૂર લાગે ત્યાં નાના પ્રમાણમાં નવું કરવા જેટલી જરૂર છે. બીજું, આળસુ, ખોટા બહાનાથી પૈસા લેવા આવનારને નાની રકમો આપવી તે પણ પાણીમાં નાખ્યા બરોબરજ છે. તેથી ઉદ્યમ કરવાને માટે નાની મોટી રકમ આપવાની જરૂરીઆત છે.

વિષય પૂર્ણ કરતાં ભૂલચૂક માટે લેખક ક્ષમા ઇચ્છે છે.

સંપૂર્ણ.

---

# આપણું પવિત્ર તીર્થ શ્રી સમેતશિખરજી.

## હવે કરવું શું ?

થોડા સમય ઉપર શ્રી સમેતશિખરજીના પર્વત ઉપર જમીન પટે આપી બંગલા બાંધવા દેવાની બંગાળ સરકારની યોજના વિરૂદ્ધ જૈન વસ્તિવાળા લગભગ તમામ શહેરો તરફથી સખ્ત અણગમા સાથે વાંધો જાહેર કરવામાં આવ્યા છતાં, આપણી ધાર્મિક લાગણીને કાંઇક ન્યાય આપવાનો બ્હારથી દેખાવ ધારણ કરી, જૈન કોમના અગ્રેસરોને બૅંગાળના લેફ્ટેનન્ટ ગવર્નરે પોતાની રૂબરૂ આ સવાલના સબંધમાં ચર્ચા કરવાને, ડેપ્યુટેશનના રુપમાં હાજર થવાનું આમંત્રણ કરી પોતાને મળેલા માનપત્રોના જવાબમાં જે નિરાશીભરેલો અને સમસ્ત જૈન પ્રજાગણના, કલકત્તા હાઇ કોર્ટ તરફથી કબુલ રાખવામાં આવેલા હક તરફ બેદરકારી બતાવનારો જવાબ આપવામાં આવ્યો તેથી પ્રત્યેક ધર્મપ્રેમી જૈનભાઇઓ શ્વેતામ્બર આમ્નાયના હો, કે દિગમ્બર આમ્નાયના હો સર્વ કોઇ એટલા બધા ચિંતાગ્રસ્ત થઇ ગયાછે કે હવે શું કરવું તે એક મ્હોટો વિચારવા જેવો સવાલ થઇ પડયો છે.

આ તીર્થની પવિત્રતાના સંબંધમાં આ પત્રના જુન મહિનાના અંકમાં વિસ્તારથી વીવેચન કરવામાં આવેલ છે તેથી અત્ર તે પર્વતની ચિત્તાકર્ષક, નેત્રને આનંદદાયક કુદરતી સુંદરતાના સંબંધમાં તથા તે પર્વત ઉપર ટુંક મુદતમાં ઓછી મુશ્કેલીએ જઈ શકાય તેવો થયેલો સુગમ માર્ગ કે જે કારણોને લઇને કલકત્તાના યુરોપીયનો તથા ધાર્મિક હિંદુભાઇઓને જમીન પટે આપી પર્વત ઉપર વસવાટ કરવાનો વિચાર રાખવામાં આવ્યો છે. તેના સંબંધમાં વિવેચન કરવું પ્રાસંગિક ગણાશે.

આજ સુધી જબલપુર તરફ થઇને જતાં કલકત્તા મેલમાં મુસાફરી કરતા યાત્રાળુઓને મેલ લાઇનને રસ્તે થઈ મધુપુર સ્ટેશને ગીરડી જવા માટે ગાડી બદલવી પડતી હતી. ગીરડીથી મધુવન ગાડા રસ્તે જતાં માર્ગમાં બરાકા નામની મ્હોટી નદી આવે છે. તે નદી ઓળંગવાનું ઘણી વખત મુશ્કેલીભર્યું થઈ પડે છે. પાણી વિશેષ હોય છે તો નાવડામાં બેસીને પેલે પાર જઇ શકાય છે. પરંતુ હાલમાં ગ્રાન્ડકોર્ડ નામની નવી રેલ્વે લાઇન થતાં મુંબઇથી જબલપુર મેલમાં નીકળેલ યાત્રાળુ માર્ગમાં કોઇ પણ ઠેકાણે ગાડી બદલવાની અગવડ ભોગવ્યા વગર ગોમો સ્ટેશને ઉતરી, ઇસરી અને નીમીયા ઘાટ-જે બન્ને સ્ટેશનો પર્વતની પાસેના છે અને ઇસરીથી મધુવન જવાનો સડકનો રસ્તો છે છતાં ત્યાં-મેલ ઉભો રહેતો નથી તેથી બીજી ગાડીમાં પાછા આવી ઇસરીથી મધુવન ઓછા કલાકમાં પ્હોંચી શકે છે.

આ પ્રસંગે લખવું જોઇએ કે યાત્રાળુઓને ઉતરવાને પર્વતની તળેટીમાં આવેલા મધુવનમાં નીચલી કોઠી, મજલી કોઠી અને ઉપલી કોઠી એ નામની ત્રણ ધર્મશાળાઓ છે. તે પૈકી મજલી કોઠીની વ્યવસ્થા શ્વેતામ્બરો હસ્તક છે અને ઉપલી તથા નીચલી કોઠી, તેરાપંથી અને વીશપંથી દિગમ્બરોના વહીવટ નીચે છે. મજલી કોઠીની લગોલગ આપણા સાત આઠ ભવ્ય દેરાસરો આવેલા છે. આ બધાંનો તથા પર્વત ઉપર મંદિરો તથા દેરીઓનો વહીવટ આપણા તરફથી મુર્શિદાબાદના રહીશ, બાબુ સાહેબ ધનપતસિંહજીના પુત્ર મહારાજા બ્હાદુરસિંહજી, ઓનરરી મેનેજર તરીકે કરે છે. હાલમાં ઉભા થયેલા ચિંતાતુર મામલા પ્રસંગે તેઓ સાહેબ તથા કલકત્તા નિવાસી રાય બહાદુર બદ્રીદાસજી પોતાથી બનતો પ્રયાસ કરી રહ્યા છે.

વળી હઝારી બાગના ડેપ્યુટી કમીશનરે મોટરગાડી દોડાવવાની યોજના તૈયાર કરેલ છે અને તેને માટે એક કંપની ઉભી કરી શેરો ભરાવા માંડયા છે, આથી કરીને યાત્રાળુને જે સગવડ થઇ છે તેની સાથેજ આપણી હાલની તીર્થની પવિત્રતા નહી જળવાવા બાબેની મુશ્કેલીને જન્મ મળ્યો છે.. આવા કારણોને લઇનેજ આપણે કેટલાંએક વિચિક્ષણ પુરૂષોના નીચે પ્રમાણેના ઉદગારો સાંભળીએ

છીએ, કે યાત્રાનું સ્થળ જો આવા બાહ્ય સરલ અને સુગમ વ્યવહારથી અલગ રહે તોજ તેની ખુબી યથાર્થ જળવાઈ રહે. આપણા શાસ્ત્રકારોએ જે મોક્ષના માર્ગને-તેના સાધનને દુષ્કર કહેલ છે તેને હાલના જમાનાની નવીન શોધખોળનો લાભ લઈ સુગમ બનાવવા જઇએ તો બીજી મુશ્કેલીઓ ઉભી થાય છે, તેનો વિચાર કરવો આવશ્યક છે. આ બાબત આપણે શ્રી સમેતશિખરજીના દ્રષ્ટાંત ઉપરથી સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ.

ગ્રાન્ડકોર્ડ લાઇન તથા મોટરગાડીની સગવડ થયેથી હરકોઇ માણસ કલકત્તાથી પાંચ છ કલાકમાં શ્રી સમેતશિખરની શીતળ ટેકરીની સુંદર ટોચ ઉપર પ્હોંચી શકશે. મુંબઈથી નીકળનાર માણસ બારસોથી તેરસો માઇલની મુસાફરી જે પ્હેલાં બેથી ત્રણ મહીના લેતી હતી તે હવે માત્ર ચાળીશ કલાકમાં તીર્થભૂમિનો સ્પર્શ કરવાને ભાગ્યશાળી થઈ શકે છે. નિવૃત્તિના સમય ઉપર વિજય મેળવતા આ પ્રવૃત્તિના જમાનામાં નિદ્રાના કલાકો બાદ કરતાં બાકીના તમામ વખતમાં સાવદ્ય વ્યાપારના કાર્યમાં પ્રવૃત્ત રહેનાર લોભવશાત ધન પ્રાપ્તિના કાર્યનેજ પ્રધાનપદ આપી ધર્મ સાધનામાં સુસ્ત બની સ્વાર્થના કાર્યમાં મશગુલ રહેનાર માણસ યાત્રાળુ Time is wealth એ સૂત્ર અનુસાર હાલમાં જે વખતને ધનની ઉપમા આપવામાં આવેલ છે તેનો ઉપરોકત રીતિ મુજબ બચાવ થતો જોઈ સ્હેજે આ તીર્થભૂમિના દર્શન કરવા લલચાય અને આ પ્રાની દુનિયાની સઘળી ઉપાધિ, વ્યાપારી ધમાલની ચિંતા, તથા ચિત્ત-વૃત્તિને ડામાડોળ કરનારી સાંસારિક ફીકરથી મુક્ત થઈ સ્થિર ચિત્તથી--પવિત્ર મનથી શુભ ધ્યાન ધ્યાવાથકી ધર્મપ્રવૃત્તિમાં લીન થઈ શુભ કર્મ–પુણ્ય–ઉપાર્જન કરવાની સાથે નિર્જરા પણ કરી શકે.

શ્રીમાન્ પ્રસન્નચંદ્ર રાજર્ષિના પ્રસિદ્ધ દ્રષ્ટાંતથી આપણે જોઈ શકયા છીએ કે ધર્મધ્યાન તથા શુકલધ્યાન મોક્ષ પ્રાપ્તિના હેતુ છે અને અનેક સિદ્ધાત્માઓથી પવિત્ર થયેલી ભૂમિ–પરમ શાન્તિનું સ્થાન મેળવવા યોગ્ય–શ્રી સમેતશિખરજીની ટેકરી શુભ ધ્યાનનું આલંબન લેવામાં પરમ આધાર ભૂત છે. આ પવિત્ર ભૂમિનો એક વાર પણ સ્પર્શ કરવાને જે ભાગ્યશાળી થયો હશે તે ભલેને અન્યદર્શની હોય તો પણ આ પર્વતની મોહક શાન્તિથી તથા કુદરતની ચિત્ર વિચિત્ર કૃતિના પરિણામ રૂપ દિવ્ય 'આલ્હાદક સુંદરતાથી મોહિત થઈ હમેશને માટે આ ભૂમિ પવિત્ર રહે, અનાર્ય લોકોના વસવાટથી, સંસર્ગ દોષથી, કલૂષિત થતી અટકે તેવા ઉદ્ગારો કાઢયા વગર રહેશે નહિ.

બંગાલના લેફટનન્ટ ગવર્નર સાહેબ પોતેજ આપણા માનપત્રના જવાબમાં કહે છે કે:–

I cannot tell you how deeply I have sympathised with the Jains in the horror with which they heard of the abominable outrage which

was perpetrated, in the establishment of a piggery and a factory for lard from *Swine's* flesh in the immediate vicinity of the Pilgrim route. I do not suppose that any Jain can have felt very much more strongly than I did, as I read of this incident, in the history of this case and I was glad to see how clear was the legal decision interdicting this insult to your religious feelings.

"યાત્રાળુઓને પર્વતઉપર જવાના માર્ગની તદન પાડોશમાં, ડુક્કરના માંસમાંથી ચરબી બનાવવાનું કારખાનું ખુલ્લું મુકયાના ધીકારવા યોગ્ય જુલમાટના સમાચાર જે અરેરાટની લાગણીથી સાંભળ્યા છે તેઓની તરફઅંતઃકરણથી જે દીલશોજી ધરાવું છું તે પ્રદર્શિત કરવાને અશક્ત છું."

તેઓ સાહેબ પોતાના જવાબની શરૂઆતમાં કહે છે કેઃ—

I certainly do not require any assurance from you of the loyalty of the Jain Community.

"જૈન પ્રજાની વફાદારી માટે તમારી પાસેથી ખાત્રી મેળવવાની હું જરૂર ધારતો નથી. હું કબુલ કરૂં છું કે પાર્શ્વનાથની મારી મુલાકાતથીઆ બાબતમાં તમારા તરફની મારી દીલસોજી વધારે મજબુત થઈ છે. સ્હેજ પણ ધર્મની લાગણી ધરાવનાર માણસ ઉપર મધ્ય ભાગની ટેકરીની પવિત્રતા અસર કર્યા વગર રહેશે નહિ.

આવી રીતે મીઠા મીઠા શબ્દોમાં પોતાના વિચારો પ્રદર્શિત કર્યા છતાં પણ મુદાની વાત કહેતાં નામદાર લેફટેનન્ટ ગવર્નર સાહેબ જરા પણ આંચકો ખાધા વિના શ્રી કુંથુનાથજીના દેરાની આજુબાજુની ટેકરીનો ભાગ અલગ રાખવા માટે આપણી પાસેથી સારી જેવી રકમની પાલગંજના રાજાનું ખીસું તર કરવા માગણી કરે છે. અને બીજા ભાગ ઉપર તો જમીન પટે આપવાનો તેનો હક કાયમ રાખે છે.

સને ૧૮૯૩ ના કલકતા હાઈકોર્ટના જજમેન્ટ ઉપરથી જેવી રીતે માલેકીપણાનો હક પાલગંજના રાજાનો કબુલ રાખવામાં આવેલ છે તેવીજ રીતે કરારનામાથી તથા પરંપરાના કબજા ભોગવટાથી આપણો જે હક પ્રાપ્ત કરેલ છે તેના સંબંધમાં હાઈકોર્ટના નામદાર જજોએ જે વિવેચન કરેલ છે તેના ઉપર નામદાર લેફટેનન્ટ ગવર્નરે જેટલું ધ્યાન આપવું જોઇએ તેટલું આપ્યું નથી અને તેથી બન્ને બાજુને ન્યાય આપવાના કાર્યમાં નિષ્પક્ષપાતપણે પોતાની પાસે રજુ થયેલી હકીકતોની તુલના કરવામાં તે નામદાર નિષ્ફળજ નિવડયા છે, એમ કહેવું તેમાં જરા પણ અતિશયોક્તિ નથી.

મુસલમાની રાજ્યમાં પણ આ પર્વતની પવિત્રતા જળવાઇ રહેલી હતી એટલુંજ નહિ પણ આપણા શ્રીમાન આચાર્યવર હીરવિજયસૂરિજીને મોગલ શહેનશાહ અકબર બાદશાહે આપણા તીર્થસ્થળ ગણાતા સર્વે પર્વતોની, તેને

આપણી માલેકીના ઠરાવી સનદ આપેલી છે, તે હજુ પણ મોજુદ છે. હીરસૌભાગ્ય નામના સંસ્કૃત કાવ્યમાં (વિષય વધારે મ્હોટો થઇ જવાના ભયથી અત્ર તે પુસ્તકના શ્લોક ટાંકવામાં આવ્યા નથી) પણ આ સનદો આપ્યાની બીના વર્ણવવામાં આવેલ છે. આપણા તીર્થસ્થળોએ તથા મંદિરોની આજુબાજુમાં તથા પર્યુષણ વગેરે પર્વના દિવસોમાં કોઇપણ માણસ જીવહિંસા કરી શકે નહિ તેવી રીતના ફરમાનો પણ અકબર બાદશાહ તરફથી કાઢવામાં આવેલા અને તેની સનદ પણ ઉક્ત આચાર્યશ્રીને આપવામાં આવેલી છે. આ સનદ વિષે-**Malcolm's Central India (Vol. II p. 164)** નામના પુસ્તકમાં વિવેચન કરવામાં આવેલ છે. આવી રીતની સ્થિતિ છતાં-પૂરાવા એકટ (Evidence Act) ના આધારથી તથા કેટલેક અંશે આપણા અગ્રેસરોની ગફલતીથી આપણે સનદ સાબીત (Prove) કરી શકયા નથી પણ તેથી તે ખોટી ઠરેલી (disproved) નહિ હોવાથી બનાવટી ઠરતી નથી. કાયદાની બારીકીને લીધે હાઇકોર્ટથી આપણી સનદ કબુલ રાખવામાં આવેલી નથી તેમ છતાં કારોબારી અમલદાર (Executive Officer) તેના તરફ ઘટતું ધ્યાન આપવા બંધાયેલ છે. આ ઉપરાંત સને ૧૮૭૨ ના કરારનામાથી આપણને જે હકો મળેલા છે તેના સંબંધમાં હાઈકોર્ટના નામદાર જજો બહુજ સારૂં અજવાળું પાડે છે. પીગરી કેસની છાપેલી ચોપડીના પા. ૨૨ તથા ૨૩ માં જે હકીકત આપણે વાંચીએ છીએ તે ઉપરથી આપણને નવુંજ જોર મળે છે. આપણી થયેલી ભુલનો લાભ લેવાના ઇરાદાથી કદાચ કહેવામાં આવે કે ડાક બંગલો બાંધવામાં આવ્યો તથા સેનીટેરીયમ સ્થાપવામાં આવ્યું (હાલ તે ઉપાડી લેવામાં આવ્યું છે) ત્યારે આપણે જરા પણ વાંધો ઉઠાવ્યો નહોતો તેના જવાબમાં એટલુંજ કહેવું બસ થશે કે આપણે વાંધો ઉઠાવેલો પણ મક્કમપણાથી લડત ચલાવેલી નહિ અને તેનું કારણ એટલુંજ કે સને ૧૮૫૭ નો બળવો થયાને બહુ વર્ષ થયેલા નહિ અને આપણે અવાજ ઉઠાવીએ તો આપણા જેવી શાંત ગણાતી પ્રજા બેવફા લેખાય અને તેથીજ હાઇકોર્ટના નામદાર જજોના શબ્દોમાં કહીએ તો-They did not think it judicious to quarrel with the Government) સરકારની સાથે તકરારમાં ઉતરવું તેઓ (જૈનો) ડહાપણ ભરેલું સમજેલા નહિ.

નામદાર લેફટેનન્ટ ગવર્નરે પર્વતના જુદા જુદા વિભાગ પાડી, અમુક પવિત્ર અને અમુક પવિત્ર નહિ, તેવું ઠરાવ્યું, તેમ નહિ કરતાં હાઇકોર્ટના નામદાર જજો આખા પર્વતને (તેઓને તે વખતે આ પર્વતના ગ્રાન્ડકોર્ડ લાઇન થતાં Secular health resorts તરીકે ઉપયોગ કરવામાં આવશે તેવો ખ્યાલ પણ નહિ હોય) જૈનો પવિત્ર માને છે તે કબુલ રાખે છે. અને સને ૧૮૭૨ ના કરારનામાના બને પક્ષકારો પણ તેવીજ રીતે માનતા હતા અને તેથી કરારનામાનો સાંકડો અર્થ નહિ કરતાં વિસ્તૃત અર્થ કરી તેના ઉપરથી જે અનુમાન હકવીટીના કાયદાના આધારે દોરી શકાય છે તેના

ઉપર વજન મુકે છે. ઉક્ત કરારનામાથી પર્વત ઉપરની ગમે તે જમીન દેરાસર તથા ધર્મશાળા બાંધવા વગર લવાજમે આપણને લેવાનો હક છે તેમજ તેના માટે જોઈતા લાકડા તથા પથ્થર પણ મફત લેવાનો હક જૈનો ધરાવે છે. આ પ્રકારના હકોઉપર હાલમાં જે ત્રાપ મારવાનો ઇરાદો રાખવામાં આવે છે તે સામે આપણે મજબુત વાંધો ઉઠાવવાની જરૂર છે.

આપણા માનપત્રના વાળવામાં આવેલા જવાબ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે લેફ્ટેનન્ટ ગવર્નર તરફથી આ સબંધમાં ન્યાય મેળવવાની આશા રાખવી ફોકટની છે તેટલામાટે નામદાર વાઇસિરોયને અને તેથી આગળ વધી બ્રીટીશ પારલામેન્ટને અરજ ગુજારવાની જરૂર છે.

બેંગાલમાં, પૂર્વ બેંગાલમાં, તથા કાંઇક અંશે પંજાબમાં અને પરંપરાએ આખા હિંદુસ્તાનમાં સત્તાના તોરમાં તણાતા માજી વાઈસરોયના આપ ખુદ પગલાથી સર્વત્ર અશાંતિ વ્યાપી રહી છે તેવા સમયમાં હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસતી જૈન જેવી સુલેહને ચાહનારી પ્રજાની ધાર્મિક લાગણીને માન આપી સંતોષ આપવામાં ન્યાયી સરકાર પછાત રહે તે ઘણુંજ ખેદકારક ગણાવું જોઇએ. આ સંબંધમાં જ્યારે દીર્ઘ વિચાર કરીએ છીએ ત્યારે જુદુંજ ચિત્ર દૃષ્ટિગત થાય છે. અન્ય દૃષ્ટાંત જેવાં કે ગુજરાતી પાંચમી ચોપડીમાં આપણા ધર્મ વિરૂદ્ધ ઐતીહાસિક ભૂલોવાળું જે લખાણ કરવામાં આવેલ છે તે બાબત આપણા તરફથી પોકાર ઉઠાવવામાં આવ્યા છતાં હજી સુધી કાંઈ સંતોષકારક પરિણામ નહી આણતાં માત્ર તે બાબત વિચારમાં છે તેવો જવાબ આપવામાં આવ્યો છે. ત્યારે મુસલમાન ભાઇઓને તથા પારસી ભાઇઓને તેવીજ બાબતમાં ઘટતો સુધારો કરવાની ખબર આપી દેવામાં આવી છે. આઉપરથી એટલોજ સાર ખેંચી શકાય છે કે આપણી કોમ ઉંચી કેળવણી મેળવવામાં પછાત હોવાને લીધે તથા આપણામાંનો કોઈ ઉંચા સરકારી હોદ્દાઉપર નહિ હોવાને લીધે તેમજ ગવર્નરની કે ગવર્નર જનરલની કાઉન્સીલમાં મેમ્બર તરીકે પણ નહિ બીરાજતો હોવાને લીધે આપણી પ્રતિષ્ઠા, એક માતબર કોમ તરીકે મહત્તા સરકારની નજરમાં જોઇએ તેટલી ઉંચી જગ્યા રોકતી નથી.

આ વિષયની ચર્ચામાં ઉતરતાં લેખ લાંબો થઇ જવાના ભયથી ટુંકાણમાં સુચવવાનું કે પ્રસ્તુત વિષય તરફ સઘળી બાજુએથી વિચાર કરતાં હાલના સંજોગોની યોગ્ય રીતે તુલના કરી આપણા અગ્રેસરોએ ત્રણ ચાર મુદ્દાઉપર વિચાર કરવાની આવશ્યકતા છે.

આ કેસમાં આગળ પગલાં ભરવામાટે કારોબારી અમલદારો તરફથી વ્યાજબી ન્યાય ન મળે તો આપણો કેસ મજબુત છે તેથી ખાસ કરીને ન્યાયની કોર્ટોનો આશ્રય લેવા બાબે તથા ગુપ્ત વિચારથી ઘરમેળે સમાધાન કરવાની ઉપયોગીતા જણાય તો તે બાબે તથા બીજા જે કાંઈ પગલાં ભરવાનું જરૂરનું જણાય તે બાબે શ્વેતામ્બરો અને દિગમ્બરોએ ભેગા મળી કામ કરવાથી કેટલો ફાયદો થઇ શકે તેનો વિચાર કરવો તે

કાંઇ ઓછી અગત્યનો સવાલ નથી. દિગમ્બર ભાઇઓ આ તીર્થને આપણા કરતાં પણ વિશેષ પવિત્ર માનતા હોવાથી તેઓને આપણા કરતાં વધારે ઉત્સાહથી કામ લેતા આપણે જોયા છે. તેનીજ સાથે આપણા કલકત્તા અને મુર્શિદાબાદ નિવાસી અગ્રેસરોમાં દિલગીરી સાથે કબુલ કરવું પડે છે કે નજીવા કારણસર બે મત જોવામાં આવે છે તો પણ હવે આશા રાખીશું કે તેઓ તીર્થનું રક્ષણ કરવાની પોતાની પવિત્ર ફરજનો વિચાર કરી તીર્થના દરેક કાર્યમાં એકસંપીથી કામ કરશે.

બીગરી કેસવખતે પોતાના પદરના ચાળીસ હજાર રૂપૈયા ખર્ચી હાઇકોર્ટથી આપણા લાભમાં ફેસલો મેળવનાર રાયબહાદુર બદ્રીદાસજી જેઓ હજુ પણ આ કામ પોતાનું અંગત સમજી પ્રયાસમાં મચ્યા રહ્યા છે તેમને ધન્યવાદ ઘટે છે. તથા પોતાનો અમુલ્ય વખતનો ભોગ આપી શેઠ આણંદજી કલ્યાણજીની કમીટીના પ્રેસીડેન્ટ તથા જૈન કોન્ફરન્સના જનરલ સેક્રેટરી શેઠ લાલભાઈ દલપતભાઈ તથા રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ વીરચંદ દીપચંદ સી. આઈ. ઇ. આ તીર્થરક્ષણના કાર્યને પ્રધાનપદ આપી પોતાની વૃદ્ધ વય છતાં શ્રીસમેતશિખરજી જેટલે દુર બેંગાલના લેફ્ટેનન્ટ ગવર્નર સન્મુખ જૈન કોમ તરફથી તકરારી યોજના વિરૂધ્ધ વાંધો જાહેર કરવા ગયા હતા તે માટે સમસ્ત જૈન પ્રજાગણ તરફથી અભિનંદન આપીએ છીએ. અને શેઠ લાલભાઇને દૈવયોગે નડેલા અકસ્માત્ માટે દિલગીરી પ્રદર્શિત કરી અંતઃકરણથી ઇછીએ છીએ કે તેઓ સાહેબ વગર વિલંબે વ્યાધિથી મુક્ત થઇ પોતાનો હાથ અસલ સ્થિતિમાં સત્વર સારો થતાં પોતાને વતન તાકીદે પાછા પધારી મુંબઇની તથા અમદાવાદની જૈન કોમને તેઓના તરફ માનની લાગણી પ્રદર્શિત કરવાની તક આપે.

આ સ્થળે કેટલેક અંશે અમારી ઓફીસ તરફથી થયેલી હિલચાલના પરિણામરૂપ ડેપ્યુટેશનમાં પધારેલ અન્ય ગ્રહસ્થો શેઠ રતનચંદ ખીમચંદ તથા કાપડીયા મોતીચંદ ગિરધર તથા ઝવેરી મોહનલાલ મગનભાઈ તથા સોની ન્યાલચંદ લક્ષ્મીચંદનો પણ અમે અંતઃકરણથી આભાર માનીએ છીએ. અને આગેવાન ગણાતા સર્વે જૈન બંધુઓને આ કાર્ય તરફ લક્ષ આપવા વિનવીએ છીએ. તથાસ્તુ:

## સરકારના કારોબારમાં હિંદીઓને વધારે હિસો આપવાની નેમથી તૈયાર કરવામાં આવેલી યોજનાઓ. જૈન પ્રજાએ તે સંબંધમાં જાગૃતિ બતાવવાની જરૂર.

We hold ourselves bound to the Natives of our Indian teritorries by the same obligations of duty which bind us to all our other subjects, and those obligations, by the blessing of Almighty God, we shall faithfully and concientiously fulfil.

And it is our further will that so far as may be, our subjects of whatever race or creed, be freely and impartially admitted to offices in our service, duties of which they may be qualified by their education, ability, and integrity duly to discharge.

When by the blessing of Providence, internal tranquillity shall be restored, it is our earnest desire to stimulate. and to administer its Government for the benefit of all our subjects resident therein. In their prosperity will be our strength, in their contentment our security, and in their gratitude our best reward. And may the God of all power grant to us and to those in authority under us, strength to carry out these our wishes for the good of our people.

## THE MAGNA CHARTA OF 1858.

The Government of India recognizes the essential Justice of the claim that is put forward, they are convinced, that it is possible without neglecting the other interests and obligtaions involved to move gradually forward towards fulfilment, in no grudging spirit, of a pledge which the peoples of India are entitled to regard as inviolable.

[Letter from Sir Harold Stuart Officiating Secretary to the Government of India, to Local Governments and administrations, Simla, dated the 24th August 1904.]

The last point that remains for consideration under this head relates to *special interests and minorities and in particular of Mahomedan Community. In this connection I am* to invite attention to the observations made by His Excellency the Viceroy in reply to the address presented to him by a large and representative deputation on the 1st October 1906. The Government of India concur with the presenters of the address that neither on the Provincial nor in the Imperial Legislative Councils has the Mahomedan Community hitherto received a measure of representation commensurate with its members and political and historical importance, and they desire to *lay stress upon His Excellency's observation that any electorate representation in India would be doomed to mischievous failure which aimed at granting a personal enfranchisement regardless of the belief and traditions of communities composing the population of this continent.*

[ Proposed reforms of Councils letter of Government dated 24th August 1907. ]

दुनीआ जे प्रवाहे आगळ वधे छे तेनी कल्पना मात्र पण महाबुध्धिशाळीना मगजमां अाववी मुश्केल छे. हिंदुस्तान देशनो इतीहास दुनीआनी कोइ पण बीजी प्रजा करतां तेना बनावोमां, तेनी व्यक्तिओनी बहादुरीमां, तेना राजाओना पराक्रमोमां, तेनी प्रजाओना धार्मिक कार्योमां, तेना देवालयोना इतीहासमां, तेना धार्मिक झघडामां अने बीजी अनेक बाबतोमां उतरतो नथी. ए हिंदुस्तान देशमां, हिंदुओ, जैनो, अने बौध्धोए जे अनेक देशसेवाना, प्रजासेवाना, अने धर्म तथा संसारसेवाना कार्यो कर्या छे ते अतुल छे. ज्यारथी हिंदु राज्यो अने राजाओनी पडती आवी त्यारथी हिंदुस्तानना ए त्रणे महान जोडाएला विभागोनी पण पडती शरू थई अने हाल तेओनी स्थिति पोतानापर आधार राखती नहि, पण बीजापर आधार राखती थईछे.

ज्यारथी देशमां मान, जर, अने स्त्री माटे झघडा शरू थया त्यारथी हिंदुओ अने जैनोना अने ते साथे बौध्धोना उदयना दिवसो अस्त तरफज दोरावा लाग्या अने हजी जो के तेओनो अस्त थवानो वखत पुर्ण नजदीक आव्यो नथी ते छतां एम जणाय छे के ते वखत जलदी आववो जोइए, अथवा एक जुदीज उथल पाथल थई तेओ अस्तनी बाजु तरफथी पाछा वळी उपरनी बाजु तरफ वळवा जोइए.

पण अहींआं अमे अमारा बीजा बंधुओ—हिंदुओ अने बौध्धो माटे नहि बोलीशुं. अमारे जे बोलवानुं छे ते अमारा घोर निद्रामां दाखल थएला, अने हजारो रीति अजमाववा छतां सजागृत नहि थता जैनो माटे छे.

अफसोस! ते जमानो के ज्यारे जैन धर्मनी जाहोजलालीनी ध्वनि चारे तरफ फरकती हती, ते जमानो के ज्यारे जैन धर्मना असंख्याता अनुयायीओ, चक्रवर्तीओ, राजाओ, साधुओ, अने पंडितो, आ धरतीपर ध्वजा फरकावता हता, ते जमानो के ज्यारे राम, रावण, पांडव, कौरव विगेरे राजाओ, अने ते जमानो, के ज्यारे वीर भगवानना संघाडामां हजारो साधुओ, जेमां ३९ तो राजाओ हता, विचरता हता, ते जमानो वही गयो छे. छेल्ले छेल्ले जगडुशा जेवा कोइ पण सांसारिक जीवमां उदारता माटे मुख्य पंक्ति धराववा लायक, अने वस्तुपाल, तेजपाल जेवा, दिवानो, तेमज हेमचंद्राचार्य जेवा आ कळिकाळना सर्वज्ञ गणाता, तेमज कुमारपाळ जेवा अहिंसाना परम भक्त, साथी, पण आ जमानामां नजरे पडता नथी. जैन धर्म, असंख्याता वरसो उपर आ भारत भूमिमां, ब्राह्मणोथी, वैश्योथी, अने क्षत्रिओथीज फेलावो पाम्यो

हतो, पण अफसोस! हाल ते क्षत्रीओना वंशजो वैष्यो करतां, पण उतरती पंक्ति तरफ ढळवा लाग्या छे.

ज्यारे आखी दुनीआ आगळ वधी जाय छे त्यारे हिंदुस्तान पाछळ पडयुं जाय छे अने ज्यारे हिंदुस्तानमां पण बीजी कोमो, आगळ वधवा पोतानी शक्तिना प्रमाणमां प्रयास करे छे, त्यारे जैनो ज्यां छे, त्यां बेसी रहेवामां अथवा तेथी पण पाछळ हठवामां कर्मनो सिध्धांत खरो थतो माने छे! अमारो कोइ पण बांधव ए जणाववा कृपा करशे के सने १८५८ मां ईस्ट इंडीआ कंपनीना हाथमांथी, महाप्रतापी, स्वर्गस्थ महाराणी विकटोरीआए पोताना हाथमां हिंदुस्ताननी लगाम लीधी, त्यारथी जैनो जाहेर कामोमां केटला आगळ वध्या छे? अमारा कोइ पण आगेवान गणाता, अथवा बीजी कोमोमां विशेष रूपे गणाता खेताब धरावनार, मित्र जणाववा कृपा करशे के आपणे बीजी भाईबंध कोमोना प्रमाणमां केटला आगळ वध्या छीए, या पाछळ हठया छीए? ज्यारे सने १८५८ मां नामदार महाराणीए, हिंदुस्तानना राज्यनी लगाम हाथमां लीधी, अने ज्यारे ते नामदारे आ लेखने मथाळे इंग्रेजी भाषामां छपाएलो महान ढंढेरो बहार पाडयो, ते जमानाना अने ते पछीना ५० वरसना इतिहास तरफ अमे नजर करीए छीए त्यारे क्षत्रीओना वंशथी उतरी आवेली, वीरभगवानना पुत्रानुं बिरुद धरावनारी अमारी कोमना स्थंभित पणा माटे अमने खेदसाथे आश्चर्य थाय छे. कोइ पण जाहेर खातामां कोइक अपवाद सिवाय, घणा मोटे भागे जैनोए मोटा ओध्धा धराव्या नथी ज्यारे आपणे अगाउना जमानामां दिवान, राजवैद, राजज्योतिषी, सुबा, न्यायाधीश, महेसुलना कलेकटर, विगेरे मोटा मोटा ओध्धाओ भोगवता हता, त्यारे हमणाना जमानामां जैनो मात्र वैष्य रुपे, या खेडु रुपे, या नोकरी करनार रुपे नजरे पडे छे. हमणां कोइ पण जैन एवो नजरे नथी पडतो के जेने कोइ पण मोटा राज्यमां दिवानपद भोगव्युं होय या भोगवतो होय! अथवा हाई कोर्ट के बीजी कोर्टोमां जडजनुं पद मेळव्युं होय! अथवा कोइ ठेकाणे कलेकटरनो होध्धो भोगवतो होय! अथवा प्रांतिक के वाईसरायनी धारा सभामां बीराज्यो होय अथवा बीराजतो होय! आपणी संख्या १४ लाखथी वधु छे, ते साथे १ लाखथी ओछी संख्या धरावती पारसी कोमनी सरखामणी करीशुं तो आपणे तरत शरमावुं पडशे! केटलाको कहेशे के आपणे राज्यने लगती के शहेरने लगती के बीजी प्रजाओने लगती बाबतो साथे कांईपण संबंध नथी, पण तेम नथी. कुदरतना प्रभावे हिंदुस्तानमां आपणे जे प्रजाओ साथे मुकाया छीए, तेना अंगे, आपणे आखी हिंदी प्रजारुपी शरीरना एक अंग

थया छीए. जेम शरीरनुं कोइ पण अंग बगडतां, तेनुं परिणाम आखा अंगने खमवुं पडे छे, तेमज देशनी सर्व प्रजाओमांनी एक प्रजा, पोताना बीजा अंगो, प्रजाओ, बंधु कोमोने, भुली जाय तो तेने पण खमवुं पडे छे. पेट पोतानुं काम करवा ना पाडे, हाथ पोतानुं काम करवा ना पाडे, दांत पोतानुं काम करवा ना पाडे, मगज पोतानुं काम करवा ना पाडे, अने दरेक अवयव स्वतंत्र थवा इच्छे तो तेना परिणामे शरीर नाश पामे छे. एटले के ए सर्व जुदा जुदा अंगो पण नाश पामे छे. आपणे व्यवहार अने निश्चय बन्नेने माननारा, वहेवारने निश्चय करतां पण प्रथम अगत्य आपनारा छीए त्यारे जे माणस एम कहेतो होय के आपणे बीजी प्रजाओ के कोमोनी वात सांभळवानी के दाखलो लेवानी जरूर नथी, तेनुं कहेवुं पडी भांगे छे.

त्यारे एक पारसी जेवी नानी कोमपर नजर करो! तेओ देशमां जेम आपणी माफक मोटामां मोटा वेपारीओ पण छे, तेमज तेओ पोतानी संख्या घणी नानी छतां पण, आपणने विचारमां नांखी दे एवी अगत्यनी जग्याओ धरावे छे.- तेओए मोटा मोटा ओध्धाओ भोगव्या छे ने हाइकोर्टना जडजो, लेफटेनन्ट करनलो, बेरीस्टरो, वकीलो, मोटा तबीबी अमलदारो वीगेरे मोटा होद्दाओ भोगवेछे! धारा सभाओमां अने पार्लीमेन्टमां तेओ गाजे छे. कोलेजोमां तेओ प्रोफेसरो तरीके नामांकित जग्याओ धरावे छे! राज्योमां पण दिवान, सेनापति, महेसुल अधिकारी, नवाब, सरदार विगेरेना पद भोगवे छे! सखावतमां पण तेवीज अमर कीर्ति धरावे छे! वेपार, उद्योग, अने हुन्नरकळामां पण तेवुंज उच्च पद धरावे छे, ए शुं आपणे दाखलारूप नथी?

कोइ वस्तुमांथी सार के असार खेंचवो एनो मुख्य आधार मनुष्यबुध्धिनी जोडे निकट संबंध धरावे छे. जे कुटुंब, जे जाति के जे देशमां बुध्धिनी विशेष खील-वणी, ते कुटुंब, ते जाति के ते देशनी विशेष उन्नतिः अने जे व्यक्ति के जातिमां तेनी न्युनता, ते व्यक्ति के जातिनी उन्नतिनी पण न्युन्यता. आपणामां ज्यारथी बुध्धिनी खीलवणी करवानुं काम अटक्युं त्यारथीज आपणी उन्नतिनो क्रम पण अटकी गयो छे. जो आपणे आपणी बुध्धिनो सदुपयोग न करीए तो तेनो दुरुपयोग तो आप मेळेज थई जाय छे. केमके मनुष्यवृति कोइ पण क्रियामां भाग लीधा वगरज केवळ शुद्ध थईने बेसी शकती नथी. आपणुं पण तेमज थयुं छे. व्यवहार के परमार्थनी क्रियाओनो बुध्धिपूर्वक उपयोग आपणे भूल्या छीए अने परिणाम ए आव्युं

छे के आपणे आखा हिंदुस्ताननी दोलतनो अडधो भाग धरावबानुं मान धरावीए छीए! ते छतां आपणे हिंदुस्थानना आगेवानो नहि पण बीजा पाछळ घसडाता, आळसु, बेदरकार पुरुषोनी माफक धन अने मान धरावबा छतां देशने मोटे भागे उपयोगी थया नथी.

एवी आपणी वृतिने लीधे आपणे कांई ओछुं खम्युं नथी! ज्यारे नानामां नानी धार्मिक लागणीने मान अपाय छे, त्यारे आपणी लागणीने कोइ पण मान आपतुं नथी. अने ज्यां तेवुं मान अपाय छे, तेवा मात्र अपवाद रूपज दाखला जडी शकशे. ज्यारे नानामां नानी कोमना संख्याबंध तहेवारो सरकार पण स्वीकारे छे, त्यारे आपणा तहेवारो स्वीकारता नथी! ज्यारे आखा देशमां तेवा दिवसोए रजा पाळवामां आवे छे, त्यारे आपणा पर्युषणपर्वना दिवसोमां पण कोइ खातां बंध थतां नथी. ज्यारे बीजी नानी कोम पोताना कायदानो अमल करी शके छे त्यारे आपणी उपर बीजाना कायदानो अमल थाय छे. गिरनार, अने समेतशिखर जेवा तीर्थोमां एज कारणे आशातनाना स्थान थवानो संजोग उभो थयो छे, अने धारासभाओमां कोइए पण ते सबंधमां एक सवाल सरखो पण पूछयो नथी. आपणा अकबरना वखतथी ते औरंगजेबना वखतसुधीना धर्मना स्थानना रक्षणने लगता दस्तावेजो तेज कारणथी नकामा थई पडया छे! इतीहासो, वांचनमाळाना पुस्तको अने अनार्य के आर्य प्रजाना विद्वानोना ग्रंथो आपणे-सारू अनेक भूलभर्या विचारो बतावे छे! मुसलमान के पारसी भाईबंध कोमने ज्यारे केळवणी खाताना वडाओए एवा खोटा विचारो माटे घटित जवाबो आप्या छे, त्यारे आपणी अरजीओना जवाबो योग्य रीतना मळ्या नथी, उडावनाराज मळ्या छे.

आ बधाना सबब शुं छे? ते सबबो शोधवा दूर जवुं पडे एम नथी. मूळ कारण आपणी कोममांथी कोइ पण मोटा होद्दाउपर नथी ते छे. तेमज आपणे आळसु, स्वार्थी, देशसेवामां पाछळ पडेला, पोतानुंज घर संभाळनारा, अने धार्मिक के सार्वजनिक खाताओनी पण, आपणा स्वार्थना भोगे संभाळ नहीं राखनारा थया छीए. आपणी आसपास शुं थाय छे, तेनी आपणे दरकार करता नथी! ज्यां सुधी खावाने अन्न अने गुलामी अवस्था छतां फरवाने गाडी घोडा, अने नहावाने तथा पीवाने पाणी मळे छे त्यांसुधी आपणे, आपणापर असर करनारा संजोगो अने द्रव्योतरफ जोवानी जरूर जोता नथी? संजोगो, हवा, अणुओ, अने भाईबंध कोमोनी असर, सहवासनी असर, ने संगतनी असर

केटली बधी थाय छे ते कहेवानी शुं जरुर छे? पण जयारे ते बधा आपणे तेओनी असर माटे बेदरकार होइए त्यारे तेनुं परिणाम विपरीतज आवे एमां कोइ शंका लावी शके एम नथी.

हिंदुस्तानमां हाल जे हजारो सवालो उत्पन्न थया छे, तेमां जैन कोमनो बीजी कोमोनी साथे, राज्यद्वारी कामोमां भाग लेवानो हक, एक एवो सवाल छे के जे उपर ते कोम, पोतानो हक रजु करवामां अशक्त जणावाथी, रजु करी शकी नथी. पालीताणा, गिरनार, समेतशिखर, अने जैनोनी पैसासंबंधी उच्च स्थिति अने तेओना धर्मउपरना प्रेमसंबंधमां हमणा घणुं सांभळवामां तेमज वांचवामां आवे छे. ए कोम फक्त हिंदु धर्म पाळनारी, पण सिध्धांतना संबंधमां थोडो मात्रज फरक धरावनारी कोम छे, एम केटलाको तेमज सरकारे जाण्युं छे, सरकारे ए पण जाण्युं छे के ए कोम वेपारी कोम छे, अने ज्यांसुधी ते पोतानो हक रजु करे नहि त्यांसुधी तेने कोइ पण बीजी कोम माफक हक आपवानी जरूर नथी. आमां आपणोज वांक मात्र छे! नामदार महाराणीए सने १८५८ मां जे ढंढेरो बहार पाडी हिंदुस्तानमां शान्ति फेलावी हती तेमां जणाव्युं हतुं के "अमारा हिंदी मुलकोना देशीओसाथे अमे तेज फरजोथी बंधाएला छीए, के जे फरजोथी अमे अमारी बीजी प्रजाओ साथे बंधाएला छीए, अने ते फरजो ईश्वरकृपाथी, अमे नीमकहलाली तेमज खरा हृदयथी बजावीशुं. अने अमारी वधु इच्छा ए छे के ज्यांसुधी छुटथी अने न्यायथी अपक्षपातपणे अमारी रैयतना कोइ पण कोम के धर्मना माणसने अमारी नोकरीमां दाखल थवाने माटे तेओनी केळवणी, लायकात, अने होंशीआरीना सबबे दाखल करी शकाशे तो अमे तेओने तेमां दाखल करीशुं. ज्यारे ईश्वरकृपाथी देशना अंदरना भागमां शान्ति फेलाशे, त्यारे अमारी एवी खास इच्छा छे के देशनो कारभार देशमां रहेती प्रजाना लाभमाटे चाले एवुं राज्यतंत्र चलाववुं. तेओनी आबादीमांज अमारूं जोर छे, तेओना संतोषमांज अमारी सलामती अने तेओनी आभारवृत्ति एज अमारूं इनाम छे अने अमे प्रार्थना करीए छीए के ते सर्व शक्तिमान ईश्वर अने अमारा हाथ नीचेना अमलदारो, अमारी रैयतना भला माटेनी अमारी आ इच्छाओ पूर्ण करवामां मदद आपो." नामदार महाराणीए आपणने जे आ हक आप्यो छे, ते जो के आपणे हजी सुधी भोगववा आतुरता बतावी नथी, ते छतां शुं ते हवे भोगववा आपणे तत्पर थवुं नथी जोईतुं? पण ते करतां पण गई ता० २४

मी ओगस्ट नामदार वाईसराय तरफथी हींदी वाजर ऊपर सुधारानी जे योजनाओ बहारी माटे मोकलवामां आवी हती ते आपणने आपणी आ उत्सुकता वधारवामां मोटी मदद करे एम छे. नामदार महाराणाए बहार पाडेला ढंढेरामां देशनी सर्व प्रजाने सरखी गणी, तेओना धर्म अने आचार विचार अने मीलकतनु रक्षण करवा वचन आप्युं हतुं. पण तेथी वधी नवी सुधारेली योजनाओमां जे कोमनी संख्या ओछी होय तेना हक स्वीकारवानी जरूरीयात दर्शाववामां आवी छे. ए योजनाओना सबबे आपणी प्रांतिक अने बडी धारासभाओमां मोटा वधारा थनार छे, एटलुंज नहि पण अेक ( Imperial Advisory Council ) इमपीरीयल एडवाईझरी काउन्सील स्थापवामां आवनारछे. जेमां २० राजवंशीओ अने ४० बीजा मोटा जमीनदारो, सरकारना सलाहकार तरीके काम करशे. ए योजनाने लगती लंबाण विगतो स्थानिक पत्रामां प्रगट थइ गई होवाथी ते अत्रे रजु करवानी जरूर नथी. पण एटलुंज कहेवुं बस थई पडशे के ए काऊन्सील देशना कारभारमां मोटो अगत्यनो भाग भजवशे. ए सिवाय बीजो सुधारो नामदार वाईसरोयनी धारासभानो छे, तेमां हवेथी वधारो करी नीचला सभासदोने बेठक आपवानी गोठवण करवामां आवी छे.

१ बंगाला अथवा पंजाबना गवरनर.
१ वडा सेनाधिपति.
६ कारोबारी सभाना भभासदो.
२० बीजा सरकारे नीमेला अमलदारो.
१ राज्यकर्ता (जेने सरकार नेमशे)
२ वेपारी चेम्बरे चुंठी काढेला सभासदो.
७ जुदी जुदी प्रांतिक काउन्सीलमांथी चुंटी कढायला.
७ जुदा जुदा प्रांतना जमीनदारोअे चुंटी काढेला.
२ महोमेदनोअे चुटी काढेला.
४ नानी कोमोना लाभ साचववा सारू नामदार वाईसरोये चुंटी काढेला ४ सभासदो, जेमांना बे महोमेदनो होवाज जोईए.
२ खास अनुभवीओ वाईसरोये नीमेला.

कुल. ६१

आखा देशमां हकुमत करनारी सताओमां धारासभाओ घणीज उंची जग्या रोकेछे. ए धारासभाओमां जे बेठकोमां वधारो थनार छे ते बाजुअे मुकतां नामदार वाइसरायनी

धारासभामां जे वधारो थनार छे तेनो कांइक टुंक ख्याल अमे उपर आप्यो छे. प्रांतिक धारासभाओ करतां वडी धारासभा एक वधु उच्च पंक्ति धरावे छे, अने तेथी तेना ऊपर अमे ध्यान आपवा अमारा बंधुओने विनवीशुं. तेमां जे चारनो आंक छे ते खास ध्यान खेंचवा लायक छे. ए अंक नानी कोमोना लाभ साचववा सारू छे, अने तेमां खास करीने आपणी भाईबंध महोमेदन कोमने माटे ओछामां ओछी बे बेठकोनी गोठवण करवामां आवी छे. महोमेदन कोमनी संख्या आखा हिंदुस्तानमां सवा छ करोडनी छे, बीस करोडनी संख्याना प्रमाणमां छ करोडनी संख्या नानी गणाई शकाय, पण ज्यारे तेनी उंडाणमां उतरीशुं त्यारे आपणने कांइक जुदोज ख्याल आवशे. वीस करोड हिंदुओमां एटलातो बधा जुदा जुदा पंथोछे के तेनां संख्या सेंकडोथी गणी शकाय! ए जुदा जुदा पंथोना सबबे कोईपण अमुक एक पंथनी संख्या थोडा करोडनी पण नथी. एम सतावार आंकडाओथी सिद्ध करी शकाय छे. ए जुदा जुदा पंथो एक बीजाथी एवातो विरूद्ध सिद्धांतो धरावे छे के तेओ साथे जमी शक्ता नथी, दीकरी परणाववानो वहेवार राखी शकता नथी, एथी उलटुं महोमेदन कोमनी सवा छ करोडनी संख्या, एकज संख्या एकज कोमने सुचवे छे. तेओमां एवा जुदा जुदा सख्याबंध पंथो नथी, तेओ एक साथे जमवा खावानो ने दीकरा दीकरी परणाववानो वहेवार राखी शके छे. तेओना आचार विचारो ९० टका जेटला एकज छे, ने ते छतां तेने नानी कोम गणवामां आवी छे ने तेओना संबंधमां जणाववामां आव्युं छे के "तेओने अत्यार सुधी तेओनी संख्या अने राजद्वारी तथा ऐतीहासिक अगत्यना प्रमाणमां स्थानिक तेमज वडी धारासभाओमां बेठक मळी नथी, अने हिंदुस्ताननी जुदी जुदी प्रजाओना विचारो अने इतीहास उपर ध्यान आप्या वगर जे चुंटणीथी थयेलुं प्रतिनिधि मंडळ थाय्छे ते निर्विवादपणे नाश पामवुं जोईए. हमणानी चुंटणीनुं धोरण एवुं छे के ज्यां ज्यां चुटणीओ थाय छे त्यां त्यां हिंदुओ माटे भागे चुंटी कढाय छे, अने महोमेदनो घणाज ओछा प्रमाणमां चुंटी कढाय छे. आ ओछा प्रमाण्ने नामदार सरकार पोता तरफथी नीमेला महोमेदनोथी पुरे छे, पण ते छतां पण ते प्रमाण, तेओनी संख्या अने हिंदुओनी संख्याना प्रमाणमां बराबर थतुं नथी, अने जे महोमेदन वर्गमांथी महोमेदनो प्रतिनिधिओने चुंटावबा इच्छे छे, तेओने पण केटलीक वखत बेठक मळती नथी. आथी हिंदी सरकार प्रांतिक सरकारोने सुचना करेछे के तेओने (१) पोतानी धारासभाओमां चुंटी कढायला महोमेदनोनी संख्या शिवाय बीजा महोमेदनोने पण खास बेठक आपवी (२) ए लोकोने

माटे एक खास इलेक्टरेट नेमवुं (जेने लगती योजना सरकार पोताना ए पत्रमां जणावे छे) नामदार सरकार महोमेदन कोमने जे लाभ आपवा तैयार थई छे ते माटे आपणने वांधो छेज नहि, केमके महोमेदनो पण हिंदीओज छे पण आपणे जे लक्षमां लेवानुं छे ते ए छे के ज्यारे नामदार सरकार सवा छ करोड जेटली संख्या धरावती कोमने न नी कोम गणवा तैयार थई छे त्यारे २० लाखनी संख्या धरावती कोमने तो तेओए अवश्य नानी स्वीकारवीज पडशे. आपणे माटे कहेवामां आवशे के आपणे हिंदुओनोज एक भाग छीए पण ए दाखला दलीलोथी साबीत करी शकाशे के-- आपणे हिंदमां रहीए छीए तेथीज हिंदु छीए, बाकी बीजा हिंदुओथी जुदाई धरावीए छीए. धारोके आपणे हिंदु छीए छतां आपणा खास लाभो हिंदुओ तरफथी कदी पण तपासवामां आव्या नथी, सिवाय के देशने लगता सवालोमां के जेमां तेओए महोमेदनोना लाभ पण तेज रीते तपास्या छे. वळी आपणी कोमनो कोईपण माणस अत्यार सुधी कोईपण प्रांतिक के वडी धारासभामां बीराज्यो नथी, अने तेथी आपणने पण महोमेदनोने मळनारा हक माफक हक मळवा जोईए. आवा हक माटे आपणे मागणी करवानी जरूर छे अने ते माटे महोमेदनोनुं जेवुं एक डेप्युटेशन नामदार वाईसरोयने गई ता० १ अकटोबर १९०६ ना दिवसे मळ्युं हतुं तेवुं डेप्युटेशन मोकलवा अने एवा हकनी मागणी करवा माटे संख्याबंध सभाओ भरवानी जरूर छे. वळी ए पण विचारवा जोग छे के हिंदुओ तथा महोमेदनो पोताना हिंदु राजाओ तथा महोमेदन नवाबो तथा मोटा मोटा जमीनदारो धरावे छे जेओमांथी घणी मोटी संख्याना जमीनदारोने अने राजाओने आ सुधारेली योजनाने कारणे जग्या आपवामां आवनार छे ते सबबथी एडवाइझरी काउन्सील तेमज वडी धारासभामां तेओ पोतपोतानी कोमने माटे लागवग वापरी शकशे ज्यारे जैनकोम तेवा जमीनदारो के राजाओ नहि धरावती होवाथी तेमज ते कोम तरफथी तेनी ईच्छाओ तथा फरीयादो रजु करनार कोईपण प्रतिनिधि उपली काउन्सीलोमां नहि होवाथी तेओने मोटुं नुकसान थवानो संभव रहे छे. आ कारणथी जैन आगेवानोए, जैन कोन्फरन्सना सुकानीओए अने लक्ष्मी अथवा विद्या बेमांथी एक पण होवाना सबबे अग्रेसर पद धरावनाराओए कांईपण वखत नहि खोतां पोताना आधुनिक तेमज भविष्यना लाभोने माटे नामदार सरकारने अरज करवानी जरूर छे. तेना संबंधमां जैन प्रजा शुं विचार धरावे छे, तथा तेमां शुं शुं सुधारा कराववानो विचार राखे छे ते पण जैन कोमे बहार पाडवानी जरूर छे. अमे अमारी कोमना

अग्रेसरोनु ध्यान खेंचवानी जरूर जोईए छीए के घणी बाबतोमां आपणे आळसु होवाना सबबेज घणु खोयुं छे. एज कारणथी आपणा हको भूतकाळमां नहि रजु करवाथी पालीताणामांनी आपणी सत्ता भूतकाळ करतां घटीछे, अने भविष्यमां बधु घटवानो संभव छे. समेतशिखरना संबंधमां योग्य वखते आपणा दस्तावेजो तथा हको नहि रजु करवाथी रक्षणमाटे नीमेलो एक चोकीदार आखा डुंगरनो धणी थवानो वखत आवी पहोंच्यो छे. एज कारणथी आपणा जैन तहेवारोने सरकारे स्वीकार्या नथी, एज कारणथी आपणो जैन कायदो अंधकारमां दबाई रह्यो छे. अने एज कारणथी धारासभाओमां अत्यार सुधी कोईपण जैन जणायो नथी. ए माटे अमो फरी फरीने भार मूकीने जणावीए छीए के जैन कोम पोतानो अवाज आ नवा सुधाराओ संबंधमां घणीज असरकारक रीते बहार पाडवानी जरूर छे. केटलाको जैन मासिको अथवा अठवाडिको मारफते बहार पडता विचारोने पोतानी कोमनु मत बहार पडेल गणवानी चुक करे छे पण तेओए याद राखवानी जरूर छे के, आपणा वर्तमान पत्रो तेमज मासिको सरकारमां क्वचितज वजन धरावनारा छे ने भाग्येज तेना विचारो सत्ताधिकारीओने काने पहोंचता हशे. वळी साधारण संजोगो वचे वर्तमानपत्रोना अभिप्राय भले पुरता गणवामां आवे पण आ योजनाओने तेमज संजोगोने साधारण तरीके पसार करी शकाय एम नथी. ए योजनाओ हिंदी सरकारने प्रजाना भविष्य संबंधमां पाया समान छे. अने एक इमारत उभी करवा अगाउ पाया सबंधमां इमारत उभी करनाराओ तरफथी कसुर करवामां आवे तो तेनुं परिणाम केवुं आववुं जोईए ते समजवुं मुश्केल नथी. नामदार हिंदी सरकारे अने हींदी प्रधाने पोताना तैयार करेला आ पाया उपर इमारत चणवा अगाउ तेनी साथे जेओना भविष्यने निकटनो संबंध छे तेमने तेनी तपास लेवा अने तेमां योग्य सुधारो करवानी सुचनाओ रजु करवा जागृत कर्या छे ते छतां पोताने आपवामां आवेली तेवी योग्य अने उंची तकनो लाभ लेवाने प्रजा तरफथी तथा अमुक कोम तरफथी जोईए तेवी तैयारी जो बतावयामां नहीं आवे तो तेमां पोतानीज कसुर गणाशे. एवा वखते पोताना एकल डोकल वर्तमानपत्रो के एक बे सभाओना अभिप्राय, उपर जणाव्युं तेम पूरता गणी शकाशे नहि. सुधरेला देशोना इतीहास तरफ दृष्टि करतां जणाशे के त्यां आवी कोई योजना प्रजामत माटे बहार पडतां देशना एक नाकाथी बीजा नाका सुधी जुदा जुदा लाभो धरावती जुदी जुदी संस्थाओनी सभाओ उपर सभाओ भराय छे, अने विवेचनो उपर विवेचन थवाथी संख्याबंध अरजीओ घडाई लागतावळगताओ उपर मोकलवामां आवे छे.

एवीज शरूआत आपणी मुंबईबंध महोमेदन कोमे करी छे. अने तेओ तरफना संख्याबंध पसंदगीना संदेशाओ नामदार वाईसरोय जोग जई चूक्या छे. एटलुंज नहि पण नवाब मोहसीनउल–मुल्क मारफते नामदार वाईसरोयने रूबरूमां पोतानो आभार दर्शाववानी तक तेओए लीधी छे. पण ए बाबतमां हिंदुओए तेमज जैनोए नहीं समज पडे एवी सुस्ती बतावी छे, तेने परीणामे तेओने गेरलाभ थई पडे एवो संभव छे. केटलाको धारशे के आ सवाल आवती कोन्फरन्सनी बेठकमां चर्चाय त्यांसुधी मुलतवी राखवो, पण आपणी कोन्फरन्स एक राजद्वारी मंडल नहि होवाथी अमने भय छे के ते सवाल तेमां चर्ची शकाशे नहीं, अने वखते चर्चाशे तोपण जैन कोन्फरन्सनी बेठक थाय ते अगाउ देशना दरेक शहेर तथा जील्ला तरफथी ते बाबतमां अभिप्राय उचारवामां आवे तो तेथी जैन कोन्फरन्सना ठरावने मोटी मजबुती मळशे. ए माटे अमे दरेक अगत्यना शहेर अने जील्लाना जैन आगेवानोने आग्रह करीए छीए के तेओए हवे वखत खोया वगर उपली बाबतना संबंधमां विचार चलाववा अने योग्य ठेकाणे तेना संबंधमां अरजीओ मोकलवा सारू सभाओ बोलाववी. आवी सभाओ जलदी मेळववानो एक अगत्यनो सबब ए छे के तेथी स्थानिक सरकारोने ए योजनाओ संबंधमां पोतानो मत बांधवामां मदद मळे. स्थानिक सरकारो पासे मोडामां मोडुं आवता वर्षना पांच मासनी शरूआत सुधी सुचनाओ मंगाववामां आवी छे अने तेथीज हवे जे वखत रह्यो छे ते आवा अगत्यना सवालना संबंधमां घणो कहेवाय नहि. ते माटे अमे अमारा आगेवानोने जलदीथी जागृत थवा विनवीए छीए.

कोई पण कोमनी चडतीने सारू ते कोममां आत्मभोग आपनारा केटलाक महान पुरुषोनी घणी जरूर होय छे, पण स्वार्थत्यागी अने आत्मभोगी थवानुं शिक्षण कोई पण कोममां केवी रीते आपवुं ए एक मुश्केल सवाल छे. आ जमानामां ज्यां ज्यां नजर करीए छीए त्यां त्यां स्वार्थ, मोजमजाह अने कहेवाता सुखोमां माणसो एटला बधा तो मची रहेला होय छे के तेओ तरफथी स्वार्थ भोग अने कोमसेवानी आशा राखवी ए आकाश पुष्प जेवुं लागे छे, ते छतां ए पण खरूं छे के केटलाक एवा नरो पण आपणी कोममां छे के जेओ केटलाक उमदा हेतुओ माटे प्रयास करवा अने खमवा तैयार छे. एक माता जेवी रीते पोताना पुत्रना सुख माटे पोताना सुखनो भोग आपवाने तैयार थाय छे तेज रीते आपणी कोममां पण केटलाक वीर नरो कोमने माटे भोग आपवाने तैयार छे. अमे तेवा वीरनरोने आ समये पोतानुं वीरत्व बताववा अने पोताना हाथ नीचे मुकायेला अज्ञान तथा सामान्य बुद्धिना भाईओना हक संभाळवा तत्पर थवा विनवीए छीए.

Perish policy and cunning
Perish all that fears the Light,
Whether winning whether losing
Trust in self and do the right
Some will hate thee, some will love thee,
Some will flatter, some will slight,
Cease from man, look inside thee,
Trust in self and do the right.

ચંદ્ર.

# મુંબઈમાં ઉભરાઈ જતી જીર્ણમંદિરોદ્ધારની ટીપોનું દિગ્દર્શન.

હાલનો સમય એવો બારીક આવી ગયો છે કે તે વિષે ઘણું બોલાયેલું તથા લખાયેલું હોવાથી અહીં લખવા જરૂર જેવું નથી. છતાં ટુંકામાં જણાવીશ કે કયાં આપણી આગળના વખતની જાહોજલાલી અને કયાં હાલનો (નિર્માલ્ય) સમય કે જે વખતે આપણા જેવી વેપારી ઉંચ્ચ કોમમાં કેટલાક બંધુઓને બે ટંક (વખત) નું ખાવાનું પણ મળતું નથી. અને કેટલાકને તો પોતાના સ્વામીભાઈઓ આગળ હાથ ધરવાનો વખત આવેલો છે. એક તરફથી આપણી સાંસારિક સ્થિતિ આવી છે ત્યારે બીજી તરફ આપણી ધાર્મિક સંસ્થાઓની સ્થિતિ પણ તેવી થાય એ સ્વાભાવિક છે, અને તેમાં મુખ્યત્વે કરીને આપણા પૂર્વજોએ ઉદાર દીલથી લાખો અને કરોડોનું દ્રવ્ય ખર્ચી મંદિરો બંધાવીને આપણને જે ઉમદા વારસો આપેલો છે તેની સ્થિતિ તો ઘણી જગાએ ખરાબ થઈ ગયેલી માલુમ પડે છે, જે બીના, કોન્ફરન્સ તરફથી જે મંદિરાવળિ છપાયેલી છે તેમાંનું દિગ્દર્શન કરવામાં આવે તો સહેજ માલુમ પડી શકે તેમ છે. સુધારાના વધતા જતા સમયમાં તેવા ઉત્તમ સ્થાનોને સાચવી રાખવા સારૂ તેના વહીવટ કરના ગૃહસ્થોએ કાંઇ પણ ઉપાય કરવા જોઇએ એ વાત વાસ્તવિક છે. તેવા ઉપાયોમાં હાલ તો છેવટનો ઉપાય માત્ર મુંબઇ, સુરત, અમદાવાદ, વિગેરે મોટા મોટા શહેરોમાં ટીપો કરી નાણાં ભેગાં કરીને તેને સુધરાવવાનો રીવાજ ચાલુ થયેલો જોવામાં આવે છે. આ પ્રયાસ ઘણો સ્તુતિપાત્ર છે, એ કોઇથી ના કહી શકાય તેમ નથી. પરંતુ આવી ટીપો શરૂ થતાં અગાઉ ટીપ શરૂ કરી આપનાર ગૃહસ્થોએ અગર સંસ્થાએ

ઘણી સાવચેતી રાખવાની જરૂર છે. જોકે આવી ટીપો ઘણીખરી જગાએ આગેવાન ગૃહસ્થોની મારફતેજ થાય છે, પરંતુ તેવા ગૃહસ્થોએ પોતાની મારફતે થયેલી ટીપમાં લખાવેલ દેરાસરો દેરાસર તરીકે ગણી શકાય તેવા છે કે કેમ? અને ગણી શકાય તો તે કેવી સ્થિતિમાં છે? તેમાં કઈ કઇ જગાએ જીર્ણ થયેલું છે? તેમાં કેટલું ખર્ચ થાય તેમ છે? તેમાં (ટીપોમાં) મોટી મોટી રકમો લખવામાં આવે છે તેવું મોટું ખર્ચ કરવાની જરૂર ગામની સ્થિતિના પ્રમાણમાં છે કે કેમ? અને સદરહુ ટીપમાં ભરાયેલાં નાણાં તુરત વાપરવામાં આવશે કે કેમ? વિગેરે ઘણી બાબતોની તપાસ કરવાની જરુર છે. મારા સમજવા પ્રમાણે સેંકડે પચાસ ટકા જેટલા આગેવાનો તેનો વિચાર કરતા હશે. ત્યારે બાકીના ગૃહસ્થો પોતાનાં સગાં સંબંધીઓ અગર ચાલુ વ્યવહારમાં આવતા માણસોની શરમથી માત્ર પોતાની નામનાની ખાતર ટીપો ભરાવવામાં સામેલ થાય છે. અને તેથી તેમાંની કેટલીએક ટીપોનાં નાણાંનો જીર્ણોદ્ધારનાં બદલે નવીન દેરાસરો બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. એટલુંજ નહિ પણ દેરાસરોની શોભા કરવામાં વાપરવામાં આવે છે. અને આવી રૂઢીથી હાલના બારીક સમયમાં જ્યાં દેરાસર કરવાની જરૂર હોતી નથી ત્યાં પણ નવાં દેરાસર બંધાવવામાં આવે છે, જેથી થોડા વર્ષમાં ત્યાંના લોકોની સારી સ્થિતિના અભાવે કેસર, સુખડ જેવી સાધારણ ચીજો પણ માગવાનું શરુ કરવું પડે છે. તો પછી તે ઉપરથીજ મારા મિત્રો વિચાર કરશો કે તેવા દેરાસરોની આગળ કેવી સ્થિતિ થાય? અને આમ કરતાં ઉક્ત દેરાસરોમાં જે કાંઈ આશાતના થાય તેમાંથી ટીપ શરૂ કરાવનારા ગૃહસ્થોને પુણ્ય ઉપાર્જન કરવાને બદલે પાપના ભાગી થવાનો વખત આવે કે કેમ? આવાં કામો કરવાં એ ઘણાં જરૂરનાં છે પરંતુ કરતાં અગાઉ ઘણો ઉંડો વિચાર કરવાની ખાસ જરૂર છે.

આવી ટીપો આપણી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ મારફત તપાસ થઇને નિર્ણય થયા પછીજ શરૂ કરવાની જરુર છે. ટીપો જ્યાંથી શરૂ થઈ હોય ત્યાંથીજ શરૂ કરવી પણ કોન્ફરન્સ ઓફીસ ચોકસ તપાસ કરી જ્યારે તેવી ટીપો ઉપર સીક્કો મારીને રજા આપે ત્યારેજ શરૂ થાય તો વાસ્તવિક રીતે કોઇ પણ ખોટી ટીપોવાળા તેમાં ફાવી જવાનો સંભવ રહે નહિ. કારણકે કોન્ફરન્સ હાલમાંજ થયેલી આખા હિંદુસ્તાનની ડીરેકટરીનું મોટું અને સરસ સાધન છે. તે મારફતે તેઓ ચોકસ તપાસ કરી શકે તેમ છે. તેમજ હજારો રૂપીઆ ખર્ચ કરીને જે ડીરેકટરી કરવામાં આવી છે તેનો મુખ્ય હેતુ પણ આવી બાબતોમાં તેનો ઉપયોગ કરવાનો છે. માટે મારા આગેવાન મુરબ્બીઓ, આપે પોતેજ આવી ડીરેકટરી કરવાથી આપણી પોતાની કોમના વધારે માહેતગાર થવાય તેવી આશાએજ તેમજ ઢોંગી અને હરામખોર લોકોથી હવે પછીથી ઠગાઇ જવાય નહીં તેની તજવીજ થઇ શકે તેટલા માટેજ કોન્ફરન્સના

મંડપોમાં પુખ્ત વિચાર કરીને પૂર્ણ ઉત્સાહથીજ તેની જરૂરીઆત બતાવી હતી. તો હવે તેવી ડીરેકટરીનો જો તમે ઉપયોગ કરો નહીં અને તેને કારણે ખોટી ટીપો ભરાય અગર જરૂર કરતાં વધુ ખર્ચના નામે મોટી ટીપો થાય તો એ બદલ આપને પોતાનેજ વિચારવા જેવું છે.

આવી રીતે ટીપો ભરવાથી મારા સાંભળવા પ્રમાણે કાઠીઆવાડના કેટલાક ગામોની પ્રથમ ટીપો થયેલી તેનાં નાણાં હજુ સુધી વપરાણાં નથી અને હવે પછી કયારે વપરાશે તે પણ કાંઇ નકી નથી. આનું કારણ શોધવા જઇએ તો ટીપો શરૂ કરનાર ગૃહસ્થ યા સંસ્થાઓની તથા ટીપો જે ગૃહસ્થની માર્ફતે થઇ હોય તેમની બેદરકારી સિવાય બીજું કાંઇજ જોવામાં આવતું નથી. માટે હવેથી તેમ નહીં થવાને ઉપરની રીતી મુજબ જો ટીપોની શરૂઆત કરવામાં આવે તો મારા સમજવા પ્રમાણે ટીપોના સંબંધમાં ઉપર પ્રમાણેની ફરીયાદો થવાનું કાંઇ પણ કારણ રહેશે નહિ. તેથી હું આશા રાખુંછું કે મુંબઇ જેવા શહેરમાં ગોડીજી મહારાજના દેરાસરના ટ્રસ્ટી સાહેબો આવી રીતની તપાસ કરાવવા સ્તુત્ય પગલુ ભરીને ખુલાસો થયા બાદ ટીપ ભરી આપવાનું શરૂ કરશે તો જે ઉત્તમ પૈસા કેટલીક વખતે ગેરવલ્લે જાય છે તેમ જતાં અટકી જશે. અને પરિણામે ખોટી ટીપો કરવાવડે ઠગનારાઓથી પોતાના સ્વધર્મી બંધુઓના પૈસાનો પણ બચાવ થશે.

આવી રીતી ચાલુ થશે તો પછી ટીપો શરૂ કરાવનારાઓ પોતાની મેળેજ પોતાની ટીપ ખરી છે કે નહિ તે બાબતની કોન્ફરન્સ ઓફીસ પાસે પ્રથમથીજ ચોકસી કરાવીને પછીજ ટીપ શરૂ કરાવશે. અને તે સાથે તે ટીપમાં લખેલી મુદતમાં તે કામ શરૂ થયું છે કે નહિ તેનો તપાસ પણ કોન્ફરન્સ રાખશે. અને થયું હશે તો પુરૂં થયે તેનો હીસાબ પણ કોન્ફરન્સ ઓફીસ માગશે. અને ઘણી સહેલાઇથી મેળવી શકશે. જેથી જે ઉત્તમ આશાએ આવી ટીપોમાં આપણી સંસ્થાઓએ અગર ગૃહસ્થોએ નાણાં ભરાવ્યાં હશે તેમના પૈસાનો સદ્વ્યય થશે.

D T. G.

# સ્વદેશી હિલચાલ.

સ્વાભાવિક રીતે કહો કે પછી બ્રિટીશ રાજ્યના પ્રતાપે કહો, પણ આજે હિંદુસ્તાનમાં કાંઇક શાંતિ તો છે. સો દોઢસો કે બસેં વર્ષપર જે અશાંતિ, અને રાજ્યવિદ્રોહ, અને જનવિદ્રોહ હતા તે આજે નાશ પામ્યા છે અને ત્હેને સટે લોકાભ્યુદયના પ્રયત્ન ઠામ ઠામ થતા જાય છે. સામાન્ય શાંતિ તો વ્યાપી પણ આપણા ત્રીશ કોટિ બંધુની આર્થિક સ્થિતિ ક્ષીણ થતી દ્રષ્ટિગોચર થઇ; દેશના હિતચિંતકોએ એનાં કારણ શોધવા પ્રયત્ન આરંભ્યો. તેમાં એક

કારણ આપણા વ્યાપાર ઉદ્યોગ અને હુન્નરકળાનો વિનિપાત થએલો જણાયો. એ વિનિપાત થવાનાં ભિન્ન ભિન્ન કારણો કલ્પાયાં છે, કોઇ પરરાજ્ય સત્તાથી ને કોઈ આપણા હાનિકારક રિવાજોથી, એમ કહે છે. ઉભય પક્ષ વાસ્તવિક છે. આ સત્ય સર્વને જણાયું અને તેમાંથી આપણા ઉદ્ધારાર્થે આ હિલચાલ વ્યાવહારિક સ્વરૂપમાં મૂકાય છે. આજથી પચાસ વર્ષપર એનાં અંકુર ફુટયાં હતાં; મુંબઈ અને ગુજરાત એની જન્મભૂમિ-દક્ષિણમાં બાલ્યકાળ, પંજાબમાં શૈશવાવસ્થા નિર્ગમી, પરંતુ એનું યૌવન તો બંગાળમાંજ ખીલ્યું. બંગાળીએ ઉદ્ધારક દેવીનું પૂજન કર્યું, અને સમગ્ર ભારતમાં આબાલવૃદ્ધ એના નામની માળા જપાવી. બંગાળીના બુદ્ધિકૌશલ્ કે એ દેવી સર્વની પૂજ્ય થઇ પડી.

આપણા ધર્મનું વાસ્તવિક પાલન પણ એ દેવીના પૂજનથી થાય એમ છે. अहिंसा परमो धर्मः એનું અર્ચન કરવામાં સચવાય છે. ઇતીહાસ તો સચવાયો એમ સાક્ષી આપે છે. આપણે તે તપાસીએ.

મુગલ સમયની—ઔરંગજેબના સમયની—વાર્તા છે. ઔરંગજેબની પુત્રી વસ્ત્રાલંકાર સજી બહાર આવી, ઔરંગજેબે ત્હેને કહ્યુંઃ- બેટા, આજ પોશાક નહીં પહેનાં હય? પુત્રીએ ઉત્તર આપ્યો "બાપા, કયા બાત કહું, સાત કપડે પહેને હય. મગર આપકા કારીગર ઐસા હય કે તોભી બદન દીખા જાતા હય" વાચકગણ! સાત સાત વસ્ત્ર ઓઢ્યાં છતાં પણ ઔરંગજેબની બાળકીનું અંગ દેખાયું. શું આજે પશ્ચિમની કારીગરીમાં આવું કૌશલ્ય છે!

બીજી વાર્તા જગપ્રસિદ્ધ છે. વાંચનમાળાના પાઠમાં લખે છે કે "એ બૂરજ જોઇને દરેક મુસાફર હેરત પામે છે. અને ભારતીઓનાં કળા કૌશલ્યને માટે ઘડીભર વિચારમાં પડે છે."

એ સ્થંભ જોઈ યુરોપીયનો પણ આશ્ચર્ય સાથ હિંદના. હિંદના કારિગરોનાં અનુપમ કલાકૌશલ્ય અને જ્ઞાન માટે પોંચા કરડે છે. એથી વધુ આગળ ચાલીએ. આપણા પ્રાચીન દેરાસરો, તેમાંની પૂજ્ય પ્રતિમા શું આજે પશ્ચિમના શિલ્પીઓનું અભિમાન ઉતારે એમ નથી! શાંત અને વૈરાગ્યભાવની મૂર્તિ અને ભવ્ય સ્થાન નિરખી પ્રકૃતિનો એક લાડકો પુત્ર-( કવિ ) ઉદ્ગાર કહાડે છે કેઃ-

"દીઠી શિલા મહિંય સાગરની સમૃદ્ધિ,
દીઠો સ્થૂલે મહત્ ચેતન ઓઘ વ્હેતો."

પ્રાચીનમાં પ્રાચીન સમયની ગુફાઓ, ત્હેની અંદરનું ચિત્રકામ, કોતરકામ, રજપૂત રાજ્યની ભવ્ય ઇમારતો, સિદ્ધપુરનો રૂદ્રમાળ, ભુવનેશ્વરીનું દેરું, આબુ, ગિરનાર અને અન્ય સ્થાનના પુરાણા મંદિરો, મુસલમાની સમયના રોઝા, મસજીદો અને મહેલો, આ વર્તમાનકાળની યંત્રકળાને ટક્કર મારે એમ નથી? અને એ એધાણીઓ આપણી ખનિજ સંપત્તિ નથી બતાવતી? ભારતમાં શેની ન્યૂનતા છે? જે જોઇએ તે મળે એમ છે. "રસવતી, ફલવતી" એ કામધેનુ

સમાન છે. આયાત નિકાસના આંકડા તપાસો, કેટલો માલ પરદેશ જાય છે? અને ત્યાંથી માત્ર તે દેશની મ્હોર છાપ લાગી આવતાં, એકના એકાવન ગણા પૈસા શું આપણે આપતા નથી?

અર્થશાસ્ત્રીઓ પ્રત્યુત્તર આપે છે, "વિવિધતા, સુંદરતા અને સોંઘાપણું એના ઉપર વેપારનો આધાર રહે છે." કાનની બુટ્ટી પકડી કબૂલ કરીએ છીએ. વિવિધતા, સુંદરતા અને સોંઘાઈ આપણે ત્યાં નહીં થઈ શકે? ધારો કે અત્યારે તે ન મળી શકે પણ પાંચ દહાડે એનું પરિણામ શું? કરોડો રૂપિયા આપણે પરદેશમાં નથી ફેંકી દેતા? ધર્મમાં નિષેધ કર્યો છતાં આપણે શેનો પ્રતિરોધ કર્યો છે? ઉપર ઉપરથી ટાપટીપ જોઇને મોહવાનું નથી; તેમ પુરાણા કાળના પૂર્વજના પરાક્રમના ગુણગાન કર્યે દી વળે એમ નથી; અત્યારે આપણી ભારતવાસીની કેવી દીનાવસ્થા છે!

"ક્યાં છે એ દયા?
ક્યાં છે તે મયા?
સપ્ત કોટિ બંધુભગિની, અન્ન વિના ટળવળે,
હાડ ચામનાં એ પિંજરો; જ્યાં ત્યાં રખડતાં મળે.
શી દશા અરે,
આંગણે કળકળે."

આવી દશા આપણા બંધુની છે. ક્યાં છે આપણા અંતરમાં આર્દ્રતા, હૈયામાં હેત, ઉરમાં ઉદારતા, સાધુતા અને બંધુતા! પશ્ચિમનો એક સમર્થ ઇતિહાસક અને તત્વવેત્તા કહે છે કે "સાધુતા, બંધુતા અને ઉદારતા વિના ઉન્નતિ નથી." આપણા શાસ્ત્રકારો એથી આગળ વધે છે, **अहिंसा परमो धर्मः** એ આપણો ભારતીનો મુદ્રાલેખ છે. સર્વ શાસ્ત્રકારો ડિંડિમ પોકારે છે, વિચાર, ઉચ્ચાર અને આચારના ઐક્ય વિના ધર્મ પળાતો નથી. આપણે જૈનો **ज्ञान क्रियाभ्यां मोक्षः** (જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે) એમ માનીએ છીએ. વેદને માનનારા, જ્ઞાન અને કર્મ સિવાય મોક્ષ માને છે શું? એક જણ યથાર્થ કહે છે કે:—

સાંભળજો વ્હાલાં ઓ! વચનો દીનના.

* * * *

નિકટ સગાંઓ સમજો ભાઈ બ્હેનજો!

* * * *

ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં
સઘળાએ સન્તોનો એ ઉપદેશ જો!

(રા. રા. કાન્ત).

સર્વ ધર્મમાં આ ઉપદેશ છે. માનવીના અંતરમાં પણ એજ ભાવનાની તરંગાવલિ લ્હેરે છે. માત્ર સ્વાર્થી આપણી આંખ એ સુખકર લ્હેરનાં દર્શન કરી શકતી નથી. મનુષ્યમાંથી પ્રભુ થવાની મહત્ ઇચ્છા રાખીએ છીએ; અને કોક દહાડો કોઈ ભવમાં પણ એ પરમજ્યોતિના દર્શન પામવાની અમર આશામાં આપણે પ્રવૃતીએ છીએ; ઉદ્દેશ મહાન અને કલ્યાણકારક છે! પણ એ પદ પ્રાપ્ત કરનાર જેવી આપણી સ્થિતિ દ્દઢ છે? ભગવાન મહાવીરને સકળ જીવમાત્રનું કલ્યાણ કરવાની ઇચ્છા થતાં, રાજપાટ, માતાપિતા, સગાં સમ્બન્ધીનો ત્યાગ કરવામાં કેટલો વિલંબ કર્યો હતો! અને આપણે એજ પૂજ્યશ્રીના પદને માટે વાંછનારા શું કરિયે છીએ. પચાસ વર્ષ થયાં સ્વદેશી હિલચાલના પોકાર થતાં સાંભળિયે છીએ, અને બે વર્ષ થયાં તો એ દેવીના જયમંગળ આપણે આંગણે ગવાતાં સાંભળતાં છતાં શું કર્યું? પ્રશ્નનો ઉત્તર હકારમાં મળતો નથી, નરવીર દેશભક્ત લાલા લજપતરાય દેશની ઉન્નતિને માટે એક સ્થળે લખે છે કે, દેશની ઉન્નતિ માટે કેળવણી અને વેપાર, એ સ્વતંત્ર હોવા સાથે જાતીય ઐકયની આવશ્યકતા છે.

આ બે બાબતની સ્વતંત્રતા વિના મનુષ્યજાતિની ઉન્નતિ નથી. પહેલી બાબત આપણા હાથમાં આજે નથી. પણ વેપાર સ્વતંત્રતા તો આપણે પ્રાપ્ત કરિયે એમ છે. વેપારના આવશ્યક અંગોપાંગ સાધનો સાજાં તાજાં આપણી પાસે છે. એક લેખક એ સંબંધમાં લખે છે કેઃ-"વ્યાપારી આલમમાં હિંદુસ્તાનને સ્થાન પામવા માટે ખરા હૃદયની લાગણીથી કામ કરનારા માણસો, બેંકો, સ્ટીમ નેવીગેશન અને વીમા કંપનીઓ અને ખનિજ સંપત્તિનો ભંડાર ખુલ્લા કરનાર શાસ્ત્રવેત્તાઓ." પણ એનાજ ઉત્તરમાં અન્ય લેખક કહે છે કેઃ-"એ બધું મળે પણ તેનું બજાર ક્યાં શોધવું? અન્ય દેશમાં? નહીં, આપણેજ આપણો વેપાર ઉદ્યોગ વધારવાને આપણા દેશમાં દેશીનેજ હાથેજ બનેલો માલ વાપરવો. એના જેવું બીજું બજાર એકે નથી" આ યથાર્થ છે. દરેક દેશીએ આરંભમાં પોતાનો વ્યાપાર ઉદ્યોગ ખીલવવાને આજ પ્રયત્ન આદર્યો હતો, અને હજુ પણ આદર્યેજ જાય છે. ચીન, જેપાન, અને અમેરિકા, ઇંગ્લાંડમાં પણ અદ્યાપિ એજ વાર્તા ચાલુ છે. ફ્રિટ્રેડના હિમાયતી પણ જનસત્તા આગળ "જ્ઞાન અને જ્ઞાનીઓ" ને "શત્રુ" ગણવા મંડયા છે. ત્યારે આપણે આપણા માર્ગ-રાજમાર્ગ-પર ચહુડવું જોઇએ. અને તે માટે બની શકે એટલો શ્રમ કરવો જોઇએ. હવે વેપાર વૃદ્ધિના આવશ્યક અંગોપાંગનું પૃથક્કરણ કરિયે! અપૂર્ણ.

અભ્યાગત.

# મનુષ્યદેહ શાને માટે છે?

લેખક-શાહ નરોતમ ભગવાનદાસ.

અનુસંધાન પૃષ્ટ ૨૩૦.

**રાત્રિભોજન ત્યાગ**—આ ક્રિયા શાસ્રકારોએ નિષેધવાનાં ઘણાં કારણો સંભવે છે. શારીરિક, માનસિક તથા આત્મિક ત્રણે જાતના લાભ જોઇનેજ શાસ્રકારોએ તેવું પૂરમાન કર્યું લાગે છે. ખરો શુદ્ધ જૈન રાત્રિભોજન કરેજ નહિ, અને એવાજ સંજોગો આવી પડે કે જેથી બીજો ઉપાય ન રહે, તો જેમ બને તેમ ઓછી વખત રાત્રિભોજન કરે, તે પણ રાચીમાચીને, જાણીજોઇને, રાત્રિભોજન કરે નહિ. શાસ્રકારોએ તેને મુનિરાજના છઠા વ્રત તરીકે ગણ્યું છે, તેનો હેતુ હાલની કારણશોધકદૃષ્ટિથી પુરતો સમજાતો નથી, કેમકે તેનો પ્રથમ વ્રતાદિમાં સમાવેશ થાય છે. છતાં પણ જ્ઞાનીઓ આપણાથી અનંત શક્તિના ધણી હતા, તેઓએ જે યોગ્ય જાણ્યું, તે જનહિતના ફાયદા માટે જણાવ્યું છે. તે પ્રમાણે સમજ્યા વગર પણ જે વર્તશે તે પરંપરાએ સુખી થશે. વિરૂદ્ધ વર્તનાર દુઃખી થશે. રાત્રે જમવાથી જઠરને જે આવશ્યક આરામ મળવો જોઇએ તે મળતો નથી, જઠરપર કામનો બોજો વિશેષ પડવાથી નબળું પડતું જાય છે, તેની શરીરના દરેક અવયવને અમુક અંશે સહન કરવું પડે છે, એ શારીરિક ગેરફાયદો. રાત્રિભોજન કરનારી ન્યાતમાં રાત્રે ૧૦-૧૨-૨ વાગે પણ જમે છે, કોઇ જાતનો પ્રતિબંધ રહેતો નથી, ભોજ્યલોલુપતા વધે છે, એ માનસિક નિર્બળતાનો બીજો ગેરફાયદો. કોઇ વખતે રાત્રે ઝીણા કે મોટા જંતુઓ ન દેખાતાં પેટમાં ચાલ્યા જાય, અને શરીરને અડચણ કરે. સૂર્યથી સ્પર્શેલું અન્ન જેવું પવિત્ર, શુદ્ધ હોય છે તેવું સૂર્યથી સ્પર્શ્યા વિનાનું અન્ન પવિત્ર, શુદ્ધ થઇ શકે નહિ, તેથી પણ રાત્રે જમવું સલાહકારક નથી. માનસિક નિર્બળતા આત્મિક હાનિનું પહેલું શરૂઆતનું પગથીયું છે. તમસકાયનાં જંતુઓ ખોરાકનાં રંગની જેવાજ રંગના દરેક ખોરાકમાં રાત્રે પ્રવેશ કરે છે, આ બધાં કારણોથી રાત્રે જમવું સલાહકારક તથા ઇષ્ટ નથી.

**ભક્ષ્યાભક્ષ્ય**—હાલનો જમાનો શાસ્રીય શોધખોળપરથી આગલી હકીકતો સત્ય ઠરે તે સ્વીકારવાનો ચાલે છે. સાત વ્યસનમાં મદ્ય, માંસ આવી જાય છે. ૨૨ અભક્ષ્ય સિવાયની વસ્તુઓ ભક્ષ્ય છે. માંસ ખાનારા પારસીઓ ગાયનું માંસ ખાતા નથી, કારણકે તેઓ ગાયને પવિત્ર ગણે છે. મુસલમાનો ડુકરનું માંસ ખાતા નથી, કારણકે તેઓ તેને અપવિત્ર ગણે છે, એટલે કે તે શરીરમાં ઘણા

રોગો ઉત્પન્ન કરનારૂં છે. ખેતીને ઉપયોગના ગાય, બળદ તથા વાહન માટેના ઘોડા આંહીના (વાંદરાના) કસાઇખાનામાંજ એવડી મોટી સંખ્યામાં માર્યા જાય છે કે તે જાણતાં, વાંચતાં, અને તેમને પડતું દુઃખ સાંભળતાં કંપારી છૂટયા વિના રહે નહિ. પંચેંદ્રી પ્રાણીનો વધ કરવો એ સર્વથી મોટું પાપ છે. ખેતીના ઉપયોગના જનાવરોને માર્યાથી ખેતીને, દેશને અને તેથી છેવટે આપણનેજ ગેરલાભ છે. માંસના ખોરાકની જેવોજ અન્નનો ખોરાક પુષ્ટિકારક છે એવું પ્રસિદ્ધ દાકતરો હવે જાહેર રીતે સ્વીકારવા લાગ્યા છે. મુએલાં જનાવરોના રોગો માંસ ખાનારમાં આવે છે. માંસ ખાનારા બહુજ ક્રોધી હોય છે. માંસાહારીઓમાં ગાંઠ, નાસુર, લોહીવિકાર, ગરમી અને સોજાનાં દરદો બહુજ થાય છે. મુએલાં જનાવરની સઘળી ખાસીઅતો માંસાહારીમાં આવે છે તેનાથી રક્તપીત થવાનો પણ બહુ સંભવ રહે છે. બદહજમી, માથાનો દુખાવો તથા કલેજાંનાં દરદો પણ તેઓમાં વધારે હોય છે. કોઈ પણ પ્રાણીને મોતનું દુઃખ આપ્યા વિના જીવવું એજ સર્વોત્તમ છે. વનસ્પતિપર નિર્વાહ કરનારાને દારૂની જરૂર પડતી નથી, અથવા તેનું લક્ષ્ય પણ તે દિશામાં જતું નથી. માંસ તથા મછીના આહાર કરનારામાં ચામડીનાં દરદ વિશેષ હોય છે. આવી રીતે શારીરિક, માનસિક તથા આત્મિક અવનતિ કરનાર માંસાહાર દરેક રીતે ત્યાજ્ય છે. તેની છાયામાં પણ જવું જોઇએ નહિ. સૌથી પહેલું અભક્ષ્ય તે છે.

બીજું અભક્ષ્ય મદિરા છે. મદિરા જીવહિંસાથીજ બને છે. તેથી વાપરનારને જીવહિંસાનુંજ પાપ લાગે છે. અનાજમાં એકેંદ્રી જીવહિંસાનું પાપ લાગે છે, પરંતુ મદ્ય તથા માંસમાં બેઇંદ્રીથી પંચેંદ્રી સૂધીના જીવોનું પાપ લાગે છે. તેથી આત્મિક અધોગતિ થાય છે. મદ્ય પીધેલો માણસ શુદ્ધિ ખોઇ બેસે છે. મદિરા પીનારી પ્રજાઓમાં જેટલા માણસો ગાંડા થાય છે, તેના કરતાં નહિ પીનારી પ્રજાઓમાં ઓછા થાય છે. તે મોંઘો મળતો હોવાથી ખીસું ખાલી થાય છે, અને જરૂરની જે ચીજો લાવવી જોએ તે લેવાતી નથી. કુટુંબના માણસોને તેથી સહન કરવું પડે છે. દારૂડીયો તે બધું સમજે છે, છતાં દારૂ એવી વ્યસનવાળી ચીજ છે, કે સાધારણ માણસથી છોડયો છૂટતો નથી. દારૂ પીધેલી અવસ્થામાં મનપર કાબુ રહી શકતો નથી, તેથી તે વખતે જોઇએ તેમ લવે છે. કુટુંબનાં માણસો સાથે કલેશ કરે છે. તે પીવા માટે પૈસા ન હોય તો ચોરી કરાય છે. દારૂ એવી વસ્તુ નથી કે જે વિના નજ ચાલે. આ ઉપરથી જણાશે કે કરકસરની રીતે તે ખરાબ છે, શારીરિક નુકસાન કરે છે, માનસિક અને આત્મિક નુકશાન પણ કરે છે. ફાયદો બીલકુલ નથી. તેથી તેની નજદીક પણ જવું યોગ્ય નથી. દારૂ પીનારો આત્મહત્યારો પણ કહી શકાય. કારણકે દારૂ ભેજાનો નાશ કરી મૂકે છે, અને ફેફસાંને નબળાં બનાવે છે.

અભક્ષ્ય ફળો — વડફળ, પીપળફળ, ઉંબરફળ, કઠુંબરફળ, તુચ્છફળ, બહુબીજ ફળ, અજાણ્યાં ફળ, તથા કંદમૂળ. આટલાં વાનાં અભક્ષ્યમાં ગણવામાં આવ્યાં છે. ઉબરફળ, કઠુંબરફળ, વિગેરેમાં બેસુમાર ત્રસજીવો ઉપજે છે કે જે તે ફળ ભાંગતાં પ્રત્યક્ષ દૃષ્ટિએ પડે છે એ પ્રમાણે જાણ્યા પછી તે ખાવાં જોઇએ નહિ. અને બહુબીજફળો એ જોકે પ્રત્યેક વનસ્પતિકાય છે, એટલે કે તેમાં જેટલાં બી હોય તેટલા જીવો છે. પરંતુ તેમાં બેસુમાર બીજ હોવાથી તે વર્જ્ય છે. તુચ્છ ફળ તે છે કે જે ખાધાથી તૃપ્તિ ન થાય અને થોડું ખવાય, ઘણું કાઢી નાખવું પડે તેથી તેનો ઉપયોગ કરવો નહિ. અજાણ્યાં ફળ ખાવાથી વખતે મરણ થવાનો અથવા વ્યાધિ થવાનો સંભવ રહે છે, માટે તેના ગુણદોષ જાણ્યા પછીજ ખાવાં કંદમૂળ અભક્ષ્ય ગણવાનું કારણ એટલુંજ છે કે તેમાં અનંતા જીવો છે. સોયની અણી ઉપર રહે, તેટલા કંદમાં પણ અનંતા જીવો છે તેથી તે ખાવા યોગ્ય નથી.

મધ, માખણ, દ્વિદળ, ચલિતરસ, (વાસી રોટલી અથવા બીજી વસ્તુ, શીરો, લાફસી ઈ.)—આ વસ્તુઓમાં અસંખ્ય બે ઇંદ્રી જીવો ઉત્પન્ન થાય છે, તેથી વાપરવા યોગ્ય નથી. મધ તો માખીઓની લાળનુંજ બને છે. માખણમાં સૂક્ષ્મદર્શક યંત્ર વડે માખણની જેવા ધોળા રંગના જંતુઓ જણાય છે. બે દિવસના દહીંને તડકામાં રાખીએ અને તેના વાસણની આસપાસ અળતો ચોપડીએ તો દહીંમાંથી ઝીણા જંતુઓ બહાર નીકળેલા દેખાય છે, માટે તે વર્જ્ય છે. ચલિત રસ માટે પણ એજ કારણ છે. જે પદાર્થમાં બે ઇંદ્રિય જંતુઓ ઉત્પન્ન થવાનો સંભવ રહે છે, તે ચલિત રસ કહેવાય છે. વાસી રોટલી, શીરો, લાફશી વિગેરે ખાધાથી પચતાં બહુ વાર લાગે છે, એ તો અનુભવથી તરત જણાશે, તેને ઉનું કરતાં રસમાં વિકાર થવાનો સંભવ રહે છે. કાળવ્યતિત પકવાન વિગેરેનો પણ ચળિત રસમાં સમાવેશ થાય છે. કાચાં (ઉષ્ણ કર્યા વિનાના) દહીં, દુધ કે છાશની સાથે દ્વિદળ-કઠોળ ગણાતા પદાર્થો-તેની દાળ, આટો કે તેના બનેલા પદાર્થો ખાવા તે અભક્ષ છે કારણકે તેના સંયોગથી તત્કાળ બે ઇંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

બરફ અને વરસાદના કરા પણ અસંખ્ય અપકાયનો ગાઢ પિંડ હોવાથી અભક્ષ્ય છે. રીંગણા પણ અનેક જીવોત્પત્તિ વિગેરેનું દોષોનું કારણ હોવાથી અભક્ષ્ય છે. બોળ અથાણામાં પણ સંમૂર્છિમ બેઇંદ્રિ ઉત્પન્ન થાય છે તેથી તે અભક્ષ્ય છે. વચ્છનાગ. અફીણ, સોમલ, વિગેરે ઝેરો છે. તેનો ઉપયોગ કરવાથી કંઇ લાભ નથી. ગેરફાયદોજ છે. અફીણીઆ દારૂડીઆની જેમ, પગ ઘસતાં મરવાનો સંભવ છે. અફીણની ડાબલીમાંથી કોઇથી ભુલથી અફીણ ખવાઈ ગયું તો તેના પ્રાણ જાય છે. સોમલ વિગેરે વધારે આકરી જાતના વિષ છે. પ્રમાણમાં જરા પણ વધારે લેવાય તો જીવ જવાનો સંભવ રહે છે. એ સર્વે ઔષધ તરીકે કોઇ વખત લેવાય એ વાત જુદી છે, પરંતુ કોકેન

જે પણ એક જાતનું ઝેરજ છે, તે લેતાં ગજવાપર કેવી કાતર પડે છે, અને આખરે કેવી અવદશા થાય છે તે કેટલાએક ભાઈઓએ અનુભવ્યું છે તેથી જણાશે કે તે પણ વાપરવાને માટે લાયક નથી.

કાચી માટી પેટમાં અજીર્ણ અથવા બીજો વિકાર કરે છે તેમજ કાચી માટી ને કાચું મીઠું અસંખ્ય જીવોમય છે તેથી તે પણ અભક્ષ્ય છે.

ઉપર ગણાવેલા અભક્ષ્યો શ્રાવકે વર્જવના છે. જીભના સ્વાદને ખાતર લેવા યોગ્ય નથી.

વ્રત યથા શક્તિ લેવાં અને તે કોઇ પણ રીતે ભાંગવા નહિ. તેને વારંવાર સંભાર્યા કરવાથી ભાંગવાનો સંભવ થોડો રહે છે.

શક્તિ પ્રમાણે નિયમમાં રહેવા માટે દરરોજ સવારસાંજ પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) પણ લેવું અને તે પણ સંપૂર્ણ રીતે પાળવું.

જે ક્રિયા કરવી તે ખરા દિલથીજ કરવી કહેવાનું કંઈ અને કરવાનું કંઇ એવું દાંભિક વર્તન રાખવું નહિ.

સર્વે જીવોને આપણે ક્ષમા કરવી અને સર્વ જીવો આપણને ક્ષમા કરે, એવી તેમની પ્રાર્થના કરવી, ૮૪ લાખ જન્મસ્થાનોના સર્વ જીવોને શુદ્ધ મનથી ક્ષમાવવા. કોઇની સાથે રોષ રાખવો નહિ. કોઇએ આપાણું બગાડયું હોય તો તે વ્યક્તિ ઉપર પણ રોષ નહિ રાખતાં તે વ્યક્તિ સાથે ફરીને કામ પાડતાં, તે અમુક નુકશાન કરે તેવી છે, તેટલુંજ ધ્યાનમાં રાખવું. દ્વેષ રાખવો નહિ. સર્વ જીવપર મૈત્રી ભાવના રાખવી તેજ ઉતમ છે.

પુણ્ય કરવું સર્વ જીવથી કદાચ ન બની શકે, પરંતુ પાપ ન કરવુ એ સહેલું છે. પ્રથમના પાંચ પાપસ્થાનકો જે આગળ સવિસ્તર લખાઇ ગયા છે, તે ઉપરાંત ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, કલંક, ચાડી, હર્ષ, શોક, નિંદા, કપટયુક્ત અસત્ય તથા મિથ્યાત્વ એ ૧૮ પાપસ્થાનકો જેમ બને તેમ દૂર કરવાનાં છે. ક્રોધ ગુરુએ શિષ્યના લાભ અર્થે, ઉપરથી દેખાડવા રૂપે, પણ અંદરથી શાંતિ જાળવીને કરવાનોછે. શિષ્યનું હિત ન જોનાર ગુરૂ દુષિત થાય છે. પોતાનું સ્વમાન જળવાય તેવી રીતે દુનિયામાં વર્તવું, પણ અંતરમાં બીલકુલ એમ ન ધારવું કે હું અમુક કરતાં મોટો છું. મોટાઇ ચિરસ્થાયી નથી, પણ ફર્યા કરે છે. કહેવું કંઈ અને દેખાવું કંઇ એ માયા. એવા વર્તનવાળા માણસોપર થોડો વખત બીજાનો વિશ્વાસ રહે, પરંતુ આખરે વિશ્વાસ જતો રહે છે. પોતાની શક્તિ પહોંચી શકે તેટલું શાંતચિતથી, બહુ આરંભ વિના, મેળવવું એ સારૂં છે, પરંતુ બહુ હાયવોય કરીને, જરૂરનું નહિ છતાં, સારો ઉપયોગ કરવાની શક્તિ નહિ છતાં, મેળવવા પ્રયત્ન કરવો એવો લોભ કોઇ રીતે ઇષ્ટ નથી. પુત્ર, સ્ત્રી, માતાપિતા, મિત્ર, અન્ય સંબંધીઓ, સર્વ પોતાનો સ્વાર્થ સરે ત્યાંસૂધી સ્નેહ ધરાવે છે તેમ જાણી કોઇના ઉપર રાગ કરવાની જરૂર નથી, માત્ર પ્રસંગે પ્રસંગે પ્રસન્નતા માત્ર દેખાડવાની જરૂર છે. આપણું બુરૂં ઇચ્છનારા અથવા કરનારા તરફ અપ્રીતિ ( દ્વેષ ) રાખવાની જરૂર નથી, માત્ર એટલુંજ કે

તેમનાથી સાવચેતપણે વર્તવું. કોઇની સાથે કલહનો પ્રસંગ જેમ બને તેમ ઓછો લાવવો. આપણે કલહનું કારણ આપવું નહિ, અને સામો આપે તો નમતું મૂકીને બની શકે ત્યાં સૂધી કલહ ન કરવો. સામો ફરજજ પાડે. તો મનની અંદરના પરિણામ શુધ્ધ રાખીને સામાને યોગ્ય પરિણામ માટે પગલાં લેવાં. કારણકે ક્રોધથી તથા કલહથી લોહી બળે છે. કોઇનો દોષ જાણવામાં આવ્યો હોય તો તે તેના હિત માટે કહેવો એ જુદી વાત છે, પરંતુ સામા માણસને હલકો પાડવા માટે કહેવો અથવા કોઇનાપર જુઠું આળ ચડાવવું એ બહુજ ગંભીર ગુન્હો છે. તે કલહનું બીજ છે. કોઇની નિંદા કરવાની પણ શાસ્ર મના કરે છે, તો ખોટું કલંક તો મુકાયજ કેમ ? કોઇની કાંઇ ગુહ્ય હકીકત આપણે જાણતા હઈએ. તો તે બીજાને હલકો પાડવા માટે, કોઇને કહેવી તે ગ્રહસ્થાઇનું લક્ષણજ ગણાય નહિ. સુખ દુઃખની પ્રાપ્તિમાં હર્ષ શોક થવો તે મનની કલ્પનાજ છે. અજ્ઞાન મન પૂરૂં સમજતું નથી, ત્યાં સુધી તેને સુખ દુઃખને પ્રસંગે હર્ષશોકનો ભાસ થાય છે, પરંતુ આત્મસ્વરૂપ વિચારતાં, તેનો નિદધ્યાસ કરતાં ઝાંઝવાનાં જળ જેવુંજ તે જણાય છે. નિંદા કરવી એ પણ હાલના કાયદા પ્રમાણે ગુન્હો છે, તો શાસ્ત્ર, જે સૂક્ષ્મ દોષો પણ બતાવે છે, તે તેને પાપ ગણે તેમાં નવાઈ નથી. નિંદા પણ કલહનું બીજ છે. જેની નિંદા કરવામાં આવે છે તેનું મન બહુજ ખિન્ન થાય છે. માયામૃષાવાદ એટલે મનમાં કંઇ હોય અને બહાર કંઈ કહેવું. તે ટેવ આત્માને ખોટે રસ્તે દોરવે છે, અને જનસમાજને સાચું તારવતાં બહુ મુશ્કેલી પાડે છે. મિથ્યાત્વીઓના પ્રસંગમાં તદનજ ન અવાય એ તો મુનિરાજથીજ બની શકે તેમ છે. શ્રાવક શ્રાવિકાને પ્રસંગ પાડયા વિના ચાલતું નથી, છતાં એક વાત બહુ સાદી રીતે દૃઢ રહી શકે તેમ છે કે જીનેશ્વર એજ ખરા દેવ છે, અને તેમણે કહેલો ધર્મ એજ ખરો ધર્મ છે. તેથી વિરૂદ્ધ તે મિથ્યાત્વ છે. આ અઢારે પાપસ્થાનકોથી દૂર રહેવું યોગ્ય છે.

જન્મ, વૃધ્ધાવસ્થા અને મરણ એ ત્રણ કારણોને લીધે સંસાર અસાર છે. દરેક પ્રાણીને પોતે કરેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી, તેમાંથી તેનો કોઈ બચાવ કરી શકે તેમ નથી. અરિહંત, સિધ્ધ, જૈન ધર્મ અને સાધુ એ ચારજ ખરા શરણ છે. બાકી બધો મોહ બહારનો છે, જૂઠો છે, થોડા વખત માટેનોજ છે.

આ ભવમાં તથા પરભવમાં જે પાપ કર્યાં હોય, તે આત્મસાક્ષીએ એકાંતમાં નિંદવાથી આત્મા હલકો થાયછે, બની શકે તેટલાની ગુરૂ પાસે આલોચના લેવી. ખોટો ધર્મ પ્રવર્તાવ્યો હોય, જીનેશ્વરે ભાષેલથી કંઇ ઉંધું કહેવાયું હોય, કુમતિ અથવા કદાગૃહથી સૂત્ર ઉથાપાયાં હોય, ઘંટી, હળ, હથિયાર ઘડયાં ઘડાવ્યાં હોય, તે વોસરાવ્યા વિના એમને એમ રહી ગયું હોય, એ બધાં દુષ્કૃતોની ખરા હૃદયથી નિંદા કરવી.

અપૂર્ણ.

# જૈન સમાચાર.

**માનાધિકારી ઉપદેશક મગનલાલ ગોવિંદજી દલાલનો** પ્રયાસ–તેઓ લખે છે કે હું સુરત પ્રાંતમાં આવેલ ઉદવાડા સ્ટેશનથી બગવાડા ગામે ગયો. આ ગામની આસપાસ અંબાચ, કોપરલી, દેગામ, ખેરલાવ, ગોયમા, વાપી, રાતા, પરીયા આ મુજબ આઠ ગામો છે. આ નવ ગામોમાં જૈનોની વસ્તી છે અને તે પૈકી બગવાડા ગામમાંજ જૈન મંદિર છે. આ સ્થળે હું પર્યુષણ પર્વમાં ગયો કે જે વખતે નવ ગામના શ્રાવકો તથા શ્રાવિકાઓ આવ્યા હતા. હમેશાં પર્યુષણ પર્વના તહેવારોમાં આ સઘળા ગામોના જૈનો બગવાડા ગામે જૈન મંદિર હોવાથી એકત્ર થાય છે.

ભાદરવા શુદ ત્રીજને મંગળવારને દીવસે બપોરે ત્રણ વાગે ધર્મશાળામાં જૈનભાઇઓ તથા બેનોની સભા એકત્ર કરવામાં આવી કે જે વખતે આશરે બસો પુરૂષો અને સો સ્ત્રીઓએ હાજરી આપી હતી. તેઓના સમક્ષ નીચે મુજબનાં પૃથક પૃથક વીષયો ઉપર લગભગ બે કલાક સુધી ભાષણ આપ્યું.

૧ વ્યાવહારિક, નૈતિક, અને ધાર્મિક કેળવણી.

૨ સ્ત્રી કેળવણીની પ્રથમ આવશ્યકતા.

૩ વિદ્યાભ્યાસથી થતા મુખ્ય લાભો.

૪ ઇંગ્લિશ કેળવણી ઉપર મુકાતા ખોટા આક્ષેપો.

૫ હાનિકારક રીત રીવાજો પૈકી હોળી પર્વ, શીળીસાતમ જેવા કેટલાક મિથ્યાત્વો પર્વો, રડવું કુટવું, વૃધ્ધ વિવાહ, બાળલગ્ન, મરણ પાછળ જમણવાર, જૈનશાસ્ત્રાનુસાર લગ્નવિધિ વીગેરે.

૬ યુવાનોએ ગ્રહણ કરવા યોગ્ય સન્માર્ગો વિગેરે.

શ્રાવકો અને શ્રાવિકાઓના મગજ ઉપર ભાષણથી ઘણી સારી છાપ બેઠી હતી.

પર્યુષણ પર્વનાં કાર્યમાં બધા રોકાયેલ હોવાથી પુરતો વખત નહીં હોવાનાં સબબે બહુ જુજ વખતમાં બધાએ એકત્ર થઇને ઉપરના વિષયો મુજબ કેટલાક ઠરાવો અમલમાં મુકવાને બહુ ઉત્કંઠા દર્શાવી છે. તેઓનો ઉત્સાહ જોતાં થોડા સમયમાં તેઓ સારા સુધારા કરશે એવી દરેક આશા જોવામાં આવે છે.

**પ્રતિમાઓ પ્રગટ થઇ. માંડવગઢનો રાજીઓ નામે દેવસુપાસ**—આ મથાળાનું પવિત્ર વચન પ્રાયે આર્ય દેશના દરેકે દરેક ભાગમાં નિવાસ કરતા જૈન વર્ગના આબાળ વૃદ્ધ માણસોમાં પ્રખ્યાતિ પામેલું છે, પણ તે માંડવગઢ તીર્થ ક્યાં આગળ આવેલું છે, તેની ઘણા લોકોને માહિતી નથી. વાસ્તે અમને જણાવવાની ફરજ પડે છે કે, આ તીર્થ ઇંદોરથી શુમારે ૨૦ ગાઉ ઉપર આવેલી ભોજ રાજાની

ધારા નગરી જેને હાલમાં ધારગામ કહેવામાં આવે છે, ત્યાંથી નજીકમાં એક દર્શનીય પવિત્ર પર્વત ઉપર આવેલું છે. આ માંડવગઢના પ્રાચીન કિલ્લાને જોવા વાસ્તે અંગ્રેજો તથા નામાંકિત ગૃહસ્થો અને અમલદારો પણ હાજર થાય છે. આ ગઢ તળાવ વાવડીઓ અને મોટી મોટી પડેલી ઇમારતો તથા સેંકડો દેવળોથી ખરેખર પ્રાચીનતાનો આબેહુબ દર્શાવ આપે છે. અહિં મોટા મોટા કોટિધ્વજ જૈન ગૃહસ્થો આગળ થઈ ગયા છે, તેની સાબિતી ઉપદેશ તરંગિણી નામનો જૈન ગ્રંથ પુરી પાડે છે, એટલુંજ નહિ બલ્કે તે ગ્રંથમાં એવું પણ દર્શાવવામાં આવ્યું છે કે, વનવાસના પ્રસંગે શ્રીરામચંદ્રજીની પટ્ટરાણી સીતાજીને પૂજા કરવા વાસ્તે શ્રી લક્ષ્મણજીએ જૈનમૂર્ત્તિ તૈયાર કરી આપી હતી. આ તીર્થ ઉપર સંવત્ ૧૯૫૮ ના ફાગણ માસમાં બુહ્રાણપુરથી ઇંદોર તરફ વિહાર કરતા શ્રીમાન્ મુનિ મહારાજ શ્રી હંસવિજયજી સાહેબ પધાર્યા હતા. અહિં શ્વેતાંબર જૈનોનું એક પુરાણું ભવ્ય મંદિર છે, પણ યાત્રાળુઓને ઉતરવાને-ધર્મશાળા બીલકુલ નથી તેથી યાત્રાળુઓને એક મોટી મસીદમાં ઉતરવું પડે છે. પરંતુ મુનિમંડળે તથા તેમની સાથે બુહ્રાણપુરથી આવેલા સદ્‌ગૃહસ્થોએ આ ધાર નગરના રાજા તરફથી બંધાવેલા રામચંદ્રજીના મંદિરમાં ઉતારો લીધો હતો. આવી રીતે ત્યાં આવતા યાત્રાળુઓને ઉતરવાની ઘણી અગવડતાને દૂર કરવા અને ધર્મશાળાની ખોટને નાબુદ કરવા ઉક્ત મુનિ મહારાજશ્રીના સદુપદેશને અનુસરી ખાનદેશમાં આવેલા અમલનેરવાળા મર્હુમ શા૦ રૂપચંદ મોહનચંદની માતુશ્રી રૂપચંદભાઈના પુણ્યાર્થે ત્યાં ધર્મશાળા બંધાવે છે. તેમાં એવલાવાળા શા૦ જ્ઞાનચંદભાઇ પણ સારૂં દ્રવ્ય ખર્ચ કરી ભાગ લેનાર છે.

આ ધર્મશાળાના પાયાનું ખોદકામ કરતાં ચાલુ વર્ષના આસાડ શુદી ૧૦ ના દિવસે પાષાણની ૯ પ્રતિમાઓ નીકળી છે, તેની ઉંચાઈ નીચે મુજબ છેઃ—

૨ પ્રતિમા શ્યામ વર્ણની ૯ ઇંચિની.
૨ „ સફેદ વર્ણની ૨૧ „
૫ „ પીળા વર્ણની ૧૬-૧૪ ઇંચિની.

ઉપર બતાવેલી પ્રતિમાઓ સંવત્ ૧૬૦૦ ના સૈકામાં બનેલી હોય એમ તેની સાથે કોતરેલા શિલાલેખ ઉપરથી જાણવામાં આવે છે. આ પ્રાચીન જૈન તીર્થ છે. તેમાં વળી આવી અદ્‌ભુત પરમેશ્વરની મૂર્ત્તિઓનું પ્રકટ થવું, એ તો સોનામાં સુગંધ જેવું બન્યું છે. માટે મોટા મોટા સંઘો નીકળી અહિંની યાત્રા કરવા આ અવસરે ચૂકશે નહિ, અને અહિંના પ્રાચીન દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવી અમૂલ્ય લાભ હાંસલ કરશે એવી અમો આશા રાખીએ છીએ.

**કડીપ્રાંતના માનાધિકારી ઉપદેશક શેઠ ભાગચંદ મોહનલાલ શાહ લખે છે કે:—** કડી તાબે રાજપુર ગામમાં એક સભા મેળવી "આપણો જૈન ધર્મ" એ વિષય પર મેં એક ભાષણ આપ્યું હતું. કેટલાક જણાએ મેંદો નહિ ખાવાની બાધા લીધી હતી.

પીલવાઈ ગામે શ્રી બીજાપુર વીશા શ્રીમાળી સતાવીશીનું પંચ ભેગું થયું હતું. ત્યાં પણ કન્યાવિક્રય તથા જ્ઞાનની મહત્તા અને ફાયદા વિષે ભાષણ આપ્યું હતું. ધારા કમીટીને ધારો કરવાને ન્યાતે તેથી જણાવ્યું હતું.

**થરા, પાલણપુરમાં**—શ્રાવણ વદ ૯ ના રોજ પાઠશાળામાં મેળાવડો થયો હતો. મી० પી. એન. શાહે પાઠશાળાનો એક વર્ષનો તમામ ખર્ચ આપવા કબૂલ કર્યું હતું.

**प्रतापगढ**—यहां ता० १९।९।०७ को स्थान गुमानजीके मन्दिरमें मान्यवर महता अर्जुनसिंहजी साहबके प्रमुखपणेमें एक बडी सभा होगई. विषय कुरिती निर्णय था, सभामें उपस्थित स्त्री पुरुषोंकी संख्या १५०० थी. श्रीमान् शेठ लक्ष्मीचन्दजीसाहाब घीया प्राविन्शीयल सेक्रेटरी श्री जैन श्वेताम्बर कान्फरन्सने कामिल २॥ घंटेतक वक्तृतादी. बाललग्न वृद्धविवाहादि कुरितीयोंका कई श्लोक दृष्टान्तादिकेसाथ अच्छी तरह भाषण दिया. अपवित्र मोरिश चिनीकेभी दुषण बतलाये गये.

उक्त शेठ साहबके भाषणके पश्चात रातडिया झमकलालनेभी श्रीवेंकटेश्वरादि पत्रोंकी सम्मतीसे विदेशी भ्रष्टचिनीनिषेधके विषयमें विवेचना की. सभामंडपमें श्री जैन श्वेताम्बर कान्फरन्सके उत्पादक मिष्टर गुलाबचन्दजीसहाब ढड्ढा, एम्. ए.का चित्र अपुर्व शोभा दे रहाथा.

**धनराजजी कांसटीया लिखते है:**—पनवाडका मंदिरमें जीर्णोध्धार करानेका शेठ दानमलजी खजानचीने कबूल कीया. जहाजपुरके मंदिरमें जीर्णोध्धारके लीये १५० रु. गाममेंसे और रु. ५० शेठ दानमलजीकी पाससें लेनेकी गोठवण हुइ.

**फलोधी**—मारवाडसें जैन मित्रमंडळका सेक्रेटरी लिखता है के भ्रष्ट चिनी, केशर, या मुंबती, कलमे पीसा हुवा मैदा इस्तमाल नही कतइ बंदोबस्त करवा दीया गया है.

# कोन्फरन्सना ठरावोनो थतो अमल.

मारवाड परगने जसवंतपुराके गांवोंमें शुमार कुनंदा व्यास जसराजने ठहराव पास कराया और पंचोंकी सही ली जिस्की तफसील नीचे लिखे माफिक.

१ व्यावमें आतिशबाजी ( दारुखाना ) छोडना नहीं तथा बंदूका नहीं छोडनी.

२ व्यावमें पातरियां ( ताइफा ) नहीं नचावणी.

३ पुरुष ४५ पांतालीस बर्ष बाद व्याव नहीं करना.

४ मरन जनममें सूतकके १२ दिन बाद पानीके मटके याने गारके बरतन दूसरा बदलना.

५ केसर ढड्डा छाप सिवाय भगवानके चढावां नहीं तथा खांण पीणमे नहीं वापरां. बम्बईमें गोडीजीके मंदिर वो आदेश्वरजीके मंदिरमें केशर चढै उनका ठिकानासे मंगाकर श्री प्रतिमाजीके चढाना.

६ मोरस खांड खावां नहीं तथा व्योपार करां नहीं.

७ एक स्त्री परणी मोजुद हो तो दूसरी ओरत नहीं करां कदाचित करे तो पंचांकी इजाजत लेकर करे.

८ व्यावमें सिरे बाजारमें ओरत वगैरा कदीमसे नहीं नांचती है और आगे सु नहीं नाचेगी.

९ रजस्वला स्त्री ४ दिनके अंदर घरको काम नहीं करे तथा गांवांभास्यां नहीं दूवे.

१० पानीका प्राह्मडासे उपर सरवो राखकर पानी भरना और दूसरा लोटासे पानी पीना और पाना.

११ रातको भोजन पांचों तिथियों नहीं करनी.

१२ खेती करना नहीं और दूसरोंको कराना नहीं.

१३ होलीमें पत्थर वो धूल नहीं डालनी और मर्द ओरतोंको गालिया नहीं देणी.

१४ पर्यूषणमें अठाई करे और भादवा सुद ५ के दिन साता पूछनेके लिये जावें तो नजदीकके गांवोंमे एक दिन सिवाय ज्यादा नहीं रहवे और दूरके गांवोंमे १॥ दिन सिवाय ज्यादा नहीं रहवे.

१५ तिलांकी घाणी करावां नहीं. होली पेली तिल बेच देणा. घांचियोंको तिल बदले तेल लेणो नहीं.

१६ जिस घरमें मृतक होवेतो श्रद्धा प्रमाणे कुतोंको मीठाई नाकणी.

१७ मृतक हो जावे तो रातको रोणा नहीं. और सूर्य उदय होने पहले बासी पल्ला लेणा नहीं.

१८ नात वो सेवग वो कुलगुरुको चीलम वो कांसीकी थाली देनी दूसरोंको देणी नहीं.

१९ कसाई जातके सामिल व्योपार करणो नहीं.

२० हलवाई नीच जातके घर काम करवा जावे नहीं तथा बरतन कडाई वगेरा देवे नहीं.

२१ नीच जातके सामिल पानी कुवेमें भरना नहीं.

२२ धोबीके हाथका पानी पीना नहीं.

२३ ओरतों डबा छेबडा देवै नहीं. पटली देवैं.

२४ महाजन सिवाय दूसरा घरका लावना लेणा नहीं.

२५ जीमणवारमें ( सेवग तथा ब्राह्मण तथा मालीके हाथसे काम लेणा ) नीच जातसे काम नहीं कराना.

उपर लीखे हुवे ठरावोमेंसे कम ज्यादा ठराव नीचुं लीखा हुवा गामोमें पास हुवा है. तपसील.

१–गांव भीनमालमें ठराव नंबर–१–२–३–४–५–६–७–८–९–१०–११–१२–१३–१४–१५–१६–१७–१८–१९–२०–२१–२२ का पास हुवा है.

२–गांव फेंदाणीमें ठराव नंबर–१–५–६–९–१०–१६–१८–२३ का पास हुवा है.

३–गांव दोरडीमें ठराव नंबर–१–४–५–६–९–१०–१७–१८ का पास हुवा है.

४–कसबा जसवंतपुरामें ठराव नंबर–१–४–५–६–९–१०–१७–१८ का पास हुवा है.

५–गांव कळांपुरामें ठराव नंबर–१–४–५–६–९–१०–१७–१८ का पास हुवा है.

६–गांव डोळीमें ठराव नंबर–१–२–४–५–६–८–९–१०–१७–१८–१९–२१–२३–२४ का पास हुवा है.

७–गांव बरुडीमें ठराव नंबर–१–२–४–५–८–९–१०–१७–१८–१९–२१–२३ २४ का पास हुवा है.

८–गांव थुरमें ठराव नंबर–१–२–४–५–८–९–१०–१७–१८–२१–२३–२४ का पास हुवा है.

९–गांव पुनींगमें ठराव नंबर–१–२–४–५–६–८–९–१०–१७–१८–१९–२१–२३–२४ का पास हुवा है.

१०–गांव रामसीणमें ठराव नंबर–१–२–४–५–६–८–९–१०–१७–१८–१९–२१ २३–२४ का पास हुवा है.

११–गांव मुंडतामें ठराव नंबर–१–२–४–५–६–८–९–१०–१७–१८–१९–२१–२३–२४ का पास हुवा है.

१२–गांव तुवावरामें ठराव नंबर–१–२–४–५–६–८–१२–१३–१५–१६–१७–१८–१९–२१–२३–२४–२५ का पास हुवा है.

१३–गांव खानपुरमें ठराव नंबर–१–२–५–६–८–९–१०–१२–१३–१७–१८–१९–२३–२४–२५ का पास हुवा है.

१४—गांव कोटकावमें ठराव नंबर—१—२—५—६—८—९—१०—१२—१३—१५—१८—१९—२३—२४ का पास हुवा है.

१५—गांव काळेंद्रीपें ठराव नंबर—१—२—४—५—६—८—९—१० १४—१७—१८—२३ २४—२५ का पास हुवा है.

# પ્રાંતિક કોન્ફરન્સો.

કોન્ફરન્સ એ શબ્દ સાંભળતાંજ આપણાં હૃદય હર્ષથી એટલાં બધાં ઉભરાઇ જાય છે તેનું કારણ એજ કે—**શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરનસ** હયાતિમાં આવ્યા પછી આપણી કોમનાં ઉદય રૂપી વૃક્ષના સંપરૂપી બીજને જે ઉદ્યમરૂપી જળ સિંચન થતું જાય છે તેથી આગળ જતાં વૃક્ષ ફાલી ફુલીને એટલું મજબુત અને મોટું થશે કે તે વખતે હાલના સમયમાં આપણે જે સ્થાનપર છીએ તેના કરતાં ઘણી ઉત્તમ સ્થિતિએ જઇ શકીશું.

માળવા, મારવાડ જેવા પછાત પડેલા દેશો કે જે કેળવણીથી તદન બે નસીબજ રહેલા છે, ત્યાંના આગેવાનો કોન્ફરન્સ ભરવાથી અનેક લાભ થાય છે. એમ સમજીને તેમજ પોતાના દેશની તથા પોતાની કોમની સ્થિતિ જે દિન પર દિન વધુ નબળી થતી જાય છે તેને સુધારવા અને કોમમાં જે હાનિકારક રીત રીવાજો રૂપી સડા ભરાઇ ગયા છે તે એકદમ દુર કરવા સારૂ હવે જાગૃત થયેલા માલુમ પડયા છે તે ભવિષ્યના સારા વખતની નિશાની રૂપ છે. હાલમાંજ આપણી કોન્ફરન્સનાં મારવાડ, મેવાડ વીગેરે ભાગ તરફના જનરલ સેક્રેટરી સાહેબ મી૦ ગુલાબચંદજી ઢઢાએ માળવા તરફ પ્રયાણ કર્યું હતું જ્યાંના પ્રોવીન્શીયલ સેક્રેટરી પ્રતાપગઢવાળા શેઠ લક્ષ્મીચંદજી ધીઆ જેઓ ઘણા બાહોશ અને ઉત્સાહી છે તેઓ તેમની સંગાથે આખા માળવા પ્રાંતના મોટા મોટા શહેરોમાં ફરીને માળવા ખાતે એક પ્રાન્તિક કોન્ફરન્સ ભરવાનું નકી કર્યું છે. કોન્ફરન્સ મંદસોર શહેર ખાતે ભરવાનું મુકરર કરવામાં આવ્યું છે અને તે પોષ માસમાં ભરાશે એવી વકી રાખવામાં આવે છે. તેવીજ રીતે મારવાડના ગોલવાડ પ્રાંત ખાતે પણ આવી પ્રન્તિક કોન્ફરન્સ ભરવાની હિલચાલ ચાલી રહેલી છે. અને તે પણ થોડા વખતમાં નકી થઇ જશે એમ ધારવામાં આવે છે.

આવીજ રીતે આપણી વસ્તીવાળા બીજા દેશના આગેવાનો પણ પ્રાન્તિક કોન્ફરન્સો ભરીને આપણી મહાન કોન્ફરન્સના ઠરાવોને અમલમાં મુકી તેને ટેકા રૂપ થશે ત્યારે આપણી કોમની ઉન્નતિ ઘણી ઝડપથી થશે એ નિઃસંદેહ—

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

## જીલ્લે ખેડા તાબે ગામ નાવલી મધ્યે આવેલા શ્રી પાર્શ્વનાથજી મહારાજના દેહેરાસરનો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા હીરાચંદ મૂળજી તથા શા બાપુલાલ વૃજલાલ તથા શા ફૂલચંદ દીપચંદ તથા શા મૂળચંદ મોતીચંદ તથા શા નાથાભાઇ મથુરભાઈના હસ્તકનો સંવત ૧૯૫૮ થી સંવત ૧૯૬૨ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં દેહેરાસરજીનું નામું સારી રીતે રાખવામાં આવ્યું છે અને હીસાબ પણ ચોખો છે. તે જોઇ ખુશી થવા જેવું છે. દેહેરાસરજીનું કામ જીર્ણ થવા માંડયું છે તે સુધરાવવાની જરૂરછે. તાકીદે સુધરાવવામાં આવશે તો થોડા ખર્ચમાં કામ થઈ જશે. તેમાં ઢીલ થશે તો વધારે ખર્ચમાં ઉતરવું પડશે.

અત્રે શ્રાવકના ઘર જુજ હોવાથી કેશર, સુખડ તથા ગોઠીનો પગાર પહોંચી શકતો નથી માટે તે સંબંધમાં મદદની જરૂર જેવું દેખાય છે.

આ વહીવટમાં કેટલોએક સુધારો કરવા જેવો છે તેનું સુચના પત્ર ભરી આપવામાં આવ્યું છે માટે આશા છે કે વહીવટ કર્તા ગૃહસ્થો તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

## જીલ્લે કાઠીઆવાડ મધ્યે આવેલા ગામ ચુડા મધ્યેના શ્રી સુવિધિનાથજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા માનસંઘ ભવાન હસ્તકનો સંવત ૧૯૫૮ ના ફાગણ શુદ ૧ થી તે સંવત ૧૯૬૩ ના માહ શુદી ૧૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં હાલના વહીવટ કર્તાને અમારા તરફથી હીસાબ તૈયાર કરવા બે વખત સુચના કરવા છતાં હીસાબ રીતસર તૈયાર થયેલ નથી અને જે હીસાબ જોવામાં આવેલ છે તેથી અમોને કોઇ રીતનો સંતોષ મળ્યો નથી.

જીર્ણોધ્ધારના ખર્ચ જેટલી રકમ જોવામાં આવતી નથી જેથી કોઇપણ ગૃહસ્થ જીર્ણોદ્ધાર કરવા ઉપર ધ્યાન આપતું નથી તે બહુજ દીલગીરી થવા જેવું.

દેહેરાસરજીમાં ચોરની ભિતિના લીધે હેમનો ચંદન હાર ૧ તથા ઉનરી ૧ મળી તોલા ૮ ના આશરાની ચોકકસ જગ્યાએ હતી તે કેટલાએક ગૃહસ્થોના સંવત ૧૯૬૦ સુધી જોવામાં આવે છે. પણ હાલ તેનો કોઇ રીતે પતો લાગતો નથી. અમારી તરફથી તપાસ ચાલુ છે.

આ ખાતાનો વહીવટ કોઇ કોઇને માથે નહી રાખવાથી વહીવટ ગોટાળા પડતો દેખાવાથી સંઘ સમસ્તને આમંત્રણ કરી એક સભા ભરી વહીવટ સુધારવાની સુચનાઓ તથા કોન્ફરન્સના હેતુઓ બદલ ભાષણ આપતાં સંઘ સમસ્તના આગેવાનોએ હીસાબ શોધી કાઢી જુના ચોપડા ખતવવા આપી નવા ચોપડા બાંધી તેમાં શા કુંવરદાસ વેલસીએ જૈનશૈલી મુજબ શા લખ-

મીચંદ ભગવાનની રૂબરૂ હીસાબ નાખી શા માનસંઘ ભવાન તથા કોઠારી ઓધડદાસ ભગવાન તથા પારેખ ચુનીલાલ છગનલાલ તથા કપાસી દેવસીભાઈ કસ્તુર તથા ડુંગરદાસ વેલસી તથા શા પરમસી વશરામ મળી જણ ૬ની દેખરેખ માટે કમીટી નીમી શા માનશંઘ ભવાન તથા કપાસી ચતુર ચાંપસી તથા કપાસી માણેકચંદ પાનાચંદ તથા શા જેઠાભાઇ અમરસીને સંઘ તરફથી વહીવટ સોંપવામાં આવેલ છે.

સદરહુ ખાતાના વહીવટ કર્તા તથા દેખરેખ કમીટીને મીલકતનું લીષ્ટ વાંચી સંભળાવી ફોર્મમાં હવેથી જોખમદારીની સહી લેવામાં આવેલ છે.

આ ખાતાને લગતો હીસાબ તપાસી જે જે ખામીઓ દેખાણી તેનું વીગતવાર સુચના પત્ર તમામ ગૃહસ્થોને વાંચી સંભળાવી વહીવટ કર્તાઓને આપેલ છે તો આશા છે કે અમારી ઉપર લખી સુચના ઉપર પુરેપુરૂં ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે કાઠીયાવાડ તાબાના ગામ પાલીયાદ મધ્યે આવેલા શ્રીશાન્તિનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા બગડીયા જેચંદ મોરારજીની તરફથી શા ઓધડદાસ ધનજી તથા કોઠારી જેઠાભાઈ નાનજી હસ્તકનો સંવત ૧૯૫૯ ના કારતક શુદ૧થી સંવત ૧૯૬૨ સુધીનો અમોએ હિસાબ તપાશ્યો તે જોતાં વહીવટનું નામું બરાબર રાખી વહીવટ સારી રીતે ચલાવતા તથા ખાતાની પુરેપુરી દેખરેખ રાખી દિનપ્રતિદિન સુધારો વધારો કરવા તત્પર રહેલા તથા કાંઇ પણ અશાતના ન થાય તેની પુરી કાળજી રાખતા જોવામાં આવે છે.

દેરાસરજીનું કેટલુંએક કામ અધુરૂં છે તે પુરૂં કરવા તેના વહીવટ કર્તાઓએ પ્રયત્ન કરવાની બહુજ જરૂર છે

અહીં જૈનશાળાની ખાસ જરૂર હોઇ હાલ એક ગામના ગૃહસ્થને અમુક પગાર આપી ચલાવવામાં આવેલ છે, પણ કોઈ તરફથી વાર્ષિક આવક નહિ હોવાથી આગળ ઉપર નભી શકવા આશા રહેતી નથી.

આ ખાતાની અંદર દરેક બાબતનો ઘણો સારો બંદોબસ્ત જોઈ ઘણીજ ખુશાલી ઉપજે છે, ને વહીવટ કર્તાને ધન્યવાદ ઘટે છે.

આ ખાતાનો હિસાબ તપાસી જેજે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપેલ છે.

## જીલ્લે કાઠીઆવાડ પ્રાંત ઝાલાવાડ તાલુકા સાયલા તાબાના ગામ સરા મધ્યે આવેલા શ્રીપદ્મપ્રભુજી મહારાજજીના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા ગાંધી ઉજમસી અમરસી હસ્તકનો સંવત ૧૯૫૦ થી સંવત ૧૯૬૩ના વૈશાક શુદી ૧૦ સુધીનો અમોએ હિસાબ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું એકંદર ખાતે ખતવી, ખાતાની દેખરેખ સાથે વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવે છે; તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ ખાતામાં કેટલોએક સુધારો અવશ્ય કરવા જેવો છે, તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને ભરી આપવામાં આવ્યું છે; તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે કાઠીઆવાડ પ્રાંત ઝાલાવાડના સંસ્થાન ધ્રાંગધરા તાબાનું ગામ કોંઠ મધ્યે આવેલી શ્રી પાંજરાપોળના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રી મહાજન તરફથી હાલ નવા નીમાએલ વહીવટ કર્તા કોઠારી દેવસી જયચંદ તથા દોશી ઓધડ વીરજી તથા શા કુલા સાંતા તથા શા પાનાચંદ ભુરા તથા શા રાજપાલ અમરસી તથા શા માણેકચંદ જોઇતા તથા શા ગોવા કાળા તથા શેઠ શિવલાલ ખીમચંદ હસ્તકનો હીસાબ અમોએ સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૩ના પ્રથમ ચૈત્ર વદ ૦)) સુધીનો તપાસ્યો તે જોતાં પ્રથમના વહીવટ કર્તાએ વહીવટનું નામું દેહેરાસરજીના વહીવટ સાથે રાખેલ હોવાથી તથા ગામના કુસંપના લીધે વહીવટ ગો। પડતો થયેલ પણ મુનિ મહારાજશ્રી પુન્યવિજયજી તથા મુનિ મહારાજશ્રી ત્રિલોકવિજયજી તથા વિનોદવિજયજી તથા વિવેકવિજયજીના ઉપદેશથી વહીવટનો સુધારો કરી લેણાની લખીત બાંકીઓ કઢાવી લઇ ઉપર જણાવેલા આઠ ગૃહસ્થોને વહીવટ કર્તા નીમવામાં આવ્યા છે.

અમારી તરફથી આ ખાતાની પુરેપુરી તપાસ કરી જુના તથા નવા નામાની ચોખવટ કરી આપી હવેથી નવું નામું લખવાની ગોઠવણ કરી આપેલ છે.

આ ખાતું તપાસી જેજે ખામીઓ દેખાણી તેનું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપેલ છે.

## જીલ્લે કાઠીઆવાડ પ્રાંત ગોહીલવાડ સંસ્થાન ભાવનગર તાબે ગામ બોટાદ મધ્યે આવેલી શ્રી જૈન પાઠશાળાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા બગડીઆ લલુભાઇ બાઇચંદ તથા દેશાઇ લખમીચંદ ભગવાનભાઇ હસ્તકનો સંવત ૧૯૬૨ ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં ખાતાની પુરેપુરી દેખરેખ સાથે વહીવટનું નામું ચોખીરીતે રાખી વહીવટ સારી રીતે ચલાવેલ છે.

આ ખાતું વિશેષ સુધારા ઉપર લાવવા વહીવટ કર્તા તન, મન, ધનથી પ્રયત્ન કરે છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જેજે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવેલ છે.

## જીલ્લે કાઠીઆવાડ પ્રાંત ગોહીલવાડ તાબાના ગામ લાઠીદડ મધ્યે આવેલ શ્રીચંદ્રપ્રભુજી મહારાજજીના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા સંઘવી પરશોતમ ભુદરભાઇ હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો, તે જોતાં સદરહુ દેરાસરજી વહીવટ કર્તાના વડવાએ બંધાવેલ તેથી તેને લગતું નામું વહીવટકર્તાના ચોપડામાં લખેલ છે. તે તપાસતાં ચોખી રીતે લખી ખાતાની દેખરેખ સાથે વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવે છે.

વહીવટ કર્તાના વડવાઓએ દેહેરાસરજીમાં થતો ખર્ચ નિભાવવા સાધારણ ખાતે એક ખેતર અઘાટ કાઠીભાગનું રજીસ્ટર દસ્તાવેજથી લઇ આપેલ પણ તે ખેતર કાંઇક કારણથી દરબાર સ્વાધીન થયેલ પણ વહીવટ કર્તાએ મેહેનત લઇ સંવત ૧૯૬૨ માં પાછું મેળવી કબજે કરી આપેલ છે.

ગામમાં સંઘનાં દરેક ઘર દીઠ રૂ.૦।। સાધારણનો આપવા કબુલ કરેલ છે તે બહુ ખુશી થવા જેવું છે.

આ ખાતું તપાસતાં મુખ્ય સુચના વહીવટના ચોપડા જુદા રાખવાનું કહેતાં તરતજ જુદી મેળની ચોપડી બાંધી તેમાં રીતસર નામું લખવાનું અમારી સમક્ષ શરૂ કરેલ છે તે સિવાય બીજી સુચનાઓનો તાકીદે બંદોબસ્ત કરવા ઉત્સાહ જણાવેલ છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

**જીલ્લે કાઠીઆવાડ પ્રાંત ઝાલાવાડ તાલુકે સાયલા તાબાના ગામ નારીમાણા મધ્યે આવેલા શ્રીશાન્તિનાથજી મહારાજજીના દેહેર સરજીના વહીવટને લગતો રીપોર્ટ.**

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શા પોપટ બેચર તથા શા પોપટ પીતાંબર હસ્તકનો અમે સંવત ૧૯૫૦થી સંવત ૧૯૬૩ ના બીજા ચૈત્ર વદી ૦)) સુધીનો હીસાબ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું જુની રૂઢી મુજબ કામ ખાતાવહી રાખી વહીવટ ચલાવતા જોવામાં આવે છે.

આ ગામમાં જૈન શ્વેતાંબર મુર્તિપૂજકના આઠ ઘરો ધર્મની લાગણીવાલા હોવાથી સેવાપૂજા સારી રીતે થઇ પુજનને લગતો ખરચ પોતાની પાસેથી કરે છે.

આ ખાતાની અંદર જેજે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર સંઘ સમક્ષ વહીવટ કર્તા ગ્રુહસ્થોને આપવામાં આવ્યું તે ઉપરથી કેટલોએક પુજનને લગતો ખર્ચ પ્રથમ દેરાસરજીમાંથી કરેલ તે પાછો દેરસરજીમાં આપી દેવા તથા હવેથી પુજનને લગતો દરેક સામાન પોતાની પાસેથી કરવા પ્રતિજ્ઞા લીધી છે. તે માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

**જીલ્લે કાઠીઆવાડ પ્રાંત ઝાલાવાડ તાલુકે ધ્રાંગધરા તાબાના ગામકોંઠ મધ્યે આવેલા શ્રીકલ્યાણકારી મહારાજજીના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.**

સદરહુ ખાતાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શા મોહનલાલ લાલચંદ તથા દોશી દેવચંદ મુળજી તથા શા મોહનલાલ ડાયા તથા કપાશી તલકસી જસરાજ તથા મોહનલાલ ડાયી કાબા તથા શા જુઠા ડોસા તથા શા કસ્તુરચંદ જીવા તથા શા કશળચંદ લવજી તથા શા શિવલાલ ફુલચંદ તથા શા શિવલાલ લખમીચંદ તથા દોશી દેવસી કરશન તથા શા મગન નાનજી હસ્તકનો અમોએ સંવત ૧૯૫૨ થી સંવત ૧૯૬૩ ના બીજા ચૈત્ર વદી ૦)) સુધીનો હીસાબ તપાસ્યો તે જોતાં પ્રથમના વહીવટ કર્તાઓએ વહીવટનું નામું જુની રૂઢી મુજબ રાખી સંવત ૧૯૬૦ સુધી વહીવટ સારી રીતે ચલાવેલ. ત્યારબાદ ગામની હુંસાતુંસીના લીધે તે ખાતાની સ્થિતિ બહુજ ખરાબ થયેલ છે. પણ સંવત ૧૯૬૨ની શાલમાં શ્રી પુન્યવિજયજીએ તે ખાતા ઉપર લક્ષ આપી સુધારો કરવા પુરે પુરી મહેનત લેવાથી તથા તેમાં મુનિરાજ શ્રી ત્રિલોકવિજયજી તથા વિનોદ વિજયજી એ મદદ કરવાથી તે ખાતાની ચોખવટ નીકળતાં લેણાની સહી વાળી બાકીઓ કઢાવી લેવામાં આવેલ છે.

શ્રી સંઘે એકમત થઇ સાધારણનો લાગો જુજ હતો તે વધારી તેમાં દરેક જણની સહીઓ લેવામાં આવેલ છે. તે સર્વમાટે તેમને ધન્યવાદ ઘટે છે.

અમારી તરફથી નામું લખવાની રૂઢી ગોઠવી આપી તે ખાતાનામાં કેટલોએક સુધારો કરવા જેવુ છે તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપેલ છે.

# જૈનપત્ર અને અમે.

હાલમાં તેમજ પ્રથમ કોન્ફરન્સ હેરલ્ડ અને કોન્ફરન્સ ઓફીસ વીગેરેના સંબંધમાં જૈન પત્રમાં જે જે હકીકત આવેલ છે તે એટલી બધી સહુરાગત ભરેલી અને ઇરાદાપૂર્વક હેરલ્ડ તથા ઓફીસ સ્ટાફ વીગેરેને હલકા પાડવાની મતલબથી લખાએલી છે કે જેને માટે જવાબ આપવા કરતાં જૈન બંધુઓને જાતિ અનુભવ મેળવવાનીજ જરૂર છે એમ જણાવવું દુરસ્ત ધારીએ છીએ. આવા લખાણોથી લાભને બદલે નુકશાન કેટલું થાય છે તે દરેક સુજ્ઞ જોઈ શકે તેમ છે. દરેક સંસ્થાને ઉચ્ચ સ્થિતિમાં લાવવાની દરેક સુજ્ઞ બંધુની ફરજ છે પણ તે કેવી રીતે અદા કરવી જોઇએ તે સંબંધમાં વિચાર કરવો ઘટે છે. ખાસ અમુક પ્રકારની મતલબથી જેને મહત્વ આપવાની જરૂર હોય તેને હલકુ લગાડવામાં આવે તો તેથી તેની ઉચ્ચ સ્થિતિ થઇ શકતી નથી. આ સંબંધમાં હાલ વધારે લખવા કરતાં જૈનપત્રના એડીટર સાહેબને એટલીજ સુચના કરવી ઉપયોગી લાગે છે કે તેઓ સાહેબે ઉત્તમ મનુષ્યના મુખમાં શોભે તેવી ભાષાનો અને તેવા વિચારોનો ઉપયોગ કરવો કે જેથી ઘણા ભાઇઓના દીલ દુઃખાતાં અટકી કાંઇ વાસ્તવિક હિતમાં પ્રવૃત્તિ થાય.

## ( जाहेर खबर )

### दो पुस्तकें

चिकागो प्रश्नोत्तर—श्रीमन्महामुनिराज श्री आत्मारामजी विरचित फोटोसहित—कीमत रु० १)~ इसमें ईश्वरकर्ताका खंडन, जैनी कैसा ईश्वर मानते है. जीव क्या है, कर्म और जीवका क्या संबंध है. मूर्तिपूजन, आत्माकी सिध्धि, पुनर्जन्मकी सिध्धि, गृहस्थी और साधुका धर्म इत्यादि अनेक तत्वोंका पुंज है—

जैन धर्मका स्वरूप—नाम गुणसंपन्न यहभी उक्त मुनिराज विरचित है, मानो कर्त्ताने सागरको गागरमें बंदकर दिया है. फोटोभी बीचमें है, इतनी उतमता होनेपरभी मूल्य केवल (= दो आने.

जसवंतराय जैनी

लाहौर.

## આ પત્રના લેખકોને નમ્ર વિનંતિ.

પૂજ્ય મુનિમહારાજાઓ, જૈન ગ્રેજ્યુએટો તથા વિદ્વાન જૈન લેખકોને સવિનય વિનંતિ કરવામાં આવે છે કે જૈન વસ્તીવાળા લગભગ તમામ શહેરોમાં મહાન કોન્ફરન્સનો વિજય વાવટો ફરકાવતા તથા કોન્ફરન્સના સર્વ માન્ય વાજીંત્ર ગણાતા આ માસિકપત્રમાં કોન્ફરન્સે હાથ ધરેલા વિષયો સંબંધી તથા સમસ્ત જૈન કોમની સામાજીક, નૈતિક અને ધાર્મીક ઉન્નતિ સાથે પ્રત્યેક વ્યક્તિની આત્મિક ઉન્નતિ થાય તેવા સરળ ભાષામાં લખાયેલા લેખોને પ્રથમ પદ આપવામાં આવે છે. અને આશા રાખીએ છીએ કે પદવીધારી જૈન ગ્રેજ્યુએટોની માફક અન્ય વિદ્વાન જૈનલેખકો તથા પૂજ્ય મુનિમહારાજાઓ, વધારે નહિતો માત્ર વર્ષમાં એકાદ વખત આઠ દશ પૃષ્ટ જેટલો લેખ આ પત્રમાં લખી મોકલી સ્વધર્મી બંધુઓને પોતાની વિદ્વતાનો લાભ આપવાનું મન ઉપર લેશે.

(૧) આ પત્ર માટેનું લખાણ કાગળની એકજ બાજુએ, સારા અક્ષરથી અને શાહી વડે લખવા તસ્દી લેવી. કાગળની બન્ને બાજુએ, અથવા પેનસીલથી લખેલું લખાણ ટાઇપોમાં ગોઠવતાં બહુ અડચણ પડે છે તેમજ ભૂલો થવાનો પણ વિશેષ સંભવછે માટે આ સૂચના તરફ લક્ષ્ય આપવા ખાસ વિનંતિ છે.

૨ લખાણ મોડામાં મોડું દરેક મહિનાની તા૦ ૧૫ મી પહેલાં અમોને મળવું જોઇએ.

મુંબઈ પોષ્ટ નં૦ ૪

આસીસ્ટંટ સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

# લેખકોને ઇનામ રૂ. ૧૬)

## " પાંજરાપોળો અને તેની વ્યવસ્થા "

**મજકુર વિષય ઉપર સંવત ૧૯૬૪ના માગશર શુદ ૧ સુધીમાં નિબંધો લખી મોકલનારા પૈકી પહેલે નંબરે આવનાર લેખકને રૂ ૧૧) તથા બીજાને રૂ ૫) મંડળ તરફથી ઈનામ આપવામાં આવશે.**

**પૃષ્ઠનો પ્રતિબંધ નથી પણ વિષયની બહાર ન જતાં સરલ અને મુદ્દાસર વિચાર યુક્ત લખાણ હાલની સ્થિતિ, વ્યવસ્થા, વહીવટ કમીટીઓ, આવક ખર્ચ. વૈદકી તપાસ આદી સઘળી હકીકત કેમ છે અને કેવા પ્રકારે જોઇએ તે બની શકે તેને એકાદ પાંજરાપોળની ખાસ મુલાકાત લઇ અનુભવ પૂર્વક લખવું વધારે ઉપયોગી થશે.**

ચંપાગલી મુંબઈ.

સેક્રેટરી.
શ્રી જૈન શુભેચ્છક મિત્ર મંડળ.

અપુર્વ શોધ. જરૂર વાંચો. ચમતકારી પ્રયોગ.

# નયનચીંતામણી ગુટીકા.

દુહો. } નેત્ર વિનાનો માનવી, જીવતો પણ મૃત જાણ;
એજ નયન ચીંતામણી, દીએ નેત્રનું દાન.

**નયન ચીંતામણી:—** મહા પ્રભાવિક ગુટીકાને હમો કોઇ માહાત્મા પાસેથી મેળવાને હમો ગુપ્ત રાખતા હતા પણ હમારા ઘણા બંધુઓના અનુગ્રહથી લાભાલાભનું કારણ માની લોભ નહી રાખતાં તેના ખર્ચના પ્રમાણમાં કીંમત રાખી હમો જાહેર કરવાને ઉત્કંઠા ધરાવીએ છીએ. ઈંગ્લીશ દવાનો કોઇ પણ રીતે ખપ નહી કરતાં ફક્ત વનસ્પતિઓનું સંશોધન કરી બ-રસમાં એક દીવસે બને છે. ઘણા ધતીગોના બહોળા લખાણોથી ઘણા જનો સધાભ્રષ્ટમાં થઇ ગએલા હશે પરંતુ શંકા રહિતપણે સ્વદેશી ઉધ્યોગને ઉતેજન આપી દેશ પરદેશોમાં પ્રચલીત કરવાને હમારી વીનંતી છે. આ ગુટીકા નેત્રમાં અંજન કરવાથી છારી, ખીલ, પરવાળા, પડળ મોતીઓ, રતાંધળો, ફુલા વા ખદખોલબળતા, રાતડ, ઝાંખાશ, પાણી ઝરવું, દુખવા આવવું વિગેરે તમામ દરદોને ઝડપથી મટાડેછે તેમજ નિરમળી આંખોમાં અંજન કરવાથી નજર ઇંદ્રીય સાફ રાખેછે તથાપી હમારી અસંતોસી ગુટીકાનું અંજન કરવાથી એક આંતરીઓ, બે આંતરીઓ ત્રણ આંતરીઓ, ચોથીઓ તાવ તથા બેરાસ પણ અંજન કરવાથી મટાડી મોહોટા અચંબાને ધરાવનારી છે આવી ગુટીકા કોઇ વખત બહ ર પડેલી અસંભવીત હશે. હમોએ ચોકસ અનુભવ મેળવી ઘણાં દરદો સારાં થવાથી જાહેરમાં મૂકીએ છીએ. ઘણી દવાઓથી કંટાળી નીરાશ થઇ ગએલા જનોએ તો વીલંબ કર્યા વિના જુજ કીમતમાં ખરીદી ખાત્રી કરો. હમો પણ ખરી ખાત્રીથી કહીએ છીએ કે આ ગુટીકા કદી પણ પાછી ફરનાર નથી ખરીદનારને અપુર્વ લાભ છે દરેકને અવશ્ય રાખવા યોગ્ય છે આ ગુટીકાનો ખપ કર્યાથી બીજી દવાઓનો ખપ રહેશેજ નહી આ ગુટીકા છ માસ ચાલે તેવા પ્રમાણમાં બનાવેલી છે. સુંઘી અને સસતી, ઘણા ગુણવાળી આ ગુટીકાનો પહેલ વહેલો જન્મ થયો છે. સુજ્ઞ બંધુઓ ખરીદો, દરેક બંધુઓને ઉતેજન આપી ખરીદાવો અને ચમતકારી ઓષધીનો અનુભવ કરો.

સામટુ ડઝન એક ખરીદનારને ડબી ૧ કમીશન આપવામાં આવશે.

કીંમત ડબી ૧ ના રૂ. ૨) પોસ્ટેજ જુદું. જૈનના સાધુ સાધ્વીને ખપ સારૂ મફત મોકલી આપવામાં આવશે. ખરીદનારે હમારા નામનું હેન્ડબીલ તપાસીને લેવું.

બનાવનાર.

**મેસર્સ પી. એન્ડ બી. બ્રધર્સ.**

ઠો૦ મુળજી કાળા ટોપી વાળા. મોતી બજાર, મુંબઇ.

---

## ઢઢાછાપનું પવિત્ર કેશર.

**સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.**

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ખાત્રીનું **શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી કેશર** પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કોન્ફરન્સના ઉત્પાદક મીઢ ઢઢ્ઢાની છબીનો "ટ્રેડ માર્ક" છે તે નીચેના સ્થળોએથી મળશે.

**મુંબઇ જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ગિરગામ,** માંગરોળ જૈન સભા **પાયધુની,**

જથ્થાબંધ વેચનાર એકલા માલેક,

જૈન મંદીર સામે } કછી દશાઓસવાળા જૈન મહાજન આશ્રિત
માડવી, મુંબઇ. } સ્વદેશી કંપની.

## ॥ अहिंसा परमो धर्म ॥

**राधनपुरके दयामय मान्यवर एडमिनिस्ट्रेटर साहिब बहादुरकी निज आज्ञानुसार राधनपुर खोडाढोर पिंजरापोल लोटरी.**

**इस लोटरीका ड्राइङ्ग ता० २२ डीसेम्बर सन १९०७ को प्रतिष्ठित मान्यवरोंकी उपस्थितिमें निकाला जावेगा.**

**इनामकी संख्या २५९४.**

**पहिला इनाम रु० १००००.**

**ऐसा रु० ४०००० बांट दिया जायगा.**

अहिंसा परमो धर्म्म: यह सिद्धान्त जैन और हिन्दु जाति के सर्व लोगों के लिये एकसा है जिस से सर्व्व सज्जन इस खोडा ढोर पिंजरापोल सम्बन्धी महत् कार्य्य में हिस्सा लेकर तन मन धन से सहायक होंगे और टिक्ट खरीदने में विशेष उत्साह दर्शावेंगे क्योंकि धर्म्म के काम में सहायता देना हरेक मनुष्यका कर्तव्य है एक एक रुपये से कमी नही होगी और यह अर्थ अयोग्य स्थान में नहीं जायगा नसीब अजमाने का यह एक उत्तम मौका है और यह व्यर्थ खोने का मार्ग नहीं है "स्वार्थ और परमार्थ" तैसे ही धर्म्म का सहायतामें और निज को लाभ है धर्म्म के काम में विलम्ब अनुचित है जेसे कि—

**काल करे सो आज कर, आज करन्ता अब्ब।**
**अवसर वीत्यो जाति है, फेर करेगा कब्ब॥**

इनाम मिलेगा तो फायदा होगा और न मिलने पर भी पश्चात्ताप नहीं होगा जिन को अपने नसीब अजमाने की ख्वाहिश हो हर्ष के साथ टिक्ट खरीदें।

### टिक्ट की विकरी और कमशिन॥

लाटरी के टिक्ट खोडा ढोर राधनपुर पिंजरापोल लाटरी आफीस में से और एजन्टों के पास से मिलेंगे। कमीशन दश टिक्ट से सो टिक्ट तक १०) फी सैकडा और सौ से सहस्त्र टिक्ट तक ॥) और अधिक और सहस्त्र से ऊपर फी सैकडा १५) रु० मिलेगा द्रव्य सन्बन्धी अथवा दूसरे विषय में पत्र व्यवहार ओनररी सेक्रेटरी के पते से करना चाहिये; मनीयार्डर से रुपया भेजने में आवे तो कुपन में बराबर अपना नाम ग्राम लिखना चाहिये ॥

Registered No. B. 525.

वीर सम्वत् २४३३-४, ॐ विक्रम सम्वत १९६३-४

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

पुस्तक ३. डीसेम्बर.

# हेरल्ड.

नम्बर १२. सन् १९०७.

प्रकट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| विषय | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| केळवणी ... | ३४९ | हड्डीकी चुड़ी पहोरनेका बंध करनेके लीये विनंति ... | ३७५ |
| जैन साहित्यनो गुजराती साहित्यमां फाळो ... ... | ३५९ | शेठ गोकुळभाई मूळचंदनो देहोत्सर्ग ... ... ... | ३७६ |
| प्रांतिक कॉन्फरन्स ... ... | ३६१ | मुंबई युनीवर्सीटीना रजीस्ट्रार तरफथी आवेला पत्रनुं भाषांतर ... ... ... | ३७६ |
| २३ मी नेशनल कॉंग्रेस ... | ३६८ | धार्मिक हिसाब तपासणी खातुं | ३७७ |
| पंचांग ... ... ... ... | ३७० | | |
| श्रीमान जैनोने विनंति ... | ३७१ | | |
| ग्रेज्युएट थयेला जैन युवानो माटे ... ... ... ... | ३७२ | | |
| कॉन्फरन्सना ठरावोनो थतो अमल ... ... ... | ३७३ | | |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १.

धर्म विजय प्रिंटिंग प्रेस पायधुनी—मुंबई.

## સસ્તામાં સસ્તુ જૈન વર્તમાન પત્ર.

ઉમદા તક !!! અસાધારણ સાહસ !!!

# જૈન શુભેચ્છક

જૈન બન્ધુઓમાં વાંચન શોખ વધ્યોછે, છતાં ઘણો ભાગ વધારે ખર્ચ કરી શકવાની સગવડતાના અભાવે, અથવા જોઇએ તેવુ સ્વતંત્ર લખાણ ન મળવા થી તે શોખને પરિતૃપ્ત કરી શકતા નથી. અને તેટલાજ માટે અમારા તરફથી જાનેવારીની પહેલી તારીખથી **"જૈન શુભેચ્છક"** એ નામનુ એક **પાક્ષિક જૈન વર્તમાન પત્ર** દરેક તા. ૧લી અને ૧૬ મીએ ત્રણ ફોર્મનું પ્રસીદ્ધવક્તા પ્રોફેસર નથુભાઇ મંચ્છાચંદની માસની દેખરેખ નીચે અત્રેથી બહાર પડશે. જેમાં સ્વતંત્ર અને જુદા જુદા વિદ્વાનોની કલમથી કોમના હિતના દરેક સ્થળોના વિચારો હિંદી અને ગુજરાતી ભાષામાં ચર્ચવા ઉપરાંત સર્વ દેશીય નવા ખબરો પુરા પાડવામાં આવશે. એટલુંજ નહિ પણ ભાવનગર કોન્ફરન્સના દરેક ખબરો સૌથી પ્રથમ આ પત્ર પુરા પાડશે, લવાજમ ટપાલ સાથે વર્ષનુ ફક્ત રૂ.દોઢ અગાઉથીજ,

પત્ર વ્યવહાર નીચેને શીરનામે કરો.

પુરૂષોત્તમદાસ ગીગાભાઇ શાહ.
માલીક ધી "વિદ્યા વિજય" પ્રિ. પ્રેસ.
ભાવનગર—રાધનપુરી બજાર.

---

**चरबी रहीत!** **पवित्र!!** **स्वदेशी!!!**

## धी इन्डीयन सोप एन्ड केन्डल फेक्टरी लीमीटेड.

डीलाईल रोड, चीचपोकली, मुंबई.

| मीणबत्ती. | साबु. |
| --- | --- |
| झुमर, वालसेट अने गाडीना फानसो माटे जुदा जुदा कद अने वजननी सर्व जातनी मीणबत्तीओ. | नाहावाना, औषधिय अने धोवाना वार सोप वीगेरे. |

वराळ यंत्रथी चालतुं आ एक मोहोटुं कारखानुं छे अने तेमां चरबी रहित पवित्र साबुओ तथा मीणबत्ती बनाववामां आवे छे. भाव पण घणा सस्ता छे. उपरने शीरनामे पत्र लखीने प्राईसलीष्ट मंगावो.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव,
स्वर्गः कल्पमहीरुहामिव सरः पंके रुहाणामिव,
पाथोधिः पयसामिवेंदुमहसां स्थानं गुणानाममा,
विसालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥ २१ ॥

**અર્થ:**—રોહણાચળ પર્વત જેમ રત્નોનું સ્થાન છે, આકાશ જેમ તારાઓનું સ્થાન છે, સ્વર્ગ જેમ કલ્પવૃક્ષોનું નિવાસસ્થાન છે, તળાવ જેમ કમળનું નિવાસસ્થાન છે, સમુદ્ર જેમ ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસસ્થાન છે, તેવી રીતે આ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ પૂજ્ય સંઘ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિવાસસ્થાન છે તેની પૂજા કરીએ.


# SHRI JAIN (SWETAMBER) CONFERENCE HERALD.

**Vol. III.]** DECEMBER 1907. **[No. 12.**


## કેળવણી.


**( મી० ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી, એ, એલ એલ, બી. )**


"The prosperity of a country depends, not on the abundance of its revenues, nor on the strength of its fortifications, nor on the beauty of its public buildings; but it consists in the number of its cultivated citizens, in its men of education, enlightenment and character: here are to be found its true interest, its chief strength, its real power".

*Martin Luther*

"Be it your care, then, **to train up mothers,** who shall know

how to educate their children".  *Anne Martin.*

આપણી મહાન્ કોન્ફરન્સે હાથ ધરેલા વિષયો પૈકી કેળવણીના સંબંધમાં આપણે જે જે વિચારો, વર્તનો, યોજનાઓ કરવાની છે તે એટલી બધી મહત્ત્વની છે કે તેના માટે દરેક હિતચિંતક, વિચારશીલ, જૈન તરીકેનો દાવો કરનાર વ્યક્તિએ તન, મન, અને ધનથી પોતાથી બનતી મદદ આપવાને તૈયાર રહેવાની અનિવાર્ય સર્વમાન્ય આવશ્યકતા છે. આ કેળવણીની અધિષ્ઠાતા વિદ્યાદેવીનો-સરસ્વતીનો-પ્રભાવ એવો ફળદાયી છે કે આર્ય હોય કે અનાર્ય હોય, હિંદુ હોય કે મુસલમાન હોય, જૈન હોય કે અન્ય મતાવલંબી હોય, ક્રિશ્ચિયન હોય કે બૌદ્ધ હોય, સર્વ કોઈ તેના પ્રસાદની વિભૂતિથી અંકિત થવા પ્રયાસ કરતા દૃષ્ટિગત થાય છે. સરસ્વતી મંદિરના વિજય ભુવનમાં, ઇશ્વરવાદી યાને જડવાદી, આસ્તિક યાને નાસ્તિક સર્વ કોઇ, ધર્મના, જાતિના, દેશના, ભિન્નત્વનો વિચાર નહિ કરતાં એકત્ર થઇ પરમ જ્યોતિર્મયી મહાદેવીની ઉપાસનામાં તલ્લીન થઇ કોમોદ્ધાર અને દેશોદ્ધાર જેવા મહાન કાર્યની સાધના કરી શકે છે.

બાહ્ય નજરે કેળવણીના વિષયમાં પછાત જણાતી મુસલમાન કોમના અગ્રેસરો, એકલા કેળવણીના વિષયનેજ પ્રધાન ગણી, તેની ચર્ચા કરવાના હેતુથી પ્રતિવર્ષ દેશના જુદા જુદા ભાગોમાં વસતા મુસલમાન ભાઇઓની કોન્ફરન્સ બોલાવે છે ત્યારે આપણે કેળવણીના વધારા તરફ કાંઇક વિશેષ લક્ષ આપી, તેના સંબંધમાં વિચાર પ્રકટ કરવાને વધારે વખત આપવા સાથે બીજા વખતમાં-બાકીના દિવસોમાં-ધાર્મિક તેમજ સંસાર સુધારાના કાર્યો માટે પણ પ્રયાસ કરીએ છીએ. છતાં સાંકડી નજરના અવિચારી પુરૂષો કોન્ફરન્સના કાર્યવાહકો તરફ તથા કોન્ફરન્સના કાર્યક્રમ તરફ અયોગ્ય ટીકા કરી, કોન્ફરન્સના હિમાયતીઓને ઉત્સાહભગ્ન કરવામાં નિમિત્ત બની, કોમને અકથ્ય નુકશાન કરે છે. ભણે તે ભૂલે, (ઘોડે) ચડે તે પડે. એ કહેવતો અનુસાર કદાચ કોન્ફરન્સવાળાઓની ભૂલ થતી જોવામાં આવે તો યોગ્ય શબ્દોમાં તેવી ભૂલો સુધારવાનો પ્રયાસ કરવાનુંજ સલાહકારક ગણાવું જોઇએ. નહિ કે પાકટ અનુભવી પુરૂષોના પુખ્ત વિચારથી જન્મ પામેલ છ વર્ષ જેટલી લાંબી મુદતને લીધે સારી રીતે પગભર થયેલી કોન્ફરન્સની યોજનાને ઉતારી પાડવાનો પ્રયાસ સલાહકારક ગણી શકાય.

જે સમયમાં દેશના અગ્રેસરો, અન્યદેશોની સાથે સરખાવતાં બ્રીટીશ સરકાર આ દેશની આવક ઉપજમાંથી પ્રમાણમાં સૈન્યની મજબુતી માટે અસાધારણ વધારે ખર્ચ કરી કેળવણી પાછળ ઘણોજ ઓછો ખર્ચ કરે છે, દર

ચાર ગામડાં પૈકી ત્રણ ગામ નિશાળ વગરના છે. તેની સામે સતત પ્રયાસથી ચાલુ ફર્યાદ કરતા રહ્યાછે, અને કેટલાએક આગળ વધેલા વિચારના સમુદાયના નેતાઓ સરકારી મદદ ઉપર આધાર રાખવાનો આગ્રહ છોડી દઇ ચોતરફ સ્વદેશી આન્દોલનનો પવન પ્રસારતા રહ્યા છે તથા જનસમૂહનો મોટો ભાગ દેશની ઉન્નતિના કારણોનો અભ્યાસ કરવા તરફ લક્ષ આપી "હું અને મારો દેશ" એમ આગ્રહપૂર્વક પ્રતિપાદન કરતા થયા છે, તેનો લાભ લઇ, સ્વદેશીય વિશ્વવિદ્યાલય ( National University ) ની હીમાયતને ટેકો આપી સ્વાર્પણ કરવામાં તત્પર બની, મોટા મોટા પગારની નોકરીનો ત્યાગ કરી, ટુંક પગારમાં પ્રજાકીય કેળવણી આપનારી શાળાઓમાં જોડાયા છે, તે સમયમાં જૈનોએ એક આગળ વધેલી કોમ તરીકે, સ્વકોમની અને દેશની ઉન્નતિના કાર્યમાં પોતા તરફનો કેટલો હિસ્સો આપ્યો તે એક વિચારવા જેવો પ્રશ્ન છે.

થીઓસોફીકલ સોસાઇટીના વ્યવસ્થાપકો, પ્રાચીન ધર્મપુસ્તકોમાંથી સારરૂપ વસ્તુનું દોહન કરી, ઉછરતા યુવાનોને ધર્મનીતિનું જ્ઞાન આપવાની સાથે, સ્વકીય મતના પ્રચાર માટે બનારસ સેન્ટ્રલ હીંદુ કોલેજ જેવી મોટી સંસ્થા સ્થાપી શકયા છે. મુસલમાન ભાઇઓમાંના સર સૈયદ અહમદ જેવા મહાન પુરૂષના પ્રયાસથી સ્થપાયેલ અલીગઢ કોલેજ પણ આપણી નજર ખેંચે છે વળી તેઓએ એક વગવાળા ડેપ્યુટેશનના રૂપમાં જુદે જુદે સ્થળે પૂરી કેળવણીના ફંડમાં વધારો કર્યો છે. પ્રાર્થના સમાજના અગ્રેસરોએ તથા આર્ય સમાજના અગ્રેસરોએ પણ આ દેશમાં વસ્તા સ્વદેશી ભાઇઓની કેળવણીના વધારા માટે બનતો પ્રયાસ કર્યો છે. અન્યદેશના વતનીઓ તેમજ પરધર્મીઓએ પણ આ દેશમાં કેળવણીના પ્રચાર માટે પોતાનો ઉદાર હાથ લંબાવ્યો છે. મુક્તિફોજવાળાઓએ ચારસો કરતાં વધારે નિશાળો ખોલી, દશ હજાર વિદ્યાર્થીઓને અભ્યાસની સગવડ કરી આપી છે.

આ ઉપરથી વગર તકરારે સર્વ કોઇ કબુલ કરશે કે કેળવણીના વિષયમાં પછાત રહેલ આ દેશમાં, ધનિકોને પોતાના દ્રવ્યના વ્યયથી તથા સ્વાર્પણ કરવા તત્પર વિદ્વાનોને પોતાની વિદ્વતાથી કાર્ય કરવાનું ઘણુંજ વિશાળ ક્ષેત્ર છે. અન્ય શિક્ષણની સાથે સ્વાર્થત્યાગવૃત્તિનું-સ્વાર્પણ કરવાનું-નમુનેદાર શિક્ષણ આપતી ફરગ્યુસન કોલેજ જેવી એક નવી સંસ્થા દક્ષિણમાં સ્થાપન કરવાનો આપણા દેશના હિતૈષી અગ્રેસરો-મદ્રાસીભાઇઓ-વિચાર કરી રહ્યા છે.

આ સર્વ હકીકતોના બારીક અવલોકન ઉપરથી આપણી કોમે કેળવણીના સંબંધમાં કેટલું કર્યું છે, જે કાંઇ કર્યું છે તે ઘણુંજ થોડું કર્યું છે, તેવો

વિચાર સહેજ આપવો જોઇએ.

સરકારના સેન્સસ ( વસ્તિપત્રક ) ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે પારસી જેવી નાની કોમ કેળવણીમાં અગ્રપદ ભોગવે છે ત્યારે આપણે બીજે નંબરે આવીએ છીએ પણ તેથી કોઈ પણ રીતે ફુલાઇ જવાનું નથી. કારણકે વસ્તિપત્રકમાં તો જેને વાંચતાં લખતાં આવડતું હોય તેને ભણેલા તરીકે ગણવામાં આવે છે. અને આપણી કોમ વ્યાપારી કોમ તરીકે કાંઇક વિશેષ પ્રખ્યાત હોવાથી ઘણાખરા થોડું ઘણું ભણી વ્યાપારમાં કે વ્યાપારીની નોકરીમાં ઝુકાવે છે. અને તેથી ઉપરની વ્યાખ્યા મુજબ ભણેલાની સંખ્યા આપણામાં એટલી મોટી છે કે આપણે બીજે નંબરે, (આવી રીતનો સાંકડો અર્થ છતાં પણ પહેલે નંબરે તો નહિજ ) આવીએ છીએ.

ઉંચી કેળવણી પામેલા પદવીધારેક યુવાનોની સંખ્યા પારસી જેવી નાની કોમ સાથે સરખાવતાં આપણામાં ઘણીજ ઓછી છે. અને તેના પરિણામે સરકારી નોકરીમાં ઉંચા હોદ્દાઓ ઉપર તથા ગવર્નરની કે ગવર્નર જનરલની ધારાસભામાં એક પણ જૈનભાઇને બિરાજતો જોવાને આપણે ભાગ્યશાલી થઈ શકયા નથી. આથી કરીનેજ કેટલીએક મુશ્કેલીના વખતે-સમેતશિખરજીની પવિત્રતા જળવાવા જેવા પ્રસંગે-તથા અન્ય પ્રસંગે આપણને આપણી કોમની ઉક્ત બાબતમાં રહેલી અવનત દશા માટે વિમાસણ કરવાનું કારણ મળે છે. ગુજરાતી પાંચમી ચોપડીમાં આપણા ધર્મ વિરૂદ્ધ આવેલી હકીકતો માટે અરજી કર્યાને આજે કેટલો બધો વખત થયો. મુસલમાન ભાઇઓને તથા પારસી ભાઇઓને જવાબ મળ્યો કે આ બાબત વિચાર ચલાવવામાં આવે છે. જૈન કોન્ફરન્સના જનરલ સેક્રેટરીઓએ કેળવણી ખાતાના ઉપરી અમલદારને આ સંબંધમાં જે અરજી કરેલ તેનો છેવટનો જવાબ એવી રીતનો આપવામાં આવ્યો છે કે તમારી અરજીમાં બતાવેલા કારણો ઉક્ત પાઠોમાં ફેરફાર કરવાને માટે પુરતા નથી હવે જોવાનું રહે છે કે જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશન તરફથી થયેલી અરજીનો શું જવાબ મળે છે. આ સંબંધમાં કેળવણી ખાતાના અમલદારને આપણા આગેવાન બેચાર ગૃહસ્થોએ ડેપ્યુટેશનના રૂપમાં મળવાની જરૂર જણાય છે તેમજ ગવર્નરની ધારાસભામાં સભાસદોની મારફત સવાલ પૂછાવવાની જરૂર છે.

વળી સ્વતંત્ર, વિચારશીલ, કલ્પના શક્તિને પુરતો શ્રમ આપનાર તથા બીના બીના પણ હીંમતવાન બની, સનાતન જૈનના અધિપતિ " શ્રી દિગમ્બર મુનિઓની પેઠે શ્વેતાંમ્બર મુનિઓના ભવિષ્યમાં વિશેષ લોપ થવા સંભવ છે કે ? એક ગંભીર સવાલ " એ મથાળા નીચેના લેખમાં મનનપૂર્વક તથા વજનયુક્ત દલીલો સાથે જે ગંભીર વિચારો પ્રકટ કરે છે તેના ઉપર પુરતું ધ્યાન આપવાની જરૂર છે. એટલુંજ

નહીં પણ તેઓએ જણાવેલ લોપ થવાના કારણોનો અભ્યાસ કરી, આપણા શ્રીમાન ગૃહસ્થોએ, સાધુ મુનિરાજોએ તથા વિદ્વાન ગ્રેજ્યુએટોએ તેવા કારણો દુર કરવાનો સત્વર પ્રયાસ કરવાની જરૂર છે. તેવી રીતના પ્રયાસ તરફ દરેક વ્યક્તિનું લક્ષ ખેંચાય તેજ આ લેખ લખવાનો મુખ્ય ઉદ્દેશ છે.

લોપ થવાના કારણોમાં, જ્ઞાન સંબંધી નિર્બળતાને મુખ્ય સ્થાન આપવામાં આવેલ છે. સનાતન જૈનના સંપાદક જણાવે છે કે "ચારિત્ર સંબંધે, આ રીતે જોકે આપણે ગર્વ લઇ શકીએ તેવું છે પણ જ્ઞાન સંબંધે તો લઇ શકીએ તેવું નથી. જ્ઞાન સંબંધે તો સરળતાપૂર્વક સ્વીકારવું જોઇએ કે નિર્બળ થઈ ગયા છીએ."

આપણી આધુનિક સ્થિતિ સંબંધી સારો વિચાર (optimistic views) ધરાવનાર પણ વિચાર શ્રેણીને પુરતો વ્યાયામ આપશે તો ઉપરના મત સાથે મળતા થવાનીજ ફરજ પડશે. તદન લોપ થાય એમ આપણે માનવાનું પણ નથી. અને તેમનું કહેવું પણ નથી પણ સ્થિતિ વિચારવા જેવી થઈ પડી છે. પશ્ચિમ ભણીની કેળવણી ફરજીયાત કે સ્વેચ્છાએ સર્વ કોઈ લેવા લાગ્યા છે અને તેથી પશ્ચિમ ભણીના સંસ્કારો વિશેષ પ્રમાણમાં ફેલાતા જઈ કાંઇક નવીનજ અસર કરે છે. પરિણામ એ આવ્યું છે કે વિચાર સ્વાતંત્ર્યને લીધે તથા થોડે અંશે નાસ્તિકય જડ ભાવથી વાસિત થતો જતો હોવાથી નવીન કેળવાયેલ વર્ગ ધર્મના તત્વો તરફ માનની નજરથી જોતો હોય છે, કબુલ રાખતો હોય છે છતાં પણ ક્રિયાઓ તરફ, ભક્ષ્યાભક્ષ્યના વિચાર તરફ કાંઇક ઓછું લક્ષ આપતો હોય તેવી રીતની ફરીયાદ થતી આપણે સાંભળીએ છીએ. તેવા સમયમાં જ્ઞાન સંબંધે નિર્બળતાનો પ્રશ્ન ગંભીર રૂપ ધારણ કરે છે એમ આપણે વગર તકરારે કબુલ કરવું પડશે. એક મહાન વિદ્વાન ગણાતા મુનિ મહારાજ તરફથી પણ આવાજ વિચારો પ્રકટ થતા સાંભળ્યા છે

આ કારણથી બસો વર્ષ પહેલાં જેટલા જ્ઞાનની—ધાર્મિક જ્ઞાનની આવશ્યકતા હતી તેના કરતાં હાલ વિશેષ છે. અને આ પ્રકારનું ધાર્મિકજ્ઞાન માત્ર ઠેકાણે ઠેકાણે હાલમાં સ્થપાય છે તેવી જૈનશાળાઓ સ્થપાયાથી મેળવી શકાય એમ માનવું તો ભુલ ભરેલુંજ ગણાવું જોઇએ.

બનારસ પાઠશાળા જેવી સંસ્થાથી, તેને સારા પાયા ઉપર મુકયાથી—અભ્યાસ ક્રમમાં ઘટતો સુધારો વધારો કર્યાથી આપણે કાંઈક આશા રાખી શકીએ પણ હાલ તો તેની સ્થિતિ પણ વિચારવા જેવી થઇ પડવાથી ઉક્ત લાભથી તરતમાં આપણે બેનસીબ રહ્યા છીએ. જૈન તત્વજ્ઞાનના તેમજ ધાર્મિક સામાન્ય જ્ઞાનના અભ્યાસીઓ આપણામાં બહુજ થોડા છે તે એટલા ઉપરથીજ સમજી શકાશે કે આપણી યુનીવર્સીટી તરફથી તથા અન્ય ગૃહસ્થો તરફથી જૈનતત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ પાસેથી ઇનામી નિબંધો માંગવામાં આવે છે પણ તે કામ ઉપાડી લેવાને ગણ્યાગાંઠયા જૈનો બહાર પડે છે.

ધાર્મિકજ્ઞાન-કેળવણી સંબંધે વિશેષ લખવાથી વિષય ઘણો લાંબો થઈ જવાના ભયથી કેળવણીના અન્ય વિભાગ તરફ હવે આપણે દ્રષ્ટિ કરીશું પરંતુ આ બધો વિચાર કરીએ—વિચાર કરી ઘડેલ યોજનાને અમલમાં મેલીએ તે પહેલાં કોન્ફરન્સને હસ્તકના કેળવણીના ફંડ તરફ નજર કરવાની પ્રથમ જરૂર છે.

કોન્ફરન્સના કાર્યવાહકો તરફ એવો આક્ષેપ મેલવામાં આવે છે, કે કોન્ફરન્સ ફંડના પૈસાનો ઉપયોગ જલદી કરવામાં આવતો નથી. તેનો એટલોજ જવાબ બસ થઈ પડશે કે કેળવણી ખાતાનું ફંડ લગભગ ખલાસ થવા આવ્યું છે. છતાં દર મહિને રૂ. ૫૦૦) ની તે ખાતામાંથી જુદી જુદી જૈન શાળાઓને, પાઠશાળાઓને, કન્યાશાળાઓને માસિક મદદ આપવામાં આવે છે, તથા ઉંચા ધોરણોમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપવામાં આવે છે. હવે જો કેળવણી ખાતાને મદદ આપવાનું ઉદાર જૈન ગૃહસ્થો તરફથી ધ્યાન ઉપર લેવામાં નહિ આવે તો તે બંધ કરવાની જરૂર પડશે.

ભાવનગર ભરાનારી કોન્ફરન્સ વખતે ખાસ કેળવણી ખાતામાંજ મદદ માંગવામાં આવે તો સારી રીતે નાણાં ભરાય પણ તેને હજુ ચાર પાંચ મહિનાની ઢીલ છે. માટે તે પહેલાં આ ખાતા તરફથી અપાતી મદદ ચાલુ રહે તેમ કરવા માટે તાકીદે ફંડ થવાની જરૂર છે. શ્રી જૈન શ્વેતાંમ્બર મદદ ફંડના ટ્રસ્ટી સાહેબો આ વાત ધ્યાન ઉપર લે તો તે ફંડમાંથી પણ કાંઇક સારી જેવી રકમ આપી શકે.

**વળી ભાગ્ય યોગે**—આપણી કોન્ફરન્સે કરેલા ઠરાવ ઉપરથી ધી જૈન ગ્રેજ્યુએટસ એસોશીએશને જૈન સાહિત્યને યુનીવર્સીટીના કોર્સમાં દાખલ કરવા માટે જે અરજી કરેલી તેનો જવાબ સંતોષકારક આપવામાં આવેલ છે. તે જાણી આપણે ઘણા ખુશી થઇશું, અને ઐચ્છિક વિષય તરીકે સંસ્કૃત પુસ્તકોમાં શ્રી મલ્લિષેણ કૃત સ્યાદવાદ મંજરી તથા શ્રીજીનદત્ત સૂરિ કૃત-વિવેક વિલાસ બી. એના કોર્સમાં તથા એમ. એ. ના કોર્સમાં શ્રી કુન્દકુન્દાચાર્યનું પ્રવચનસાર શ્રી અમૃતચંદ્રસૂરિની ટીકા સાથે તથા શ્રી ઉમાસ્વાતિ કૃત તત્વાર્થાધિગમસૂત્ર સર્વાર્થસિદ્ધિ નામની ટીકા સાથે તથા શ્રી વિદ્યાનંદીની અષ્ટસહસ્રી વિગેરે જૈન પુસ્તકોને સ્થાન આપવામાં આવેલ છે. તેનો લાભ લઈ તે પુસ્તકો ઐચ્છિક વિષય તરીકે પસંદ કરનાર જૈન હોય કે અન્ય હોય તેને ખાસ સ્કોલરશીપ આપવાની જરૂર છે. આ સંબંધમાં પ્રસિદ્ધ વક્તા મુનિમહારાજ શ્રી ચારિત્ર વિજયજીએ ઉક્ત ગ્રંથો ઉપર આધુનિક અભ્યાસ ક્રમને ઉપયોગી ગુજરાતી નોટસ તૈયાર કરી વિદ્વાન ગ્રેજ્યુએટો પાસે તેનું ઇંગ્રેજીમાં ભાષાંતર અવતરણ તૈયાર કરાવી તેને પ્રકટ કરવાનું કામ હાથ ધરેલું છે અને તેઓશ્રીના ઉપદેશથી શ્રીમાન કચ્છી ગૃહસ્થ શેઠ વસનજી ત્રિકમજીએ તે માટે જે ખર્ચ થાય તે આપવાને

કબુલ કરેલું છે. તે બદલ મહારાજશ્રીને તથા ઉક્ત ગ્રહસ્થને કોટિશઃ ધન્યવાદ ઘટે છે. કેળવણી ફંડની સ્થિતિ સુધરતાં આપણે જે કરવાનું છે તેને માટે દરેક કેળવાયેલ જૈનભાઇએ પોતાના વિચારો દર્શાવવાની જરૂર છે.

આપણી આધુનિક સ્થિતિ જોતાં આપણે ઉંચી કેળવણી (higher education) ના ઉત્તેજનને માટે અને ખાસ કરીને ટેકનીકલ અને સાયન્ટીફીક કેળવણી, જૈન ભાઇઓ વધારે મોટા પ્રમાણમાં લેતા થાય તેમ કરવાની પણ ખાસ આવશ્યકતા છે.

પુના સાયન્સ કોલેજ તથા એનજીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરવાની ઇચ્છા રાખતા જૈન વિદ્યાર્થીઓને ઉત્તેજનને માટે આપણે એક પણ સ્કોલરશીપ સ્થાપી નથી તેમજ મેડીકલ કોલેજમાં જોડાવા ઇચ્છા રાખનારા જૈનભાઇઓ માટે ડાકટર ત્રિભોવનદાસ મોતીચંદના સ્મારક ફંડમાંથી એક સ્કોલરશીપની ગોઠવણ કરવામાં આવી છે તેથી માત્ર સંતોષ માની બેસી રહેવું જોઇતું નથી.

સ્વદેશી આન્દોલનના સમયમાં દેશની ઔદ્યોગી ઉન્નતિ માટે અનેક પ્રયાસ થતો જોઇએ છીએ તેવા સમયમાં જૈન કોમે એક આગળ પડતી વ્યાપારી કોમ તરીકે ઉત્સાહી જૈન યુવાનોને (જુદા જુદા ઉદ્યોગો સંબંધી જ્ઞાન મેળવવા માટે કેટલાક પ્રતિબંધ સાથે) ઇંગ્લંડ, જર્મની, અમેરિકા, યાને જાપાન મોકલવા પુરતા સાધનો પુરા પાડવા માટે બનતો પ્રયત્ન કરવાનો વખત હવે ઘણોજ નજદીક આવી લાગ્યો છે.

**આ માસિકમાં**—ઉચ્ચી કેળવણી લેનારાઓને જીંદગીની શરૂઆતમાં ખમવી પડત્તી મુશ્કેલી સંબંધી જે લેખ ઇંગ્રેજીમાં લખવામાં આવેલ છે તે તરફ આપણા શ્રીમાન ગૃહસ્થોએ ખાસ લક્ષ આપવાની આવશ્યકતા છે અને તેઓ જ્યારે પોતાના સ્વધર્મી બંધુઓને આગળ પાડવાની પોતાની ફરજ સમજતા થશે ત્યારેજ આપણી કોમની સ્થિતિ સુધરતી જોવાને આપણે ભાગ્યશાળી થઇ શકીશું.

કેળવણીના પેટા વિષય-સ્ત્રીકેળવણી-બાબે વિચાર કરતાં અમદાવાદ, ભાવનગર, મુંબઇ જેવા મુખ્ય શહેરોમાંજ કન્યાશાળા સ્થાપન થયાથી આપણું કાર્ય સરતું નથી પરંતુ બીજા શહેરોમાં પણ તે દિશા તરફ પ્રયાસ થવો જોઇએ એટલુંજ નહીં પણ શિક્ષણક્રમના સંબંધમાં પણ ખાસ ધ્યાન આપવું જોઇએ.

**સ્ત્રીઓને શા માટે ભણાવવી જોઇએ**—તેઓને કયાં કમાવા જવાની જરૂર છે, વિગેરે વિચારોનો જમાનો હવે ચાલ્યો ગયો છે. સ્ત્રીઓને કેળવવાની જરૂર હવે સર્વત્ર સ્વીકારાય છે. કન્યાનું વેવિશાળ-વિવાહ કરવાની વાત થતી હોય છે ત્યારે ભણેલી છે કે અભણ? તે પ્રશ્ન સૌથી પહેલાં પુછાય છે. તે ઉપરથી સ્ત્રી કેળવણીની જરૂરીઆત પ્રતિપાદન કરવાને માટે કાળક્ષેપ કે શ્રમ કરવાની હવે જરૂર રહી નથી. પરંતુ તેના શિક્ષણક્રમના સંબંધમાં હાલમાં મુખ્ય બે મત આપણું ધ્યાન ખેંચે છે.

એક પક્ષ એવો વિચાર ધરાવે છે કે જે અભ્યાસક્રમ પુરૂષોને માટે રાખવામાં આવેલ છે તેજ અભ્યાસક્રમ સ્ત્રીઓ માટે રાખવામાં જરા પણ બાધ નથી. મગજશક્તિની કેળવણી માટે સ્ત્રી પુરૂષ કરતાં કોઇ રીતે ઉતરતી નથી. આવા વિચારો એક વિદુષી ગ્રેજ્યુએટ સ્ત્રી તરફથી પણ પ્રકટ થતા જોયા છે.

બીજો પક્ષ એમ જણાવે છે કે હાલનો શિક્ષણક્રમ સ્ત્રીઓ માટે હિતકર નથી. પરંતુ થોડે ઘણે અંશે અહિતકરજ છે એમ ઘણાઓને લાગે છે. જે શિક્ષણવડે ઉત્તમ માતા, ઉત્તમ ભગિની અને ઉત્તમ ગૃહિણી નીવડે, જે શિક્ષણથી સ્ત્રીઓ ગૃહવ્યવસ્થા ઉત્તમ પ્રકારે રાખતાં શીખે, બાળકોનું આરોગ્ય જાળવી શકે, તેઓનું વર્તન સુધારી શકે અને કુટુંબ સૌખ્યની વૃદ્ધિ કરવાને લાયક થાય, એવા પ્રકારનુંજ શિક્ષણ સ્ત્રીઓને આપવું જોઇએ, એ વિષે કિંચિત પણ મતભેદ નથી. પરંતુ આ દિશા તરફ શ્રદ્ધાપૂર્વક, આગ્રહથી પ્રયત્ન થતો જોવામાં આવતો નથી.

આપણી આધુનિક સ્થિતિનો વિચાર કરતાં તથા હાલમાં જે સામાજીક રીત રીવાજો પ્રવર્તમાન છે તે તરફ જોતાં આપણે બીજા પક્ષના વિચારો ગ્રાહ્ય કરવાની જરૂર છે. પુરૂષોના કર્તવ્યની દિશા ભિન્ન છે. તેઓને કેળવણી પ્રાપ્ત કરી મોટી ઉમરે નાના પ્રકારના ઉદ્યોગ ધંધાઓ કરવાના હોય છે, પરંતુ કન્યાઓનેતો મોટી ઉમરે ગૃહવ્યવહારના કામો ઘરમાંજ કરવાના હોય છે. એટલા માટે કન્યાઓને ઉત્તમ પ્રકારનું ગૃહશિક્ષણ મળે તેવી યોજના થવાની ખાસ જરૂર છે. ઉત્તમ પ્રકારની સ્ત્રીકેળવણીથીજ આર્ય ભગિનીઓની ઉન્નત દશા જોવાને આપણે ભાગ્યશાળી થઇ શકીશું, કારણકે "સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે. સ્ત્રી વિના ગૃહ નથી, ગૃહ વિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી."

સાક્ષર શ્રી ગોવર્ધનરામભાઇના શબ્દોમાં કહીએ તો "સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબ પોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબ બંધનમાંથી તેઓ મુક્ત, સ્વતંત્ર થાય અને તે મુક્તતાથી અને સ્વતંત્રતાથી કુટુંબની મુર્ખ ઇચ્છાઓ અને કલેશોમાંથી છુટી કુટુંબનું ખરૂં કલ્યાણ કરવા શક્તિ મળી અને ઉત્સાહીની બને, કુટુંબના બાળકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગની કલ્યાણવાસનાઓ તૃપ્ત કરે. પતિભક્તિપરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિમાં પોતાના હૃદય તરંગ ભેળવી દઇ મનુષ્ય જીવનને દિવ્યતામય કરી નાંખે અને અંતે સ્વદેશમાં ઉદય સૂર્યનાં તેજસ્વિ કીરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે એજ આર્ય સુંદરીઓના જીવનની સફલતા છે."

ઉપરોક્ત દિવ્યવાસનાથી વાસિત ઉચ્ચતમ અભિલાષો પૂર્ણ થવાને માટે દરેક દેશહિતૈષી પુરૂષે તન, મન અને ધનથી-સ્વાર્થ ત્યાગથી-પરમાર્થ વૃત્તિથી પ્રયાસ કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. સ્ત્રીઓને કેળવવાથી બાળકોને કેળવણી

આપવાનું કામ ઘણુંજ સહેલું થઇ પડે છે. તેઓ કેળવાયેલ હશે તોજ બાળકોની માનસિક શારીરિક, નૈતિક અને ધાર્મિક કેળવણી તરફ લક્ષ આપી શકશે. કેળવાએલી સ્ત્રીઓ બચ્ચાંઓની તરફ અયોગ્ય વ્હાલ કે લાડ કરતાં અટકશે. બચ્ચાંઓને વહેલાં વહેલાં પરણાવી લ્હાવો લેવાની લાલસાનો ત્યાગ કરશે. પતિના પૈસાનો દુરૂપયોગ કરાવતાં પોતાના બાળકોના અને બીજાઓના ભલા અર્થે તે વપરાય તેવા પ્રયત્નો આદરશે. આ પ્રકારની પ્રવૃત્તિ થતી જોવામાં આવશે ત્યારેજ કોમની અને તેની સાથે દેશની ઉન્નતિનો સૂર્ય પ્રચંડ પ્રતાપથી પ્રકાશતો થશે.

**આપણી કોમના પુરૂષ વર્ગ,** સ્ત્રી વર્ગ તેમજ બાળકોની શારીરિક સ્થિતિની વિચાર કરતાં સર્વ કોઇ કબુલ કરશે કે શારીરિક કેળવણી તરફ ઘટતું લક્ષ નહિ અપાયેલું હોવાથી આપણે શારીરિક સંપત્તિમાં ઘણાજ ઉતરતા છીએ.

એક બાજુ બાળલગ્ન જેવા હાનિકારક રીવાજો આપણા બાળકોને અને પરંપરાએ આપણી ભવિષ્યની પ્રજાને નિર્બળ બનાવે છે ત્યારે બીજી બાજુએ અભ્યાસનો બોજો એટલો બધો વધારી દેવામાં આવ્યો છે કે તેની તળે કચડાઇ જતાં યુવાન વિદ્યાર્થીઓને વખતો વખત પોતાની તનદુરસ્તી સંબંધે ફર્યાદ કરતાં સાંભળીએ છીએ. આ બાબત તાકીદે ઉપાયો લેવામાં ન આવે તો આપણી ભવિષ્યની પ્રજા કેટલી બધી અલ્પ આયુષ્યવાળી તથા તાકાતહીન થઇ જશે. તેનો ખ્યાલ આવવો મુશ્કેલ નથી.

ઉંચી કેળવણી લેનાર જૈન તેમજ અન્ય વિદ્યાર્થીઓ તરફ નજર કરીશું તો શારીરિક કેળવણી (Physical education) ના અભાવે તેઓ સત્વહીન, બળહીન જણાશે.

ઉત્તમ પ્રકારની માનસિક કેળવણી તથા ધર્મશાસ્ત્રના તેમજ ન્યાયના ગહનતત્ત્વો, સિદ્ધાંતો જે શરીરરૂપી આધાર વસ્તુમાં આધેય વસ્તુ તરીકે રહેવાના છે તે શરીરજ નબળુ હોય તો પછી ઉકત આધેય વસ્તુની વ્યવસ્થિતિ કેવી રીતે જળવાઇ શકે તે એક વિચારવા જેવો પ્રશ્ન છે.

સર્વત: ફરીયાદ થતી સાંભળીએ છીએ કે ધાર્મિક કેળવણી તથા શારીરિક કેળવણી તરફ ઘણુંજ ઓછું લક્ષ અપાયુંછે. સરકારી સ્કુલોમાં ધાર્મિક કેળવણી આપી શકાય તેવા સંજોગોજ નથી અને શારીરિક કેળવણી અપાય છે પરંતુ તે સાધારણ રીતે સાંજના વખતેજ અપાય છે અને આપણે દિવસ આથમ્યા પહેલાં જમી લેવાનું હોય છે તેથી તેનો લાભ લઇ શકતા નથી. આ સંજોગો વચ્ચે આપણા કર્તવ્યનો ખાસ વિચાર કરવાની જરૂર છે. દરેક ખાનગી શાળાઓમાં ધાર્મિક શિક્ષણને કેટલીએક શાળામાં થયું છે તેમ અભ્યાસ ક્રમમાં દાખલા કરવાની આવશ્યકતા છે તથા શારીરિક કેળવણી માટે દરેક પ્રકારના સાધનોની યોજના કરી અનુકૂળ પડતો વખત ચોકસ કરવાની જરૂર છે. હાઇસ્કુલમાં તથા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માટે ઉક્ત બન્ને પ્રકારની કેળવણી આપણે બોર્ડીંગ જેવી સંસ્થા દ્વારાએ પુરી પાડી શકીશું. બોર્ડીંગ--શ્વેતામ્બર જૈન બોર્ડીંગની જરૂરીયાત માટે લાંબાલાંબા ભાષણો અપાયા છતાં, મોટામોટા લેખો લખાયા છતાં, તથા વખતો

વખત સ્થપાવાની હીલચાલચાલે છે તેમ સાંભળ્યા છતાં, હજુ સુધી નમુનેદાર શ્વેતામ્બર જૈન બોર્ડીંગ મુંબઇ જેવા મોટા શહેરમાં સ્થપાયલું જોવાને આપણે ભાગ્યશાળી થઇ શકયા નથી. બોર્ડીંગ એક ભાડાની ચાલ જેવી નજ હોવી જોઇએ. અઠવાડીઆમાં ત્રણથી ચાર કલાક બક્કે તેથીપણ વિશેષ ધાર્મિક કેળવણીના અભ્યાસ માટેની તેમાં યોજના થવી જોઇએ. શારીરિક કેળવણી પ્રાપ્ત થઈ શકે તે માટે કસરતશાળા હોવી જોઇએ, તેમજ બોર્ડીંગને અંગે એક લાઇબ્રેરી તથા રીડીંગરૂમ પણ હોવી જોઇએ. તારદેવ ઉપર આવેલ દિગમ્બર જૈન બોર્ડીંગ આ સર્વ સગવડ પુરી પાડે છે ત્યારે શ્વેતામ્બર જૈન બોર્ડીંગ આમાંની એકપણ સગવડ થયેલી જોતાનથી તે આપણને શરમાવનારૂંજ ગણાવું જોઇએ.

પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ. જો શાળા ખાનગી ગૃહસ્થ તરફથી સ્થપાયેલ હોય તો-ધાર્મિક શિક્ષણને અભ્યાસક્રમમાં દાખલ કર્યાથી ધર્મ સંબંધી જ્ઞાન મેળવી શકશે અને સરકારી હોય તો, તેઓને જૈન શાળામાં શિક્ષણ લેવાની જરૂર પડશે.

હાઈસ્કુલ અને કોલેજમાં અભ્યાસ કરનારાઓ બોર્ડીંગમાં અપાતી ધાર્મિક કેળવણીનો લાભ લઇ શકશે પરંતુ અન્ય જૈન ભાઇઓ પણ ધર્મનું જ્ઞાન મેળવી શકે તેવી રીતનો પ્રયાસ થવાની જરૂર છે. આ વર્ગ સાધુ મહારાજાઓના ઉપદેશ દ્વારાએ લાભ લઈ શકે તે ઉપરાંત સગવડ પડે તે વખતે સામાયક કરીને ધર્મ શાસ્ત્રનો અભ્યાસ કરી શકે તે હેતુ લક્ષમાં રાખી જૈન સાહિત્યનાં પુસ્તકો છપાવી સસ્તી કીમતે વેચાતા કરવાની જરૂર છે. સદ્‌ભાગ્યે જૈન સાહિત્યને મુંબઇ, કલકતા તથા મદ્રાસ યુનીવર્સીટીમાં દાખલ કરવામાં આવે છે તેનો લાભ લઇ શ્રીમાન જૈનોએ અને સાહિત્યના શોખીન યુવાન ગ્રેજ્યુએટોએ પોતાની ફરજ બજાવવા સત્વર જાગૃત થવાની જરૂર છે. હાલના સમયને અનુકૂળ-પાશ્ચિમાત્ય. સર્વને ઉપયોગી થઈ પડે તેવી પદ્ધતિથી મૂળ ગ્રંથો અને તેની ટીકા નોટ્સ સાથે પ્રગટ કરાવવા માટે સારી જેવી રકમ ઇનામ તરીકે આપવાનું જાહેર કરવું જોઇએ અને પ્રકટ થયેલાં પુસ્તકો જુજ કીમતે મળી શકે તેવા પ્રકારની ગોઠવણ થવી જોઇએ. આમાં આપણે જુદે જુદે ઠેકાણે અનામત પડેલા જ્ઞાન ખાતાના હજારો રૂપીઆનો ઘણીજ સારી રીતે ઉપયોગ કરી શકીએ.

આ પ્રસંગે એક સૂચના કરવાની જરૂર જણાયછે, અને તે એજ કે વેટરીનરી કોલેજમાં અભ્યાસ કરવા ઇચ્છા રાખનારા જૈન યુવકોને સ્કોલરશિપ આપી તેની તરફ ખેંચવાની જરૂર છે. તેથી તેઓ કમાણીનું સાધન પ્રાપ્ત કરી પોતાની જીંદગી સુખેથી ગાળી શકશે અને જુદે જુદે ઠેકાણે ચાલતી પાંજરાપોળોમાં વેટરીનરી ડોકટરોની જે ખામી છે અને જેથી કરીને ઢોરોની આવક જેટલુંજ મરણનું પ્રમાણ થવા જાયછે તેને આપણે દુર કરી શકીશું.

શ્વેતાંબર જૈન કોન્ફરંસના ફંડ પૈકી કેળવણીનું ફંડ તદન ખલાસ થઈ ગયું છે તેનો વિચાર કરી, શ્રીમાન ગૃહસ્થો આ અતિ ઉપયોગી ફંડને પુષ્ટ બનાવવા બનતો પ્રયાસ કરશે એવી ઇચ્છા ફરીથી પ્રદર્શિત કરી આ લેખ સમાપ્ત કરૂંછું.

# જૈન સાહિત્યનો ગુજરાતી સાહિત્યમાં ફાળો.

( બીજી સાહિત્ય પરિષદ્‌માં મી. મનસુખ વિ. કીરતચંદ મહેતાએ પ્રકાશેલ. )

મંગલં

**ॐ ब्राह्मी भारत्यै नमः**

ગયા તે દુઃખના દિન,
સુખના આવ્યારે,
ટળ્યાં વિષમતા ને વેર.
રસિક ચિત ભાવ્યારે.
જૈન વેદ અને અન્ય પંથ.
હરખે મલ્યારે,
ગરવી ગિરા ગુજરાત,
કાજે ભળિયારે.
રે ! ગરવી ગુજરાત,
સુણુ તુજ કાજેરે,
ઉલટ ભેર આ સમાજ,
મળ્યો આજેરે.
તુજ સાહિત્ય સેવા સુપેર.
એ કરતાં દીસેરે,
અમ સહૃદયોનાં મન.
દેખી એ હીસેરે.

**માન્યવર પ્રમુખ સાહેબ,**

**અન્ય પ્રિય સાક્ષર બંધુઓ, અને પ્રિય બહેનો !**

જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યની શી સેવા બજાવી છે, તે આપ સમક્ષ નિવેદન કરવા હું ઉભો થયોછું:

**પ્રસ્તાવના** બંધુઓ ! પ્રભુકૃપાએ, આપણામાં કાંઇક જાગૃતિ આવી છે. આપણે ઐકયતાનું મહત્વ, તેનો મર્મ સમજતાં શીખ્યા છીએ, આપણે અત્યારે Transitional period ( સંક્રાતિના કાળ ) માંથી પસાર થઇએ છીએ, તેવે વખતે "**हस्तिना ताड्यमानोऽपि न प्रविशेत् जिनमंदिरे**" એ

પૂર્વનું બ્રાહ્મણ અને જૈન ધર્મનું વૈરવિરોધ બતાવનારૂં વાકય અર્થશઃ દૂર થતું દેખીએ છીએ, અનુભવીએ છીએ, બધા અરસ્પરસ ભાવે ભેટીએ છીએ, મળીએ છીએ, હળીએ છીએ, એ શું ઓછો આનંદ છે? પ્રભુ આપણું ઐકય સાંધો! ઐકયમાં આપણી કૃતાર્થતા છે. જૈન સાહિત્ય ગુજરાતિ સાહિત્યસાથે ઐકયજ સાંધે છે જે આપને આગળ પ્રતીત થશે.

બંધુઓ, હું મારો વિષય શરૂ કરૂં તે પ્રથમ, આપણા સાક્ષરો જૈન સાહિત્ય અંગે શું કહે છે, તે જણાવીશ. ગઈ કાલેજ આપણા નામવર વિદ્વાન્ પ્રમુખ સાહેબે જૈન ગ્રંથકારોએ ગુજરાતી સાહિત્યને જબરો આધાર આપ્યાનું પોતાના વિદ્વતા ભર્યાં ભાષણમાં જણાવેલું આપને યાદ છે.

**સ્વર્ગસ્થ શ્રીયુત્ ગોવર્ધનનામ અને જૈન સાહિત્ય**

મર્હુમ શ્રીયુત્ ગોવર્ધનરામ ત્રિપાઠી કહે છે કે, "(શતક ૧૪ મું) ગુજરાતમાં તેજસિંહના એક ગ્રંથ વિનાના સર્વ ગ્રંથો માત્ર જૈન સાધુઓના રચેલા છે. એ ગ્રંથો પણ મોટા ભાગે ધર્મસાહિત્યના અને સંસ્કૃત સાથે પ્રાકૃતમાં પણ છે. એ સાધુઓએ તેમના ગચ્છોનો આશ્રય પામી આટલો સાહિત્ય વૃક્ષ ઉગવા દીધો છે. ઈત્યાદિ."

"ગુજરાતી સાહિત્યનું મૂળ પ્રથમ રોપાયું, તે વેળા દીલ્હીના બાદશાહો, ગુજરાતના સુબાઓ, અને અન્ય નાના મોટા સરદારનો વિગ્રહ આ યુગના આરંભથી ૧૩૫૦ સુધી ચાલ્યો, અને તેનો ક્ષોભ ઝાલાવાડ, જુનાગઢ, ગોંડળ, વીગેરે કાઠીઆવાડના ગામોમાં અને બાકીના ગુજરાતમાં ચાલી રહ્યો હતો. તેવામાં જૈન ગચ્છોના ચાર પાંચ સાધુઓ ઉક્ત ગુજરાતી સાહિત્યના એકલા આધાર ભૂત હતા. તે પછીના પચીશેક વર્ષમાં................પણ બીજા પાંચેક જૈન સાધુઓ એવા આધારભૂત હતા."

"જૈન સાધુઓ જેટલી સાહિત્યધારા ટકાવી શકયા તેનો કાંઈ અંશ પણ અન્ય વિદ્વાનોમાં કેમ ન દેખાયો? એઓ કયાં ભરાઈ બેઠા હતા?"

"જૈન ગ્રંથકારોની ભાષા તેમના અસંગ જીવનના બળે શુદ્ધ અને સરળરૂપે, તેમના સાહિત્યમાં સ્ફુરે છે, ત્યારે આખા દેશના પ્રાચીન ભીલ આદિ અનાર્ય જાતિઓ, અને રાજકર્તા મુસલમાનવર્ગ એ ઉભયના સંસર્ગથી, બ્રાહ્મણ, વાણીઆઓની નવી ભાષા કેવી રીતે જુદું ધાવણ ધાવી, બંધાઇ, એ પણ તેમના (બ્રાહ્મણાદિ સંસારીઓના) આ ભ્રમણના ઇતિહાસથી સમજાશે. એ સાધુઓની અને આ સંસારીઓની ઉભયની ગુજરાતીભાષા આમ જુદે જુદે રૂપે બંધાવા પામી."

"(શતક ૧૫ મું ઉત્તરાર્ધ). પાટણ નગરમાં જૈન સાધુઓ પ્રથમની પેઠે પાછા સંસ્કૃત પ્રાકૃતમાં સાહિત્યને રચવા લાગ્યા હતા. અને રાજકીયસ્થાન મટી, એ પણ તે કાળે તીર્થ નહીં તો તીર્થ જેવુંજ આ સાધુઓએ કરેલું જણાય છે."

સ્વ૦ ગો૦ ત્રિ૦

આપણા આજના વિદ્વાન પ્રમુખ સાહેબ જણાવે છે કે નરસિંહ મહેતાના યુગ પહેલાના યુગમાં ગુજરાતી સાહિત્યને મ્હોટો આધાર જૈન સાહિત્યનો, જૈન સાહિત્યકારોનો હતો.

**રા. કાંટાવાળા અને જૈન સાહિત્ય**

ગુ૦ સાહિત્યની પ્રથમ પરિષદ્‌માં રા૦ રા૦ હરગોવિંદદાસ કાંટાવાળાએ જણાવેલું કે "જૈન લોકોના ઘણા રાસા અને કવિતાઓ અદ્યાપિ પ્રગટ થયાં નથી....જૈન લોકોના રાસા ગુજરાતીનાં બંધારણ તથા શુદ્ધતા ઉપર સારો પ્રકાશ પાડે એમ છે....જૈન લોકોનું પ્રાકૃત અને પડિમાત્રામાં લખાણ એ જુની ગુજરાતીનું અનુમાન કરવાને કારણભૂત થાય છે. ઇત્યાદિ."

**પ્રાચીન સાહિત્યની મહત્વતા.**

આપણા નૂતન સાહિત્યકારો રૂપી અર્વાચીન વડવાઇઓ, ભલે નવી ભૂમિઓમાં પ્રવેશ કરે, પણ તેમનું મૂળ પોષણ તો આપણા પ્રાચીન સાહિત્ય રૂપી વૃક્ષોમાંથીજ સતત ધારા રૂપે, ચાલ્યા આવશે, તોજ તે આપણા લોકના જીવનમાં ભળી શકશે. નવા સાહિત્યના પોષકોએ આ વાત ભુલવા જેવી નથી, અને તેમાંના કેટલાકના લેખને સામાન્ય વાંચનારાઓ, ગમેતો દ્વેષ દ્રષ્ટિથી જુએ છે, અને ગમે તો જોતાજ નથી, સાહિત્ય રોગનું કારણ એક એ લાગે છે કે આ નવા સાહિત્યકારો, આપણા પ્રાચીન રસોનું સેવન, યથેષ્ટ કરતા નથી, અને એ સેવન વિનાના પાક લોકોને પચતા નથી.

**જૈન સાહિત્ય અને ભક્તિ રસ.**

આપણા જુના વર્ગના વડીલોમાં ભક્તિરસ ઓતપ્રોત વહે છે. દેવ રહસ્ય અને ભક્તિરસ ભરપુર છે. એ આદિ કવિઓનાં સાહિત્યમાં તત્ત્વ, કથા, રસ, રહસ્ય. જ્ઞાન, એ ક્રમે વા લોમવિલોમ સ્વરૂપે પણ ઠેર ઠેર દેખાઇ આવે છે. જૈન ભકતો સાધુઓના સ્તવનો આદિમાં આ સ્પષ્ટ દેખાઇ આવે છે.

**પ્રવેશ.**

ગૃહસ્થો, જૈન સાહિત્યને અંગે વિદ્વાન પુરૂષોનું શું મત છે, એ કહ્યા પછી હવે હું જૈન ગુજરાતી સાહિત્ય સમુહના થોડાં નામ, તવારીખ, કર્ત્તાનાં નામ સાથે આપીશ, અને બનશે ત્યાં ટુંકમાં એઓનો વિષય શું છે તે પણ જણાવીશ. હું ઇચ્છું છું કે એ બધા ગ્રંથોનો સાર–સમુચ્ચય આપને નિવેદન કરી શકું, પણ ગ્રંથોનો સમુદાય મ્હોટો, અને વખત ટુંકો, એટલે એ ન બની શકે એવી વાત છે. "Life is short & art is long," વારૂ તેમ છતાં, થોડા ગ્રંથોનો ઉપલક સાર આપતાં આપને જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યને આપેલી મદદનો ખ્યાલ આપી શકાશે.

**૧ કુમારપાળ પ્રબંધ.**

**શ્રી કુમારપાળ પ્રબંધ** આ એક ઐતીહાસિક વિષયનો ગ્રંથ છે. શ્રી કુમારપાળ રાજાનું એમાં સવિસ્તાર જીવન ચરિત્ર છે. કર્ત્તા શ્રી જીનમંડનગણિ પંદરમી સદીમાં થયેલા વિદ્વાન જૈન આચાર્ય છે. આનું ભાષાંતર રા૦ મગનલાલ ચુનીલાલ વૈદ્ય કરેલું છે. આમાંથી ગુર્જર

દેશના ઇતિહાસનો ઘણો ભાગ આપણને સમજાય એમ છે એમાં અણહીલપુર વસાવ્યું, ત્યારથી કુમારપાળના રાજ્યના અંત સુધી પૃથ્વીનું રક્ષણ કરવામાં અગ્રેસર ગણાતા નામાંકિત છત્રીશ ક્ષત્રિય કુલો પૈકી, ચાવડાદિ કુલોની, સંક્ષિપ્ત માહિતી આપેલી છે. સિદ્ધરાજ જયસિંહને બંગાળામાં આવેલા મહોત્સવપુર ( મહોબકપુર ) ના રાજા મદનવર્માસાથે મેલાપ થવાનું આ પ્રબંધમાં જોવામાં આવે છે. જે બીના ( General Cunningham ) જનરલ કનીંગહામના હિંદુસ્થાનના પ્રાચીન ભૂગોળમાંની હકીકત ( Archeological Reports. ) ને પુષ્ટિ આપે છે. વળી જુદા જુદા દેશના રાજાઓની સાથે, યુદ્ધ કરી, દેશ સર કરવા, વિદ્યા કળા કૌશલ્યાદિને ઉત્તેજન આપવું, નીતિ અને દયા ધર્મનો પ્રકાશ કરી હિંસાદિ દુષ્ટ કાર્યો બંધ પાડવાં, શ્રી સોમેશ્વરને શ્રી શત્રુંજયાદિ તીર્થોના જીર્ણોદ્ધાર કરવા, અને શ્રાવકોનાં બાર વ્રત લેવાં, ઇત્યાદિ નાના પ્રકારના વિષયોનું મનોરમ વિવેચન આ ગ્રંથમાં આપેલું છે; એટલુંજ નહિ પણ તે કાળમાં વિદ્યા-કળા કેટલી ઉજ્વળ સ્થિતિને પામેલી હતી, અને રાજ્ય વૈભવાદિ દેશ સ્થિતિ કેવા પ્રકારની હતી, ઇત્યાદિ બાબતોનું આ પ્રબંધ ઉપરથી સહજ જ્ઞાન થાય છે. વધારે શું? પણ તે સમયની રાજકીય, ધાર્મિક અને સામાજીક સ્થિતિનું આ પ્રબંધ , એક ઉત્તમ ચિત્ર છે. અને તે વાંચતાં આપણે જાણે તેજ ભાગ્યશાળી સમયમાં છીએ કે શું, એવો ભાસ થવા જાય છે. આ ગ્રંથના ચોવીશ વિભાગ છે. અને બધા ભાગ ઇતિહાસના પરમ સાધન રૂપ છે. વર્ત્તમાન શૈલીએ ઇતિહાસ ચરિત્ર લખવાનો પૂર્વે આ દેશમાં પ્રચાર ન હતો, છતાં પ્રસિદ્ધ પુરૂષોનાં ચરિત્રો કાવ્ય રૂપે લખવાં, તેમના પ્રબંધો યોજવા, અથવા એમના રાસ રચવા. એ રીતને થોડે ઝાઝે અંશે, કોઇ અવલંબ્યા હોય તો તે જૈન સાધુઓજ હતા. અને સાહિત્યનું મુખ્ય અંગ જે ઇતિહાસ તેનું રક્ષણ કરવાનો દાવો કરનારામાં એની ગણના થવી યોગ્ય છે. તેઓએ સંગ્રહી, રચી રાખેલા લેખો હાલમાં આપણને આપણા દેશનો ઇતિહાસ રચવામાં આધારભૂત થયેલા છે. મી. ફાર્બસે રાસમાળા રચી ઇતિહાસ પ્રતિ જે પ્રકાશ પાડયો છે તે એ રાસ આદિને લઇને. આમ જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યને મોટો અવષ્ટંભ આપ્યાનું આથી પ્રતીત થાય એમ છે. Prof. Tawney લખે છે કે, "The testimony of Jain Sadhus is often confirmed by inscriptions and other evidence of a trustworthy kind." જૈન સાધુઓની શાખ શિલાલેખો અને બીજા વિશ્વાસ રાખવા લાયક પુરાવાથી પુરવાર થાયછે. સાહિત્યનાં અંગ શબ્દ પાંડિત્ય, સંગીત, નાદ એ આદિના થોડા નમુના રૂપ દાખલા પ્રબંધમાંથી આપણે ટાંકીએ તો પ્રસ્તુત ગણાશે.

એક દિવસ કુમારપાળ રાજા સભામાં બેઠેલો હતો. તેવામાં એક પંડિત બોલ્યો કે "પર્જન્યની પેઠે રાજા સર્વ ભૂતોનો આધાર છે. પર્જન્ય

શબ્દ પાંડિત્ય વગર કદાચિત્ રહેવાય" એ સાંભળી કુમારપાળ બોલ્યો, "અહો ! રાજાને મેઘની ઉપમ્યા !" આ વાકયમાં રાજાએ સર્વ વ્યાકરણ

શાસ્ત્રથી અશુદ્ધ એવો 'ઉપમ્યા' પ્રયોગ વાપર્યો, તેથી સભાસદો માંહોમાંહે ચર્ચા કરવા મંડયા. તે જોઇ કપર્દી મંત્રીએ નીચું ઘાલ્યું. રાજાએ તેમ કરવાનું કારણ પૂછયું. એટલે મંત્રીએ કહ્યું કે "મહારાજ! આપે શબ્દશાસ્ત્રથી વિરૂદ્ધ 'ઉપમ્યા' શબ્દ વાપર્યો ત્યારે અમારે નીચું ઘાલવુંજ યુક્ત છે. કહ્યું છે કે, રાજા વગરની પૃથ્વી સારી પણ અજ્ઞ રાજા ન જોઇએ. કેમકે, તેવા રાજાથી પ્રતિપક્ષી રાજાઓમાં અપકીર્તિ ફેલાય છે. આપે વાપર્યો એ અર્થમાં ઉપમાન, ઔપમ્ય અને ઉપમા ઇત્યાદિ શબ્દો શુદ્ધ છે." મંત્રીની એવી પ્રેરણાથી પચાસ વર્ષની ઉમ્મરે રાજાએ શબ્દવ્યુત્પત્તિસારૂ શ્રી પ્રભુપાદ (**શ્રી હેમાચાર્ય**)ની સેવા કરી અને તેમના પ્રસાદથી સિદ્ધ થએલા સારસ્વતમંત્રનું આરાધન તથા સારસ્વતચૂર્ણના સેવનાદિ વડે કરી પ્રસન્ન થએલી સરસ્વતીના પ્રસાદથી એક વર્ષમાં વ્યાકરણની ત્રણ વૃત્તિ અને પંચ કાવ્ય વિગેરે શાસ્ત્રો શીખી **વિચાર ચતુર્મુખ** (વિચારમાં બ્રહ્મા)નું બિરૂદ ઉપાર્જન કર્યું.

કોઇક અવસરને વિષે સપાદલક્ષના રાજાનો એલચી કુમારપાળની સભામાં આવ્યો. તેને રાજાએ પૂછયું કે, "તમારા સ્વામી કુશળ છે?" તે મિથ્યાભિમાનથી બોલ્યો કે, "**વિશ્વં** (સર્વને) **લાતિ** (આપે) એવા વિશ્વલ રાજાના વિજયમાં સંદેહ શો?"

એ સાંભળી રાજાની પ્રેરણાથી કપર્દીમંત્રી બોલ્યો. "**શ્વલ્** શીઘ્ર ગમનાર્થે ધાતુ ઉપરથી **વિઃ ઇવ** (પક્ષીની પેઠે) **શ્વલતિ** નાશ પામે તે **વિશ્વલ** કહેવાય." આ પ્રકારનો અર્થ સાંભળી તે એલચીએ જઇ સપાદલક્ષીય રાજાને વિનંતિ કરી કે, "મહારાજ! તમારા નામમાં તો ગુર્જર મંત્રીએ દૂષણ કાઢયું છે." તે ઉપરથી તે રાજાએ પંડિતના મુખથી 'વિગ્રહરાજ' એવું નામ ધારણ કર્યું અને પાછો બીજે વર્ષે તે એલચીને પાટણ મોકલ્યો. તે આવી કુમારપાળ રાજાને ફરી ધારણ કરેલું નામ કહેવા લાગ્યો. તેની પણ કપર્દીમંત્રીએ આવી રીતે વ્યુત્પત્તિ કરી. **વ્યગ્રૌ** (નાસિકા રહિત) **હરાજૌ** (શિવ અને વિષ્ણુ). એ પ્રકારે નામ ખંડનના ભયથી પછી સપાદલક્ષીય રાજાએ 'કવિબાંધવ' એવું નામ ધારણ કર્યું. આવી રીતે સરસ્વતી અને લક્ષ્મીની લીલાથી અત્યંત શોભાયમાન કુમારપાળ રાજા પૃથ્વીને નિષ્કંટક કરી સમૃદ્ધિવાળા રાજ્યનું પાલન કરવા લાગ્યો. આ વખતના રાજાઓ કેવા વિદ્યાવિનોદી હતા, ગુર્જરરાષ્ટ્ર કેટલી સુધારાની હદે ચડેલ હતો એ આથી સુપ્રતીત થાય છે.

**સંગીત વિચાર.**

કોઇક સમયે રાજા સભામાં બિરાજેલો હતો, તેવામાં એક પરદેશી ગંધર્વે આવી તાર-બંબારવ કરી કહ્યું કે, "હે રાજન્! મને લૂંટી લીધો છે." રાજાએ પૂછયું કે, "કોણે?" ત્યારે તે બોલ્યો કે, "જેના ગળામાં સોનાની સાંકળી છે, જે મારી અતુલ ગીત કળાની સમાનતા કરતો નાશી ગયો છે, તે મૃગે." તેના એ જવાબ ઉપરથી

રાજાએ ધાર્યું કે, "આ કોઇ કળાના કૌતુકવાળો પરદેશી ગંધર્વ પોતાની ગીત કળા બતાવવાને આવેલો છે." પછી ગીતકળામાં ધુરંધર સોલ્લાક નામના પોતાના ગંધર્વને બોલાવ્યો. તેણે તત્કાળ અટવીમાં ભટકીને ઉત્તમ ગીતકળાથી મૂર્છિત તે મૃગને નગરમાં થઇ રાજ સભામાં રાજા સમક્ષ લાવી રજુ કર્યો. રાજાએ તેની એ અદ્‌ભુત કળા બદ્દલ ભારે ઇનામ આપી પૂછ્યું, "ગીતકળાનો અવધિ કયારે આવ્યો કહેવાય?" સોલ્લાકે કહ્યું કે, "સુકાં લાકડાંને લીલાં પાંદડાં લાવે ત્યારે." રાજાએ તે પ્રમાણે કરવાનો આદેશ કર્યો. સોલ્લાકે આબુ પર્વતપર થતા વિરહ નામના વૃક્ષની સૂકી ડાળીનો કટકો મંગાવી કાચી માટીનો કયારો કરાવી રોપ્યો અને શુદ્ધ મલ્હાર રાગ ગાઇ નવીન પાંદડાં આણી સર્વ સભાસદોને તથા રાજાને સંતોષ પમાડયો. રાજાએ તેને બાર ગામ ઇનામ આપ્યાં અને બોલ્યો કે, "નાદનો મહિમા મોટો છે". યતઃ

"सुखिनि सुखनिषेको दुःखितानां विनोदः
श्रवणहृदयहारी मन्मथस्याग्रदूतः।
नवनवरसकर्त्ता वल्लभो नायिकानां
जयति जगति नादः पंचमस्तूपवेदः॥"

"સુખીના સુખમાં વૃદ્ધિ કરનાર, દુઃખીઆંને હર્ષ પમાડનાર, કર્ણ અને હૃદયનો હરનાર, કામદેવનો અગ્રદૂત, વિવિધ પ્રકારના રસનો કર્ત્તા અને નાયિકાઓને પ્રિય એવો પાંચમો ઉપવેદ "નાદ" જગતમાં જયવંતો વર્ત્તે છે."

પછી સભામાં પધારેલા **શ્રી હેમાચાર્યને** રાજાએ નાદનું સ્વરૂપ પૂછ્યું.

**નાદસ્વરૂપ**

સૂરિ બોલ્યા, "ગીત સપ્તસ્વરમય છે. તે સ્વર ત્રણ પ્રકારના છે. સચેતનકૃત, અચેતનકૃત, અને ઉભયકૃત. તેમાં સચેતનકૃત મુખ્ય છે. ષડ્જ, ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ સાત સ્વરો છે. ષડ્જ કંઠમાંથી, ઋષભ હૃદયમાંથી, ગંધાર નાસિકામાંથી, મધ્યમ નાભિમાંથી, પંચમ છાતી મસ્તક અને કંઠમાંથી, ધૈવત કપાળમાંથી અને નિષાદ સર્વ સંધિમાંથી નીકળે છે. એ પ્રમાણે સાતે સ્વરોની ઉત્પત્તિ શરીર થકી કહેલી છે. પ્રાકૃત ગ્રંથકારો લખે છે કે, મોર ષડ્જ, કુકડો ઋષભ, હંસ ગંધાર, પાડી મધ્યમ, (વસંત રૂતુમાં) કોયલ પંચમ, સારસ ધૈવત, અને ક્રૌંચ નિષાદ સ્વરમાં બોલે છે. ષડ્જ અગ્ર જિવ્હાથી, ઋષભ છાતીથી, ગંધાર ગળાથી, મધ્યમ મધ્યજિવ્હાથી, પંચમ નાસિકાથી, ધૈવત દંતોષ્ઠથી અને નિષાદ મસ્તકથી બોલાય છે. હવે અચેતન કૃત સ્વરો વિષે કહું છું. મૃદંગમાંથી ષડ્જ, ગૌમુખીમાંથી ઋષભ, શંખમાંથી ગંધાર, ઝલરીમાંથી મધ્યમ, ચતુશ્ચરણપદસ્થાનમાંથી પંચમ, આડંબરમાંથી ધૈવત અને મહાભેરીમાંથી નિષાદ સ્વર નીકળે છે. ગીત નાદાત્મક છે, વાદ્ય પણ નાદના પ્રગટપણાથી વખણાય છે અને નૃત્ય એ બેને અનુસરીને ચાલે છે. માટે

ગીત વાદ્ય અને નૃત્ય એ ત્રણે નાદને આધીન છે. ચક્રવર્ત્તિના નવ નિધિઓમાં શંખ નામનો જે નવમો નિધિ છે તેમાંજ નાટક સહિત વાદ્ય અને ગીત પ્રકટ થાય છે. લોકોત્તર જૈનમતમાં ત્રણ પ્રકારના સ્વરોની ઉત્પત્તિ એ રીતે વર્ણવેલી છે. લોકમાં તો સંગીતાદિની ઉત્પત્તિ મહાદેવ થકી માનેલી છે. નીતિ-શાસ્ત્રમાં લખે છે કે સૂડાદિ બંધના ક્રમની રીતિમાં નિપુણ, રાગતાલમાં વિચક્ષણ અને શૃંગારાદિ રસ તથા ગીતમાં વિશેષ જાણનાર જે ભૂપ હોય તેજ સભાને આભૂષણ ભૂત થાય.”

**અનાહત નાદ સ્વરૂપ.**

સૂરિના મુખથી એ પ્રમાણે નાદનું સ્વરૂપ સાંભળી પ્રસન્ન થએલા રાજાએ ફરીને અનાહત નાદનું સ્વરૂપ પૂછયું. ત્યારે સૂરિએ કહ્યું કે, “જે બ્રહ્મસ્થાન અને બ્રહ્મગ્રંથિ કહેવાય છે તેના મધ્ય ભાગમાં પ્રાણ રહે છે; પ્રાણ અગ્નિમાંથી ઉત્પન્ન થાય છે અને અગ્નિ તથા વાયુના સંયોગથી અનાહત નાદ પેદા થાય છે. તે નાદ નિશ્ચે બિંદુનો ભેદ કરનાર કહેવાય છે. જેવો ઘંટનાદ છેવટના ભાગમાં ધીમો પડતાં મધુર લાગે છે તેવો અનાહત નાદ પણ મધુર જાણવો. તે નાદ સર્વ દેહમાં વ્યાપક છે અને નાસિકાગ્રમાં રહેલો છે. તે સર્વ ભૂતોને પ્રત્યક્ષ દેખાય છે પણ ઓળખ્યામાં આવતો નથી. જ્યાં સુધી યોગીનું મન અનાહત નાદમાં લીન નથી થયું ત્યાં સુધી તેની ઇન્દ્રિયોના વિષય અને ક્રોધાદિક કષાયોની સ્થિતિ છે. એ વિષે યોગીનું વાકય છે કે, “પુરૂષના મસ્તકરૂપી તુંબડા અને શરીરમાંની કુંડળણી નાડી નામની વેણુમાંથી જે અનાહત નાદ નીકળે તેનું યોગી પુરૂષો ધ્યાન ધરે છે.” ગાયનના વિષયમાં પણ સૂરિનું એવું અદ્ભુત જ્ઞાન જોઇ રાજા તેમને સર્વ કળાના પારગામી માનવા લાગ્યો.

આમ શબ્દ પાંડિત્ય, સંગીત, નાદ, અનાહત નાદ આદિઅંગે જૈન સાહિત્યમાં વર્ણવેલ છે, તેના નમુના રૂપે પ્રસ્તુત ગ્રંથમાંથી આ લીધું છે.

**નાટ્યની ઉત્પત્તિ.**

નાટ્ય કળાની ઉત્પત્તિ માટે જૈન ગ્રંથોમાં એમ જોવામાં આવેછે, કે શ્રી ૠષભદેવના પુત્ર ભરત રાજાને આયનામહેલમાં કેવળજ્ઞાન થયું, તેનું નાટક આષાઢભૂતિએ એવું તાદૃશ તન્મયપણે ભજવ્યું કે આષાઢભૂતિ આદિ બધાં નાટકપાત્રો ભરતઆદિની દશા પામ્યાં, અર્થાત્ બધાં સંયમવાન્ થઇ કૈવલ્ય પામ્યાં. અસલ નાયકની તાદૃશ પ્રતિ-કૃતિ રૂપ, અસલ વસ્તુનું તાદૃશ પ્રતિબિંબ એમાં દાખવ્યું. આવા તાદૃશ નાટકની ઉત્પત્તિ આષાઢભૂતિથી થયાનું જણાય છે. સંસાર-ભવરૂપી મોટું નાટક છે, એમ પરમાર્થ બોધનાર કલ્પિતપાત્રો રૂપ ઉચ્ચપ્રતિના શ્રાવ્ય નાટકોમાં “**સમયસાર,**” “**ઉપમિતિભવપ્રપંચ,**” “**પ્રબોધ ચિંતામણી,**” “**મોહવિવેક,**” આદિ અનુપમ નાટકો છે.

**૨. બુદ્ધિસાગર.** બીજો ગ્રંથ આપણે બુદ્ધિસાગર લઇએ. એ પણ ઇતિહાસ પરત્વે કાંઇક નવું અજવાળું નાંખે છે, પણ એના ગર્ભમાંથી આપણને વિશેષ કાંઇ જુદું શીખવાનું મળે છે. એ ગ્રંથ માળવાના હાકેમના ટ્રેઝરર, સોની સંગ્રામસિંહે, શુદ્ધ સરળ સંસ્કૃતમાં વિક્રમ સંવત્ ૧૫૨૦ માં લખેલ છે. તેનું ગુજરાતીમાં ભાષાંતર મહુંમ પ્રોફેસર મણિભાઇએ કરેલ છે.

ગ્રંથનું નામ, "બુદ્ધિસાગર" એટલે બુદ્ધિનો સાગર એવું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પ્રસિદ્ધ પુરૂષાર્થને અનુસરી તેણે ધર્મ, નય (રાજપ્રકરણ), વ્યવહાર, અને પ્રકીર્ણ (પરચુરણ) એવા ચાર ભાગ બાંધ્યા છે. ગ્રંથનો ઉદ્દેશ એવો છે કે, ટુંકામાં પણ શાસ્ત્રને બરાબર અનુસરીને, સર્વ બાબત ઉપર (ધર્મ, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહસંકોચ) ગૃહસ્થ, બ્રહ્મચારી, યતિ, ઇંદ્રિયનિગ્રહ, ગુરૂ–ઉપાસક, માતાપિતા, રાજારાણી, મંત્રી, અધિકારી, પ્રજાસેવક, સર્વોપદેશ, વાહન–અશ્વ–હાથીપરીક્ષા, હાથી લક્ષણ, સ્ત્રી, સામુદ્રિક, વૈદક, નિમિત્ત, શકુન, જ્યોતિષ, રત્નપરીક્ષા, હઠયોગ, રાજયોગ, લય, વૈરાગ્ય, મોક્ષ, ઇત્યાદિ થોડી થોડી સમજુત આપવી. કે જેથી વાંચનાર સારો સભ્ય ગૃહસ્થ થાય. અને અંતે પરમપુરૂષાર્થ–મોક્ષ પામવા યોગ્ય થાય. **સંગ્રામસિંહ** જૈન ધર્મી છે, તથાપિ તેણે ધર્મ સંબંધે પણ જે ઉપદેશ કર્યો છે, તે સવ ધર્મના અનુયાયીને પસંદ પડવા યોગ્ય છે. ખરા જૈન લેખકોની ખુબી એ છે. તેઓના લેખો પ્રાયઃ સાર્વજનિક હોય છે. જેને ચારિત્ર કહે છે, તે બંધાવા મનુષ્યનું હૃદય અતિ વિસ્તારવાળું અને શુદ્ધ થવું જોઇએ. તેને સત્યનિષ્ઠા, અને પ્રમાણિક બુદ્ધિ, તથા વિસ્તીર્ણ પ્રેમભાવ એટલાનું પરિશીલન જોઇએ. તે પછી વ્યવહાર યોગ્ય આચાર વિચાર કળા જાણવા જોઇએ. અને સર્વને દીપાવનાર એવા ધર્મ માર્ગમાં તેની શ્રદ્ધા મૂળથી દ્રઢ જોઇએ. આવી સર્વ વાતનું જ્ઞાન સહજમાં, ટુંકામાં, અને શુદ્ધ રીતે થાય, તે માટે પ્રાચીન સમયમાં આવા ટુંકા ટુંકા ગ્રંથો બાળકોના હાથમાં મુકવામાં આવતા કે જેથી તેમને ઉપદેશ મળવા ઉપરાંત તેમાંના સરળ કાવ્ય, સહજ તેમને મોઢે રહી નિરંતર યાદ આવી, તે ઉપદેશને વિસરવા પણ ન દે.

અપૂર્ણ.

# પ્રાંતિક કોન્ફરન્સ.

મારવાડ દેશના ગોલવાડ પ્રાંતમાં પ્રાંતિક કોન્ફરન્સ માગસર વદ ૭-૮-૯ ના દીવસે ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

# ૨૩ મી નેશનલ કોનગ્રેસ અને જૈનો.

We have not wings, we cannot soar;
But we have feet, to scale and climb,
By slow degrees, by more and more,
The cloudy summits of our time.
Those mighty pyramids of yore,
Which wedge-like cleave the desert airs,
When nearer seen, and better known,
Are but gigantic flights of stairs
The height by great men reached and kept,
Were not attained by sudden flight,
But they while their companions slept
Were toiling upward in the night.

છેલ્લા બાવીશ વરસ થયાં બ્રિટીશ સરકારના એક માનવંત વાઇસરોયની સલાહથી હિંદુસ્તાનના આધારરૂપ, ગરીબોના નેત્રરૂપ, દેશોદયના સૂર્યરૂપ, અને બ્રિટીશ સલતનતની મદદરૂપ, હીંદી નેશનલ કોનગ્રેસના નામથી જે સંસ્થા ઉભી થઈ છે, તેનાથી, જૈન કોમ જેવી પાછળ પડેલી કોમ પણ થોડે ઘણે અંશે વાકેફ હશે એમ આ લેખકને ખાત્રી છે.

આ કોનગ્રેસ શા કારણથી ઉભી થઇ, તેનો હેતુ શું હતો, અને હજી શું છે તેની અંદર ઉતરવાની આ જગ્યા નથી. તે માટે એટલુંજ કહેવું બસ થશે કે તેથી માણસની અંદર રહેતી આત્મિક શક્તિ ખીલનાર હતી. સ્વઆશ્રયનું સોનું તેથી પ્રકાશનાર હતું, ગુલામગીરીમાં રહેતી પ્રજાનું તેથી તારણ થનાર હતું, અને બ્રીટીશ રાજ્ય તરફની વફાદારી તેથી વધનાર હતી.

ઉપલી દરેક આશાઓ કોનગ્રેસે પાર પાડી છે. તેણે ૨૫ વરસપર જે દેશમાં, 'દેશ' કે 'સ્વદેશ' ની લાગણી ન હતી, તેમાં તે લાગણીને જન્મ આપ્યો છે, અને બ્રિટીશ પ્રજાઓએ છુટાપણાની જે લડત માટે હજારો જીવોના જે ભોગ આપ્યા હતા, તે બ્રિટીશ પ્રજાનું અનુકરણ કરી, છુટાપણાની જ્વાળા દેશના દરેક ભાગમાં પ્રકટ કરી છે.

પણ દિલગીરી સાથે કહેવું પડે છે કે, પૈસે પુર ગણાતી આપણી કોમો વાડી અને ગાડીની સમૃદ્ધિમાં આગેવાન ગણાતી જૈન કોમે, વફાદારીમાં પ્રથમ

પંક્તિપર મેલાતી શ્રાવક કોમે, પોતાના દેરાસરો અને મંદિરોથી દુનીયામાં પ્રખ્યાતી મેળવનાર દયાળુ કોમે, દેશ હૃદયની આ સંસ્થામાં ઘણોજ ઓછો, –તદન નજીવો–ભાગ લીધો છે. અમારે અફસોસ સાથે, તેમજ પૂર્ણ શરમ સાથે કહેવાની જરૂર છે કે દેશનું ભલું કરનારી રાષ્ટ્રિય દેવીની સેવામાં જૈન આગેવાનોએ કાંઇપણ ઉપયોગી ભાગ લીધો નથી. અરે ! ૧૪ લાખ જૈનોમાં એવા મનુષ્યો ભાગ્યેજ હશે કે જેઓ રાજ્યદ્વારી બાબતો સમજતા હોય, રાજ્યદ્વારી વાતોપર પ્રેમ રાખતા હોય, અને પૈસા અને પત્ની કરતાં માતૃભૂમિની સેવા વધુ સારી છે, એવું જાણતા પણ હોય !

આજ કારણથી જૈન કોમે ભૂતકાળમાં ઘણું ખોયું છે. અને ભવિષ્યમાં ખોવાનો સંભવ છે. દેશના વેપાર, રોજગાર, આયાત, નીકાસ, જકાત. મહેસુલ, રેલ્વે, નહેરો, લશ્કર, ધારાસભા, મ્યુનીસીપાલીટી, પાક વગેરેને લગતી બાબતો સારી રીતે જાણનાર કોઈ વીરલો પુરૂષ જૈન કોમ હાલ ધરાવે છે ? ગોખલે જેવા ૩૦ કરોડ હિંદીવાનોમાં માન પામેલા કોઈ નર જૈન કોમ ધરાવે છે ? વાચ્છા જેવા આંકડાશાસ્ત્રી. સર મહેતા જેવા સિંહ અને લાલા લજપતરાય જેવા દેશભકત નરો જૈન કોમમાં છે ? અફસોસ ! એ સર્વે સવાલોના જવાબ નકારમાંજ આપી શકાય છે, અને તેથીજ જૈન કોમ જેવી શ્રીમંત કોમ માટે અફસોસ થાય છે ! એજ કારણથી જ્યારે બીજી કોમોએ મોટા વક્તાઓ, વેપારીઓ, બેરીસ્ટરો, જડજો, કાઉન્સીલરો, અને દરેક ઉંચા ઓધેદારો કે આસામીઓ પુરા પાડયા છે, ત્યારે જૈન કોમે અમુક પ્રકારના મોટા શરાફો, વેપારીઓ કે સટોરીઆ સિવાય બીજા ગૃહસ્થો તદન નજીવા પ્રમાણમાં પેદા કર્યા છે, અને તેથીજ તે બીજી કોમ કરતાં પાછળ પડી છે, અને તેનો મોટો અવાજ પણ ઘણી વખત સત્તાવાળાઓ સાંભળી શકતા નથી.

પણ આ વરસમાં જેમ ઘણાક વિચીત્ર બનાવો બન્યા છે, તેમ એક વધુ વિચિત્ર બનાવ નજરે પડયો છે. સુરત ખાતેની પ્રાંતિક કોન્ફરન્સમાં જેમ એક જૈન આગેવાન રીસેપ્શન કમીટીના પ્રમુખ તરીકે શોભી રહ્યા હતા, તેમ એક યુવક જૈન સુરત નિવાસી ઝવેરી મી૦ ગુલાબચંદ દેવચંદે કોનગ્રેસને સુરત સૂર્યપુર-સ્થાને આમંત્રણ કર્યું છે. અને તે દેવીની સેવામાં એક મંત્રી–સેક્રેટરી તરીકે–તરીકે નિયત થયા છે અને શેઠ કેશરીચંદ રૂપચંદને ઉપપ્રમુખ તરીકે ચુંટી કાઢવામાં આવ્યા છે. વળી તેમના સિવાય બીજા અનેક જૈનો સુરતની કોનગ્રેસની આવકાર દેનારી કમીટીમાં નજરે પડે છે. આ એક જૈન ઇતીહાસમાં નવોજ સફો છે, એ સફો ખોલવા માટે મી૦ ગુલાબચંદ જેવા યુવકના અમે આભારી છીએ, અને તેમને તે માટે મુબારકબાદી આપીએ છીએ.

તે છતાં અમારી આખી કોમને એ સાથે અમારે જણાવવાની જરૂર છે કે તેઓએ ધાર્મિક બાબતોપર ધ્યાન આપવામાં સાંસારિક અને રાજ્યદ્વારી બાબતોપર

દુર્લક્ષ કરવાના જે ગુનાહ કર્યા છે, તેથી તેઓને પોતાને, તેમજ આખા દેશને મોટું નુકશાન થયું છે. "અહિંસા પરમો ધર્મ" નો સિદ્ધાંત જેટલો જનાવર કે પ્રાણીઓ બચાવવામાં ઉપયોગી છે, તેના કરતાં મનુષ્ય પ્રાણીને બચાવવામાં તે વધુ ઉપયોગી છે. દેશના દુખે પીડાતા કરોડો માણસને બચાવવા, તેમની જીંદગી સુખી કરવાના રસ્તા શોધવા, તેઓપરના મોટા કરો ઓછા કરાવવા, તેઓપર પડતા જૂલમો નિર્મૂળ કરવા, તેઓને ખાવાને પુરતું અનાજ મળે એવી ગોઠવણ કરાવવી, વીગેરે બાબતો અહિંસા પરમો ધર્મના સિદ્ધાંતને જેમ મોટા ટેકારૂપ છે, તેમ તે રાજ્યદ્વારી બાબતો સાથે સંબંધ ધરાવે છે, અને તેથી તે જાણવાની અગત્ય ઘણીજ મોટી છે. એનાજ ઉપર તમારી આબરૂ, ધન, ગાડી, ઘોડા. મંદિરો, ધર્મ, માતા, પત્ની ને દેશના બચાવનો આધાર છે, અને તે જાણવાની અગત્ય છે.

અમે ઇચ્છીએ છીએ કે જૈન કોમમાં એવા અનેક રાજ્યદ્વારી નરો જન્મ પામો, અને પોતાના દેશ બંધુઓના દુખો દુર કરવામાં દેવરૂપ થાઓ.

રાષ્ટ્રિય કોન્ગ્રેસના ઇતીહાસમાં પહેલીજવાર આવતા ડીસેમ્બર માસમાં પોતે નકી કરેલા સ્થાન કરતાં અવરસ્થાને-જૈન શ્રીમંતોથી ભરપુર સૂર્યપુર નગરમાં તે મળશે. નાગપુરમાં નરમ વિચારના અને આકળા વિચારના રાજ્યદ્વારીઓની માંહોમાંહેની ફાટફુટના સબબે નાગપુર ખાતે કોન્ગ્રેસ ભરવાનું માંડી વળાયું છે, અને સુરતે પૂર ઉત્સાહથી તેનું કામ ઉપાડી લીધું છે. અમે એ માટે સુરતના જૈન ઝવેરીને તેમજ બીજા દેશહિતૈષી નરોને ધન્યવાદ આપી ઇચ્છીએ છીએ કે જૈન યુવાનો તેમજ આગેવાનો પણ પોતાના એક બંધુએ ઉપાડેલા આ મહાભારત કામમાં મદદ આપવા પૂર ઉત્સાહથી બહાર પડે. જૈન વકીલો, જૈન ગ્રેજ્યુએટો, અને જૈન શાળાઓએ, પોતામાંથી મોટી સંખ્યામાં વકતાઓ, વોલેન્ટીયરો, અને કાર્યદક્ષ માણસો બહાર પાડી, દેશબંધુઓના કામમાં મદદ આપવાની જરૂર છે, અને તેમ થશે તો જે નવી રાજ્યદ્વારી જાગૃતિ દેશના ચારે તરફ ફેલાઈ છે, તેમાંથી પાછળ રહી જવાની બીક જૈન કોમને માથેથી દુર થશે.

સુરતના આગેવાનોના હાથમાં કોન્ગ્રેસની તૈયારી માટે ઘણોજ થોડો વખત છે, તે વખતે તેઓને કોન્ગ્રેસની ફતેહ માટે જે મહા મહેનતો કરવી પડશે તે અમારી નજર બહાર નથી, અને તે માટે અમે તે આગેવાનોને ખાત્રી આપીએ છીએ કે જૈન કોમ પણ એ મહેનત અને મુસીબતોમાં પોતાનો હિસ્સો લેવા તૈયાર છે. સુરત નિવાસી જૈનોને અમે આગ્રહપૂર્વક અરજ કરીએ છઇએ કે તેઓએ તનથી બને તો તનથી, ધનથી બને તો ધનથી, મનથી બને તો મનથી, જે રીતે બને તે રીતે દરેક મદદ કોન્ગ્રેસને આપવી. અને જૈનો પણ દેશ સેવામાં પાછળ પડતા નથી એ સાબિત કરવું.

# પહોંચ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના જુદા જુદા ખાતાઓને મદદ કરવા સારૂ કોઇપણ કોન્ફરન્સની બેઠકોમાં જાહેર કર્યા સિવાય કેટલાક ગૃહસ્થો તરફથી અમને હાલમાંજ મદદ મોકલવામાં આવી છે તેમનો અમે અંતઃકરણપૂર્વક ઉપકાર માનીએ છીએ.

## જે ગૃહસ્થો તરફથી મદદ કરવામાં આવી છે તે નિચે પ્રમાણે છે.

૧૦૦– ૦–૦ શેઠ મેલાપચંદ ચુનીલાલ-જબલપુર. પુસ્તકોદ્ધાર તથા મંદિરોદ્ધાર.

૫૦– ૦–૦ શેઠ સુખલાલ સવજીભાઇ-બોટુ નીચે પ્રમાણે જુદા જુદા ખાતામાં.

| | |
|---|---|
| ૨૦–૦–૦ કબુતર ખાતે. | ૧૦–૦–૦ જીવદયા ખાતે. |
| ૫–૦–૦ દેરાસર ખાતે. | ૫–૦–૦ કેસર ખાતે. |
| ૫–૦–૦ બોકડાના દુધ ખાતે. | ૫–૦–૦ પાઠશાળાની મદદ માટે |

૫૦–૦–૦

૨૫– ૦–૦ શેઠ કસ્તુરદાસ રણછોડદાસ–દેલાડ જીર્ણ પુસ્તકોદ્ધાર તથા નિરાશ્રિત ખાતે તથા જીવદયા.

૧૦– ૦–૦ શેઠ દીપચંદ જેચંદ–નાપાડ પાંચ ખાતે.

૨૪–૧૨–૦ શેઠ રંગજી ભગવાન–બાબર પુસ્તકોદ્ધાર ખાતે.

૬– ૦–૦ શેઠ પુનમચંદ ભોળારામ–બાલાપુર મંદિરોદ્ધાર,

૨૮– ૦–૦ ટીટોઇ તથા દધાલીયાના સંઘ સમસ્ત–કોન્ફરન્સ નિભાવ ફંડ ખાતે.

૧૫– ૦–૦ શેઠ નથુભાઈ મુળચંદ–દહેગામ નિરાશ્રિત તથા જીવદયા ખાતે.

૨– ૦–૦ શેઠ અમૃતલાલ હરજીવનદાસ જીવ દયા ખાતે.

૫– ૦–૦ શેઠ છગનલાલ મુળજી જીવદયા ખાતે.

૩– ૫–૦ શેઠ મેઘજી ત્રીકમ–અમરેલી નિરાશ્રિત ખાતે.

## જંગબારના ગૃહસ્થોએ નીચે પ્રમાણે મોકલ્યા તે.

| | | | |
|---|---|---|---|
| ૫– ૪–૦ | શેઠ શાકરચંદ પાનાચંદ—–જંગબાર | | |
| ૨– ૪–૦ | શેઠ કાનજી શાકરચંદની કંપની | ,, | જીર્ણ મંદિરોદ્ધાર. |
| ૨– ૪–૦ | શેઠ શાકરચંદ દેવચંદ પાટલીઆ | ,, | ,, |
| ૨– ૪–૦ | શેઠ માણેકચંદ લાલજી | ,, | ,, |
| ૨– ૪–૦ | નારાયણજી ભગવાનજી | ,, | ,, |
| ૨– ૪–૦ | શેઠ નાનચંદ નેમીદાસ | ,, | ,, |
| ૨– ૪–૦ | શેઠ લખમીચંદ મેઘજી | ,, | ,, |
| ૧– ૪–૦ | શેઠ વીસનજી જેતસી | ,, | ,, |

| | | | |
|---|---|---|---|
| ૧- ૪-૦ | શેઠ જસરાજ ટોકરસી | ,, | ,, |
| ૩- ૪-૦ | શેઠ જેઠાભાઈ ગોવિંદજી | ,, | ,, |
| ૧- ૪-૦ | શેઠ પુરૂષોત્તમ સોમચંદ | ,, | ,, |
| ૧- ૪-૦ | વશા પોપટ હુરખચંદ | ,, | ,, |
| ૧- ૪-૦ | શેઠ રાઘવજી જેવત | ,, | ,, |
| ૧- ૦-૦ | શેઠ શાકરચંદ નથુભાઈ | ,, | ,, |
| ૦- ૮-૦ | શેઠ મલુકચંદ ચતુભુંજ | ,, | ,, |
| ૦- ૮-૦ | શેઠ પોપટ કરશનજી | ,, | ,, |
| ૧- ૪-૦ | ભણશાળી હાથીભાઇ કાળીદાસ | ,, | ,, |
| ૧- ૪-૦ | શેઠ જેવંત ગગુભાઇ | ,, | ,, |
| ૧- ૪-૦ | શેઠ પાનાચંદ નથુભાઇ | ,, | ,, |
| ૧- ૪-૦ | મહેતા હેમચંદ કુંવરજી | ,, | ,, |
| ૦-૧૨-૦ | શેઠ પુરૂષોત્તમ લવજીભાઈ | ,, | ,, |
| ૦- ૮-૦ | વહોરા ન્યાલચંદ પીતામ્બર | ,, | ,, |
| ૦- ૮-૦ | શેઠ જીવરાજ પાનાચંદ | ,, | ,, |
| ૧- ૦-૦ | મેતા ભીમજી ગોવિંદજી | | |

૫૦-૦-૦ ઉગરચંદ ઉમેદચંદ-તાસગામ સાત ક્ષેત્રમાં તથા જીવદયા ખાતે.

રૂ. ૩૫૭-૧-૦

ઉપર પ્રમાણે રૂ. ૩૫૭-૧-૦ અમને પહોંચ્યા છે જે અમે ઉપકારની લાગણી સાથે સ્વીકારીએ છીએ.

આ તકે અમે શ્રી સંઘને વિનંતિ રૂપે જાહેર કરીએ છીએ કે જો આ પ્રમાણે બીજા ગૃહસ્થો પણ ઉપરનો દાખલો નજરમાં રાખીને કોન્ફરન્સના જુદા જુદા ખાતાઓને કે જે ખાતાઓની સ્થિતિ હાલ ઘણી તંગીમાં છે, તેમજ મુખ્યત્વે કરીને કેળવણીખાતાને કે જે ખાતાથીજ આપણી કોમનો ઉદય થવાનો સંભવ છે તેમાં "પંચકી લકડી એકકા બોજ" એ કહેવત ધ્યાનમાં રાખી પોતાની શક્તિ મુજબ કરશે તો તેથી ઘણોજ લાભ થશે.

# શ્રીમાન્ જૈનોને વિનંતિ.

કોન્ફરન્સ તરફથી ચાલતા કેળવણી ખાતામાંથી લગભગ શરૂઆતથીજ દર મહિને રૂ. ૫૦૦) થી ઉપરાંત રકમની વિદ્યાર્થીઓને તથા પાઠશાળાઓને મદદ આપવામાં આવે છે. આ પ્રમાણે ગઇ સાલમાં જેને જેને મદદ મળી હતી તેમને જો વરસની આખર સુધી મદદ કરવામાં આવે તો તે ખાતામાં રૂ. ૬૦૦)

ની ખોટ પડતી હતી અને જો છેવટના મહિનાઓમાં મદદ આપવાનું બંધ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને (તેમજ શાળાઓને) તેમની પરીક્ષાઓના ઘણા નિકટના વખતમાં કે જે વખતે તેઓને ઘણો અભ્યાસ કરવાની જરૂર પડે છે તે વખતે કઢંગી સ્થિતિમાં મુકી મોટી અથડામણમાં નાંખવા જેવું બનતું હતું. આ ઉપરથી અમદાવાદ અને મુબઇ ઓફીસના મે. જનરલ સેક્રેટરી સાહેબોએ પોતાની દીર્ઘ દૃષ્ટિ વાપરીને રૂ૬૦૦) ની પડતી ખોટ દૂર કરવાને તેઓએ પોતા તરફથી નીચે પ્રમાણે રૂપીઆની કોન્ફરન્સના કેળવણી ખાતાને મદદ આપીછે તે બદલ તેઓને ધન્યવાદ ઘટે છે.

૩૫૦ શેઠ લાલભાઇ દલપતભાઇ તરફથી.

૨૫૦ શેઠ વીરચંદભાઈ દીપચંદ સી. આઇ. ઇ. તરફથી.

ઉપર પ્રમાણે રૂ૬૦૦ કોન્ફરન્સને આપીને પોતાની જે ઉંચામાં ઉંચી અંતઃકરણની લાગણી પ્રદર્શિત કરી છે તે ખરેખર સ્તુતિપાત્ર છે.

આ ખાતામાં હવે બીલકુલ સીલીક નથી જેથી કરીને વિદ્યાર્થીઓને તેમજ પાઠશાળાઓને મદદ કરવાનું આ ખાતામાંથી બંધ થવા સંભવ છે માટે કોમના શ્રીમાન વિદ્વાન અને કોમને ઉંચી સ્થિતિપર જોવાની ઇચ્છા રાખનાર દરેક જૈન બંધુને નમ્રતાપૂર્વક વિનંતિ કરવામાં આવે છે કે આ ખાતું ખાસ મદદને પાત્ર છે. તો પોતપોતાની શકિત અનુસાર મદદ કરી ગરીબ વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા ધ્યાન ઉપર લેશો.

# મેટ્રીક થયેલા જૈન યુવાનો માટે

એક મહાત્માની પ્રેરણાથી એક શ્રીમંત જૈન ગૃહસ્થ કેટલાક જૈન યુવાનોને સંસ્કૃત ભાષાના અભ્યાસમાં આગળ વધારવા ઇચ્છા રાખે છે. એ જૈન યુવાનોએ મેટ્રીકની પરીક્ષા સંસ્કૃત ભાષાસાથે પસાર કરેલી હોવી જોઇએ અથવા લગભગ તેટલો અભ્યાસ કરેલો હોવો જોઇએ. તેઓના સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે અમુક પંડિત કે મહાત્માપાસે રાખી અભ્યાસ કરાવવામાં આવશે અને તેઓને માસિક રૂ૧૫ ની સ્કોલરશિપ આપવામાં આવશે. ત્રણ વરસ અભ્યાસ કરાવ્યા બાદ તેઓને આશરે રૂ૨૫ ના માસિક પગારથી નોકરીએ લગાડી તેઓ આબાદ થાય એવો પ્રયત્ન કરવામાં આવશે. આ કામમાં જોડાવા ઇચ્છા રાખનારાએ નીચેને શિરનામે લખવું.

સા. મા. ઘડીઆળી.
ઝવેરીબજાર, સટાગલી, મુંબઇ.

# कोन्फरन्सना ठरावोनो थतो अमल.

**परगना जसवंत पुरामें शुमार कुन्दा व्यास जसराजनें ठहराव नीचे लिखे मुजब पास कराया और पंचोंकी सही ली—**

(१) व्याव में बारूद (आतीसबाजी) छोड़ना नहीं.

(२) व्यावमें पातरीया (ताईफा) नाचणी नहीं.

(३) ४० वर्ष उपर पुरुषका विवाह करना नहीं.

(४) केशर ढढा छाप सिवाय भगवानके चढाना नहीं और न खान पान में लावां नहीं.

(५) मोरस खांड तथा मोरस खांडकी मिसरी —मिठाई खाणी नहीं.

(६) एक स्त्री मोजूद होवैतो दूसरी स्त्री परणनी नहीं माकूल सबब ओलादको होवै तो पंचोंकी इजाजतसे परेणे.

(७) व्यावमें सीरै बाजार ( चोहटा ) में नाचणों नहीं.

(८) रजिस्वला स्त्री घरमें ४ दीन तक काम करणो नहीं.

(९) पानियारा ऊपर सरवो राखकर दुसरा लोटामें लेकर पानी पीवै.

(१०) खेती करनी नहीं और दूसरोंसे करानी नहीं.

(११) होलियोंके दिनोंमे बुरा शब्द गाना नहीं तथा पत्थर धूल फेंकना नहीं.

(१२) व्यावमें ओरत बेजागाल गाणी नहीं

(१३) तीलाकी घाणी करानी नहीं—तिल बदेले तेल लेणा नहीं

(१४) धोबीका हातका पानी पीना नहीं,

(१५) रातको बासी पल्लाथ्याने छाती कुटना नहीं.

(१६) अपनी जात सिवाय कांसीका बरतनमें खाणों नहीं न चीलम लेणी देणी.

(१७) कसाइ जात न बणजणों नहीं चमडाको व्योपार करणों नहीं

(१८) नीच जातके सामिल कुएमें पानी भरना नहीं.

(१९) पर्यूषणमें ९ दिन व्योपार करणो नहीं ८ दिनतक हल याने खेती करणी नहीं.

(२०) गायके साथमें जो बच्चा बेचै तो उसको उम्रभर बादीन करनेकी कोलसे देवै—तथा मोटा नारक्या होजायवै तो उस्कोभी बादीन कराये बंदी रखें—

(२१) रातका भोजन यां चो तिथीया करनी नहीं.

(२२) औरतां ऊबा देवडा लेवै नही पटली देवै.

(२३) कुतां नै मीठाई तथा मात्र तीसरे रोजको नाकणी मृतक होवै जब

(२४) महाजन सिवाय दूसरा घरका लावणा लेणा नहीं.

(२५) हलवाई नीच जातके घरपर काम करनेको जावै नहीं तथा कढाई वर्तन देवै नहीं.

गांवोका नाम जो ऊपर लीखे मुजब ठहराव पास हुये और पंचोकी सहीली.

| | | |
|---|---|---|
| १ घाणसा | ९ लारवावा | १७ मोरसीम |
| २ बागोडा | १० घुमडिया | १८ काबतरो |
| ३ कोरा | ११ भागल | १९ नासोली |
| ४ लेदरेमेर | १२ बोरटा | २० आजोदर |
| ५ जाखडी | १३ मालवाडा | २१ बडगांव |
| ६ करडा | १४ पुनासा | २२ बूरण |
| ७ दासूफा | १५ नरता | २३ राणी वाडा बडा |
| ८ बाली | १६ राणीवाडा छोटा | २४ सीलासण |

गांवोके ठहराव पास कराये गये

# जैन कोममें हडीके चुडी पहीरनेंका जो महा दुष्ट रीवाज चलताहे, इस्को बंध करनेकी खास फर्ज. जैन मुनिराज व समस्त श्वेतांबर जैन मीत्रमंडलको क्यों कर न्हीहे विनंति

लावणीमें.

देशी—मुझ उपर गुजरी पिता पादशा जाणी.

प्रिय—जैनी बंधुओं सुनो बीनति आजे । सउ करो ऐक्यता जीव दयाके काजे.
गजराजकी अनुकंपा क्यों नही लाते । चुडीके कारण हाथ्थी मारे जाते ॥१॥ टेर—
जबसें ये चुडी जैन कोममें छाइ । तबसें बीगडतहे अपने जाती भाई ॥
दुखीया बहु होगए समझो तुम सब भ्राते ॥२॥ चुडी ॥
लाषो रूपेयुंही बीगडे जाते सालाना । सब बंधु मीलकर सुमति मनमें लाना ॥
कभी सुष त्रस हींसासें नही पाते ॥ ३ ॥ चुडी—
कजली बन भीतर खड्डे हींसक करते । अंधेरे मांही हाथ्थी ऊसमें गीरते ॥
फीर कई सस्तरसें टुक २ हो जाते ॥ ४ ॥ चुडी—
दर साल सीतर हजार हाथी कटाते । बहु धन हड्डीका हींसक तुमसे पाते ॥
श्री वीरसासनकी उन्नति क्यों नही चाहते ॥ ५ ॥ चुडी—
तुम सुची राखणनें करी बहुत चतुराई । कर हड्डी पहीरते कहां गइ सीधाई ॥
क्यों भोजन भक्ती उसी हाथ करवाते ॥६॥ चुडी—
इस कलियुगमांही केसी कुमत्ती छाई । करोडों रुपे युंही जाते हें बटेना पाइ ॥
गफलतको छोडो सुधारो अपनी न्याते ॥७॥ चुडी—

अब वक्त नही हे निर उद्यम रहनेका । केळवणी देकर सबको करीये पका ॥
अपनी ओलाद कुसंगतसें दुख पाते ॥ ८ ॥ चुडी–
सब पढो पढावो जैन साला मांइ । बेकार पेसा मत खर्चो तुम भाइ ॥
नुगते भोजन कर क्यों बुधी बीगडाते ॥ ९ ॥ चुडी–
छोटी उमरमें बीयाव कभी न कराना । बुढे बावाके धनसें मत ललचाना ॥
कन्या विक्रयके फदमें क्यों फसाते ॥ १० ॥ चुडी–
पेसेके कारन छोटी उमर परनाते । विधवाके दुखकी कुरणां घट नहीं लाते ॥
धिकार जनम तक माता पिता वो पाते ॥ ११ ॥ चुडी–
जबसें हींदमें डाक्तर पादरी रहते । तबसें ये मांस आहार उत्तेजन देते ॥
साठ हजार गाय नीत युरुपीयन कटवाते ॥ १२ ॥ चुडी
जबसें कटतीहे गउ हींदके मांही । नाताकत हो गये सब ये हींदु भाई ॥
तीस करोड प्रजा गउ कटनेसें दुख पाते ॥ १३ ॥
ये सपतम एडवर्ड बडे इनसाफी कहाते । वीनंती करनेसें सबी हुकम मीलेजाते ॥
तुम सब हींदु मील क्यों नही गउ बचाते ॥ १४ ॥
कंजुसी माणस अनुकंपा नही लाते । धन सींच २ के जेरी सर्प हो जाते ॥
क्यों नही चेतो तुम कुरणावंत कहाते ॥ १५ ॥
धरी देह स्वजात स्वदेश दाझ नही धारी । निज धर्म टेक विन जननी बोझां मारी ॥
जैनी कहलाकर क्यों कुसंप तुम चाहते ॥ १६ ॥ चुडी–
धर्म उन्नति काजे कमेटी स्थापो भाई । हेसीयत मुजब दो सालाना चीत चाई ॥
फी रूपीये पीछे पाई देते क्यों हींचकाते ॥ १७ ॥
दुजेकी निन्दा तुम क्यों करना चाहते । एब अपनी २ सबी मीटाओ भ्राते ॥
विनै भक्ति संधकी क्यों कर चित नही लाते ॥ १८ ॥
श्री वीर प्रभुका हुकम सबी मन धारो । सब मील कर बंधव अपना भला विचारो ॥
क्यों न बीचार उचार आचारसम वरताते ॥ १९ ॥ चुडी–
सुलेह रक्षकको प्रतिनिधि ठेराओ । इस माया नसेमें मत कोई फुलाओ ॥
कयों तन मन धन नही सुकृत मांय लगाते ॥ २० ॥ चुडी–
सब गांम २ के पंचोंसे अर्ज हमारी । ये चुडी करदो बंद सुधारो नारि ॥
कहे वीरपुत्र तुम दयावंत कहलाते ॥ २१ ॥ चुडी–

जीतमल लोढा.

( मालवा ) मंदसोर.

## મુંબઇ યુનીવર્સીટીના રજીસ્ટ્રાર તરફથી જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશનના સેક્રેટરીપર આવેલા પત્રનું ભાષાંતર

નં. ૨૧૨૦ સને ૧૯૦૭—૮

મુંબઇ ૧૦ અકટોબર ૧૯૦૭

જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશનના સેક્રેટરી યોગ્ય,

શ્રી મુંબઇ.

સાહેબ,

આ યુનીવર્સીટીના સંસ્કૃત અભ્યાસક્રમમાં જૈનસાહિત્ય દાખલ કરવા સંબંધી તા. ૪ થી જુલાઇના તમારા પત્ર સંબંધે મારે તમોને જણાવવાનું કે સીન્ડીકેટે બી. એ. અને એમ. એ. ની પરીક્ષામાં સને ૧૯૧૦ થી ૧૯૧૪ સુધી પાંચ વર્ષ માટેના ઐચ્છિક અભ્યાસક્રમ માટે નીચે પ્રમાણેના પુસ્તકોની ભલામણ કરવાનો ઠરાવ કર્યો છે:—

બી. એ. (ઐચ્છિક સંસ્કૃત)

૧ મલ્લિસેન કૃત સ્યાદ્વાદ મંજરી ૨ જીનદત્ત કૃત વિવેક વિલાસ

એમ. એ.

૭ જૈન તત્વજ્ઞાન.

અ. કુંદકુંદાચાર્યકૃત પ્રવચનસાર, અમૃતચંદ્રસૂરિની ટીકા સહિત.

બ. સર્વાર્થસિદ્ધિ નામે ટીકાસહિત ઉમાસ્વાતિકૃત તત્ત્વાર્થાધિગમસૂત્ર.

ક. વિદ્યાનંદિ કૃત અષ્ટસહસ્ત્રી.

(સહી) ફરદુનજી મનચેરજી દસ્તુર

યુનીવર્સીટી રજીસ્ટ્રાર.

## શેઠ ગોકળભાઇ મૂળચંદનો દેહોત્સર્ગ.

તેઓ વિશનગરના વતની હતા. જાત મહેનતથીજ તેમણે ધન પેદા કર્યું હતું. બનારસ પાઠશાળાના મકાન માટે અને બીજી રીતે તે સંસ્થાને તેમણે સારી મદદ કરી છે. તેમણે મુંબઇમાં જૈન બોર્ડિંગ માટે એક મકાન ભાડે લઇ ગોઠવણ કરી છે, અને રૂ. ૭૫૦૦૦) આપવા કબૂલ કર્યું છે, જે વચન પાળવાનું તેમના પુત્રને માથે આવ્યું છે. તેમના બે સગાઓનો મોટી રકમનો વારસો તેમને મળેલો, જે તેમણે પોતાના ઉપયોગમાં નહિ લેતાં, જાહેર સખાવતોમાં વાપરવાનો વિચાર પ્રદર્શિત કર્યાનું જણાયું છે. તેઓ સાહેબ અત્રેની કોન્ફરન્સ ઓફીસના અંગની સલાહકારક કમીટીના મેમ્બર હતા અને કોન્ફરન્સના તેમજ જૈન કોમના હિતના કાર્યમાં આગળ પડતો ભાગ લેતા હતા. તેમના દેહોત્સર્ગથી મુંબઇની જૈન કોમમાં એક આગેવાન ગ્રહસ્થની ખામી પડી છે. તેમના પુત્ર તેમની જેવાજ કોમનું હિત કરનારા અને ઉદાર નીવડો એવી આશા છે.

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

### જીલ્લે ખેડા તાબે ગામ કપડવંજ મધ્યે આવેલા શ્રીઅજીતનાથજી મહારાજ (ચોમુખજી) ના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શેઠ મીઠાભાઇ કલ્યાણચંદ ઉર્ફે મહાજનની પેઢીના હસ્તકનો સંવત ૧૯૬૨ ની સાલનો હિસાબ અમોએ તપાસ્યો છે. કારણ તે પેહેલાનો વહીવટ બીજા વહીવટ કર્તાના હસ્તકમાં છે. સદરહુ વહીવટ તપાસતાં હીસાબ ચોખો છે.

ઉપરના વહીવટમાં કંઇક સુધારો કરવા જેવો છે તેનું સુચના પત્ર ભરી વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે માટે આશા છે કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય સુધારો કરશે.

### જીલ્લે વડોદરા તાબે ગામ વડાદરા મધ્યે આવેલા શ્રી પાર્શ્વનાથજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીમાં શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શા ફુલચંદ અભેચંદ તથા શા વૃજલાલ કુંવરજીના હસ્તકનો સંવત ૧૯૫૯-૬૦-૬૧-૬૨ નો હીસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં નામું ચોખી રીતે રાખી વહીવટ જૈન શૈલીને અનુસરી ચલાવવામાં આવે છે.

દેહેરાસરજીનું મકાન ઘણું જીર્ણ થઇ ગયું છે તે તાકીદે સુધારવાની જરૂર છે.

ઉપરના વહીવટના સંબંધમાં કેટલોએક સુધારો કરવા જેવો છે. તેનું સૂચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને ભરી આપવામાં આવ્યું છે માટે આશા છે કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય સુધારો કરશે.

### જીલ્લે ખેડા તાબે ગામ કપડવણજ મધ્યે આવેલા શ્રી અષ્ટાપદજી મહારાજના હેરાસરજીનો વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ મણિભાઇ શામલભાઇ નથુભાઇ તથા ગાંધી છગનલાલ મોતીચંદના હસ્તકનો સંવત ૧૯૫૯-૬૦-૬૧-૬૨ ની સાલનો હિસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં નામું ચોખી રીતે રાખવામાં આવ્યું છે.

આ દેહેરાસર શેઠ ન્યાલચંદ નથુભાઇ તરફથી બંધાવવામાં આવ્યું છે. તથા વહીવટ પણ તેમનાજ નામથી ચાલે છે.

દેહેરાસરજીના દાગીના અમોને દેખાડવવામાં આવ્યા નથી તેથી તેની ચોકસ નોંધ ઉતારી કોન્ફરન્સ હેડ ઓફીસમાં તાકીદે મોકલી આપવા સુચવવામાં આવ્યું છે.

આ વહીવટમાં કેટલોક સુધારો કરવા જેવો છે. તેનું સુચનાપત્ર ભરી આપવામાં આવ્યું છે. માટે આશા છેકે વહીવટ કર્તા ગૃહસ્થ તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય સુધારો કરશે.

## જીલ્લે ખેડા તાબે કપડવંજ મધ્યે આવેલી શ્રી પાંજરાપોળનો રીપોર્ટ.

સદરહુ પાંજરાપોળના વહીવટ કર્તા શેઠ મીઠાભાઇ ગુલાબચંદની પેઢીના હસ્તકનો સંવત ૧૯૬૨ ની સાલ સુધીનો હિસાબ અમોએ આશરા પડતો ઉતાર્યો છે. કારણ સદરહુ હિસાબ સંવત ૧૯૫૭ ની સાલથી તૈયાર નથી, અને તૈયાર થતાં ઝાઝો વખત લાગે તેમ હોવાથી, હાલ તરત આશરા પડતો ઉતારી લઇ ચોકસ તપાસવાનું હિસાબ તૈયાર થયાથી ફરી તપાસણી ઉપર રાખ્યું છે.

ઉપરની પાંજરાપોળ શેઠ મીઠાભાઇ ગુલાબચંદે પોતેજ બંધાવેલ છે. અને તેનો વહીવટ તેમનાજ નામની પેઢી થી કરવામાં આવે છે.

આ પાંજરાપોળમાં કેટલોએક સુધારો કરવા જેવો છે. તેનું સુચનાપત્ર ભરી આપવામાં આવ્યું છે. માટે આશા છે કે વહીવટ કર્તા ગૃહસ્થો તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય સુધારો કરશે.

## જીલ્લે ખેડા તાબે ગામ કપડવંજ મધ્યે આવેલી શ્રી શેઠ મીઠાભાઈ કલ્યાણજી ની ઉર્ફે સંઘની પેઢીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ પેઢીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ જમનાદાસ કરમચંદ તથા શેઠ જમનાદાસ ખુશાલદાસ તથા શેઠ બાલાભાઇ દલસુખભાઈ તથા શેઠ વાડીલાલ દેવચંદ તથા શેઠ પ્રેમચંદ રતનજીના હસ્તકનો સંવત ૧૯૬૨ ની સાલનો હિસાબ અમોએ તપાસ્યોછે. ( કારણ આ પેઢી તેજ સાલથી, નવી સ્થાપવામાં આવીછે. ) નામું ચોખું રાખી રીતસર રાખવામાં આવ્યુ છે.

પેઢીમાં જે જે સંસ્થાના નામથી નાણા ભરવામાં આવેછે, તે નાણા તે સંસ્થાના વહીવટ કર્તા ગૃહસ્થોથી માગણી પ્રમાણે તરત આપી દેવામાં આવેછે, તેમ છતાં ગામ મધ્યેની ધાર્મિક સંસ્થાનો વહીવટ પેઢી મારફતે ચલાવવામાં આવતો નથી તેમજ જુદી જુદી સંસ્થાઓના વહીવટ કર્તા ગૃહસ્થો પેઢીમાં સામેલ થતા નથી, તે બહુજ દીલગીર થવા જેવું છે. આશા રાખીએ છીએ જે આ રીપોર્ટ તથા આપેલા સુચનાપત્ર ઉપર ધ્યાન આપી દરેક વહીવટ કર્તા ગૃહસ્થો પેઢીમાં સામેલ થઇ, દરેક વહીવટ પેઢી મારફતે જૈનશૈલી પ્રમાણે ચલાવવામાં આવશે

શેઠ બાલાભાઈ દલસુખભાઇએ પોતાના હસ્તકનો શ્રી અજીતનાથજી મહારાજના દેહેરાસરજીનો, વહીવટ પેઢીમાં સોંપેલોછે, તેથી પેઢીમાં પોતે પુરતી દેખરેખ રાખે છે તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટેછે.

પેઢીના વહીવટના સંબંધમાં કેટલોક સુધારો કરવા જેવોછે, તેનું સુચનાપત્ર ભરી આપવામાં આવ્યુ છે માટે આશા છે કે વહીવટ કર્તા ગૃહસ્થો, તેઉપર ધ્યાન આપી તાકીદે યોગ્ય સુધારો કરશે.

## જીલ્લે વડોદરા તાબે ગામ નાર મધ્યે આવેલા શ્રી શાન્તિનાથ મહારાજ ના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શા. લલુભાઇ તલકચંદના હસ્તકથી સંવત ૧૯૫૯–૬૦–૬૧–૬૨ નો હિસાબ અમોએ તપાસ્યોછે, તે જોતાં નામું રીતસર નહી લખાતાં ફકત લેણદેણ સાબુત રાખવામાં આવેલછે.

ઉપરના હિસાબના સંબંધમાં કેટલીએક સુધારો કરવા જેવો છે, તેનું સુચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને ભરી આપવામાં આવ્યુંછે, માટે આશા છે કે તેઓ તે ઉપર ધ્યાન આપી તાકીદે યોગ્ય સુધારો કરશે.

## જીલ્લે વડોદરા તાબે ગામ ધર્મજ મધ્યે આવેલા શ્રી પદ્મપ્રભુજી મહારાજના દેહેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા નરોત્તમદાસ પુન્જાભાઇ ના હસ્તકનો સંવત ૧૯૫૯–૬૦–૬૧–૬૨ નો હિસાબ અમોએ તપાસ્યોછે. તે જોતાં નામાની અંદર કેટલાંએક ખાતાં હિસાબ કર્યા સિવાયની પોલી બાકીએ ખેંચાયછે, તેનો હાલ હિસાબ થઇ શકે તેમ નહી હોવાથી તે ખાતાંની બાકીઓ તેમને તેમ ઉતારવી પડીછે.

વહીવટના સંબંધમાં કેટલોએક સુધારો કરવા જેવોછે, તેનું સુચના પત્ર ભરી આપવામાં આવ્યુછે. માટે આશાછે કે વહીવટ કર્તા ગૃહસ્થો તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

## જીલ્લે અમદાવાદ પ્રાંત કાઠીયાવાડ તાબામાં આવેલ શ્રી બરવાળા મધ્યેની શ્રી પાંજરાપોળ ( ખોડાઢોર ) નાવહીવટને લગતો રીપોર્ટ.

સદર ખાતાના શ્રી મહાજન તરફથી વહીવટ કર્તા મુનીમ વોહોરા હરજીવન લાલચંદ હસ્તકનો સં૦ ૧૯૫૯ થી સં૦ ૧૯૬૨ ના અસાડ વદી ૧ સુધીનો હિસાબ તપાસ્યો તે જોતાં સં. ૧૯૫૯ થી સં૦ ૧૯૬૨ ના અસાડ શુદી ૧ સુધીની ખાતાવહી ૨ તથા સં૦ ૧૯૬૨ નો મેળ મળી જમલે ચોપડા ત્રણ મહાજન તરફથી રજુ કરવામાં આવેલ. માટે સં. ૧૯૫૯–૬૦–૬૧ નો મેળ તથા સં. ૧૯૫૯ પેલાના ખાતાનો ચોપડો રજુ કરવા સુચના કરતાં સદરહુ ચોપડાનો પતો લાગતો નથી, તેવું મહાજન તરફથી, જણાવવામાં આવ્યું તેથી રજુ થયેલ ત્રણ ચોપડાનો ઉપરથી હિસાબ નહિ જોતાં આ ખાતું ઘણી મુદતનું છતાં સ્થાનકવાસી જૈન ભાઇઓના સ્વામીવત્છલન હિસાબ સિવાય, પાંજરાપોળનો પાછલો કોઇપણ હિસાબ જોવામાં આવતો નથી, સદરહુ ચાપડા થીજ નામુ ઉત્પન થયેલ જોવામાં આવેછે. વહીવટનું નામું ખાતાના ચોપડા ઉપરથી તથા સંવત ૧૯૬૨ ના મેળ ઉપરથી તથા બોકડાના દુધના રોજીંદા પત્રક ઉપરથી ચોખી રીતે રાખેલ હોય, તેમ અનુમાન જણાયછે પણ પુરતા ચોપડા જોયા વિના અમે ખાત્રી પુર્વક કહી શકતા નથી.

સદરહુ વહીવટ સદરહુ માણસના હાથમાં રહ્યો ત્યાં સુધીમાં મહાજન તરફથી કોઇપણ માણસે કોઇપણ દીવસ તપાસેલ હોય તેમ જોવામાં આવતું નથી.

આ ગામમાં આ ખાતાનો વિવા ઉપર મોટો લાગો જોવામાં આવેછે. તે તથા ભેટની રકમો આવે તે જૈન દેરાવાસી તથા સ્થાનકવાસી તથા વૈષ્ણવ તથા સ્વામીનારાયણ જેઓના હસ્તક આવે તેઓ પોતાના ખાતામાં લઇ જાયછે તથા મકાનો પણ જૈન સ્થાનકવાસીની મોટા પ્રમાણમાં વસ્તી હોઇ દબાવી પડેલા જોવામાં આવેછે. માટેજ આ ખાતાને ઉપજ કરતાં, ખર્ચ વિશેષ જોયામાં આવેછે.

સદરહુ ખાતાની, થોડી મુદત થયાં પ્રથમના વહીવટ કર્તા વોહોરા હરજીવન લાલચંદ પાસેથી વહીવટ લઇ, બાર ગૃહસ્થોની કમીટી નીમી, તેના હાથ તળે એક મુનીમ રાખી વહીવટ ચલાવવો શરૂ કરેલછે, તોપણ આ ખાતાની કોઇપણ ગૃહસ્થ દેખરેખ રાખતો હોય, તેવું જોવામાં આવતું નથી, માટે આ ખાતું દિન પ્રતિ વધારે નબળી સ્થિતિમાં આવી જવા સંભવછે.

આ ખાતું તપાસીને જે ખામીઓ દેખાણી તેનું સુચનાપત્ર મહાજન સમસ્તના આગેવાન ગૃહસ્થોને આપેલછે.

## જીલ્લે ખેડા તાબે ગામ માતરના શ્રી સાચાદેવ ઉર્ફે સુમતિનાથજી મહા-રાજના દેહેરાસરજી ના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેહેરાસરજીના વહીવટ કર્તા શેઠ. આણંદજી કલ્યાણજી તરફથી [illegible] સુરચંદના હસ્તકનો સંવત ૧૯૫૮-૬૦-૬૧-૬૨ ની સાલનો હિસાબ અમોએ ત[illegible] જોતાં સદરહુ વહીવટ કર્તાના હસ્તકમાં વહીવટ આવ્યો ત્યાર પહેલાં દેહેરાસરજીમાં નહી[illegible] જુજ મીલકત હતી પણ હાલના વહીવટ કર્તાએ પોતાના કીમતી વખતનો ભોગ આપી ખા[illegible] સારી સ્થિતિમાં લાવી મુકયુંછે તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટેછે. મજકુર વહીવટ કર્તા[illegible] વૃદ્ધ તથા દુરના રહીશ હોવાથી દેહેરાસરજીમાં અશાતના થઇ નામાની સ્થિતિ એકદમ બગડી ગઇ છે. તે સુધારવા માટે હમારે ઘણીએક વખત રોકાવું પડયું તો તપાસ કરતાં ત્રીજોરી ખા[illegible] રૂ૦ ૩૪૦૦) ની મોટી રકમ લેણી પડી પણ તેટલા રૂપીઆ ત્રીજોરીમાં નહીં હોવાથી વહીવટ કર્તાને પુછતાં તેમણે રૂ૦ ૩૨૦૦) ની રકમ વટાવખાતે લખવાની બતાવી તે જોતાં [illegible] યોગ્ય હોય તેમ લાગેછે. આ સિવાય ગંભારાની પેટી (નાની ત્રીજોરી) માં પણ રૂ૦ ૧૨૫ ઉપ-રાંતની રકમ ઘટેછે તે સંબંધી પુછતાં વહીવટ કર્તાએ જણાવ્યું જે તે પેટીનો વહીવટ [illegible]ના વાણીઆ શા૦ ચુનીલાલ ભિખાભાઇ કરેછે. તે ગામના વહીવટ કર્તાને પુછતાં હજુ અમોને તેને-સંતોષકારક ખુલાસો મળ્યો નથી માટે અમો આ બાબત ઉપર લાગતાવળગતાઓનું ધ્યાન-ખેંચીએ છીએ કે ઉપરના ગંભારની પેટીની રકમ જેને અંગે લાગે તેની પાસેથી વસુલ કરવી. આ વહીવટના સંબંધમા કેટલોએક સુધારો કરવા જેવોછે તેનું સુચનાપત્ર ભરી આપવામ આવ્યું છે માટે આશા છે કે વહીવટ કર્તા ગૃહસ્થ તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો તાકીદે કરશે.

ચુનીલાલ નાનચંદ,

ઓ. ઓ. જે. કો.

# નયનચીંતામણી ગુટીકા.

દુહો. { નત્ર વિનાનો માનવી, જીવતો પણ મૃત જાણ;
એજ નયન ચીંતામણી, દીએ નેત્રનું દાન.

**નયન ચીંતામણી:—** મહા પ્રભાવિક ગુટીકાને હમો કોઇ માહાત્મા પાસેથી મેળવીને ગુપ્ત રાખતા હતા પણ હમારા ઘણા બંધુઓના અનુગ્રહથી લાભાલાભનું કારણ માની ગુપ્ત નહી રાખતાં તેના ખર્ચના પ્રમાણમાં કીંમત રાખી હમો જાહેર કરવાને ઉત્કંઠા ધરાવીએ છીએ. વિલાયતી દવાનો કોઇ પણ રીતે ખપ નહી કરતાં ફક્ત વનસ્પતિઓનું સંશોધન કરી વરસમાં એક દીવસ બને છે. ઘણા ધતીંગોના બહોળા લખાણોથી ઘણા જનો સંશયગ્રસ્તમાં થઇ ગએલા હશે પરંતુ શંકા રહિતપણે સ્વદેશી ઉપયોગને ઉતેજન આપી દેશ પરદેશોમાં પ્રચલીત કરવાને હમારી વીનંતી છે. આ ગુટીકા નેત્રમાં અંજન કરવાથી છારી, ખીલ, પરવાળા, પડળ ગીઓ, રતાંધળો, ફુલા ત્રા ખદખીલબળતા, રાતડ, ઝાંખાશ, પાણી ઝરવું, દુખવા આવવું વગેરે તમામ દરદોને જડથી મટાડે છે તેમજ નિરમળી આંખોમાં અંજન કરવાથી નજર દીર્ઘ સાફ આવે છે તથાપી હમારી અસંતોસી ગુટીકાનું અંજન કરવાથી એક આંતરીઓ, બે ... ણ આંતરીઓ, ચોથીઓ તાવ તથા બેરાસ પણ અંજન કરવાથી મટાડી મોહોટા ... રાવનારી છે. આવી ગુટીકા કોઇ વખત બહાર પડેલી અસંભવીત હશે. હમોએ ... ત મેળવી ઘણાં દરદો સારાં થવાથી જાહેરમાં મૂકીએ છીએ. ઘણી દવાઓથી નીરાશ થઇ ગએલા જનોએ તો વીલંબ કર્યાં વિના જુજ કીમતમાં ખરીદી ખાત્રી કરો. ખાત્રીથી કહીએ છીએ કે આ ગુટીકા કદી પણ પાછી ફરનાર નથી ખરીદ... અવશ્ય રાખવા યોગ્ય છે આ ગુટીકાનો ખપ કર્યાથી બીજી ... રહેશેજ નહી આ ગુટીકા ૭ માસ ચાલે તેવા પ્રમાણમાં બનાવેલી છે. સુધી ... સતી, ઘણા ગુણવાળી આ ગુટીકાનો પહેલ વહેલો જન્મ થયો છે. સુજ્ઞ બંધુઓ ખરીદો, ... ને ઉતેજન આપી ખરીદાવો અને ચમત્કારી ઔષધીનો અનુભવ કરો.

...મટુ ડઝન એક ખરીદનારને ડબી ૧ કમીશન આપવામાં આવશે.

કીંમત ડબી ૧ ના રૂ. ૨) પોસ્ટેજ જુદું. જૈનના સાધુ સાધવીને ખપ સારૂ મફ્ત મોકલવામાં આવશે. ખરીદનારે હમારા નામનું હેન્ડબીલ તપાસીને લેવું.

બનાવનાર.

**મેસર્સ પી. એન્ડ બી. બ્રધર્સ.**

**ઠો૦ મુળજી કાળા ટોપી વાળા. મોતી બજાર, મુંબઇ.**

---

## હહાછાપનું પવિત્ર કેશર.

**સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.**

ખાસ પ્રતિનિધિ મોકલી મંગાવેલ ખાત્રીનું **શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી** કેશર પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જેપર કાન્ફરન્સના ઉત્પાદક મંડળની છબીનો "ટ્રેડ માર્ક" છે તે નીચેના સ્થળોએથી મળશે.

**મુંબઈ જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ગિરગામ,** માંગરોળ જૈન સભા **પાયધુની,**

**જથ્થાબંધ વેચનાર એકલા માલેક,**

**જૈન મંદીર સામે } કચ્છી દશાઓસવાળા જૈન મહાજન આશ્રિત**
**માડવી, મુંબઇ. } સ્વદેશી કંપની.**

# ॥ अहिंसा परमो धर्म ॥

राधनपुरके दयामय मान्यवर एडमिनिस्ट्रेटर साहिब बहादुरकी निज आज्ञानुसार
राधनपुर खोडाढोर पिंजरापोल लोटरी.

**इस लोटरीका ड्राइङ्ग ता० २२ डीसेम्बर सन १९०७ को प्रतिष्ठित मान्यवरोंकी उपस्थितिमें निकाला जावेगा.**

**इनामकी संख्या २५९४.**

**पहिला इनाम रु० १००००.**

**ऐसा रु० ४०००० बांट दिया जायगा.**

अहिंसा परमो धर्म्मः यह सिद्धान्त जैन और हिन्दु जाति के सर्व लोगों के लिये एक है जिस से सर्व्व सज्जन इस खोड़ा ढोर पिंजरापोल सम्बन्धी महत् कार्य्य में हिस्सा लेकर मन धन से सहायक होंगे और टिकट खरीदने में विशेष उत्साह दर्शावेंगे क्योंकि धर्म्म के में सहायता देना हरेक मनुष्यका कर्तव्य है एक एक रुपये से कमी नही होगी और अयोग्य स्थान में नहीं जायगा नसीब अजमाने का यह एक उत्तम मौका है और खोने का मार्ग नहीं है "स्वार्थ और परमार्थ" तैसे ही धर्म्म का सहायतामें और निज को द है धर्म्म के काम में विलम्ब अनुचित है जेसे कि--

**काल करे सो आज कर, आज करन्ता अब्ब ।**
**अवसर बीत्यो जाति है, फेर करेगा कब्ब ॥**

इनाम मिलेगा तो फायदा होगा और न मिलने पर भी पश्चात्ताप नहीं होगा जिन को अपने नसीब अजमाने की ख्वाहिश हो हर्ष के साथ टिकट खरीदें ।

## टिकट की बिकरी और कमीशन॥

लाटरी के टिकट खोड़ा ढोर राधनपुर पिंजरापोल लाटरी आफीस में से और एजन्टों के पास से मिलेंगे। कमीशन दश टिकट से सो टिकट तक १०) फी सैकड़ा और सौ से सहस्त्र टिकट तक ॥) और अधिक और सहस्त्र से ऊपर फी सैकड़ा १५) रु० मिलेगा द्रव्य सम्बन्धी अथवा दूसरे विषय में पत्र व्यवहार ओनररी सेक्रेटरी के पते से करना चाहिये; मनीआर्डर से रुपया भेजने में आवे तो कुपन में बराबर अपना नाम ग्राम लिखना चाहिये ॥